● **કલકત્તા :** અત્રે **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** ૯૬, કેનિંગ સ્ટ્રીટ જૈન ગુજરાતી તપગચ્છ ઉપાશ્રયમાં પધાર્યા છે. શેઠ શ્રી સવાઈલાલ કેશવલાલના પ્રમુખપણે શ્રી સંઘે ભારે ઉત્સાહ સાથે ભવ્ય સ્વાગત વરઘોડો કાઢેલો. ગહુંલીઓ ઘણી થઈ, ને વરઘોડો બે કલાકે ઉપાશ્રયે આવ્યો. પૂજ્યશ્રી કલકત્તા નજીક બેલુર પધારતાં વ્યાખ્યાનનો કાર્યક્રમ રાખેલ, તેમાં લગભગ ૧૦૦૦ માણસ આવેલ, તે પૂર્વના મુકામોએ કેનિંગસ્ટ્રીટ અને ભવાનીપુરના અગ્રણી શ્રાવકો વંદના-સેવા અર્થે દોડધામ કરતા, અને સંઘની ખૂબ જ આતુરતા વ્યકત કરતા. હવે પૂજ્યશ્રી કલકત્તા પધારી ગયાથી સંઘમાં ધર્મભાવનાની લહેર પ્રસરી ગઈ છે. અત્રેના સંઘની અતિ આગ્રહભરી વિનંતીથી ચૈત્રી ઓળી પૂજ્યશ્રી અત્રે રોકાશે, બાદ ભવાનીપુર પધારશે. ત્યાં ભવ્ય શિખર બંધી નૂતન જિનપ્રાસાદમાં ચૈત્ર વદ ૧૧થી પ્રતિષ્ઠા નક્કી થઈ છે.

● **કલકત્તા :** અત્રે ૯૬, કેનિંગ સ્ટ્રીટ ગુજરાતી જૈન શ્વે.મૂ.સંઘના અતિ આગ્રહથી **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજશ્રી** નવપદજી ઓળી કરાવવા અર્થે પધાર્યા છે. ગુજરાતી હાઈસ્કૂલ જેમાં ૫૦૦૦ છોકરા-છોકરીઓ ભણે છે. એના પ્રિન્સિપાલની વિનંતીથી ૧૦મી ૧૧મી કલાસના વિદ્યાર્થીઓને પૂજ્યશ્રીએ પ્રવચન આપ્યું. એમાં વેકેશન ધાર્મિકશિક્ષા શિબિરનું મહત્ત્વ બતાવતાં એક જૈનેતર એમ. એ. શિક્ષક પણ શિબિરમાં ભાગ લેવા તત્પરતા બતાવી. **પૂજ્યશ્રીના ઉપદેશથી કલકત્તામાં પહેલીવાર ચૈત્ર સુદ ૧૩ સવારે શ્રી મહાવીરપ્રભુ જન્મ કલ્યાણકનો શાનદાર વરઘોડો નીકળ્યો.** બપોરે શ્રી વર્ધમાન સંઘના ઉપક્રમે અહિંસા પ્રચાર સમિતિના વિશાળ હોલમાં પૂજ્યશ્રીએ ચિકાર માનવમેદની સમક્ષ **'મહાવીરજીવન-સંદેશ'** પર પ્રવચન આપ્યું. એમાં બતાવ્યું કે તીર્થંકરો અવતાર નથી લેતા; મહાવીર પ્રભુની અહિંસા એકેન્દ્રિય જીવો સુધીની છે, એટલે કત્લખાનામાં પશુહિંસા કે લડાઈઓમાં માનવોની હિંસા જે થાય છે, એટલી જ નજર સામે રાખી આપણે એ હિંસા નથી કરતા એમ માની સંતોષ વાળી બેસવાનું નથી, 'જૈનધર્મ મુખ્યતયા વિષય વૈરાગ્યનો અને કષાયોપશમનો ઉપદેશ કરે છે;' આ વસ્તુ 'અહિંસા અહિંસા'- નો નાદ ગજવવામાં ભૂલાય છે; મહાવીરપ્રભુનું જીવન ઘણા ઘણા સંદેશ આપી જાય છે.

પ્રભુના જીવનમાં ભારે તપ, ત્યાગ, સહિષ્ણુતા, આ ઉપદેશ આપી જાય છે; માતાના ગર્ભમાં પ્રભુનું સ્થિર થવું એ માતા-પિતાદિ આશ્રયદાતાને તકલીકમાં નિમિત્ત ન બનવું, સૂચવે છે. જનમતાં પ્રભુને ઇંદ્રોથી અભિષેક થયા, પણ પ્રભુને લેશમાત્ર અભિમાન નહિ. મહાવીર પ્રભુ આઠ વરસના થયા. માતાપિતા એમને નિશાળે મૂકવા ચાલ્યા તો અવધિજ્ઞાનના ધણી પ્રભુએ લેશમાત્ર ઇન્કાર ન કર્યો એવી પ્રભુની ગંભીરતા; રાજશાહી વૈભવમાં પણ પ્રભુને આસક્તિ નહિ; કર્મનિર્જરાર્થે પ્રભુ ચાહીને અનાર્ય દેશમાં કષ્ટ વહોરવા પધાર્યા એવી સહનવૃત્તિ...વગેરે વગેરે પ્રભુના ભવ્ય જીવનપ્રસંગો કેવા ઉપદેશ દે છે એના પર બોધક પ્રવચન થયું. ચૈત્ર ૧૫ પછી પૂ. પંન્યાસજી મહારાજ ભવાનીપુર ઉપાશ્રયે પધારશે. ત્યાં ચૈત્ર વદ ૧૧થી અને ૧૬મી મે થી ધાર્મિક શિક્ષાયતનનો કાર્યક્રમ છે.

● **શેંગાવ :** (ખાનદેશ) વૈરાગ્ય વારિધિ શાસનપ્રભાવક પૂ.આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ પોતાની બહુ અશક્ત પણ પુણ્યદેહથી વિહાર કરી સંઘો પર ભારે ઉપકાર કરી રહ્યા છે. અત્રે જૈનોના ૨૦-૨૫ ઘર છતાં જિનમંદિર નહોતું તે શા. વીરચંદ સોમજી તથા શા હરખચંદ સોમજીએ મંદિર બંધાવી પ્રભુજીનો પ્રવેશ કરાવી સંઘને અર્પણ કર્યું. પ્રતિષ્ઠા માટે મહારાષ્ટ્ર શાસનકાર્યકર અમલનેરવાળા ભાઈશ્રી રીખવચંદના માર્ગદર્શન મુજબ પૂ. આચાર્યદેવશ્રીને આગ્રહભરી વિનંતી કરીને લઈ આવ્યા. એમાં તાકડે કલકત્તાવાળા તરફથી જિનબિંબોની અંજનશલાકા પણ નક્કી થઈ. બંને પ્રસંગે પૂ. આચાર્યદેવશ્રીની પ્રભાવક છાયા અને રીખવચંદભાઈની પ્રોત્સાહક પ્રેરણાથી એવા સુંદર ઉજવાયા કે ભારે શાસન પ્રભાવના સાથે ઉપજ પણ મોટી થઈ. બાલાપુરવાળા શ્રીમતી સમરથબેન લાલચંદ ખુશાલચંદે રૂા. ૨૧ હજાર બોલી મૂળનાયક ભગવાન બિરાજમાન કર્યા.

● **એદલાબાદ :** ગુજરાતથી અંતરીક્ષજી શિખરજી જતાં વચ્ચે આ ગામ આવે. અહીં ૫૦ વર્ષથી પ્રતિષ્ઠા નહિ થયેલી, તે શ્રી રીખવચંદભાઈના બહુ પ્રયત્નથી પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ. ને વિનંતી કરીને અત્રે પધરાવી પ્રતિષ્ઠા ધામધૂમથી ઉજવાઈ. મલકાપુરના ઝવેરચંદ જીનવાળાના ધર્મપત્ની શ્રી દેવકાબાઈ વિ. મૂળનાયક પ્રભુ પધરાવ્યા. મલકાપુર સંઘનો ખૂબ સહકાર;

તેમજ પાંચોરા જળગામ વગેરે ૨૦-૨૫ ગામના જૈનો આવેલા સાધર્મિક ભક્તિ સુંદર હતી. પૂ. આચાર્યદેવશ્રી વિહાર કરી ભુસાવળ પધારતાં, અત્રે શા. કસ્તૂરચંદ રાંકાના ધર્મપત્ની ધાપૂબેનના ધર્મપ્રેમથી ઘરના બધા ધર્મપ્રેમી બનેલા એમણે તથા ભાઈ સુગમચંદ, પુખરાજ વગેરેએ જોરદાર સામૈયું કર્યું. સ્થા. દિગં. વગેરે બધા આવેલ. પોતાના બંગલે પૂજા ભણાવી ૧૦૦૦ જણને જમાડ્યા, ત્યાંથી પૂજ્યશ્રી પારોલા પધાર્યા. અત્રે જૈન ઘર ૩-૪, કિન્તુ મંદિર ઉપાશ્રય વગેરે મોટા, મોટી પેઢી, તેથી બહાદુરપુર-નેર-ધૂળિયા અમલનેર વગેરેના સંઘો આવ્યા. અમલનેરવાળા નેમિચંદ મિશ્રીમલ કોઠારીએ પૂજા ભણાવી. પૂજ્યશ્રી નેર પ્રતિષ્ઠા અંગે પધારશે.

● **કલકત્તા :** અત્રે ૯૬, કેનિંગસ્ટ્રીટ ઉપાશ્રય સંઘના બહુ આગ્રહથી **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** ચૈત્રી ઓળીમાં રોકાયા. વ્યાખ્યાનમાં સેંકડો માણસો લાભ લેતા. વ્યાખ્યાન સાફ હિંદીમાં હોઈ કદી નહિ આવનાર ભાઈ બહેનોએ પણ સારો લાભ લીધો. દિવસમાં પાણી સિવાયના ખાવાના ટંક, મુઠ્ઠિસહિયં પચ્ચક્ખાણ, બ્રહ્મચર્ય વગેરે નિયમો સારા લેવાયા. ચૈત્ર સુદ ૧૩ **'મહાવીર જીવન સંદેશ'** એ વિષય પર શ્રી વર્ધમાન સંઘના ઉપક્રમે અહિંસા પ્રચાર સમિતિ હોલમાં જાહેર વ્યાખ્યાન અપાયું. એમાં પ્રભુના જીવન પરથી ત્યાગ, તપ, સહનવૃત્તિ, વિષયવિરાગ વગેરે પર ખૂબ રોચક અને બોધક પ્રવચન થતાં શ્રોતાઓ કહેતા કે આજે આત્મ સાધનાનું સાંભળવા મળ્યું. સંઘ પ્રમુખ શેઠ શ્રી સવાઈલાલ કે. શાહે પૂજ્યશ્રીનું માર્ગદર્શન લઈ અત્રે જિનમંદિરમાં વિકાસના મુદ્દાઓ નક્કી કર્યા. ચૈત્ર વદ ૪ પૂજ્યશ્રી બાબુશ્રી હરખચંદજી તથા શ્રીમતી તારાબેન કાંકરિયાની વિનંતીથી એમના બંગલે પધાર્યા. બપોરે **'હૈયાને હુંફ કોની ?'** એ વિષય પર જાહેર વ્યાખ્યાન થયું. પછી કાંકરિયા દંપતીએ ૧-૧ રૂા. અને તિલકથી શ્રી સંઘપૂજન કરી. પૂજ્યશ્રી ચૈત્ર વદ ૫ ભવાનીપુર ઉપાશ્રયે પધાર્યા છે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૮,અંક-૩૪,તા.૩૦-૫-૧૯૭૦

સસ્તુ ભોજનાલયનું ઉદ્‌ઘાટન ભદ્રેશ્વર (કચ્છ)

ભદ્રેશ્વર ગામની પુરબાઇ ધર્મશાળામાં વૈશાખ સુદ ૧ શિક્ષાયતનના મંગલ પ્રારંભ બાદ શ્રી મોતીલાલ ગોપાલજીએ દુષ્કાળપીડિતોને રાહત મળે એ હેતુએ મુંદ્રાવાળા શેઠ શ્રી મણિલાલ લક્ષ્મીચંદભાઈએ દાનની સારી એવી રકમ અને જ્યારે જરૂર પડે ત્યારે હું સાથે જ છું એમ લાભ આપવા માટે ઉલ્લાસ વ્યક્ત કરેલ.

હાજર રહેલા ભાઈઓમાંથી એક દિવસના રૂા. ૩૦/- લેખે સારી રકમનો ફાળો થયેલ. વરસાદ ન થાય ત્યાં સુધી આ યોજના ચાલુ રખાશે તથા પશુઓને માટે રાહતની વિચારણા થઈ હતી. અત્રેના ડૉ. શ્રી કાન્તિભાઈ સોલંકીએ આ શુભ કાર્યનો સુવર્ણ દિવસ સમજાવી આભાર માન્યો હતો. શ્રીયુત મણિભાઈએ શુભ શુકનમાં આશ્રિતોને લાપસી પીરસીને ભક્તિ કરી અને મંજુલાબેને એક એક રૂપિયો સૌને આપી બહુમાન કરેલ. આ રીતે ભદ્રેશ્વરજીમાં બે સુંદર પ્રસંગોની શુભ શરૂઆત થઈ છે.

દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૮,અંક-૩૭,તા.૨૦-૬-૧૯૭૦

● **કલકત્તા :** અત્રે શ્રી જૈન ગુજરાતી તપાગચ્છ સંઘના અતિ આગ્રહથી **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** ૯૬, કેનિંગ સ્ટ્રીટનાં ઉપાશ્રયે પધાર્યા છે. ચોમાસામાં પહેલાં અત્રે સ્થિરતા કરશે. કોલેજિયન તથા મેટ્રિક વિદ્યાર્થીઓને ધર્મશ્રદ્ધા સાથે જૈન તત્ત્વબોધ કરાવવા માટે કલકત્તા મોટા શહેરમાંથી વિદ્યાર્થીઓને આકર્ષવા સારુ પત્રિકા બહાર પાડીને જેઠ સુદ ૯ શનિવારે વિદ્યાર્થીઓનું એક રસમય સંમેલન યોજવામાં આવ્યું હતું. એમાં પ્રાર્થના ગીત તથા શ્રી મહાવીર પ્રભુનું ભક્તિ સંગીત થયું. બાદ પંન્યાસજી મહારાજે આજની સમસ્યાઓ પર અનેક રસમય દૃષ્ટાંત તથા દલીલો સાથે પ્રવચન કર્યું અને વિદ્યાર્થીઓને ઠસાવ્યું કે આ જટિલ સમસ્યાઓના ઉકેલ તથા ઉચ્ચતર જીવન માટે રોજના ખાસ વર્ગમાં જોડાવાની જરૂર છે. વિદ્યાર્થીઓએ ટપોટપ નામ નોંધાવ્યા. ત્યારબાદ ભાઈશ્રી ચંપકલાલ હ. ભણશાલી તરફથી અલ્પાહારની ભક્તિ કરવામાં આવી હતી. હવે બીજી પત્રિકા દ્વારા જેઠ સુદ ૧૦ રવિવારથી રજાના દિવસે બપોરના બે વર્ગ તથા અલ્પાહાર અને બાકીના દિવસે રોજ રાતના એક વર્ગ. દરેક વર્ગ પૂર્વ ભક્તિસંગતીનો કાર્યક્રમ તથા ત્રણ સપ્તાહના અંતે પરીક્ષા અને રૂા. ૧૫૧ના પહેલા ઈનામથી માંડી નીચે નીચે અનેક ઈનામોની જાહેરાત કરવામાં આવી છે.

દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૮,અંક-૩૮,તા.૨૭-૬-૧૯૭૦

● **સુરેન્દ્રનગર :** ઉત્તર અને પૂર્વ વિભાગીય જિન મંદિરોમાં ૨૨ જિન બિંબોની જેઠ સુદ ૩ તથા સુદ ૪ના દિવસે અષ્ટોત્તરી સ્નાત્ર સહ અષ્ટાહ્નિકા

મહોત્સવપૂર્વક ભવ્ય પ્રતિષ્ઠા ઉજવાઈ એ અંગે પૂજ્ય પરમ પ્રવચન પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા વિશાળ મુનિગણ સાથે વૈશાખ વદ ૧૦ના પધારતાં શ્રી સંઘે શાનદાર પ્રવેશ મહોત્સવ કરેલ... જેમાં ગામના રસ્તાઓને ૫૭ કમાનો, ધ્વજા પતાકા વગેરેથી શણગારવામાં આવેલ... બે પોલીસબેન્ડ, સ્થાનિક બેન્ડ, વિકટોરીયા, ગાડી-૩, ઊંટો, ઘોડેસ્વારો, સાયકલીસ્ટો, હોમગાર્ડઝ પાર્ટી, બે રાસમંડળી અને કુંભ લઈને ચાલતી બહેનો આદિ સામગ્રીથી સામૈયું શાસનપ્રભાવક બન્યું હતું. જલજાત્રાનો વરઘોડો વિશેષ અનુમોદનાનું કારણ બન્યો... જેમાં પ્રવેશ સામૈયાની સામગ્રી ઉપરાંત પાંચ ચાંદીના રથો, ત્રણ ગજરાજ, મોટરો તેમજ શ્રી વાસુપૂજ્ય સંગીતમંડળ, મહિલા સંગીત મંડળથી વરઘોડો ભવ્ય અને આકર્ષક બન્યો.

પૂ. આચાર્યદેવશ્રીના વરદહસ્તે જેઠ સુદિ ૩ ના પ્રતિષ્ઠા બાદ શ્રી કેશવલાલ તથા શ્રી રાયચંદભાઈની દીક્ષા વિધિ થઈ તેમજ ત્યાં ઉપાશ્રય બાંધવા માટે સારી એવી રકમની જાહેરાત થઈ. સુદ ૩ અને સુદ ૪ બંને દિવસો શ્રી સંઘ તરફથી સ્વામિવાત્સલ્ય-સંઘ જમણ થયું.

પૂ.પાદ શ્રી શેઠ કાંતીલાલ રતિલાલ મિલવાળાની વિનંતીથી જેઠ સુદ ૫ વાજતે ગાજતે તેમના બંગલે પધાર્યા, ત્યાં તેમના કમ્પાઉન્ડમાં બાંધેલ સુશોભિત વિશાળ મંડપમાં ૮॥ થી ૧૦ પ્રવચન થયું. અંતે સંઘપૂજન શેઠશ્રીના કુટુંબે કર્યું. પ્રતિષ્ઠા મહોત્સવમાં દેવદ્રવ્યની આશરે ૭૫ હજાર, સાધારણ ૩ હજાર, જીવદયા બે હજાર, અને મહોત્સવ ખર્ચ રૂા. ૬૫ હજાર થયેલા.

● **નિપાણી :** કોલ્હાપુરથી ૨૫ માઈલ પરના આ વિશાળ નગરના લિંગાયત (શૈવધર્મી) કોમના મેટ્રિકપાસ યુવક શ્રી ગુરુપાદપ્પા આજથી ૨૮-૨૯ વર્ષ પૂર્વે જૈન સાધુ દીક્ષા લઈ મુનિ બનેલ શ્રી ગુણાનંદવિજયજી મહારાજ દીક્ષા બાદ એઓશ્રીના સંસારી માતાપિતા તથા શ્રી સંઘના વર્ષોના આગ્રહથી અત્રે પહેલીવાર પધારતા હોઈ શ્રી સંઘ ઉપરાંત એમના સંસારી કુટુંબીઓ સહિત જૈનેતર ભાઈઓને પણ ભારે આનંદોત્સાહ પ્રગટ્યો. પૂજ્યશ્રીના સંસારી પિતા શિવબાળાપ્પા પણ વૃદ્ધ થયેલ છતાં ૩ માઈલ સુધી ચાલીને સામે લેવા ગયેલા. સ્વાગત માટે નગરમાં ઠેર ઠેર કમાનો, દુકાને દુકાને જુદી જુદી વસ્તુનાં તોરણ, તથા ધજાપતાકાઓથી ભારે સજાવટ થયેલી. જૈન-જૈનેતર વર્ગ સામૈયા માટે થનગની ઊઠેલો. પૂજ્યશ્રી નગર નાકે પધારતાં એમના સંસારી સમાજના ભાઈઓએ પણ વંદન-સત્કાર કર્યા, બેન્ડબાજા ધણધણી ઉઠ્યાં સામૈયામાં ચાલતાં પૂજ્યશ્રીની નીચે દૃષ્ટિ રાખવાની પદ્ધતિ જોઈ જૈનેતર લોકો ચકિત થઈ પ્રશંસા કરતા. ઠેકઠેકાણે ગહુંલીઓ થઈ. વાજતે ગાજતે

ઉપાશ્રયે પધારતાં જૈન-જૈનેતરોની વિશાળ મેદની જમા થયેલ, મંગળ પ્રવચન અપાયું. પૂજ્ય મહારાજશ્રીના સંસારી માતા-પિતાને ઘણો જ સંતોષ તથા આનંદ થયો. એમના તથા બીજા સ્વજનોને ત્યાં મહારાજજી વહોરવા જતાં એમના કડક વ્રત-નિયમો જાણીને લિંગાયત લોકો ભારે પ્રશંસા કરવા લાગ્યા. કુળમાં એક દીવો પ્રગટે તો સેંકડો-હજારોમાં કેટલો ધર્મપ્રકાશ ફેલાવે છે એ અહીં જોવા મળતું. વૈશાખ વદ ૧૧ સ્વ.પૂ.પરમગુરુદેવશ્રી આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના ગુણાનુમોદન રૂપે સંઘમાં ૨૫ ઉપવાસ ૧૨૫ આંબેલની આરાધના સાથે પૂજા પૂ.શ્રી દ્વારા રોચક ગુણાનુવાદ વગેરેનું આયોજન સુંદર ઉજવાયું.

● **તારંગા :** મુંબઈવાસી શા. કાંતિલાલ ઉજમલાલ પાલણપુરવાળાના અથાગ પ્રયત્નથી અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્ત વિજયજી મહારાજની નિશ્રામાં જ્ઞાનસત્ર સુંદર યોજાયું. ૧૦૦ વિદ્યાર્થીઓને પૂ. મહારાજશ્રી ધાર્મિક-આધ્યાત્મિક ઉન્નતિ, ધર્મોપકારતાના ૨૧ ગુણ, શ્રી મહાવીર ચરિત્ર વગેરે પર ખૂબ રોચક અને પ્રેરક પ્રવચનો સાંભળતાં વિદ્યાર્થીઓના દિલ ગદ્‌ગદ થઈ જતા અને જૈન શાસન પ્રત્યે ભારે આદર શ્રદ્ધા પ્રગટતી. અમદાવાદના શ્રી શાંતિલાલ સાઠંબાકર વિદ્યાર્થીઓને ખોટી બીમારી ન આવે. ફિજુલ દવાઓ ન ખાવી પડે એ માટે યોગાસનોની સમજ આપતા. સવારે સામાયિક-જાપ વગેરેનો ડભોઈવાળા શ્રી અમૃતભાઈની બંસરી અને પાલનપુરના શિક્ષક શ્રી દલપતભાઈના મધુર સ્વરથી ચાલતા સ્નાત્ર મહોત્સવમાં વિદ્યાર્થીઓ ભક્તિ તરબોળ બની જતા. શ્રી દલપતભાઈ નવ તત્ત્વ સમજાવતા. અને તા. ૨૧-૨૨ મે પરીક્ષાઓ લેવાઈ. તા. ૨૪ સુંદર મેળવડો થયો લગભગ રૂા. ૧૨૦૦નાં ઈનામો અપાયાં. જ્ઞાનસત્રમાં વિદ્યાર્થીઓએ જ્ઞાનપ્રાપ્તિ જિનભક્તિ દ્વારા સમ્યગ્દર્શનની આરાધના, તથા તપસ્યા-વ્રત-નિયમો દ્વારા ચારિત્રની આરાધના સુંદર કરી.

● **શંખેશ્વરજી :** અત્રે પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજની નિશ્રામાં સાબરમતી શ્રી વનેચંદજી આદિ સમિતિ તરફથી ધાર્મિક શિક્ષણ શિક્ષાયતન યોજવામાં આવ્યું હતું. એમાં લગભગ ૯૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. પૂ. મહારાજજી એમને જૈન તત્ત્વજ્ઞાન, મોક્ષમાર્ગ મહાપુરુષો વગેરે ઉપર સુંદર પ્રવચનો આપતા. એથી વિદ્યાર્થીઓના મન પર ખૂબ અસર પડતી, અને ધર્મશ્રદ્ધા સુંદર કેળવાવા સાથે ધર્મક્રિયામાં તથા તીર્થભક્તિમાં ભારે રંગથી જોડાતા. જ્ઞાનપ્રાપ્તિ સુંદર કરી. વિદ્યાર્થીઓની સાધર્મિક ભક્તિ પણ સરસ કરવામાં આવતી, અંતે પરીક્ષા લેવાઈ. ઈનામી મેળાવડો ભવ્ય ઉજવાયો. સાથે સ્વ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની વૈશાખ વદ ૧૧ સ્વર્ગ તિથિ નિમિત્તે ત્રણ દિનના

ઉત્સવ-શાંતિસ્નાત્ર સાથે પૂજયશ્રીના સુંદર ગુણગાન થયાં. સાબરમતીના ધાર્મિક શિક્ષક લલિતભાઈ તથા કિરિટ ધ્રુવે સંગીત આદિમાં સુંદર સહકાર આપ્યો.

દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૧૮,અંક-૪૨,તા.૨૫-૭-૧૯૭૦**

● **દાદર :** 'આરાધના ભવન' દાદરના નૂતન ઉપાશ્રયે પૂ.પં.શ્રી હેમંતવિજયજી મહારાજના શિષ્યરત્ન પૂ.મુ. લલિતશેખરવિજયજી મહારાજનો ચાતુર્માસિ પ્રવેશ અ.સુ. ૬ના મહેતા મધુકાંત ભગવાનજીના નિવાસસ્થાનેથી વાજતે ગાજતે સામૈયા સહ મોટા સમૂહ સાથે થયો. સુદ ૮ થી વ્યાખ્યાનમાં ધર્મસંગ્રહ તથા ધન્ય - ચરિત્રની વાંચના શરૂ થઈ, ઘીની બોલી પાંચસો મણની થઈ. મહારાજશ્રી દાદરના હોઈને સ્થાનિક તથા હાલારી વર્ગમાં ઉત્સાહ અનેરો છે. વ્યાખ્યાન આદિ ધર્મક્રિયામાં લોકોનો ઉત્સાહ અમાપ છે.

દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૧૮,અંક-૪૩,તા.૧-૮-૧૯૭૦**

● **માંડવલા** (રાજસ્થાન) **:** અત્રે સંઘના આગ્રહથી પૂ. મુનિરાજશ્રી ગુણરત્ન-વિજયજી આદિઠાણા ૫ ચોમાસું પધાર્યા છે. પ્રવેશના દિવસે સંઘમાં ૧૦૦ આંબેલ થયા. બહારથી પધારનાર મહેમાનોની ભક્તિ કોણ કરે એ માટે બોલી બોલાતાં રૂા. ૨૦ હજારની ઉપજ થઈ. ભક્તિનો ખર્ચ ભક્તિકરનારાના માથે, વ્યાખ્યાન માટે સૂત્રની બોલી રૂા. ૮ હજારની થઈ. સંઘમાં ધર્મ-ઉત્સાહ ખૂબ વધી ગયો છે. બે બાળ મુનિઓ પણ નવકારશી નહિ કરતા હોવાથી સંઘમાં વિશેષ છાયા પડી છે.

● **કલકત્તા :** પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મ. ને અષાઢ સુદ ૨ થી ૧૬ ઉપવાસ પૂર્ણ થવા પર તુરત બીજા ૧૬ ઉપવાસનું પચ્ચક્ખાણ ચાલુ છે. આખો દિવસ સંપૂર્ણ મૌન સાથે આગમ વાંચન જાપ વગેરેમાં મસ્ત રહે છે. **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજને અષાઢ** સુદ ૨ થી ૧૦૦મી વર્ધમાન આંબેલ તપની ઓળી ચાલુ છે. પ્રારંભદિને સંઘમાં ૪૫૦ આંબેલ થયેલા. અનેક વર્ધમાન તપ પાયા નખાયે જાય છે. બે બાળ ૧૦ અને ૧૨ વર્ષની વયના તથા એક બાળિકા ૧૨વર્ષનીને પણ પાયો અષાઢ વદ ૬ ના સારી રીતે પૂર્ણ થયો. પૂ. શ્રીના પારણા ઉપર મોટા પાયા પર ઉજમણાની તૈયારી ચાલુ છે. ભવાનીપુર સંઘમાં શ્રી નમસ્કાર-મંત્રની આરાધના સોએક જણ કરી રહ્યા છે. 'પરમતેજ' ભા.૨નું પ્રકાશન

હાઈકોર્ટના ચીફ જસ્ટીસના હાથે શ્રા.સુ.૧૪ ભારે સમારોહ થવાનું નક્કી થયું છે. પૂ. મુનિરાજશ્રી વિમળસેન વિજયજી મ. ને ૫૯મી ઓળી ચાલુ છે. ભાઈશ્રી મણિલાલ પાનાચંદને પણ અષાઢ સુદ ૨થી ઉપવાસ ચાલુ છે.

● **અંજાર :** અત્રે પૂ.મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ.આદિઠાણા ૨. ચોમાસું પધારવાથી સંઘમાં નવી ધર્મ-જાગૃતિ આવી છે. એમને ૧૦૮ આંબેલનું સુખરૂપ પારણું થયું. પૂ.મુ.શ્રી રાજેન્દ્રવિજયજી મ. ના વ્યાખ્યાનથી બાળકો પણ પ્રતિક્રમણમાં સારા જોડાયા છે. રવિવારના જાહેર પ્રવચનોમાં જૈનેતરો પણ સારો લાભ લે છે.

દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૧૮,અંક-૪૪,તા.૮-૮-૧૯૭૦**

● **સોનઈ :** અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ ઠાણા-૧૩ પધારેલ. ગાંધી શેઠ હસ્તે નૂતન ઉપાશ્રયનો ઉદ્‌ઘાટન સમારોહ સુંદર ઉજવાયો. એમણે રૂા. ૫૦૦ ભેટ કર્યા. અત્રે શ્રી રીખવચંદભાઈ અમલનેરવાળાનું આયોજન સુંદર હતું. સંઘમાં પ્રતિક્રમણ સામાયિક વગેરેના સારા નિયમ લેવાયા. પૂ. ગુરુદેવે ઉપાશ્રય આરાધના માટે જ છે એ સુંદર સમજાવ્યું. એમાં બીજા કાર્ય થાય નહિ. ઉપાશ્રયમાં રૂા. ૪૦ હજાર લાગ્યા હશે. હજી રૂા. ૧૦ હજારનું કામ બાકી છે. મદદ શા. મોતીલાલ શાંતિલાલ ગુગલ મુ.પો. સોનઈ (જિ-નગર, મહારાષ્ટ્ર) પર મોકલવા વિનંતી.

● **ધ્રાંગધ્રા :** અત્રે પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજી મ. ના પધારવાથી સંઘમાં તથા ઈતરોમાં અપૂર્વ ધર્મજાગૃતિ આવી છે. વ્યાખ્યાનમાં રોજ ત્રણેક હજાર અને રવિવારે પાંચક હજારની સંખ્યા હોય છે. છતાં લોકો પાછા જાય છે તેથી સ્થાનિક ભોજનાલયના ચોકમાં મંડપ બંધાવવાનું કામ ચાલુ છે.

● **છાણી :** પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મ. ની નિશ્રામાં ૧૫૦ આરાધકોએ 'અરિહંત' પદની આરાધના સુંદર કરી. દરેક ૧૨૫ માળા ગણી ખીરનાં એકાસણાં શ્રી હંસરાજભાઈ તરફથી કરાવાયાં. પાસેની ફર્ટિલાઈઝર સોસાયટીમાં વ્યાખ્યાનમાં લોકોએ સારો લાભ લીધો.

● **ગીરધરનગર** (અમદાવાદ) **:** અત્રે મહાતપસ્વી પૂ.પં.શ્રી રાજવિજયજી મહારાજને વર્ધમાન આંબેલ તપ ૧૦૦ ઓળી થવા ઉપર નવેસરથી પાયા ચઢતાં હાલ ૮૧મી ઓળી ચાલે છે. એમની વ્યાખ્યાન વાણીથી જનતામાં ધર્મ જાગૃતિ સારી આવી છે.

• **અંજાર :** અત્રે પૂ.મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ. ના ઉપદેશથી સંઘમાં ધર્મ ઉત્સાહ સારો છે. વીરમગામથી તપસ્વી ભાઈશ્રી રતિલાલ યાત્રાર્થે અત્રે આવેલા. તેમને જીવનભર આંબેલનો નિયમ છે. ૩૨૦૩ આંબેલ થયેલાં છે. આંબેલમાં અલૂણી દાળ અને રોટલી સાથે ઠામ ચોવિહાર કરે છે. સંઘે એમનું બહુમાન કરી સારી પહેરામણી કરી. અત્રે રાત્રિભોજન ત્યાગ અને બ્રહ્મચર્યના નિયમ સારા લેવાયા, ૪૫ બાળકો રોજ પ્રતિક્રમણ કરે છે. રોજ બપોરે ૧૦૦-૧૨૫ બાળકોને સામાયિકમાં તત્ત્વજ્ઞાન-સૂત્રના અર્થ વગેરે દૃષ્ટાંત સાથે સમજાવાય છે.

• **રોહીડા :** અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણભદ્રવિજયજી મ. આદિઠાણા ૪ ચાતુર્માસાર્થે પધાર્યા છે. વ્યાખ્યાનમાં સોની બ્રાહ્મણ વગેરે પણ આવે છે. એમને માંગણી કરી કે એક દિવસ જાહેર વ્યાખ્યાન રાખો કે જેથી અમારી કોમને ખબર પડે કે આવા સંત આવ્યા છે. એથી રવિવારે ચોકમાં જાહેર વ્યાખ્યાન થયું. એથી સારા આકર્ષાઈ ત્રણ ચાર કોમના લોકોએ આવા જાહેર વ્યાખ્યાન રાખવા માંગણી કરી. સંઘમાં 'અરિહંત'ની આરાધના ખીરના એકાસણાથી થઈ.

• **વડનગર :** અત્રે સંઘમાં ધર્મશાળા ખોદતાં શ્રી શાંતિનાથપ્રભુ તથા શ્રી મુનિસુવ્રત સ્વામી પ્રભુની કાયોત્સર્ગ મુદ્રાએ આરસની પ્રતિમાઓ નીકળી છે. ઘણી ભવ્ય અને સુંદર છે. સાલ ૧૩૧૨નો અંક છે. વળી ચૈત્ર સુદ ૧૩ રવિવારે પણ એક પ્રતિમાજી વળી નીકળ્યાં જનસમાજ દર્શન માટે ઊમટે છે. બીજું અત્રે ટી.બી. હૉસ્પિટલમાં ડૉ. શુરવીરકુમાર સાહેબે દર્દીઓના લાભાર્થે દીવાલો ઉપર **'દિવ્ય-દર્શન'માંથી સુવાક્યો** લખાવ્યાથી દર્દીઓને આધ્યાત્મિક સ્ફૂર્તિ સારી આપે છે.

• **અમદાવાદ :** અત્રે મોરીયા પાર્શ્વનાથના દેરાસરે સ્વ.પૂ.આચાર્યદેવશ્રી વિજય ઉદયસૂરીશ્વરજી મ.ના સ્વર્ગારોહણ નિમિત્તે શ્રી જૈન પ્રભાવક મંડળ તરફથી શ્રી નવપદજીની પૂજા ખૂબ ઠાઠથી ભણાવેલ. પૂ. આચાર્યદેવશ્રી વિજય નંદનસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિરાજો પણ પધાર્યા હતા. રાત્રે ભાવના તથા અંગરચના સુંદર થયેલ.

• **અમલનેર :** અત્રે મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજના ચાતુર્માસથી ધર્મજાગૃતિ સંઘમાં સારી આવી. પ્રારંભમાં ૩ અઠ્ઠાઈ થઈ બીજી ૬ ચાલે છે. ૧૧ સિદ્ધિતપ ચાલે છે. બીજી નાની મોટી તપશ્ચર્યા ચાલુ છે. એમનું કૉલેજમાં મરાઠીમાં વ્યાખ્યાન થયું. સૌજન્ય, સદાચાર ઇત્યાદિ પર કહેવાતા વિદ્યાર્થીઓને આનંદ થયો જ, ઉપરાંત પ્રિન્સિપાલે કહ્યું કે વિદ્યાર્થીઓને આવા ભાષણની બહુ જરૂર છે. વિદ્યાર્થીઓ એટલી બધી શાંતિથી બેઠા કે પ્રોફેસરોને એક આશ્ચર્ય લાગ્યું. સંઘને

પણ એથી હર્ષ થયો. પ્રતાપમિલના ભૂતપૂર્વ પારસી મૅનેજર વ્યાખ્યાન સાંભળીને શ્રાવકોને કહ્યું કે મને આવા પ્રવચનોની પહેલેથી જાણ કેમ ન કરી ? રવિવારના પ્રવચનોમાં હિન્દુધર્મના ભક્તજનો પણ મોટી સંખ્યામાં આવે છે. ગુરુવારે એક પ્રસિદ્ધ ડૉક્ટરને ત્યાં બે અઠ્ઠાઈના પારણા હતા. તે નિમિત્તે તેઓએ સંઘપૂજન કર્યું. તે વખતનું વાતાવરણ ભવ્ય હતું.

દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ- ૧૮,અંક-૪૫,તા.૧૫-૮-૧૯૭૦

ચાતુર્માસિ ચાદી

૧	પૂ.આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. આદિ	જામનગર
૨	પૂ.આ.શ્રી જંબુસૂરીશ્વરજી મ. આદિ	સિરોહી
૩	પૂ.આ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ. આદિ	અમદાવાદ
૪	પૂ. ઉપાધ્યાય શ્રી કેવળ વિજયજી મ. મુનિરાજશ્રી યશોભદ્ર વિ. શ્રી અમરગુપ્ત વિ. આદિ	જ્ઞાનમંદિર અમદાવાદ
૫	પૂ. પંન્યાસ શ્રી ભક્તિવિજયજી મ. આદિ	પાલીતાણા
૬	પૂ. પંન્યાસ શ્રી કનકવિજયજી મ. આદિ	લાલબાગ મુંબઈ
૭	પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મ. આદિ	સાદડી
૮	પૂ. પંન્યાસ શ્રી મલયવિજયજી મ. આદિ	દાંતરાઈ
૯	પૂ. પંન્યાસ શ્રી ચિદાનંદ વિજયજી મ.આદિ	ઝીંઝુવાડા
૧૦	પૂ. પંન્યાસ શ્રી મૃગાંક વિજયજી મ.આદિ	શાન્તાક્રુઝ મુંબઈ
૧૧	પૂ. પંન્યાસ શ્રી સુદર્શનવિજયજી મ.આદિ	ઈન્દોર
૧૨	પૂ. પંન્યાસ શ્રી જયંતવિજયજી મ.આદિ	રતલામ
૧૩	પૂ. પંન્યાસ શ્રી હેમંતવિજયજી મ.આદિ	વાપી
૧૪	પૂ. પંન્યાસ શ્રી મુક્તિવિજયજી મ.આદિ	સુરેન્દ્રનગર
૧૫	પૂ. પંન્યાસ શ્રી હિમાંશુવિજયજી મ.આદિ	વાવ(થરાદ)
૧૬	પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી મ.આદિ	ભવાનીપુર કલકત્તા
૧૭	પૂ. પંન્યાસ શ્રી માનતુંગવિજયજી મ.આદિ	મંડપ, પાટણ
૧૮	પૂ. પંન્યાસ શ્રી હર્ષ વિજયજી મ.આદિ	ઉદયપુર
૧૯	પૂ. પંન્યાસ શ્રી રાજ વિજયજી મ.આદિ	ગીરધરનગર, અમદાવાદ
૨૦	પૂ. મુનિશ્રી મતિવિજયજી મ.આદિ	જુનાગઢ

૨૧	પૂ. મુનિશ્રી પદ્માકર વિજયજી મ.આદિ	સિદ્ધપુર
૨૨	પૂ. મુનિશ્રી પુણ્યોદય વિજયજી મ.આદિ	જોયલા
૨૩	પૂ. મુનિશ્રી મહાપ્રભ વિજયજી મ.આદિ	સાવરકુંડલા
૨૪	પૂ. મુનિશ્રી ગુણાનંદ વિજયજી મ.આદિ	નીપાણી
૨૫	પૂ. મુનિશ્રી પ્રદ્યોતન વિજયજી મ.આદિ	લુણાવા
૨૬	પૂ. મુનિશ્રી લલિતવિજયજી મ.આદિ	શીહોર
૨૭	પૂ. મુનિશ્રી મિત્રાનંદવિજયજી મ.આદિ	છાણી
૨૮	પૂ. મુનિશ્રી ભદ્રાનંદવિજયજી મ.આદિ	મુંબઈ
૨૯	પૂ. મુનિશ્રી નિરંજનવિજયજી મ.આદિ	વીરમગામ
૩૦	પૂ. મુનિશ્રી મતિધનવિજયજી મ.આદિ	પીંડવાડા
૩૧	પૂ. મુનિશ્રી કૈલાસપ્રભ વિજયજી મ.આદિ	સેવાડી
૩૨	પૂ. મુનિશ્રી સુધાંશુ વિજયજી મ.આદિ	ખંભાત
૩૩	પૂ. મુનિશ્રી જિનપ્રભ વિજયજી મ.આદિ	સાંચોર
૩૪	પૂ. મુનિશ્રી ધર્મગુપ્ત વિજયજી મ.આદિ	માલેગામ
૩૫	પૂ. મુનિશ્રી ભદ્રગુપ્ત વિજયજી મ.આદિ	મહેસાણા
૩૬	પૂ. મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી મ.આદિ	અમલનેર
૩૭	પૂ. મુનિશ્રી મણિપ્રભ વિજયજી મ.આદિ	અંજાર
૩૮	પૂ. મુનિશ્રી પુંડરિક વિજયજી મ.આદિ	શીવગંજ
૩૯	પૂ. મુનિશ્રી ચંદ્રશેખર વિજયજી મ.આદિ	ધ્રાંગધ્રા
૪૦	પૂ. મુનિશ્રી હેમચન્દ્ર વિજયજી મ.આદિ	અમદાવાદ
૪૧	પૂ. મુનિશ્રી યોગીન્દ્ર વિજયજી મ.આદિ	જાવાલ
૪૨	પૂ. મુનિશ્રી જિતેન્દ્ર વિજયજી મ.આદિ	સાદડી
૪૩	પૂ. મુનિશ્રી જયશેખર વિજયજી મ.આદિ	૯૬ કેનિંગ કલકત્તા,
૪૪	પૂ. મુનિશ્રી લલિતશેખર વિજયજી મ.આદિ	દાદર
૪૫	પૂ. મુનિશ્રી મુનિચન્દ્ર વિજયજી મ.આદિ	રોહીડા
૪૬	પૂ. મુનિશ્રી ગુણરત્ન વિજયજી મ.આદિ	માંડવાલ
૪૭	પૂ. મુનિશ્રી પ્રભાકર વિજયજી મ.આદિ	વઢવાણ
૪૮	પૂ. મુનિશ્રી મણિભદ્ર વિજયજી મ.આદિ	બાવળા
૪૯	પૂ. મુનિશ્રી ચિરંતન વિજયજી મ.આદિ	ધંધુકા
૫૦	પૂ. મુનિશ્રી કીર્તિસેન વિજયજી મ.આદિ	સુરત
૫૧	પૂ. મુનિશ્રી મહાબળ વિજયજી મ.આદિ	લીંબડી

૫૨	પૂ. મુનિશ્રી ગુણસેન વિજયજી મ.આદિ	રાધનપુર
૫૩	પૂ. મુનિશ્રી કીર્તિરત્ન વિજયજી મ.આદિ	આંગીઆ
૫૪	પૂ. મુનિશ્રી ચરણપ્રભ વિજયજી મ.આદિ	પગથિયાનો ઉપાશ્રય અમદાવાદ
૫૫	પૂ. મુનિશ્રી નયરત્ન વિજયજી મ.આદિ	ઉજ્જૈન

• • •

• **ધ્રાંગધ્રા :** પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજે અહીં ચોમાસું કરી 'જયાં રામ ત્યાં અયોધ્યા' સર્જી છે. વર્તમાન યુગના ફટાટોપ પર માર્મિક કટાક્ષો ફેંકતી અને વૈભવ-વિલાસોની ભયંકરતાને પ્રકાશતી એમની હૃદયવેધક વાણી પર જૈન-જૈનેતરોની વિરાટ સભા ડોલવા માંડે છે. સંઘમાં આયંબિલ-છઠ્ઠ-અઠ્ઠમ વગેરે તપસ્યાઓ ચાલુ થઈ ગઈ છે. લીંબડીથી ૭૫ અને બીજા ૨૫ જણ વંદનાર્થે આવેલ. બીજા ગામોથી બસો ભરીને ભાવિકો આવવાના સમાચાર છે.

• **છાણી :** શ્રી પનાલાલની સુપુત્રી તરુણલતાએ (ઉં-૧૭ વર્ષ) અષાઢ સુ. ૫ થી માસક્ષમણની ભીષ્મ તપસ્યા કરેલી. એ નિમિત્તે એમના અને સંબંધીઓના તરફથી શ્રા. સુ. ૧ થી ૫ મહોત્સવ તથા સુદ ૬ શ્રી પનાલાલ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું. તપસ્વીને ભાવિકોએ ઘેર પગલાં કરાવી દૂધે પગ ધોયા.

• **કલકત્તા : અત્રે ૯૬ કેનિંગ સ્ટ્રીટ મંદિરમાં પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજના માર્ગદર્શન મુજબ ઘુમટમાં શ્રી સંઘે શ્રી મહાવીર પ્રભુનાં જીવન પ્રસંગોનાં સોનેરી ભવ્ય ચિત્રોનું કાર્ય કરાવવા માંડ્યું છે.** પૂ. મુનિરાજશ્રી જયશેખર વિજયજી મ. રાતના ભાવિકોને કર્મગ્રંથના પદાર્થોનો તત્ત્વબોધ આપે છે. ભવાનીપુરમાં પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મ. ના ૩૮ ઉપવાસની ભીષ્મ તપસ્યા નિમિત્તે બેનોની રોજ સાંગી ચાલે છે, અવરનવર પૂજાઓ ભણાય છે. શ્રા. સુ. ૭ રવિવારે ભવ્ય વરઘોડો છે, પર્યુષણ પૂર્વે ઓચ્છવની યોજના છે. વ્યાખ્યાનમાં રોજ પ્રભાવના ચાલુ છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના અઠ્ઠમ સંઘમાં ચાલુ છે. એમાં તદ્દન અભ્યાસ વિનાના પણ નાના મોટા ભાઈ બેનો જોડાયા છે.

દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૧૮,અંક-૪૬,તા.૨૨-૮-૧૯૭૦**

• **કલકત્તામાં** પૂ. ગુરુદેવશ્રી પંન્યાસશ્રી ભાનુવિજયજી મહારાજશ્રીના ૧૦૦ મી વર્ધમાનતપની ઓળી પ્રારંભદિને વર્ધમાનતપ પાયો નાખી, પૂર્ણ કરી ૫-૬ દિન પારણું કરી ૬ઠ્ઠી ઓળી કરનાર.

બાળ રાજેન્દ્રકુમાર કુસુમચંદ	બાળ જયેશકુમાર ચંપકલાલ (ભણશાળી)	બાળ બીના કુસુમચંદ
ઉંમર વર્ષ-૧૦	ઉંમર વર્ષ-૧૧	ઉંમર વર્ષ-૧૧

દિવ્ય-દર્શન'' - **"સમાચાર"** વર્ષ-૧૮,અંક-૪૭/૪૮,તા.૨૯-૮-૧૯૭૦

● **કલકત્તા :** અત્રે પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજની ૩૮ ઉપવાસની તપસ્યાએ ખૂબ ધર્મપ્રભાવના કરી. તપસ્વી આખો દિવસ સ્વાધ્યાય-ધ્યાન-આગમ-વાંચન-જાપ વગેરેની અપ્રમત્તભાવે આરાધના કરતા કેટલીક વાર પાસેનાને લોકો પૂછતા કે તપસ્વી મહારાજ ક્યાં ? કેમ કે તપસ્વીનો લાંબો સંથારો નહિ, અને 'શાસ્ત્રવાંચન કરતા દેખાય, તેથી આ મહા તપસ્વી છે એવી કલ્પના જ ન થાય. છેલ્લા વીસેક દિનથી રોજ જુદી જુદી વ્યક્તિ તરફથી બેનોને સાંજી ગાવાનું તથા અવરનવર પૂજા આંગી થતા. શ્રા.વ.૧ સંઘ તરફથી તપસ્યાનો ભવ્ય વરઘોડો ચડ્યો. બંગાળી હિંદીના બોર્ડોથી જનતાને મહાતપસ્યાનો ખ્યાલ આવતાં

અને તપસ્વીને વરઘોડામાં ચાલતા જોઈ ઈતરોના શિર ઝૂકી જતા માઈલેક વરઘોડો ફર્યો. પારણાના દિવસે તપસ્વીનાં પગલાં કરાવવા બોલી બોલતાં શ્રીમતી શાન્તાબેન રૂા. ૩૦૫૧/- માં લહાવો લીધો. પોતાના ઘરે ચતુર્વિધ સંઘને વાજતે ગાજતે લઈ જઈ વ્યાખ્યાન કરાવ્યું. સંઘ પૂજન કર્યું. લોકોમાં નિયમો લેવાયા. પારણાં પછી સંયમનના લીધે તપસ્વીને ખૂબ સૂખશાતા છે.

● **માંડવલા :** અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ. ના ૨૯ મી આયંબિલ ઓળીના પારણે પગલા કરાવાની પહેલી બોલીમાં ૫ વર્ષમાં ૧૨૫૦ આયંબિલ પછી બોલીઓમાં ૧૩૦૦૦ આયંબિલ ૨૨ ઘરે નવલાખ નવકાર, ૪ જણને ૧ વર્ષમાં બાર વ્રત લેવા, ૬ જણને બે વર્ષમાં પાયો નાખવો, ૩ જણને સંપૂર્ણ ચતુર્થવ્રત, પાંચ ઘરમાં ૫ વર્ષમાં ૧૫૦૦ પૂજા વગેરે ધર્મ પ્રભાવના થઈ.

● **અમલનેર :** અત્રે પૂ.મુ.શ્રી તત્ત્વાનંદવિજયજી મ. ની નિશ્રામાં ૯ અઠ્ઠાઈઓ નિમિત્તે ભવ્ય વરઘોડો ચડ્યો, બહારથી ઘણું માણસ આવેલ. બીજી ૬ અઠ્ઠાઈ તથા ૧૨ સિદ્ધિતપ ચાલે છે. વ્યાખ્યાનો પૂજાઓ વગેરેથી સારી ધર્મપ્રભાવના થઈ રહી છે. કચ્છી ભાઈઓ આ વખતે સારા જોડાયા. પૂ. મહારાજશ્રી નાના ઉપાશ્રયનું બાંધકામ ચાલતું હોઈ દાદાવાડીમાં રોકાયાથી ભાઈઓ વચ્ચે અણબનાવ દૂર થયો. આગેવાનોને સંતોષ સારો છે.

● **અંજાર :** પૂ. તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ. તથા પૂ. વ્યાખ્યાતા મુ. શ્રી રાજેન્દ્ર વિજયજી મ. ની નિશ્રામાં નાના ૭ વર્ષ સુધીના ૧૩૫ જણે ૭ સૌખ્ય ૮ મોક્ષતપ કર્યો. પ્રભાવનાઓ સારી થઈ. શ્રા.સુ.૧૩-૧૪-૧૫ શ્રી શંખેશ્વર પ્રભુના અઠ્ઠમ ૯૦ જણે કર્યો. ૧૨॥ હજાર જાપ પૂજા પ્રભાવના ભક્તિરંગ સારો જામ્યો. પૂજામાં બાળકોએ દાંડિયારાસ-મોરલીનૃત્ય-દીપકનૃત્યાદિ સુંદર કર્યું.

● કલકત્તામાં ભવ્ય પ્રકાશન સમારોહ ●

અત્રે **પૂ.પન્યાસજી મહારાજની ભાનુવિજયજી ગણિવર્યે** લખેલ પરમતેજ ભા. ૨ ના પ્રકાશન અંગે નગરની અનેક સંસ્થાઓ તથા યુનિવર્સીટીના વાઈસ ચાન્સેલર વગેરે અગ્રણી વ્યક્તિઓની સહીથી જાહેર કરાયા મુજબ તા. ૧૬-૮-૭૦ બપોરે ત્રણ વાગે જૈન વિદ્યાલયમાં વિશાળ માનવમેદની એકત્રિત થયેલ. ગ્રંથને ત્યાં લઈ જવા માટે કલકત્તા જૈન સંઘ તરફથી ભવ્ય વરઘોડો નીકળેલ. સભામાં આવતાં અત્રેના હાઈકોર્ટના ચીફ જસ્ટીસ માનનીય શ્રી પી.બી. મુખરજીનો ગુજરાતી તપગચ્છ જૈન સંઘના પ્રમુખ શેઠ શ્રી સવાઈલાલ કે. શાહે બે શબ્દ બોલી પ્રકાશન જાહેર

કરવા વિનંતી કરી. શ્રી મુખરજી સાહેબે અંગ્રેજીમાં ગ્રંથને, લેખકને તથા જૈનધર્મનું ગૌરવ કરતું સુંદર ભાષણ કર્યું. ત્યારબાદ ગ્રંથનું પ્રકાશન જાહેર કર્યું. અને પૂ.પંન્યાસજી મહારાજને ગ્રંથ વહોરાવ્યો અને મહારાજશ્રીનો વાસક્ષેપ તથા માનવ સેવાના આશીર્વાદ લીધા હતા. પછી પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ પણ આજના કાળે ગ્રંથની મહાન ઉપયોગીતા પર માનસ વિજ્ઞાનના સમર્થન ટાંકી અંગ્રેજીમાં વ્યાખ્યાન આપ્યું.

પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મ. ને ૩૮ ઉપવાસની તપસ્યા હતી તેનું પારણું ધામધૂમથી ઉજવાયું. રૂા. ૩૦૫૧/- બોલી શ્રી શાન્તાબેને ઘરે સંઘ સાથે પૂજ્યશ્રીનાં પગલાં કરાવી સંઘપૂજન કરેલ.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૧૯,અંક-૧,તા.૧૨-૯-૧૯૭૦

દિવ્ય-દર્શનનું નૂતન વર્ષ

શ્રી પર્વાધિરાજ પર્યુષણા લગભગથી ઈ.સ. ના સપ્ટેમ્બર માસે 'દિવ્ય-દર્શન'નું નૂતન વર્ષ શરૂ થાય છે, તે આજે એ ૧૮ વર્ષની અવિરત સફળ મંજિલ કાપીને **૧૯મા વર્ષમાં પ્રવેશ** કરે છે. **પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજનાં** સંવેગ-વૈરાગ્ય નીતરતાં જિનોક્ત તત્ત્વ અને તર્કભર્યા પ્રવચનોનો લાભ દેશ-પરદેશમાં રહેતા ભવ્યાત્માઓને ઘેર બેઠા દર સપ્તાહે મળ્યા કરે એટલા માટે આજથી ૧૮ વર્ષ પૂર્વે મુંબઈમાં અમારા ધર્મબંધુ શ્રી બચુભાઈ ચીમનલાલ ઝવેરીએ બીજા ભાઈઓના સહકારથી 'દિવ્ય-દર્શન' સાપ્તાહિક પત્રની શુભ શરૂઆત કરી; અને એને ચારે બાજુથી સુંદર આવકાર મળ્યો. પછી મુદ્રણ-ખર્ચ વગેરેની અનુકૂળતાના હિસાબે 'દિવ્ય-દર્શન' કાર્યાલય અમદાવાદમાં લાવવામાં આવ્યું. એથી અમારું સદ્‌ભાગ્ય કે દિવ્ય-દર્શનના મુદ્રણ-વિતરણ આદિની વ્યવસ્થાનો લાભ અમને મળવા માંડ્યો. એમાં અમને પાછળથી મુંબઈ વર્ધમાન આંબેલતપ-ખાતાના-સમર્થ માનદ્‌મંત્રી તથા ભૂલેશ્વર લાલબાગ ઉપાશ્રય આરાધક સંઘ વગેરેના માનદ્‌ સક્રિય કાર્યકર શ્રીમાન જેઠાભાઈ ચુનીલાલ ઘીવાળાનો વિશેષ સહકાર સાંપડ્યો.

અમે કહેતાં ગૌરવ અનુભવીએ છીએ કે 'દિવ્ય-દર્શન'ના વાંચન-મનને હજારો ભવ્યાત્માઓના ચિત્તને શાંતિ-સમાધિ અને નવનવી ધર્મપ્રેરણાઓ આપી છે. એવા પણ કહેનાર મળે છે કે 'દિવ્ય-દર્શને મારું તો જીવન-પરિવર્તન કરી નાખ્યું છે;' 'દુઃખદ પ્રસંગોમાં દિવ્ય-દર્શન ભારે આશ્વાસન આપે છે;' 'આજની અનિવાર્ય

સંકડામણોમાં દિવ્ય-દર્શન મનને ફોરું કરી આપે છે.'...ઇત્યાદિ. જીવનમાંથી ક્રોધ, કૃપણતા, ઈર્ષ્યા, સંસારરસ,... વગેરે કેટલાય દોષોનો હ્રાસ થવાનો અનુભવ અનેકાનેક દિવ્ય-દર્શનના વાંચકોનો છે. કેટલાયને શ્રી અરિહંત પરમાત્મા અને જિનશાસન પર સુંદર શ્રદ્ધા-ભક્તિભાવ વિકસ્યો છે.

પ્રિય વાંચકો, ભાઈ-ભગિનીઓ ! આપને આવા સ્વયં અનુભવ હોઈ અમારો આપને દરેકને નમ્ર અનુરોધ છે કે 'દિવ્ય-દર્શન'ના સભ્યો-વાંચકો વધારવા તરફ લક્ષ રાખશો, જેથી આપને જિનવાણી પ્રચારવાનો તથા વર્તમાન ભયંકર વિટંબણાઓ વચ્ચે ભવ્યાત્માઓમાં અશુભ ભાવોના નિરાકરણ પૂર્વક શુભ ભાવો જગાવવાનો અનુપમ લાભ પ્રાપ્ત થાય. આ બહુ કિંમતી શાસન ભક્તિ-પ્રભાવના તથા ભાવ-અનુકંપા છે. એ તો જીવનમાં એક મુખ્ય કર્તવ્ય સુકૃત બની જવાં જોઈએ.

ગત વર્ષમાં શ્રી કુવલયમાળા કથા પર ચિંતનનાં પ્રવચન આપવામાં આવેલા, કથાપ્રસંગમાં રચનાત્મક જીવનસ્પર્શી આધ્યાત્મિક ઉન્નતિની, તત્ત્વની, આત્મદોષોનાં નિરીક્ષણ પૂર્વક નિરાકરણના ઉપાયોની...વગેરે વગેરે ઘણી ઘણી વાતો તર્ક-દૃષ્ટાંત સાથે આવી. હજી કથાપ્રવાહ બાકી છે. તેથી હવેના નવા વર્ષમાં હાલ એ જ આગળ ચાલશે.

- તંત્રી

● **પિંડવાડા :** અત્રે સ્વ. પૂ. મુનિરાજશ્રી વિશ્વધનવિજયજી મ.ના નિમિત્તે શ્રી સંઘે સ્વ.ના સંસારી પિતા અને દીક્ષાગુરુ પૂ. મુનિરાજશ્રી મતિધનવિજયજી મ.ની નિશ્રામાં ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ ઊજવ્યો. એઓશ્રી પોતાના પુત્રશિષ્યના વિયોગ પર સુંદર સમાધિ જાળવી સાધુપણાને અજવાળી છે. (આ અંગે અગ્રલેખ જુઓ.) પૂ. મુનિરાજો શ્રી જયઘોષવિજયજી મ., શ્રી ધર્માનંદવિજયજી મ. તથા શ્રી વીરશેખરવિજયજી મ.ની આગેવાની નીચે કર્મસાહિત્યનું કાર્ય સુંદર ચાલી રહ્યું છે.

● **રતલામ :** અત્રે પૂ.પં. શ્રી જયંતવિજયજી ગણિવરના ધર્મોપદેશથી શ્રી સંઘમાં ૧૮૧ અક્રમ, અરિહંતપદ-સિદ્ધપદ આરાધનાર્થે ૨૫૦-૨૦૦ આંબેલ. પંચરંગી વગેરે તપ સુંદર થયા. પૂ. મુનિરાજશ્રી ખ્યાતકીર્તિવિજયજી મ.ને ૭૦૦ આંબેલ ઉપર ૧૫ ની ભાવનાથી ૮ ઉપવાસ કરેલ છે. ભિન્ન ભિન્ન ભાવિકો તરફથી અક્ષયનિધિતપસ્વી તથા બહારથી પર્યુષણા કરવા આવનારાની ભક્તિ નક્કી થઈ છે.

● **ભાવનગર :** અત્રે કૃષ્ણનગર પ્લોટમાં પૂ. મુનિરાજશ્રી પદ્મપ્રભવિજયજી મ.ના ધર્મ-ઉપદેશથી સંઘમાં ધર્મસાધના સારી ચાલી રહી છે.

● **સિરોહી :** અત્રે આગમપ્રજ્ઞ પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી

મહારાજ સાહેબે પૂ. મુનિરાજશ્રી વિશ્વધનવિજયજી મ.ને સુંદર અંતિમ નિર્યામણા કરાવેલી. મુનિશ્રી શ્રાવણ વદ ૩ રાતના કાળધર્મ પામતા બીજે દિવસે એમની ભવ્ય સ્મશાનયાત્રા નીકળી. જેમાં પિંડવાડેથી પણ સેંકડો માણસ હાજર હતું. એમના મૃતદેહને અગ્નિસંસ્કારની બોલી બોલાતા એમના સંસારી પીતરાઈ ભાઈ મુંબઈવાળા શેઠશ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળાએ ૬૫૧ મણ ઘી બોલીને લાભ લીધો. પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં એ સદ્‌ગત મુનિશ્રીના નિમિત્તે શ્રી સંઘે ધામધૂમપૂર્વક શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઊજવ્યો. અત્રે પૂજયશ્રીના તત્ત્વપૂર્ણ પ્રવચનોથી ધર્મપ્રભાવના સુંદર થઈ રહી છે.

● **વાપી :** અત્રે પૂ.પં. શ્રી હેમંતવિજયજી ગણિવર્યે વ્યાખ્યાનમાં પૂ. વિશ્વધનવિજયજી મ.ના ૮ વર્ષના ચારિત્ર-જીવનમાં કેવી આરાધના કરી ગયા તેના ગુણગાન કર્યા હતા. એઓશ્રીએ કહ્યું કે 'સ્વર્ગસ્થ આત્માએ એમના પિતા ગુરુજીની જે સેવા ઉઠાવી છે, એવી આ કાળમાં ઓછા ઉઠાવી શકશે. એમનામાં રહેલી પાપભીરુતા અને અષ્ટપ્રવચન માતાના પાલનની કાળજી ગજબ હતી. એ આત્મા આઠ વર્ષના ચારિત્રપર્યાયમાં ઘણું જ સાધી ગયા છે.''

● **સાંચોર :** અત્રે સંયમરત્નો પૂ. મુનિરાજો શ્રી જિનપ્રભવિજયજી મ. તથા શ્રી વારિષેણ વિજયજી મ. આદિ ચોમાસું પધારતાં પ્રવેશ-સ્વાગતમાં ૨૦૦૦ માણસ હતું. વ્યાખ્યાનમાં ખરતરગચ્છવાળા તથા સ્થાનકવાસી અને બીજા ભાઈઓ પણ લાભ લે છે. ૨ દિવસમાં ૨૦૦ ભાઈબેનોએ ૯ લાખ નવકારજાપ તથા શ્રા.સુદ ૭-૮-૯ ૧ ક્રોડ ૮ લાખ 'નમો અરિહંતાણં' જાપ કરેલ. સુદ ૧૨-૧૩-૧૪ અઠ્ઠમતપો-પારણા-ઉત્તરપારણા-પ્રભાવનાદિ સુંદર થયું. ગોડીજી મંદિરનું ખાત મુહૂર્ત થયું.

● **દાંતરાઈ :** પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી મલયવિજયજી અત્રે ચાતુર્માસ બિરાજમાન છે અને વ્યાખ્યાનમાં શ્રી આત્મપ્રબોધ અને શ્રી જયાનંદકેવલી ચરિત્ર વંચાય છે અને પૂજ્ય પંન્યાસજીની વર્ધમાન તપની ઓલી ૯૩ નું પારણું કરી તરત પાછી ઓલી ૯૪ મી ઊપાડી છે. ધર્મ આરાધના અને નવકારમંત્ર આરાધના સારી થઈ હતી. જ્ઞાનખાતામાં અને દેવદ્રવ્યમાં સારી ઊપજ થઈ છે.

દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૧૯,અંક-૨,તા.૧૯-૯-૧૯૭૦**

● **કલકત્તા :** અત્રે **પૂ.પંન્યાસજી ભાનુવિજયજી મહારાજશ્રીની** નિશ્રામાં

પર્યુષણા મહાપર્વ અપૂર્વ રીતે ઉજવાયા. જીવનમાં કદી ધર્મમાં નહીં જોડાયેલ અનેક ભાઈ-બહેનો આ વખતે ધર્મમાં સારા જોડાયા. સુખી ઘરના બહેનો તથા ભાઈઓ સુધીનાએ અઠ્ઠાઈ-નવ-દસ-અગિયાર સુધીની તપસ્યાઓ પણ કરી. પૂ. તપસ્વી મુનિરાજશ્રી જયસોમવિજયજી મહારાજની ૩૮ ઉપવાસની અનુમોદનાર્થે પર્યુષણપૂર્વેથી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ સુંદર ઉજવાયો. વડગામથી ગવૈયા હરજીવનદાસની મંડળીએ ભક્તિરંગ જમાવ્યો. તે ભા.સુ. ૪ સુધીના રાતના પણ ધાર્મિક કથા-ગીતો વગેરે સુંદર ચલાવ્યું. અત્રે ચોમાસા પૂર્વે બંને સંઘો વચ્ચે નક્કી થયા મુજબ પૂ.પંન્યાસજી મહારાજ ભા.સુ.૯ના ૯૬, કેનિંગસ્ટ્રીટ-ગુજરાતી જૈન શ્વે. તપગચ્છ સંઘ ઉપાશ્રયે પધારવાના છે અને ત્યાં જ રોકાવવાના છે.

● **મદ્રાસ :** પૂ.આ.શ્રી વિજયભદ્રંકરવિજયજી મહારાજ આદિઠાણા ૮ અત્રે ચોમાસું પધાર્યા પછી સંઘમાં ધર્મજાગૃતિ સારી આવી છે. નવકારમંત્ર તપમાં ૫૦૦ ભાવિકો અને ગૌતમસ્વામી છઠ્ઠ તપમાં ૨૫૦ ભાવિકો જોડાયા હતા. નવેય દિવસ સમૂહ એકાસણા થયા. પારણાં તથા બંને તપસ્વામીઓને ત્રણ અને ચાર રૂપિયાની પ્રભાવના અપાઈ હતી.

પૂ.આ.શ્રી લબ્ધિસૂરીશ્વરજી મહારાજની નવમી પુણ્યતિથિ નિમિત્તે શાંતિસ્નાત્ર સહ દશ દિવસનો ઉત્સવ ઠાઠથી ઉજવાયો હતો. અક્ષયનિધિતપમાં ૧૫૦ સંખ્યા જોડાઈ છે.

● **રોહિડા :** અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણભદ્રવિજયજી મ.શ્રીની નિશ્રામાં મહાપર્વની આરાધના અભૂતપૂર્વ થઈ. સંઘમાં ઉત્સાહ એટલો બધો વધી ગયો કે કલ્પસૂત્ર અંગેની ઉછામણી ૩૦૦૦ મણ થઈ હતી. તેમજ બીજી ઉપજો તથા તપશ્ચર્યા સુંદર થઈ.

● **કલકત્તા :** અત્રેના ભવાનીપુર અને ૯૬ કેનિંગસ્ટ્રીટના ઉપાશ્રયના સંઘ વચ્ચે પૂર્વે નક્કી થયા મુજબ **પૂ. પંન્યાસજી મહારાજશ્રી ભાનુવિજયજી મહારાજની** પર્યુષણા સુધી ભવાનીપુરમાં સ્થિરતા થયા બાદ પંન્યાસજી મહારાજનો ૯૬ કેનિંગમાં લઈ આવવા માટે સંઘ ઘણી આતુરતા સેવતો હતો. ભા.સુ. ૯ અત્રે પધારવાનું નક્કી થતાં સંઘે શેઠશ્રી સવાઈલાલ કે. શાહની આગેવાની નીચે ભવ્ય સ્વાગત વરઘોડો કાઢ્યો અને કલકત્તાની કદી નહીં સ્પર્શાયેલા લત્તાઓમાં પણ સ્વાગત યાત્રા ફરી. પેરેડાઈઝ સિનેમાવાળાએ સ્વાગત યાત્રાના પ્રારંભે વિશાળ જનતાને અલ્પાહાર કરાવ્યો. તેમજ પૂજ્યશ્રીનું ગુરુપૂજન કર્યું. રસ્તાઓમાં ગહુંલીઓ તથા માળપરથી વધાવવાનું સુંદર થયું. સામૈયું ઉપાશ્રયે આવતા પ્રેરક મંગળ પ્રવચન

થયું. પ્રભાવના થઈ. ભાઈશ્રી અમૃતલાલ કોરડીયા તરફથી એમના ધર્મપત્ની ૧૬ ઉપવાસની તપસ્યા નિમિત્તે ભા.સુ.૧૩ રવિવારે પોતાની બધી બચત રકમ ખર્ચીને સાધર્મિક વાત્સલ્ય થયું. ૭૦૦૦ માણસોની એ માટે બરાબર વ્યવસ્થા જળવાય તેથી ભાઈઓ અને બહેનોના વિશાળ જમણસ્થાન અલગ અલગ યોજવામાં આવ્યા. ભા.સુ.૧૪ના શેઠશ્રી વસંતલાલ શાંતીલાલ ચુડાવાળા તરફથી એમના ધર્મપત્નીના ૧૬ ઉપવાસ નિમિત્તે પૂ. પંન્યાસજી મહારાજને ચતુર્વિધ સંઘ સહિત વાજતે ગાજતે પોતાના નિવાસસ્થાને લઈ જઈ ગુરુપૂજન તથા સંઘપૂજા કરવામાં આવી. તેમજ એમના તરફથી ૯ વાગે રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. જેમાં ઊંચી બગીમાં બેસીને વર્ષી દાન ઉછાળવામાં આવતું હતું. હવે પૂ.પંન્યાસજી મહારાજને આસો સુદ ૧૫ના ૧૦૦મી વર્ધમાનતપની ઓળી પૂર્ણ થતી હોઈ તેની અલૌકિક ઉજવણી કરવા સંઘ ૧૭૧ છોડના ઉજમણા સહિત ભવ્ય મહોત્સવ વગેરેની તૈયારી કરી રહ્યું છે. **પૂ.પંન્યાસજી મહારાજના માર્ગદર્શન મુજબ** અત્રેના શિખરબંધી ભવ્ય દેરાસરના વિશાળ ઘુમટની અંદર શ્રી મહાવીરપ્રભુના પંચકલ્યાણક તથા બીજા જીવન પ્રસંગો તેમજ ચંદનબાલા, ચંડકૌશિક, દશાર્ણભદ્ર, ધન્નાશાલીભદ્ર, રોહીણેય, પ્રભાવતી ઉદાયન, મેઘકુમાર, અષ્ટાપદજી, સુલસા, અભયકુમાર વગેરેના અદ્‌ભુત સોનેરી એમ્બોઝ ચિત્રો જામનગરના પ્રસિદ્ધ આર્ટિસ્ટ વેલજીભાઈ પાસે તૈયાર કરવામાં આવ્યા. જે ખૂબ જ દર્શનિય બન્યા છે. જોનાર ચમત્કાર પામી જાય છે, તેથી આખો રંગમંડપ ઝગમગી ઉઠ્યો છે.

● **બારડોલી :** અત્રે પૂ.બાપજી મહારાજના પૂ. પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજના પ્રભાવક પ્રવચનોથી સંઘમાં ભારે ધર્મ જાગૃતિ આવી. ચોમસામાં અનેક તપ ઉપરાંત પર્યુષણા મહાપર્વને અનુલક્ષીને ૪૫-૩૧-૩૦-૧૭-૧૬ વગેરે તપસ્યાઓ સુંદર થઈ. નાના ગામમાં પણ ૨૮ અઠ્ઠાઈ અને ૬૦ અઠ્ઠમ થયા.

● **અહમદનગર :** અત્રે શાસનપ્રભાવક વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સંઘમાં ચોમાસામાં ધર્મની ભારે જાહોજલાલી ચાલી રહી છે. મહાપર્વમાં ૪૭ ચોસઠપહેરી, ૮૦ અઠ્ઠાઈ, બે માસખમણ, ૫-૭ જણને ૧૬ ઉપવાસ વગેરે ખૂબ તપશ્ચર્યા થઈ. દક્ષિણના અનેક ગામોના સંઘ મોટા સમૂહ સાથે ગુરુવંદનાર્થે આવ્યા કરે છે; આસો સુદ ૧૦ થી ૪૫ આગમની રચના અને ૪૫ છોડનું ઉજમણું કરવાનું નક્કી થયું છે. ભા.સુ. ૧૩થી આઠ દિવસ માટે સ્થાનિક તથા બહારના શ્રાવકો માટે શાસ્ત્રીય અભ્યાસક્રમની યોજના છે. પૂજ્યશ્રીને ઉપધાન તથા પ્રતિષ્ઠાઓ માટે જોરદાર વિનંતીઓ થઈ રહી છે. ખાનદેશ મહારાષ્ટ્રમાં તેઓશ્રીનો ધર્મડંકો વાજી રહ્યો છે.

● **મહેસાણા :** અત્રેના સંઘના અતિ આગ્રહથી ચાતુમાર્સ બિરાજમાન પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજના જોરદાર ધર્મ પ્રવચનોથી સંઘમાં ધર્મનો સારો જુવાળ ચઢ્યો છે. પૂર્વાધિરાજની સંઘમાં આરાધના જોરદાર થઈ. પૂજ્યશ્રીના ગણધરવાદ વગેરે પરના અદ્‌ભુત પ્રવચનો સાંભળતા સભા મંત્રમુગ્ધ બની રહેતી. ૧૬-૧૦-૮-૭ વગેરે ઉપવાસોની તપસ્યાઓ પણ ઘણી થઈ.

● **રોહીડા :** અત્રે પૂ.મુનિરાજોશ્રી મુનિચંદ્રવિજયજી કીર્તિચંદ્રવિજયજી તથા જિનચંદ્રવિજયજી મહારાજના પર્યુષણાના વ્યાખ્યાનોથી સંઘમાં આરાધના ખૂબ જ ઉલ્લાસ ભેર થઈ. નાનકડા ગામમાં પણ ૭ સોળ, ૧૧ અગીયાર, તથા ૨૨ આઠ ઉપવાસવાળા હતા. સ્થવિરાવલીના વ્યાખ્યાનો પૂ.મુનિશ્રી જિનચંદ્રવિજયજી મહારાજે ઠેઠ સ્વ.પૂ.સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સુધી પાટપરંપરા વર્ણવી. એમાં છેલ્લે સ્વ.પૂજ્યશ્રી અંગે બોલતા આ જે કંઈ થયું છે અને થાય છે તે બધો પ્રભાવ પરમ પૂ. ગુરુદેવોનો, એમની કૃપાનો છે. આમાં અમારી કોઈ વિશેષતા; કોઈ હોશિયારી કશું જ નથી માટે જયાં જાઓ ત્યાં ગાણા એમના જ ગાજો... વગેરે

દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૧૯,અંક-૩,તા.૨૬-૯-૧૯૭૦**

● **અમદાવાદ :** અત્રે જૈનનગરમાં પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી સંઘને પર્યુષણ આરાધના સુંદર થઈ. વ્યાખ્યાન પ્રતિક્રમણ વગેરે સંઘ આરાધના શેઠશ્રી રમણલાલ વજેચંદના બંગલામાં થતી. સ્વ.પૂ.ગુરુદેવશ્રી આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના પુનીત પગલા થયા ત્યારથી આ બંગલામાં દિન-પ્રતિદિન ધર્મ કાર્યોમાં વૃદ્ધિ થતી જાય છે. વ્યાખ્યાનો સુંદર વંચાયા. સ્વપ્નની ઉછામણી આખા શહેરમાં પહેલા નંબરે અત્રે ૬૫૦૦ મણની થઈ. સંવત્સરી પ્રતિક્રમણમાં સૂત્રોની બોલી રૂા. ૩૫૦૦ આસપાસ થઈ. જનરલટીપ-સાધારણટીપ-જ્ઞાનપૂજા વગેરેની આવક પણ સુંદર થઈ. અત્રે મંદિર-ઉપાશ્રયનું કામ ચાલુ છે. શેઠશ્રી રમણભાઈનો તન-મન-ધનથી સંઘને સેવા સહકાર સારો છે. તેઓશ્રીના ઘર મંદિરે રોજ સ્નાત્ર પૂજા ૨૦-૨૫ જણ લાભ લે છે. આશરે ૧૫ અઠ્ઠાઈ વગેરે તપસ્યા સારી થઈ.

● **સિરોહી :** અત્રે આગમપ્રજ્ઞ પૂ.આ.શ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પર્યુષણામાં સંઘમાં આરાધના તપસ્યા ધર્મ પ્રભાવનાના કાર્યો સુંદર થયા.

પૂ.પં.શ્રી રૈવતવિજયજી મ.સા. તથા પૂ.મુનિશ્રી દેવભદ્ર વિજયજી મ. ને અઠ્ઠાઈ તથા પૂ. મુનિશ્રી ભુવનકીર્તિ વિજયજી મ. ને ગઈ સાલ અષાઢ માસથી ૫૦૦ આંબેલ ચાલુ છે. ભા.સુ.૫ પારણાં તથા વરઘોડો ઠાઠમાઠથી ભવ્ય નીકળ્યો. સુદ ૧૦ થી વદ ૬ રવિવાર સુધી ઉત્સવ ભવ્ય થયો. સિદ્ધચક્રપૂજન તથા અષ્ટોત્તરી સ્નાત્ર ઉજવાયું.

● **રતલામ :** અત્રે પૂ.પં.શ્રી જયંતવિજયજી મહારાજ આદિની નિશ્રામાં પર્યુષણા ભવ્ય ઉજવાયા. પૂ.મુ.શ્રી ખ્યાતકીર્તિવિજયજી મહારાજે ૭૦૦ આંબેલ ઉપર ૧૫ ઉપવાસ કરેલ. પર્યુષણ પૂર્વે ૧૮૧ શ્રી શંખેશ્વરજી અઠ્ઠમ, અરિહંત જાપ, આંબેલ સાથે ૩૫૦ સિદ્ધપદ જાપ, ૨૫૦ ચોસઠ પહોરી ૧૫૦, ભા.સુ.૮ ગણધર દેવવંદન વગેરે અનુમોદનીય થયું.

● **ઈંદોર :** અત્રે પૂ.પં.શ્રી સુદર્શન વિજયજી ગણિવર્યના ઉપદેશથી પર્યુષણા સુંદર ઉજવાયા. હવે દેવદ્રવ્ય ઉપર ૧। રૂપિયાનો સરચાર્જ નાખી સાધારણમાં લેવાતો હતો તે કાઢી નંખાયો. તેથી સ્વપ્નાની બોલીનું ઘી ૫૫૦૦ મણ થવા પામ્યું જે રેકર્ડ હતું;

● **માંડવલા :** પૂ. મુનિશ્રી ગુણરત્નવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણામાં આરાધના તથા ઉપજ બહુ સારી થઈ. માત્ર પારણું, ઘરે લઈ જવાનું ઘી ૪૦૦ મણ થયું. ૨૫ અઠ્ઠાઈ, ૪૧ ચોસઠ પ્રહરી વગેરે સુંદર થયું. પૂ. મુનિશ્રી વિશ્વરત્ન વિજયજી મહારાજને ૧૫ ઉપવાસ હતા તે નિમિત્તે ૧૦ વર્ષમાં ૩૧૦૦ આંબેલ તથા પૂ. મુનિશ્રી કમલરત્ન વિજયજી મ. ની ઓળી નિમિત્તે ૩૨૦૦ આંબેલ થયા.

● **વઢવાણ :** અત્રે પૂ. મુનિશ્રી પ્રભાકરવિજયજી મહારાજના ચોમાસામાં વ્યાખ્યાનમાં જમાવટ સારી થઈ પર્યુષણા પણ સુંદર ઉજવાયા. સુપના વરઘોડાની ઉપજ દર સાલ કરતા ડબલ થઈ. માસખમણ આદિ તપસ્યા સુંદર થઈ.

● **ધ્રાંગધ્રા :** અત્રે પૂ. મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મ.ના પર્યુષણા વ્યાખ્યાનમાં ૫-૬ હજારની મેદની થતી. લાડું, પેંડા વગેરે પ્રભાવના થતી. જૈનેતરો પણ શ્રવણનો લાભ લેતા. ઉપજ છેલ્લા ૧૦૦ વર્ષમાં નહિ એવી ત્રણ ગણી થઈ. તપગચ્છ ઢેબરીયા તથા પાયચંદ ગચ્છ તરફથી સંયુક્ત ભવ્ય વરઘોડો જેમાં ૪ રથ, ૧૦ ઘોડા; ૩ બેન્ડ, ૪ ઊંટગાડી, ટ્રકો, બગીઓ વગેરેની યોજના કરવામાં આવી. શેઠ શ્રી મગનલાલ ચકુભાઈના ધર્મપત્ની શ્રી મરઘાબેને માસખમણ કરતાં પારણું ઘરે લઈ જઈ સુંદર ઉજવ્યું. તપસ્યાઓ ઘણી થઈ. એકંદરે અપૂર્વ અજોડ શાસન પ્રભાવના થઈ.

● **અંજાર :** અત્રે પૂ.મુનિશ્રી મણિપ્રભવિજયજી મ. કે જેમણે એકાંતરે ઉપવાસ અને પારણે એકાસણું અને બે જ દ્રવ્ય ચાલે છે. એમની નિશ્રામાં પૂ. મુનિશ્રી રાજેન્દ્ર વિજયજી મહારાજે મહાપર્વના વ્યાખ્યાનો સુંદર કર્યા. સંઘમાં ધર્મનો 'જય જયકાર' થયો. વરઘોડો, સિદ્ધચક્રપૂજન સાધર્મિક વાત્સલ્ય સુંદર થયું.

● **માલેગામ :** અત્રે પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં ચોમાસા તથા મહાપર્વની સંઘમાં આરાધના સુંદર ચાલી. બાળ મુનિએ અઠ્ઠાઈ કરેલી. બીજા બે મુનિઓ આયંબિલની ઓળી કરે છે. અઠ્ઠાઈ ઉપરની તપસ્યાઓ નાના ગામમાં પણ ૪૦ જેટલી થઈ. ત્રણ ડૉક્ટરોએ અઠ્ઠાઈ કરેલી. રથયાત્રા, એક ભાઈ તરફથી સ્વામી વાત્સલ્ય સુંદર થયું.

● **અમલનેર :** અત્રે પૂ. મુનિરાજશ્રી તત્ત્વાનંદ વિજયજી મ.ની નિશ્રામાં અઠ્ઠાઈ તથા ઉપરની તપસ્યામાં ૫૦ થી વધુ જણ હતા. ૧૩ સિદ્ધિતપ થયા. પર્યુષણા વ્યાખ્યાનો તથા અપૂર્વશાંતિપૂર્વક વાર્ષિક પ્રતિક્રમણ વગેરેથી સંઘમાં ધર્મ ઉત્સાહ ખૂબ હતો. અઠ્ઠાઈ મહોત્સવ-ટીપની વાત આવી ત્યારે શ્રી લાલચંદ ફકીરચંદ બે ભાઈઓ તરફથી સ્વામીવાત્સલ્ય માંગી લેવામાં આવ્યું. શ્રી નેમીચંદ મીશ્રીલાલે સંઘ ઉત્સાહ જોઈને બધાને અહમદનગર પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજને વંદનાર્થે બસમાં લઈ જવા માટે સંઘને આમંત્રણ આપ્યું.

● **ઝીંઝુવાડા :** પૂ.પં.શ્રી ચિદાનંદવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં નવકાર તપની ૧૦૦ આરાધકોએ લાભ લીધો, ૭ ટોળીઓ થઈ. મહાપર્વમાં ૨૦-૨૫ જણે ચોસઠ પહોરી કર્યા. મહાપર્વની આરાધના સુંદર થઈ.

● **દાદર :** અત્રે 'આરાધના ભવન'માં પૂ.મુનિશ્રી લલિતશેખરવિજયજી મ. ની નિશ્રામાં મહાપર્વ સુંદર ઉજવાયા. તપશ્ચર્યા વ્યાખ્યાનો ધર્મ દ્રવ્યની આવક વગેરે સુંદર થયું. પછી બૃહત્ મુંબઈની ચૈત્ય પરિપાટી પણ સારી ઉજવાઈ.

● **કલકત્તા :** અત્રે **પૂ.પંન્યાસજી શ્રી ભાનુવિજયજી ગણિવર્યની** ૧૦૦મી વર્ધમાન આયંબિલ ઓળીની પૂર્ણાહુતિ આસો સુદ પૂર્ણિમાએ થાય છે એની અનુમોદનાર્થે અત્રેના શ્રી જૈન (ગુજરાતી) શ્વેતાંબર તપગચ્છ સંઘ તરફથી ૧૭૧

છોડના ઉજમણા સાથે શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવની તડામાર તૈયારી ચાલી રહી છે. મહોત્સવ આસો સુદ ૮ થી વદ ૧ સુધીનો નક્કી થયો છે. આ પ્રસંગે ગુજરાત વગેરેથી અત્રે આવવાના ભાવિકોના કાગળ આવી રહ્યા છે. ખાસ આસો સુદ ૧૫ જ પૂર્ણ થાય એ રીતે લગભગ ૭૦ જણાએ વર્ધમાન આયંબિલ તપનો પાયો શરૂ કર્યો છે, તેમજ બીજી પણ અનેક ઓળીઓ એ રીતે શરૂ થઈ છે. બહારગામથી ઉત્સવ પર અત્રે આવનાર માટે રહેવા-જમવા વગેરેની અલાયદી વ્યવસ્થાની યોજના થઈ છે. આ પ્રસંગે પૂ.પંન્યાસજી મ.ના શિષ્ય તપસ્વી મુનિશ્રી જિતેન્દ્રવિજયજી મ. લેખીત કર્મસાહિત્યના પાંચમાં ગ્રંથ **'રસબંધો-ઉત્તરપયડિ'** નો આસો સુદ પૂનમે પ્રકાશન ઉદ્‌ઘાટન સમારોહ યોજવામાં આવ્યો છે. આને અનુલક્ષીને કર્મસાહિત્યનું સુંદર ચિત્રો વગેરેથી પ્રદર્શન પણ થનાર છે. આ ગ્રંથ અત્રેના સંઘના જ્ઞાનખાતાના ખર્ચે થયેલ છે. આયંબિલ તપ આદિ મહિમાને બતાવતી દ્વારીકાના દાહની અટકાયત આબેહૂબ રંગોળી તથા બીજી પણ ભવ્ય ભાવ પ્રેરક રંગોળીઓ ડભોઈના પ્રસિદ્ધ કલાકાર રમણિકલાલ શાહ કરી રહ્યા છે.

દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૧૯,અંક-૭,તા.૩૧-૧૦-૧૯૭૦**

● **મહેસાણા :** પૂજ્ય તપોનિધિ પંન્યાસપ્રવરશ્રી ભાનુવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં કલકત્તા મુકામે પૂ. ગુરુદેવશ્રીની ૧૦૦મી ઓળીની મંગળમય પૂર્ણાહુતિના ઉપલક્ષમાં, આસો સુદ ૧૪ના દિવસે સામુદાયિક આયંબિલની આરાધના થઈ. તેમાં છ વર્ષનાં બાળકોથી માંડી એંશી વર્ષના વૃદ્ધો જોડાયા હતા. લગભગ સાતસો આઠસો આયંબિલ થયા હતા. પૂજા-ભાવના પણ થયેલ. વ્યાખ્યાનમાં પૂ. મુનિરાજશ્રીએ પૂ.ગુરુદેવશ્રીનું કઠોર સંયમજીવન, અપ્રમત્તભાવ, શાસનપ્રભાવકતા, યુવાનોમાં ધર્મસંસ્કારોનું દાન... સાહિત્યસર્જન ઈત્યાદિ વર્ણવ્યું હતું. ઘેરઘેર **''તપધર્મનાં અજવાળાં''** પુસ્તકની પ્રભાવના કરવામાં આવી હતી.

● **અમદાવાદ :** પૂ. ગુરુદેવશ્રીની ૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિના નિમિત્તે શ્રી જૈન ધાર્મિક શિક્ષાયતન સમિતિ તરફથી આસો સુદ ૧૧ રવિવારે આયંબિલતપ તથા જાહેર પ્રવચનનો એક ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અંગેશ્રી રમણલાલ વજેચંદ, રમેશચંદ્ર બકુભાઈ, ચંદ્રકાંત મશરૂમવાળા તરફથી જાહેરપત્રિકા બહાર પાડવામાં આવી હતી. ગાંધીમાર્ગ ઉપરના શ્રી મહાવીર સ્વામીજીના મોટા

દેરાસરમાં ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયો હતો. લગભગ ૧૧૦૦ આયંબિલ થયા હતા. બપોરે પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી કેવળવિજયજી ગણિવરના સાનિધ્યમાં પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મહારાજે પ્રવચનો કર્યા હતા. તેમાં પૂજ્યપાદ પંન્યાસજી મહારાજશ્રી ભાનુવિજયજી ગણિવરના શ્રમણસર્જન, જ્ઞાનદાન, તપશ્ચર્યા... વગેરે ગુણો વર્ણવ્યા હતા. સભા હર્ષાશ્રુથી ગદ્‌ગદ થઈ ગઈ હતી.

● **સુરત :** અત્રેના શિક્ષાયતન-વિદ્યાર્થી ચંદ્રસેન ફકીરચંદ લાકડાવાળાના પ્રયત્નથી ૧૦૦મી ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કેટલાય જીવોને અભયદાન આપવામાં આવ્યું હતું.

દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૧૯,અંક-૮,તા.૧૪-૧૧-૧૯૭૦**

● **રતલામ :** સોળ વર્ષના લાંબા વિવાદ પછી સનાતન અને જૈન સમાજ વચ્ચે કેટલા વર્ષોથી ચાલી આવતી કટૂતા હંમેશને માટે દૂર થાય તેથી સનાતન ધર્મ સભાની વિશેષ બેઠક થઈ. અધ્યક્ષતા શેઠ મનોહરલાલ નાગપાલે લીધી હતી. બેઠકના આરંભમાં જ સનાતન ધર્મસભાના મંત્રીશ્રી કનૈયાલાલ ઉગ્રે બતાવ્યું કે મુંબઈમાં રહેલા જૈન સમાજના પ્રમુખ નેતાઓ તરફથી પ્રસ્તાવ આવ્યો છે કે તેઓ પોતાના ખર્ચે નગરમાં એક વિશાલ મંદિર બનાવી આપવા તૈયાર છે, ને તેમાં અગરજી મંદિરમાંથી શીવ પ્રતિમા લાવીને પ્રસ્થાપિત કરશે. તેઓ આવશ્યકતા પડે તો ખેદ પ્રકટ કરવા પણ તૈયાર છે. આની ઉપર સભાની કાર્ય સમિતિના સદસ્ય શ્રી મદનલાલ ઓઝાએ કટૂતા દૂર કરવા માટે લીધેલા આ પગલાને આવકાર્યો હતો. પરંતુ એમણે કહ્યું હતું કે પ્રસ્તાવ લેખિતરૂપમાં આવવો જોઈએ. શ્રી નેરન્દ્રસિંહ પુરોહિતે જૈન સમાજના ખર્ચથી મંદિર બનાવવાનો વિરોધ કર્યો હતો.

અધ્યક્ષપદેથી શ્રી નાગપાલે કહ્યું કે, 'આજે મનુષ્ય ચંદ્ર પર વિજય પ્રાપ્ત કરી રહ્યો છે. જ્યારે આપણે પરસ્પરના વિવાદોમાં ક્યાં સુધી સબડ્યા રહીશું ?' એટલા માટે આવશ્યકતા આ બાબતની છે કે ન તો જૈન સમાજ કોઈ પણ પ્રકારની માફી માગે અને ન તો તેઓના ખર્ચથી મંદિર બંધાવાય. કોઈપણ શરત વિના કટૂતા દૂર કરવી જોઈએ. નગરપાલિકના સભાપતિ શ્રી મોહનલાલ સોલંકી પણ કોઈ રીતે બંને સમાજો વચ્ચે થતી ખેંચતાણનો અંત લાવવા માંગે છે. છેવટે શ્રી નાગપાલે સર્વાનુમતિથી વિવાદનો અંત લાવવા માટે અગિયાર સદસ્યોની સમિતિ

બનાવી કે જે આ બાબતમાં જૈન સમાજના નેતાઓ સાથે આવશ્યકતા પડે તો વાતચીત કરશે.

● **અહમદનગર :** અત્રે પૂ.આચાર્યદેવશ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પૂ.પંન્યાસજી શ્રી ત્રિલોચન વિજયજી મ. ના ઉપદેશથી અત્રે ૪૫ આગમની ભવ્ય રચનાનો મહોત્સવ ઉજવાયો. પ્રભુને લાખેણી ફૂલની આંગી રચવામાં આવી હતી. લગભગ ૫૦ હજાર માણસ દર્શનાર્થે આવેલ. પૂ. મુનિરાજોશ્રી વાગ્‌વિજયજી તથા સુમિત્રવિજયજી મ.ની વડી દીક્ષા આસો વદ પના કરવામાં આવી. પૂ.મુ.શ્રી વાગ્‌વિજયજી મ. અઠ્ઠાઈ હતી, શ્રી ઈન્દ્રસેન વિજયજી મહારાજે ચોવિહાર અઠ્ઠાઈ કરેલ.

● **માંડવલા (જોધપુર) :** અત્રે પૂ.મુનિરાજશ્રી ગુણરત્ન વિજયજી મ.ની નિશ્રામાં બાળમુનિશ્રી વિમલરત્ન વિજયજી મહારાજે વર્ધમાન આંબેલ તપ પાયો નાંખ્યો, અને બાળમુનિશ્રી દર્શનરત્ન વિજયજી મહારાજે ૧૧મી આંબેલ ઓળી કરી તેની પૂર્ણાહુતિ પ્રસંગે શ્રાવકોમાં ૨,૪૩,૦૦૦ સામાયિક બોલી ભારે અનુમોદના થઈ. સંઘમાં ધર્મ ઉત્સાહ ઘણો. આસો સુદ ૧૧ બાર ભાગ્યશાળીઓએ સજોડે બ્રહ્મચર્ય ઉચ્ચર્યું. દરેકને માળા પહેરાવાઈ રૂા. ૧૫ પ્રભાવના અપાઈ. રાણી અને પાદરલીથી ૫૦-૫૦ જણ વંદનાર્થે આવેલ.

● **અંજાર :** પૂ.મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ.ના ઉપદેશથી પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજની ૧૦૦મી આંબેલ ઓળી પૂર્ણાહુતિની અનુમોદનાર્થે સંઘમાં ૧૨૫ આયંબિલ પૂજા-પ્રભાવના થયા. ૮ વર્ષના બાળકથી મોટા સુધી જોડાયા. વર્ધમાન આંબેલ તપ પાયો નાખનાર બેનોને સુંદર સાડી તથા રૂા. ૧૦।। બ્રહ્મચર્ય વ્રતવાળાને શ્રીફળ તથા રૂા. ૯।। પ્રભાવના થઈ.

દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૧૯,અંક-૧૦,તા.૧૯-૯-૧૯૭૦**

● **અહમદનગર :** પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોદેવસૂરીશ્વરજી મ.સા.ના ચાતુર્માસમાં અપૂર્વ આરાધનાઓ થઈ. આસો સુદ ૧૧થી વદ પનો મહોત્સવ ૪૫ આગમની પધરામણી નિમિત્તે ૪૫ છોડનું ઉજમણું માંડ્યું હતું. તેનું ઉદ્‌ઘાટન ભાઈ નેમિચંદ મીશ્રીલાલ અમલનેરવાળાના હસ્તે થયા બાદ રીખવચંદભાઈ અમલનેરવાળા એ અષ્ટપ્રકારી પૂજાના સ્વરૂપે દુહા વગેરેથી આગમની ગજબ ભક્તિ-સ્તુતિ કરી. શ્રી સ્થંભન પાર્શ્વનાથ પ્રગટ થયાના દશ્યોના રચનાના રોજ ૩-૪ હજાર માણસ

દર્શને આવતા. વદ ચોથે ૧ લાખ ફૂલની આંગી; ૨૫ હજાર માણસ આવ્યું હશે. ચોમાસાના ચાર મહિના હોશીલાલભાઈ તથા ભાઈલાલભાઈ તરફથી બહારના મેમાનો માટે રસોડું ચાલુ હતું. રોજ ૫૦-૧૦૦-૩૦૦ સુધી લાભ લેતા. બાબુભાઈ ગુગલ મંદિર ને મહારાજ સા.ની સેવામાં જ રહેલા અષ્ટોતરી તથા ઉત્સવને શ્રી રીખવચંદ ભાઈએ સારા દીપાવ્યા.

● **વાલોરી (જિ. નગર) :** રીખવચંદભાઈના ઉપર ઉપર જવાથી તીર્થના જિણોદ્ધાર કરવાની. વાત ચાલે છે. મોટી રકમની જરૂર છે. ઘર ૩૫ છે. પરંતુ મંદિર પ્રાચીન અને ભવ્ય છતાં જીર્ણોદ્ધાર માગે છે.

● **કલકત્તા :** અત્રે **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ.ની** નિશ્રામાં કા.સુ.૧૦ નાણ સમક્ષ ૩૦૦-૪૦૦ જણાએ સમ્યક્‌ત્વ બારવ્રત તથા વીસસ્થાનકાદિ તપો યથાશક્તિ ઉચ્ચર્યા ત્રીસેક જણે જીવનભરનું બ્રહ્મચર્ય ઉચ્ચર્યું. એમાં યુવાન ભાઈઓ શ્રી ચંપકલાલ ભણસાલી, શ્રી ખીમચંદ ઉજમશી વગેરે સજોડે ઉચ્ચરતાં સુંદર અનુમોદના થઈ. બાદ ભવોભવના પુદ્‌ગલ વોસિરાવવાની તથા અનંત જન્મના પાપાનુબંધ તોડવાની વિસ્તારથી ક્રિયા થતાં ભાવિકો ગદ્‌ગદ બન્યા. કા.સુ.૧૫ના કલકત્તાના પ્રસિદ્ધ રથયાત્રા, વરઘોડા પૂર્વ તોફાનની વાયકાથી કાર્યકરોને મુંઝવણ થયેલી. પરંતુ શાસન-દેવના પ્રતાપે વરઘોડો ભવ્ય નીકળ્યો અને ખૂબ શાંતિથી લાખો માણસોએ એનાં દર્શન કર્યા. એમાની મોખરે ઊંચી ઈન્દ્રધજાને વર્ષોથી અણનમાવી લઈ જવાનો રિવાજે ઈલેક્ટ્રિક કંપનીના માણસો આગળથી વચમાં પડતાં તારને છૂટા કરી નાખતા અને ઈન્દ્રધ્વજ પસાર થયા પછી સાંધી દેતા. વરઘોડો બાબુ બદ્રીપ્રસાદ મંદિરે જઈ બે દિન થોભ્યો; ત્યાં વદ ૧ પૂજાદિ થયું. વદ ૨ વરઘોડો એ જ રીતે ઈન્દ્રધ્વજને અણનમાવ્યા ચલાવીને પાછો લાવ્યો. બંને વખતે અનેક ભંજનમંડળીઓએ માર્ગમાં પ્રભુભક્તિની રમઝટ મચાવી દીધી હતી.

કાર્તિક પૂનમ પર અનેક સ્પેશિયલો તથા ડબાઓ આવેલા. એમાં પૂનાવાળા શેઠ બાબુલાલ ભીખાભાઈ પોતાના ખર્ચે ૫૦ જણને લઈને ૧।। માસની શિખરજી કલ્યાણક ભૂમિઓ વગેરેની યાત્રાઓ ફરસતાં અત્રે આવેલા. કલકત્તા સંઘ તથા યાત્રિકોનું સંઘપૂજન કરવાની એમની ખૂબ ભાવના હતી. પરંતુ એક ભારે ગમખ્વાર બનાવ બની ગયો. એમના સાળા શ્રી મધુરભાઈ ચંપાલાલ તે **પૂ.મુનિરાજશ્રી પદ્મસેન વિજયજી મ.**ના સંસારીભાઈ રેલગાડી પર પાણીની ટાંકી અંગે ચડેલા એમને ઉપરના ઈલેક્ટ્રીક તારનો સ્પર્શ થતા ત્યાં જ અવસાન પામ્યા. એમને ખેંચી લેવા જતાં મુરબાડના ભાઈશ્રી જયંતિલાલ પણ ઝડપાયા. ને બે દિન બાદ એય અવસાન

પામ્યા. આજના રાક્ષસી સાધનોએ ભયંકરતા સર્જી. અત્રેના સંઘમાં પણ ખૂબ ગમગીની ફેલાઈ ગઈ જૈન સંઘે સદ્‌ગતને પરમ શાંતિ ઈચ્છતો અને કુટુંબોઓને સહાનુભૂતિ દર્શાવતો ઠરાવ પસાર કર્યો. શાસન અને પૂ.ગુરુદેવના પ્રભાવે બંનેની યુવાન વિધવા પત્નીઓએ સમાધિ અદ્‌ભુત જાળવી ચતુર્થ-વ્રત-ઉચ્ચરી લીધું. અને ખોટો શોક ન કરવાની હિતશિક્ષા સ્વીકારી લીધી. શેઠશ્રી બાબુલાલ તરફથી કા. ૧૪ મંદિરમાં અદ્‌ભુત અંગરચના કરાવાઈ દર્શનથી સુદ ૧૫ સવારે હજારોના નયન પાવન થયાં. સિદ્ધિગિરિ પટ આગળ ચતુર્વિધ સંઘે ચૈત્યવંદન ખમાસમણા ભક્તિરંગે કર્યા. અમદાવાદથી યાત્રાએ પધારેલ શ્રી ભાઈલાલભાઈ નાનશાએ સ્તવન સુંદર ઝીલાવ્યું.

પૂ.પંન્યાસજી મહારાજને સંઘનો રોકવાનો આગ્રહ અતિશય છે. પરંતુ એઓશ્રી પોતાના ગુજરાત-રાજસ્થાન સ્થિત વિશાલ પરિવાર અર્થે અત્રેથી વિહાર કરી ચંપાપુરી, પાવાપુરી, રાજગૃહી વગેરે કરતાં એ તરફ પધારવા વકી છે. કા.વદ ૧૦ વિહાર કરી ભવાનીપુર પધાર્યા છે. વિશાળ માનવમેદની પૂજ્યશ્રીને વળાવવા માટે ઉમટેલી.

● **અમલનેર :** પૂ.મુ.શ્રી તત્ત્વાનંદવિજયજી મ.સા.ના ચાતુર્માસિ ૪ મહિના પર્યુષણ જેવા ગયા છે. દિવાળી પર્વ તથા જ્ઞાનપંચમીની આરાધના સુંદર થઈ. રીખવચંદભાઈએ વિશિષ્ટ સ્વરૂપે આયોજન કર્યું. ક્યારે પણ નહિ થઈ તેવી ઉત્પન્ન થઈ.

● **કલકત્તા :** અત્રે ગુજરાતી જૈન શ્વેતાંબર તપગચ્છ સંઘના પ્રમુખ શેઠશ્રી સવાઈલાલ કેશવલાલ અને શ્રીસંઘ તરફથી ઉપધાન કરાવવા અંગે ઘણો આગ્રહ થવાથી **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજનો** આગળ વિહાર બંધ રહ્યો છે. અને એઓશ્રી ભવાનીપુરથી ભારે સ્વાગત સાથે વદ ૧ રવિવારે જે આગળ વિહાર કરવાના હતા તેના બદલે સંઘના ભારે સ્વાગત સાથે ૯૬ કેનિંગસ્ટ્રીટ ઉપાશ્રયે પધાર્યા છે. ઉપધાન પોષ માસમાં શરૂ થવાના છે. પરિમિત સંખ્યામાં જગા હોઈ જેણે ઉપધાનમાં બેસવું હોય તેમણે તરત સંઘ પર લખી જણાવવું.

॥ શ્રી મનમોહન પાર્શ્વનાથાય નમઃ ॥

સન્માન પત્ર

પરમધર્માનુરાગી, શ્રાદ્ધગુણસંપન્ન, ઉદારદિલ **શ્રીમાન શેઠશ્રી મણિલાલ વનમાળીદાસ શેઠ** B.A. તથા ધર્મપરાયણ અખંડ સૌભાગ્યશાલિની **શ્રીમતી સૌભાગ્યબહેન શેઠ** કલકત્તા.

વિશેષ જણાવતાં આનંદ થાય છે કે તમોએ અહીં ભવાનીપુર વિસ્તારમાં અદ્‌ભુત રંગમંડપ અને ઘૂંમટવાળું ત્રણશિખરી વિશાળ જિનાલય અને પાંચ તલ્લાનો ભવ્ય ઉપાશ્રય અસ્તિત્વમાં આવવામાં પાયાથી પ્રાણ પૂર્યા છે. આ માટેની જમીન લેવાથી માંડીને સમસ્ત આયોજન કરવામાં તમોએ તમારા કિંમતી તન-મન-ધન-બુદ્ધિ તથા લાગવગ અને સમયનો ભોગ આપવામાં કશી કમીના રાખી નથી. અમને કહેવા દો કે ''તમોએ સેંકડો વર્ષ ચિરંજીવ રહે એવાં આ બંને બેનમૂન ધાર્મિક સ્થાપત્યોનાં નિર્માણ તથા તેની સુવ્યવસ્થાને તમારો પ્રાણ બનાવ્યો છે.''

શ્રી ૯૬, કેનિંગસ્ટ્રીટના જિનમંદિર, ઉપાશ્રય અને સંઘની વર્ષો સુધીની સંઘ-સેક્રેટરી તરીકેની તમારી એવી જ કિંમતી સેવાના અનુભવે અત્રે ભવાનીપુર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને આ અનુપમ લાભ આપ્યો છે. તેથી શ્રી સંઘ આનંદની લાગણી અનુભવે છે.

આજે જગતમાં તન-મન-ધન-બુદ્ધિ-સમય-લાગવગ-ધગશ વગેરેનો સુયોગ મળવો મુશ્કેલ છે અને એ બધાનો વિશેષરૂપે ધર્મકાર્યમાં વિનિયોગ કરવો એ વધુ દુર્લભ છે. તમોએ જીવનમાં આ દુર્લભ પ્રાપ્તિ પર દુર્લભ વિનિયોગને પ્રધાન બનાવી જીવનને ધન્ય બનાવ્યું છે અને આત્માને સુકૃતનો ભાગી બનાવ્યો છે.

તમારા જેવા ઉદાર મનસ્ક અને ધર્મનિષ્ઠ અગ્રણીને તથા મહાન સંઘહિતકર કાર્યોના સર્જનને પામી સંઘ ગૌરવ અનુભવે છે અને હૃદયની મંગળ કામના કરે છે કે ''તમો તન-મનથી સુસ્વસ્થ રહી આવા ઉત્તમ સંઘ હિતનાં કાર્યો કરવા દીર્ઘાયુષ્ક બનો.''

શ્રી ટ્રસ્ટી મંડળ તથા સંઘ સમિતિએ તા. ૩-૧૨-૭૦ની મિટિંગમાં તમારા ઉપરોક્ત સત્કૃત્ય અને સંઘ સેવાના અનુમોદનરૂપે ઉપાશ્રયનાં નીચેના હોલ સાથે ''શેઠશ્રી મણિલાલ વનમાળીદાસ જૈન ધર્મશાળા'' નામ જોડી હોલમાં આ અંગેની તખ્તી મૂકીને તમારો સુંદર ફોટો મૂકવાનો ઠરાવ કર્યો છે એ આપને સહર્ષ

જણાવીએ છીએ.

ઠરાવની નકલ નીચે મુજબ :

શ્રી કલકત્તા ભવાનીપુર વિભાગમાં શ્રી સંઘના સહકારથી શિખરબંધી ભવ્ય જિનાલય, ભવ્ય ઉપાશ્રયનું ઉત્થાન અને નિર્માણ થવામાં શેઠશ્રી મણિલાલ વનમાળીએ ભગીરથ પુરુષાર્થ અને લાગવગ દ્વારા બીજા ટ્રસ્ટીઓ તથા શ્રી સંઘના સહકારપૂર્વક પાયાથી માંડીને પૂર્ણ નિર્માણ તથા સુવ્યવસ્થાનું આયોજન કર્યું છે તે માટે ટ્રસ્ટીગણ તથા સમિતિ ઘણો આભાર માને છે. અને આ મહાન સત્કૃત્યોની અનુમોદનારૂપે શેઠશ્રી મણિભાઈનો સુંદર ફોટો મૂકવા સાથે ઉપાશ્રયના નીચેના હોલ સાથે **"શેઠશ્રી મણિલાલ વનમાળીદાસ B.A. જૈન ધર્મશાળા"** એવું નામ જોડવાનું અને આ વિગતની હોલમાં આરસની તખ્તી મૂકવાનું ઠરાવવામાં આવે છે.

અંતમાં પરમતારક દેવાધિદેવશ્રી અરિહંત પરમાત્માના મંગલમય શાસનને વફાદાર રહી ધર્મપરાયણ જીવન જીવી અનેક જીવોને પ્રભુશાસનના રસીયા બનાવવાનું તમારું મંગલમય કાર્ય અવિરતપણે ચાલુ રહે એવી શુભ ભાવના સાથે-

વીર સંવત ૨૪૯૭ **શ્રી ભવાનીપુર મૂર્તિપૂજક જૈન શ્વેતાંબર સંઘના**
વિ.સં. ૨૦૨૭, માગશર સુદ ૧૪ ટ્રસ્ટીગણ તથા શ્રી સંઘ સમિતિની વતી
શુક્રવાર, તા. ૧૧-૧૨-૭૦. **નરભેરામ પાનાચંદ મહેતા** ના જય જિનેન્દ્ર.

દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૧૯,અંક-૧૫,તા.૨-૧-૧૯૭૧**

● **કલકત્તા :** અત્રેથી પૂ. **પંન્યાસજી શ્રી ભાનુવિજયજી મહારાજ** સપરિવાર ભવાનીપુરથી આગળ ચંપાપુરી આદિ તરફ વિહાર કરવાના હતા. એમાં શેઠશ્રી સવાઈલાલ કે. શાહે પાવાપુરીમાં રોકાઈ ઉપધાન કરાવી આપવા આગ્રહભરી વિનંતી કરી. પરંતુ અત્રેના બેનોએ શેઠશ્રી આગળ ગદ્‌ગદ શબ્દોથી માગણી કરી કે ઉપધાન અત્રે ૯૬, કેનિંગસ્ટ્રીટ, ઉપાશ્રયમાં જ કરાવો; કેમકે અમે બહાર ઉપધાન કરવા જઈ શકતા નથી, તેથી અત્રે જ ઉપધાનનું નક્કી થયું. સંઘ તરફથી પૂ. પંન્યાસજી મહારાજને બહુ આગ્રહ થતાં ઉપધાન અર્થે રોકાઈ જવું પડ્યું. ભવાનીપુરથી કેનિંગસ્ટ્રીટ ઉપાશ્રયે સંઘના ભારે ઉત્સાહ ભર્યો સ્વાગત સાથે પ્રવેશપૂર્વક સ્થિરતા થઈ. વ્યાખ્યાનમાં ચોમાસાની જેમ વિશાળ સંખ્યામાં લોકો લાભ લે છે. ઉપધાન પોષ વદ ૬ સોમવાર તા. ૧૮-૧-૭૧થી શરૂ થનાર છે. બીજો પ્રવેશ પોષ વદ ૮નો છે. કાનપુર સંઘ તરફથી પ્રતિષ્ઠા અને ચોમાસા માટે

શેઠશ્રી કાન્તિભાઈ, શ્રી રતિભાઈ વગેરે ૭ ભાઈઓએ અત્રે આવી આગ્રહભરી વિનંતી કરી.

દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૧૯,અંક-૧૮,તા.૨૩-૧-૧૯૭૦**

● **સેવાડી :** પરમપૂજ્ય આગમપ્રજ્ઞ આચાર્ય ગુરુદેવ શ્રીમદ્ વિજય જંબુસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પૂ.પં.શ્રી વર્ધમાન વિજયજી ગણિવર પૂ.પં.શ્રી રૈવતવિજયજી ગણિવરાદિ સેવાડી સંઘના અતિ આગ્રહથી ઉદ્યાપન મહોત્સવ નિમિત્તે માગશર સુદ પાંચમે સામૈયા સહ પધાર્યા હતા. તેઓશ્રીની પુણ્ય નિશ્રામાં પૂ. પ્રવર્તિની શાંત તપસ્વીરત્ન સાધ્વીજી શ્રી કલ્યાણશ્રીજી મ.ની શ્રી વર્ધમાન તપની થયેલ ૮૦ ઓળી તથા શ્રાવક-શ્રાવિકા સંઘમાં થયેલ તપસ્યાઓ નિમિત્તે માગશર સુદ ૧૩થી વદ પ્ર.૫ સુધીનો પાંચ છોડના ઉદ્યાપન સહિત શ્રી સિદ્ધચક્રાદિ પૂજન યુક્ત શ્રી અષ્ટાહ્નિકા જિનેન્દ્ર મહોત્સવ શાનદાર ઉજવાઈ ગયો. જુદા જુદા ભાઈઓ તરફથી વિવિધ પૂજા-આંગી-પ્રભાવનાદિ સુંદર થયું. સુશ્રાદ્ધરત્ન શ્રી શૌરીલાલજી પોતાની મંડળી સાથે પધારેલ. પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં ચડાવા સારા થયેલા. રાત્રે દેરાસરજીના વિશાલ પટાંગણમાં ભાવના થયેલ. તેમા વિવિધ ગીત-નૃત્યાદિથી ભગવદ્ ભક્તિ થયેલ. આ ઉત્સવના આયોજનમાં સાધ્વીજી દમયંતીશ્રીજીનો પ્રયાસ પ્રશસ્યો હતો.

દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૧૯,અંક-૧૯,તા.૩૦-૧-૧૯૭૧**

● **કોટ** (રાજસ્થાન) **:** આગમપ્રજ્ઞ પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અત્રે સ્વ.શ્રી અનરાજજીના શ્રેયાર્થે સુંદર અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાઈ ગયો. પૂજ્યશ્રીના વરદ હસ્તે સેવાડીમાં ભવ્ય ઉત્સવમાં મહાન ધર્મ પ્રભાવના થયા પછી ગામે ગામ પ્રભાવના કરતા અત્રે પૂ.પં.શ્રી વર્ધમાન વિજયજી મ. તથા પૂ.પં.શ્રી રૈવતવિજયજી મ. આદિ પરિવાર સાથે પધાર્યા. ભવ્ય સ્વાગત વરઘોડો ચડ્યો. પૂ.પ્રવર્તિની સાધ્વીજી શ્રી કલ્યાણશ્રીજી મહારાજ આદિ પણ પધારેલ. પૂજા-આંગી-ભાવનાઓમાં ભક્તિ સંગીતનો ઠાઠ જામ્યો. પોષ સુદ ૧૩ શાંતિસ્નાત્ર સુંદર ઉજવાયું.

● **કલકત્તા :** અત્રે **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજની** નિશ્રામાં શ્રી

સવાઈલાલ કે.શાહ જે.પી. પ્રેસિડન્સી મેજિસ્ટ્રેટની રૂા. ૩૦,૦૦૦ પ્રાથમિક ઉદારતાથી પોષ વદ ૬થી ઉપધાન શરૂ થયેલ છે. ઉપધાનમાં ૧૭૪ આરાધકો છે. ૫-૬ નાના બાળકો પણ છે. આરાધકોનો ઉલ્લાસ બહુ છે. શાંતસુધારસ ભાવના પર વ્યાખ્યાન થાય છે. ઉપવાસ દિને બપોરે કુવલયમાળા ચરિત્ર પર પ્રવચન થાય છે.

● **નાસિક :** પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજનો મહારાષ્ટ્ર ખાનદેશ ઉપર બહુ ઉપકાર છે. એઓશ્રીના અહમદનગરમાં ચોમાસામાં ૪૫ છોડનું ઝાકઝમાળ આગમ-ઉજમણું તપસ્યાઓ વગેરે પછી વિહારના ગામો-નગરોમાં ધર્મ પ્રભાવના સાથે અત્રે શ્રી રસિલાબેનની ભારે ધામધૂમથી દીક્ષા તથા મહાવીર સોસાયટી દેરાસરે શ્રી ગણધર મૂર્તિઓ અને સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની મૂર્તિઓની પ્રતિષ્ઠા ભવ્ય ઉજવાઈ. અમલનેરવાળા શ્રી રીખવચંદભાઈ હાથીચંદે વિધિવિધાનમાં તથા સુમતિ સોસાયટીમાં જિનમંદિરના વિધિમાં સારી આગેવાની બજાવી. વણીમાં પૂ. આચાર્યદેવશ્રીના મહારાષ્ટ્ર છોડી જતા હોવાથી માલેગામ-પીપળગામ-નાસિક-સંગમનેર-આભોના સંઘો વિદાય આપવા આવેલ. વણી સંઘે સંઘભક્તિ રીખવચંદ-ભાઈની દોરવણી મુજબ સુંદર કરી. વાસંદા સુધી વણીના ભાઈઓએ વિહાર સાથે રહી ભક્તિ કરી.

● **અમલનેર :** અત્રે સિદ્ધિતપ વગેરે તતપસ્યાઓ કરનારને અભિનંદન-પ્રભાવના આપવાનો નવા બંધાયેલ તપગચ્છ-ઉપાશ્રયે સુંદર કાર્યક્રમ ઉજવાયો પૂ. મુનિરાજશ્રી તત્ત્વાનંદ વિજયજી મહારાજે તપનો સુંદર મહિમા સમજાવ્યો. ભાઈશ્રી નેમિચંદના આગ્રહથી શ્રી રીખવચંદ હાથીચંદના હસ્તે પ્રભાવના અપાઈ. એમના સુપુત્ર પુષ્પચંદ્ર F.Y.B.Com. અભ્યાસ કરીને પૂના જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના પરીક્ષા ૪થી માં પડેલા નંબર પાસ થવાથી સુવર્ણચંદ્રક મળવાનું જાહેર થયું છે.

● **વાંબોરી :** અહમદનગર પાસેના આ તીર્થમાં જીર્ણોદ્ધાર આવશ્યક હોઈ પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં રીખવચંદભાઈ હસ્તક આ કાર્ય થવાનું નક્કી થયું. એમાં વાંબોરી સંઘના રૂા. ૪૦૦૦ નગર જૈનમંદિરના ૫૦૦૦, નાસિક મોટા-નાના મંદિરના ૫૦૦૦, પીપળગામ મંદિરના ૧૫૦૦, સંગમનેર મંદિરના ૧૦૦૦, શાહપુર મંદિરના ૨૦૦૦ વગેરે મળી રૂા. ૨૩૦૦૦ થયા છે. હજી રૂા. ૩૦૦૦૦ની જરૂર છે.

● **કલકત્તા :** અત્રે ઉપધાન સુંદર ચાલી રહેલ છે. વ્યાખ્યાન પ્રેરણાથી ૨૫ જણે અઠ્ઠમ કર્યા, બાળક-બાળિકાઓ પણ સારી રીતે ઉપધાન કરી રહ્યા છે. વ્યાખ્યાનમાં બેનોને અંતરાય પાળવાના તથા પુરુષોને અંતરાયમાં બેનો પાસેથી આભડછેટનું કામ ન લેવાના નિયમ થયા, ૧ વર્ષ સુધી રોજ બેસણાં, મુઠ્ઠિસહિયં પચ્ચ.નો અભ્યાસ તથા ૯ લાખ નવકારનો નિયમો પણ સારા થયા. સ્થાનકવાસી સંઘના મંત્રીઓના આગ્રહથી ૯ દિવસ માટે રોજ ૮ થી ૯ સવારે સ્થાનકમાં વ્યાખ્યાન આપવા **પૂ.પંન્યાસજી મહારાજ** પધારેલ છે. ૯। થી ૧૦। કેનિંગસ્ટ્રીટમાં થાય છે.

● **દાદર :** શ્રી આરાધના ભવન ઉપાશ્રયે પૂ.પં.શ્રી વિબુધવિજયજી મહારાજ તથા પૂ. ભદ્રાનંદવિજયજી મહારાજ અને પૂ. લલિતશેખર વિજયજી મહારાજશ્રી સુસ્વાગત અત્રે પધાર્યા. શેઠ હીરાચંદ પ્રતાપજીએ તેમના ધર્મપત્ની ભૂરીબાઈના સ્વર્ગવાસ-નિમિત્તે વ્રત-ઉચ્ચારણનો મહોત્સવ શ્રી શાંતિનાથજી દેરાસરે કર્યો. મોટી પૂજા શ્રી દાદર જિન ભક્તિ મંડળે ભણાવી, અને પોષ વદ ૬ને સોમવારે નાણ મંડાવી તેમણે પોતે તથા સંઘવી વેણીલાલ ગાંગજી, ચુનીલાલજી અને અનુપચંદભાઈએ સજોડે ચતુર્થ વ્રત ગ્રહણ કર્યું. બીજા વ્રતો પણ બીજાઓએ લીધા. ત્યારબાદ સંઘવી વેણીલાલ ગાંગજી તરફથી મોટી પૂજા નાનુભાઈ ઝવેરીના બંને સુપુત્રોએ ભક્તિની રમઝટથી ભણાવી. પૂ. ભદ્રાનંદવિજયજી મહારાજે પ્રભુ દર્શનની સમાજ ઉપર જુસ્સાદાર વ્યાખ્યાન આપ્યું. ફરી ફરી પધારી લાભ આપવા પૂજ્યોને આગ્રહ ભરી વિનંતીઓ થઈ.

● **સાબરમતી :** અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ આદિઠાણા ૩૦ તથા પૂ.આચાર્યદેવશ્રી વિજય કસ્તુરસૂરીશ્વરજી મહારાજ આદિની સંમિલિત નિશ્રામાં ભાઈશ્રી દિનેશકુમાર તથા એમના માતાજી અને ૪ બેનો તથા બીજા એક બેનની મહા સુદ ૫ અપૂર્વ ધામધૂમથી દીક્ષા થઈ. વાયણાં, વર્ષીદાન વરઘોડો, માનપત્ર મેળાવડો મહોત્સવ વગેરે ખૂબ જ ભવ્ય થયેલું. આખું કુટુંબ સંસાર ત્યાગ કરતું હોવાથી શ્રી સંઘમાં અમાપ ઉત્સાહ હતો. દિનેશભાઈના મોટા કાકાશ્રીએ ઉદાર ધનવ્યય કરી દિનેશભાઈના ભાગને લેખે લગાડ્યો. દીક્ષા બાદ એમને પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજના પ્રશિષ્ય પૂ.મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી દિવ્યચંદ્રવિજયજી તરીકે જાહેરાત કરવામાં આવ્યાં.

અત્રે મહા સુદ ૧૦ નારના વતની ભાઈશ્રી મહેન્દ્રકુમારની દીક્ષા પણ એમના માતા પિતાદિ તથા સંઘના સારા ઉલ્લાસ વચ્ચે ઠાઠથી થઈ નામ મુનિશ્રી નિપુણચંદ્ર વિજયજી રાખી પૂ. મુનિરાજશ્રી શ્રી હેમચંદ્ર વિજયજી મ. ના શિષ્ય કરાયા, સુદ ૫ની દિનેશ આદિના દીક્ષા પર ૧૦ થી ૧૨ હજારની માનવમેદની હતી. મંડપ વચ્ચે જ સ્ટેજ પર દીક્ષાક્રિયા હોવાથી સૌને જોવા સાંભળવા સારું મળ્યું. બાળ સાધ્વીઓને જોવા ભારે ધસારો હતો. સાધર્મિક વાત્સલ્ય અષ્ટોત્તરીસ્નાત્ર ભવ્ય થયાં અમદાવાદમાં પણ લાગ્યું કે આવો પ્રસંગ ભાગ્યે જોવા મળે. અલૌકિક ધર્મપ્રભાવના થઈ.

● **અમલનેર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજની પાસે મુંબઈમાં કોલેજિયન ભાઈશ્રી મહેન્દ્ર તથા અત્રેના ભાઈશ્રી રમેશનો દીક્ષાનો મહોત્સવ ભવ્ય ઉજવાયો. દીક્ષા વિધિ પૂ.મુ.શ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજે સુંદર કરાવી માલેગામવાળા શ્રી મોતીલાલ વીરચંદના પ્રમુખપદે દીક્ષાર્થીઓને અભિનંદનનો ભવ્ય મેળાવડો, વર્ષીદાનનો વરઘોડો, વાયણાં આદિ અદ્‌ભુત ઉજવાયું. દીક્ષાબાદ શ્રી મહેન્દ્રભાઈ પૂ. મુનિરાજશ્રી રાજપાલવિજયજી મ. બન્યા. દીક્ષા મહોત્સવનો રૂા. પાંચેક હજાર જેવા ઉદાર ખર્ચનો લાભ ભાઈશ્રી નેમિચંદ કોઠારીએ લીધો. શ્રી રીખવચંદભાઈ હાથીચંદે આખાય ય પ્રસંગને દીપાવનારા ભારે કુશળતા પૂર્વકના આયોજનમાં શ્રમ સારો લીધો. જૈનેતરોએ પણ આમાં સારો ભાગ લીધો. ધૂળિયા-માલેગામના સંઘ પણ આવેલા.

● **કલકત્તા :** અત્રે ૧૭૭ જણને ઉપધાન સુંદર ચાલી રહેલ છે. વૈરાગ્ય અને ત્યાગવૃત્તિ વધતી જાય છે. માળારોપણ શાંતિસ્નાત્ર તથા માળની બોલી ફા.સુ.૧૪ રવિવારે સવારે બોલવાનું નક્કી થયેલ છે. **પૂ. પંન્યાસજી મહારાજ** પ્રાયઃ ફા.વ. ૨ વિહાર કરવા વકી છે, અને શક્યતાએ લગભગ ૮૦૦-૮૫૦ માઈલ વિહાર કરી કાનપુર પહોંચવા ભાવના રાખે છે.

અત્રે બહુ ઉલ્લાસ વચ્ચે કવિરાજ દીપવિજયજી કૃત મહાવીર પ્રભુ કલ્યાણકો તથા ગણધરના દેવવંદનની ક્રિયા થઈ. ઉપધાનવાહીઓમાં દ્રવ્યસંક્ષેપ, મીઠાઈત્યાગ, અઠ્ઠમો વગેરે વિશિષ્ટ આરાધના ચાલી રહી છે.

● **સાબરમતી :** અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના

વરદ હસ્તે નારનિવાસી યુવકભાઈ શ્રી નરેન્દ્રની મહા સુદ ૧૦મે ધામધૂમથી દીક્ષા થઈ. નામ મુનિશ્રી નિપુણચંદ્રવિજયજી રાખી એમને પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજના શિષ્ય જાહેર કરાયા. આ પ્રસંગે નારથી એમના માતાપિતા વગેરે આશરે ૧૫૦ માણસ આવ્યું હતું. અત્રેના વતની શેઠશ્રી વનેચંદજી જવાનમલજીની તરફથી દીક્ષા વર્ષીદાનનો ભવ્ય વરઘોડો નીકળેલો. મેમાનોની ભક્તિ પણ એમણે કરેલી. ઉમંગ ઉત્સાહ ઘણો. એમના બંગલાને સુદ ૫ ના નૂતન દીક્ષિત સાધ્વીજી મ.ને પધરાવવા સારો શણગારેલો. સવારથી સાંજ સુધી દર્શનાર્થીઓનો ધસારો રહેલો.

● **કલકત્તા : અત્રે પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવરની** નિશ્રામાં ચાલતા ઉપધાનમાં આરાધકોને ચડતો રંગ છે. ઉપધાન બાદ રોજ પ્રભુપૂજા, રાત્રિભોજન-ત્યાગ, પાંચ તિથિ આંબેલ યા ૬ વિગઈત્યાગ, વગેરેના નિયમો લેવાયા. રોજ ક્રિયામાં સૂત્ર વગેરેની બોલીમાં નીવિ માટે ૧૦-૮-૭-૬-૫ દ્રવ્ય સુધીના સંક્ષેપ, દિવસની ૨૦ બાંધી માળા ઉપરાંત ૩-૪-૫ કલાક સ્વાધ્યાય, મૌન, ૮-૧૦-૧૫ ગાથા નવી ગોખવી વગેરે બોલાય છે. ક્રિયામાં અપ્રમાદ, શુદ્ધસૂત્ર-ઉચ્ચારણ વગેરે સારું સચવાય છે. બાળ આરાધકોની સ્ફૂર્તિ, સ્વાધ્યાયદિ બોલી, નીવિમાં દ્રવ્યસંક્ષેપ સવારે ૨-૨॥ વાગે ઊઠી જવું વગેરે આરાધના જોઈ બીજાઓને અનુમોદના થઈ. 'ભગવાનના શાસનની બલિહારી છે.' એવા ઉદ્‌ગાર નીકળી પડે છે. પૂ. મુનિરાજશ્રી જયશેખરવિજયજી મહારાજને ૬૨મી ઓળીનું મહા વદ ૩ પારણું, હોઈ એમને વહોરવા માટે ઉપધાનવાળા ભાઈબેનો ૮૦૦ આંબેલ તથા ૪ અઠ્ઠમ બોલ્યા, અને પૂજ્યશ્રી પાસે તત્ત્વજ્ઞાન લેનાર પૂ.પંન્યાસજી મહારાજે વચમાં વચમાં ભાવાર્થ રહસ્યનાં રસઝરણાં પીરસવાથી ભક્તિરંગ ખૂબ જામ્યો.

● **મેડતા ફલોધિ તીર્થ :** અત્રે પૂ.મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મ. આદિએ અઠ્ઠમની આરાધના કરી. એમના અનુભવમાં લાગ્યું કે અત્રેનું દેવકૃત પાર્શ્વપ્રભુનું બિંબ ઘણું જ આલ્હાદકારક ચમત્કારિક અને એથી તીર્થ જાણે મારવાડનું શંખેશ્વરજી જોઈ લો. એનો ઈતિહાસ પણ અદ્‌ભુત છે. અત્રે વિશાળ ધર્મશાળા પણ છે. બિંબ જગદ્‌ગુશાહ પ્રતિબોધકશ્રી ધર્મઘોષસૂરિજી મહારાજથી પ્રતિષ્ઠિત છે.

● મેડતાસિટિમાં ૧૪ જિનમંદિર છે. માત્ર ૧૪ ઘર મૂર્તિપૂજકના છે, બાકી સ્થાનકવાસી બની ગયેલ છે. હરસાલ સ્થાનકવાસીના ચોમાસા થતાં હોવાથી મંદિરમાર્ગીને માર્ગની પૂરી ખબર નહિ. ગત ચોમાસામાં સ્થાનિક શ્રી હસ્તિમલજી મ. વ્યાખ્યાનમાં ખુલ્લં ખુલ્લા મૂર્તિ-મૂર્તિપૂજાને ઊડાવતા, ને મંદિરમાર્ગી એ સાંભળતા, તેથી સંસ્કાર કેવા પામે ? ભોપાલગઢમાં ૪ મંદિર, ૪ ઘર, પરંતુ પૂજા કરનાર માત્ર પૂજારી, બાકી બધા સ્થાનકવાસી થઈ ગયેલ. પીપાડસિટિમાં પણ એવી દશા

છે. આ પ્રદેશના અદ્‌ભુત જિનમંદિરો જોતાં લાગે કે એક વખત અહીં ધર્મ અને સંઘની કેવી જાહોજલાલી હશે.

દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૯,અંક-૨૫,તા.૩-૪-૧૯૭૧

● **ભાવનગર :** અત્રે શિબિર વિદ્યાર્થી ભાઈ રાજેન્દ્ર લ. શાહના ભારે પ્રયત્ન તથા શિક્ષણ કુશળતાથી મહા વદ ૧૧ના ૧૨૫ વિદ્યાર્થીઓથી સામાયિક મંડળની શરૂઆત થઈ. ભાઈ રાજેન્દ્ર એમાં પુણિયા શ્રાવકની કથાથી વિદ્યાર્થીઓને તૃષ્ણા-ત્યાગ, ક્રિયામહત્ત્વ વગેરે પર સુંદર ધર્મપ્રેરણા આપી રહ્યા છે. શિબિર નોટબૂકોમાં પણ સારું પીરસે છે. વિદ્યાર્થી સંખ્યા વધથી જાય છે. ચૌદશ પ્રતિક્રમણમાં ૭૫-૧૦૦ની સંખ્યા થાય છે. જયંતીલાલ કાંટાવાળા તરફથી પ્રભાવના થાય છે. રોજ સવારે ૫૦-૬૦ તથા સાંજે ૭૦ વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપે છે. નવકાર ધૂન આદિ સારું ચાલે છે.

● **કલકત્તા :** પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવર અત્રેથી ફા.વ.૨ વિહાર કરી વદ ૦)) બંગાળ હદ વટાવી બિહારમાં પ્રવેશ કર્યો છે. ભાગલપુર ચૈ.સુ. ૮ સંભવ છે. ઈલમબજાર નગરની હાઈસ્કૂલના હેડમાસ્ટરે આજે માણસને પેટની ચિંતા મિટાવવાની જરૂરિયાત પર અંગ્રેજીમાં પોતાનું મંતવ્ય રજૂ કરતા પૂ. મહારાજશ્રીએ માણસ એ પશુથી ઉચ્ચ પ્રાણી હોઈ એ પેટ નથી પણ મસ્તિક છે. તેથી એનું આધ્યાત્મિક હિત સધાવવાની ખૂબ જરૂર છે. ઈત્યાદિ પર અંગ્રેજીમાં વિસ્તારથી સમજાવતાં હેડમાસ્ટર સારા પ્રભાવિત થયેલ.

● **કલકત્તાથી વિહાર :** અત્રેથી **પૂ. પંન્યાસજી શ્રી ભાનુવિજયજી** ગણિવર્યનો ફા.વ. ૨ વિહાર થવાનું પૂર્વ જાહેર થઈ ગયેલ. ત્યારથી સંઘના દિલ ઉદ્વિગ્ન બનેલ અને પૂજ્યશ્રીને અત્રે રોકાઈ જવા માટે વારંવાર વિનંતી થતી હતી; બેનો રોજ વ્યાખ્યનમાં ગદ્‌ગદ સ્વરે એની ગહુંલીઓ ગાતી પરંતુ વિહાર નિશ્ચિત હતો. કલકત્તા બંગાળમાં આમ તોફાનો થતા. છતાં અત્રેના તીર્થપતિ શ્રી મહાવીરસ્વામી ભગવાનના પ્રભાવે વિહાર માટે અનુકૂળતા હતી. છેલ્લે છેલ્લે મૂળનાયક ભગવાનના તથા બાજુના પ્રતિમાજીને પૂર્વના કારીગરે લેપમાં ગોલમાલ કરેલી તેથી કેટલેક સ્થળેથી લેપ ઉખડી ગયેલ, તે માટે જામનગરવાળા શિલ્પી અને આર્ટિસ્ટ વાલજી નારણ કે જેમણે પૂ. પંન્યાસજી મહારાજાનાં માર્ગદર્શન અનુસાર ઘુમટમાં મહાવીર પ્રભુના જીવનના અને ઉપકૃત શાલિભદ્ર મેઘકુમાર ચંદનબાળાના સુંદર સોનેરી એમ્બોઝ ચિત્રો કરેલા, તેમજ પ્રભુજીની પાછળ સોનેરી અષ્ટપ્રાતિહાર્યનાં ભવ્ય

ચિત્ર, મંદિર આંગણે વિશાલ હાથી પર શ્રીપાળ મયણા, એક સુંદર દેવળી વગેરે કળાત્મક ભાવવાહી રચના કરેલ તેમને નવેસરથી લેપનું કાર્ય સોંપાયું. પૂજ્યશ્રી કલકત્તા પધાર્યા ત્યારથી અનેક અદ્‌ભુત શાસન પ્રભાવક ધર્મનુષ્ઠાનો થયેલ. તેમજ વૈરાગ્ય ઝરતાં પ્રવચનોનો વરસાદ વરસેલ તેથી શ્રી સંઘને આ અપૂર્વ ઉપકારથી ભારે ધર્મસ્નેહ વધ્યો હોઈ ફાગણ વદ ૨ વિહાર વખતે અમાપ જનતા ઉમટેલી અંતિમ મંગળાચરણ વખતે સૌનાં હૃદય વિરહના દુઃખથી રડી રહ્યા હતા. એક યુવાન દંપતીએ સંપૂર્ણ બ્રહ્મચર્ય ઉચ્ચર્યું. બીજાઓએ વિવિધ વ્રતનિયમ લીધા. માઈલેક સુધી તો વળાવવા માટે મોટો મેળો ચાલેલો.

પહેલો મુકામ ૪-૫ માઈલ દૂર લીલુઆમાં શેઠશ્રી ખુશાલભાઈ અને તેમના ભાગીદાર શ્રી કલ્યાણચંદભાઈની ખાસ વિનંતીથી એમની ફેકટરીમાં રખાયેલ. ત્યાં એમના તરફથી બપોરે વ્યાખ્યાન તથા સાધર્મિક વાત્સલ્ય રખાયેલ. કલકત્તાથી સેંકડો ભાવિકો આવેલા. વ્યાખ્યાન વખતે એ બંને તરફથી સંઘ પૂજન પણ કરવામાં આવ્યું અને આવા અણધાર્યા અનુપમ લાભ મળવા બદલ બંનેને સકુટુંબ હર્ષનો પાર નહોતો. વદ ૩ પૂ.પંન્યાસજી મહારાજે આગળ ભાગલપુર ચંપાપુરી તરફ વિહાર લંબાવ્યો. સાથેના બે પૂ.મુનિવરો શ્રી વિમળસેન વિ.મ. તથા શ્રી જયસોમ વિ.મ. ને ૬૨-૬૩મી આંબેલ ઓળી ચાલે છે. પૂ. શ્રી વદ ૧૦ કલકત્તાથી ૧૦૦ માઈલ દૂર નીકળી ગયા છે. ચૈ.સુ. ૬-૮ ભાગલપુર પહોંચવા ધારણા છે. વચમાં વચમાં કલકત્તાથી ભાવિકો વંદનાર્થે આવ્યે જતા વિહાર પ્રદેશ સારી એવી વસ્તી વિનાનો હોઈ શેઠશ્રી મણિલાલ વનમાળી વગેરેના સહકાર સાથે શેઠશ્રી સવાઈલાલ કે. શાહ જે.પી. પ્રેસીડન્સી મેજિસ્ટ્રેટે પોતાના ખાસ બે માણસો તથા સંઘના માણસોને વિહારમાં સાથે રોકેલા છે. વચમાં વચમાં શ્રી સવાઈલાલભાઈ પૂજ્યશ્રીની સુખશાતા પૂછવા અને વંદનાર્થે આવ્યે જાય છે અને શેઠશ્રી મણિભાઈ વનમાળીને પૂજ્યશ્રીને કલકત્તા લઈ આવવા બદલ તથા શાનદાર પ્રતિષ્ઠા-ઉત્સવ આયોજન અને મે વેકેશન શિબિર આયોજન બદલ ખાસ યશ આપે છે. અલબત્ત શેઠશ્રી સવાઈલાલ ભાઈએ પણ સંઘના સહકારથી 'બંગાળ હાઈકોર્ટ ચીફ મેજિસ્ટ્રેટ શ્રી પી.બી.મુખરજીના હસ્તે' પરમતેજ પ્રકાશન ૧૦૦મી ઓળી પારણે ૧૭૧ છોડનું અપૂર્વ ઉજમણું, તથા ધર્મ પ્રભાવક ઉપધાન વગેરેનાં ભવ્ય આયોજન કરી કલકત્તા સંઘની શાન વધારી તેથી એમના માટે શેઠશ્રી મણિભાઈ શેઠશ્રી નરભેરામભાઈ, શેઠશ્રી કેશવલાલ દુર્લભજી, શ્રી અંદરજીભાઈ વગેરેને પણ ખૂબ માન ઉપજે છે. કલકત્તાની પૂજ્યશ્રીની નિશ્રામાં અસાધારણ ધર્મપ્રભાવક કાર્યોમાં વોલંટિયરો શ્રી છગનભાઈ, શ્રી ચંપકભાઈ, શ્રી સુરેશભાઈ વગેરેએ સુંદર સેવા આપી હતી.

● **રાજગિરિ : પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ આદિ** કલકત્તાથી વિહાર કરતા અત્રે ચૈત્ર વદ ૬ પધાર્યા છે. વચમાં ચંપાપુરી સ્પર્શના થઈ, આ એક જ સ્થળ એવું છે કે જ્યાં બારમા તીર્થપતિ ભગવાન શ્રી વાસુપૂજ્યસ્વામીના પાંચે કલ્યાણક થયા છે. પ્રભુજીની મૂર્તિ અદ્‌ભુત છે. પૂ. મુનિરાજોને પાંચે કલ્યાણકના દેવવંદન, કાઉસ્સગ્ગ, ખમાસમણા જાપ ઉપરાંત, પ્રભુજીના નામનો જાપ વગેરે આરાધના સુંદર થઈ. મંદિરના ઉપરના ભાગમાં પૂ. બાપજી મહારાજના સાધ્વીજી શ્રી ચંદ્રોદયાશ્રીજી મ.ના ઉપદેશથી શ્રી શ્રીપાલ-મયણાસુંદરીનાં જીવનના સુંદર પટ કરાવવામાં આવ્યા છે. ચંપાપુરી પછી કાકંદીની ફરસના થઈ. અત્રે નવમા તીર્થપતી શ્રી સુવિધિનાથ ભગવાનના ૪ કલ્યાણક થયેલા છે. અત્રે શ્રી પાર્શ્વનાથ પ્રભુજીનું પ્રાચીન સુંદર બિંબ છે અને શ્રી સુવિધિનાથ પ્રભુજીના માત્ર ચરણપાદુકા છે. કલકત્તાવાળા શ્રી કનૈયાલાલજી વૈદ્યના તન-મન-ધનના ભોગથી અત્રે ધર્મશાળા જીર્ણોદ્ધાર થયેલ છે. જિનભક્તિના રંગથી પોતાના જ ૩-૪ લાખ રૂપિયા લગાવીને આ જીર્ણોદ્ધાર જાત દેખરેખથી કરાવી રહેલ છે. કાકંદી પછી પૂજ્યશ્રી લછવાડ પધાર્યા. અત્રે સુંદર જિનમંદિર ધર્મશાળા છે. અત્રેથી ૩ માઈલ ચાલીને ક્ષત્રિયકુંડ પહાડ છે. ચરમતીર્થપતિ શ્રી મહાવીરપ્રભુનું જન્મનગર અત્રેથી ૪-૫ માઈલ દૂર હશે. નગર નામ પરિવર્તન થઈ ગયેલ છે. બાકી પહાડ પર ૨૦૦૦ વર્ષ પ્રાચીન અલૌકિક મૂર્તિ છે. કસોટીના એક જ પાષાણમાં અષ્ટ પ્રતિહાર્યયુક્ત શ્રી મહાવીર પ્રભુની મુખ-નયન મુદ્રા અનેરી દીપે છે. મૂર્તિ પરનાં મૂળ નયન જાણે આત્મસ્વરૂપ-રમણતાનો સાક્ષાત્કાર કરાવે છે. દર્શનથી તૃપ્તિ જ ન થાય !! અત્રે આરાધના ખૂબ ભાવવાહી થઈ. અત્રેથી વિહાર કરીને પૂજ્યશ્રી નવાદા પાસે ગુણિયાજી (ગુણાયાજી) તીર્થ પધાર્યા. અત્રે ગણધર ભગવાન શ્રી ગૌતમ સ્વામીજીને કેવળજ્ઞાન થયાની સ્થાપના છે. મંદિર સુંદર છે. મૂળનાયક શ્રી મહાવીર પ્રભુના પ્રતિમાજી છે એમાં ૨૪ પ્રભુજીનાં પગલાં પણ છે. અત્રેથી પાવાપુરી ૧૨ માઈલ પડે છે. પૂ. મહારાજશ્રી સપરિવાર અત્રેથી રાજગિરિ પધાર્યા છે. ચૈત્ર વદ ૧૩ સુધી અત્રે રોકાઈ પાવાપુરી પધારવા અને વૈ.સુ. ૧ થી સુદ ૧૦ સુધી સ્થિરતા કરવાની વકી છે. વિહાર સુખરૂપ ચાલી રહેલ છે.

● **નડીયાદ :** અત્રે એક-બે સૈકા પૂર્વે જૈનોના-૭૦૦ ઘરની વસ્તિ, તેમજ ૭ જિનમંદિર હતા. પરંતુ પાછળથી મુનિવિહારના અભાવે જૈનો અજૈનો બનતા ગયા. તે માત્ર ૧-૨ વણિક જૈન અને ૩૦-૪૦ પટેલ જૈનોએ અહીં ધર્મ ટકાવ્યો. હવે અત્રે જૈન વસ્તિ પણ વધતી જાય છે અને મુનિવિહાર પણ થયા કરે છે. પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજી મ. ના ઉપદેશથી સંઘે રૂા. ૯૦૦૦૦ એકત્રિત કરી ઉપાશ્રયનો પુનરુદ્ધાર કર્યો અને વૈશાખ સુદ પના રોજે એનો ભવ્ય-ઉદ્‌ઘાટન સમારોહ ઉજવ્યો. ઉદ્‌ઘાટન માટે કલકત્તાવાસી શેઠશ્રી સવાઈલાલ કે. શાહ જે.પી. પ્રેસીડન્સી મેજીસ્ટ્રેટને બહુ આગ્રહ કરી આમંત્રેલા; શેઠશ્રી સુવાઈલાલાભાઈ પણ વૈશાખ સુદ ૩ ઉપરિયાળામાં પૂ.મુ.શ્રી ગુણવિજયજી મ.નું ૧૮મા વર્ષીતપનાં પારણે રૂા. ૧૧૧૧૧નું સુકૃત કરી તથા નવકારશી અષ્ટોત્તરી સ્નાત્ર અને ગામમાં ઘર દીઠ, મીઠાઈની પ્રભાવના અને વૈશાખ સુદ ૪ પૂ.આ.શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ.ની મૂર્તિની પ્રતિષ્ઠા રૂા. ૮૦૦૦નું સુકૃત કરી, વૈ.સુ. ત્રીજના દિવસે મોટરમાં પાલીતાણે જઈ પૂ.સાધ્વીજી શ્રી વિનયશ્રીજી મ. આદિ ૧૪ સાધ્વીજી મહારાજોને રૂા. ૧૧૧૧૧ના સુકૃતથી પારણાં કરાવી. તેમજ શ્રી શંખેશ્વરજીમા રૂા. ૨૧૧૧ના સુકૃતોનો લાભ લઈ. વૈશાખ સુદ ૭ અત્રે નડિયાદ પધાર્યા. સંઘે સન્માન કર્યું. શેઠશ્રી ઉપાશ્રયનું મંગળ ઉદ્‌ઘાટન જાહેર કરતાં રૂા. ૧૧૧૧૧ ઉપાશ્રય ખાતે આપવાની ઉદારતા કરી. શ્રીસંઘે શ્રી જિનભક્તિ મહોત્સવ સ્વામિવાત્સલ્ય વગેરે સુંદર ઉજવ્યું.

● **અંધેરી :** ધાર્મિક શિક્ષાયતનનો રુડો પ્રભાવ કેવો કે અત્રેના વિદ્યાર્થી કિશોર કે. કામદારને કૉલેજ તરફના ફરજિયાત શ્રમદાન કેમ્પમાં જવું પડેલું. ત્યાં અભક્ષ્ય કંદમૂળ વગરની એકેય ચીજ ન બને; અને આ ભાઈ એક જ ચુસ્ત જૈન, એને ભક્ષ્યની સગવડ ન આપે તેથી એણે ફક્ત રોટલી, ગોળ અને મીઠા પર દિવસો કાઢ્યા. રોજ સવારે બધા પાઉંભાજી, આમલેટ ખાય ને આમાં પાણીથી પેટ ભરી રાજી થાય, તે એક જ સમજથી કે 'આ ધર્મની કસોટી છે, એમાં પાર ન ઊતર્યા તો ધર્મ વિમુખતા, નૈતિક પતન અને અલ્પ કાળના સુખ પછી મહાભયંકર દુ:ખોની પરંપરાભર્યા ભવના ફેરા છે.' ભાઈને કષ્ટ તો ભારે પડ્યું. પણ નજર સામે શિબિર શિક્ષણ તરવરતું કે ''આત્મા અનંતશક્તિનો માલિક છે, સનાતન છે. તો થોડી સુખસગવડ માટે અનંતા પાપ શીદને વધારે ? જાત નિચોવી નાખું પરંતુ પાપ હરગીજ નહિ કરું, એવો ભાવ દિલમાં રાખો. કલ્પના કરો કે તમે અશક્ત બન્યા, અને ધર્મને ખાતર નિયમ ટકાવી મૃત્યુને ય ભેટ્યા તો એ જાતનું બલિદાન

કોના માટે ? ધર્મના માટે. એ તો એક ધન્ય મૃત્યુ થયું. 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ' તમે ધર્મને રક્ષો તો ધર્મ તમારું રક્ષણ કરે છે. દુઃખ તો પૂર્વ ભવના કર્મના લીધે છે. એને હસ્તે મોઢે સ્વીકારવા. પ્રભુશ્રી મહાવીરદેવને પણ કર્મોએ કેટલા પાડ્યા ? તો આપણે કોણ માત્ર ? માટે હેય-ઉપાદેયનો વિવેક કરજો, પાપથી આત્માને બચાવી લેજો...''

● **રાજકોટ :** અત્રે ધાર્મિક શિક્ષાયતનના અમરેલીના વિદ્યાર્થી ભાઈ શ્રી ભૂપેન્દ્ર ટોળિયા. (B.Com.) ને શ્રાદ્ધરત્ન પં. શ્રી પ્રભુદાસભાઈ સાથે શિક્ષાયતન અંગે ચર્ચા થઈ. પંડિતજીએ શાસનરક્ષામાં આવાં શિક્ષાયતન બાધક હોવાનું સમજાવતાં શ્રી ભૂપેન્દ્રે શિક્ષાયતનથી પોતાના અને બીજા કેટલાય કૉલેજિયન નવયુવકોમાં કેવી ક્રાંતિ આવી, જૈન તત્ત્વશ્રદ્ધા તથા ધાર્મિકતા આત્માના પ્રદેશે પ્રદેશે કેવી મઘમઘ બની ગઈ, શ્રાવકોના આચાર કેવા જીવંત બન્યા વગેરે બનેલી હકીકતોથી બતાવ્યું અને એ પણ દર્શાવ્યું કે ''અમારા જેવાને પમાડવા માટે શિક્ષાયતન સિવાય બીજું કયું સાધન આજે કામ કરી રહ્યું છે ?'' પ્રત્યક્ષ દૃષ્ટાંતોથી **પંડિતજીએ શિક્ષાયતનની ઉપયોગિતાનો સ્વીકાર કર્યો; એમ શ્રી ભુપેન્દ્ર લખી જણાવે છે.**

દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૧૯,અંક-૩૩,તા.૨૯-૫-૧૯૭૧**

● **પટણા : પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** પાવાપુરીથી વિહાર કરી અત્રે વૈશાખ સુદ ૧૫ પધાર્યા. સંઘે સ્વાગતાદિ સારું કર્યું. અત્રે વર્તમાનમાં પાંચ મહાવિદેહમાં વિચરતા ૨૦ ભગવાન પૈકી ૧૦મા ભગવાન શ્રી વિશાલદેવ સ્વામીના તથા શ્રી ઋષભદેવ પ્રભુના બે ગભારાવાળું ભવ્ય જિનમંદિર છે. વૈશાખ વદ ૧ અત્રેની પ્રતિષ્ઠાની વર્ષગાંઠ હોવાથી પૂ.પં. મહારાજનાં સાનિધ્યમાં વ્યાખ્યાન પૂજા તથા સાધર્મિકવાત્સલ્ય સુંદર ઉજવાયા. બે ધજા ચડાવવાની ૨૦૦-૨૦૦ મણ બોલી શ્રી શાંતિલાલ કોઠારી તથા શ્રી રસિકલાલે લીધી. શ્રી નેમિચંદજી તથા મેઘજી લાલજીને ત્યાં સંઘપૂજન થયાં. અત્રેના બાંકીપુર તથા મીઠાપુર વિભાગના સંઘોની વિનંતીથી વદ ૩ પૂ. પંન્યાસજી મહારાજ ત્યાં પધારતાં શ્રી સુરેશભાઈને ત્યાં સંઘપૂજન તથા મીઠાં જલપાન, શ્રી હરિભાઈ દોશીને ત્યાં સંઘ પૂજન થયાં. દરમિયાન શ્રી શાંતિલાલ કોઠારી વગેરેએ અત્રેથી ૮ માઈલ દૂર દાનાપુર મુકામે પૂજા તથા સંઘ જમણનું આયોજન નક્કી કરેલું, પરંતુ શ્રી હરિભાઈ દોશીની ભાવના વધી આથી આ બધો લાભ એમણે ઉઠાવ્યો. વદ ૪ના દાનાપુર પ્રભુજી લઈ જઈને શ્રી

વેદનીયકર્મનિવારણ પૂજા ભણાવાઈ. પૂજામાં પૂજ્યશ્રીએ વિવિધ સંગીતરાગ બતાવ્યાથી તથા વચમાં વચમાં પૂજાની કડીઓના રહસ્ય સમજાવ્યાથી ખૂબ ભક્તિરંગ જામ્યો. સંઘને જીવનમાં પહેલી જ વાર આ રીતે સાંભળવા મળ્યું એમ લોકો કહેતા હતા. પટણાનાં વ્યાખ્યાનો દરમિયાન લોકોએ વિવિધ નિયમો લીધા, જેવા કે, રોજ-ભોજનના ૪-૫-૭ ટંકથી વધુ ટંક નહિ, રોજ દેવદર્શન-પૂજા, રોજ પ્રભુ પાસે કાંઈ ને કાંઈ પૂજનદ્રવ્ય પોતાનું લઈ જવું, ૭ વ્યસન ત્યાગ, કંદમૂળ ત્યાગ, ધંધાના કારણે રાત્રે જમવું જ પડતું હોય એમણે સૂર્યાસ્ત બાદ થાળી પર બેઠા વખતના ભોજન સિવાય પાણી વિના કાંઈ જ ન લેવું. રજાના દિવસે રાત્રિભોજન બંધ, મહિનામાં ૧-૨-૫ તિથિ ઘી બંધ તથા આંબેલ-એકાસણા... વગેરે હવે પૂજ્યશ્રી આગળ વિહાર કરતાં, બનારસ જેઠ સુદ ૧ પહોંચવા ધારણા છે. ત્યાં સુદ ૪ તા. ૨૮મે સુધી ઠંઠેરી બજાર અંગ્રેજી કોઠીના મકાનમાં સ્થિરતાનો સંભવ છે.

દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૧૯,અંક-૩૪,તા.૫-૬-૧૯૭૧**

● **પાવાપુરી :** અત્રે સમવસરણ મંદિર વિભાગની ધર્મશાળામાં મુખ્યતયા સરાક જાતિના વિદ્યાર્થીઓ માટે ઝરિયાવાળા શ્રી દેવશીભાઈની દેખરેખ નીચે ધાર્મિક શિક્ષા સંસ્કાર સત્ર શરૂ થયું છે. સરાક જાતિમાં ભાઈઓ જૈન ધર્મમાં રસ ધરાવતા છતાં ધર્મનું જ્ઞાન ન મળવાથી ધર્મજીવન જીવી શકતા નથી. ગત સાલ કલકત્તામાં ભવાનીપુર ધાર્મિક શિક્ષાયતનમાં ભાઈશ્રી અનીલકુમાર સરાકના પ્રયત્નથી ૧૨-૧૩ સરાક વિદ્યાર્થીઓને જોડવામાં આવેલા. **પૂ. પંન્યાસજી શ્રી ભાનુવિજયજી મહારાજનાં** પ્રવચનોથી એ સારા ધર્મ-સંસ્કાર લઈ ગયેલા અને પોતાના ધર્મજીવનથી એમણે બીજાઓ ઉપર સારી અસર પાડેલી. તેથી આ વખતે જુદા જુદા ગામના લગભગ ૫૦ સરાક વિદ્યાર્થીઓ અત્રે સત્રમાં જોડાયા. બીજા કલકત્તા ઝરિયા-પટણા-બનારસના પચાસેક વિદ્યાર્થીઓ આવ્યા છે. પૂ.પંન્યાસજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ધર્માનંદ વિજયજીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જયશેખર વિજયજી મ. અત્રે સત્રમાં હિંદીમાં જૈનધર્મનાં પ્રવચનો આપી રહેલ છે. સાથે પૂ.મુનિરાજશ્રી જયઘોષવિજયજી મહારાજના તપસ્વી શિષ્યરત્ન પૂ.મુ.શ્રી જયસોમવિજયજી મ. વિદ્યાર્થીઓને સૂત્રોની ગાથાઓનો પાઠ તથા વિધિનું શિક્ષણ આપે છે; દૈનિક ચર્ચામાં રોજ દેવદર્શન, પૂજા બે ટાઈમ સામુદાયિક ચૈત્યવંદન, સાંજના પ્રતિક્રમણ, દિવસે સામાયિક અને પ્રવચનોનું શ્રવણ તેમજ ૧ કલાક સૂત્ર-ગાથા ગોખવાનું ચાલે છે. પ્રવચનમાં નવકાર મહામંત્ર આવશ્યક સૂત્રોના ભાવ મોક્ષમાર્ગ, ભવાભિનંદીપણાના ત્યાગ માટે ૮

દુર્ગુણોનો ત્યાગ, અપુનર્બંધકદશા, નવતત્ત્વ, જૈન આચાર તથા વ્રત-નિયમ, કથા-દૃષ્ટાંત-દલીલથી સુંદર સમજાવાય છે. ગામ મંદિરના મૅનેજર શ્રી શેઠિયાબાબુને ય રસ પડવાથી રોજ સાંભળવા આવે છે, આયંબિલ કરી સાંભળે છે. વિદ્યાર્થીઓના મન પર ઊંડી અસર પડે છે. તેથી સાત વ્યસન સિનેમા વગેરેના ત્યાગના નિયમો પણ લે છે. શ્રી દેવશીભાઈ ખૂબ પરિશ્રમ લઈ ઘણો ભોગ આપે છે. આવા આખો દિવસ ધર્મ આરાધનામાં રક્ત સાધર્મિકોની ભક્તિ સુંદર કરે છે. વૈશાખ વદ ૧૧ સ્વ.પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની ત્રીજી વાર્ષિક સ્વર્ગ-તિથિ હોઈ પૂ.મુનિરાજશ્રી જયશેખર વિજયજી મહારાજે એઓશ્રીના ગુણાનુવાદ કરતાં વર્ણન ખૂબ દિલ-સ્પર્શી બનવાથી સરાકભાઈઓ વગેરે રડી ઊઠ્યા, એમને અંતે આપણું પણ જીવન કેવી રીતે સંયમ-તપોમય બનાવવું એનો ઉપદેશ અને યથાશક્તિ પ્રયત્નની પ્રેરણા અપાઈ. જીવનમાં કદી તપ નહિ કરેલ ૧૯ સરાક વિદ્યાર્થીઓએ પણ આ દિવસે એકાસણું કર્યું. પછી ચૌદશે તો બધાએ એકાશન કર્યું. અતિ ગરીબ સરાક વિદ્યાર્થીઓને ટિકિટ ભાડુ આપવામાં આવ્યું. આ અને બીજા ખર્ચમાં દેવશીભાઈની ધગશ ઉલ્લાસભર્યા પ્રયત્નથી શેઠશ્રી સવાઈલાલ, શ્રી મણીભાઈ, શ્રી દેવચંભાઈ વગેરે કલકત્તાવાસીઓએ સારો સહકાર આપ્યો. કલકત્તાના શ્રી કલ્યાણભાઈ વિદ્યાર્થીઓને હાવરા સ્ટેશને માત્ર મૂકવા ગયેલા પરંતુ એક બાજુ ભીડ અને બીજી બાજુ વિદ્યાર્થીઓનો ભારે ઉલ્લાસ જોઈ સેકન્ડ કલાસની ટિકિટો કઢાવી પોતે એમને ઠેઠ પાવાપુરી મૂકી ગયા. એકંદરે ધાર્મિક શિક્ષાયતનથી નવી પ્રજાને આજના ભયંકર ભૌતિકવાદ વિલાસપ્રિયતા વગેરેથી સારો બચાવ મળે છે, અને ધર્મશ્રદ્ધા ઊભી થાય છે.

● **ઉપરિયાળા :** અત્રે ૧૨૫ વિદ્યાર્થીઓના સત્રમાં સ્વ.પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજ ધાર્મિક તાત્ત્વિક પ્રવચનો સુંદર આપી રહેલ છે. વિદ્યાર્થીઓમાં ધર્મભાવનાના પૂર ઊછળવાથી રોજ એકાદ ઉપવાસ ને કેટલાય એકાસણાં બેસણાં તેમજ ઉભયકાળ પ્રતિક્રમણ થાય છે. પ્રવચનોમાં જુસ્સાદાર શૈલીથી ધર્મના આચાર, નિયમ, નવતત્ત્વ, મોક્ષમાર્ગ, વગેરેની બાલગમ્ય ને રોચક-પ્રેરક સમજુતી અપાય છે; વિદ્યાર્થીઓ ૭ વ્યસન, કંદમૂળ, રાત્રિભોજન વગેરેના ત્યાગના તેમજ દર્શન-પૂજાદિ આરાધનાના નિયમો લે છે.

● **બનારસ :** અત્રે **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** સપરિવાર જેઠ સુદ ૧ પધારતાં સંઘે સુંદર સ્વાગત કર્યું. બીજે દિવસે વ્યાખ્યાનમાં ચિકાર સભામાં જિનભક્તિ પર હૃદયવેધી ઉપદેશ આપતાં સભાએ રોજ જિનભક્તિનું પોતાનું દ્રવ્ય લઈ જવાનો નિયમ કર્યો. તેમજ સુદ ૩ સવારે સકલ સંઘે પૂજ્યશ્રી સાથે શ્રી

પાર્શ્વપ્રભુના જન્મસ્થાન ભેલુપૂર તીર્થ પગપાળા જવાનું નક્કી કર્યું. ત્યાં સાધર્મિક વાત્સલ્ય તથા પૂજા ભણાવવાનો કાર્યક્રમ રખાયો છે.

દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૧૯,અંક-૩૫,તા.૧૨-૬-૧૯૭૧**

● **મુંબઈ-લાલબાગ :** અત્રે પં.પૂ.સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની તૃતીય વાર્ષિક સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે પૂ.પં.શ્રી ચરણવિજયજી મહારાજ વગેરેએ એઓશ્રીના બે કલાક ખૂબ જ ગુણાનુવાદ કર્યા. સહુની આંખો અશ્રુભીની બની ગઈ પૂ.પં.મહારાજના રચેલા કાવ્યો શ્રી વેલજીભાઈએ ગાયા-ગવરાવ્યા સવારે પુરુષોની પૂજા, બપોરના વર્ધમાન મંડલની બહેનોની પૂજા તથા ત્રણ દિવસ પ્રભુજીની આંગી-પ્રભાવના સુંદર થયું. શ્રીપાલનગરમાં પણ પૂ.પં. શ્રી કનકવિજયજી મહારાજે પ્રવચનમાં સુંદર ગુણાનુવાદ કર્યા.

● **દિગ્વિજય પ્લોટ** (જામનગર) : પરમોપકારી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની તૃતીય વાર્ષિક સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજે 'પાળે પળાવે પંચાચાર' ઉપર પૂજ્યપાદશ્રીના ગુણાનુવાદ અંતરની અનુમોદનાથી સુંદર કર્યા. લોકો ગદ્ગદ થઈ ગયા. શ્રી સંઘ તરફથી પ્રભાવના તથા દેરાસરમાં પ્રભુજીને પોખરાજની ભવ્ય અંગરચના થયેલી. દર્શનાદિનો અનેક ભાઈ બહેનોએ સારો લાભ ઉઠાવ્યો.

● **અમદાવાદ** (શાંતિનગર) : અત્રે પણ સ્વ.પૂ.આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની તિથિની ઉજવણી નિમિત્તે તથા શા. નાથાલાલ વખત-ચંદના કુટુંબમાં કલાવતી બેનને એકાંતરે ૫૦૦ આંબેલ, શાંતાબેનને વર્ષીતપ ૧૬ ઉપવાસ આદિ, ધનલક્ષ્મીબેનને માસખમણ વર્ષીતપ વગેરે તથા સળંગ ૫૦૦ આંબેલ, તેમજ સજોડે બ્રહ્મચર્યધારી શ્રી શારદાબેનને સળંગ ૪ વર્ષીતપ અને એકાંતરે ૫૦૦ આંબેલની તપસ્યા નિમિત્તે પૂ. મુનિરાજશ્રી ગુણભદ્રવિજયજીની નિશ્રામાં શ્રી સિદ્ધચક્રપૂજન આદિ સુંદર ઉજવાયું. પૂ.મુનિરાજો શ્રી મુનિચંદ્રવિજયજી, શ્રી કીર્તિચંદ્ર વિજયજી શ્રી જિનચંદ્રવિજયજી મહારાજે સ્વ. પૂ.આચાર્યદેવશ્રીના સુંદર અસરકારક ગુણગાન કર્યા.

● **પિંડવાડા :** સુવિશાલ ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની મૂર્તિની અત્રે નવનિર્મિત્ત વિશાલકાય 'પ્રેમસૂરીશ્વરજી ગુરુમંદિર'માં પ્રતિષ્ઠા તથા પાસેના અંજારીતીર્થના જીર્ણોદ્ધાર થયેલ

બાવન જિનાલયમાં પ્રભુપ્રતિષ્ઠા વર્તમાન શાસન પ્રભાવક ગચ્છનાયક પૂ. આચાર્ય-દેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અતિ ભવ્ય ઉજવાયા. પૂ.આ. શ્રી વિજય જંબુસૂરીશ્વરજી મ. તથા પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ. સહિત સ્વ. પૂજ્યશ્રીના લગભગ ૧૩૫ મુનિપુંગવો ઉપસ્થિત હતા. સંઘે પ્રતિષ્ઠા અંગેની બોલીઓમાં ધનની છોળો ઉછાળી. ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા શ્રી લાલચંદ છગનલાલે રૂા. ૫૧૧૦૧થી કરી. બીજાઓ પણ હજારો રૂા.ની બોલી બોલ્યા.

દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૧૯,અંક-૩૬,તા.૧૯-૬-૧૯૭૧**

● **કાનપુર :** અત્રે જેઠ વદ ૪ **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ**ના સપરિવાર નગરની બહાર શાંતિનગરમાં પધારી ગયા છે. અત્રેના શ્રી સંઘના આગેવાનો શ્રી રમણભાઈ, શ્રી ક્રાન્તિભાઈ, શ્રી દેવજીભાઈ વગેરે દૂર સુધી સામે લેવા આવ્યા હતા. પંજાબી જૈનેતર ભાઈએ આગ્રહ કરીને પોતાના બંગલામાં ઉતાર્યા હતા. બીજા દિવસથી પૂજ્યશ્રીએ અત્રેની ધર્મશાળામાં મુકામ કર્યો છે. રોજ પ્રવચનમાં શહેરમાંથી તેમજ અત્રેના જૈન-જૈનેતર ભાઈ લાભ લે છે. નગરમાં પ્રવેશ અષાઢ સુદ ૨નો રાખવામાં આવેલ છે. દેવગુરુકૃપાએ વિહાર સુખરૂપ થયો. બનારસમાં શ્રી સંઘ તરફથી ભેલુપુર શ્રી પાર્શ્વપ્રભુ-જન્મસ્થાન મંદિરે પૂજા તથા સાધર્મિક વાત્સલ્યનો કાર્યક્રમ સુંદર ઉજવાયેલ. અલાહાબાદમાં પ્રાચીન જિનમંદિરનો જીર્ણોદ્ધાર ચાલી રહેલ છે. પ્રવચનમાં દિગંબર ભાઈઓએ પણ લાભ લીધો હતો.

દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૧૯,અંક-૩૭,તા.૨૬-૬-૧૯૭૧**

● **ભદ્રાવર્તી તીર્થ** (મધ્યપ્રદેશ) : અત્રે મધ્યપ્રદેશના મહાકોશલ સંઘ તરફથી ધાર્મિક શિક્ષણ શિબિર આયોજન સુંદર થયું. ૧૧૨ વિદ્યાર્થીઓએ લાભ લીધો. પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ રોજ વિદ્વત્તાપૂર્ણ ૨ પ્રવચન આપતા હતા. એની અને એમના ત્યાગ સંયમની વિદ્યાર્થીગણ ઉપર સુંદર છાપ પડી. શ્રી સુરેન્દ્ર લોઢાની સેવા મુખ્યત્વે હતી. એમનું સંચાલન તથા ધર્મ અને તત્ત્વજ્ઞાન ઉપરનાં ભાષણો નોંધપાત્ર હતા. મુંબઈવાળા શ્રી કુમારપાળ વિ. શાહે પણ છેલ્લા ૧૦ દિવસમાં વિદ્યાર્થીઓને સુંદર પીરસ્યું. એકંદરે જૈનધર્મની વિશિષ્ટતા, અર્હદ્ ભક્તિ, જીવાજીવાદિ તત્ત્વ. અધ્યાત્મ, મોક્ષમાર્ગ વગેરે વિદ્યાર્થીઓને રોચક પ્રેરક રીતે

સમજાવવા ઠસાવવામાં આવ્યા, પૂ. મુનિરાજશ્રી અત્રેથી નાગપુર ચોમાસા અર્થે પધારી ગયા.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૧૯,અંક-૩૮,તા.૩-૭-૧૯૭૧**

● **કાનપુર :** અત્રે પૂ.પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજ આદિ ૬ મહારાજનો અષાઢ સુદ ૨ બુધવારે અત્રેના શ્રી સંઘના ભારે ઉલ્લાસ તથા સ્વાગત સમારોહ સાથે ચાતુર્માસાર્થે નગરપ્રવેશ થયો. પૂજ્યશ્રી થોડા દિવસ નગર બહાર શાંતિનગર ધર્મશાળામાં રોકાયેલા. ત્યાં રોજ પ્રવચન ચાલુ હતા. તેમજ એક અલગ રૂમમાં સંઘે પ્રભુજી પધરાવી કામચલાઉ ગૃહમંદિર કરેલ. ત્યાં કલકત્તાથી પૂજ્ય મહારાજશ્રી સાથે રોજ ૧૫-૧૫ માઈલ વિહાર કરીને આવેલ ભાઈશ્રી પ્રદીપ કુમાર મગનલાલ મહેતા (ઉં.વર્ષ ૧૪-૧૫) બધી પૂજા ભક્તિ કરતા. સંઘે આ પ્રભુજીને પણ પ્રવેશ વરઘોડામાં હાથી પર લેવાનું બહુમાન કરેલ. ઉલ્લાસ વધી જવાથી પ્રભુજીને હાથી પર લઈ પ્રદીપકુમાર પ્રવેશ સ્વાગત વરઘોડામાં છુટ્ટે હાથે વરસીદાન દઈ રહ્યા હતા. સાજનમાં સ્થાનકવાસી દિગંબર તથા જૈનેતર ભાઈઓ પણ ઉપસ્થિત હતા. રસ્તામાં પ્રભુજીને તથા ગુરુજીને એમ બબ્બે ગહુંલીઓ અનેક થઈ. અંતે ઉપાશ્રયે (૫૮-૩૪, બિરહાના રોડ) વરઘોડો આવતા પ્રભુજીને પોંખણાથી વધાવાયા. બાદ માંગલિક પ્રવચન થયું, અને સંઘ સેક્રેટરી શ્રી કાન્તિભાઈ તરફથી બબ્બે પેંડાની પ્રભાવના થઈ.

અત્રે નવા તૈયાર થઈ રહેલ જિનમંદિરમાં શ્રાવણ સુદ ૧૦ પ્રતિષ્ઠા સમહોત્સવ ઉજવવાનો સંઘે નિર્ણય લીધો હોવાથી આજે વ્યાખ્યાનમાં પ્રતિષ્ઠા પ્રસંગે શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર તથા સાધર્મિક વાત્સલ્યનો લાભ લેનાર અનેક હોવાથી બોલી બોલાતાં બૃહત્-સ્નાત્ર રૂા. ૨૧૦૧ બોલીને શ્રી કાન્તિભાઈએ તથા સાધર્મિક વાત્સલ્ય રૂા. ૧૬૦૧ બોલીને સંઘપ્રમુખ શ્રી રમણભાઈ ચુનીલાલે લીધેલ.

દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૧૯,અંક-૩૯,તા.૧૦-૭-૧૯૭૧**

● **વાંકાનેર :** અત્રે પૂ. તપસ્વી મુનિશ્રી મણિપ્રભવિજયજી મ.શ્રીની નિશ્રામાં શ્રી સંઘમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધના નિમિત્તે એકાશન-આયંબિલ સાથે જપપૂર્વક આરાધના થઈ. પૂ.તપસ્વી મહારાજની દીર્ઘ તપની અનુમોદનાર્થે સૌરાષ્ટ્ર

સીરેમીક ઈન્ડસ્ટ્રીઝવાળા શાહ નટવરલાલ તથા કુટુંબીઓએ ચતુર્વિધસંઘને નિમંત્રી દેશી વાઘથી સ્વાગત કરેલ. પૂ.મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજીએ હૃદયવર્ધક પ્રવચન કરેલ. ઘરદેરાસર કરવાનો ભાવ જાગ્યો. ગુરુપૂજન, જ્ઞાનપૂજન કરાયા બાદ પધારેલા સર્વે ભાઈ-બેનોનું તથા ઈન્ડસ્ટ્રીઝના કામદારોનું તિલક કરી રૂા. ૧થી બહુમાન કરેલ. મહાતપની અનુમોદનાર્થે મેઘાણી ખોડીદાસ બાવાભાઈ તરફથી સંઘમાં ૨૮૧ આયંબિલ કરાવાયા, તથા સંઘના સેક્રેટરી ડૉ. મનુભાઈ એન. શેઠે દરેક તપસ્વીઓને તિલક રૂા.૧થી બહુમાન કરેલ. ચતુર્વિધ સંઘના પગલાં સામૈયા સાથે દેવચંદ લક્ષ્મીચંદ્ર ભાઈને ત્યાં થયા, માંગલિક બાદ પ્રભાવના-બપોરે પૂજા-પ્રભાવના-આંગી થયેલ. પૂ. તપસ્વીનું પારણું સુખરૂપ થયેલ છે. અષાઢ સુદ ૩ના પૂ. મુનિરાજશ્રી ભદ્રશીલ વિજયજી મ.ઠાણા ૩નો ભવ્યસામૈયા સાથે ચાતુર્માસ પ્રવેશ થયેલ, માંગલિક બાદ પેંડાની પ્રભાવના તથા ૯૭ ભાઈ-બેનોએ આયંબિલ કરેલ તેમના સંઘવી બેચરદાસ ભાઈ તરફથી આઠ આઠ આનાની પ્રભાવના થઈ. પૂ. તપસ્વી મહારાજશ્રી અષાઢ સુદ ૧૦ના મોરબી ચાતુર્માસ પ્રવેશ કરશે.

દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૧૯,અંક-૪૧,તા.૨૪-૭-૧૯૭૧**

● **નાગપુર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ ચોમાસું પધાર્યાથી સંઘમાં આનંદમંગળ વર્તાઈ રહ્યો છે. એમનાં અધ્યાત્મપૂર્ણ જૈનતત્ત્વોનાં વ્યાખ્યાનોથી સંઘમાં જાગૃતિ સારી આવતી જાય છે. એમના શિષ્યો પૈકી પૂ.મુનિરાજશ્રી ઈંદ્રસેન વિજયજી મહારાજે ૧૬ ઉપવાસ તથા બીજા મુનિરાજોમાં વર્ધમાન આંબેલ તપ ઓળીઓ ચાલી રહી છે. નૂતન બાળમુનિ વર્ધમાન આંબેલ તપનો પાયો નાંખે છે. સ્વાધ્યાય પણ સુંદર ચાલી રહ્યો છે.

● **કાનપુર :** અત્રે શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના નવનિર્મિત જિનમંદિરમાં શ્રાવણ સુદ ૧૦ પ્રતિષ્ઠાનો મહોત્સવ નિમિત્તે ભારે તૈયારીઓ ચાલી રહી છે. બહારથી પધારનાર મહેમાનો માટે અલાયદી વ્યવસ્થા થઈ છે. મૂળનાયક ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીજીની બે બાજુ પધારવા માટે ભગવાન શ્રી વાસુપૂજ્ય સ્વામી અને શ્રી કુંથુનાથસ્વામીના મનોહર બિંબો અમલનેર સંઘની ઉદારતાથી મળેલા બહુમાનપૂર્વક લાવવામાં આવ્યા. ઈલા વોચ કું.વાળા શ્રી વસંતભાઈ શાંતિલાલની ભાવના વધવાથી એમના તરફથી વરઘોડો કાઢીને પ્રભુજીને પોતાના શણગારેલા આવાસ પર લાવી પધરાવવામાં આવ્યા. પ્રભાવના થઈ. બપોરના

ઠાઠથી પૂજા પ્રભાવના થઈ. ઘરે પ્રભુજી પધાર્યાની ખુશાલીમાં ૧ વર્ષ સુધી દર મહિને આંગી રચવાનું નક્કી કર્યું. સંઘનો ઉત્સાહ પણ ઘણો હતો. બીજે દિવસે સંઘે વરઘોડો કાઢી પ્રભુજીને મંદિરે લાવી પધરાવ્યા. બરફીની પ્રભાવના થઈ. વ્યાખ્યાનમાં શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથા તથા શ્રી રામાયણનું વાંચન ચાલુ થયું. સારી સંખ્યામાં શ્રોતાઓએ (૧) પ્રભુપૂજામાં પોતાનું દ્રવ્ય લઈ જવું. (૨) જમતાં પહેલી એક રોટલી લૂખી ખાવી, (૩) કાંઈપણ ખાતાં પીતાં પહેલાં મુઠ્ઠીવાળી નવકાર ગણવો એના નિયમ લીધા, અભક્ષ્યત્યાગ વગેરે નિયમ પણ લેવાયા.

રાતના યુવાન તથા મોટી વયના ભાઈઓને **પૂ.પંન્યાસજી મહારાજ** શ્રી ચૈત્યવંદન ભાષ્યના તથા પ્રાસંગિક પદાર્થો સમજાવે છે; જેવા કે, જિનપૂજાનું મહત્ત્વ, નિસિહિં-પ્રદક્ષિણા પ્રણામ વગેરેની પાછળ આધ્યાત્મિક રહસ્ય, નમસ્કાર આદિ દરેક સાધના માટે ઈચ્છાયોગ-શાસ્ત્રયોગ-સામર્થ્યયોગ, શ્રદ્ધા અને અનુભવ પ્રમાદના પ્રકાર, સુકૃતકરણ ઉપરાંત અનુમોદનાનું વિશેષ મહત્ત્વ, જલ-પુષ્પાદિ પૂજામાં હિંસા છતાં ધર્મ કેમ ? વીતરાગને આભૂષણ શા માટે ? નવાંગીપૂજાનાં રહસ્ય...ઈત્યાદિ.

● **ચાંદરાઈ :** (રાજસ્થાન) અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મહારાજ આદિઠાણા-૬ ચોમાસું પધાર્યાથી સંઘને ઘણા વર્ષે આ લાભ મળતો હોઈ ભારે ધર્મઉલ્લાસ પ્રગટ્યો છે. વ્યાખ્યાન સૂત્ર વંચાવવાની સારી બોલી થઈ. તપસ્યાઓ શરૂ થઈ છે. બાળમુનિઓ પણ રોજ પોરસી બેયાસણા કરતા હોવાથી સારી અસર પડી.

● **ઝરિયા :** અત્રે પૂ. મુનિરાજશ્રી જયશેખરવિજયજી મહારાજ આદિની નિશ્રામાં નાના ગામમાં પણ ધર્મરંગ ભારે આવી ગયો છે. રોજ વ્યાખ્યાનમાં ૭૫ જણ તથા પ્રતિક્રમણમાં ૨૫ જણ આવે છે. વિદ્યાર્થીઓ ધર્મનું શિક્ષણ સારું લઈ રહ્યા છે. શ્રી દેવશીભાઈ, મૂળચંદભાઈ, છોટુભાઈ વગેરે સંઘને ધર્મપ્રવૃત્તિમાં સારા જોડી રહ્યા છે.

દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૧૯,અંક-૪૨,તા.૩૧-૭-૧૯૭૧**

● **દાદર :** અત્રે આરાધના ભવનમાં પૂ. મુનિરાજો શ્રી લલિતશેખર વિજયજી મ. તથા શ્રી દેવસુંદરવિજયજી મ. અને શ્રી રત્નસુંદરવિજયજી મ. ચોમાસું પધારવાથી સંઘમાં સુંદર ધર્મ આરાધના થઈ રહી છે. શ્રી નાનચંદભાઈ તરફથી ૨૫૦ જણને ખીરનાં એકાસણા સાથે 'અરિહંત' જાપ ૧૨૫ માળાની આરાધના કરાવાઈ. ઉપરાંત ચાલીમાં ૩૦ રૂમમાં તથા દેરાસરના ભૈયા ગોઠી આંબેલ ખાતાના માણસો અને

નૂતન થતાં દેરાસરના કારીગરોને પણ ખીર વહેંચવામાં આવી. એમના જ તરફથી સંઘમાં અષાઢ વદ ૧૩-૧૪-૦)) પચાસેક અઠ્ઠમથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની આરાધના સુંદર થઈ. એમાં અંતરવારણા પારણાં કરાવવામાં વ્યાખ્યાનમાં શ્રી યોગશાસ્ત્ર તથા શ્રી પાર્શ્વચરિત્ર ચાલે છે.

● **ભાવનગર :** શિબિર વિદ્યાર્થી ભાઈશ્રી રાજેન્દ્ર શાહના પ્રયત્નથી રવિવારનું સામાયિક મંડળ ગૌરવભર્યું બની ગયું છે. ૪૦૦ની સંખ્યામાં વિદ્યાર્થીઓને **'અમીચંદની અમીદૃષ્ટિ'**ની કથા સાથે ઉપકારીની કૃતજ્ઞતા, અસત્સંગ ત્યાગ, સિનેમા-કંદમૂળ ત્યાગ, નરકનાં દુઃખ, શ્રાવકનાં કર્તવ્ય વગેરે પર ભાઈશ્રી રાજેન્દ્ર અસરકારક કહે છે; ૪૦૦ બાળકો છતાં તદ્દન શાંતિથી સાંભળે છે. વિદ્યાર્થીઓ ગળગળા થઈ જાય છે. સંઘમાં પણ આ કલાસનું સારું આકર્ષણ થયેલ છે. એક ભાઈ તરફથી રૂા. ૧૦૦ની પ્લાસ્ટિક ગ્લાસની પ્રભાવના થઈ. ભાવિકો સામે આવીને પ્રભાવના નોંધાવી જાય છે તેથી પર્યુષણા સુધીની પ્રભાવનાઓ નક્કી થઈ ગઈ છે. બે મોટા પડદા પર સુવિચારો લખાય છે. આગેવાનો મુલાકાત લઈ પ્રસન્ન થાય છે. રવિવારે ૯ વાગતાં હોલ ચિક્કાર ભરાઈ જાય છે. ચૌદસના પ્રતિક્રમણણાં ૧૫૦ વિદ્યાર્થીઓ આવે છે. ચોમાસી ૧૪ વીસ જણે પોષધ કરેલ. શ્રાવકના આચાર પર ખાસ ભાર મૂકવામાં આવે છે.

● **જામનગર :** અત્રે મોહનવિજય પાઠશાળામાં બિરાજમાન પૂ.મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજના વ્યાખ્યાનોએ જૈન જૈનેતરોને ઘેલું લગાડ્યું છે. રોજના વ્યાખ્યાનમાં ૨૫૦૦ જણની હાજરી, એમાં આજના યુવાન છોકરા-છોકરીઓ જ લગભગ હજારની સંખ્યામાં આવે છે. વ્યાખ્યાનમાં વિશ્વશ્રેષ્ઠ જિનશાસન પામ્યાની ખુમારી પર ભાર અપાઈ રહ્યો છે; અને રાત્રિભોજન અને કંદમૂળનો ત્યાગ, સિનેમાત્યાગ, નિત્ય જિનપૂજા, ગુરુવંદન તથા સવારે નવકારશીના અભિગ્રહ થોકબંધ લોકો લઈ રહ્યા છે. રવિવારે નાતના વંડામાં વ્યાખ્યાન થતાં ૫ થી ૭ હજારની મેદની થયેલી. હવે સંખ્યા વધવાના સંભવથી ટ્રસ્ટીઓ મુંઝવણમાં મૂકાયા છે કે શું કરવું ! દર રવિવારે સવારે તત્ત્વજ્ઞાન, બપોરે રામાયણ, રોજ યોગશાસ્ત્ર, દર સોમવારે પ્રશ્નોત્તરીનો વિષય રહે છે. જનતાનો ખૂબ જ રસ અને ઉમંગ ઉછળી રહ્યો છે.

● **નાગપુર :** અત્રે પૂ.મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજનાં વ્યાખ્યાનોથી સંઘમાં ધર્મરંગ વધી રહ્યો છે. પૂ. મુનિરાજશ્રી ઈન્દ્રવિજયજી મહારાજને ૨૮મા ઉપવાસે પણ સ્ફૂર્તિ સારી. માસખમણના નિમિત્તે રથયાત્રાના વરઘોડામાં એક કલાક સુધી તપસ્વી મુનિરાજ ફરેલા. તપ સાથે જાપ પણ ચાલુ છે. સંઘમાં પણ ૧૨૫ જણાએ શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુના અઠ્ઠમ થયા. નૂતન પૂ. બાળમુનિરાજશ્રી રાજપાલવિજયજી મહારાજને વર્ધમાન આંબેલ તપપાયા ઉપર લાગટ દક્ષી ઓળી ચાલુ છે.

● **કાનપુર :** અત્રે જૈન શ્વે.મૂર્તિપૂજક સંઘ નવા જિનમંદિરમાં ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીજી વગેરેની શ્રાવણ સુદ ૧૦ પ્રતિષ્ઠા અંગે મહોત્સવ ચાલી રહેલ છે. **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજના** શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા પરના જોરદાર વૈરાગ્ય ઝરતા પ્રવચનોથી સંઘમાં ધર્મરુચિ વધી રહી છે એમાં પ્રતિષ્ઠાની બોલી વખતે વિશેષ ધર્મપ્રેરણા કરતાં, ખૂબ જ ઉલ્લાસ વધવાથી બોલીનો આંક ધારણા બહાર વધી ગયો કહે છે. કાનપુરમાં પહેલી જ વાર આવી બોલી સાંભળી. મૂળનાયક પ્રભુને ગાદીનશીન કરવાની બોલી ભાઈશ્રી મણિલાલ ચત્રભુજે ભગવાન શ્રી વાસુપૂજ્ય સ્વામીજીની બોલી ભાઈશ્રી રેવાલાલ રૂગનાથે તથા ભગવાન શ્રી કુંથુનાથની બોલી ભાઈશ્રી રજનીકાંત રમણલાલવાળાએ લીધી.

● **કાનપુર :** અત્રે શ્રાવણ સુદ ૧૦ સવારે શ્રી જૈન શ્વે.મૂ.સંઘ મંદિરમાં મૂળનાયક ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીજી તથા બંને બાજુમાં ભગવાન શ્રી વાસુપૂજ્ય સ્વામીજી તથા ભગવાન શ્રી કુંથુનાથસ્વામીજીની પ્રતિષ્ઠા સંઘના ભારે ઉલ્લાસ સાથે થઈ. પ્રભુજી ગાદીનશીન થતાં પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજે મંત્રિત વાસક્ષેપ કર્યો, અને ત્યાં જ પ્રભુજીના બિંબોમાંથી અને પાછળની દીવાલમાંથી અમી છૂટવા માંડ્યા, લાંબા વખત સુધી અમી પ્રવાહ ચાલુ હતો. અમી લેવા માટે લોકોની પડાપડી થઈ. જિનબિંબોનું તે જ ખૂબ દીપવા માંડ્યું. સંઘે પૂ. મહારાજ સાહેબો સાથે ભક્તિથી ચૈત્યવંદન કર્યું. ચડાવા મુજબ પૂજાભક્તિ થયા બાદ પૂ.પંન્યાસજી મહારાજે વ્યાખ્યાન હોલમાં પ્રભુભક્તિ ઉપર ખૂબ પ્રેરક પ્રવચન આપતાં સંખ્યાબંધ ભાઈબહેનોએ રોજના યા મહિનામાં અમુક દિવસ જિનપૂજા કરવાની પ્રતિજ્ઞા લીધી. મંદિરનું કામ અધુરું હતું. જામનગરવાળા મિસ્ત્રી તથા આર્ટીસ્ટ શ્રી

વાલજીભાઈ કે જેમણે કલકત્તા ૯૬ કેનિંગસ્ટ્રીટ જિનમંદિરમાં ભગવાન શ્રી મહાવીર સ્વામીજીના સોનેરી એમ્બોસ કળાત્મક ચિત્રો, દેવવિમાન શી દેવળી તથા મંદિર બહાર શ્રીપાળ-મયણા સાથે વિશાળકાય બે હાથીનું સર્જન કરેલું. એમણે આવીને બહુ ટૂંકા સમયમાં પબાસણ, પ્રભુજીની ગાદી, પરિકર વગેરેનું કાર્ય રાત દિવસ મહેનત લઈ બજાવ્યું. શાંતસ્વભાવના શ્રી રમણલાલ કેશવલાલે બધી પ્રતિષ્ઠા વિધિ સુંદર ચોકખી કરી. ગવૈયા શ્રી ગજાનનભાઈ રોજ નવનવી પૂજા ભાવનામાં સંઘને ભક્તિરંગથી નવરાવી દેતા. ૮૦ ઘરની વસ્તીમાં પ્રતિષ્ઠા, અષ્ટોત્તરી, દ્વારોદ્‌ઘાટન, વરઘોડો વગેરે વગેરેની બોલીઓ અણચિંતી થઈ. વરઘોડામાં યુવકો કાનપુરના માર્ગોને ધૂન ગીતથી ગજાવી દેતા હતા. પ્રભુજીના રથનો શણગાર વિશાળ દેવવિમાન જેવો બનેલો. પ્રતિષ્ઠા પછી સંઘ સાધર્મિક વાત્સલ્ય થયું. બાદ અષ્ટોત્તરી સ્નાત્ર ભવ્ય ઉજવાયું. ઉત્સવ પ્રસંગે સંઘમંત્રી શેઠશ્રી કાન્તિલાલ વોરા તરફથી મૂળનાયક પ્રભુજીને ૧૧૮ તોલાની ચાંદીની આંગી મુગટ પાખર અર્પિત કરાયા, કલકત્તા, દિલ્હી, લખનૌ, અલ્હાબાદ, અમદાવાદ વગેરેથી પણ ભાવિકો પધારેલ. અમદાવાદવાળા શેઠશ્રી મયાભાઈ લક્ષ્મીચંદે સંઘપૂજન કર્યું અને રૂા. ૫૦૧ પ્રભુજીને આંગી વગેરે ખાતામાં ભરાવ્યા.

મૂળનાયક ભગવંતને શેઠશ્રી વ્રજલાલ મણિલાલ, શ્રી વાસુપૂજ્ય ભગવંતને શેઠશ્રી રેવાલાલ રૂઘનાથલાલે તથા શ્રી કુંથુનાથ ભગવંતને શેઠશ્રી રજનીકાન્ત રમણલાલે લાભ લીધેલ.

સંઘપ્રમુખ શેઠશ્રી રમણલાલ ચુનીલાલે દ્વારોદ્‌ઘાટનનો રૂા. ૬૫૦૦માં ચડાવો લીધો હોવાથી એમણે પોતાને ત્યાં પૂ.પંન્યાસજી મહારાજ આદિ મુનિવરો વગેરે સંઘનું પૂજન કર્યું. પછી વાજતે ગાજતે મંદિરે આવી ધામધૂમથી દ્વારોદ્‌ઘાટન વિધિ કરી શ્રીસંઘને પ્રભુના દર્શન કરાવ્યા.

મૂળનાયક પ્રભુજીને બિરાજમાન કરવાનો લાભ મળવાની ખુશાલીમાં શેઠશ્રી વ્રજલાલ મણિલાલ તરફથી સાધર્મિક વાત્સલ્ય રાખવામાં આવ્યું છે. મહોત્સવ દરમ્યાન શ્રી કાંતીભાઈ વોરા, હિરાલાલ બી. શાહ, હસમુખભાઈ, રતિભાઈ વોરા, રમણભાઈ, વજુભાઈ વગેરે કાર્યકરોએ સુંદર સેવા બજાવી હતી.

● **રાધનપુર :** પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં 'અરિહંતપદ' ની ખીરના એકાસણથી આરાધનામાં ૩૦૦ ભાવિકો જોડાયા હતા. શ્રાવણ સુદ ૩-૪-૫ના શ્રી સીમંધર ભગવંતના અઠ્ઠમની આરાધનામાં લગભગ ૩૦૦ આરાધકોએ આરાધના કરેલ. પૂ. બાલ મુનિરાજશ્રી દિવ્યચંદ્રવિજયજી મહારાજે નિત્ય એકાસણાં ઉપર અઠ્ઠમ કરેલ.

● **મોરબી :** પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મહારાજ તથા પૂ. રાજેન્દ્ર વિજયજી મહારાજશ્રીના ચાતુર્માસથી સંઘમાં જાગૃતિ સારી આવી છે. ૭ સૌમ્ય અને મોક્ષતપની આરાધના ૨૭૫ ભાઈ બેનોએ કરેલ. જેમાં નાના બાળકો પણ સારા જોડાયેલ. પૂ. તપસ્વી મણિપ્રભવિજયજી મહારાજને ચોવિહાર છઠ્ઠ-છઠ્ઠના પારણે આયંબિલથી વીસસ્થાનક ઓળી ચાલે છે. રાત્રિના તત્ત્વજ્ઞાનના વર્ગ ચાલુ થતાં ભાઈઓ સારો લાભ ઉઠાવે છે.

● **પાદરૂ :** પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ શ્રી ચાતુર્માસ પધારતાં સંઘમાં ધર્મનો ઉછરંગ ઘણો છે. ચોમાસામાં બહારથી પધારનાર સાધર્મિકોની ભક્તિ કરવાની ઉછામણી રૂા. ૨૦૦૦૦માં અપાઈ. ગામમાં આંબેલવાલાની ભક્તિ માટેની યોજનામાં રૂા. ૫૨૦૦૦ એકત્રિત થયા છે. પચરંગી તપમાં આરાધકો સારા જોડાયા હતા.

● **ઝરીયા :** પૂ.મુનિશ્રી જયશેખરવિજયજી મ.શ્રીની નિશ્રામાં અઠ્ઠમતપની આરાધના થતાં ૧૧થી ૧૬ વર્ષના ૮ બાળકો તથા ૫ બાળિકાઓ જોડાયેલ દેરક તપસ્વીને રૂા. ૧૬ની પ્રભાવના થયેલ. સંઘમાં ઉલ્લાસ સારો છે.

● **આમોદ :** પ.પૂ.મુનિરાજશ્રી લલિતવિજયજી મ.શ્રીના ચાતુર્માસ પધારવાથી સંઘમાં ઉલ્લાસ ઘણો છે. વ્યાખ્યાનમાં જૈન જૈનેતરો સારી સંખ્યામાં લાભ લે છે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૯,અંક-૪૭/૪૮,તા.૨૮-૮-૧૯૭૧

● **વાંકલી :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રાનંદવિજયજી મહારાજ આદિ ચોમાસું પધારવાથી સંઘમાં ધર્મઉદ્યોત સારો આવ્યો. એમની અને પૂજ્ય તપસ્વી મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ.ની પ્રેરણાથી ૫૦ જણે પંચરંગી તપ કર્યો. આઠેક જણાએ માસખમણની ભાવનાથી ઉપવાસ શરૂ કરેલ છે. ૧૦ જણે વર્ધમાન આંબેલ તપ પાયા નાખ્યા.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૨૦,અંક-૧,તા.૪-૯-૧૯૭૧

આપણું ઘર સંભાળો : આપણાં ઘરના કોણ ?

(લેખાંક-૧)

'શાંતસુધારસ શાસ્ત્ર'માં ૧૨ ભાવના પૈકી પાંચમી અન્યત્વ ભાવના ભાવવા

લખ્યું કે **'विनय ! निभालय निजभवनम्' હે આત્મન્ તું તારું પોતાનું ઘર સંભાળ;**

આ માર્કાનું વચન છે. પોતાનું ઘર ખરેખરું આત્મ-ઘર છે. બાકી દુન્યવી મોટી મહેલાતો શું કે રત્નોનાં વિમાન પણ શું, એ કાંઈ પોતાનું ઘર નહિ. એ તો શું પણ પોતાની કાયા પણ પોતાનું ઘર નહિ. કારણ, જે ઘરમાંથી હકાલપટ્ટી થાય એ ઘર પોતાનું શાનું ? શરીર અને મકાન વિમાન વગેરે લઈ બેસનાર કયા જીવને એમાંથી નથી નીકળી જવું પડ્યું ? આપણા જીવે એવાં શરીર-રહેઠાણ વગેરે આજસુધીમાં કેટલા લઈ બેસીને અંતે મૂક્યા ? મૂક્યા તે રાજીખુશીથી નહિ, પરંતુ કમને મૂકવા પડ્યા, કહો એમાંથી જીવની હકાલપટ્ટી થઈ. તો એ શી રીતે આપણું ઘર કહેવાય ?

આપણું ઘર આપણો આત્મા જ છે. સવાલ થાય કે પોતે પોતાનું જ ઘર કેવી રીતે ? જવાબ એ, કે જેમ માણસ બહાર બધે ફરી આવે, પણ ઘરમાં આવીને ઠરે છે, ઘરમાં શાંતિ વળે છે, એમ આત્માને બહારનાની આશા મૂકી પોતાનામાં ઠરવાથી શાંતિ મળે છે; માટે પોતે પોતાનું ઘર કહેવાય; પોતે પોતાનામાં રહ્યો ગણાય.

મહાપુરુષો પર જીવલેણ ઉપસર્ગ આવ્યા, ખંધકમુનિની જીવતાં ચામડી ઊતરી, ગજસુકુમાળના માથે સગડી મુકાઈ, મહાવીર પ્રભુના મસ્તકે સંગમદેવે ૫૦૦૦ મણનું કાળચક્ર પછાડ્યું, ત્યાં એમણે એ બાહ્ય શરીર પરની પીડાને ન ગણકારતાં અંદરમાં ઊતરીને પોતાના સનાતન અખંડ નિર્વિકાર આત્મસ્વરૂપનો વિચાર કર્યો, 'આ કામચલાઉ બાહ્ય શરીર પરની આપત્તિમાં મારા આત્મામાંથી શું લૂંટાય છે ? કશું નહિ, એના અસંખ્ય પ્રદેશમાંથી એક પણ પ્રદેશ ખેરવાતો નથી, તેમ એના સુંદર જ્ઞાનાદિમય અરૂપી સ્વરૂપને લેશમાત્ર બાધ નથી પહોંચતો. પછી બાહ્યની ચિંતા શી ? એમ અંદરમાં આત્મસ્વરૂપમાં ઠર્યા, એટલે કહેવાય કે એ અંદરવાળો અને એનું સ્વરૂપ એ પોતાનું ઘર છે, જેમાં ચિરકાળ શાશ્વતકાળ ઠરીને રહી શકાય અને અખૂટ શાન્તિ મળે. બાહ્ય શરીરાદિમાં ઠરવામાં આ કશું ન મળે; એમાંથી એક દિ' ડિસમિસ થવું પડે. માટે એ પોતાનું ઘર નહિ.

આમ, જ્યાંથી કદી હકાલપટ્ટી ન થાય, એ પોતાનો આત્મા અને શુદ્ધ આત્મસ્વરૂપ જ પોતાનું ઘર છે, તો ખરી સંભાળ એની લેવા જેવી છે. માટે કહ્યું **'જીવ ! તું તારું પોતાનું ઘર સંભાળ.'**

'પોતાનું ઘર સંભાળ.' એટલે જેમ બાહ્યમાં માણસ એ જુએ છે કે 'ઘર

ચોક્ખું રહેવા લાયક સાફ છે ને ? ક્યાં ક્યાં રિપેરીંગ માગે છે ? ઘરમાં આવક કેટલી ? સામાન કેટલો ? ક્યાં ખરચા કેટલા ? પારકું આપણા ઘરમાં શું પડ્યું છે ? પોતાના ઘરના કોણ કોણ, ને બહારના કોણ ?...' જેમ બાહ્ય ઘર સંભાળવામાં આ બધું જુએ છે, એમ આપણું આત્મઘર સંભાળવામાં આ જોવાનું છે, કે (૧) આપણું આત્મઘર રહેવા લાયક સાફ કચરા વિનાનું છે ને ? એમાં કામ-ક્રોધ-લોભાદિ કષાયો, આહાર-રસ-વિષય-પરિગ્રહાદિ સંજ્ઞાઓ, શલ્ય-ગારવ-કુલેશ્યા વગેરે કચરા નથી ને ? એમ (૨) આત્મઘર કયા કયા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં ભંગાર છે ? કયું કયું એમાં રિપેરીંગ માગે છે ? (૩) આત્મ-ઘરમાં (i) પુણ્યાનુબંધી પુણ્યની તેમજ (ii) ક્ષમાદિના સુસંસ્કારોની અને (iii) કર્મનિર્જરાની આવક કેટલી છે ? વળી (૪) સિદ્ધ થયેલ જિનભક્તિ-દયા-વ્રતનિયમ અને અહિંસા-સત્ય-ક્ષમા-મૈત્રી-કરુણા વગેરેનો સામાન કેટલો છે ? એમ, (૫) પૂર્વ પુણ્ય સંચયમાંથી ક્યાં કેટલો ખરચ થઈ રહ્યો છે ? તથા (૬) અહીં મળેલ અતિકિંમતી મનોયોગ-વચનયોગ-કાયયોગ શક્તિમાંથી ક્યાં, કેટલો, ને કેવો વપરાશ ચાલી રહેલ છે ? એવી રીતે આત્મઘરમાં પોતાનું શું શું છે ? અને પારકું શું શું પડેલું છે ? અર્થાત્ દેવ-ગુરુ-સંઘરાગ, જ્ઞાનદર્શન, સંવેગ વૈરાગ્ય, ત્યાગ-તપ, વ્રતનિયમ ક્ષમાદિ શું શું પોતાનું પડેલું છે ? અને કર્મજથા, ધન આદિ ઉપાધિ તથા વ્યવહારથી સગાઈ સંબંધો આદિ, પર પદાર્થ કેટલા પડ્યા છે ? આ ૬ મુદ્દા પૈકી દરેક પર ઘણું વિચારી શકાય.

બસ, આ રીતે આત્મઘરની તપાસ લેવાની છે; અને લઈને પછી એમાંથી કચરા સાફ કરતા ચાલવાનું; ભંગાર સુધારી અખંડતા કરવાની; પુણ્યાઈ-સુસંસ્કાર-કર્મક્ષયની આવક વધારતા રહેવાનું; વ્રત-નિયમ-અહિંસાદિ તથા જ્ઞાન-દર્શનાદિનો સામાન સિદ્ધ કરતા રહેવાનું, પાપકર્મના જથ્થા તથા વ્યાવહારિક સંબંધ એ પર છે, પારકી ચીજ છે, એનો ખ્યાલ રાખી દિલમાંથી બને તેટલા એ વોસિરાવવાના, અને દેવ-ગુરુ આદિની મમતા વધારતા જવાનું; કિંમતી મનોયોગ-વચનયોગ-કાયયોગની શક્તિઓનો આડે માર્ગે યાને મોહ-રાગાદિના પોષણમાં અપવ્યય ન થાય પરંતુ દેવ-ગુરુ-સંઘ-તીર્થ-શાસ્ત્ર તથા દાનાદિ અહિંસાદિ વગેરે ધર્મોમાં સદુપયોગ થાય એમ કરતા રહેવાનું. વળી કષાયો-સંજ્ઞાઓ, ગારવ-શલ્યો અને કુલેશ્યાઓના નવા કચરા ઘાલવા નહિ. સાથે એ પણ જોવાનું કે 'આપણા આત્મઘરના માણસ કોણ ?' અને પછી એમને જ આપણા પોતાના માનતા રહેવાનું, એમનાથી જ મહા આશ્વાસન લેવાનું.

● **પાદરુ (રાજસ્થાન) :** અત્રે પૂ. મુનિશ્રી જિતેન્દ્ર વિજયજી મહારાજના ચોમાસાથી સારી ધર્મપ્રભાવના થઈ રહી છે. પૂ.મુ. શ્રી ગુણવર્ધન વિ.મ.ના ૫૨

મી વર્ધમાન આંબેલ ઓળીના પારણા પ્રસંગે ૫-૧૦ વર્ષમાં ૬-૬ હજાર કુલ ૧૨ હજાર આંબેલ કરવાનું કેટલાક પરિવારે નક્કી કર્યું. આગમપુરુષનો અહીં પટ્ટ સ્થાપિત કરવાની જ્ઞાનખાતે રૂા. ૨૪૬૦ ની ઉપજ થઈ.

● **વાંકલી :** પૂ. મુનિરાજશ્રી ભદ્રાનંદવિજયજી મ. અને પૂ.મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ.ના ધર્મોપદેશથી અત્રે સંઘમાં ૮ માસખમણ, ૧૪ પાખમણ, લગભગ ૧૦૦ અઠ્ઠાઈ વગેરે સુંદર આરાધના થઈ. વરઘોડો અઠ્ઠાઈ ઉત્સવ ૮ નવકારશી વગેરે નક્કી થયું.

● **મલાડ :** વેલાણી એસ્ટેટમાં પૂ.મુ. શ્રી રત્નસુંદરવિજયજી મ.ના પર્યુષણા-વ્યાખ્યાનમાં ૧૫૦૦ માણસોનો મંડપ પણ નાનો પડતો. સિગરેટ-સિનેમા-હોટેલ-કંદમૂળ-રાત્રિભોજનત્યાગ, ૫ તિથિ લીલોતરીત્યાગ, ચોમાસામાં કોથમિર પણ ત્યાગ, ચોમાસામાં કોલસા ચાળીને વાપરવા, પૂંજણીનો ઉપયોગ, રોજ ચારિત્રજીવનની પ્રભુ પાસે પ્રાર્થના કરવી, વગેરેના નિયમ લેવાતા; યુવાનોનો ધસારો રહે તો પહેલે જ દિવસે પૂ. મહારાજશ્રીએ વ્યાખ્યાનમાં જાહેર કરેલું કે 'વ્યાખ્યાન સમય સિવાય બેનો સાધુના મુકામે ન આવે,' એનું બેનોએ સારું પાલન કરેલું.

સ્થવિરાવલિના બપોરના વ્યાખ્યાનમાં લગભગ ૨૦૦૦ માણસ હતું એમાં છેલ્લે સ્વ.પૂ.આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજનાં ભવ્ય વ્યક્તિત્વ સાથે ગુણોનું કીર્તન કરતાં પૂ. મહારાજશ્રી અને આખી સભા ધ્રૂસકે રડી.

● **નાગપુર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ.ની નિશ્રામાં મહાપર્વની સુંદર આરાધના થઈ. સંઘમાં તપસ્યાઓ ઉપરાંત વરઘોડો, ધર્મદ્રવ્ય ઉપજ, સાધર્મિક વાત્સલ્ય વગેરે સરસ થયું. બે પૂ. મુનિરાજોને અઠ્ઠાઈ તથા બાળમુનિ પૂ. રાજપાલવિજયજી મ.ને પહેલો અઠ્ઠમ હતો, અને છેલ્લે અઠ્ઠમ પર ચોથો ઉપવાસ કરી આગળ વધવા ચાહે છે.

● **ઝરિયા :** આ નાના ગામમાં પણ પૂ. મુનિરાજો શ્રી જયશેખર વિજયજી મ., શ્રી જયસોમ વિજયજી મ.ની નિશ્રામાં ૭૦ અક્ષયનિધિ, ૧૨-૧૧-૯ ઉપવાસ, અઠ્ઠાઈઓ ૧૩, ૮ ચોસઠ-પહોરી પોષધ થયા. વરઘોડો ભવ્ય ૬ થી ૭ જુવાન જોડ ડાંડિયા લેતા ૩ કલાક ચાલ્યો; પ્રભાવનાઓ, સાધર્મિક-વાત્સલ્ય, પ્રતિક્રમણમાં રોજ સવારે ૫૦-૬૦, સાંજે ૯૦-૯૫, ઉપજો પણ સુંદર થઈ. મહાપર્વ અદ્‌ભુત ઉજવાયા.

● **ગોરેગામ (મુંબઈ) :** અત્રે પૂ.પં. શ્રી ચરણવિજયજી મ.ની નિશ્રામાં ૬ સિદ્ધિતપ, ૩ માસખમણ, $\frac{૨૧}{૨}$, $\frac{૧૧}{૧}$, $\frac{૧૫}{૧}$, $\frac{૧૧}{૨}$, $\frac{૧૦}{૨૦}$,૫૦ અઠ્ઠાઈ ૪૯ ચોસઠપહોરી વગેરે અભૂતપૂર્વ તપસ્યા થઈ, રૂા. ૧૦ હજાર ઉપરની પ્રભાવના, વરઘોડો સાધર્મિકવાત્સલ્ય વગેરે સુંદર

થયું.

● **રાધનપુર :** પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ.ની નિશ્રામાં સંઘમાં ૮ ઉપ. તથા ઉપરના લગભગ ૩૦, રથયાત્રાનો વરઘોડો શાનદાર, ઉપજો, પ્રભાવનાઓ વગેરે સુંદર થયું. ભોંયરા શેરીમાં શ્રી આદીશ્વર પ્રભુના ભોંયરામાં રાત્રે દિવ્યસંગીતનાટારંભ થતા સંભળાતા. શ્રા. સુ. ૧૫ રાતના દિવ્ય વાજિંત્રોના તથા ડાંડિયાના નાદ, દિવ્યપ્રકાશ, દિવ્યસુગંધ ફેલાતાં રાત્રે ૨ વાગ્યા સુધી હજારો જૈન-જૈનેતરોએ જાળીમાંથી અનુભવ કર્યો. સાંભળનાર કહે છે એક મોટા દેવ બોલાવરાવે, ૪-૫ દેવ બોલે, અને સેંકડો દેવ દેવી ઝીલે. આની તથા પૂ.નૂતન મુનિરાજશ્રી નિપુણચંદ્ર વિ.ની અઠ્ઠાઈ તથા સંઘના તપોની અનુમોદના નિમિત્તે ૫ દિનનો ઉત્સવ નક્કી થયો છે.

● **મોરબી :** અત્રે પૂ. તપસ્વી મુ. શ્રી મણિપ્રભવિજયજી મ.ની ચોવિહાર છઠ્ઠ છઠ્ઠ પારણે આંબેલ તપના પ્રભાવે અને પૂ. વિદ્વાન મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ.ના શાંત સ્વભાવ સાથે રોચક અને બોધક વ્યાખ્યાનોએ સાધારણ ખાતે રૂા. ૯૦૦૦ પાઠશાળા ખાતે રૂા. ૪૦૦૦ અને બીજી ઉપજો ધારણા બહાર થઈ ઉપવાસ $\frac{૧૧}{૪}$, $\frac{૧૧}{૧}$, $\frac{૯}{૫}$, $\frac{૮}{૫૦}$, $\frac{૧૭}{૧૦}$ તથા બીજી તપસ્યાઓ ખૂબ થઈ. પૂજ્યશ્રીના પધારવાથી છેલ્લા ૧૫ વર્ષમાં ન થયેલ ધર્મોલ્લાસ-સુકૃતકરણી-જયજયકાર વર્ત્યો છે.

● **જામનગર :** અત્રે પ્રખરવ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ.નાં જોશીલા વ્યાખ્યાનોથી મહાપર્વ ભવ્ય ઉજવાયા, તપમાં ઉપ. $\frac{૪૫}{૧}$, $\frac{૩૦}{૩}$, $\frac{૧૧}{૩}$, $\frac{૧૧}{૨}$,$\frac{૯}{૩}$ અઠ્ઠાઈ ૧૩૪ વગેરે તથા ઉપજ પ્રભાવનાદિ અદ્‌ભુત થયું.

● **કાનપુર :** અત્રે પર્યુષણામાં બાબુલોકોના ઉપાશ્રયે પણ **પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજે** મુનિમહારાજને મોકલવાથી પર્યુષણા હિંદી વ્યાખ્યાન, પ્રતિક્રમણ, સારા થયા. બારસાસૂત્ર સાંવત્સરિક પ્રતિક્રમણ તથા અજિતશાંતિ પૂ. મુનિરાજશ્રી વિમલસેનવિજયજી મહારાજે એવા ભણાવ્યા કે બાબુવર્ગ અને મારવાડી ભાઈઓ કહે જીવનમાં પહેલી જ વાર આટલું ચોકખું અને મધુરું સાંભળવા મળ્યું. ગુજરાતી અને બાબુવર્ગની ચૈત્ય પરિપાટીનો સંયુક્ત મોટો વરઘોડો ભવ્ય નીકળ્યો. તપસ્યા ઉપ. ૧૬-૧૨-૧૦-૯-૮ વગેરે સારી થઈ. પ્રતિષ્ઠામાં ભવ્ય બોલીઓ થઈ જવા છતાં મહાપર્વમાં સુંદર ઉપજો થઈ. સાંજીઓ પારણાં સાધર્મિક વાત્સલ્ય વગેરે સુંદર થયું.

'દિવ્ય-દર્શન'ના ૨૦ મા વર્ષના પ્રારંભે

વિ.સં. ૨૦૦૮ અને ઈ.સ. ૧૯૫૨ થી શરૂ થયેલ આ 'દિવ્ય-દર્શન' આધ્યાત્મિક પત્ર સફળ આગેકૂચ કરતું ૧૯ વર્ષ પૂરા કરી આજે ઈ.સ. ૧૯૭૧ સપ્ટેમ્બર માસના પ્રારંભે ૨૦ મા વર્ષમાં મંગળ પ્રવેશ કરે છે. ત્રિશત-મુનિનેતા કર્મસાહિત્ય સૂત્રધાર સંયમૈકતાન પરમોપકારી સ્વ. સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પરમકૃપારૂપે પૂ.પં. શ્રી ભાનુવિજયજી ગણીનાં આધ્યાત્મિક પ્રવચનો આ પત્રમાં પ્રકાશિત થતાં રહ્યાં છે.

પત્રના માનવંતા વાંચકોના અભિપ્રાય મળે છે કે આજની બાહ્ય અનેક વિટંબણાઓ શારીરિક અસ્વસ્થતાઓ અને આર્થિક તથા કૌટુંબિક અગવડો કે જે નિર્ધારિત જેવી છે; એનાથી ઊભી થતી માનસિક આધિ, સંતાપ, કષાયો અને અસત્ સંકલ્પ-વિકલ્પોની પીડાઓ શાંત કરવા અમારે ક્યાં જવું ? દિવ્ય-દર્શન સાપ્તાહિક અમારા દિલની વાતો કહે છે, અમારી પામર સ્થિતિનું ભાન કરાવે છે, અમારા ખૂણેખૂણામાં ભરાયેલી ખરાબીઓની ઓળખ કરાવે છે, અને એના નિવારણ-નિરાકરણ માટે સચોટ ચાવીઓ, ઉપાયો દલીલ અને દૃષ્ટાંતો બતાવે છે. તેથી અમને માર્ગ-ઉન્માર્ગનું હેય-ઉપાદેયનું કર્તવ્ય-અકર્તવ્યનું ભાન થાય છે; અમારા મલિન ભાવોમાં શુદ્ધિકરણ થવાને ઘણો અવકાશ મળે છે. દિવ્ય-દર્શન નહોતા વાંચતા ત્યારની અમારી આંતરિક મનોદશામાં દિવ્ય-દર્શન વાંચતા થયા પછી ઘણું પરિવર્તન આવ્યું છે. દિવ્ય-દર્શનનો અમારા પર અપરંપાર ઉપકાર છે. ''આવાં તો કેઈ વાંચકોના અનુભવ છે.''

દિવ્ય-દર્શનના અગ્રલેખ દરેક સપ્તાહે નવું નવું વિશિષ્ટ તત્ત્વજ્ઞાન પીરસે છે એનું તત્ત્વરસિક ભાવિકોને ભારે આકર્ષણ છે. તેથી દર વર્ષના અગ્રલેખોની એકેક નાની જેમ સંગૃહિત બુક પ્રકાશિત કરવાની પણ માગણી આવી છે. એવી 'ધ્યાન અને જીવન ભા.-૨ 'રાજા રુક્મિનું પતન અને ઉત્થાન', 'સીતાજીના જીવન પ્રસંગો' સમરાદિત્યનો ૩જો ભવ, ૪થો ભવ, યશોધરચરિત્ર' વગેરેના સંગૃહિત પુસ્તકો પ્રગટ કરવાની પણ અતિ આવશ્યકતા ઊભી છે. આશા છે કે પૂર્વપ્રકાશિત ગ્રંથરત્નોની જેમ આ પણ મહાન શ્રુતભક્તિ ભાવકરુણા અને ધર્મપ્રભાવનાનો લાભ ઊઠાવનારની અનુકૂળતાએ પ્રગટ થતા રહેશે.

પ્રાંતે ઘેર બેઠા દર સપ્તાહે મળતા આ ઉચ્ચ કોટિના આધ્યાત્મિક વાંચનની કદર કરી દરેક સભ્ય આના ૩-૪ નવા સભ્ય વધારે એવી આશા રાખીએ છીએ.

- તંત્રી મંડળ

• • •

ચિત્ત-કલેશો શમાવવા એક મંત્ર, - 'પ્રભુ ! તું મને ગમે છે ?'

આજની વધારી મૂકેલી ભૌતિક જરૂરિયાતો અને વિલક્ષણ બનેલ દેશ-કાળના સંયોગો એ માણસના મન સંક્લેશોથી ખૂબ પીડાઈ રહ્યા છે; તેમજ ધર્મી જીવોને ધર્મસાધના વખતે ચિત્તની સ્થિરતા નથી રહેતી. પુણ્ય અને સત્ત્વ એટલાં પ્રબળ નથી કે જેથી વધુ પડતી જરૂયિાતો સીધે સીધી રીતે પૂરી પડે; તેમજ વિલક્ષણ સંયોગો પોતાને સ્પર્શે નહિ. પછી સહજ છે કે એ ચિત્તને ડહોળી નાખે. ચિત્તને સંતાપથી તપાવે.

એટલે, ચિત્તના સંક્લેશ અને ચંચળતા ઓછી કરવા ખરો ઉપાય આ છે કે ભૌતિક જરૂરિયાતો ઓછી કરવી, અને દેશકાળના સંયોગોથી દિલને બને તેટલું દૂર રાખવું. ધ્યાનમાં રહે કે આવાં સ્વમાન ને અહંત્વ ઊંચું રાખવાની પણ જે જરૂર લાગે છે એ ય વધુ પડતી જરૂરિયાત છે. એથી બહુ નિકટના સગા બાપ-દીકરો, ભાઈ-ભાઈ, પતિ-પત્ની, સાસુ-વહુ વગેરે વચ્ચે આના કારણે ઝઘડા ઊભા થાય છે. 'સામાનું બોલ્યું-ચાલ્યું હું શાનો સહન કરી લઉં ?' એમ અહંત્વમાં તણાયે મોં બગાડાય છે, ને કડવું કર્કશ સંભળાવી ય દેવાય છે; પછી ચિત્ત ક્લેશ સળગતો રહે એમાં નવાઈ નથી. તેથી જેના સ્નેહથી જીવવું છે એની સામે સ્વમાન-અહંત્વની જરૂરિયાત પણ ઓછી કરી નાખવાની જરૂર છે. અસ્તુ.

સત્ત્વ ઓછું હોવાના હિસાબે જરૂરિયાતો તરત એટલી ન ઘટે અને વિલક્ષણ સંયોગો મનને સ્પર્શી જતા હોય, ત્યાં પણ સંક્લેશ શમાવવા આ એક ચાવી છે કે વારંવાર અંતરમાં આ પૂછવું કે,

'પ્રભુ ! તું મને ગમે છે ? મને પ્રભુ ગમે છે ?
જો ગમે તો બીજું શાનું ગમે ?'

આ એક મંત્રની જેમ ચિત્ત પર ચમત્કારિક અસર કરે છે. કેમકે આ યાદ કરતાં મનને એમ થાય છે કે 'વીતરાગ પ્રભુ ! જો તું મને ગમતો હોય, તો પછી શા સારુ મને રાગાદિ રોગ પોષનારું ગમે ? વીતરાગ ભગવાન એટલા જ માટે ગમે કે રાગદ્વેષ-અહંત્વ-ઈર્ષ્યા વગેરે મનના રોગો અને એથી નીપજતા અશુભ કર્મસંચય તથા જન્મ-મરણાદિની પીડાઓને એ ટાળનાર છે. એવા પ્રભુ ગમે એટલે

સહજ છે કે પછી બીજું રાગાદિ રોગ વધારનારું ન ગમે. ત્યારે, જો એ અણગમતું બરાબર કર્યું, તો પછી એના પર મદાર શી બાંધવી હતી ? એને મહત્ત્વ આપી શા સારુ સંક્લેશ કે સંકલ્પવિકલ્પ કરવા ?' આમ, મનમાં બરાબર ગોઠવીને વીતરાગ પ્રભુ પર આસ્થા વધાર્યે જવાય. 'પ્રભુ ! તું મને ગમે છે ?' એ વારંવાર યાદ કરી કરી 'તો પછી મારે બીજું ગમતું કરવાનું ન હોય' એ ભાવ નક્કી કરાય; અને એમ એનું મહત્ત્વ ઘટાડી દેવાથી એના સંક્લેશ અને સંકલ્પવિકલ્પ ઓછા થાય.

• • •

• **મોરબીમાં અપૂર્વ તપશ્ચર્યાપૂર્વક પર્યુષણાપર્વની યાદગાર ઉજવણી :** અત્રે મહા તપસ્વી પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ.ના છઠ્ઠ-છઠ્ઠ પારણે આયંબિલથી તથા પ્રવચનકાર પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ.ની હૃદયવેધિની જિનવાણીના રસપૂર્વક શ્રવણથી શ્રી સંઘમાં અપૂર્વ ધર્મભાવના પ્રગટતી રહી છે. પર્યુષણામાં નાના-મોટાને ૧૬-૧૫-૧૧-૯ ઉપ. તથા ૫૦ જેટલી અઠ્ઠાઈની યાદગાર તપશ્ચર્યા થઈ છે. ૯ થી ૧૩ વરસની ૪ બાળાઓએ અઠ્ઠાઈ તપ કરી આત્મશક્તિનો પરિચય કરાવ્યો. કેટલાયને આઠે દિવસ પોષધ થયા, પાઠશાળા માટે પ્રેરણા મળતાં કાયમી રૂપરેખા રજૂ કરવા સાથે વાર્ષિક ખર્ચ માટેની ટીપમાં રૂા. ૪૦૦૦ લગભગ તથા સાધારણ ખાતાની નબળાઈ દૂર કરવા રૂા. ૧૦૧ ની તિથિઓની નોંધ થતાં ૯૦૦૦ રૂા. થયા.

કલ્પસૂત્રનો રાત્રિજગો, વરઘોડો, ૧૪ સ્વપ્નાની તથા પારણાની તેમજ બારસાસૂત્રની તથા રથયાત્રાની તેમજ સાંવત્સરિક પ્રતિક્રમણમાં સૂત્રની તથા જિનમંદિરના દ્વારોદ્‌ઘાટન અને દરેક મૂળનાયક ભગવાનની પ્રથમ પૂજાની બોલીઓનો રેકર્ડ થયો; ઉમળકાભેર સારા કામમાં પૈસાનો લોભ ન રહી જાય તેમ ઘણા વરસોમાં નહિ તેવી બોલીઓ બોલતાં આનંદ તરવરતો હતો.

ચૈત્યપરિપાટીનો વરઘોડો સુંદર; ભા.સુ. ૬ ના રથયાત્રાનો ભવ્ય વરઘોડો ચડ્યો. ઈન્દ્રધજા-બે બેન્ડ-પાલખી-રથ-૧૪ સ્વપ્ન-કલ્પવૃક્ષ-એમ્પાલાકારમાં પારણું-પૂ. સાધુસાધ્વીજી મ. વિશાળ સાજન સાથે પ્લોટના દેરાસરે જઈ ગામના દેરાસરે આવી પહોંચેલ. સાંજના નોકારશી-જમણ શ્રેષ્ઠિવર્ય છબીલદાસ માણેકચંદભાઈ તરફથી અપૂર્વ ઉત્સાહપૂર્વક થયેલ. તપસ્વીઓને પ્રભાવનાઓ પારણાં સુંદર કરાયા. આરાધનાના આનંદમાં સામૂહિક ટીપનો એક ભવ્ય જિનેન્દ્રભક્તિમહોત્સવ નક્કી થયો. રોજ નવ-નવી ભવ્ય અંગરચના-પૂજા-તથા ભાવનામાં ધર્મનાથ જૈનમિત્રમંડળે વિવિધ ભક્તિના કાર્યક્રમો દર્શિત કર્યા હતા.

• **ચાંદરાઈ :** અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મહારાજ બાળ મુનિઓ આદિ સાથે બિરાજમાન હોઈ મહાપર્વની ઉજવણી અદ્‌ભુત થઈ. સ્વપ્નોનું ઘી ૪૦૦૦ મણ પારણાનું ૩૫૦૦ મણ (લગભગ રૂા. ૧૦ાા હજાર), કુલ રૂા. ૫૦ હજારની ઉત્પન્ન થઈ. ઉપ. ૧૬-૧૫-૧૧-૯-૮ વગેરે સારા થયા. ૫૧ ચોસઠપહોરી પોષધ હતા બિકાનેર કોશિલાવ, વિસલપુર વગેરેથી આરાધના કરવા આવેલ.

• **સુરેન્દ્રનગર :** અત્રે પૂ. મુનિરાજશ્રી મહાબલવિજયજી મ.ની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી પુણ્યપાલવિજયજી મહારાજે પર્યુષણમાં સુંદર વ્યાખ્યાનો આપ્યા. વિશાળ હાજરી મોટા ઉપાશ્રયમાં ય ન માય તેથી ચોગાનમાં મંડપ ઊભો કરેલ જન્મવાંચન સમયે પહેલેથી સૂચના અપાઈ હોવાથી સૌએ નીચે બેસી શાંત રહી શ્રવણ કર્યું. એ એક આશ્ચર્ય થયું. ઉપજો પૂર્વે કરતાં વિશેષ સુંદર થઈ. સાધારણ ખાતામાં મોટો તોટો હોઈ ૫ વર્ષ માટે રૂા. ૨૦ ની ૧ તિથિ, તથા ૨૦૧ રૂા.ની કાયમી તિથિની યોજનામાં રૂા. ૭૨ હજાર લગભગ થયા. નવા ઉપાશ્રય હોલમાં નામ આપવું વગેરે બીજી ૨-૩ યોજનાઓ અંગે પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની સલાહ લઈ ઘટતું કરવાનું નક્કી થયું. સાધર્મિક વાત્સલ્ય વરઘોડો વગેરે સુંદર થયું.

• **ઝરિયા :** અત્રે પૂ. મુનિરાજો શ્રી જયશેખરવિજયજી મ. તથા શ્રી જયસોમવિજયજી મહારાજના ચોમાસાથી સંઘમાં પ્રવેશમાં ૮૧ આંબેલ, શિખરજીના ૩૩ અઠ્ઠમ, ૩ છઠ્ઠ, એમની સુંદર ભક્તિ રૂા. ૧૭-૧૭ ની પ્રભાવના, ચોમાસી ૧૪ના ૩૦ પોષધ, ૫૪ અક્ષયનિધિ, ૧૦ ચૌદપૂર્વતપ, મહાપર્વમાં ૧૪ મોટા તપ, બાકી ૨-૩ ઉપ૰ ઘણા, શેઠ શ્રી દેવશીભાઈના ઘરમાં ૩ અઠ્ઠાઈ, મોટા તપવાળાને રૂા. ૨૦-૨૦ની પ્રભાવના, પહેલી જ વાર ૬૪ પહોરી પોષધ ૮, દરેકને રૂા. ૪૦ ની કાંબળ પૂજાની જોડ તથા નગદ મળી રૂા. ૬૦ ની પ્રભાવના, ૧૨ સરાક જાતિના ભાઈઓમાં અઠ્ઠાઈ અઠ્ઠમો...પ્રતિક્રમણમાં ૩૦-૩૫ ને બદલે રોજ ૧૦૦, એમને ૩-૪ પ્રભાવના, સ્વામીવાત્સલ્યમાં અમૃતી, મોતીચૂર વગેરે, રથયાત્રા વરઘોડો ઝરિયાનો જોવાલાયક બોલીમાં રૂા. ૫૫૦૦ વગેરે સુંદર ધર્મપ્રભાવના થઈ.

• **અમદાવાદ :** અત્રે કાળુશીની પોળે શ્રી પોપટલાલ તારાચંદે અઠ્ઠાઈ સાથે ૬૪ પહોરી પોષધ કરેલ તેની ખુશાલીમાં ભા. સુદ ૧૦ ખાસ વિનંતી કરી. પૂ. આચાર્યદેવોશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, શ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મ. તથા પૂ. મુનિરાજશ્રી મેરુવિજયજી મ.ને સપરિવાર સામૈયા વરઘોડા સાથે લાવી વ્યાખ્યાન કરાવેલ. બપોરે શ્રી જૈન ધર્મઆરાધક મંડળે શ્રી નવપદજીની પૂજા ભણાવેલ ઠાઠ સારો આવેલ. પોળમાં ઉત્સાહ બહુ હતો.

● **જામનગર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજની નિશ્રામાં મહાપર્વની આરાધના તપસ્યા ઉપજ વગેરેથી ઝલકદાર થઈ. બાદમાં રથયાત્રાનો વરઘોડો તો જામનગરના ઈતિહાસમાં અભૂતપૂર્વ નીકળેલ, પ્રભુજીના રથને શેઠિયાઓએ ખેંચેલા લગભગ ૫૦૦૦૦ માણસ હશે. સાથે આખા બજારમાં લાડુના પડિકા વહેંચવામાં આવતા.

● **ઈડર :** અત્રે પૂ. પંન્યાસજી શ્રી જયંતવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના સુંદર થઈ. એમાં પૂ. મહાશાલવિજયજી મહારાજની ૧૭ ઉપવાસની આરાધના થતાં સંઘમાં પણ ૨૦-૧૭ ૧૬'-૧૦-૮ વગેરે તપસ્યા થઈ. બોલીઓ સારી થઈ ડુંગર ઉપર ચૈત્રી, કાર્તિક ૧૫ ના ભાતા-ખાતામાં રૂા. ૮૦૦૦ થયા. અક્ષયનિધિ ૮૪ અને ૫૦ ચોસઠપહોરી પોષધ પણ થયેલ. એકંદરે ધર્મનો જયકાર વર્તી રહ્યો.

● **મુંબઈ-સાયન :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજના ચોમાસાથી ધર્મની વિશેષ જાહોજલાલી થઈ. દર શનિ બપોરે વડીલોની હાજરીમાં ૪૦૦-૫૦૦ બાળક-બાળિકાઓને ખાસ સંસ્કાર ઘડતરનાં વ્યાખ્યાન અપાતાં બાદ એમને નાસ્તાના પ્રભાવના અપાતા. દર રવિએ 'રામાયણમાં જીવનદૃષ્ટિ' પર જાહેર વ્યાખ્યાન અપાતાં શ્રોતાઓ ગદ્‌ગદ બની જતા. ૩ દિવસ ખીરના એકાસણાથી ૧૨૦ જણે દરેકે ૧૨॥ હજાર નવકારજાપની આરાધના કરી, ધ્યાન કર્યું, કાર્યક્રમ ખૂબ રસપૂર્ણ બન્યો. પર્યુષણામાં માસખમણથી માંડી અઠ્ઠાઈ સુધીના તપમાં ૫૦ આરાધક હતા. તેથી નીચે અઠ્ઠમ સુધીમાં ૧૫૦ હતા. દેવદ્રવ્યમાં ૨૫૦૦૦ મણ, જ્ઞાન ખાતે ૫૦૦૦ મણ, સાધારણ ખાતે રૂા. ૩૫૦૦૦, જીવદયામાં રૂા. ૧૦૦૦૦ માનવરાહતમાં રૂા. ૧૦,૦૦૦ બધી ઉપજ રૂા. ૧॥ લાખની થઈ. હવે મોટાઓનો તત્ત્વજ્ઞાન વર્ગ શરૂ થયેલ છે. ૭૦-૭૫ની હાજરી હતી.

● **વાડાસિનોર :** અત્રે પૂ. મુનિશ્રી નિત્યાનંદવિજયજી મ.ની નિશ્રામાં ચોમાસામાં અને મહાપર્વમાં સંઘમાં આરાધના સુંદર થઈ. સ્વપ્ન દ્રવ્યમાંથી દેરાસરમાં દીવામાં ઘી વપરાતું તે, પૂ. શ્રીના ઉપદેશથી ઘર દીઠ રૂા. ૧૫ ઘી માટે લેવાનું નક્કી થયું. તેમજ સ્વપ્ના-પારણાની બધી આવક દેવદ્રવ્યમાં લેવાનું કર્યું. પૂજ્યશ્રીને ૮૭ મી વર્ધમાન આંબેલ ઓળી ચાલુ છે.

● **મલકાપુર :** અત્રે શિબિર વિદ્યાર્થી, રમેશકુમાર ભણશાલીએ હાઈસ્કૂલ કૉલેજના વિદ્યાર્થીઓનો માર્ગાનુસારી જીવન અને આવશ્યક પ્રશ્નાવલિ પર ધાર્મિક શિક્ષાવર્ગ સુંદર ચલાવ્યો. પછી પરીક્ષા લેવાતાં અનીલ કોચરનો પ્રથમ નંબર આવ્યો. ઉત્સારો સારો રહ્યો.

● **સિરોહી :** વૈરાગ્યવારિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજને પેટમાં ગાંઠ અને રસીનું ગંભીર દરદ ઊપડ્યું છે. મુંબઈથી ડૉ. મુકુન્દ પરીખ તથા અમદાવાદથી ડૉ. ઝલુનવાળાએ જાતે જોઈ તપાસ કરી તાત્કાલિક ઓપરેશન માટે અમદાવાદ લઈ આવવાની સલાહ આપી. પરંતુ પૂજ્યશ્રીની એવી બિલકુલ ઈચ્છા નહિ. અને વૈદકીય ઉપચાર લેવાનું રાખ્યું છે. દરદમાં ખાસ સુધારો નહિ છતાં પોતે પોતાની આરાધનામા મસ્ત છે. એઓશ્રીના આરોગ્ય નિમિત્તે અત્રે મુનિઓમાં આંબેલ તથા જાપ ચાલુ છે. ઉપરાંત આ જ નિમિત્તે નીચે પ્રમાણે:

● **નાગપુર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ.ના ઉપદેશથી સંઘમાં ૮૨ આંબેલ થયા. અને હજી પણ જાપ સાથે આંબેલ ફરીથી થવા સંભવ છે.

● **વઢવાણસીટી :** અત્રે પૂ. મુનિરાજશ્રી કીર્તિસેનવિજયજી મ.ના ઉપદેશથી સંઘમાં ભા. વદ ૧૪-૦ આસો સુદ ૧ આંબેલ તથા 'નમો જિણાણં જિયભયાણં' જાપનો કાર્યક્રમ થયો.

● **સુરેન્દ્રનગર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ચિરંતનવિજયજી મ.ના ઉપદેશથી સંઘમાં આસો સુ. ૧ સંઘમાં સમૂહ ૫૦૦ લુખીનીવિ દરેકને ૧૨,૫૦૦ જાપ, પૂજા, ભવ્ય અંગરચના વગેરેની સુંદર આરાધના થઈ. મુંબઈથી આવેલ શ્રી ધીરૂભાઈ રામચંદ, શ્રી કાંતિલાલ મોહનલાલ તથા સુરતથી આવેલ શ્રી શાંતિલાલ ચાહવાળા તરફથી આ પૂજાદિના કાર્યક્રમ ઉપરાંત બે દિવસ સંઘપૂજન થયું.

● **કાનપુર :** પૂ. મુનિઓમાં રોજ ૧૨૫૦૦ જાપ ચાલુ છે. પૂ. પંન્યાસજી ભાનુવિજયજી મહારાજની ૧૦૨ મી ઓળીની આસો ૧૫ પૂર્ણાહુતિ પર શ્રી સંઘે ઉજમણું પૂજાઓ તથા સાધર્મિક વાત્સલ્યનો કાર્યક્રમ નક્કી કર્યો છે.

બંગલાદેશના માનવોના દુઃખમાં ભાગ પડાવતો જૈન સંઘ

દુઃખ જોઈને દ્રવે તે માનવ

જૈન સંઘના મુરબ્બી શેઠશ્રી જીવતલાલભાઈ પ્રતાપસીભાઈનું રૂ. દસહજારની માતબર રકમનું અનુકંપા અને માનવીય કાર્ય માટે અનુપમ દાન.

શ્રી હરીલાલ રામચંદ ધાનેરાવાળાનો ભારે આર્થિક સહયોગ, પરિશ્રમ અને પ્રયાસોથી આ કાર્યનો પ્રારંભ થયો.



ભૂખ્યાં નિરાધાર અને નગ્ન બાળકોને કપડાં અને ખોરાક. **અનાથ અને ચીંથરેહાલ** સ્ત્રીઓને વસ્ત્રો અને વાસણો. **રોગના ભોગ બનેલાઓની** સેવા-સારવાર.

શ્રી વર્ધમાન જૈન કલ્યાણ કેન્દ્ર મુંબઈના સેવાભાવી કાર્યકરો ૫.બંગાળના સરહદી વિસ્તારોમાં જાતે જઈ હાથોહાથ પુરવઠો પહોંચતો કરે છે. ચિત્રો બંગાલીઓની કંગાલીયતનું સ્પષ્ટ દર્શન કરાવે છે.

(૧) સરહદી વિસ્તારના બનગાંવ ક્ષેત્રમાં પાઉંના ટુંકડા માટે હારબંધ ગોઠવાઈ ગયેલ નિરાશ્રીત મહિલાઓ, બાળકો અને યુવાનો.

(૨) રોગનું ભોગ બનેલું એક નાનું બાળક, લોહીના સતત સંડાસ ચાલુ છે. દવા નથી, ડૉકટર નથી.

(૩) શ્રી વ. જૈન કલ્યાણ કેન્દ્રના કાર્યકરો સવારથી છેક મોડી રાત સુધી ફરી ફરીને જરૂરી વસ્તુઓ આપી રહ્યા છે. હાથમાં સામાન ભરેલી તૈયાર થેલીઓ છે.

(૪) કાર્યકર મા-બાપ વિનાના એક નગ્ન બાળકને ચડ્ડી પહેરાવી રહ્યા છે.

(૫) જેમના પતિનો કોઈ પત્તો નથી એવી બંગલાદેશની મહિલાઓ.

(૬) રોગપીડિત અને ચીંથરેહાલ બાળકને વસ્ત્ર વિતરણ.

(૭) અસહાય પિતા, પત્નીનો પત્તો નથી. પુત્ર ચામડીના રોગનો ભોગ બન્યો છે.

● **કાનપુર :** અત્રે સોમવારે સિરોહીથી મળેલ તાર-સમાચાર મુજબ પૂ. આચાર્યશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજની તબીયત સારી નથી. પૂજયશ્રીના આરોગ્ય નિમિત્તે નીચે પ્રમાણે ગામોમાં તપ-જપ થયેલ.

● **મોરબી :** પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજય મ. તથા પૂ. રાજેન્દ્રવિજયજી મ.ની નિશ્રામાં ભા.વ. ૧૪, ૦ અને આસો સુદ ૧ ના સંઘમાં આયંબિલ તથા જાપ થયેલ પૂ. તપસ્વી મહારાજના સંસારીભાઈ નડીયાદવાળા શ્રી ચંદુભાઈ ગાંધી તથા નવનીતભાઈ અગરબત્તીવાળા તથા પૂ. મુનિવરશ્રી રાજેન્દ્ર વિ.મ. ના સંસારીભાઈ ચીમનલાલ તરફથી પણ સંઘપૂજન થયેલ. મોરબીમાં પહેલી જ વાર બે સંઘપૂજનો થતા અનુમોદના સારી થઈ હતી. ૪૦ ભાઈબહેનો વર્ધમાનતપના પાયામાં તથા ૩૦/૩૫ ઓળીમાં જોડાયા છે. તપસ્વીઓને વિવિધ પ્રભાવનાઓ થાય છે. અંજારથી ૧૩૮ ભાઈબહેનો વંદનાર્થે આવેલ. તેમનું સંઘપૂજન રૂપચંદ દુર્લભજી પારેખ તરફથી થયેલ. ભુજનો સંઘ વંદનાર્થે આવતા પ્રભાવના થયેલ. ઉત્તરોત્તર ધર્મરસના પ્રેરણાદાયી સિંચનથી આનંદ-મંગળ વર્તી રહ્યો છે.

● **માલેગામ :** ૨૦૦ આંબેલ- લાખો જાપ તથા પૂજા ભણાવાયેલ.

● **અમલનેર :** શ્રી નેમીચંદભાઈ કોઠારી તરફથી ૧૨૫/૧૫૦ આંબેલ-પૂજા જાપ થયા.

● **વાંકલી :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રાનંદવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં સંઘમાં ૧૫૦ આંબેલ 'નમો જિણાણં જિઅભયાણં'ના જાપ સાથે થયા.

● **બીજાપુર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણાનંદવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણ પર્વ સારાં ઉજવાયા ઉપજ પણ સારી થઈ. પર્યુષણમાં ગણધરવાદ સારી રીતે સમજાવ્યો હતો. ૬૪ પ્રહરી પોષધો તથા તપસ્યામાં અઠ્ઠાઈ આદિ થયા વરઘોડો છ બેન્ડ-ઘોડા-વીસેક મોટરો આદિથી સુંદર ચડ્યો હતો ત્યારબાદ શ્રી સિદ્ધચક્રપૂજન-ઉત્સવ પણ સારા થયા.

● **મુલુન્ડ :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રાનંદવિજયજી મહારાજની નિશ્રામાં પર્વાધિરાજમાં ૧૬-૧૫-૧૧-૯-૮-૭-૬-૫-૩ ઉપ. તપવાળા ૩૫૦ ભાઈબહેનો હતા. સુપનામાં ૧૭ હજાર મણ ઘી. કેસરસુખ બારેમાસ માટેની બોલીમાં ૧૦ હજાર રૂા. સાધારણની ટીપમાં ૨૦ હજાર રૂા. જ્ઞાનદ્રવ્ય ૮૦૦ મણ આદિ થયા વ્યાખ્યાનમાં રોજ ૨ હજાર ઉપર તથા છેલ્લે દિવસે ૫ હજાર માણસોએ લાભ લીધો રાત્રે ભાવનામાં ૪-૫ હજાર ભાઈબહેનો લાભ લેતા.

● **સિરોહી :** શાસનપ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબની તબીયતમાં ખાસ સુધારો નથી. અશક્તિ ખૂબ જ આવી ગઈ છે. શરીર અડધું ઊતરી ગયું દેખાય છે. છતાં એઓશ્રી ટેકો દીધા વિના બેસીને કાઉસ્સગ્ગ જાપ વગેરે આરાધનામાં મસ્ત રહે છે. એ આજના વિષમકાળે ભવ્યાત્માઓને ખૂબ પ્રેરણારૂપ છે. દરદના અંગે જ્વલન વગેરે વેદના પણ બહુ, છતાં પૂજ્યશ્રી સારી રીતે સમાધિથી સહન કરી રહેલ છે. દરદની ગંભીરતા જોતાં જો સુધારો નહિ દેખાય તો કા. ૧૫ બાદ પૂજ્યશ્રીને અમદાવાદ લઈ આવી ડૉક્ટરી ઉપચાર કરાવવાની વિચારણા ચાલે છે. જુદા જુદા ક્ષેત્રોમાં ચોમાસું રહેલ મુનિઓના ઉપદેશથી પૂજ્યશ્રીના આરોગ્ય નિમિત્તે સંઘમાં આયંબિલાદિ સમૂહતપસ્યા સમૂહગત લાખોનો જાપ જિનભક્તિ વગેરે થયાના સમાચાર મળે છે.

● **અમલનેર :** એ નિમિત્તે સમૂહ તપ જિનભક્તિ વગેરે સારું થયું.

● **સુરેન્દ્રનગર :** એજ નિમિત્તે પૂ. મુનિરાજશ્રી મહાબળવિ.મ.ની નિશ્રામાં આસો સુ. ૧ ના સમૂહસ્નાત્ર મહોત્સવ, પૂજ્યશ્રીના ગુણાનુવાદ પ્રવચન આયંબિલ અને લુખી નિવિના તપ સાથે પ્રત્યેક આરાધકોએ ૧૨૫૦૦ નમોજિણાણં જિયભયાણંનો જાપ કર્યો. આરાધકોની સંખ્યા લગભગ ૫૦૦ ની હતી.

● **વઢવાણ :** પૂ. મુનિરાજશ્રી કીર્તિસેનવિજયજી મ.ની નિશ્રામાં ભા.વ. ૧૪, ૦-આસો સુ. ૧ ના સામુદાયિક આયંબિલ તપ અને નમોજિણાણં જિઅભયાણંનો જાપ તથા મોટી પૂજા રાખવામાં આવેલ છે.

● **ચાંદરાઈ :** પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં આસો સુદ ૨ ના ૧૦૦ આયંબિલ થયા તથા ૧ મહિનામાં ૧૨॥ લાખ નમોજિણાણં જિયભયાણંના જાપનો પણ લોકોએ સંકલ્પ કર્યો છે.

● **ગોહિલી :** પૂ.મુ. શ્રી કીર્તિરત્નવિજયજી મ.ની નિશ્રામાં સંઘમાં તપસ્યા જાપ વગેરે સારું થયું.

● **કાનપુર : પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજને** ૧૦૨ મી વર્ધમાન તપની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ આસો સુદ ૧૫ ના થતી હોઈ છોડના ઉદ્યાપન સહિત જિનેન્દ્રભક્તિ મહોત્સવ સુંદર ઉજવાયો. આસો વદ ૧ ના ત્રણ સ્થાને સંઘપૂજન થયેલ. સંઘમંત્રી શેઠ શ્રી કાંતીલાલ એ. વોરાના નિવાસ સ્થાને પ્રવચન થયેલ. સંઘમાં આંબેલતપ વગેરેના નિયમો લેવાયા.

કલકત્તાથી વિકલભાઈ નાનચંદ પારણા પ્રસંગે આવી સંઘપૂજનનો લાભ લીધેલ. તેમજ લાલચંદ ફૂલચંદના ત્યાં પણ સંઘપૂજન થયું. અમદાવાદથી શેઠશ્રી મયાભાઈ લક્ષ્મીચંદ પધારી લાભ લીધેલ. ઉદ્યાપનનો પ્રસંગ અત્રે પ્રથમ હોવાથી સંઘમાં અનેરો ઉલ્લાસ હતો.

● **જાવાલ :** પૂ.પં. શ્રી રાજવિજયજી મ.ની નિશ્રામાં સંઘમાં તપ-જપનો કાર્યક્રમ છે. એઓશ્રીને પણ વર્ધમાન આંબેલ તપ ૧૦૦ ઓળી પૂર્ણ થયા પર નવેસર પાયાથી હાલ ૮૫ મી ઓળી ચાલુ છે.

● **સિરોહી :** પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબને આસો વદ ૧૧ રાત્રિએ સુદ ૧૪-૧૫ ની માફક તબીયત ભયંકર નરમ થઈ ગયેલી, પરંતુ સંઘના ભાગ્યોદયે હવે તબીયતમાં સુધારો લાગે છે, સ્વયં બોલી શકે છે, તકિયાથી ૧૦-૧૫ મિનિટ બેસી પણ શકે છે. અત્રે સૌને આનંદ થયો છે. એઓશ્રીની અનુમોદના નિમિત્તે તપસ્યાઓ, દાન, સ્વાધ્યાય, જાપ વગેરે સુકૃત ઘણું ઘણું આવી રહ્યું છે. શાતા પૂછવા મહારાષ્ટ્ર ખાનદેશના ભાવિકો ખૂબ આવી રહ્યા છે. અમદાવાદ વગેરે બીજેથી પણ અવરજવર ચાલુ છે. પૂજ્યશ્રીનું સંસારી કુટુંબ તથા અમલનેરવાળા શ્રી રીખવચંદ હાથીચંદ અને શ્રી નેમિચંદ કોઠારી સહકુટુંબ અત્રે આવી રહેલ છે. બહારના સંઘો અત્રે સુદ ૧ થી સુદ ૧૫ જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવવા ધારે છે. પૂ. આચાર્યદેવશ્રીને ગાંઠ, જખમ, તાવ, ગેસ, હાથપગ અકડાઈ જવા વગેરે અનેક પીડાઓ છતાં જ્યારે એઓશ્રીને 'કેમ છે ?' પૂછવામાં આવે ત્યારે એક જ જવાબ દે છે કે 'મને કાંઈ જ થતું નથી,' અંતરમાં જાણે 'આત્માને આની કશી અસર નથી' એવો ભાવ રાખીને આ સત્ય જવાબ ન હોય. 'પરંતુ સાહેબ ! આ શરીર પર પ્રત્યક્ષ દરદ દેખાય છે ને ?' એમ પૂછતાં કહે છે, **'હોય, એનો સ્વભાવ છે.'** જરા પણ ક્યારેય હાય નહિ વોય નહિ; તેમજ ડૉ. કે વૈદ, દવા કે પથ્ય કશું યાદ કરીને માગવાનું નહિ કે 'બોલાવો ડૉ. વૈદને, લાવો દવા...' સતત પોતાની સાધનામાં મસ્ત રહે છે, હાથના પર્વો પર જાપ માટે આંગળી ફરતી જ હોય છે. સૌ કોઈ આ અદ્‌ભુત સહનશીલતા અને સાધનાની ખૂબ જ આશ્ચર્ય સાથે અનુમોદના કરે છે, ભાવે છે કે 'અમને આવી સમાધિ મળો.'

● **મુરબાડ :** અત્રે પૂ. સાધ્વીજીશ્રી દક્ષાશ્રીજી મ. તથા શ્રી જયપૂર્ણાશ્રીજી મ. આદિની નિશ્રામાં પૂ. આચાર્યદેવશ્રીના સ્વાસ્થ્ય માટે સંઘમાં ૧૦૮ આંબેલ સમૂહતપ થયેલ. એમાં નાના બાળકો પણ હતા.

● **બીજાપુર (મૈસુર) :** અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણાનંદવિજયજી મ.ની નિશ્રામાં પૂ. આચાર્યદેવશ્રીના આરોગ્યાર્થે સંઘમાં ૧૨૫ આંબેલ, જાપ વગેરે થયું. પૂ. મુનિશ્રીએ ઓળીમાં આચાર્યપદના વ્યાખ્યાનમાં પૂ.આ. શ્રી વિજયયશોદેવ સૂરીશ્વરજી મહારાજનું સુંદર જીવનદર્શન કરાવેલ. તેથી શ્રોતાઓને આ કાળે જીવંત વિભૂતિની ખૂબ અનુમોદના.

દાદર : અત્રે પૂ. મુનિશ્રી લલિતશેખર વિ.મ.ની નિશ્રામાં આરાધનાભવનમાં પૂ. આચાર્યદેવશ્રીના આરોગ્ય-નિમિત્તે સામુદાયિક સ્નાત્ર મહોત્સવ, આંબેલ તથા જાપ સુંદર થયેલ. અત્રેથી ભાઈઓ સિરોહી શાતા પૂછવા ગયેલ ને પૂજ્યશ્રીની અખંડ આરાધના જોઈ ખૂબ પ્રભાવિત થયેલ.

● **ઝરિયા :** અત્રે પૂ. મુનિરાજો શ્રીજયશેખરવિજયજી મ. તથા શ્રી જયસોમવિ. મ.ની નિશ્રામાં આસો વદ ૭ શ્રી સિદ્ધચક્રપૂજન ભારે ઠાઠથી ભણાવાયું. ભણાવવા માટે કલકત્તાથી શ્રી નેમચંદ સલોત, શ્રી ચંપકભાઈ ભણશાલી, શ્રી રસિકભાઈ, શ્રી કનૈયાલાલ, શ્રી પારસમલજી ઢઢ્ઢા, પી.ભી. રામપુરિયા વગેરે પધારેલ. શેરીઓ અને હોલ છોકરાઓએ ૩ દિવસ મહેનત કરીને ભવ્ય શણગારેલ જોતાં આંખ ઠરી જાય. શ્રી નેમુભાઈના પહાડી અવાજે અને ઊંના બુલંદ લાંબા આલાપે અજબ પ્રભાવ પાડ્યો. વચમાં બાળ શ્રી જયેશકુમાર ભણસાલીની સ્વયંપેટી બજાવવા સાથે અવનવા દોહા-સ્તવન વગેરેએ સારું આકર્ષણ કર્યું. સૌને એમ થતું કે એ ક્યારે ગાય. કલકત્તાના શ્રીમંતો અત્યંત ભાવોલ્લાસ સાથે પૂજન ભણાવતા જોઈ સારી ધર્મપ્રભાવના થઈ. મનહર વગેરેએ માંડલું રમણીય બનાવેલ. લોકોને જિંદગીમાં પહેલી જ વાર આવું પૂજન જોવા મળ્યું લાગ્યું. બેરમોથી જઈ આવેલ શ્રાવકો કહેતા કે ત્યાં પૂજનમાં આવી ઝળક નહિ આવેલી. અત્રે વર્ધમાનતપ પાયો નાખનાર ૧૨-૧૩ વર્ષના ૩ બાળકોને દરેકને બેરમોવાળા શેઠ શ્રી રમણિકભાઈ મણિભાઈના શુભહસ્તે એમના તરફથી રૂા. ૨૫ એલ્યુ.ની ડબી-રૂમાલ કલકત્તાવાળા તરફથી રેશમી પૂજાની જોડ સંઘ તરફથી સોનાની વીંટી રૂા. ૬૫ની રૂા. ૯ નો ચરવળો. પ્રભાવનામાં અપાયા આ બાળકોએ ૬૪ પહોરી પોષધ કરેલ એની રૂા. ૪૫ ની ગરમશાલ રૂા. ૨૦, સુતરાઉ પૂજાની જોડ પણ અપાયેલ. ઝરિયામાં આ વખતે અભૂતપૂર્વ ધર્મપ્રભાવના થઈ. શેઠ દેવસીભાઈ વોરાના કુટુંબે એમાં ખૂબ લાભ ઊઠાવ્યો.

● **સિરોહી :** વૈરાગ્યવારિધિ સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજની ભવ્ય સંયમ સાધના ૫૦ લાખ લોગસ્સ કાયોત્સર્ગ-ખમાસમણાંથી શ્રી નવપદ આરાધના, ૩૮ ક્રોડ શ્રી નમસ્કારમહામંત્ર જાપ, અનેકાનેક પ્રતિષ્ઠા-અંજનશલાકા-સંઘયાત્રા-ઉદ્યાપન-ઉપધાન આદિ દ્વારા શાસનપ્રભાવના, ધર્મશ્રદ્ધા-૧૨ વ્રત-અન્ય ૧૪ નિયમ-બ્રહ્મચર્ય-જિનદર્શનપૂજા-અભક્ષ્યત્યાગાદિના નિયમોનું અઢળક દાન, તથા ૯ લાખ નવકારજાપ-ભવ આલોચના પ્રાયશ્ચિત્ત વગેરે વગેરેનાં દાન દ્વારા મહારાષ્ટ્ર દેશોદ્ધાર સાથે મુંબઈ ગુજરાત-સૌરાષ્ટ્ર-રાજસ્થાનમાં પણ અનેક ભવ્યો પર ઉપકાર તેમજ ઉદારતા-ગંભીરતા-સહિષ્ણુતા-સમાધિ-સંઘવાત્સલ્ય આદિ અદ્ભુતકોટિની ગુણ સમૃદ્ધિ તથા પંડિતમરણની અનુમોદના નિમિત્તે અત્રે મહારાષ્ટ્રવાસી ભાઈઓ તરફથી કા.સુ. ૫ થી પૂનમ સુધી જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાયો. લગભગ પચાસ શહેરોમાં પણ આ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવાદિની ઉજવણીના સમાચાર છે.

● **કાનપુર :** સ્વ.પૂ.આ. શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજનાં નિમિત્તે અત્રે અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો. **પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજનાં** માર્ગદર્શન મુજબ અત્રે પ્રસિદ્ધ કાચમંદિરમાં ટ્રસ્ટી શ્રી ભંડારીજી બાબુએ દેરાસરવતી જામનગરના પ્રસિદ્ધ શિલ્પી તથા ચિત્રકાર શ્રી વેલજી નારણ પાસે **કલાત્મક અને ભાવોલ્લાસપ્રેરક કામ કરાવ્યું.** મંદિરના રંગમંડપની વિશાળ છત્તમાં વચ્ચે પંચપરમેષ્ઠી ભગવંત અનંતની સંખ્યામાં, એને ફરતા પાંચ ભવ્ય જિનકલ્યાણક પ્રસંગો, એને ફરતા પુણિયો શ્રાવક-કૂરગડુમહાત્મા-મદનરેખા-મેઘકુમાર વસ્તુપાલ-વગેરે ૮-૯ ચિત્ર કરાવ્યાં. ચાર ખૂણે રાણકપુર, શંખેશ્વરજી, ભદ્રેશ્વરજી, કેસરિયાજી તીર્થના ચિત્ર કરાયા. કામ એંબોસ વિવિધ કલર, તથા સાચા સોનાના વરખમાં સુંદર બની ગયું. નીચેના ભાગમાં મૂળનાયક શ્રી ધર્મનાથ ભગવાનની જમણી બાજુની રૂમમાં શ્રી સીમંધર પ્રભુ આદિ ૨૦ વિહરમાન ભગવાન, ગણધર શ્રી પુંડરીક સ્વામી તથા શ્રી ગૌતમ સ્વામી, શ્રી જંબૂ સ્વામી, શ્રી ભદ્રબાહુ સ્વામી, શ્રી વજ્ર સ્વામી વગેરેની પ્રતિકૃતિ, તેમજ શ્રી હેમચંદ્રાચાર્ય, અને કુમારપાળ, શ્રી હીરસૂરીશ્વર અને બાદશાહ અકબર, શાસ્ત્રો રચતા ઉપા૦ શ્રી યશોવિજયજી મ., શ્રી સ્થંભનપાર્શ્વનાથ અને શ્રી અભયદેવ સૂ.મ.નાં ચિત્રો તથા ભવ્ય વેલ ડિઝાઇન થઈ. તેમજ બહારમાં પ્રભુ શ્રી મહાવીરદેવ અને ચંડકોશિક, સામે પ્રભુશ્રી પાર્શ્વનાથ અને મેઘમાલી-ધરણેન્દ્ર-પદ્માવતી, દરવાજામાં પેસતા બે બાજુમાં શાલિભદ્ર તથા સીતાજી વગેરેનાં ચિત્ર કરાયાં. વિશેષ કામ એક

એ થયું કે મંદિર બહારના બગીચામાં પૂર્વના કાળના આરસના સ્ત્રીપુરુષોના બીભત્સ પૂતળા હતા. એને સુધારીને સુસજ્જ દેવના સ્વરૂપ આપવામાં આવ્યાં. કારીગર વેલજીભાઈએ મહાન કુનેહ વાપરી.

અત્રે કલકત્તાથી શેઠ સવાઈલાલ કે. શાહ પૂજ્ય મહારાજશ્રીને ખાસ વંદનાર્થે પધારેલા. અત્રેના સંઘે એમનું બહુમાન કર્યું અને એઓશ્રીએ અત્રેના ઉપાશ્રય ફંડમાં રૂા. ૫૦૦૦ ભેટ કર્યા હતા. તથા એમના તરફથી સંઘપૂજન થયેલ. બાદ કલકત્તા ભવાનીપુરથી શેઠ શ્રી વસંતલાલ છગનલાલ ચુડાવાળા તથા ભાઈશ્રી ચીમનલાલ તેમજ ભવાનીપુર ઉપાશ્રયના મેનેજર શ્રી કાંતિભાઈ ખાસ વંદનાર્થે આવેલા. શેઠશ્રી વસંતભાઈ તરફથી કા.સુ. ૧૫ પટ દર્શને સંઘ ગયેલ ત્યારે પેંડાની પ્રભાવના કરેલ તથા સંઘપૂજન કરેલ અને ઉપાશ્રયફંડમાં રૂા. ૫૦૦ આપેલ. શ્રી ચીમનભાઈ તરફથી મોટી પૂજાબાદ અલ્પાહાર રાખેલ અને ઉપાશ્રયફંડમાં રકમ આપી.

અત્રે કા.વ. ૫. પૂ. પંન્યાસજી મહારાજે ગુજરાત તરફ વિહાર કર્યો. માગશર સુદ-૫ શિવપુરી, તથા વદ ૧૦ સારંગપુર (મધ્યપ્રદેશ) પધારવા વકી છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૨૦,અંક-૧૪,તા.૧૮-૧૨-૧૯૭૧

વૈરાગ્યવારિધિ મહાન શાસન પ્રભાવક સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજની ગંભીર બીમારી વખતે એઓશ્રીની અનુમોદનાર્થે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ તરફથી કહેવામાં આવેલા સુકૃતો.

અરિહંત પદ જાપ	૨,૬૭,૩૦,૧૦૦		
નમસ્કાર મંત્ર જાપ (સવા નવ અબજ)	૯,૨૫,૯૯,૮૫,૭૨૮		
શંખેશ્વર પાર્શ્વનાથ જાપ	૧૭,૬૭,૨૧૬	સિદ્ધચક્રજી જાપ	૫,૮૭,૦૦૦
ગૌતમ સ્વામી જાપ	૨,૦૦,૦૦૦	ઉવસગ્ગહરં જાપ	૧,૨૧,૬૦૦
સિદ્ધાચલજી જાપ (એક અબજ)		૧,૦૨,૦૦,૦૦૦	
સ્થૂલભદ્રજી જાપ	૭,૦૦,૦૦૦	નમો સિદ્ધાણં જાપ	૧,૦૦,૦૦૦
નમો નાણસ્સ જાપ	૧,૧૦,૮૦૦	નવો તવસ્સ જાપ	૧,૦૦,૦૦૦
નમો આયરિયાણં જાપ	૭,૬૧,૦૦૦	નમો ચારિત્તસ્સ જાપ	૧,૦૦,૦૦૦
અંતરીક્ષ પાર્શ્વનાથ જાપ	૧૦,૯૦૮	ગમે તે જાપ	૧૨,૦૦૦

સ્વાધ્યાય (એક અબજ)	૧,૪૦,૧૬,૫૦૦	નવી ગાથા	૫૧,૧૪૬
ખમાસમણાં	૭,૦૩,૬૨૩	લોગસ્સ કાઉ૦-	૭,૪૯,૫૨૩
મૌન કલાક	૬૪,૧૯૨	સામાયિક	૩,૦૭,૭૭૦
પૌષધ	૭૭	જીવ છોડાવવા	૧૦૨
સ્નાત્રપૂજા	૮૧	સિદ્ધગીરીની યાત્રા	૮
નવ્વાણું યાત્રા	૧	શંખેશ્વરજી યાત્રા	૧
નવકારશી	૪,૩૨૦	પોરિસી	૧,૧૮૧
સાર્ધ પોરિસી	૧૭૫	બેસણાં	૧૮,૩૮૨
એકાસણાં	૫,૦૭૪	આયંબિલ	૭,૩૦૩
ઉપવાસ	૯૯૦	છઠ્ઠ	૮૫
અઠ્ઠમ	૧૦૮	અક્રાઈ	૮
સોળભત્થુ	૨	૧૭ ઉપવાસ	૨
માસ-ખમણ	૧	દોઢમાસી તપ	૨
ચારમાસી તપ	૧	શ્રેણિક તપ	૧
ઉપવાસથી ચિત્રકુટ	૧	વરસી તપ	૧૨
સિદ્ધિ તપ	૬	ચત્તારિ-અઠ્ઠ-દસ૦	૧
નવપદની ઓળી	૩૧	વીસ-સ્થાનકની ઓળી	૪
બે વિગઈનો ત્યાગ ૧ વર્ષ	૧ સાધ્વી	ત્રણ વિગઈ ત્યાગ ૮૪ દિવસ	૫ સાધ્વી
ચાર વિગઈ ત્યાગ (૧ વર્ષ)	૧ સાધુ	પાંચ વિગઈ ત્યાગ	૧ સાધ્વી
સંપૂર્ણ છ વિગઈ ત્યાગ,૧ વર્ષમાં ૬ માસ		૧ સાધ્વી-૨ સાધુ	
છ વિગઈ ત્યાગ ૩ વર્ષમાં ૨ વર્ષ ૧ સાધ્વી			
૧ વર્ષ કઢાવિગઈ ત્યાગ	૧ સાધુ	૧૨ માસ સિનેમા ત્યાગ	૧ શ્રાવિકા
રોજની એક વિગઈનો ત્યાગ ૧ સાધુ, ૩ સાધ્વી, ૩ શ્રાવિકા			
પાંચ મિષ્ટાન્ન સિવાય બીજા ત્યાગ ૫ વર્ષ સુધી			૧ સાધ્વી
ફરસાણ-મિષ્ટાન્ન-પાપડ-ખીચિયા-ખાખરા-મગ-મગની દાળ-ભાત ત્યાગ			૧ સાધુ
૧૨ માસ નવકારશી ત્યાગ સાધુઓ		૧૦૦ દિવસ શાક ત્યાગ	૧ સાધુ
કેળા, કેરી સિવાય ફુટ અને બદામ સિવાયનો મેવો ત્યાગ			૧ સાધુ
૪ માસ દૂધ ત્યાગ			૧ શ્રાવિકા

દર્શન કરતાં ૨૫ વાર સ્વ. આચાર્યદેવશ્રીને યાદ કરવા	૧ શ્રાવિકા
રોજનો જાપ ને આરાધના દસ દિવસના અર્પણ	૧ શ્રાવક
જલેબીનો ત્યાગ દીક્ષા ન લેવાય ત્યાં સુધી	૧ શ્રાવક
થોડા આયંબિલ તથા બીજો જાપ અને	૧ સાધ્વી
દિવસના ચાર કલાક મૌન જીવનભર માટે	૧ સાધ્વી
જીવનભર માટે રોજ બે કલાક જ બોલવું,વડીલો માટે જયણા	૧ સાધ્વી
૨ બાંધી નોકારવાળી જીવનભર માટે	૨ સાધ્વી
શુભ માર્ગે રૂપિયા વાપરવા	૧૦,૪૦૭
રોજ ૭૫ બાંધી નવકારવાળી, 'નમો જિણાણં જિઅભયાણં'ની	
રોજ ૨૦ નવકારવાળી તથા જ્ઞાનપદ ૫૧ લોગસ્સ કાઉ૦	૧ સાધુ
વાપરતી વખતે ને પડિલેહણ વખતે બોલવું નહીં	૧ સાધુ
પાંચ વર્ષ વાપરતાં ન બોલવું.	૧ સાધુ
સાધુ-સાધ્વી શ્રાવિકાઓ તરફથી વર્ધમાન તપની ઓળીઓ	સંખ્યાબંધ

નમો લોએ સવ્વસાહૂણં જાપ	૧,૦૦,૦૦૦
'ૐ હ્રીં અપ્રમાદિભ્યો નમો નમઃ' જાપ	૧,૦૦,૦૦૦
'યશોદેવસૂરીશ્વરજી સદ્‌ગુરુભ્યો નમઃ' જાપ	૧,૦૦,૦૦૦
'સદ્‌ગુરુ શરણં નમઃ' જાપ	૭,૦૦,૦૦૦
'નમો જિણાણં જિઅભયાણં' જાપ	૮,૧૧,૯૦૮
ઉપદેશમાળા વાંચન	૧ સાધ્વી
વીતરાગ સ્તોત્ર ૧૫ પ્રકાશ કંઠસ્થ	૧ સાધ્વી
ઉપદેશ પ્રાસાદના ત્રણ ભાગ વાંચવા	૫ સાધ્વી

શાંત સુધારસ જ્ઞાનસાર, પ્રશમરતિ પ્રકરણ
ઉપદેશમાલા, યોગ-શાસ્ત્ર ૪ પ્રકાશ કંઠસ્થ કરવા. સાધ્વી સમુદાય

આચારાંગ સૂત્ર કંઠસ્થ ૪ સાધ્વી ઉત્તરાધ્યયન સૂત્ર કંઠસ્થ ૩ સાધ્વી
ત્રિષષ્ઠીના પર્વ, યોગશાસ્ત્ર ઉપમિતિના વાંચન/સાધુ સમુદાય

• **મોરબી :** ૫.પૂ. તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મહારાજ તથા પૂ. રાજેન્દ્રવિજયજી મ.કા.વ. ૧૨ અત્રેથી વિહાર કરી પીપળી ગામે પધારેલ. મોરબીથી ૬૦૦ ભાઈ-બેનો વળાવવા ગયેલ. સંઘ તરફથી સાધર્મિક ભક્તિ થયેલ.

સાંજના બેલા ગામ પધારતાં સામૈયામાં પૈસા ઉછાળેલ, કણબી ભાઈઓની મંડળીએ ભક્તિધૂન જમાવેલ. માટુંગાવાળા શ્રી મણિભાઈ સુદાનવાળા વિહારમાં સાથે રહેલ. પૂજ્યશ્રી ૨ દીક્ષા આપવા કચ્છ જઈ રહ્યા છે.

• **ઝરિયા :** અત્રેથી પૂ. મુનિરાજોશ્રી જયશેખરવિજયજી મ. તથા શ્રી જયસોમવિજયજી મ. બપોરે વિહાર કરતાં ચૈત્યવંદન સ્તવનમાં લોકોને અનેરો ભાવોલ્લાસ; ઠેઠ કરકીંદ સુધી ૨૫૦-૩૦૦ જણ સાથે ચાલ્યા. પૂજ્યશ્રી શિખરજી પધારતાં ૧૫ છોકરાઓ સાથે ચડેલ. સ્તવનોમાં ખૂબ ઝીલ્યા. ઝરિયાથી લગભગ ૧૦૦ માણસ આવેલ. પૂજ્યશ્રી પ્રાયઃ બનારસ પોષ દશમી કરશે. પછી ગુજરાત તરફ પધારવા વકી છે.

• **શિવપુરી :** કાનપુરથી **પં. શ્રી ભાનુવિજયજી મ.** વિહાર કરતાં પહેલા મુકામ શ્રી દેવજીભાઈની ફેકટરીમાં થયેલ. ત્યાં સંઘ સાધર્મિક વાત્સલ્ય વ્યાખ્યાન પૂજાદિ એમના તરફથી સારું થયેલ.

અત્રેથી પૂજ્યશ્રી ચિરગાંવ, ઝાંસી, શિવપુરી પધારતાં વ્યાખ્યાનો થયેલ. નવકારજાપ, 'નમો અરિહંતાણં' ક્રોડ જાપ, દિવસમાં અમુક ટંકથી વધુ ખાવાનો ત્યાગ, ૭ વ્યસન ત્યાગ, વગેરે નિયમો અપાયેલ. રોજના ૧૫-૧૬ માઈલનો વિહાર મુનિઓને લાંબા ગાળા સુધી કઠિન પડવાથી હવે વિહાર ટૂંકા લેવાની ગણતરી છે છતાં પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના દર્શન-વંદનાદિનો ખંભાતમાં મહા વદમાં લાભ લેવાની પૂજ્યશ્રીઓની ભાવના છે. પોષદશમી સારંગપુર (M.P.)માં થવા સંભવ છે.

• **મક્ષીજી :** અત્રે પોષદશમી ઉજવણી પર પૂ. પંન્યાસજી મહારાજશ્રી ભાનુવિજયજી ગણિવર્ય કાનપુરથી વિહાર કરીને પધારેલ. શાંતિસ્નાત્ર-સાધર્મિકવાત્સલ્યાદિ સારું થયેલ. બહારગામથી લગભગ ૨૦૦૦ માણસ આવેલ હતું. વિહારમાં વચમાં સારંગપુરમાં હાલ વર્તમાન દેરાસરના મુખ્ય દરવાજાની દિશા બરાબર ન હોવાથી સંઘે નવી જગા લઈ નૂતન દેરાસર કરવા ધારેલું. પૂ. પંન્યાસજી મહારાજને વાત કરતા માર્ગદર્શન આપેલું અને સંઘે એ પ્રમાણે કાર્ય આગળ ધપાવવાનું નક્કી કરેલું છે. અત્રેથી પૂ. મહારાજશ્રી ઉજ્જૈન-દેવાસ, ઈંદોર-માંડવગઢ વગેરે તરફ વિહાર કરવા ધારે છે. રતલામ સંઘવાળા અત્રે આવી ખૂબ આગ્રહ કરતા રતલામ પણ પધારવા વકી છે. ત્યાંથી ખંભાત મહા સુદ પુનમ પછી પધારવા વકી છે.

● **શાંતિનગર (અમદાવાદ) :** અત્રે સ્વ. પૂ. મુનિરાજશ્રી ગુણભદ્રવિજયજીની ઉત્તમ આરાધના તથા અંતિમ સુંદર સમાધિ અંગે ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાઈ ગયો. પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ આ પ્રસંગે પધાર્યા હોવાથી સંઘમાં ખૂબ જ ઉલ્લાસ વર્તાતો હતો. રોજ વ્યાખ્યાન પૂજા ભાવનામાં ભારે ધામધૂમ રહેતી.

● **બનારસ :** અત્રે પૂ. મુનિરાજોશ્રી જયશેખરવિજયજી તથા શ્રી જયસોમ-વિજયજીને પોષ દશમી અઠ્ઠમ હોઈ ભેલુપુરમાં પાર્શ્વપ્રભુ જન્મકલ્યાણક સ્થાને ભાવિકોએ સારી આરાધના કરી. સંઘ જમણ થયું. મા. વદ ૧૧ સંઘ સિંહપુરી છ'રી' પાળતા ગયો. પ્રભુભક્તિ થઈ. વદ ૧૨ ચંદ્રપુરી ગયો. ત્યાં શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું જન્મ કલ્યાણક હોઈ રથયાત્રા વરઘોડો પૂજા સંઘજમણ સુંદર થયા. પૂ. મુનિરાજો વિહાર કરી મિર્ઝાપુર પો.સુ. ૫ લગભગ પધારશે. સુ. ૬ના જયસોમ વિ.મ. ને ૬૪મી આંબેલ ઓળીનું પારણું છે. પછી સુદ ૧૫ લગભગ સતના પધારશે.

● **દેવાસ : પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજ** ઉજ્જૈન પધારતાં શેઠ ત્રિકમભાઈ તરફથી એમના નિવાસે વ્યાખ્યાન તથા પૂજા થઈ. ખારાકૂવાવાળાના આગ્રહથી ત્યાં પણ વ્યાખ્યાન થયું. પજુસણ જેવી ઉપસ્થિતિ હતી. પછી પણ રોકાવાનો આગ્રહ અત્યંત છતાં પૂજ્યશ્રીને ખંભાત પૂ. આચાર્યદેવશ્રીના દર્શનવંદન અર્થે તથા સ્વ. પૂ. ગુરુદેવશ્રીની પાદુકાની મહા વદ ૯ સ્થાપના પર જવાનું હોઈ રોકાઈ શકાયું નહિ. બાદ દેવાસ પધારતાં ભવ્ય સ્વાગત અને અનેક ગહુંલીઓ થઈ. બપોરે અષ્ટાપદજીની પૂજા ભાવની સમજૂતી સાથે થઈ. સંઘને અભૂતપૂર્વ અનુભવ અને આલ્હાદ થયો. ઉજ્જૈનમાં પણ પૂજાની રમઝટ જોયેલી તેથી ઉજ્જૈનથી પણ આગેવાન ભાઈઓ પૂજા સાંભળવા આવેલા. અત્રેથી પૂજ્ય મહારાજશ્રી ઈંદોર માંડવગઢ વગેરે તરફ પધારી રહ્યા છે. ત્યાંથી પોષ આખરમાં રતલામ થઈ ગોધરા વગેરે રસ્તે ખંભાત મહા વદમાં પધારવા વકી છે.

● **ભાવનગર :** અત્રે શિબિર વિદ્યાર્થી ભાઈ શ્રી રાજેન્દ્ર એલ. શાહના સંચાલનમાં સામાયિક-મંડળ પ્રગતિ કરી રહ્યું છે. હાલમાં દર રવિવારે ૬૦૦ થી ૭૦૦ વિદ્યાર્થીઓ સામાયિક કરવા આવે છે. **'અમીચંદની અમીદૃષ્ટિ'** કથા પૂર્ણ થઈ. હવે એમને છૂટા છૂટા વિષયો અને કથાઓ કહેવાય છે. દિવાળીમાં ૨૦૦ બાળકોએ ફટાકડા ફોડેલ નહિ, એમનું ૧-૧ કટાસણ આપી બહુમાન કરેલ. અનેક વિદ્યાર્થીઓ ધર્મઆરાધનામાં આગળ વધી રહેલ છે. પ્રાર્થના બોલાતી હોય ત્યારે બાળકોની તલ્લીનતા એટલી બધી કે જોનાર મંત્રમુગ્ધ બની જાય છે. ઉપદેશની અદ્‌ભુત અસર બાળમાનસ પર થાય છે. એમને અશ્રદ્ધા કે શંકાનું નામ નહિ. મંડળ સંચાલક લખે છે કે પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજ, ભાવનગર પધારે તો તત્ત્વજ્ઞાન-વેકેશન સત્ર માટે ૭૦૦ વિદ્યાર્થીઓ તૈયાર છે.

● **ઈંદોર : પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજ** સપરિવાર અત્રે પધારતાં એઓશ્રીના શિષ્યરત્ન પૂ.મુ. શ્રી ધર્મગુપ્તવિજયજી મ. આદિ ઠા. ૬ નાગપુર ચોમાસું કરી અત્રે આવી મળ્યા હતા. ૧૨ મુનિઓનું સંઘે ભવ્ય સ્વાગત કરેલ. વ્યાખ્યાનમાં વિશાલ જનસંખ્યા રહેતી. ગુરુવારે શ્રી અષ્ટાપદજી પૂજા ઉપાશ્રયના વિશાળ હોલમાં શ્રી કડિયા એન્ડ કું. તરફથી ભણાવાઈ. પૂજાઓમાં વિવિધ રાગ અને વચ્ચે વચ્ચે રોચક ભાવ સમજૂતીથી લોકો જિનભક્તિમાં ખૂબ ઝીલ્યા. રવિવારે કૉલેજિયન વિદ્યાર્થીઓ તથા બુદ્ધિજીવી વર્ગ માટે શ્રી શાંતિલાલ સુરાણા એડવોકેટના પ્રયત્નથી સંસ્કાર મંચનું ભવ્ય આયોજન રચાયું. એમાં પૂજ્યશ્રીએ **'શિક્ષણ અને સંસ્કાર'** પર વિશિષ્ટ પ્રવચન આપી પછી શ્રોતાઓના પ્રશ્નોના ઉત્તરો આપેલા. પૂ. મહારાજશ્રી માંડવગઢ ભોપાવર થઈ પોષ વદ ૧૦ લગભગ રતલામ પધારવા વકી છે. વિહારના ગામોમાં લોકો દેવદર્શન પૂજા, અભક્ષ્યત્યાગ, પાંચતિથિ લીલોતરીત્યાગ નવકાર જાપ વગેરેના નિયમો સારા લે છે.

● **મક્ષીજી :** અત્રેના તીર્થ અંગે મધ્યપ્રદેશ હાઈકોર્ટ દિગંબર સમાજ તરફથી દાખલ કરેલી અપીલ તા. ૨૨-૧૨'૭૧ રદ કરી. ફેંસલામાં જણાવ્યું કે મક્ષી મંદિરની મુખ્ય મૂર્તિશ્રી પાર્શ્વનાથ ઉપર શ્વેતાંબરો તરફથી જે નવીન લેપ થયેલ છે, તથા કંદોરાનું નિશાન કરાયેલ છે તે નવું નથી. કિન્તુ પૂર્વના માફક જ બન્યું છે. મંદિર વ્યવસ્થા ઈ.સ. ૧૮૮૨ થી શ્વેતાંબરો કરતા આવ્યા છે તો એઓ જ મંદિરનો કબજો ધરાવે છે. માટે પંચકમિટી હવે કાયમ નથી રહી શકતી.

(**'નયી દુનિયા'**માંથી)

• **ભચાઉ :** અત્રે પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજીના ઉપદેશથી જૈન પાઠશાળા શરૂ થઈ. અનુભવી અને ધર્મશ્રદ્ધાળુ શ્રી શાંતિભાઈ કટારિયા હાલ શિક્ષક તરીકે નિમાયા છે. અંજારમાં પૂ.શ્રીના ઉપદેશથી પોષ દશમીની સંઘમાં સ્નાત્ર-પ્રવચન-એકાસણાં જાપ વગેરેની ભવ્ય આરાધના ૧૪૨ જણે કરી નાના બાળકો પણ જોડાયા.

કલકત્તામાં દીક્ષાર્થી યુગલનું બહુમાન

કલકત્તામાં વરસોથી ઝવેરાતનો ધંધો કરતા, પાલનપુર-નિવાસી શ્રી ચંપકલાલ મગનલાલ પરીખ અને તેમના ધર્મપત્ની શ્રીમતી મફતબેન ટૂંક સમયમાં ભાગવતીદીક્ષા અંગીકાર કરવાની ભાવનાવાળા હોવાથી તેમનું બહુમાન કરવાનો એક સમારંભ નં.-૯૬ કેનિંગ સ્ટ્રીટ, કલકત્તાના ઉપાશ્રયમાં શ્રી ગુજરાતી શ્વેતાંમ્બર મૂર્તિપૂજક સંઘ તરફથી તા. ૧૪-૧૨-૭૧ મંગળવારના રોજ શેઠશ્રી 'સવાઈલાલ કેશવલાલ શાહ જે.પી. પ્રેસીડન્સી મેજિસ્ટ્રેટના અધ્યક્ષપદે યોજાયો હતો. ત્યારે જનસંખ્યાની સારી હાજરી હતી.

સંઘના મંત્રીશ્રી અંદરજીભાઈએ દીક્ષાર્થી યુગલનું બહુમાન કર્યું હતું. **શ્રી ભવાનીપુર મહિલા મંડળ**ની બહેનોએ પ્રાસંગિક ગીતો ગાયાં હતાં અને અ.સૌ. નલીનીબહેન શાહે શ્રીમતી મફતબેનની ધર્મ પ્રત્યેની સુંદર લાગણીનો પરિચય આપ્યો હતો. ભવાનીપુર જૈન મંદિરના ટ્રસ્ટી અને આગેવાન પ્રમુખ-કાર્યકર્તા **શેઠ શ્રી મણીલાલ વનમાળીએ** 'ચારિત્ર'ના મહિમાના સુંદર દૃષ્ટાંતોનું બહુ જ અસરકારક રીતે વર્ણન કર્યું હતું અને દીક્ષાર્થી યુગલને હાર્દિક અભિનંદન આપ્યા હતાં. શ્રીમાન ફતેહચંદ કોચરે શુભેચ્છા પાઠવી હતી.

બનાસકાંઠાવાસી ભાઈઓ તરફથી શ્રી કનૈયાલાલ એમ. શાહે દીક્ષાર્થી યુગલનું બહુમાન કરતાં જણાવ્યું હતું કે શ્રી ચંપકભાઈએ ઝવેરાતનો ધંધો કરતાં કરતાં પત્થરની કિંમત આંકતાં, ચિંતામણિ રત્ન સમાન માનવજીવનના મૂલ્યાંકન કર્યા અને સજોડે ચારિત્ર્યના ઉજ્જવળ પંથે પ્રયાણ કરવા તત્પર થયા, એ એમના પ્રબળ પુરુષાર્થનું પરિણામ છે. પૂર્વભવના સંસ્કારને આભારી છે, વીતરાગના શાસનના સાર પામેલા શ્રમણભગવંતોની પ્રેરણા મહાન કારણભૂત છે. સૌના પુણ્યોદયે પ. પૂજ્ય પંન્યાસ શ્રી ભાનુવિજયજી મહારાજશ્રીનું સં. ૨૦૨૬માં કલકત્તામાં ચાતુર્માસ થયું. પૂજ્યશ્રીના સમાગમમાં ચંપકભાઈનું આવવાનું થયું. વૈરાગ્ય રસથી ભરપૂર વીતરાગની વાણી સાંભળી, તપ અને ત્યાગના અણમોલ સંદેશા સાંભળ્યાં અને તેમનું હૈયું જાગ્રત થયું. એક પ્રસંગે પૂજ્યશ્રીના ચાલુ વ્યાખ્યાનમાં સૌની અજાયબી વચ્ચે ઊભા થઈ જ્યાં સુધી ચારિત્ર અંગીકાર ન કરું ત્યાં સુધી છૂટા મોઢે ખાવું

નહિ. દરરોજ એકાસણું કરવું' એવી મહાન પ્રતિજ્ઞા કરી. ત્યારબાદ ચારિત્ર લેવાની ભાવના ઉત્તરોત્તર વધતી ગઈ. આજે તેઓ કલકત્તાથી વિદાય લે છે અને શુભમુહૂર્તે પ.પૂજ્ય પંન્યાસશ્રી પાસે દીક્ષા અંગીકાર કરશે.'' એમ કહીને દીક્ષાર્થી યુગલની દીક્ષા નિર્વિઘ્નપણે પાર ઊતરે અને દીક્ષિતજીવન ઉચ્ચ અને આદર્શમય ગાળે, અને શ્રી હીરવિજયજી સૂરીશ્વરની પુણ્યભૂમિ પાલનપુર પોતાના વતનને શોભાવે એવી અભિલાષા વ્યક્ત કરી હતી.

શ્રી સંઘના પ્રમુખ શ્રી સવાઈલાલ શેઠે દીક્ષાર્થી યુગલની ઉત્તમ ભાવનાને બિરદાવી હતી અને શ્રીફળ અને હાર આરોપણ કરી બહુમાન કર્યું હતું. શ્રી **તુલાપટ્ટી પંચાયતી** મંદિરના આગેવાન ટ્રસ્ટી પ્રમુખશ્રી **ભેરૂદાન સુરાણા** તથા **શ્રી નથમલજી રામપુરીઆ** તરફથી પણ વરમાળા પ્રદાન કરવામાં આવી હતી.

દીક્ષાર્થીના બહુમાનમાં એ પ્રસંગે રૂા. ૧૨૦૦ બારસો જેટલી રકમ સંઘમાંથી એકત્ર થઈ હતી જે શ્રી ચંપકભાઈએ શ્રી સંઘને સાધારણ ખાતે અર્પણ કરી, એ એક નવીનતા થઈ.

બહુમાનનો જવાબ વાળતાં શ્રી ચંપકભાઈએ શ્રી સંઘનો ખૂબજ આભાર માન્યો હતો અને તેમના જીવનમાં પરિવર્તન લાવનાર પ. પૂજ્ય પંન્યાસશ્રીજીની પ્રશંસા કરી હતી. શ્રીમતી મફતબેને શ્રી મહિલા મંડલનો આભાર માન્યો હતો અને ચારિત્ર્યની ભાવના સૌએ જીવનમાં અપનાવી જોઈએ. અને જીવનમાં બને તેટલો ત્યાગ કરવો જોઈએ તેવી ભાવના વ્યક્ત કરી હતી.

દીક્ષાર્થી તરફથી નં. ૯૬ કેનિંગ સ્ટ્રીટના મંદિરમાં **પંચ કલ્યાણકની પૂજા** પણ ભણાવવામાં આવી હતી.

• **પંચગીની :** અત્રે શેઠ શ્રી જીવતલાલ પરતાપશી શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા વગેરેના પ્રયત્નથી નિર્માણ થયેલ, જિનમંદિરમાં પ્રભુજીને વિધિપૂર્વક અઢાર અભિષેક એમણે કરાવેલ. હવે મહા સુદ ૭ ની પ્રતિષ્ઠા છે. તે પર પૂ. મુનિરાજશ્રી અમરગુપ્તવિજયજી મ. આદિ પધારનાર છે.

• **બનારસ :** પૂ. મુનિરાજશ્રી જયશેખરવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં મુનિશ્રી જયસોમવિજયજી મહારાજને ૬૪ મી વર્ધમાનતપની ઓળીના પારણા પર સંઘનો ઉછરંગ અનુપમ હતો. લોકો પૂર્વતૈયારી કરીને આવેલા તેથી પ્રથમ ૧૮૫

આયંબિલની બોલી થઈ. બીજી ૧૨૫ એકાસણા, ત્રીજી ૧૦૦ બેસણાની, ચોથી ૫૦૧ સામાયિક અને પાંચમી ઉછામણી ૩૦૦૦ બાંધી નવકારવાળીની થયેલ. પાંચે ઉછામણીવાળાઓને ઘેર સંઘ સહિત વાજતે ગાજતે ગયેલ. ગહુંલીઓ થયેલ. વ્યાખ્યાનમાં કંદમૂળ વગેરેના નિયમો થયેલ. શિયાળાના દિવસો પરંતુ લગભગ ૧૫૦ ઉપરાંત ભાવિકો હતા. દરેક સ્થળે પેંડા-બરફી વગેરેની પ્રભાવના થયેલ. બપોરે નવપદજીની પૂજા તથા રાત્રે ભાવનામાં પ્રભુભક્તિનો રંગ જામેલ.

● **રતલામ :** અત્રેના શ્રી સંઘે **પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજને** અત્રે પધારવા માટે ઠેઠ મક્ષીજી તીર્થે આવી આગ્રહપૂર્વક નક્કી કરાવી ગયેલા, પછી વચ્ચેના મુકામોથી સંઘના ભાઈઓ સાથે રહેલા, તે અત્રે પૂ. પંન્યાસજી મહારાજાદિ ઠાણા ૧૨, પોષ વદ ૧૦ પધારતાં બહાર કરમદી તીર્થે ભાઈશ્રી કાલુરામજી તરફથી શ્રી નવપદજી પૂજા અને સંઘભક્તિ થઈ. વદ ૧૧ રતલામ પ્રવેશમાં ભારે ભક્તિઉલ્લાસ પૂર્વક સવારે ૮।। વાગે સામૈયું ચડ્યું, ૧૦।। વાગે મંગળ પ્રવચન થયું. બાદ શ્રી ઝમકલાલ કોઠારી તરફથી શ્રીફળની પ્રભાવના થઈ. વદ ૧૨ શ્રી વિનોદચંદ્ર તરફથી બપોરે શ્રી અષ્ટાપદજી પૂજા ભણાવાઈ. વિશાળ જનસંખ્યા હતી. લાડુની પ્રભાવના થઈ, પૂજાના ભાવ સાંભળતાં જીવનમાં અપૂર્વ ભક્તિ-આનંદ વર્તાયો. વદ ૧૩ બજાજખાના બજારમાં જાહેર પ્રવચન થયું. માનવમેદની ઊભરાયેલ. મે. વેકેશનમાં વિદ્યાર્થીઓ માટે ધાર્મિકશિબિરની અને ચોમાસાની આગ્રહપૂર્વક વિનંતી કરવામાં આવી. બપોરે પૂજ્યશ્રીના વિહાર વખતે જવલંત ચાતુર્માસ પછીના વિદાય જેવી વિદાય અપાઈ.

● **કલકત્તા :** અત્રે મુમુક્ષુદંપતી શ્રી ચંપકભાઈ તથા મફતબેન પાલનપુરવાળાને શ્રી સંઘ તરફથી દાનવીર સંઘપ્રમુખ શેઠશ્રી સવાઈલાલ કે. શાહ જે.પી. પ્રેસીડન્સી મેજિસ્ટ્રેટના પ્રમુખપદે ભવ્ય માનપત્ર-મેળાવડો થયેલ. એમાં શ્રી મણિલાલ વનમાળીદાસ શેઠે દીક્ષાર્થી દંપતીને ધન્યવાદ આપતાં મનનીય ઉદ્‌બોધન કરેલ, એમાં જણાવેલ કે-

અનંત ઉપકારી અરિહંત પરમાત્માએ સ્રવી જીવોના કલ્યાણ માટે જ ધર્મનું શુદ્ધસ્વરૂપ બતાવ્યું છે તેમાં પણ સર્વ ત્યાગમય શ્રમણ પ્રધાનની જ પ્રધાનતા બતાવી છે.

અહિંસા સંયમ અને તપ ધર્મ જ ઉત્કૃષ્ટ મંગળ છે. આમ ધર્મ સમગ્ર વિશ્વનું કલ્યાણ-મંગલ કરે છે. અને તે ધર્મનું સંપૂર્ણ તથા પાલન સાધુ મહાત્માઓ જ કરી શકે છે. આમાં અહિંસા અને સંયમના પાલન સાથે જ્યારે 'તપ'ની વિરાટ શક્તિ ભળે છે ત્યારે જ કર્મોનો સર્વથા, ક્ષય થાય છે.

દર્શન હોય, સાથે જ્ઞાન પણ હોય. પરંતુ ચારિત્ર ન હોય તો મોક્ષ ન થાય, જો ચારિત્રના અભાવમાં મોક્ષ થતો હોત તો સર્વાર્થ સિદ્ધ વિમાનના દેવતાઓમાં જ્ઞાન ઘણું છે, અવધિજ્ઞાન હોય છે, ને દર્શન પણ ઉજળું છે, પરંતુ ચારિત્ર હોતું નથી એટલે ત્યાંથી મોક્ષ નથી. ચારે ગતિમાં મનુષ્ય ગતિનું મહાત્મ્ય ચારિત્રના કારણે જ છે, દર્શન જ્ઞાન તો બીજી ગતિઓમાં પણ હોઈ શકે, પરંતુ સર્વવિરતિ મનુષ્યભવમાં જ હોય અને મનુષ્યભવ દુર્લભ છે - તેમજ મનુષ્યભવ સાથે સર્વ વિરતિ ચારિત્રની દુર્લભતાનું સંગીત શાસ્ત્રોમાં ઠેર ઠેર સાંભળવા મળે છે. બીજી ગતિમાં ચારિત્ર મળતું નથી. સંયમ પાળી શકાય મનુષ્ય ભવમાં અને મોક્ષ પણ મનુષ્ય ગતિમાં જ થાય. ખરું પૂછો, તો **મનુષ્યગતિ એ મોક્ષ પંથે જવાનું એકમાત્ર સ્ટેશન છે, કે જ્યાંથી આરાધનાની ગાડી સીધી મોક્ષે પહોંચાડે.**

ભદ્રબાહુ સ્વામી આવશ્યક નિયુક્તિમાં કહે છે કે બધા જ શ્રુતનો સાર ચારિત્ર છે અને ચારિત્રનો સાર તે નિર્વાણ યાને મોક્ષ છે.

'તીર્થં ફલતિ કાલેન સંઘઃ સાધુસમાગમઃ'

કહ્યું છે કે જંગમતીર્થભૂમિમાં તારકતાનું જેટલું બળ છે એથી ઘણું વધુ બળ સ્થાવરતીર્થસમા સંતોની તારકતામાં છે કેમકે તીર્થ કાળે ફળ આપે; સાધુસમાગમ તરત ફળ આપે છે.

સંતો જગતના મુગ્ધ જીવોને ધર્મ સમજાવે, અધર્મ સમજાવે, પુણ્ય અને પાપ સમજાવે, દુષ્કૃતોની ગર્હા કરાવતાં આંખમાંથી અશ્રુની ધારા રેલાવે; જગતના જીવોના સર્વ સુકૃતોની અનુમોદના કરાવી હર્ષ વિભોર બનાવે. એ જ સંતો પરમાત્માનો સંદેશો પ્રસારતા વિશુદ્ધ આચાર સંપન્ન મહાત્માઓ છે. સંતોના સમાગમમાં તરત જ ફળની પ્રાપ્તિ.

અતિમુક્તકુંવર માતાને કહે છે. "માતા ! મને આજે મહાસંત ગૌતમસ્વામિ મળી ગયા, હું એમના જેવો થઈશ."

"મારા નાનડીયા ! તું દીક્ષામાં શું સમજે."

"મા ! હું જે સમજું છું. તે નથી સમજતો; ને નથી સમજતો તે સમજું છું." સમજું છું એ, કે જન્મ લીધો છે તો નક્કી મરવાનો છું; પરંતુ મરીને ક્યાં

જઈશ તે સમજતો નથી. જાણું છું કે સારું કરવાથી સદ્‌ગતિ અને બૂરું કરવાથી દુર્ગતિ, પરંતુ જાણતો નથી કે કાળમુખો કાળ ક્યારે બોચી પકડશે ? ને કઈ ગતિમાં લઈ જશે.''

છ વર્ષના બાળને માએ રાજીખુશીથી સંયમી બનાવ્યો. એ બન્યા અઈમુત્તા મુનિ. આ હતી એક માતા અને આ હતો એક પુત્ર. કહેવત છે કે એક માતા સો શિક્ષકની ગરજ સારે પરંતુ, ક્યારે ? માતા પણ સંસારી ધર્મશીલ બને ત્યારે !

આ મનુષ્ય ભવ સાધના માટે જ મળ્યો છે. બીજું દૃષ્ટાંત હતું અરણિક મુનિનું.

મુનિપિતા કાળ કરી ગયા. આજે પહેલવહેલા અરણિક મુનિ ગોચરી લેવા નીકળ્યા. ધખધખતો તાપ હતો. મુનિનું શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું. સખત ગરમીના કારણે એક મહેલના ઝરૂખા નીચે તેઓ ઊભા રહ્યા. ત્યાં એક નવયૌવના શેઠાણીએ તેમને જોયા, અને દાસી મારફત ઘેર પધારવા આમંત્રણ આપ્યું. મુનિ આજે કંટાળી ગયા હતા. એટલે અશુભના ઉદયે સાધુનો વેશ બાજુએ મૂકી શેઠાનીના મોહમાં પડ્યા અને રાગના રંગે રંગાયા.

એક વખત એ બંને ઝરૂખે સોગઠાબાજી ખેલી રહ્યા હતા ત્યાં અરણિકની નજર માતા સાધ્વીજી ઉપર પડી. માતા અરણિક અરણિક કરતી ગલીએ ગલીએ ફરી રહી હતી. છોકરા ટોળે વળી એને વિંટાઈ વળ્યા હતા.

અરે મને ધિક્કાર ! આ તો મારા જન્મદાત્રી માતા સાધ્વી ભદ્રાદેવી પોકાર કરી રહ્યા છે કે ''મારો અરણિક ક્યાં ગયો ! કોણ એને ચોરી ગયું. દીકરા તું નહિ જડે તો હું કેમ જીવીશ ?''

આવા શબ્દો અરણિકના કાનમાં પડ્યા. અરણિકનું ધ્યાન ખેંચાયું. માતાની કરુણ અવસ્થા જોઈને અરણિકને ભારે આઘાત થયો. અરણિક એકદમ દોડતો માતા ભદ્રાદેવીની નજીકમાં પહોંચી પગે પડી ગયો.

માતાને ભાન આવ્યું ઓળખ્યો અરણિકને પણ ગૃહસ્થના વેશમાં ''દીકરા તારો મુનિવેશ ક્યાં ?'' તને આવું શોભે ? દીકરા તારા માટે આવી કલ્પના જ ન થઈ શકે અરે શું પાણીમાં ભડકો !'

માતા કહે છે ''અત્યારે તલવારની ધાર જેવા મહાવ્રતો કલ્પવૃક્ષો, ચિન્તામણિરત્નો અને કામકુંભો અપાવનારા થશે. જ્યારે હમણાં તો ભોગવાતા વિષયસુખો કિમાડના ફર્માની માફક હજારો યાતનાઓ, રોગો અને દુર્ગતિઓ અપાવનારા થશે.

માતાના વચનોએ ધારી અસર કરી. માતાના વચને ગુરુજી પાસે પ્રાયશ્ચિત્ત

સાથે મહાવ્રતોને ફરીથી ગ્રહણ કરી પચ્ચક્ખાણ કરી, દુષ્કૃત નિંદા કરી, ચારનાં શરણ કરી વગેરે ચારે આહારના દશ પ્રકારની આરાધના કરીને નગર બહાર ગયા અને ભયંકર સૂર્યના તાપથી તપેલી પથ્થરની શિલા ઉપર સૂઈ ગયા. અરણિક મુનિ કાળ કરીને આત્મકલ્યાણ સાધી ગયા.

ધન્ય માતા ! ધન્ય ચારિત્ર.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૦,અંક-૨૧,તા.૫-૨-૧૯૭૨**

● **ગોધરા :** અત્રે પોષ વદ ૧૦ **પૂ.પં. શ્રી ભાનુવિજયજી મ.** પધારતાં સંઘે શાનદાર સ્વાગત કર્યું. શહેરને ઠામઠામ સાડિઓની કમાનો, તોરણો, ધજાઓથી શણગારી દીધેલ. સ્થળે સ્થળે ગહુંલિઓ થઈ. સોસાયટી જિનમંદિરની સાલગીરી હોઈ ધ્વજારોહણ ઉત્સાહભેર થયા બાદ સામૈયું ચડેલ. વિશાળ સાજન સાથે ઉપાશ્રયે પધારતાં હોલ ચિકાર ભરાઈ ગયેલ. શેઠશ્રી રતિલાલ શામળદાસ તરફથી કામળી કપડા વહોરાવાયા. ૧૧॥ થી ૧૨॥ વાગ્યા સુધી મંગળ પ્રવચન ચાલ્યું. ચાલુ દિવસ છતાં લોકો ઠેઠ સુધી રસપૂર્વક સાંભળતા રહ્યા. બીજે દિવસે ભાઈશ્રી કાન્તિલાલ અમૃતલાલ તરફથી અષ્ટાપદજીની પૂજામાં પણ ભારે ભક્તિરંગ જામ્યો. પછીના દિવસે ભવોભવના પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા કરાવવામાં આવી; એમાં જનમજનમના વિવિધ દુષ્કૃત્યોનાં વર્ણન સાંભળી સંઘ ગદ્‌ગદ થઈ ગયો. બપોરના જાહેર પ્રવચન યોજાયું. સુદ ૧૩ બાર વ્રતની પૂજા. સુદ ૧૪ પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજીના શિષ્ય પૂ. બાલમુનિરાજશ્રી રાજપાલવિજયજીની વડીદીક્ષા ધામધૂમથી ઉજવાઈ. એક ભાઈ તરફથી પેંડાની પ્રભાવના થઈ. આ અવસરે પૂજ્યશ્રીને વંદનાર્થે આવેલ અમદાવાદવાળા શેઠશ્રી મયાભાઈ લક્ષ્મીચંદ તરફથી ૧-૧ રૂા. તથા કુમકુમ તિલકથી સંઘપૂજન કરવામાં આવ્યું. લગભગ ૮૦૦ રૂા. અપાયા. પૂજ્યશ્રીને કામળી વહોરાવી વડીદીક્ષા બાદ સંઘના ભાઈ બેનો તરફથી કપડા કામળી વહોરાવાયા. સુદ ૧૪ બપોરે પૂ. શ્રીના વિહારમાં વળાવવા વિશાળ માનવપ્રવાહ ચાલ્યો. જવલંત ચોમાસા પછીના વિદાય જેવું દૃશ્ય હતું.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૦,અંક-૨૩,તા.૧૯-૨-૧૯૭૨**

● **ભુજ :** અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજની

નિશ્રામાં મહા સુદ ૧૪ શનિવારે ૧૧ ભાગવતી દીક્ષાઓનો ભવ્ય પ્રસંગ ૧૦ હજાર માણસની હાજરીમાં ઊજવાઈ ગયો. એમાં મનફરાના એક યુવક અને બે બાળ દીક્ષાર્થીઓ પૂ. આચાર્યદેવશ્રીના શિષ્યરત્ન પૂ.પં. શ્રી કલાપૂર્ણવિજયજી મ.ના શિષ્ય થયા. નામ મુનિશ્રી મુક્તિચંદ્રવિજયજી, શ્રી પૂર્ણચંદ્ર વિ., શ્રી મુનિચંદ્રવિજયજી તથા ચાર દીક્ષાર્થી બેનો વાગડના સમુદાયમાં પૂ. સાધ્વીજી મ. શ્રી અમીરસાશ્રીજી, શ્રી દિવ્ય-દર્શનાશ્રીજી, શ્રી નિર્મળયશાશ્રીજી, શ્રી જયધર્માશ્રીજી તરીકે દીક્ષિત થઈ. વળી ભુજના ધર્મનિષ્ઠ શ્રાદ્ધરત્ન ભાઈશ્રી અનોપચંદ ઉત્તમચંદના બે પુત્ર બે પુત્રીઓએ પણ ચારિત્રજીવન અંગીકાર કર્યું. એમાં મોટાભાઈ શ્રી અરુણકુમાર પૂ.પં. શ્રી ભાનુવિજયજી મ.ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજીના શિષ્ય મુનિશ્રી ઈંદ્રયશવિજયજી બન્યા. તથા ભાઈશ્રી ભૂપેન્દ્ર એમના શિષ્ય મુનિશ્રી ભદ્રયશવિજયજી બન્યા. બે બેનો શ્રી ભાનુમતી તથા શ્રી પ્રભાવતી બાપજી મહારાજના સમુદાયમાં સાધ્વીજી શ્રી ભદ્રંકરાશ્રીજી તથા શ્રી પદ્માવતીશ્રીજી બન્યા. આ પ્રસંગે ૩ ભવ્ય વરઘોડા નીકળેલ. એમાં પ્રથમ શ્રી સંઘ તરફથી બીજો દીક્ષાર્થીઓનો વરસીદાનનો અને ત્રીજો દીક્ષા પ્રસંગે. તેમજ અર્હત્ પૂજન શાંતિસ્નાત્રાદિ થતા રૂા. ૪૦૦૦૦ ની દેવદ્રવ્યની ઉપજ થયેલ. અને રૂા. ૧૫૦૦૦ ની ઉપકરણની બોલી થયેલ. દીક્ષાર્થી તરફથી સુદ ૧૩-૧૪ એમ બે નવકારશી થયેલ. બહારગામથી સેંકડો ભાવિકો આવેલ.

● **લાતુર :** અત્રે મહા વદ ૫ ના પૂ. ગુણાનંદવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં નૂતન મંદિરમાં પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ ભવ્ય રીતે ઊજવાયો. આ પ્રસંગે ૨૪૦૦૦ મણ ઘીની ઊપજ થયેલ. જળયાત્રાના વરઘોડામાં પૂનાથી ચાંદીનો રથ ખાસ મંગાવેલ. પૂના-નગર-મુંબઈ-નિપાણી-સોલાપુર-કોલ્હાપુર-સંગમનેર તેમજ આજુબાજુના અનેક ભાવિકો આવેલ. અત્રેના શ્રી સ્થાનકવાસી-તેરાપંથી-દિગંબર ભાઈઓએ પણ સારો લાભ લીધેલ. પ્રતિષ્ઠા દિવસે નવકારશી તેમજ ગરીબોને ખીરનું જમણ અપાયેલ. ઉત્સવ દરમિયાન ગોધરા પાઠશાળાના શિક્ષક શ્રી કનુભાઈ પ્રભુજીને ભવ્ય અંગરચના કરતા તેથી જૈન જૈનેતરો હજારોની સંખ્યામાં દર્શને આવતાં. શ્રી લીલાધર ચાપશીભાઈએ મૂળનાયક ભગવંતશ્રી શાંતિનાથ પ્રભુને ગાદીનશીન કરવાની ઉછામણી બોલી લાભ લીધેલ. મહા વદ ૬ ના દ્વારોદ્‌ઘાટન પ્રસંગે શ્રી સંઘ હેમચંદ એન્ડ કું. વાળાના ઘરે વિનંતી માટે ગયેલ. ત્યાં તેમના તરફથી સંઘ પૂજા તથા શ્રીફળની પ્રભાવના થયેલ.

● **ખંભાત :** અત્રે પરમશાસન પ્રભાવક ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ૨૪ ભાગવતી દીક્ષાઓનો આજના

યુગમાં અભૂતપૂર્વ પ્રસંગ તથા પૂ. સ્વ. ગુરુદેવશ્રી સુવિશાલ શ્રમણસાર્થાધિપતિ કર્મસાહિત્ય સૂત્રધાર સિદ્ધાંતમહોદધિ આચાર્યભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની ચરણપાદુકાનો પ્રતિષ્ઠા પ્રસંગ અતિ ભવ્ય રીતે ઊજવાયો. આ પ્રસંગે મહા વદ ૬ ના સવારે આગમપ્રજ્ઞ પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ, વયોવૃદ્ધ પૂ. મુનિરાજશ્રી મેરુવિજયજી મ. આદિ લગભગ ૧૧૦ મુનિવરો સાથે પૂ. ગચ્છપતિ આચાર્યદેવશ્રી પધારતાં શ્રી જૈન અમરશાળા સંઘે અદ્‌ભુત સામૈયું કર્યું હતું. પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજ કાનપુરથી ઉગ્ર વિહાર કરી ખંભાત પ્રવેશમાં પૂ. આચાર્યદેવશ્રીની સાથે થઈ ગયેલ. મૂળ મહોત્સવ-આયોજન ખંભાતના ધર્મનિષ્ઠ સ્વ. શેઠશ્રી સોમચંદ પાનાચંદના સુપુત્રો શેઠ શ્રી ભાણાભાઈ, શ્રી બંસીલાલ, અને શ્રી કેશરીચંદ તરફથી કેશરીભાઈની બે સુપુત્રીઓની દીક્ષા નિમિત્તે કરવામાં આવેલ. એ પ્રસંગને પામીને રાણપુરવાળા શેઠશ્રી નરોત્તમદાસ છગનલાલ એઓશ્રીના બેન, ભોજાઈ, તથા ભાણીની દીક્ષા અર્થે તેમ બીજા પણ ભાગ્યશાળીઓ પોતપોતાના કુટુંબીની દીક્ષા અર્થે આયોજનમાં જોડાયેલ. કુલ ૨૪ દીક્ષાઓમાં કલકત્તાવાળા ભાઈ શ્રી જયંતીલાલ વોરા અને એમના બે સુપુત્રો તથા કોઠવાળા શ્રી મફતલાલના પુત્ર હર્ષદ તેમજ રાજકોટવાળા શ્રી નગીનદાસનાં પુત્ર નરેન્દ્ર તથા પુત્રી અને બીજી ૧૮ બેનો હતી. મહા વદ ૯/૧ દીક્ષા વરસીદાનનો અતિ ભવ્ય વરઘોડો નીકળેલ. જેમાં ચોવીસે દીક્ષાર્થીઓને વરસીદાન ઉછાળતા જોવાનો એક અનુપમ જીવનલહાવો હતો. વદ ૯/૨ નગર બહાર હાઈસ્કૂલના પટાંગણમાં ૧૦-૧૫ હજાર માનવોને સમાવે તેવો મંડપ ખડો કરાયેલ. સુવિશાલ મંડપમાં દીક્ષાવિધિપ્રસંગ ઊજવાયો. મોટા સ્ટેજ પર સમવસરણની આસપાસ ૨૪ દીક્ષાર્થીઓને દીક્ષા વિધિ કરતાં જોઈ જોનારનાં દિલ દ્રવિત થઈ જતાં.

દીક્ષા બાદ સ્વ. પૂ. ગુરુદેવશ્રીની ચરણ પાદુકા પ્રતિષ્ઠાવિધિ ભવ્ય રીતે ઊજવાઈ. પૂજ્યશ્રીના દેહને જ્યાં અંતિમ અગ્નિસંસ્કાર કરાયેલ તે સ્થાને એક ભવ્ય સમાધિમંદિર ઊભું કરવામાં આવેલ અને એમાં રોનકદાર દેવલીમાં વચ્ચે સંગેમરમરની છત્રી સહિત પીઠ પર પૂજ્યશ્રીના ચરણપાદુકા સ્થાપિત કરાઈ. આ પ્રતિષ્ઠા માટુંગાવાળા ભાઈ શ્રી પ્રાણલાલ દેવશીએ રૂા. ૧૮ હજારની બોલીથી કરેલ.

રોજ પૂ. આચાર્યદેવશ્રીનાં 'મનુષ્યજીવનમાં દુર્લભ શું ?' એ મુખ્ય વિષય પર જોરદાર પ્રવચન ચાલતાં. એક અષ્ટોત્તરી સ્નાત્ર, એક શાંતિસ્નાત્ર, તથા એક સિદ્ધચક્રપૂજન વગેરે જિનેન્દ્રભક્તિ પ્રસંગ ઊજવાયા. મહા વદ ૧૧ પૂ. આચાર્યદેવશ્રી ફા.સુ. ૧૨ ગંધાર પ્રતિષ્ઠા પ્રસંગને અનુલક્ષીને વિહાર કરતાં માનવમહેરામણ વળાવવા ગયેલ. પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજે ફા.સુ. ૯

વડોદરામાં ભાઈશ્રી હેમેન્દ્રકુમારની દીક્ષા કરવા અંગે એમના વડિલ ભાઈશ્રી ભૂપેન્દ્રભાઈની સાગ્રહ વિનંતી થતાં મહા વદ ૧૨ વડોદરા તરફ વિહાર કર્યો છે, અને વડોદરામાં જ ભાઈશ્રી નગીનદાસ ચુડગર વગેરેનો બે બેનોની સુદ ૧૩ દીક્ષા પ્રસંગે આગ્રહ હોઈ પૂ. શ્રી રોકાશે. પછી ડભોઈ ફા.વ. ૫ ઉપાશ્રય ઉદ્‌ઘાટન પ્રસંગે પધારવાની સંઘની વિનંતી માન્ય કરી છે. આ પ્રસંગે ગંધારથી બંને પૂ. આચાર્યદેવશ્રી સપરિવાર પધારવાનું નક્કી થયું છે.

● **વડોદરા :** અત્રે રાવપુરામાં વસતા ભાઈશ્રી હેમેન્દ્રકુમાર કેસરીચંદ (ઉં. વર્ષ ૨૨) છાણીવાળાની પૂ.પં. શ્રી ભાનુવિજયજી ગણિવાર પાસે ફા.સુ. ૯ ના રોજે ધામધૂમથી દીક્ષા થઈ. એમનું નામ મુનિશ્રી હેમતિલકવિજયજી રાખવામાં આવ્યું. દીક્ષા નિમિત્તે એમના મોટાભાઈશ્રી ભૂપેન્દ્રકુમાર તરફથી કંકોત્રી કાઢી કોઠીપોળ દેરાસરે જિનેન્દ્રભક્તિઉત્સવ યોજયો હતો. વડોદરાનગરના શિબિર વિદ્યાર્થીઓએ પૂજયશ્રીનો નગરપ્રવેશ ઠાઠથી કરાવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી. કોઠીપોળે રોજ પ્રવચન સાંભળવા દૂરદૂરથી સંભાવિત ગૃહસ્થો પણ આવતા. અષ્ટાપદજીની પૂજા અને એના ભાવ પહેલીવાર સાંભળનારાને ચમત્કારિક આલ્હાદ થયો. સુદ ૮ દીક્ષાવરસીદાન તથા રથયાત્રાનો વરઘોડો ભવ્ય ચડેલ. અનેક સંસ્થાઓ અને સંઘ તરફથી જુદા જુદા સ્થળે દીક્ષાર્થીને અભિનંદન આપતા મેળાવડાઓ થયેલ. ત્રણ દિવસ બેનો પાસે ગવરાવવાનું રખાયેલ. દીક્ષા દિવસે સગાસ્નેહી વગેરે ૫૦૦ જણને જમણ અપાયું. દીક્ષા ગાંધીની વાડીમાં થઈ. આ પ્રસંગે પૂ.પં. શ્રી વિબુધવિજયજી મહારાજ આદિ પણ પધાર્યા હતા. એઓશ્રીની નિશ્રામાં કુમારિકા બેનો શ્રી કુમુદબેન તથા નંદાબેનની અત્રે સુદ ૧૩ દીક્ષા થવાની હોઈ ભાઈશ્રી નગીનદાસ ચુડગર અને શ્રી હીરાભાઈ ઘીઆના અતિ આગ્રહથી પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજ સપરિવાર જાની શેરી ઉપાશ્રયે પધારી રોકાયેલ. ખંભાતથી વિહાર કરી તપસ્વી પૂ. પં. શ્રી ત્રિલોચનવિજયજી મહારાજ પણ પધારી ગયેલ. ઉપાશ્રય ઉપરાંત પંચપોળ યુવક મંડળ તરફથી સરદારભવનમાં, ડેરાપોળ યુવક મંડળ તરફથી ડેરાપોળમાં, મામાની પોળવાળા યુવક મંડળ તરફથી અબ્બાસ હોલમાં, સયાજી ગંજવાળા તરફથી પટેલ બોર્ડિંગમાં જુદા જુદા વિષયો પર જાહેર પ્રવચનો થયા. જાની શેરી ઉપાશ્રયે રોજ રાતના જ્ઞાનગોષ્ઠીમાં યુવક વર્ગે પણ મોટી સંખ્યામાં લાભ લીધેલ. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી ડભોઈ પધારશે.

બંને દીક્ષાર્થી બેનોનાં પણ અનેક અભિનંદન મેળાવડા સુંદર થયા. શ્રી નગીનભાઈ તથા શ્રી હીરાભાઈએ ખૂબ ઉદારતાથી દીક્ષા-મહોત્સવ શાનદાર ઉજવ્યો. દીક્ષાના વરઘોડામાં બે બેન્ડ, પ્રભુજીનો રથ, સાંબેલા, સાજન વગેરે સાથે ચાર ઘોડાની ઊંચી બગીમાં દીક્ષાર્થીબેનો અમાપ ઉત્સાહથી વરસી દાન ઉછાળી રહી હતી. દીક્ષા ફા. સુ. ૧૩ જાની શેરી ઉપાશ્રયના વિશાળ હોલમાં પૂ.પં. શ્રી વિબુધવિજયજી મહારાજના હસ્તે થઈ. નૂતનદીક્ષિતોનાં નામ સાધ્વીજી શ્રી કીર્તિવર્ધનાશ્રીજી તથા નંદીવર્ધનાશ્રીજી રાખવામાં આવ્યા.

ગાંધીવાડીમાં સાધર્મિક વાત્સલ્ય ઠાઠથી થયું. વડોદરા સંઘમાં ધર્મભાવના સુંદર પ્રસરી ગઈ.

● **છાણી :** અત્રે પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મ.ના સદુપદેશથી ૧૫૦ વર્ષ જૂના ઉપાશ્રયનું નવનિર્માણ થયું, તેનો શુભ ઉદ્‌ઘાટન સમારોહ અમદાવાદવાળા શેઠશ્રી કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા હસ્તે ઠાઠથી ઉજવાયો. એમણે રૂા. ૨૫૦૧ ઉપાશ્રય ખાતે ભેટ કર્યા. આ પ્રસંગે પૂ.પં. શ્રી ત્રિલોચનવિજયજી **મ. પં. શ્રી ભાનુવિજયજી મ.** મુ. શ્રી મિત્રાનંદવિજયજી મ. આદિ ઠા. ૩૧ ની ઉપસ્થિતિથી સંઘમાં ઉલ્લાસ સારો વ્યાપી ગયો. 'ધર્મસ્થાન બનાવવું એ કેવું અદ્‌ભુત સુકૃત છે, બનાવનારને વારંવારની એની અનુમોદનાથી વારંવાર નવાં પુણ્યની કેવી ભરતી થાય છે.' વગેરે પર મંગળ પ્રવચન થયું. બાદ ફી સેવા આપનાર એંજિનિયર ઉમાકાંતભાઈને માનપત્ર સાથે ચાંદીની પૂજાની સામગ્રી પૂજા જોડી તથા રૂા. ૫૧ સાથે હારતોરાથી બહુમાન થયું. તેમજ દીપચંદકાકા વગેરે સેવા આપનારનાં બહુમાન થયાં. છાણી સંઘપ્રમુખ શ્રી સોભાગચંદ નગીનચંદ તરફથી દર સાલ માટે રૂા. ૫૧ આપવાનું. તેમજ બીજાઓ તરફથી પણ રૂપિયા ઘડિયાળ વગેરે આપવાનું જાહેર થયું. સાધર્મિક વાત્સલ્ય પૂજા ભાવનાદિ સુંદર થયું. પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી વિહાર કરી વચમાં નાપાડમાં વિવાદાસ્પદ પ્રશ્નોનો ઉકેલ કરી અમદાવાદ થઈ હીરાપુર ઓળી પ્રસંગે પધારશે.

● **ડભોઈ :** અત્રે નવનિર્મિત શ્રી સંવેગ-રંગ-દાન-પ્રેમ પોષધશાળાના ભવ્ય ઉદ્‌ઘાટન સમારોહ પ્રસંગે અગાઉથી પધારવા ખૂબ આગ્રહ હોઈ પૂ.પં. શ્રી ચિદાનંદવિજયજી મહારાજ સાથે નગર પ્રવેશ ભાઈશ્રી ભુવનકુમાર તરફથી ભવ્ય

સામૈયા સાથે થયો. અનેક ગહુંલીઓ થઈ. ધર્મશાળામાં લગભગ રોજ સવારે પ્રવચન અને રાતના માત્ર પુરુષોને જ્ઞાનગોષ્ઠી અપાતી. વદ ૫ **'માનવજીવન એક પ્રયોગશાળા'** એ વિષય પર સવારે જાહેર પ્રવચન થયું. બપોરે શ્રી અષ્ટાપદજી પૂજામાં પ્રસિદ્ધ સંગીતકારો શ્રી સુંદરભાઈ શ્રી અમૃતલાલ વગેરેએ પણ પૂજાની નવનવી તર્જો તથા પૂજાના ભાવાર્થમાં ખૂબ ઝીલી બીજાઓને ઝીલાવ્યું. રાતના સાડા દસ વાગ્યા સુધી જ્ઞાનગોષ્ઠી ચાલી. ત્રણે ટાઈમ ધર્મશાળા ચિક્કાર ભરાઈ ગયેલી અતિશય આગ્રહવશ વદ ૬ વ્યાખ્યાન-વાચસ્પતિ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા આગમપ્રજ્ઞ પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ આદિ પધારતાં ભાઈશ્રી છિતાલાલ ચુનીલાલ તરફથી અદ્‌ભુત સામૈયું ચડ્યું. આખે રસ્તે માનવમેદની ચિકાર હતી. મંડપે પધારતાં નૂતન ઉપાશ્રયનું મુંબઈવાળા શેઠશ્રી છગનભાઈ લક્ષ્મીચંદના હસ્તે ઉદ્‌ઘાટન થયું. પૂજ્યશ્રીએ પ્રવચનધોધ વહાવ્યો. બપોરે પણ પ્રવચન, બીજે દિવસે પ્રવચન અષ્ટોત્તરી સ્નાત્ર વગેરે અદ્‌ભુત ઉજવાયા. નવકારશી જમણ ભવ્ય થયું.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૨૦,અંક-૩૦,તા.૮-૪-૧૯૭૨

પાલણપુરમાં શ્રી જૈન ધાર્મિક શિક્ષાયતન

આજની બગડતી દુનિયામાં જૈન યુવાનો પણ બચી શક્યા નથી. એમને ધર્મ અને સંસ્કૃતિનું જ્ઞાન આજની શાળા-કૉલેજોમાં મળતું નથી. તેથી એમને જૈનધર્મ, જૈન તત્ત્વજ્ઞાન, જૈન આચાર, જૈન સંસ્કૃતિ વગેરેની શિક્ષા આપવા માટે પૂર્વની જેમ આ વર્ષે પાલણપુર મુકામે તા. ૩૦ એપ્રિલથી ૨૧ મી મે સુધીનું જૈન ધાર્મિક શિક્ષાયતન (શિક્ષણ શિબિર) યોજવામાં આવેલ છે. એમાં અમારી વિનંતીથી પૂ.પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્ય ઉક્ત વિષયો પર પ્રવચનો આપશે. વિદ્યાર્થીઓને રહેવા જમવાની સગવડ સાધર્મિકવાત્સલ્યરૂપે કરવામાં આવશે. જૈનધર્મ-તત્ત્વજ્ઞાનની પરીક્ષાઓમાં સફળતા, શિક્ષાયતનમાં આચારબદ્ધતા - વગેરે પર આકર્ષક ઈનામો અપાશે. વિદ્યાર્થી-સંખ્યા પરિમિત લેવાની હોઈ, શિક્ષણનો લાભ લેવો હોય એ આમાં જલદીથી પ્રવેશ ફોર્મ મંગાવી ભરી મોકલો.

કાર્યવાહકો	**લિ. આપનો નમ્ર**
કાન્તિલાલ ઉજમલાલ, નૌતમભાઈ ઘડિયાળી	શિબિર-સંચાલક
ડૉ. સુરેશચંદ્ર ઝવેરી, દલપતભાઈ સી. શાહ	કુમારપાળ વિ. શાહ

૬૮, ગુલાલવાડી, મુંબઈ-૪.

● **ખંભાત :** અત્રે પૂ.પં. શ્રી હેમંતવિજયજી મહારાજની તબીયત વિશેષ અશક્ત હોઈ પૂ.પં. શ્રી ભાનુવિજયજી ગણિવર રોકાયેલા છે પરંતુ હવે તબીયતમાં સુધારો આવતો હોઈ થોડા વખતમાં પાલણપુર તરફ વિહાર કરવા વકી છે.

● **શંખેશ્વર :** પૂ. આગમપ્રજ્ઞ આચાર્યદેવશ્રી વિજય જંબુસૂરીશ્વરજી મ.ના વિદ્વાન શિષ્યરત્ન પૂ.પં. શ્રી જયંતવિજયજી મહારાજ આદિ ઠા. ૫ ફા. સુ. ૯ અત્રે પધાર્યા. ૧૫ દિવસની સ્થિરતા દરમ્યાન રાંધેજા-શંખેશ્વર યાત્રા બસ ૩૨૫ નો સંઘ અમદાવાદવાળા મનુભાઈ ચિમનલાલ નાથાલાલ તરફથી આવેલ. પૂ. શ્રીની નિશ્રામાં ફા.વ. ૨ નાં સિદ્ધચક્ર પૂજન થયું. ફાગણ વદ ૩ ના સંઘવી ચિમનલાલ આદિને તીર્થમાલા પહેરાવાઈ. તીર્થમાલા ઉપજ રૂા. ૫૫૫૫ લગભગ થઈ. સંઘવી તરફથી સંઘપૂજા નવકારશી જમણ ભારે આંગી વિ. થયું. પૂનમ પર મુંડારા અમદાવાદ તથા ગેંડા-પાલીતાણાના પણ સંઘ આવેલ. પૂ. પંન્યાસજી મ. આદિ ઠાણાને તથા યાત્રાળુઓમાં ૭૫ જણાને અઠ્ઠમતપ આરાધના સુખરૂપ થઈ. અત્રેથી પૂ. શ્રી વિહાર કરી પાટણ મંડપમાં પધાર્યા. ચૈત્રી ઓળી દરમ્યાન પૂ.શ્રીનાં સુંદર પ્રવચનો થયાં, તેમજ ચૈત્ર સુ. ૧૩ નાં મહાવીર જન્મ કલ્યાણકનો ભવ્ય વરઘોડો ચડેલ. બીજા ઉપાશ્રયેથી પણ પૂ. મુનિરાજો તથા વિશાળ શ્રાવક-શ્રાવિકા પણ પધારેલ. ભવ્ય વરઘોડા બાદ મંડપમાં પૂ.પં. મહારાજશ્રી જયંતવિજયજી મહારાજની નિશ્રામાં મહાવીર જન્મ કલ્યાણક વિષય ઉપર ૧૦ થી ૧૧। મનનીય પ્રવચન થયેલ. ચૈત્રી ૧૫ મંડપમાં શત્રુંજય પટ્ટ સન્મુખ ચૈત્યવંદનાદિ થયેલ. પૂ. પંન્યાસજી મ. ચાણસ્મા ધિણોજ વગેરે થઈ અમદાવાદ વૈ. સુ. ૫ લગભગ પધારવા વકી છે.

● **ગોદન (જાલોર) :** અત્રે પૂ. મુનિરાજશ્રી જિનપ્રભવિજયજી મ.ની નિશ્રામાં મહા સુદ ૨ થી ઉપધાન તપમાં ૧૩૪ ભાઈ-બેનો જોડાયેલ. માળા પ્રસંગે ૧ લાખ ૧૭ હજારની ઊપજ થયેલ. શ્રી માંગીલાલ તરફથી સિદ્ધચક્રપૂજન- અઠ્ઠાઈ મહોત્સવ થયેલ. ચૈત્ર સુ. ૩ ના સાધર્મિકવાત્સલ્ય થયેલ. સુદ ૭ થી સંઘવી માનમલજી રાજાજી તરફથી ઓળી પારણા થયેલ.

● **ખંભાત :** અત્રે પૂ.પં. શ્રી હેમંતવિજયજી મહારાજની તબીયતમાં સુધારો છે. હવે જમણાં પગે પણ શક્તિ આવતી જાય છે. પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજ એઓશ્રીની પ્રસન્નતાથી વિહાર કરી પાલણપુર તરફ પધારે છે. નડિયાદ પધારતાં સંઘ સ્વાગત તથા શ્રી ચંદુલાલ મગનલાલ તરફથી સંઘપૂજન વગેરે સુંદર થયું.

● **અમદાવાદ :** ચૈત્ર વ. ૮-૯-૧૦ તથા મહેસાણા વૈ. સુદ ૨ લગભગ

થવા સંભવ છે. એઓશ્રીને કફ ઉપદ્રવ વગેરે થવાથી ૧૦૩ મી ઓળીમાં ૫૪ આંબેલ પારણું કરવું પડેલ છે. પારણાં પછી સુખશાતા સારી છે. ખંભાત પૂ.પંન્યાસજી મહારાજની સેવામાં મુનિરાજો શ્રી યશોભદ્રવિજયજી, શ્રી વિમળસેન વિજયજી, શ્રી જયતિલકવિજયજી, શ્રી ચિરંતનવિજયજી, જિનચંદ્રવિજયજી આદિ રોકાયેલ છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૦,અંક-૩૩,તા.૨૯-૪-૧૯૭૨**

● **પાલણપુર :** અત્રે **પૂ.પં. શ્રી ભાનુવિજયજી ગણિવર** ખંભાતથી વિહાર કરી અત્રે સુખરૂપ પધારી ગયા. સુદ ૧૦ ના સવારે દીક્ષાર્થી શ્રી ચંપકભાઈ તરફથી ભવ્ય પ્રવેશ સ્વાગત અર્થે નગરમાં ઠેર ઠેર કમાન રચનાઓ મંડપ વગેરે કરાવવામાં આવેલ. આબુથી સ્પેશિયલ બેન્ડ બોલાવાયેલ. શ્રી પાલણપુર સંઘ ખૂબ જ ઉલ્લાસથી સામૈયામાં જોડાયેલ; અને બે કલાક આખા નગરના રાજમાર્ગોએ સ્વાગત-વરઘોડો ફર્યો. એમાં ઠેઠ સુધી વિશાળ મેદની કાયમ રહી. અત્રે પૂર્વે પધારી ગયેલ પૂ. આચાર્ય મહારાજ શ્રી સુબોધસાગર સૂરિજી મ. તથા પૂ.પં. શ્રી મુક્તિવિજયજી મહારાજના શિષ્યો પણ સામૈયામાં જોડાયેલ. સ્થળે સ્થળે ગહુંલીઓ લગભગ સો ઉપર થઈ. વરઘોડાના મોખરે નિશાન ડંકો, ત્રાંસા, ૫૧ કુમારિકાઓના માથે કલશ, ૫૧ સાઇકલ સાથે યુવાનો વગેરેથી શોભા સુંદર બની. ઉલ્લાસથી પ્રેરાઈ યુવાનો અને કુમારો રસ્તામાં ઠેર ઠેર ડાંડિયા રાસ રમતા. દીક્ષાર્થી શ્રીમતિ મફતબેનની દીક્ષા અર્થે સાધ્વીજી શ્રી વિજ્ઞાનશ્રીજી મ. પણ સા. શ્રી ઈન્દ્રપ્રભા શ્રી મ. આદિ ઠાણા સાથે સ્વાગતમાં પધારી ગયેલ. સામૈયું ઉપાશ્રયે ઊતરતાં વ્યાખ્યાન-પીઠ પર પૂ. આચાર્ય મહારાજ સાથે બે પૂ. પંન્યાસજી મહારાજ બિરાજમાન થયા, તેથી સંઘના ભાવોલ્લાસમાં અનેરી વૃદ્ધિ થઈ. પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજે શ્રી ગૌતમસ્વામીજી ગણધર મહારાજ શ્રુતજ્ઞાનના પારગામી છતાં મહાવીર-ભગવાનનાં સર્વ વચન વિસ્મિત હૃદયે સાંભળતા એની પાછળના રહસ્ય પર સંવેગ વૈરાગ્યભર્યું મંગળ પ્રવચન કર્યું. બપોરે 'જીવનવાડી'માં પૂ. આચાર્ય મહારાજના પ્રમુખસ્થાને 'જીવનની સાચી દૃષ્ટિ' એ વિષય પર જાહેર વ્યાખ્યાન થયું. અત્રે તા. ૩૦-૪-૭૨ થી શરૂ થનાર ધાર્મિક શિક્ષક શિક્ષાયતનના આયોજનની તૈયારીઓ ચાલી રહેલ છે.

● **ડીસા : પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજ** અત્રેના સંઘની વિનંતીથી પાલણપુરથી અત્રે પધાર્યા. શેઠ શ્રી કીર્તિભાઈ ભણસાલીએ પોતાના બંગલામાં એક વ્યાખ્યાન રખાવેલ. પાટણ મંડપના ટ્રસ્ટીઓએ અત્રે આવી પાટણ પધારવા ખૂબ આગ્રહ કર્યો તેથી પૂજ્ય શ્રી વૈ. વદ ૬/૭ પાટણ પધારવા વકી છે. ત્યાંથી અમદાવાદ તરફ પધારશે.

● **અમદાવાદ :** અત્રેના યુવક શ્રી નવનીતકુમાર શનાલાલ B.Com. ની વૈ. સુ. ૬ ગુરુવારે પ્રકાશ હાઈસ્કૂલના પટાંગણમાં ખૂબ જ ધામધૂમપૂર્વક દીક્ષા થઈ. નામ મુનિ શ્રી યશોભૂષણવિજયજી રાખવામાં આવ્યું. દીક્ષાર્થે એમના ગુરુજી પૂ. મુનિરાજ શ્રી ચંદ્રશેખરવિજયજી મ. અત્રે પધારતાં પહેલાં તો સોસાયટીઓમાં પધારેલા એમનાં પ્રવચનોમાં ચિક્કાર મેદની થતી. વૈ. સુ. ૨ નગર પ્રવેશ ભવ્ય સામૈયાથી થયો. ભાઈ શ્રી શનાભાઈ તરફથી વતન લાંબેસરના જિનમંદિરે દીક્ષા નિમિત્તે જિનભક્તિ મહોત્સવ સુંદર ઊજવાયો. રોજનાં પ્રવચનો પ્રકાશ હાઈસ્કૂલના પટાંગણમાં થતાં ૪ થી ૫-૫ હજાર માણસ ૧॥-૧॥ કલાક એકધારું શ્રવણ કરતું. જનતામાં ઉમંગ પુષ્કળ હતો. પૂજ્યશ્રીની અમદાવાદની વિજળી-મુલાકાત સુંદર છાયા નાખી ગઈ. હવે ચોમાસાર્થે શંખેશ્વરજી રાધનપુર થઈ ભુજ પધારશે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૦,અંક-૩૯,તા.૧૦-૬-૧૯૭૨**

● **પાટણ :** ડીસા મુકામે પાટણ શ્રી નગીનદાસ જૈનમંડપ કમિટીના આગેવાનોની પાટણ પધારવાની આગ્રહભરી વિનંતી થતાં **પૂ.પં. શ્રી ભાનુવિજયજી ગણિવર** સપરિવાર વૈ. વ. ૭ ના અત્રે પધાર્યા. બેન્ડવાજા સાથે સ્વાગત થતાં માર્ગમાં અનેક ગહુંલીઓ થઈ. પૂજ્યશ્રીનાં માંગલિક-પ્રવચન પછી પ્રભાવના થયેલ. વૈ.વ. ૯ ના પૂ.મુનિશ્રી ચંદ્રસુંદરવિજયજી મહારાજની વડી દીક્ષા હોઈ મંડપને શણગારવામાં આવેલ. પ્રારંભમાં એક કલાક વ્યાખ્યાન થયેલ, ત્યારબાદ વડી દીક્ષાની ક્રિયા સુંદર રીતે થઈ હતી. ૧૨। પછીનું મુહૂર્ત છતાં ભાઈ-બેનો ૫૦૦-૬૦૦ની સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. મુનિશ્રીના સંસારી વડીલબંધુ અમૃતલાલ પૂનમચંદ તરફથી પેંડાની પ્રભાવના તથા દીક્ષિતના સંસારી પુત્ર સતીશકુમાર તરફથી પંચાસરાજી દેરાસરે ભવ્ય અંગ રચના કરાવવામાં આવેલ. વૈ.વ. ૧૧ના પૂજ્યપાદ પરમોપકારી

સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગારોહણ તિથિ હોઈ એઓશ્રીના ઉચ્ચ ગુણો અને સુકૃતોની અનુમોદનાર્થે ખીરનાં એકાસણાં સાથે દરેકને 'અરિહંત' પદનો ૫૦ હજાર જાપ કરાવવાનું નક્કી થયું અને બાજુમાં બતાવ્યા મુજબ પત્રિકા બહાર પાડવામાં આવેલ.

એક એકાશન સાથેના જાપથી ૧૨૫ ઉપવાસનો અદ્‌ભુત લાભ... જીવનભર માટે અરિહંત-રટણ સરળ કરનારો એક જ દિવસનો પ્રયોગ.

જૈન શાસ્ત્રો કહે છે, **'અરિહંત'** એ ચાર અક્ષર ચતુરાક્ષરી મંત્ર છે. એનો વિધિપૂર્વક ૪૦૦ વાર જાપ કરે તો એક ઉપવાસનું ફળ મળે છે. અર્થાત્ પારા ઉપર 'અરિહંત-અરિહંત-અરિહંત-અરિહંત' એમ ચાર વાર 'અરિહંત' બોલવાનું એમ ૧ માળા ગણતાં એક ઉપવાસનું ફળ મળે. આવી ૧૨૫ માળા ગણતા ૫૦૦૦૦ જાપ થાય અને ૧૨૫ ઉપવાસનું ફળ મળે.

વૈશાખ વદ-૧૧ ત્રણસો મુનિરત્નોના શિરતાજ પૂ.સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની સ્વર્ગારોહણતિથિ હોઈ આ દિવસે તા. ૮ જુન ગુરુવાર પૂજ્યશ્રીની ભવ્ય શાસન આરાધના પ્રભાવના તથા મહાકિંમતી ગુણો સુકૃતો અને ઉપકારોની અનુમોદનાર્થે આ જાપનો મહાન કાર્યક્રમ રાખવામાં આવ્યો છે, સાથે એકલી ખીરનું એકાસણું કરવાનું છે.

આ ૧૨૫ માળાનો જાપ વહેલી સવારે ઊઠીને જ્યારે જ્યારે સમય મળે ત્યારે ત્યારે ગણીને રાત સુધીમાં પૂરો કરવાનો છે. એમ આખા દિવસમાં ૫૦૦૦૦ વાર 'અરિહંત' રટતા, મનમાં 'અરિહંત' પદનું સહજ ગુંજન ઊભું થઈ જાય છે, ને એ પછીથી રોજ મનમાં ગુંજ્યા કરે છે. એના ચમત્કારિક લાભ તથા આપત્તિઓમાં બચાવના દાખલા બનેલા છે, માટે જીવનમાં કવચિત્ પ્રાપ્ત આ આરાધના કરી લેવા જેવી છે. આ આરાધનાથી વિશેષમાં સ્વ.પૂ.આચાર્યદેવશ્રીના ગુણો અને આરાધનાઓની અનુમોદનાનો પણ લાભ મળશે.

શુભ કાર્યક્રમ

સવારે ૭-૩૦ વાગે શ્રી પંચાસરાજીના દેરાસરે સ્નાત્રમહોત્સવ.

સવારે ૯-૦૦ વાગે મંડપમાં 'અરિહંત'નો પ્રભાવ અને સ્વ.પૂ.આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજનું જીવન, એના પર પ્રભાવક પ્રવચનકાર તપોનિધિ પૂ.પંન્યાસશ્રી ભાનુવિજયજી મહારાજ પ્રવચન આપશે. બાદ 'અરિહંત' વંદના-

ગીત અને ધૂન થશે.

જાપ કરનારને ખીરનાં એકાસણ મંડપમાં કરાવવામાં આવશે. આ આરાધનામાં જોડાવું હોય એ ભાગ્યશાળીઓએ વૈ.વ. ૧૦ વ્યાખ્યાન સમય સુધીમાં પોતાના નામ સત્વર લખાવી દેવા વિનંતી છે.

પાટણ **લી.**
વૈ.વ.૯ **નગીનભાઈ મંડપ કમિટી.**

• • •

જાહેરાત થવાથી ટપોટપ નામ નોંધાવવા માંડ્યા હતા. વદ ૧૧ સવારે ઠાઠથી શ્રી સ્નાત્ર-મહોત્સવ ઊજવાયો. વ્યાખ્યાન સમયે આ જગતમાં અરિહંત કેટલાને મળે ? મળ્યા પછી કેટલાને ગમે ? ગમે તો વિરતિનો પ્રયત્ન કરનાર કેટલા ? વગરે પર વિવેચન થયા બાદ સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં રોચક ગુણગાન થયાં. સ્વ. પૂજ્યશ્રીને પહેલપહેલાં શ્રી સિદ્ધગિરિ પર યાત્રા થતાં શ્રી અરિહંતદેવ પામ્યાની ભારે કદર થઈ; અઠ્ઠાઈ પચ્ચક્ખાણ કરેલ; અને સત્સમાગમ કરતાં વૈરાગ્ય ભાવના ખૂબ વિકસ્વર થઈ. પછી કેવી કઠિનતા વેઠી સંયમ સ્વીકાર્યું; કેવા કેવા નિસ્પૃહતા, અંતર્મુખતા, સહિષ્ણુતા, સંઘવાત્સલ્ય વગેરે અનુપમ ગુણો અને અનેક શિષ્ય પરિવારના સર્જન તથા તાત્ત્વિક ગ્રંથોની જાતે રચના અને શિષ્યો પાસે રચાવવાં, વગેરેનું વર્ણન થયું. અંતિમ સમાધિ ખૂબ અનુમોદનીય હતી. ટૂંકમાં સ્વ. પૂજ્યશ્રી આચાર્ય ભગવંતના ગુણો વગેરેની અનુમોદનાનો લાભ સક્રિયપણે સારો લેવાયો. અત્રેથી પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજ વિહાર કરી ધિણોજ જોટાણા પાનસર વગેરે રસ્તે થઈ અમદાવાદ જેઠ સુદમાં પહોંચવા વકી છે.

''દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૨૦,અંક-૪૧,તા.૨૪-૬-૧૯૭૨**

• **અમદાવાદ :** અત્રે શેઠ રમણલાલ વજેચંદ આદિની વિનંતીથી પૂ.પં. શ્રી હેમંતવિજયજી મહારાજ જૈનનગર ઉપાશ્રયમાં પધારેલ. તેમજ પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજ પણ પાલનપુરથી વિહાર કરી અત્રે જેઠ સુદ ૮ ના રોજે પધાર્યા છે. મંગળપ્રવચન-બાદ સભામાં શેઠશ્રી રમણભાઈએ પૂજ્યશ્રીને વિનંતી કરીને જાહેરાત કરી શ્રી શાંતસુધારસ ૧૨ ભાવના પર અત્રે પૂજ્યશ્રી આઠ દિવસ પ્રવચન આપશે.

● **લુણાવા :** અત્રે પૂ.પં. શ્રી ભદ્રંકર વિજયજી મહારાજનું સ્વાસ્થ્ય નરમ ચાલતું હતું, માત્ર પ્રવાહી ઉપર જ રહેતા. કુદરતી મુંબઈથી ડૉ. ભણશાલી ભક્તિભાવે પૂજ્યશ્રીને વંદન કરવા આવેલા. એમણે તબીયત તપાસી દવા ઉપચાર શરૂ કરાવ્યા. હવે થોડી ઘેંસ લઈ શકે છે. સ્ફૂર્તિ પણ સુધરી છે. છતાં અશક્તિ ઘણી છે. અત્રે પૂ. મુનિરાજો શ્રી પ્રદ્યોતન વિજયજી મ. તથા શ્રી જયમંગલ વિજયજી મ. ને વર્ધમાન આંબેલ તપની ૯૫મી ઓળી ચાલુ છે. શ્રી કલ્યાણપ્રભ વિ.મ.ને ૯૫મી ઓળી પૂર્ણ થઈ, શ્રી ચંદ્રાંશુ વિજયજી મ. ને ૯૯ મી ઓળી પૂર્ણ થઈ.

● **અમદાવાદ :** અત્રે પૂ.પં.શ્રી હેમંતવિજયજી મ. તથા **પં.શ્રી ભાનુવિજયજી** મ.નો સપરિવાર જ્ઞાનમંદિરમાં જેઠ વદ ૧૨ના રોજે ચાતુર્માસ પ્રવેશ સુસ્વાગત થયો. સ્વાગત સામૈયું પાંચકુવા દરવાજેથી જ્ઞાનમંદિરના ટ્રસ્ટીગણ આદિ સંઘની વિશાળ મેદની સાથે ચડ્યું હતું. પ્રવેશ પૂર્વે જૈનનગર, શાંતિનગર, નવરંગપુરા, અરુણ, દશાપોરવાડ વગેરે સોસાયટીઓ તથા આણંદજી કલ્યાણજી બ્લોક અને નવી ક્લોથ માર્કેટના સંઘોની આગ્રહભરી વિનંતીને માન આપી પધારેલા તથા સ્વાગત સમારોહ, પ્રવચનો પ્રભાવનાદિ થયેલ.

● **રતલામ :** અત્રે વિદ્વાન પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્ત વિજયજી મહારાજ શ્રી તેજરાજજી ગાંધી વગેરે સંઘના આગેવાન તથા અન્ય ભક્ત ભાઈઓનાં અતિ આગ્રહથી ઉગ્ર વિહાર કરી ચાતુર્માસાર્થ પધાર્યા. વિહારના ક્ષેત્રોમાં સુંદર ધર્મપ્રભાવના થઈ. પૂજ્યશ્રીએ અત્રે નગર બહારના ૪ દિનના મુકામમાં હાઈસ્કૂલમાં ૨ થી ૫ જાહેર વ્યાખ્યાનો જોરદાર આપ્યાં. રોજ હજારની મેદની જામતી. અષાઢ સુદ-૬ પ્રવેશ વખતે સામૈયામાં બે હજાર માણસ હતું. હાથી, બે બેન્ડ, ઘોડેસવારો વગેરેથી સામૈયાનો જૈનેતર પ્રજા પર પણ અદ્‌ભુત પ્રભાવ પડ્યો. પછી રોજનાં વ્યાખ્યાનોમાં ૬૦૦ થી ૭૦૦ જેટલી સંખ્યા થાય છે. વિશેષ ધાર્મિક આયોજનો વિચારાઈ રહ્યા છે.

● **સુરત :** અત્રે છાપરિયા શેરીમાં શ્રી જયંતવિજયજી ગણિવર આદિ ઠા.નો ચાતુર્માસ પ્રવેશ સુસ્વાગત થયેલ. ગહુંલીઓ પ્રભાવનાદિ લાભ લેવાયો. પૂ.સા.મ.શ્રી

હંસાશ્રીજી મ.ના નૂતન શિષ્યાઓ સાધ્વીજી શ્રી પુણ્યદર્શનાશ્રીજી, સા.શ્રી સમ્યગ્દર્શનાશ્રીજીની વડી દીક્ષા અ.સુ. ૬ રવિવારે ધામધૂમથી થયેલ.

● **ભુજ :** સૌરાષ્ટ્રોદ્ધારક પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ કચ્છની ધરતી ઉપર પધારતા જનતા ખૂબ જ ઉલ્લાસમય બની હતી. ચમત્કારિક વાણીથી ઘણા લોકોના જીવન પલટા થયા છે. લીંબડી, રાજકોટ, ધ્રાંગધ્રા, જામનગર આ ચાતુર્માસ દરમ્યાન પૂ. મુનિશ્રીની અમૃતવાણીનું પાન કરવા લગભગ ૫ થી ૬ હજારની માનવમેદની ઊભરાતી. કેટલાય સંઘોમાં તેઓશ્રી ઐક્ય સાધ્યા છે. ભુજમાં ચાતુર્માસ પ્રવેશ કરતાં ઠેરઠેર ભવ્ય સ્વાગત થયું. બંગલેથી ભવ્ય વરઘોડો નિશાન ડંકા સાથે, ઘોડેસવાર, ૧૮ બગીઓ, ૩૭ બાળકો સાયકલ સવાર, વિદ્યાર્થી બેન્ડ, બે છડીદાર ઘોડેસવાર, ૫૬ કુમારિકાઓ, પોલિસબેન્ડ, જામનગરના સૂત્રો પોકારતા વીરસૈનિકો વગેરે સાથે ખૂબ જ લાંબો વરઘોડો હતો. લગભગ ૪૦૦૦ માણસો હતા. ગાંઠીયા-લાડુની પ્રભાવના મહેમાનોની સાધર્મિક ભક્તિ સાથે દરેકને એક રૂપિયો અને શ્રીફળ અપાયા. ભુજ સંઘે ત્યાં અભૂતપૂર્વ સામૈયું કર્યું. વ્યાખ્યાનમાં હકડે ઠઠ જામે છે. યુવાનોમાં ય ભારે ઉત્સાહ છે.

● **સુરત (ગોપીપુરા) :** પૂ. મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી તથા પૂ.મુ. શ્રી જયશેખરવિજયજી એમના સંસારીપણે માતા પૂ. સાધ્વી શ્રી મહાનંદાશ્રીજીની નરમ તબીયતના કારણે પૂ.મુ. શ્રી જયતિલક વિજયજી મ. સાથે અત્રે સુસ્વાગત પધાર્યા છે. અને કાંતિલાલ લલ્લુભાઈના મકાનમાં ઊતર્યા છે. વ્યાખ્યાન રૂપચંદ લલ્લુભાઈ ધર્મશાળામાં બેસે છે.

પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના સમુદાયના ચાતુર્માસ

૧. પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિ (લાલબાગ-ભુલેશ્વર) - મુંબઈ
૨. પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ આદિ - ધૂળીયા
૩. પૂ. ઉપાધ્યાય શ્રી ભક્તિવિજયજી મ. આદિ - નડિયાદ
૪. પૂ. ઉપાધ્યાય શ્રી માનવિજયજી મ.આદિ (દશા પોરવાડ સો.) - અમદાવાદ
૫. પં. શ્રી પુષ્પવિજયજી મ. આદિ (પગથીયાનો ઉપાશ્રય) - અમદાવાદ
૬. પં. શ્રી કનકવિજયજી મ. આદિ - (શ્રીપાળનગર) મુંબઈ
૭. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. આદિ - લુણાવા

૮. પં. શ્રી ચિદાનંદવિજયજી મ. આદિ - સિનોર
૯. પં. શ્રી મલયવિજયજી મ. આદિ - નંદરબાર
૧૦. પં. શ્રી મૃગાંકવિજયજી મ. આદિ - (વડાલા) મુંબઈ
૧૧. પં. શ્રી સુદર્શનવિજયજી મ. આદિ - (વેલાણી એસ્ટેટ) મલાડ
૧૨. પં. શ્રી જયંતવિજયજી મ. આદિ - (છાપરીયા શેરી) સુરત
૧૩. પં. શ્રી હેમંતવિજયજી મ. તથા
પં. શ્રી ભાનુવિજયજી મ. આદિ - (જ્ઞાનમંદિર) અમદાવાદ
૧૪. પં. શ્રી મુક્તિવિજયજી મ. આદિ - ખંભાત
૧૫. પં. શ્રી ત્રિલોચનવિજયજી મ. આદિ - અમલનેર
૧૬. પં. શ્રી હિમાંશુવિજયજી મ. આદિ - ધંધુકા
૧૭. પં. શ્રી રવિવિજયજી મ. આદિ - વિરમગામ
૧૮. પં. શ્રી માનતુંગવિજયજી મ. આદિ - વઢવાણ
૧૯. પં. શ્રી હર્ષવિજયજી મ. આદિ - (ગીરધરનગર) અમદાવાદ
૨૦. પં. શ્રી રાજવિજયજી મ. આદિ - રાજપુર (ડીસા)
૨૧. પં. શ્રી જિનેન્દ્રવિજયજી મ. આદિ - જામનગર
૨૨. પં. શ્રી માણેકવિજયજી મ. આદિ - ભાણવડ
૨૩. મુનિશ્રી રંગવિજયજી મ. આદિ - જલગામ
૨૪. મુનિશ્રી પદ્માકરવિજયજી મ. આદિ - બાવળા
૨૫. મુનિશ્રી પુણ્યોદયવિજયજી મ. આદિ - સિદ્ધપુર
૨૬. મુનિશ્રી મહાપ્રભવિજયજી મ. આદિ - બારેજા
૨૭. મુનિશ્રી ગુણાનંદવિજયજી મ. આદિ - પિંપળગામ
૨૮. મુનિશ્રી પ્રદ્યોતનવિજયજી મ. આદિ - બેડા
૨૯. મુનિશ્રી મિત્રાનંદવિજયજી મ. આદિ - બોરસદ
૩૦. મુનિશ્રી ભદ્રાનંદવિજયજી મ. આદિ - (આરાધનાભવન) દાદર
૩૧. મુનિશ્રી નિરંજનવિજયજી મ. આદિ - પાદરા
૩૨. મુનિશ્રી ધનપાલવિજયજી મ. આદિ - માલેગામ
૩૩. મુનિશ્રી ભદ્રાનંદવિજયજી મ. આદિ - નવાડીસા
૩૪. મુનિશ્રી જયભદ્રવિજયજી મ. આદિ - (નારણપુરા) અમદાવાદ
૩૫. મુનિશ્રી નરભદ્રવિજયજી મ. આદિ - (કૃષ્ણનગર) અમદાવાદ
૩૬. મુનિશ્રી જિનપ્રભવિજયજી મ. આદિ - (ઉમેદાબાદ) ગોળ
૩૭. મુનિશ્રી ધર્મગુપ્તવિજયજી મ. આદિ - રાધનપુર

૩૮. મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. આદિ - રતલામ
૩૯. મુનિશ્રી ધર્માનંદવિજયજી મ. આદિ - (ગોપીપુરા) સુરત
૪૦. મુનિશ્રી પુંડરીકવિજયજી મ. આદિ - સાદડી
૪૧. મુનિશ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિ - સુરેન્દ્રનગર
૪૨. મુનિશ્રી અમરેન્દ્રવિજયજી મ. આદિ - ભુજપુર
૪૩. મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી મ. આદિ - ભુજ
૪૪. મુનિશ્રી હેમચંદ્રવિજયજી મ. આદિ - પાટણ
૪૫. મુનિશ્રી જિતેન્દ્રવિજયજી મ. આદિ - (બાલોતરા) ગુડા
૪૬. મુનિશ્રી જગત્ચંદ્રવિજયજી મ. આદિ - ઈડર
૪૭. મુનિશ્રી મનોગુપ્તવિજયજી મ. આદિ - ડભોઈ
૪૮. મુનિશ્રી લલિતશેખરવિજયજી મ. આદિ - સીસોદરા
૪૯. મુનિશ્રી ગુણરત્નવિજયજી મ. આદિ - મોકલસર
૫૦. મુનિશ્રી નંદીવર્ધનવિજયજી મ. આદિ - વાંકાનેર
૫૧. મુનિશ્રી અમરગુપ્તવિજયજી મ. આદિ - પુના
૫૨. મુનિશ્રી જયભૂષણવિજયજી મ. આદિ - (ભિવંડી) મુંબઈ
૫૩. મુનિશ્રી કીર્તિરત્નવિજયજી મ. આદિ - વડગામ
૫૪. મુનિશ્રી જયસોમવિજયજી મ. આદિ - દાંતરાઈ
૫૫. મુનિશ્રી ભદ્રશીલવિજયજી મ. આદિ - જામનગર
૫૬. મુનિશ્રી ગુણવર્ધનવિજયજી મ. આદિ - પિંડવાડા

● **સુરેન્દ્રનગર :** અત્રે સેનેટેરયમમાં પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ ઠા. ૩ ચોમાસું બિરાજે છે. વ્યાખ્યાનવાણી વૈરાગ્યભરી ચાલી રહી છે. રોજ લગભગ ૩૦૦ જણ તથા રવિવારે ૫૦૦ જણ લાભ લે છે. પૂ. શ્રીના સાંસારિકપણે મામી શ્રી ગજરાબેન તરફથી તેમજ શ્રી કીરચંદભાઈ જોરાવરનગરવાળા તરફથી એમ બે વાર સંઘપૂજન થયું. રોજ પ્રતિક્રમણમાં ૬૦ બાળકો ય જોડાયા છે. બાળકોને પૂજોપયોગી મખમલના બટવા વહેંચાયા. રાત્રિના નવતત્ત્વની સમજમાં ત્રીસેક ભાઈઓ લાભ લે છે. બ્રહ્મચર્ય પર ઉપદેશ અપાતાં આજીવન વ્રતમાં ૮ જણ અને ચાતુ૰ બ્રહ્મ૰માં ૫૨ જણ જોડાયા. એમને શ્રીફળ તિલક તથા સારી રોકડ પ્રભાવના થઈ.

● **ભુજ :** પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ.ના રોજનાં વ્યાખ્યાનમાં ૩॥ હજાર માણસ આવવાથી જગા નાની પડી ગઈ. રવિવારે શ્રી રામાયણના વ્યાખ્યાનમાં ૮ થી ૧૦ હજાર માણસ થતાં ખાસ મંડપ ઊભો કરવો પડે એવું થયું છે. દર

શનિના જૈનતત્ત્વજ્ઞાનના પ્રવચનમાં હજાર પંદરસો જૈનેતરો પણ આવે છે. જૈનેતર આગેવાનોએ સાંભળીને પૂજયશ્રી આગળ ખૂબ અનુમોદના કરી. દર સોમવારે પ્રશ્નોત્તરી અને બાકી દિવસોમાં શ્રી પંચસૂત્ર પર પ્રવચન થાય છે.

● **અમદાવાદ :** અત્રે **પૂ.પં. શ્રી ભાનુવિજયજી મ.ના** 'શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા' નામના શાસ્ત્ર પરનાં પ્રવચન વખતે ઉપદેશ થતાં અત્રે જ્ઞાનમંદિરમાં વિદ્યાર્થીઓ માટે સાંજે ૭॥ થી ૯ વાગ્યાની પાઠશાળા શરૂ થઈ છે. એમાં શિક્ષકના પગાર માટે મહિના તથા પ્રભાવના માટે ૨૦૦ ઉપર દિવસો નોંધાઈ ગયા. અત્રે પૂ. પંન્યાસજી મહારાજની હાજરી હોવાથી અત્રે જૂના શિબિર-વિદ્યાર્થીઓનાં એક સંમેલનની અને તે દ્વારા અત્રેના કૉલેજ તથા મેટ્રિકના વિદ્યાર્થીઓમાં નવો ધર્મરસ જગાવનારા આયોજનની વિચારણા કરવા જેવી છે, એમ શિબિર-સંચાલક શ્રી કુમારપાળભાઈનું માનવું છે.

● **ધુળિયા :** અત્રે પ્રવચનપ્રભાવક આગમપ્રજ્ઞ પૂ. આચાર્યદેવશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ સાહેબ શ્રી ભગવતીજી સૂત્ર ઉપર સુંદર વ્યાખ્યાનો આપે છે. પ્રારંભ સારા સમારોહ પૂર્વક થયો. પૂજયશ્રીનાં પાવન પગલાં અને ધર્મોપદેશથી સંઘમાં ધર્મ-ઉલ્લાસ સારો વધી ગયો છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૦,અંક-૪૭,તા.૧૯-૮-૧૯૭૨**

● **ખંભાત :** અત્રે પૂ.પં. શ્રી મુક્તિવિજયજી મહારાજના સાનિધ્યમાં સ્વ.પૂ. આચાર્યદેવશ્રી ભુવનતિલક સૂરીશ્વરજી મહારાજના નિમિત્તે શ્રી અષ્ટાપદજીની પૂજા તથા ભાવના શ્રી રાજનગર જૈન સંયુક્ત મંડળે દંતારા શ્રી રસિકભાઈની આગેવાની નીચે ભવ્ય રીતે ભણાવી. ભક્તિરંગની રમઝટ જામી. પૂ. પંન્યાસજી મ.ના દર રવિવારે જાહેર વ્યાખ્યાન જોરદાર થાય છે વિશાળ મેદની સાંભળતાં મંત્રમુગ્ધ બને છે.

● **સિનોર :** અત્રે પૂ.પં. શ્રી ચિદાનંદવિજયજી મ.ના ધર્મપ્રેરક પ્રવચનોથી ૮૫ જણ ઉનોદરિકાવ્રતના એકાસણામાં જોડાયેલ. તથા ગામના ૪૦ ઘરમાંથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના અઠ્ઠમમાં ૫૧ જણ જોડાયેલ એમાં ૧૦ તો નાની વયના હતા. સ્થાનિક અને વડોદરાના સંગીતકારોએ નૂતન વાજિંત્રો સાથે ત્રણે દિવસ પૂજાભાવનામાં રંગત જમાવી. પૂજયશ્રીએ પ્રભુજીના ૧૦ ભવ અને શંખેશ્વર પાર્શ્વનાથના ઈતિહાસ પર જોરદાર પ્રવચન આપેલ શ્રોતાઓ પ્રભાવિત થઈ ગયેલ. પારણાં પ્રભાવનાદિ સુંદર થયેલ.

● **સુરત :** છાપરિયા શેરીમાં પૂ.પં. શ્રી જયંત વિજયજી મ.નાં વૈરાગ્યભર્યા વ્યાખ્યાનથી સંઘમાં ધર્મઉલ્લાસ સુંદર. પૂ. મુનિરાજશ્રી ખ્યાતકીર્તિ વિજયજી મ.ના ચત્તારિ અઠ...ઉપવાસ નિમિત્તે અષાઢ વદ ૧૨ શ્રી અષ્ટાપદજીની ભવ્ય પૂજા ભણાવાઈ. સંગીતકાર શ્રી ચંદ્રકાન્તભાઈના સ્ટાફે ભક્તિસંગીતની રમઝટ મચાવી. શ્રીમતી સરસ્વતીબેનને શ્રીનવકારમંત્રના લાગટ ૬૮ ઉપવાસની આરાધનાર્થે ૫૧ ઉપવાસની સુંદર તપસ્યા પ્રભુપૂજાદિ સાથે સુખરૂપ ચાલી રહી છે.

● **રતલામ :** પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ.ના પ્રવચનમાં રોજ ૧૦૦૦ માણસ તથા રવિવારે 'રામાયણમાં જીવનદૃષ્ટિ' એ વિષય પર ૫ થી ૬ હજારની મેદની થાય છે. શ્રા.સુ. ૮ થી સામુદાયિક ૧ ક્રોડ નવકાર જાપનું ભવ્ય અનુષ્ઠાન ખીરના એકા. સાથે શરૂ થશે. પૂ.મુ. શ્રી પદ્મરત્ન વિ.મ. ને સિદ્ધિતપ ચાલે છે.

● **અમદાવાદ :** અત્રે જ્ઞાનમંદિરમાં **પૂ.પં. શ્રી ભાનુવિજયજી** મહારાજના ઉપદેશથી ઘણા વરસો બાદ છોકરાઓની ધાર્મિક પાઠશાળા શરૂ થઈ એમાં લગભગ ૨૨૫ જેટલી હાજરી પહોંચે છે. દર રવિવારે ઈનામો પ્રભાવના અપાય છે. પાલનપુરના નૂતન દીક્ષિત પૂ. મુનિરાજશ્રી ચંદ્રસુંદરવિજયજી મહારાજે ૧૬ ઉપવાસ ઉપર અઠ્ઠાઈના પચ્ચક્ખાણ કર્યા છે. ૫૦ સુધી પહોંચવાની ભાવના છે. આજે ૨૨ માં ઉપવાસે પણ ૫-૬ કલાક વગર ટેકે બેસી સ્વાધ્યાય તથા જાપ કરે છે. ઉપરાંત વ્યાખ્યાન સાંભળે છે. રાત્રિના જ્ઞાનગોષ્ઠી પૂ. પંન્યાસ મ. આપે છે શ્રોતા સારી સંખ્યામાં આવે છે. કૉલેજિયન વિદ્યાર્થીઓ તથા નવયુવકોને એમાં લાભ લેવા આમંત્રણપત્રિકાથી અનુરોધ કરવામાં આવ્યો છે. અને દિવાળી બાદ એમની પરીક્ષા લઈ ગુણવત્તા તથા ઉપસ્થિતિ અને જ્ઞાનગોષ્ઠીની જીવન પર અસરને અનુલક્ષીને રૂા. ૫૦૧-૪૦૧-૩૫૧-૩૦૦-૨૫૧. દસ જણને રૂા. ૧૦૧-૧૦૧ વીસને રૂા. ૫૧-૫૧ વગેરેથી બહુમાન કરવાની યોજના કરવામાં આવી છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૦,અંક-૪૮,તા.૨૬-૮-૧૯૭૨**

● **ઈડર :** અત્રે પૂ. મુ. શ્રી જગચ્ચંદ્રવિજયજી મહારાજની નિશ્રામાં ચોમાસી ચૌદશે આયંબિલની ચિઠ્ઠીઓની પ્રભાવના થયેલ, તેથી રોજ ૮-૧૦ આયંબિલ થાય છે. ૪૫ આગમના તપમાં ૪૦ જણ અને નવકારમંત્રમાં ૭૨ જણ જોડાયા.

● **સુરેન્દ્રનગર :** પૂ.મુ. શ્રી રાજેન્દ્રવિજયજી મ.ની નિશ્રામાં માસધર શ્રા.સુ.

૪ રોજે ૯૧ પોષધ થયા. પ્રતિક્રમણમાં ૧૭૫ ભાઈઓ આવેલ. રવિવારે 'સાત્ત્વિકતા' પર જાહેર પ્રવચનમાં હજાર ઉપર મેદની હશે. એમાં તથા વર્ધમાન તપ પાયા, પોસાતીને સારી પ્રભાવના થયેલ.

● **અમદાવાદ :** અત્રે જ્ઞાનમંદિરમાં પૂ. નૂતન મુનિરાજશ્રી ચંદ્રસુંદરવિજયજી મહારાજને આજે શ્રા. સુ. ૧૪-૩૦ મો ઉપવાસ છે. તપસ્યામાં રોજ ટેકા વિના બેસીને ૬-૮ કલાક સુંદર જાપ સ્વાધ્યાય કરવાનું ચાલુ છે, ચિત્ત ખૂબ પ્રસન્ન. વ્યાખ્યાન પણ બરાબર સાંભળે છે. અત્રે બાળકોની પાઠશાળામાં ૨૦૦ ઉપર વિદ્યાર્થીઓ થાય છે. રાતના જ્ઞાનગોષ્ઠીમાં ઘણા પ્રૌઢ પુરુષો ઉપરાંત હવે નવયુવકો અને કૉલેજિયનો પણ જોડાવા માંડ્યા છે.

'દિવ્ય-દર્શન'ના નૂતન વર્ષના પ્રારંભે

- તંત્રીસ્થાનેથી

પર્યુષણા લગભગથી એટલે કે સપ્ટેમ્બર માસથી 'દિવ્યદર્શન' સાપ્તાહિક પત્રનું નવું વર્ષ શરૂ થાય છે. આ સપ્ટેમ્બરમાં દિવ્ય-દર્શન ૨૦ વર્ષની સફળ કારકિર્દી પસાર કરી ૨૧મા વર્ષમાં પ્રવેશ કરે છે. પત્રે ગત વર્ષમાં 'ધર્મપરિણતિ અને સુલસા શ્રાવિકા' ઉપર રોચક બોધક અને તાત્ત્વિક વાંચન આપ્યું. હવે આ વર્ષમાં **'શાંતસુધારસ ભાવના અને મહાસતી ઋષિદત્તા'** ઉપર વિશદ વિચારણા રજૂ કરવામાં આવશે. ગયા અંકમાં જાહેર કર્યા મુજબ 'દિવ્યદર્શન'ના ખાસ ચાહકોની ઇચ્છાનુસાર હવેથી દિ.દ.નો **પ્રત્યેક અંક ૮ પાનાનો** પ્રકાશિત કરવામાં આવશે. ખર્ચ ઘણો છતાં વાર્ષિક લવાજમ થોડુંક જ વધારીને રૂા. ૯/- કરવામાં આવ્યું છે. દિવ્યદર્શનના માનવંતા સભ્યોને અમારો ખાસ અનુરોધ એ છે કે કેટલાક સભ્યોની જેમ દરેક અંક ૨-૩ વાર વાંચે, જેથી વર્તમાનમાં બેફામ પ્રસરી રહેલ કુતર્કો-કુવિકલ્પો-દુર્ધ્યાન અને ધર્મઆલસ્યાદિના ભોગ ન બનાય, અને પોતાને જૈન ધર્મના આગવા વિશિષ્ટ પદાર્થો વિશિષ્ટ તત્ત્વો અને વિશિષ્ટ કલ્યાણમાર્ગોનો પ્રકાશ તથા પ્રેરણા ઊભી થતી રહે. બીજું એક સપ્રેમ સૂચન છે કે બીજા ભવ્યાત્માઓને પણ આવા મહાન લાભ પ્રાપ્ત કરાવવાની ઉમદા ઇચ્છા રાખી દરેક સભ્ય બંધુ-ભગિની દિવ્યદર્શનના એક-બે એક-બે નવા સભ્ય બનાવતા રહે.

● **સુરેન્દ્રનગર :** અત્રે પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ.ની નિશ્રામાં સેનેટેરિયમમાં શ્રા.સુ. ૧૨ સોમવારથી પર્યુષણા મહાપર્વની ભવ્ય આરાધના થઈ. રોજ વ્યાખ્યાનમાં ૭૦૦-૮૦૦ ભાઈબેનો. જન્મવાંચનમાં ૧૫૦૦. પ્રતિક્રમણમાં રોજ ભરચક સંખ્યા, ભા.સુ. ૪ સોમવારે ૧૪૦૦ ની સંખ્યામાં શ્રીફળ ૧-૧ રૂા.થી સંઘપૂજા થઈ. ૧૫૦૦ પ્રતિક્રમણમાં સંખ્યા હતી. ૨૧ પ્રભાવનાઓ થઈ, ૮૪ ચોસઠ પહોરી થયા, તપસ્વીઓનાં પારણાં થયાં. એકંદરે ઉલ્લાસ બહુ. શહેરમાં કુલ ઉપવાસ $\frac{૩૦}{૪}$, વગેરે થયા.

● **ઈડર :** પૂ. મુનિરાજશ્રી જગચ્ચંદ્ર વિજયજી મ.ની નિશ્રામાં ચોમાસા પ્રારંભથી ટિકિટોની પ્રભાવનાના હિસાબે સંઘમાં રોજ ૧૦ આંબેલ ચાલુ છે. ૪૫ આગમતપ, નવકારતપ, અક્ષયનિધિમાં ૪૫-૧૦૦-૯૭ જોડાયા. કેશર આદિ પૂજા દ્રવ્યોથી ભરી પૂજા પેટીઓની પ્રભાવના થઈ. સોમવારથી પર્યુષણામાં ઘણી તપસ્યાઓ પ્રભાવનાઓ થઈ. ૧૫૦ તપસ્વીઓ, ૪૬ ચોસઠ પહોરીની સાધાર્મિક-ભક્તિ થઈ. અષ્ટોત્તરી સ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ થયો. સંઘમાં આરાધના અને પ્રભુભક્તિના આનંદના પૂર ઊમટ્યા. પૂ. સાધ્વીજીશ્રી સુવ્રતાશ્રીજી મહારાજે સ્ત્રી વર્ગને આરાધનામાં સારો જોડ્યો. અત્રે પાઠશાળા માટે ફંડ ચાલુ થયેલ છે અને એક ભાઈ અભ્યાસ કરાવવા માટે પૂ. મહારાજ સાહેબ પાસે તૈયારી કરી રહ્યા છે. ચાતુર્માસિ નિયમોનો પત્ર મુદ્રિત હોવાથી ઘણાએ નિયમો લીધેલા.

● **અમદાવાદ :** અત્રે જ્ઞાનમંદિરમાં પં.શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબે વર્ધમાનતપની **૧૦૩મી ઓળીની પૂર્ણાહુતિ** પ્રસંગે તેમના સંસારી મામી શ્રીમતી મણિબેને પોતાના નિવાસ સ્થાન પાડાપોળમાં વ્યાખ્યાન રાખવા માટે ખાસ વિનંતી કરેલી. તે માન્ય થતા પાડાપોળના શ્રી સંઘે પોળનું ડેકોરેશન-સ્વાગત વરઘોડો વગેરેમાં સુંદર સહકાર આપ્યો અને પૂજ્યશ્રીને વાજતે ગાજતે સંઘ સાથે લઈ જઈ પોળમાં પધરામણી કરાવાઈ. પોળના વિશાળ શણગારેલા ચોકઠામાં જૈન ધર્મના ગૌરવ ઉપર પ્રવચન થયું. શ્રી મણિબેન તેમના કુટુંબીજનો તથા બીજાઓએ ગુરુપૂજન કર્યા બાદ પતાસાની પ્રભાવના થઈ. કેટલાક ભાઈઓએ આ નિમિત્તે પોતાના તરફથી પ્રભુજીને એકેક દિવસ ભવ્ય આંગી રચાવવાનું નક્કી કર્યું. ભાઈશ્રી નલીનકુમાર કુમારચંદે કતલખાનેથી જીવ છોડાવ્યા.

● અત્રે જુદા જુદા સ્થળે શ્રાવણ વદ ૧૨ સોમવારથી પર્યુષણ કરાવવા માટે ખૂબ આગ્રહભરી વિનંતીઓ હોઈ મુનિઓને મોકલવામાં આવ્યા હતા. આંબાવાડી-શાસ્ત્રીનગર પૂ. મુનિશ્રી યશોભદ્રવિજયજી મ., જૈનનગર મુનિશ્રી રત્નસુંદરવિજયજી મ., પંકજ સોસાયટી-મુનિશ્રી રત્નાંશુવિજયજી તથા કુલચંદ્રવિજયજી મ., વિજયનગર-મુનિશ્રી જગવલ્લભવિજયજી મ., રાણીપ, પૂ.મુ. શ્રી મનકવિજયજી મહારાજ તથા જયચંદ્ર વિજયજી મ., નરોડા-પૂ. મુ. શ્રી હીરવિજયજી મ. તથા વિદ્યાનંદવિજયજી મ. સૈજપુર મુનિશ્રી પ્રકાશવિજયજી મ., શાહપુર-પૂ.મુ. શ્રી પદ્મપ્રભવિજયજી મ., મણિનગર-પૂ.મુ. શ્રી ચંદ્રયશવિજયજી મ., ન્યુ માર્કેટ-પૂ.મુ. શ્રી યોગેન્દ્રવિજયજી મ., ને મોકલવામાં આવ્યા હતા. બધે ઉપજો તથા આરાધનાઓ સુંદર થઈ. નરોડામાં પાઠશાળા નક્કી થઈ, ફંડ થયું. આ ઉપરાંત દશાપોરવાડ સોસાયટી, સારંગપુર, વિદ્યાશાળા, જ્ઞાનમંદિર, ગીરધરનગર, પગથીયાનો ઉપાશ્રય કાળુશીની પોળ વગેરે સ્થળોએ પણ શ્રાવણ વદ ૧૨ સોમવારથી પર્યુષણા ભવ્ય ઉજવાયા.

● **ભુજ :** પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજનાં પાવન પગલે અત્રે નવો ધર્મયુગ સરજાયો છે. એમનાં વ્યાખ્યાનમાં રોજ ૩-૪ હજારની અને રવિવારે ૭-૮ હજારની માનવમેદની ઊભરાય છે, જેમાં બપોરે શ્રી જૈન રામાયણ ઉપર ૩ વાગ્યે વ્યાખ્યાન છતાં જગા મેળવવા ૧ વાગ્યાથી લોકો વ્યાખ્યાન મંડપમાં જવા માંડે છે. બહાર ગામથી શ્રોતાઓની બસો આવે છે. જૈનેતર ભાઈઓ પણ રોજ ૧૦૦૦-૧૫૦૦ની સંખ્યામાં લાભ લે છે, ને જૈન ધર્મની વિશ્વકલ્યાણકર વસ્તુઓ સાંભળી ગદ્‌ગદ થઈ જાય છે; તપસ્યા પણ કરે છે, વ્રત નિયમો પણ લે છે, યુવાન ભાઈ બેનોને ઉદ્દેશીને અપાયેલ ખાસ વ્યાખ્યાનમાં કેટલાય જણે સિનેમા બંધના નિયમ લીધા તથા બેનોએ ઉદ્‌ભટ પહેરવેશ બંધ કર્યા. ધર્મની વ્યાપક અસર તરીકે બગીચામાં ફરવા અને ભેળપુરી ખાવા જનાર જૈનોમાંથી ૯૦ ટકા ઓછા થઈ ગયા. પૂજા રોજ કરવાના નિયમ લેનારને એક સુંદર પૂજા જોડી તથા પૂજન દ્રવ્યોથી ભરેલી પૂજાપેટી ભેટની યોજનાનો લાભ પૂ. મહારાજશ્રીનાં જોરદાર પ્રવચનોથી લેનાર વધવા માંડ્યા. પર્યુષણા શ્રાવણ વદ ૧૨ સોમવારથી ઉજવાતાં એમાં ૧ આનીની ગણતરી છતાં ૧૨ આની જૈનો જોડાયા. જૈનેતરો પણ તપસ્યાદિ આરાધનામાં લાગ્યા. **એક મુસ્લિમ બેને તો સંવત્સરી પ્રતિક્રમણ કેમ થાય છે એ જોવા માટે સાથે પ્રતિક્રમણ કર્યું.** બહારગામથી શેઠશ્રી જીવતલાલ પરતાપશી, શેઠશ્રી કાન્તિલાલ કોલસાવાળા વગેરે સંભાવિત ગૃહસ્થોએ પણ અત્રે પર્યુષણા આરાધ્યા. ટૂંકમાં આર્યસંસ્કૃતિના આચાર-વિચારોનું મહાન ઉત્થાન પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનોથી થઈ રહ્યું છે.

● **સુરત :** અત્રે શાંતિનિકેતન સોસાયટીમાં પૂ. મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મ.ની નિશ્રામાં શ્રા.વ. ૧૨ સોમવારથી પર્યુષણા સુંદર ઊજવાયા. ૧૫૦૦ મણ ઘીની ઊપજ થઈ. સંઘપૂજા થઈ. ભા.સુ. ૪ વાજતે ગાજતે ચૈત્યપરિપાટી નીકળી. સુદ ૬ કતારગામની યાત્રામાં પૂ.પં. શ્રી જયંતવિજયજી મ. વગેરે પણ પધાર્યા. ત્યાં અર્હદ્‌ભક્તિ ૯૯ પ્રકારી પૂજા, તપસ્વીનાં બહુમાન અને સાધર્મિક વાત્સલ્ય થયાં.

● છાપરિયા શેરીમાં પૂ.પં. શ્રી જયંતવિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણા ઠાઠથી ઊજવાયા. પૂ. મુનિરાજશ્રી ખ્યાતકીર્તિ વિ.મ. ને ૧૮ ઉપવાસ પૂર્ણ થતાં શ્રી પ્રકાશચંદ્ર મણિલાલે ઘર આંગણે પૂજ્યો સહિત સંઘને પધરાવી સંઘપૂજન કર્યું. સુદ ૮ ગણધર દેવવંદન સારી ઉપજો સાથે સુંદર ઊજવાયાં.

● ગોપીપુરા રત્નસાગરજી હોલમાં પણ પૂ. મુનિરાજશ્રી જયશેખર વિજયજીની નિશ્રામાં પર્યુષણા ભવ્ય ઉજવાયાં. ઉપજ સુંદર થઈ. સંઘપૂજા, ચૈત્યપરિપાટી, પારણું, સાંવત્સરિક પ્રતિક્રમણ, સ્વામિવચ્છલ વગેરેની ઉજવણી સુંદર થઈ. દર રવિવારે બપોરે વિદ્યાર્થીઓને તત્ત્વજ્ઞાન-ધ્યાનયોગ વગેરે પર સારો બોધ આપવામાં આવે છે.

● **નડિયાદ :** પૂ.ઉપા.શ્રી ભક્તિવિજયજી મ.ની નિશ્રામાં અત્રે ૧ માસખમણ, સિદ્ધિતપ તેમજ ૧૬-૧૪-૧૦-૮ વગેરે મોટી તપસ્યા ૪૫ જેટલી થઈ. આરાધનાનો ભારે રંગ જામ્યો.

● **ધુળિયા :** અત્રે પ્રવચન પ્રભાવક આગમપ્રજ્ઞ પૂ. આચાર્યદેવથી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજના પધારવાથી શ્રીસંઘમાં અનેરો ધર્મઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. શ્રી ભગવતી મહાસૂત્ર પરનાં વ્યાખ્યાનોથી લોકો પ્રભાવિત થઈ રહ્યા છે. વિવિધ તપનાં અનુષ્ઠાનો તથા પર્યુષણામાં અનેકવિધ તપસ્યાઓ જોરદાર ધર્મઉપજો પ્રભાવનાઓ સાધર્મિકવાત્સલ્યો તથા પૂ. શ્રી નાં મહાન ધર્મપ્રવચનોથી ઘર ઘરમાં ધર્મસુવાસ અને શાસનપ્રભાવના પ્રસરી રહી છે.

● **ઈડર :** અત્રે પૂ. મુનિરાજશ્રી જગચ્ચંદ્રવિજયજી મ. ની પ્રેરણાથી ચાલુ થયેલી પાઠશાળાના ૧૫૦ વિદ્યાર્થીઓએ જગદ્‌ગુરુ આચાર્યદેવશ્રી વિજય હીર સૂરીશ્વરજી મહારાજની સ્વર્ગતિથિ નિમિત્તે પ્રભાતફેરી કાઢી નીવીનો તપ કર્યો. દીવાળીમાં ફટાકડા ન ફોડવાની બાધા લઈ ૪૦ વિદ્યાર્થીઓએ તે નિમિત્તે આંબેલ કરી પૂજા-ભાવના-આંગી રાખેલ. તેઓ ફટાકડાના બચેલા પૈસા દીવાળીમાં આંગી-પૂજામાં ખરચવા ઇચ્છે છે.

● **અમદાવાદ :** અત્રે જ્ઞાનમંદિરમાં પૂ.પં. મહારાજની ૧૦૩મી ઓળી, પૂ.મુ. શ્રી ચંદ્રસુંદર વિ.મ.ના ૩૪ ઉપવાસ, તથા શ્રી સંઘમાં થયેલ મહા પર્વની તપ વગેરેની આરાધના નિમિત્તે શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ ઊજવાયો. શ્રી જૈનધર્મ આરાધક મંડળે પૂજાઓમાં ઠાઠ જમાવ્યો. પાઠશાળાના ૧૫૦ વિદ્યાર્થીઓએ સુંદર સ્નાત્ર-ઉત્સવ ઊજવ્યો.

● **અમદાવાદ :** અત્રે મારવાડ બેડાવાળા શેઠશ્રી લાલચંદજી રાજમલજીએ ગીરધરનગરમાં પોતાના માતુશ્રી ભૂતિબેનના આશીર્વાદથી પોતાના ખર્ચે એક ભવ્ય પોષધશાળાનું નવનિર્માણ કરાવ્યું તેના મંગળ ઉદ્‌ઘાટન નિમિત્તે તથા પોતાના બંગલે મંગળનિમિત્તે કા.સુ. ૬-૭ નો સુંદર કાર્યક્રમ પૂ. પંન્યાસજી મહારાજો શ્રી વિબુધવિજયજી, શ્રી હર્ષવિજયજી તથા શ્રી ભાનુવિજયજી ગણિવરોની નિશ્રામાં યોજેલો. ઉદ્‌ઘાટન શેઠશ્રી જીવતલાલ પરતાપશીના શુભ હસ્તે કરાવવામાં આવ્યું. આ પ્રસંગે સંભાવિત ગૃહસ્થોની પણ ઉપસ્થિતિ સારી હતી. મંગળ ઉદ્‌ઘાટન બાદ ધર્મસ્થાન બનાવનાર કેટલા મહાન લાભ પામે છે એના પર પૂ.પં. શ્રી ભાનુવિજયજી મ.નું પ્રવચન થયું. આગલે દિવસે પણ બંગલામાં મંગળ નિમિત્તના પ્રવચનમાં ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામીજીનાં દૃષ્ટાંતથી દેવ-ગુરુનો વિનય બહુમાન ભક્તિનું જીવનમાં સર્વશ્રેષ્ઠ મહત્ત્વ એ મંગળ-મહામંગળનું કારણ હોવા પર પ્રકાશ પાડવામાં આવેલો બંને દિવસ સંઘપૂજન કરવામાં આવેલ તથા બપોરે મંગળપૂજા તરીકે શ્રી જૈન ધર્મ આરાધક મંડળે શ્રી પંચકલ્યાણક પૂજામાં ભક્તિ સંગીતની રમઝટ મચાવેલી તથા બીજે દિવસે નૂતન પોષધશાળામાં પાચોરાવાળા શ્રી ઓંકારમલજીએ ભવ્ય

અર્હદ્‌-અભિષેક મહાપૂજનનું વિધિવિધાન કરાવેલ.

● **કલકત્તા :** અત્રે દીક્ષાર્થી ભાઈશ્રી પ્રદીપકુમાર મગનલાલ મહેતાનાં દીક્ષાનાં વાયણાં પૂર જોશમાં ચાલ્યા. તેમજ શ્રી ભવાનીપુર સંઘ, શ્રી બડાબજાર સંઘ, તથા શ્રી તુલાપટ્ટી સંઘ તરફથી એમની દીક્ષાની ભાવનાના ભવ્ય અભિનંદન મેળાવડા થયાં. બડાબજાર ૯૬, કેનિંગસ્ટ્રીટ શ્રી શ્વેતાંબર તપગચ્છ સંઘ તરફથી મેળાવડાની પત્રિકામાં જણાવાયેલું કે,- લઘુ વયમાં જેનામાં સર્વવિરતિ ચારિત્ર ધર્મ અંગીકાર કરીને મહાપુરુષોના પંથે વિચરવાની ભાવના પ્રગટ થઈ છે... ગુરુભગવંતના સમાગમમાં રહી તેમની અસીમ કૃપાના ફળ સ્વરૂપે જેણે ચારિત્ર ધર્મ અંગીકાર કરવા અંગેની અપૂર્વ પાત્રતા કેળવી છે તેવા મુમુક્ષુ દીક્ષાર્થી સુશ્રાવક શ્રી પ્રદીપકુમારની સર્વ વિરતિ ધર્મ અંગીકાર કરવા અંગેની ઉત્તમ ભાવનાનું ભવ્ય સન્માન સમારંભ-અત્રે કલકત્તા શહેરમાં ૯૬ કેનિંગસ્ટ્રીટ ઉપાશ્રયમાં ચાતુર્માસ બિરાજતા પૂજ્યપાદ ગણિવર્ય શ્રી ભુવનવિજયજી મહારાજ સાહેબ તથા પૂ.મુનિશ્રી યશોવિજયજી મહારાજ સાહેબની પવિત્ર નિશ્રામાં આસો વદ ૮ ને રવિવાર તા. ૨૯-૧૦-૭૨ ના રોજ વ્યાખ્યાન સમયે જામકંડોરણા નિવાસી (હાલ કલકત્તા) સુશ્રાવક શેઠશ્રી મગનલાલ મોતીચંદ મહેતાના કુલદીપક સ્વપુત્ર ચિ. પ્રદીપકુમાર કે જેઓ પૂજ્ય પાદ પ્રવચનપ્રભાવક પં. શ્રી ભાનુવિજયજી મ. સા.ના સદુપદેશથી પ્રતિબોધને પામ્યા છે અને તેઓના સમાગમમાં ૨॥-૩ વર્ષ રહી ખૂબ સારી રીતે ધાર્મિક અભ્યાસ કર્યો છે અને તેના ફળસ્વરૂપે સંયમની નિપુણતા જેણે બરાબર જાણી લીધી છે અને સં. ૨૦૨૯ ના મા.સુ. ૩ ના શુભ દિવસે અમદાવાદ મુકામે પૂ.પં. શ્રી મ.નાં વરદહસ્તે ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરવાના છે. તેમની પ્રબળ ભાવનાની અનુમોદના નિમિત્તે શ્રી સંઘ તરફથી સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે તો સકલ શ્રી સંઘને દીક્ષાર્થી આત્માનાં અપૂર્વ ચારિત્રધર્મના પરિણામની અનુમોદનાર્થે સમયસર પધારવા હાર્દિક વિનંતી છે.

– નિવેદક : શ્રી ગુજરાતી જૈન શ્વે॰ તપાગચ્છ સંઘ.

● ● ●

● ભવાનીપુર સંઘ તરફથી કરાયેલ અભિનંદન અંગે પ્રસિદ્ધ કરાયેલી પત્રિકામાં આ પ્રમાણે જણાવાયેલ હતું કે શૈશવકાળમાં સન્માર્ગદર્શક સદ્‌ગુરુનો સમાગમ પામી સર્વજ્ઞ ચરણે સર્વસ્વ સમર્પણ કરી સર્વવિરતિ ધર્મનો સ્વીકાર કરવાની સુભાવના જેના અંતરાત્મામાં સુવિકાસિત થઈ છે. એવાં મહાભાગ્યવાન મુમુક્ષુ આત્મા ભાઈશ્રી પ્રદીપકુમારની સદ્‌ભાવનાનું સન્માન નિશ્રા-પરમપૂજ્ય જૈનરત્ન

વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.ના શિષ્ય અધ્યાત્મરત પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય જયંતસૂરીશ્વરજી મહારાજ તીર્થપ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિક્રમ-સૂરીશ્વરજી મ. તથા શાંત તપસ્વીરત્ન પૂ. આચાર્યદેવશ્રી વિજય નવીનસૂરીશ્વરજી મહારાજ આદિ પૂજ્ય મુનિવૃંદ તથા સાધ્વીજીગણ જામકંડોરણાવાસી શેઠશ્રી મગનલાલ મોતીચંદ મહેતાના ચિ. પ્રદીપકુમાર પરમારાધ્યપાદ વર્તમાન તપોનિધિ પ્રવચન પ્રભાવક તપ ત્યાગ અને તિતિક્ષાના ત્રિવેણી તીર્થધાર સમાન વાત્સલ્ય વારિધિ પૂજ્યપાદ પંન્યાસપ્રવર શ્રી ભાનુવિજયજી મહારાજના વરદ હસ્તે અમદાવાદ મુકામે આગામી વીર સં. ૨૪૯૯ વિ.સં. ૨૦૨૯ના માગશર સુદ ૩ ના શુભ દિવસે પારમેશ્વરી પ્રવ્રજ્યા અંગીકાર કરવાના હોઈ તેમની ઉત્કટ ભાવનાની અનુમોદનાના ઉપલક્ષમાં એક સન્માન સમારંભનું આયોજન શ્રીસંઘ તરફથી આ.સુ. ૧૫ રવિવાર તારીખ ૨૨-૧૦-૭૨ ના રોજ સવારે વ્યાખ્યાન સમયે યોજવામાં આવ્યું છે. સકલ સંઘને દીક્ષાર્થી આત્માના દર્શનાર્થે તથા તેમના એ અનુપમ કાર્યની અનુમોદનાર્થે સમયસર પધારવા નમ્ર વિનંતી છે. સ્થળ-ઉપાશ્રય ૧૧ A હેશામરોડ, કલકત્તા ૨૦ **– નિવેદક શ્રી ભવાનીપુર મૂ. જૈન શ્વે. સંઘ.**

ઉપર પ્રમાણે શ્રી કલકત્તા સંઘ તરફથી નંદલાલ બજાજ ધર્મશાળા નં. ૨૩ બડતલ્લા સ્ટ્રીટમાં મુમુક્ષુની પ્રબળ શુભ ભાવનાને અનુમોદન માટે સન્માન કરવાનું આયોજન કા. સુ. ૧ ના મંગળવાર સવારે ૯।। વાગે મુનિરાજશ્રી નયરત્નવિજયજી તથા જયરત્નવિજયજી મ.સા.ની નિશ્રામાં કરવામાં આવ્યું છે. સમસ્ત ભાઈબહેનોને દીક્ષાર્થી આત્માનાં અનુપમ કાર્યની અનુમોદના માટે સમયસર પધારવા વિનંતી છે.

– નિવેદક : "શ્રી કલકત્તા શ્રી સંઘ".

ત્રણે મેળાવડામાં પૂ. આચાર્યદેવો આદિ મુનિભગવંતોએ દીક્ષાર્થીને હૃદયના મંગળ આશીર્વાદ આપતા સુંદર પ્રવચન કરી ત્યાગમાર્ગનાં ગૌરવ વર્ણવેલા; તથા બોલી શકે એવા શ્રદ્ધાળુ શ્રાવકોએ દીક્ષાર્થીની ત્યાગભાવનાને બિરદાવતાં અને ભારોભાર અભિનંદન કરતા ગદ્‌ગદ સ્વરે વક્તવ્યો કરેલાં. એમાં. પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજે કલકત્તામાં સ્થિરતા કરીને ભવ્યાત્માઓના દિલના ઊંડાણમાં જે ત્યાગ-વૈરાગ્ય-શ્રદ્ધા-સંયમની સુવાસિત અસર પ્રસરાવેલી તે તરી આવતી હતી. આ પ્રસંગે સ્થાનકવાસી ભાઈ પણ સુંદર બોલેલા. હવે કા.સુ. ૬ દીક્ષાવરસીદાનનો ભવ્ય વરઘોડો ઊજવી દીક્ષાર્થી શ્રી પ્રદીપકુમારને લઈ એમના પિતાજીશ્રી મગનભાઈ એમના મૂળવતન જામકંડોરણા તરફ રવાના થનાર છે.

કલકત્તામાં દીક્ષાર્થીનાં સન્માન

અત્રેના વતની શ્રી મગનલાલ મોતીચંદના સુપુત્ર પ્રદીપકુમાર જેઓને અમદાવાદમાં **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજની** પાસે માગશર સુદ ૩ શનિવારે દીક્ષા લેવાનું નક્કી થયું છે, એમને કલકત્તામાં ભવાનીપુર સંઘ, બડાબજાર સંઘ તથા તુલાપટ્ટી સંઘ તરફથી ત્રણ માનપત્ર-મેળાવડા અને એક મેળાવડામાં શેઠશ્રી છોટમલજી સુરાણા તરફથી સંઘપૂજન થયા. શ્રી મગનભાઈ લખે છે કે "ચિ. પ્રદીપ એની ઉંમરના પ્રમાણમાં મેળાવડામાં વૈરાગ્યનું સારું બોલેલ. ચિ. પ્રદીપનો પ્રભાવ કેવો કે તદ્દન નાસ્તિક મતવાળા ઉપર પણ પ્રભાવ પડે છે. ઊલટાંના તે ટાઈમ કાઢી પ્રદીપની પાછળ રાગી થઈને આવે છે, ને ટેલિફોન વગેરે કર્યા જ કરે છે. તેના ચિહ્નો રહેણી-કરણી અને સામા ઉપર છાપ જોઈ મને લાગતું હોય તે સહેજે લખાઈ જાય છે. શ્રી મગનભાઈ તરફથી કારતક સુદ ૬ રવિવારે ચિ. પ્રદીપકુમારનો દીક્ષા-વરસીદાનનો અને રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળેલ. એનો અહેવાલ સ્થાનકવાસી કાર્યકર ભાઈશ્રી જયસુખલાલ વનમાલી શેઠ આ પ્રમાણે લખી મોકલેલ છે.-"

આજે મુમુક્ષુ પ્રદીપકુમારનો વરસીદાનનો વરઘોડો હતો... ૯૬ કેનિંગસ્ટ્રીટના દેરાસરથી સવારે ૮।। વાગે શરૂ થયો હતો. સાથે રથયાત્રા તેમજ ભજન મંડળી હતી. બે ભવ્ય બેન્ડ હતા. પ્રદીપકુમાર ચાર ઘોડાની ઊંચી ગાડીમાં બેસી ખૂબ જ હોંશથી વરસીદાન થઈ રહ્યા હતા... રાજકુમાર જેવા ડ્રેસમાં મુમુક્ષુ પ્રદીપકુમારને જોઈને જૈનેતર ભાઈઓ પણ કહેવા લાગ્યા કે આવા નાનાં બાલુડાને શો વૈરાગ્ય લાગ્યો છે ! કારતક સુદ ૬ રવિવારે વરઘોડો બરાબર ૧૧।-૧૧।। વાગે પુનઃ દેરાસર આવ્યો. માનવમેદની પણ ચિક્કાર હતી.

વરઘોડો દેરાસરથી શરૂ થઈ બ્રેબોનરોડ. પગીઆ પટ્ટી...હેરીસન રોડ... સુતાપટ્ટીનાં દેરાસરે ચૈત્યવંદન કરી મલીક સ્ટ્રીટ. અમરતલા સ્ટ્રીટ...ચીત્તપુર... નસીન રોડ... થઈ પાછો ફરીને સ્થાનકનાં પોલોક સ્ટ્રીટનાં ઉપાશ્રય પાસે થઈ દેરાસર આવ્યો... રસ્તામાં જગ્યાએ જગ્યાએ મોટી મોટી કોઠીઓ (મકાનો)માંથી સેંકડો-હજારો બહેનો પુષ્પની વૃષ્ટિ કરતા હતા...અને પ્રદીપભાઈ પણ ખૂબ જ ઊછળી ઊછળીને છૂટા પૈસા ને નોટો વરસીદાનમાં ઊછાળતાં હતા...વાતાવરણ ખૂબ જ ઉલ્લાસમય હતું.

પ્રદીપકુમારનાં બડભાગી માતાપિતા પણ ખૂબ જ આનંદમાં તેમજ પ્રફુલ્લિત હતા. જૈન શ્વે.મૂ.પૂ. સંઘના આગેવાન કાર્યકરો તથા મેમ્બરોની વિશાળ હાજરી ઉપરાંત સ્થાનકવાસી ભાઈ-બહેનોની પણ હાજરી સારા પ્રમાણમાં હતી. ઠેઠ સુધી મેદની સારી ચાલી. ખાસ કરીને ગુજરાતી અજૈન ભાઈ-બહેનોએ પણ મુમુક્ષુ પ્રદીપકુમારના દર્શન કરવાની ઇચ્છાથી એકત્રિત થઈ વરઘોડામાં આવેલ. ભવાનીપુરથી પૂ. આચાર્ય શ્રી વિજય નવીનસૂરિજી મહારાજ આદિ પધારેલા; તેમજ ૯૬ કેનિંગસ્ટ્રીટ ઉપાશ્રયથી પૂ.મુ.શ્રી ભુવનવિજયજી મહારાજ આદિ હતા...એકંદરે કલકત્તાના ઇતિહાસમાં યાદગાર એવો વરઘોડો નીકળ્યો.

કારતક સુદ ૭ રાત્રે જ્યારે ભાઈશ્રી મગનભાઈ તથા એમના ધર્મપત્ની ચિ. પ્રદીપકુમારને લઈને પોતાના મૂળ વતન સૌરાષ્ટ્ર જામ કંડોરણા જેવા નીકળ્યા ત્યારે કલકત્તા હાવરા સ્ટેશન પર રાતના જે ભવ્ય વિદાય મળી એનો ટૂંક અહેવાલ બીજા પત્રથી લખતા સ્થાનીક ભાઈશ્રી જયસુખલાલ આ પ્રમાણે જણાવે છે કે "વિ. ગઈકાલે રાત્રે ૧ વાગે નાગપુર મેલમાં પ્રદીપભાઈ વિ. દેશ માટે રવાના થયા છે. સ્ટેશને સ્ત્રી-પુરુષોની બહુ હાજરી હતી. ૬૦૦-૭૦૦ હશે. બાકી કેઈ ભાઈ-બહેનોએ ફૂલહાર પણ સારા પ્રમાણમાં પહેરાવેલ; બહેનો સારા પ્રમાણમાં ગીતો ગાઈ રહી હતી. સૌની આંખમાંથી હર્ષના આંસુ વહી રહ્યા હતા. એમના માતા-પિતા વિ. સર્વે પ્રફુલ્લિત તેમજ મસ્ત હતા. સ્ટેશનમાં જાણે રોનક હતી. શાસનદેવની જય, ભાનુવિજય મહારાજની જય, દીક્ષાર્થી પ્રદીપકુમારની જયના જયનાદોથી સ્ટેશન ગાજી રહેલું હતું. અન્ય જ્ઞાતિવાળા પૂછીને જાણતા કે, આ રાજકુમાર જેવો છોકરો દીક્ષા લેવાનો, ત્યારે અચંબો તેઓને લાગતો. હારતોરાથી સુશોભિત પ્રદીપભાઈ બહુ જ ભાવવાહી હતા; તેમણે ટ્રેન ઉપડતી વખતે આવેલ ભાઈ બહેનોને જ્ઞાનના-વૈરાગ્યના થોડા શબ્દો કહ્યા જે સાંભળી હૈયું ભરાઈ જતું."

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૧,અંક-૧૩,તા.૯-૧૨-૧૯૭૨**

● **અમદાવાદ :** અત્રે પરમશાસન પ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. ની આજ્ઞાથી પૂ. ઉ. શ્રી માનવિજયજી ગણિવર્ય, પૂ. પં. શ્રી હેમંતવિજયજી ગણિવર્ય અને પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્યના શ્રી આચાર્ય પદારોહણના મંગલ પ્રસંગે સંઘ આમંત્રણ **પત્રિકા** બહાર પાડવામાં આવી હતી. જેમાં વિશેષતયા જણાવવામાં આવેલ કે સકલાગમરહસ્યવેદી, પરમજ્યોતિર્વિદ, સ્વ. પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર

સુવિશાલગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ, સ્વ. પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્નો પરમ ગીતાર્થ નિઃસ્પૃહશિરોમણિ પૂ. પં. મહારાજ **શ્રી હેમંતવિજયજી** ગણિવર્ય તથા વિદ્વાન તપસ્વીરત્ન પ્રભાવક પ્રવચનકાર પૂ. પં. મહારાજ **શ્રી ભાનુવિજયજી** ગણિવર્ય આદિ ઠાણા ૩૧ સાથે પરમ શાસનપ્રભાવક, ગચ્છાધિપતિ વ્યા. વા. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાની આજ્ઞાથી અત્રે સં. ૨૦૨૮ ના ચાતુર્માસાર્થ પધાર્યા ત્યારથી નિત્ય પ્રાતઃ પ્રવચન, મધ્યાહ્ન વાંચના તથા રાત્રે તત્ત્વ ગોષ્ઠી દ્વારા અત્રેના સંઘને અપૂર્વ લાભ આપી રહેલ છે.

વિશેષમાં જણાવતાં આનંદ થાય છે કે પૂ. પ્રાતઃસ્મરણીય, સિદ્ધાંતમહોદધિ, સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર પૂ. પંન્યાસજી મહારાજ **શ્રી ભાનુવિજયજી** ગણિવરથી પ્રતિબોધિત જામકંડોરણાવાળા કલકત્તા નિવાસી મહેતા મગનલાલ મોતીચંદના સુપુત્ર શ્રીયુત **પ્રદીપકુમાર** અનન્ત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ સ્વયં આચરીને જીવ માત્રના કલ્યાણના હેતુથી ઉપદેશેલી શ્રી પારમેશ્વરી પ્રવ્રજ્યા વિ.સં. ૨૦૨૯ ના માર્ગશીર્ષ સુદિ દ્વિ. તૃતિયા, તા. ૯-૧૨-૧૯૭૨ ને શનિવારે શુભ મુહૂર્તે ગ્રહણ કરવાના હોઈને, મહેતા મગનલાલ મોતીચંદ સહકુટુંબ અત્રે પધાર્યા છે અને તેમના તરફથી શ્રી પ્રદીપકુમારની ભાગવતી દીક્ષા નિમિત્તે શ્રી જિનભક્તિના ભવ્ય મહોત્સવનું આયોજન કરીને નિમંત્રણ પત્રિકા પ્રગટ કરવામાં આવી છે.

આ દરમિયાનમાં, એક મહામંગલકારી શાસનપ્રભાવક પુણ્ય અવસરની ઉજવણી કરવાનું સદ્‌ભાગ્ય શ્રીસંઘને સાંપડ્યું છે. પૂ. સુવિશાલગચ્છાધિપતિ, કર્મશાસ્ત્રાસુનિપુણ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટધરરત્ન પૂ. પરમ પ્રવચનપ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ **વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાની આજ્ઞાનુસારે પ. પૂ. પાઠકપ્રવર શ્રીમદ્ **માનવિજયજી** ગણિવરને, પ. પૂ. સાધુવત્સલ, નિઃસ્પૃહી પરમ ગીતાર્થ પંન્યાસપ્રવર શ્રીમદ્ **હેમન્તવિજયજી** ગણિવરને અને વર્ધમાનતપોવિધિ ન્યાયશાસ્ત્રનિપુણ, ત્યાગમૂર્તિ પંન્યાસપ્રવર શ્રીમદ્ **ભાનુવિજયજી** ગણિવરને શ્રી પંચ પરમેષ્ઠિપદો પૈકીના ત્રીજા આચાર્યપદે વિ.સં. ૨૦૨૯ ના માર્ગશીર્ષ સુદી ૨ ને ગુરુવારે શુભ લગ્ને શુભ નવમાંશે અને વિજય મુહૂર્તે આરૂઢ કરવાનું સુનિશ્ચિત થયું છે.

આ શુભ નિર્ણયની જાણ થતાં, ચતુર્વિધ શ્રીસંઘના અંતઃકરણમાં આનંદ અને ઉલ્લાસનું ભવ્ય આંદોલન ઉપસ્થિત થવા પામ્યું છે, અને આ તૃતીયપદારોહણના

પુણ્ય પ્રસંગને શક્ય એટલી સુંદર રીતિએ ઊજવવાનો સૌએ નિર્ણય કર્યો છે. આ નિમિત્તે શ્રી અષ્ટોત્તરી બૃહત્સ્નાત્રથી સમલંકૃત એવો અષ્ટાહ્નિકા મહોત્સવ કાર્તિક વદ ૧૨ થી પૂ.આ. શ્રી **વિજયદાનસૂરીશ્વરજી** જ્ઞાનમંદિર અને પૌષધશાળામાં ઊજવવાનો નિર્ણય થયો છે. દીક્ષા મહોત્સવનું આયોજન કરનારા પુણ્યવાન શેઠ મગનભાઈ પણ આ રીતિએ મહોત્સવ યોજવામાં સાનુમોદન સંમત થયા છે. તેમણે માર્ગશીર્ષ સુદી પ્ર. ત્રીજના દિને શ્રી શાન્તિસ્નાત્રને બદલે શ્રી સિદ્ધચક્રપૂજન કરાવવાનું નક્કી કર્યું છે એટલે શ્રી આચાર્ય પદારોહણ નિમિત્તક મહોત્સવનો શુભ કાર્યક્રમ નીચે જણાવ્યા મુજબનો રાખવામાં આવ્યો છે.

શ્રી આચાર્યપદારોહણ મહોત્સવનો મંગલ કાર્યક્રમ

કાર્તિક વદિ ૧૨ : તા. ૨-૧૨-૭૨ **શનિવાર** મહોત્સવનો શુભારંભ, સવારે ૧૦ વાગે શ્રી કુંભસ્થાપન, અખંડ દીપક સ્થાપન, જવારારોપણ આદિનો મંગળવિધિ, બપોરે ૨-૦૦ વાગે મહેતા મગનલાલ મોતીચંદ તરફથી શ્રી પંચકલ્યાણકની પૂજા આંગી અને રાતે ૮-૦૦ વાગે ભાવના.

કાર્તિક વદિ ૧૩ : તા. ૩-૧૨-૭૨ **રવિવાર** બપોરે ૨-૦૦ વાગે શ્રી અષ્ટાપદજી મહાતીર્થની પૂજા તથા આંગી શાહ ચતુરભાઈ ચીમનલાલ તરફથી.

કાર્તિક વદિ ૧૪ : તા. ૪-૧૨-૭૨ **સોમવાર** બપોરે ૧-૦૦ વાગે બેનોની બારવ્રતની પૂજા તથા આંગી મહેતા મગનલાલ મોતીચંદ તરફથી.

કાર્તિક વદિ ૦)) : તા. ૫-૧૨-૭૨ **મંગળવાર** શ્રી આચાર્યપદારોહણ નિમિત્તે સવારે ૯-૦૦ વાગે રથયાત્રાનો વરઘોડો કલકત્તા નિવાસી શેઠ વસંતલાલ છગનલાલ ચૂડાવાળા તરફથી. બપોરે ૨-૦૦ વાગે શ્રી નવપદજીની પૂજા આંગી શાહ વસ્તુપાળ હીરાલાલ તરફથી.

માર્ગશીર્ષ સુદિ ૧ : તા. ૬-૧૨-૭૨ **બુધવાર** બપોરે વિજય મુહૂર્તે નવગ્રહાદિના પાટલા પૂજનની વિધિ.

માર્ગશીર્ષ સુદિ ૨ : તા. ૭-૧૨-૭૨ **ગુરુવાર** પૂ. ઉપાધ્યાય **શ્રી માનવિજયજી** ગણિવરને સવારે ૮-૫૩ શુભ સમયે શ્રી જ્ઞાનમંદિરમાં આચાર્યપદારોહણ. તે પછી તેઓશ્રી તેમજ પૂ. પં. **શ્રી હેમંતવિજયજી** ગણિવર અને પૂ. પં. શ્રી **ભાનુવિજયજી** ગણિવર આદિ મુનિવરો શ્રીસંઘ સાથે વાજતે ગાજતે સવારે ૧૦-૩૦ વાગે શ્રી જ્ઞાનમંદિરેથી નીકળી નગરશેઠના વંડે પધારશે. ત્યાં ખડા કરાવાયેલા રોનકદાર વિશાળ મંડપમાં બપોરે ૧૧-૧૫ વાગે શ્રી આચાર્ય-પદારોહણ અંગેની મંગલક્રિયા શરૂ થશે. અને બપોરે ૧૨-૨૩ વાગે શ્રી આચાર્યપદારોહણનો શુભ વિધિ થશે.

બપોરે વિજય મુહૂર્તે શ્રી જ્ઞાનમંદિરમાં શ્રી અષ્ટોત્તરી બૃહસ્નાત્રનો શુભારંભ થશે તથા આંગી રચાશે. શ્રી અષ્ટોત્તરી સ્નાત્ર અને આંગી શેઠશ્રી બકુભાઈ મણિલાલ અને શેઠશ્રી રમણલાલ વજેચંદ તરફથી. રાતના ૭-૩૦ વાગે ભાવના બેસશે અને ત્યારબાદ ધારાવાડી દેવાશે. પૂજા ભાવના માટે શ્રી જૈન ધર્મ આરાધક મંડળ પધારશે અને વિધિવિધાન શ્રી રમણલાલ કેશવલાલ આદિ કરાવશે.

વધુમાં જણાવતાં આનંદ થાય છે કે પૂ. આ. **શ્રી વિજયદાનસૂરીશ્વરજી** જ્ઞાનમંદિર અને પૌષધશાળાના જ્ઞાનદ્રવ્યના ખાતામાંથી કર્મસાહિત્યના **'બંધવિધાન'નો 'ઉત્તર પ્રકૃતિ પ્રદેશ બંધ'** નામનો આઠમો ગ્રંથ છપાઈ બંધાઈને તૈયાર થઈ ગયો છે, જે ગ્રંથના ગાથાકાર પૂ. મુનિરાજશ્રી **વીરશેખરવિજયજી** મહારાજ છે અને વૃત્તિકાર પૂ. મુનિરાજશ્રી **જયઘોષવિજયજી** મહારાજ છે. નગરશેઠના વંડામાં ઉછામણી બોલાવવા પૂર્વક આ ગ્રંથ વહોરાવવાનો વિધિ થશે.

શ્રી આચાર્યપદારોહણ મહોત્સવ નિમિત્તે રંગોળીની ભવ્ય રચના અ.સૌ. **કંચનબેન શાંતિલાલ જગાભાઈ નાણાવટી** તરફથી કરવામાં આવશે. જેમાં (૧) અગિયાર ગણધર દેવોને ભગવાન શ્રી મહાવીર પરમાત્મા તીર્થની અનુજ્ઞાનો વાસક્ષેપ નાંખે છે. (૨) પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજયહીરસૂરીશ્વરજી** મહારાજાના સદ્‌ઉપદેશથી મોગલસમ્રાટ અકબર બાદશાહ ડાબર સરોવરે પૂરી રાખેલાં લાખો ચકલાંઓને મુક્ત કરાવે છે. અને પોતાના સમગ્ર રાજ્યમાં દર વર્ષે ૧૮૦ દિવસનાં અહિંસાપાલનના ફરમાન આપે છે. (૩) પ્રાતઃસ્મરણીય પરમકૃપાળુ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજા આશિષ આપી રહ્યા છે.

પૂ. પંન્યાસજી **શ્રી ભાનુવિજયજી** ગણિવરની શ્રી વર્ધમાનતપની ૧૦૩ મી ઓળી નિમિત્તક **૧૧ છોડનું ઉદ્યાપન,** મહોત્સવના શુભારંભથી યોજાશે. મહોત્સવ દરમ્યાન રોજ સવારે ૯-૦૦ વાગે તેઓશ્રીનું મંગળ પ્રવચન થશે.

ઉપર્યુક્ત મહામંગલકારી શાસનપ્રભાવક પુણ્ય પ્રસંગોના મહોત્સવમાં આપને આપના કુટુંબ પરિવાર અને મિત્રમંડળ સહિત પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે. આપના પધારવાથી શાસનની શોભામાં અભિવૃદ્ધિ થવા સાથે આપને પણ શુભ ભાવની વૃદ્ધિનાં અનેકાનેક નિમિત્તો પ્રાપ્ત થશે. તો આપ જરૂરથી પધારશોજી.

લી. પૂ. આ. શ્રી વિજયદાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર
અને પૌષધશાળાના ટ્રસ્ટીઓના સબહુમાન
પ્રણામ વાંચશોજી.

અમદાવાદમાં ઉજવાયેલો અભૂત પર્વ આચાર્યપદ પ્રદાનનો ભવ્યાતિભવ્ય મહોત્સવ

પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞાનુસાર પૂ. ઉપાધ્યાયજી મ. શ્રી માન વિજયજી મ.સા. પૂ.પં.શ્રી હેમંતવિજયજી મ. તથા પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ.ને મા.સુ.૨ તા.૭-૧૨-૭૨ ગુરુવારના રોજ આચાર્યપદ પ્રદાન થયું તે નિમિત્તે અમદાવાદમાં ચિરસ્મરણીય બને તેવો ભવ્ય જિનભક્તિ મહોત્સવ શાનદાર વરઘોડો ૩ દર્શનીય રંગોળી ૧૧ છોડનું ઉજમણું થયું. નૂતન આચાર્યદેવોના નામ ક્રમશઃ પૂ.આ. માનદેવસૂરિ મ.પૂ.આ. હીરસૂરિ મ. પૂ.આ. ભુવનભાનુસૂરિ મહારાજ રાખવામાં આવ્યા. આ શુભ પ્રસંગ સાથે કલકત્તા નિવાસી શા. મગનલાલ મોતીલાલના પુત્ર પ્રદીપકુમારની દીક્ષા મા.સુ. બીજ ઉના ભારે ઉમંગ ભર્યા વાતાવરણમાં ઉજવાઈ નૂતન મુનિશ્રીનું શુભ નામ પરમહંસવિજયજી રાખી પૂ.આ.ભ. ભુવનભાનુસુરિ મ.ના શિષ્ય જાહેર કર્યા. ત્યારબાદ પૂ.આ.ભ. ભુવનભાનુસુરિ મ. ઉગ્રવિહાર કરી નડિયાદ પધાર્યા ત્યાં શા. ચંદુલાલ મગનલાલ ગાંધીના સુપુત્ર બીપીનકુમારની દીક્ષા માટે ઉમગ કોઈ જુદો જ હતો તેમનું શુભ નામ મુનિશ્રી વરબોધિ વિજયજી રાખી તેમને તપસ્વી મુનિશ્રી મણિપ્રભ વિજયજીના શિષ્ય જાહેર કર્યા. ઉપકરણની ઉછામણી લગભગ ૯ હજારની થઈ સાધારણ ખાતાની ટીપ ૮ હજારની થઈ બહાર ગામથી ૨૦૦૦ માણસ આવ્યું હતું.

● **અમદાવાદ :** અત્રે પૂ. આચાર્યદેવો શ્રી વિજય માનદેવસૂરિજી મહારાજ, શ્રી વિજય હીરસૂરિજી મ., **શ્રી વિજય ભુવનભાનુસૂરિજી** મ.ના સાંનિધ્યમાં પોષ વદ ૬ નૂતન મુનિઓ શ્રી પરમહંસવિજયજી મ., શ્રી માનહંસવિજયજી મ., શ્રી વરબોધિવિજયજી મ.ની વડીદીક્ષા ધામધૂમથી થઈ. પૂ. મુ. શ્રી માનહંસ વિજયજી મ.ના સંસારીપણાના કુટુંબીઓ તરફથી બહારગામથી પધારેલા સાધર્મિકોની ભક્તિ, તથા ત્રણ દિવસ પૂજા-આંગીનો કાર્યક્રમ રખાયો હતો, તેમજ દીક્ષા બાદ શ્રીફળ તથા લાડુની પ્રભાવના કરાઈ. નડિયાદ સંઘ તરફથી પતાસાની પ્રભાવના કરાઈ. પૂ. શ્રી પરમહંસ વિજયજી મ.ના સંસારી પિતા શ્રી મગનભાઈ તરફથી પાઠશાળાના

વિદ્યાર્થીઓને ૧-૧ રૂા.ની પ્રભાવના કરવામાં આવી. પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મ.ને સપરિવાર ગીરધરનગર, સરસપુર તથા શાહપુર દરવાજાના ખાંચાના સંઘો તરફથી આગ્રહપૂર્વક સ્વાગત સામૈયા સાથે પોતાને ત્યાં પધરાવવામાં આવ્યા. ઊલટભેર પ્રવચનોનો લાભ લીધો અને ફરીથી પધારી વિશેષ સ્થિરતા કરી લાભ આપવા માટે બહુ આગ્રહ કર્યો. નવરંગપુરા, ઉસમાનપુરા, શાંતિનગર, સારંગપુર વગેરેનો પણ તેવો જ આગ્રહ છે. પૂજ્યશ્રીને ચોમાસા માટે કાળુસીની પોળ, ઉસમાનપુરા, લક્ષ્મીવર્ધન સોસાયટીવાળાની આગ્રહ ભરી વિનંતી છે.

● **અમદાવાદ : ગીરધરનગરમાં પૂ. આચાર્યદેવોની પુણ્ય પધરામણી.**

એકાંતરા ૫૦૦ આયંબિલના ત્રણ તપસ્વીઓના તપની ઉજવણી.

ધર્મશીલ સુશ્રાવક રમણલાલ શીવલાલ તથા તેમના સુશીલાબેનને મહા વદ ૦)) તા. ૪-૩-૭૩ નાં રોજ તથા ફા.સુ. ૧ ના રોજ સુશ્રાવિકા મંગુબેન શાંતિલાલને એકાંતરા ૫૦૦ આયંબિલનો તપ પૂર્ણ થતો હતો. તેની ઉજવણી નિમિત્તે પૂ. પાદ આ. ભ. હીરસૂરીશ્વરજી મ. તથા પૂ. પાદ આચાર્યદેવ ભુવનભાનુસૂરીશ્વરજી મ.ને વિનંતી કરતા તેઓશ્રી પધાર્યા હતા. વદ ૦)) ના ૮।। વાગે ભવ્ય સામૈયા સાથે રમણભાઈના ઘરઆંગણે પૂજ્યોની પધરામણી થઈ. રસ્તામાં ગહુંલીથી પૂ.આ. ભ. ને વધાવાયા. પૂજ્યશ્રીએ **'સંસાર શું ચીજ છે'** એ વિષય પર ધર્મદેશના આપી. અંતે તપની સાચી અનુમોદનાનો મર્મ સમજાવ્યો. મુંબઈથી આવેલા મેઘકુમાર નાનુભાઈએ તપની અનુમોદના કરતું સુંદર ગીત ગાયું. ગુરુપૂજા-સંઘપૂજા થઈ. બપોરે મેઘકુમારભાઈ, કુમારભાઈએ શાસ્ત્રીય રાગોમાં ભાવવાહી શૈલીમાં બારવ્રતની પૂજા ભણાવી. પૂજામાં સેંકડો માણસોએ લાભ લીધો. રાત્રિએ બેનોને ગાવાનું રાખેલું પ્રભુજીને ભવ્ય આંગી રચાઈ હતી.

બીજે દિવસે શાંતિલાલ સોમચંદભાઈને ત્યાં પારણું હોવાથી સામૈયા સાથે ભૂતિબેન પૌષધશાળામાં પૂજ્યોની પધરામણી થઈ. **'આત્માનો ઉદ્ધાર ક્યારે'** એ વિષય પર પોણો કલાક પ્રવચન થયું. ગુરુપૂજા-પ્રભાવના બાદ સૌ વિખરાયા. બપોરે બેનોની પૂજા હતી. સાંજે મેઘકુમારભાઈની મંડળીનો ભાવભીનો ભવ્ય પ્રોગ્રામ હતો. દૂરદૂરથી સગાસ્નેહીઓએ આવી તપને અનુમોદન આપ્યું હતું. પૂજ્યશ્રીના બે પ્રેરક પ્રવચનોથી સૌએ અનેરો આનંદ અનુભવ્યો હતો.

● **આકોલા :** જુન્નરવાળા વાસંતીબેનની દીક્ષા પંચાહ્નિકા મહોત્સવપૂર્વક ઉલ્લાસભેર થઈ. વર્ષીદાનનો વરઘોડો ભવ્ય નીકળ્યો હતો. આ પ્રસંગે વાંબોરીના દેરાસર માટે સાધારણ ખાતાની રૂા. ૧૪૦૦ ની ટીપ થઈ. અમલનેરવાળા મનસુખભાઈ રીખવચંદની મંડળીએ શાંતિસ્નાત્રાદિ વિધિવિધાન તથા પ્રભુભક્તિ કરી સૌને રસતરબોળ કર્યા હતા.

● **બારેજા :** અત્રેના આગેવાન શેઠ શ્રી સારાભાઈ દેવચંદ તરફથી એમની ભત્રીજી મૃદુલાબેન ગ્રેજ્યુયેટની ભાગવતી દીક્ષા નિમિત્તે જિનેન્દ્રભક્તિ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. દીક્ષા આપવા માટે એમની આગ્રહભરી વિનંતીથી **પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મહારાજ** આદિ ઠા. ૧૭ તથા પૂ. તપસ્વી મુનિરાજશ્રી હેમેન્દ્રવિજયજી મહારાજ આદિ ફા.વ. ૮ પધાર્યા હતા. વિધિકારક શ્રી ચીનુભાઈ લલ્લુભાઈના હસ્તે વદ ૯ શ્રી પાર્શ્વનાથ પ્રભુના ૧૦૮ અભિષેક તથા વદ ૧૦ શ્રી સિદ્ધચક્રપૂજન ઠાઠથી ઊજવવામાં આવેલ. સંગીતકાર નટવરલાલ નવસારીવાળાની મંડળીએ સંગીતમય જિનભક્તિની રેલમછેલ કરી મૂકેલ. વદ ૧૦ સવારે વરસીદાનનો ભવ્ય વરઘોડો ચડેલ. શ્રી સારાભાઈના સંબંધના હિસાબે અમદાવાદ અને આજુબાજુથી મોટી સંખ્યામાં સંભાવિત ગૃહસ્થો આવેલ. દીક્ષાર્થી બેનના પિતાશ્રી ફકીરચંદ દેવચંદ અમદાવાદ ઉસમાનપુરામાં રહેતા હોઈ દીક્ષા પ્રસંગ ત્યાં ઊજવવાની એક વિચારણા હતી, પરંતુ બારેજા ગામના પાટીદાર ગૃહસ્થોને પોતાના ગામની દીકરીની દીક્ષા બારેજામાં જ ઊજવાય એવી તીવ્ર ઉત્કંઠા હોવાથી દીક્ષા બારેજા ખાતે નક્કી થયેલી તેથી પાટીદાર પ્રજાએ બધા પ્રસંગોમાં ખૂબ ઉમળકાથી ભાગ લીધેલ. ગામમાં શ્રાવકોના ૩૦-૪૦ ઘર છતાં વરઘોડામાં સાજનમાં હજારેક માણસ હશે. રાતના દીક્ષાર્થીનીને માનપત્ર મેળાવડામાં ૪-૫ હજાર માણસ તથા દીક્ષા પ્રસંગે ૭-૮ હજાર માણસ હશે. જૈન ધર્મની ત્યાગ-દીક્ષાનું મહત્ત્વ ઝળકી ઊઠતું હતું. જૈનેતર લોકો પણ પ્રસંગો જોઈ ભારે ગદ્‌ગદ બની જતા. દીક્ષાવિધિ ગામ બહાર મહાલક્ષ્મી જિનમાં વિશાળ મંડપમાં ઊજવાયેલ. દીક્ષાના ઉપકરણો વહોરાવવાની બોલી રૂા. ૧૧૦૦૦ ઉપર થયેલ. જેમાં શેઠ શ્રી સારાભાઈ પણ સારી રકમોથી બોલીઓ

લીધેલ. એમના તરફથી વદ ૧૦-૧૧ બંને દિવસ સાધર્મિક વાત્સલ્ય થયેલા. દીક્ષા બાદ મૃદુલાબેનને ગુરુણી સાધ્વીજી શ્રી મૃદુલત્તાશ્રીજીના શિષ્યા સાધ્વીજી શ્રી મૃદુપ્રજ્ઞાશ્રી તરીકે જાહેર કરવામાં આવેલ. દીક્ષા-લોચ વિધિ બાદ સંગમનેરના દીક્ષાર્થી બેને ગુરુઓની ગુણસ્તુતિની તથા દીક્ષિતજીવનમાં જરૂરી હિતશિક્ષાની વિસ્તૃત ગહુંલી ગાતાં સભા આખી સ્તબ્ધ થઈ ગયેલી. દીક્ષા બાદ પૂજ્યશ્રીના પ્રવચને સભા વૈરાગ્યથી ભાવિત થયેલ.

અત્રેથી પૂજ્યશ્રી કપડવંજ તરફ વિહાર કરી ગયેલ છે. કપડવંજ સંઘે તા. ૨૨ એપ્રિલથી મેટ્રિક-કૉલેજના વિદ્યાર્થીઓની ધાર્મિક આધ્યાત્મિક શિક્ષા શિબિર યોજવાનું નક્કી કરેલ છે. એમાં પ્રવચનો આપવા માટે તથા તે પૂર્વે ચૈત્રી ઓળીજીની આરાધના કરાવવા માટે પધારવા અમદાવાદ મુકામે જઈ પૂ. આચાર્યદેવશ્રીને ખૂબ ભાવપૂર્વક વિનંતી કરેલ હતી. શિબિરનું સંચાલન કરવા માટે કુશલ સંચાલક અને બાહોશ કાર્યકર શ્રી કુમારપાળ વિ. શાહનો સહકાર સાંપેલ છે. શિબિર પ્રવેશ ફોર્મ શ્રી કુમારપાળભાઈ પાસેથી મેળવી લેવાના છે. સરનામું :૬૮, ગુલાલવાડી, મુંબઈ ૪.

● **કપડવંજ :** અત્રેના શ્રી સંઘની આગ્રહભરી વિનંતીથી ચૈત્રી ઓળીની શ્રી સંઘની આરાધના અર્થે તથા શ્રી સંઘ તરફથી યોજવામાં આવનારી મેટ્રિક-કૉલેજના વિદ્યાર્થીઓની ધાર્મિક શિક્ષા શિબિરમાં પ્રવચનો અર્થે **પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મહારાજ** ઠા.-૧૫ સાથે ચૈ.સુ. ૫ ના રોજે પધાર્યા. વિહારમાં મહિજ-નાંદેજ-હીરાપુર-હરણાવ-કનીપુર વગેરે ગામોમાં લોકોએ પ્રવચનાદિનો સારો લાભ લીધો. બ્રહ્મચર્યાદિના નિયમો લેવાયા. કપડવંજ પ્રવેશ થતાં ટાઉનહોલથી શ્રી સંઘ તરફથી ૭॥ વાગે ભવ્ય સ્વાગત સામૈયું ચડ્યું. બજારમાં સાડીઓના તોરણ, ધજા-પતાકાઓ વગેરેની સુંદર શોભા કરવામાં આવેલી. સામૈયામાં લગભગ બધા આગેવાનો સહિત વિશાળ સાજન હતું. ઠેરઠેર ગહુંલીઓ કરી બેનો પૂજ્યશ્રીને અક્ષતથી હર્ષભેર વધાવતી હતી. સંઘના શ્રી શાન્તિનાથ ઉપાશ્રયે પધારતાં વ્યાખ્યાન હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો. **'જૈનધર્મ પામ્યાનું કેટલું ઊંચું મહત્ત્વ છે,'** એ વિષય પર ૧૮ દેશના સમ્રાટ રાજા કુમારપાળ તથા પ્રભુશ્રી મહાવીર પરમાત્માની શ્રાવિકા સુલસાના દૃષ્ટાંતથી વૈરાગ્ય-ભક્તિરસ ભર્યું પ્રવચન થયું. શ્રોતાવર્ગ ગદ્‌ગદ બની ગયેલ. નવ વાગ્યાથી સાડા દશ વાગ્યા સુધી ધારાબદ્ધ પ્રવચન ચાલતાં સૌ

શાંતિથી બેસી સાંભળતા હતા. અત્રે તા. ૨૨ એપ્રિલથી શિબિર અર્થે શ્રી સંઘ વિવિધ તૈયારીઓ કરી રહેલ છે.

● **મુંબઈ :** અત્રે લાલબાગ ઉપાશ્રયે કર્મસાહિત્ય નિષ્ણાત પૂ. મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મહારાજના **'વિશુદ્ધ સાધના'** પર પ્રવચનો ૧ માસ ચાલ્યા. ચિલાતીપુત્રના અને બીજા દૃષ્ટાંતો પ્રસંગ-પ્રસંગને અનુરૂપ ઘટાવતાં તાત્ત્વિક વિષયની બોધકતા સુંદર બની જતી. શ્રોતાઓ સાંભળીને સ્વ. પૂ. ગુરુદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની કૃપાને યાદ કરતા. તત્ત્વ ભરચક વિવેચન શાંતપ્રકૃતિ આયંબિલનો તપ વગેરેની સુંદર અસર પડી. ફા. વદ ૧૪ પૂ. મુનિવર્યશ્રીની ૬૦ મી વર્ધમાન આંબેલતપ ઓળી પૂર્ણ થતી હોઈ બપોરે શ્રી નવપદજીની પૂજા બહુ ઠાઠથી ભણાવાઈ. અમાસના દિવસે શ્રી મંગળદાસ માનચંદે પૂજ્યશ્રીને સપરિવાર તથા સંઘ સાથે વાજતે ગાજતે સ્વગૃહે લઈ જઈ સંઘપૂજન કર્યું. પછી બીજું પૂજન કોલ્હાપુરવાળા હિન્દુમલજી રાઠોડના સુપુત્ર મોહનલાલ તરફથી થયું. પૂ. મુનિવર્યો વિહાર કરી ગુજરાત પધારશે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૨૧,અંક-૩૫,તા.૨૬-૫-૧૯૭૩

ખંભાતના આંગણે સુંદર રીતે ઉજવાયેલો ચાર બહેનોનો ભાગવતી દીક્ષા મહોત્સવ : ૧૫ છોડનું ભવ્ય ઉદ્યાપન :

સ્થંભનપુર તીર્થભૂમિમાંથી અનેક પુણ્યાત્માઓએ ચારિત્ર માર્ગે પ્રયાણ કર્યું છે. **ખંભાતના સુસંસ્કારી સ્વ. અંબાલાલ રતનચંદના કુટુંબમાંથી પૂર્વે પણ પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ. તથા પૂ. સાધ્વીજીશ્રી વસંતપ્રભાશ્રીજી તથા શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. જેવી કુળદીપક પ્રગટેલ. એમના ઉપદેશથી તારાચંદ અંબાલાલની સુપુત્રી દિવ્યાબેને** ચારિત્રયોગ્ય જીવન ઘડતર કર્યું. વડીલોએ વૈશાખ સુદ ૩ સંયમ અપાવવા નક્કી કર્યું સાથે બીજી ત્રણ બહેનોની પણ દીક્ષા નક્કી થઈ. કુટુંબીજનો તરફથી પૂ.આ.શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ૧૫ દિવસનો મહોત્સવ નક્કી થયો.

ચારે મુમુક્ષુ બેનોના નામ નીચે પ્રમાણે છે :

	સંયમી મુમુક્ષુના નામ	સાધ્વીપણાના નામ	ગુરુનું નામ
(૧)	**દિવ્યાબેન તારાચંદ**	**દિવ્યયશાશ્રીજી**	**વસંતપ્રભાશ્રીજી**
(૨)	**જયોત્સનાબેન મોતીલાલ**	**જયમાળાશ્રીજી**	**સ્વયંપ્રભાશ્રીજી**
(૩)	**પુષ્પાબેન રતિલાલ**	**પુણ્યપ્રભાશ્રીજી**	**વિશ્વપ્રભાશ્રીજી**
(૪)	**દિવ્યાબેન પરમાણંદદાસ**	**દિવ્યપ્રભાશ્રીજી**	**વસંતપ્રભાશ્રીજી**

કુટુંબીજનોમાંથી દીક્ષીત થયેલા તથા કુટુંબના અગ્રણી **શ્રી મુળીબેનની આરાધના નિમિત્તે ૧૧ છોડનું** તથા **૪ અન્ય વ્યક્તિઓના છોડ** ઉમેરાતા એમ ૧૫ છોડનું ઉજમણું નક્કી થયું. ચૈત્ર વદ ૫મે ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ શ્રી સાકળચંદ શેઠે ઉદ્યાપનનું ઉદ્‌ઘાટન કર્યું. **''ધર્મના ગુણાકાર''** વિષય ઉપર **પૂ. ગુરુદેવોના પ્રવચન થયા.** ચૈત્ર વદ ૮મે શાસનપરના ઉપદ્રવ નિવારવા તથા શાસન રક્ષા માટે **સામુદાયિક આયંબિલ તથા સવાલાખ ''ઉવસ્સગ્ગહરં''ના જાપની આરાધના થઈ જેમાં ૩૭૫** આરાધકોએ લાભ લીધો. ચૈત્ર વદ ૧૧- ૮।। વાગે કુંભસ્થાપનાની વિધિ થઈ. તથા વ્યાખ્યાનમંડપમાં ૧૫૦૦ જણાને દુષ્કૃતનિંદાની આરાધના થઈ.

ચૈત્ર વદ ૧૨ સે અરિહંત પ્રભુથી માંડીને ઇતર દર્શનમાં રહેલા જીવોના દયાદાન આદિ **સુકૃતોની અનુમોદના થઈ. ચૈત્ર વદ ૧૦, ૧૧** ના દિવસોમાં **શ્રી રાજનગર સંયુક્ત મંડળે તથા ચૈત્ર વદ ૧૨ થી સાબરમતી સંગીત મંડળે પ્રભુભક્તિ જમાવી.** એકબાજુ આ રીતે કાર્યક્રમો ચાલી રહ્યા હતા ત્યારે બીજીબાજુ જુદી જુદી **સંસ્થાઓ તરફથી દીક્ષાર્થીઓના બહુમાન** થતા હતા.

વૈશાખ સુદ ૨ ને બપોરે ૪ વાગે સાંબેલાઓ શિબિર વિદ્યાર્થીઓ તથા સાબરમતી મંડળ વગેરેથી શોભતો જળયાત્રા અને **વરસીદાનનો વરઘોડો નીકળ્યો.** જેમાં **મુમુક્ષુ દિવ્યાબેને રૂપિયાની, પાંચ રૂપિયાની, દશની નોટો, ગીનીઓ, વીંટીઓ, કંઠીઓ, પહોંચી વગેરે દાગીનાઓ પણ ઉછાળ્યા** જેથી જૈન જૈનેતરો **ખૂબ જ પ્રભાવિત થયા.** અન્ય બહેનોએ પણ ખૂબ જ ઉલ્લાસભેર દાન આપ્યું. વરઘોડો જોવા માટે ૩૦ થી ૩૫ હજારની માનવમેદની વરઘોડાને પસાર થવાના મુખ્યમાર્ગોએ એકત્રિત થઈ હતી.

વૈશાખ સુદ ૩ જે સવારે દીક્ષાર્થીબહેનોએ આચાર્ય ભગવંતાદિને ગુરુપૂજન કરી. કામળી વહોરાવ્યા બાદ **દીક્ષાની ક્રિયા** શરૂ થઈ. ૬-૫૫ કલાકે આચાર્યદેવે રજોહરણ અર્પણ કર્યું. સ્નાન, વેશ, પરિવર્તન આદિ કરીને આવ્યા બાદ કેશ લોચ યાવજ્જીવનું સામાયિક ઉચ્ચરાવવાની તથા નામ કરણની વિધિ થઈ. અંતે અંબાલાલ રતનચંદના કુટુંબીજનો તરફથી **લાડવાની પ્રભાવના થઈ.** તથા **બપોરે ગરીબોને મીઠાઈનું ભોજન આપવામાં આવ્યું.**

વૈશાખ સુદ ૪ થે બપોરે ૧ વાગે **બૃહદષ્ટોત્તરી સ્નાત્ર** વિધિનો પ્રારંભ થયો. જેમાં સાબરમતી મંડળે પ્રભુભક્તિમાં એવો રંગ જમાવ્યો જેથી સૌ પ્રભુભક્તિમાં

એકતાન થઈ ગયા આમ અત્યંત શાસન પ્રભાવના પૂર્વક આ દીક્ષા મહોત્સવ ઉજવાઈ ગયો.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૨૧,અંક-૩૬,તા.૯-૬-૧૯૭૩

સ્વ. પૂજ્યપાદ સુવિશાલગચ્છાધિપતિ સિદ્ધાંત મહોદધિ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પાંચમી વાર્ષિક સ્વર્ગતિથિ નિમિત્તે આરાધનાઓ

● **રાજુર (ખાનદેશ) :** અત્રે પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં સ્વ. પૂજ્યશ્રીના સ્વર્ગદિન વૈશાખ વદ ૧૧ સોમવારે શ્રી સંઘમાં સુંદર આરાધના થઈ. કેરીની ફૂલ સિઝનમાં પણ ઘણા આંબેલ થયા. નાના બાળકોએ પણ એકાસણાં બેસણાં કર્યા. ભાગ્યે કોઈ છૂટા મોઢે હશે. સંગમનેરના મંડળને બોલાવી પૂજા પ્રભાવના ઠાઠથી થઈ. સાંજે પ્રતિક્રમણમાં સંવત્સરી પર્વની માફક હાજરી. વ્યાખ્યાનમાં પૂ. આચાર્ય મહારાજે પોતે અનુભવેલા સ્વ.પૂ.ગુરુદેવશ્રીના અદ્‌ભુત ગુણો અને ઉપકારોનું વર્ણન કરતાં પોતે અને સભા ગદ્‌ગદ થઈ ગયેલી.

● **ઈંદોર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં પૂ. સ્વ. આચાર્યદેવશ્રીની પાંચમી સ્વર્ગ તિથિ સારી રીતે ઉજવાઈ. વ્યાખ્યાનમાં સૂરિપુંગવના જીવન પર ભવ્ય પ્રકાશ પથરાતાં શ્રોતાગણને વિસ્મય સાથે પૂ.સ્વ. આચાર્ય ભગવંતના અલૌકિક ગુણો સાધનાઓ શાસનરક્ષા-પ્રભાવના વગેરેની ભારે અનુમોદના થઈ. આ પ્રસંગે શ્રી ઈંદોરસંઘે પૂ. મુનિરાજની ૨૫ દિવસ મળેલી તત્ત્વભરી જિનવાણીના શ્રવણથી પ્રેરાઈને પીપલીબજારના મોટા ઉપાશ્રયે પૂજ્યશ્રીને ચાતુર્માસ કરવા આગ્રહભરી વિનંતી કરી. પૂજ્યશ્રીએ કહ્યું કે અમે તો શાંતિનગર કોલોની સંઘની વિનંતીથી અત્રે આવ્યા છીએ. એ ભાઈઓ જો રાજીખુશીથી આમાં સંમત થાય તો અમને વાંધો નથી. તેઓ એમને પૂછો. ત્યારપછી બપોરના પરસ્પર વિચારણા થતાં શાંતિનગર કોલોની સંઘે પૂ.શ્રીને કહ્યું જો સંઘનો ખૂબ જ આગ્રહ છે તો આપ મોટા ઉપાશ્રયે ખુશીથી ચાતુર્માસ રહો. અહીં મોટી સંખ્યામાં લોક ધર્મ પામશે, અને અહીંની સંઘવ્યવસ્થામાં જે સુધારા કરવા જરૂરી છે તે અહીં રહેવાથી જ થઈ શકશે. પછી પૂજ્યશ્રીએ પૂ. ગુરુદેવશ્રીની આજ્ઞા મળ્યેથી જવાબ આપવા કહ્યું.

● **અમદાવાદ :** અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા **પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મ.ની** નિશ્રામાં જ્ઞાનમંદિરે વૈશાખ વદ

૧૦-૧૧ બંને દિવસ સુંદર ઉજવણી થઈ. જ્ઞાનમંદિર ટ્રસ્ટીઓ તરફથી જાહેર પત્રિકા બહાર પાડવામાં આવેલી તથા ગુજરાત સમાચારમાં જાહેરાત પ્રકાશિત કરાવવામાં આવેલી. જ્ઞાનમંદિર તથા શ્રી કવરલાલ હીરાલાલ, શ્રી હીરાભાઈ મણિલાલ અને શ્રી મયાભાઈ લક્ષ્મીચંદ તરફથી બંને દિવસ બપોરે શ્રી બારવ્રતની પૂજા અને શ્રી નવપદજીની પૂજા શ્રી જૈન ધર્મ આરાધક મંડળે ભણાવી. વ્યાખ્યાનમાં શ્રી ચતુરભાઈ, શ્રી રસિકલાલ ભોગીલાલ તથા શિબિર વિદ્યાર્થીએ સ્વ.પૂ.આચાર્ય ભગવંતના ગુણગીત ગાયા અને સભાને ઝીલાયા. બાદ પૂ. આચાર્ય શ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજે સ્વ.પૂ.ગુરુદેવ આચાર્ય ભગવંતના જીવનનો તાદૃશ ચિતાર રજૂ કરતાં પૂજ્યશ્રીનો આજન્મ વૈરાગ્ય શ્રી સિદ્ધગિરિની પ્રથમ સ્પર્શનાએ અઠ્ઠાઈનો તપ અને વૈરાગ્ય વિકસતાં ગુરુની શોધ બાદ ઘરે જવું પડ્યું છતાં એકી કલમે ૩૬ માઈલ ચાલીને પછી ગાડી પકડી પાલીતાણા પહોંચી ગ્રહણ કરેલ ભાગવતી દીક્ષા ચારિત્રજીવનની વિવિધ સાધનાઓ. મહાન ત્યાગ, ગુરુસેવા, કઠણ શાસ્ત્રોનું અધ્યયન, જાત મહેનતથી કમ્મપયડી સ્યાદ્‌વાદરત્નાકર જેવા શાસ્ત્રોનું અવગાહન કર્મસાહિત્ય નિષ્ણાત નવીન કર્મશાસ્ત્રોનું સ્વયં સર્જન, શિષ્યો પાસે વિશાલકાય શાસ્ત્રોનું નિર્માણ, સંખ્યાબંધ ભવ્યાત્માઓના સંસારથી ઉદ્ધાર, તેજસ્વી શાસન-પ્રભાવક શિષ્યોનું ઉત્પાદન, બાલદીક્ષા પ્રતિબંધક બિલના નિવારણ અર્થે અઢી લાખ વિરોધમતો ઊભા કરાવી બીલ નિવારણનું સરળ કરેલું કાર્ય, સંઘયાત્રા-પ્રતિષ્ઠા-અંજનશલાકા શિબિર વગેરેથી કરેલી ભવ્ય શાસન પ્રભાવનાઓ વગેરે વગેરે પર હૃદય સ્પર્શી પ્રવચન કરી પ્રાંતે પૂજ્યશ્રીની અંતિમ આરાધના અને ઉચ્ચ સમાધિ તથા ભારતભરના સંઘોમાં લાગેલા આઘાત શોકસભાઓ અને જિનભક્તિ ઓચ્છવોનું વર્ણન કર્યું. સભાજનો સંવેગ વૈરાગ્યથી ખૂબ ગદ્‌ગદ થઈ ગયા. શેઠ કાન્તિલાલ કોલસાવાળાએ પ્રવચન બાદ પૂજ્યશ્રીને વિનંતી કરી કે, 'સ્વ.પૂ.આચાર્ય ભગવંતના જીવનની આવી આવી અદ્‌ભુત વિગતોની તો અમને ખબર જ નહિ. તો એઓશ્રીનાં જીવન ચરિત્રનું સુંદર પુસ્તક બહાર ન પડી શકે ? ઘણા જીવોને આરાધના માટે એ ખૂબ પ્રેરણાદાયી બને.'

● **માલેગામ :** અત્રે પ્રવચન પ્રભાવક આગમપ્રજ્ઞ પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં માલેગામ સંઘે સુંદર ઉજવણી કરી. પૂજા પ્રભાવના વગેરે ઉપરાંત પૂ. આચાર્યદેવશ્રીએ સ્વ.પૂ.આચાર્ય ભગવંતના વ્યાખ્યાનમાં રોચક ગુણાનુવાદ કર્યા એ સાંભળીને સંઘના હૈયા ગદ્‌ગદ થઈ ગયા; અને એઓશ્રીના જૈન સંઘો પરના અલૌકિક ઉપકારોને ભવ્ય ભાવાંજલિ આપી.

● **દાવણગિરિ :** પૂ.સ્વ.આચાર્યદેવેશ શ્રી વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મ.ના શિષ્યો પૂ. મુનિશ્રી અશોકવિજયજી મ. અને પૂ. મુનિશ્રી અભયવિજયજી મ.ની નિશ્રામાં પૂ.સ્વ. ગુરુભગવંતની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે નવાહ્નિકા મહોત્સવ યોજાતા સદ્ગ્રહસ્થો તરફથી પૂજા-પ્રભાવના અને આંગી રચાઈ હતી. શ્રી નવગ્રહાદિ પૂજન થયું. જેઠ સુદ ૨ના શ્રી જલયાત્રાનો વરઘોડો સુંદર ચડ્યો. બાદ ગુણાનુવાદ સભા થઈ. પૂ.મુનિવરોએ સ્વ.પૂ.આચાર્યદેવશ્રીના ભવ્યગુણ સાધનાઓ શાસનપ્રભાવના વર્ણવતા શ્રોતાઓને સુંદર અનુમોદના થઈ. બપોરે શ્રી શાન્તિસ્નાત્ર ભણાવાયું. શ્રીફળની પ્રભાવના થઈ. શ્રી સંઘ તરફથી જેઠ સુદ ૯ના ગરીબોને જમણ અપાયું. પૂ.મુનિવરો જેઠ સુદ ૧૦ના વિહાર કરીને પૂ.આચાર્ય શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજની સાથે અષાઢ સુદ ૧૦ના બેંગ્લોર ચીકપેઠમાં ચાતુર્માસાર્થે પ્રવેશ કરશે.

● **અમદાવાદ : પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મહારાજે** કપડવંજથી અમદાવાદ તરફ વિહાર કરતાં પહેલા કપડવંજ સંઘે ધાર્મિક શિક્ષણ શિબિરદ્વારા સંઘમાં થયેલ અપૂર્વ લાભથી પ્રેરાઈ પૂજ્યશ્રીને પંચના ઉપાશ્રયે આવતી સાલનું ચોમાસું કરવા આગ્રહભરી વિનંતી કરી અને અત્યારે જ ચોમાસાની જય બોલાવી દેવા આગ્રહ કર્યો. પૂજ્યશ્રીએ જવાબમાં કહ્યું, 'આવતી સાલનું અત્યારે શું કહી શકાય ?' સંઘે કહ્યું છતાં ખાસ આ ધ્યાનમાં રાખજો.

પૂજ્યશ્રી ત્યારબાદ અમદાવાદ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજની સેવામાં જલદી પધાર્યા. કેમકે ૩૦-૩૫ ક્ષેત્રોની ચોમાસા માટે સાધુ આપવાની જોરદાર માગણી હતી તેમાં શક્ય એટલા ક્ષેત્રો સાચવવાનું નક્કી કરવું હતું. અમદાવાદ પધાર્યા પછી તો બીજા દસેક ક્ષેત્રોની વિનંતી ઓર વધી. દરમિયાન જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓની વિનંતીથી જ્ઞાનમંદિરે પધાર્યા. સ્વ.પૂ.ગુરુદેવ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગતિથિના નિમિત્તે બે દિવસના પૂજાદિ કાર્યક્રમમાં સ્વ. પૂજ્યશ્રીના રોચક ગુણાનુવાદ કર્યા. પછી ગીરધરનગર શાન્તિનગર તથા અરુણ સોસાયટીના સંઘોની વિનંતીથી ૩-૩ દિવસ ત્યાં ત્યાં સ્વાગત-ગહુંલીઓ પૂર્વક પધારી સંવેગ-વૈરાગ્ય ઝરતા, તત્ત્વપૂર્ણ પ્રવચનો આપ્યાં. ત્યાંથી પંકજ સોસાયટી એક દિવસ લાભ આપી સ્વ. શેઠ શ્રી કલ્યાણભાઈ રાવના બંગલે થોડી સ્થિરતા કરી ઉપદેશ કરતાં બંગલામાં ઘરદેરાસર કરવાનું નક્કી થયું અને એમના કુટુંબને ઘી ત્યાગ નવકાર વગેરેની પ્રભાવના અપાઈ.

ત્યારબાદ પૂર્વે નક્કી થયા મુજબ મર્ચન્ટ સોસાયટીની પાછળ શ્રી લક્ષ્મીવર્ધક સંઘના નૂતન ઉપાશ્રયના જેઠ સુદ ૮ ઉદ્ઘાટન પ્રસંગે પૂ. આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મ.ની સાથે પધાર્યા. સંઘે ભવ્ય સ્વાગત કર્યું. શેઠશ્રી રમેશભાઈ બકુભાઈના હસ્તે ઉદ્ઘાટન થયું. એમના પ્રાસંગિક વક્તવ્ય બાદ અતિથિવિશેષ શેઠશ્રી અનુભાઈ ચીમનલાલે પૂ. આચાર્યદેવશ્રી સાથે પોતાનો સ્કૂલ લાઈફમાં વર્ષોનો પરિચય પોતાના મન પર પૂજ્યશ્રી માટે એથી પડેલી ભવ્ય છાપ. કપડવંજ શિબિરથી પૂજ્યશ્રીએ સાધેલ જવલંત ફત્તેહ વગેરેનું સંસ્મરણ કરાવતાં ધર્મસ્થાનમાં ખાસ કરીને પાઠશાળા સુંદર ચલાવવા અને ધર્મ આરાધનાની ગંગા વહેતી રાખવા અનુરોધ કર્યો. સંઘના પ્રમુખ વગેરેનાં વક્તવ્યો બાદ ઉપાશ્રય નિર્માણના પ્લાનકર્તા તથા બે ઈજનેરોને ચાંદીના મેડલ અને કાસ્કેટ ભેટ અપાયા. આ પ્રસંગે શેઠ બકુભાઈ મણિલાલ ટ્રસ્ટ તરફથી ઉપાશ્રય ખાતે રૂા. ૧૦૦૦નું દાન જાહેર કરાયું. સંઘપ્રમુખે ઉપાશ્રય વ્યાખ્યાનહોલ સાથે નામ જોડવા રૂા. ૩૧ હજાર તથા રૂમો સાથે નામ જોડવા રૂા. ૭-૭ અને ૫-૫ હજારની યોજના જાહેર કરી લાભ લેવા વિનંતી કરી. છેવટે પૂ. આચાર્યદેવશ્રીએ ધર્મસ્થાનનાં અદ્ભુત મહત્ત્વ પર પ્રવચનધારા વહાવી.

અહીં જ જેઠ સુદ ૧૦ પૂ. આચાર્યદેવશ્રી વિજયત્રિલોચનસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તી સમુદાયમાં ખંભાત તથા સુરેન્દ્રનગર દીક્ષિત થયેલ પાંચ સાધ્વીજી મહારાજોની ધામધૂમપૂર્વક વડી દીક્ષા થઈ અને શ્રી નવપદજીની પૂજા ભણાવાઈ. સુરેન્દ્રનગરના સાધ્વીજીના કુટુંબી તરફથી પણ નવકારવાળી મુકવાની પ્લાસ્ટિકની ડબ્બીની ફોટા સાથે પ્રભાવના થઈ. પૂજ્યશ્રી અત્રે થોડા દિવસ રોકાઈ શ્રી ઉજમફઈની ધર્મશાળા અને નવરંગપુરા ખાસ આગ્રહભરી વિનંતી હોઈ પધારવા વકી છે. અષાઢ સુદમાં એમનો ઉસ્માનપુરા ચાતુર્માસ અર્થ પ્રવેશ નક્કી થયો છે.

● **સુરેન્દ્રનગર :** અત્રે સંઘમાં સમાધાન કરવાની ઈચ્છાથી સકળસંઘે પ્રખરવક્તા પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજને આગ્રહભરી વિનંતી કરેલી. તેથી પૂ. મુનિરાજશ્રી અત્રે તા. ૧૩ ના પધાર્યા. બે દિવસ રોકાણા હતા. બંને દિવસ વ્યાખ્યાનમાં હજારો ભાઈબેનોએ લાભ લીધેલ. વ્યાખ્યાનમાં આ બહુમતીના પરિણામો ઘણા ખતરનાક નીવડશે. કાર્ય સર્વાનુમતે પણ ન થાય પણ શાસ્ત્રમતિથી જ દરેક કાર્ય કરવા જોઈએ. આ ચૂંટણીનો ચેપ ભાવિ પેઢીને ને આ શાસનને પાયમાલ

કરશે. નવી પ્રજા નવા વિચારોને હાથ ધરશે. પછી તેઓ કહેશે કે શિક્ષણમાં તથા સમાજના કલ્યાણ વગેરેમાં પૈસા આપો. વગેરે પાપો થશે આનું ભાવિ પરિણામ ઘણું ખરાબ છે. માટે ચૂંટણી પદ્ધતિ જતી કરી પસંદગી પીઢ માણસો ને જાણકાર બુદ્ધિશાળી માણસોને નક્કી કરવા જોઈએ. બંને પક્ષો થોડું થોડું જતું કરી એક થાઓ. તેવી ભાવના દર્શાવી. પછી બંને પક્ષોએ સમાધાનની ફોર્મ્યુલા પૂજ્યશ્રી કહે તે પ્રમાણે નક્કી કરી. જાણવા પ્રમાણે ફોર્મ્યુલા આ પ્રમાણે ઘડાઈ (૧) એક સાલ ચોમાસું એક પક્ષનું, બીજી સાલ બીજા પક્ષનું. (૨) જ્યારે સંવત્સરીનો ફેર આવે એટલે શ્રી સંઘે આરાધનાની સગવડતા કરી આપવી. (૩) જે રૂપિયા આપો તે શાસ્ત્રીય પ્રમાણે વપરાવવા જોઈએ. કદાચ મતભેદ પડે તો બંને પક્ષના આચાર્યોને પૂછીને કામ કરવું. એમાં મતભેદ પડે તો આગળ ન વધવું. (૪) દરેક કેસ પાછા ખેંચી લેવાના. (૫) વહીવટી સંબંધમાં એક પક્ષના ૮ સભ્યો ને બીજા પક્ષના ૭ સભ્યો, તે પ્રમાણે રહે. આ ફોર્મ્યુલા ઉપર એક પક્ષ તરફથી શ્રી બાબુભાઈએ પૂર્ણ સંમતિ આપી દીધી અને બીજા પક્ષ તરફથી સંમતિ આપવા માટે મુંબઈથી શ્રી બાપાલાલભાઈની આવવાની રાહ જોવાઈ રહી છે. આ પ્રમાણે જાણવા મળ્યું છે.

● **અમદાવાદ :** અત્રે ઉજમફઈ ધર્મશાળાએ પધારી લાભ આપવા આગ્રહભરી વિનંતી થતાં **પ.પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** આદિ સામૈયા સહિત અત્રે જેઠ સુદ ૧૪ ગુરુવારે પધાર્યા. મુદ્રિત હેન્ડબીલ દ્વારા આ પ્રમાણે જાહેરાત થયું હતું કે, 'અત્રે સ્થિરતા દરમિયાન વિવિધ **'ભાવના-રસાયણ'** વિષયક પ્રવચન શ્રેણીમાં (૧) જગતની અનિત્યતા અને **'દ્વારિકાનો દાહ'** (૨) જીવનની અશરણતા અને **'અનાથી મુનિ'** (૩) સંસારની કરુણતા અને **'સખી કે સખો'** (૪) કોઈ કોઈનું નથી ને **'અમરકુમાર'** (૫) આત્માનું એકલવાયાપણું ને **'નમિરાજર્ષિ'** (૬) ગંદકીનો ગાડવો ને **'રતિસુંદરી'**.

ઉપરોક્ત અનિત્યાદિ ભાવનાઓ ઉપર સંવેગ વૈરાગ્ય ઝરતું પ્રેરક-બોધક કથા સાથે પ્રવચન રોજ અપાશે. એ પ્રમાણે પ્રવચનો થતાં વિશાળ સંખ્યામાં લોકોએ લાભ લીધો. છેલ્લા રવિવારે શ્રી નવકારમંત્રના ૯ લાખ જાપ કરનારા ૩૦૦ આરાધકોનું ખંભાત નિવાસી સ્વ. અંબાલાલ રતનચંદના સુપુત્રો તરફથી રૂપિયો અને શ્રીફળ સાથે તિલકથી બહુમાન કરવામાં આવ્યું. ઉપાશ્રય ભરચક ભરાઈ ગયેલો અને કેટલાયને સીડીમાં તથા નીચે ઊભા રહેવું પડ્યું. જાણે પર્યુષણાપર્વનો દિવસ હોય તેવું વાતાવરણ જામ્યું. પૂ. આચાર્યદેવશ્રીએ **'કોઈ કોઈનું નથી ને અમરકુમાર'** વિષય પર પ્રભાવશાળી પ્રવચન આપી વિવિધ દૃષ્ટાંતથી નવકારમંત્રનો મહિમા સમજાવતાં સભામાંથી નવા એકસો આરાધકોએ શ્રી

નમસ્કારમંત્રના નવ લાખ જાપના અભિગ્રહો કર્યા હતા.

● **વડોદરાના શિબિરવિદ્યાર્થીઓનું સ્નેહસંમેલન.**

કપડવંજ ધાર્મિક શિક્ષણ-શિબિરની પૂર્ણાહુતિ બાદ વડોદરામાંથી અત્યારસુધીની શિબિરોમાં ભાગ લઈ આવેલા બધા જ શિબિર વિદ્યાર્થીઓનું એક સ્નેહસંમેલન તા. ૨૦-૫-૭૩ ના બપોરના ત્રણ વાગે રાખવામાં આવ્યું હતું. ચાલીસ વિદ્યાર્થીઓએ આ સંમેલનમાં ભાગ લીધો હતો. શ્રી કિરીટ ધ્રુવ તરફથી અલ્પાહાર રખાયેલ. આ સંમેલનમાં મુમુક્ષુ શ્રી રાજેન્દ્ર નગીનદાસ ડભોઈવાલા (B.Com.) દીક્ષા અંગીકાર કરવાના હોઈ તેમનો બહુમાન-સમારંભનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

અત્રે દીક્ષા પ્રદાન પ્રસંગ પધારેલા પૂ. આચાર્યદેવશ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબની શ્રુતોપાસક ગણના માધ્યમ દ્વારા શિબિર વિદ્યાર્થીઓ તરફથી જ્ઞાન ગોષ્ઠિ આયોજિત કરવામાં આવી હતી. જે દરરોજ રાતના ફક્ત ભાઈઓ પૂરતી મર્યાદિત હતી. જૈન જૈનેતરોએ લાભ લીધો હતો.

સ્નેહસંમેલનમાં તીર્થયાત્રાએ જવાનું નક્કી થતાં તા. ૨ જી ૩ જી જૂન શ્રી ઝગડિયા તીર્થની યાત્રા થઈ. સમૂહ દર્શન પૂજા અને સ્નાત્ર ભણાવી ભક્તિ ભાવના કરી હતી. પૂ. મુનિરાજો શ્રી મિત્રાનંદ વિજયજી, શ્રી ધર્માનંદ વિજયજી અને શ્રી જયશેખર વિજયજી મ.ના વ્યાખ્યાન શ્રવણનો લાભ લીધો. આમ તો બધા કૉલેજિયનો પરંતુ શિબિરના સંસ્કારોને લીધે તીર્થયાત્રામાં રાત્રિભોજન તેમજ ટ્રાન્ઝિસ્ટર કે પ્લેઈંગ કાર્ડની દોસ્તી રાખી ન હતી. આ બધામાં મૂક્સેવક કિરીટ ધ્રુવ, મહેશ નંદલાલ, યોગેશ ઘીયા અને અનિલ હીરાલાલ શાહે ઘણી મહેનત લીધી હતી. સ્નેહસંમેલનમાં નવા હોદ્દેદારોની વરણી થતા શ્રી મહેશ નંદલાલ (M.Sc.) પ્રમુખ, શ્રી અનિલ હીરાલાલ શાહ (M.Sc.), ઉપપ્રમુખ, શ્રી મુકેશ મણીલાલ (M.Sc.), શ્રી પંકજ વાડીલાલ શાહ (B.E. Cham.) તથા શ્રી ભરત જયંતીલાલ શેઠને મંત્રીઓ તરીકે અને શ્રી કિરીટકુમાર જેચંદભાઈ ધ્રુવ (B.Sc.) ખજાનચી તરીકે નીમાયા.

● **દાહોદ :** પ્રાચીન જિનમંદિરનું મૂળથી જીર્ણોદ્ધારનું કામ ચાલુ ગર્ભગૃહ-રંગમંડપનો ભાગ ઠીક ઠીક તૈયાર થયેલો. શ્રી પાર્શ્વનાથ ભગવંત આદિ સાત પ્રતિમાઓનો પ્રવેશ વૈ.વ. ૧૧ ને સોમવારે સુંદર રીતે ઊજવવા આચાર્યભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજીના પ્રશિષ્ય મુનિશ્રી જગત્ચંદ્રવિજયજી મહારાજ આદિને ગોધરા મુકામે વિનંતી કરતાં આ પ્રસંગે અત્રે પધાર્યા. પ્રવેશ સારી ઉછરામણી સાથે ધામધૂમથી થયો. પૂજ્યશ્રીનું ચાતુર્માસ રતલામ નક્કી થયું છે.

● **કલકત્તા :** અત્રેના શ્રાવક સુખમલભાઈ મહેતાએ વર્ધમાન આંબેલ તપની ૨૦મી ઓળી માત્ર ભાત-પાણીથી કરી. એમાં પણ પાણીમાં કે ભાતના ઓસામણાં ભાત નાખી પી જવાના, કિન્તુ ભાત ચાવવાના નહિ. પૂર્વે પણ એમણે આવા ઘણાં આંબેલ કરેલ. એ લખે છે કે "આ ઓળીમાં વિહારમાં શક્તિ કેવી રહે છે, એ જોવા માટે અઠવાડિયું રોજ સવારે દસથી પંદર માઈલ અણવાણે પગે ચાલતો હતો પણ કોઈ પ્રકારની થકાવટ જણાતી ન હતી. શક્તિ સારી રહી હતી. ભાતપાણીના આંબેલ એક સાથે વધુ કરવામાં આવે તો શક્તિ ઘટતી નથી પરંતુ શરીરમાંનો મેદ ઘટે છે. હવે એક દિવસ આંબેલ અને એક દિવસ એકાસન ચાલે છે. એકાસનમાં પણ પહેલાં ભાતપાણી લીધા બાદ બીજો આહાર લેવાનું રાખેલ તેનાથી વિશેષ લાભ જણાયો. પ્યાસ લાગે નહિ. એકવાર પાણી પીવાથી ચાલી શકે. પાચનશક્તિ સારી રહે. સામાયિક સારી રીતે થાય..." આ આંબેલનો લૌકિક પ્રભાવ કેવો કે એક મુનિશ્રી જેમના રસી ઝરતા ભગંદર પર ઓપરેશન જ કરાવવાની ડાક્ટરે સલાહ આપેલી એમણે આ ભાઈના કહેવાથી આવા આંબેલ ૧૦-૧૨ કરતાં ભગંદર સુકાઈ મટી ગયું. બાકી રસોની નિસ્પૃહતા, શુભ ભાવનાની વૃદ્ધિ, બ્રહ્મચર્યની સ્થિરતા, વગેરે ખરેખરા લાભ તો આવા આંબેલના અદ્‌ભુત છે. રોજ છૂટા મોઢે ખાનાર પણ પ્રારંભે ભાતપાણી વાટકી જેટલું પી જાય તો ય લાભ કરે છે, એમ ભાઈશ્રીનો અનુભવ છે.

● **અમદાવાદ : પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મહારાજ** પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ સાથે શેઠશ્રી કાન્તિલાલ ચીમનલાલ તથા શ્રી રમણલાલ ચીમનલાલ કોલસાવાળા આદિ પાંચ બંધુજનોની આગ્રહભરી વિનંતીથી એમના માતુશ્રીની ભાવનાનુસાર અઠ્ઠાઈ મહોત્સવ જેઠ વદ ૮ નવરંગપુરા સોસાયટી પધાર્યા. સ્વાગત સામૈયું તથા મંગળ પ્રવચન વખતે ત્યાંના સંઘના આગેવાનો શેઠ શ્રી જીવતલાલ પરતાપશી વગેરે, ઉપરાંત બહારના શેઠ શ્રી રમણલાલ વજેચંદ વગેરે સંભાવિત ગૃહસ્થો સહિત વિશાળ માનવમેદની ઉપસ્થિત હતી. મહોત્સવ અંગેની આકર્ષક આમંત્રણ પત્રિકામાં જણાવવામાં આવ્યું હતું કે, "અમારા

પરમ ઉપકારી અને જૈન ધર્મના અઠંગ ઉપાસક તથા ઉદારતા ગંભીરતા, સદાચાર, સૌજન્યાદિ અનેક ગુણોથી વિભૂષિત પૂજ્ય **માતુશ્રી કંકુબેન જેઓ** ૯૩ વર્ષની મહાપાકટ વયે પહોંચેલા છે. એમની ભાવના થવાથી તેઓશ્રીના જીવનના વિવિધ સુકૃતોની અનુમોદના નિમિત્તે અમોએ દેવગુરુના પસાયથી અત્રે શ્રીમાળી સોસાયટી નવરંગપુરા જૈન દેરાસર ઉપાશ્રયમાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત શ્રી અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવાનો નિર્ણય કર્યો છે."

શ્રીમતી કુંકુબેનનું જીવન અને વિશેષતાઓથી મઘમઘતું બન્યું છે. જેવી કે નાની વયમાં ઘરના કામકાજ કરવા સાથે ૬ ચોપડીનો અભ્યાસ કરેલ. તે સાથે પાઠશાળામાં પણ પ્રતિક્રમણાદિ સૂત્રોનું શિક્ષણ લીધેલ. બાદ વૈષ્ણવ કુટુંબમાં પરણવા છતાં પોતાની હંમેશની ઉભયટંક પ્રતિક્રમણ અને દેવદર્શનપૂજા, કંદમૂળ+રાત્રિભોજન-ત્યાગ તથા સામાયિકાદિ વ્રતનિયમોની ધર્મસાધનાની ચુસ્તતાથી કુટુંબને જૈનધર્મથી વાસિત કરી દીધેલ.

પૂ. ગુરુ ભગવંતોના પ્રવચનોથી પ્રેરણા પામી તેઓશ્રીએ સંઘસ્થવિર આચાર્ય ભગવંત **શ્રી વિજય સિદ્ધિસૂરિશ્વરજી મ.** પાસે ભવ-આલોચના કરી તથા સકલાગમ રહસ્યવેદી પૂ. આચાર્ય ભગવંત **શ્રી વિજય દાનસૂરીશ્વરજી મ.** પાસે સમ્યકત્વ સહિત ૧૨ વ્રત મુંબઈ-અંધેરીમાં ઉચ્ચર્યા.

નાનપણથી તપમાં રંગાયેલા તેઓશ્રીએ અત્યાર સુધીમાં બીજ પાંચમ, આઠમ-ચૌદસ આદિના ઉપવાસો, વરસીતપ, છમાસીતપ, ચારમાસી ચાર, ત્રણમાસી, ત્રણ દોઢમાસી ચત્તારિઅટ્ઠ-દસ દોયના ઉપવાસો, બે વાર અઠ્ઠાઈ, નવ, છ, ચાર ઉપવાસ, અટ્ઠમ-છટ્ઠ આદિ ઉપવાસો, તેર કાઠિયાના તેર અટ્ઠમ, ગણધરના છટ્ઠ, બાવન જિનાલયનો તપ, ૪૫ આગમ તપ, ૨૮ લબ્ધિ તપ, ૬૮ તીર્થના એકાસણાં, અક્ષયનિધિ તપ ક્રિયા સહિત વીસસ્થાનકની વીસ ઓળીઓ, વર્ધમાનતપની ૪૧ ઓળીઓ. રતન પાવડીના છટ્ઠ, વિધિ સહિત નવપદની ઓળીઓ વગેરે તપારાધના કરી છે. ઉપરાંત શ્રાવક ધર્મના આચારરૂપ ત્રણેય ઉપધાન વહન કર્યા.

તીર્થયાત્રામાં તેઓશ્રીએ શત્રુંજયતીર્થમાં બે ચોમાસા કર્યા. શ્રી સિદ્ધગિરિ ઉપરાંત કઠિન શ્રી ગીરનાર તીર્થનીય તથા તળાજાની નવ્વાણું યાત્રાઓ કરી રાણકપુરની પંચતીથી બે-ત્રણ-વાર કરી. નાની-મોટી મારવાડની તથા કચ્છ પ્રદેશની પંચતીર્થી, ભાંડુકજી, કુલપાકજી, આદિ અનેક તીર્થયાત્રા કરી, અને પોતાના કુટુંબને પ્રેરણા આપી અનેક તીર્થયાત્રા કરાવી. પોતે સાતવાર સમેતશિખરજીની યાત્રા કરી. વિ.સં. ૨૦૧૩ના મગધપુરી પાવાપુરીમાં અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના

નિર્વાણ સ્થાને પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્ય ભગવંત **શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના સદુપદેશથી નૂતન સમોસરણ જિનમંદિરમાં પ્રતિમાજી પધરાવ્યા અને અવસરે અવસરે સ્વયં પોતે તથા પ્રેરણા આપી કુટુંબને દ્રવ્યનો સદ્વ્યય કરાવ્યો.

દરરોજ સેવાપૂજા, સામાયિક-પ્રતિક્રમણ, પર્વતિથિના પૌષધ તથા બને તેટલો સમય ધાર્મિક ક્રિયામાં ગાળતાં.

આ અષ્ટાહ્નિકા મહોત્સવ પ્રસંગે અમારી આગ્રહભરી વિનંતીને સ્વીકારી પૂજ્યપાદ પરમોપકારી સ્વ. સુવિશાળ ગચ્છાધિપતિ સિદ્ધાંત મહોદધિ કર્મ સાહિત્ય નિપુણ આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મ. સાહેબના શિષ્યરત્નો નિઃસ્પૃહ શિરોમણિ પૂ.આ.**શ્રી વિજયહીરસૂરીશ્વરજી મ.** તથા પ્રભાવક પ્રવચનકાર તપોનિધિ આ. **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજ આદિ વિશાળ મુનિ પરિવાર જેઠ વદ-૮ રવીવાર તા. ૨૪-૬-૭૩ના સવારે પધારશે. તેઓશ્રીનું સામૈયું સવારે ૮-૩૦ વાગે નવરંગપુરા ૬ રસ્તાથી ચડશે.

બીજું વ્યાખ્યાન-વાચસ્પતિ, શાસન-પ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી **વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મ.ના વિદ્વાન શિષ્યરત્ન પૂ.આ.**શ્રી વિજય માનદેવસૂરીશ્વરજી** મહારાજ સાહેબ અત્રે ચાતુર્માસાર્થે બિરાજમાન છે. અમારી વિનંતીથી આ ત્રણે પૂ. આચાર્યદેવની નિશ્રામાં આ અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાશે.

મહોત્સવ ભવ્ય ઉજવાયો. શ્રી જૈનધર્મ આરાધક મંડળે જેઠ વદ-૮ શ્રી અષ્ટાપદજીની પૂજા સુંદર રાગ રાગિણીથી તથા વદ-૧૨/૧૩ વેદનીયકર્મ નિવારણ, પૂજા ભણાવી. વદ-૯ સ્થાનિક જૈન મહિલા મંડળે શ્રી નવપદજી પૂજા, વદ-૧૦ દેવસાના પાડે શ્રી પાર્શ્વમંડળની બહેનોએ શ્રી પંચકલ્યાણપૂજા, વદ-૧૧ અત્રે સંગીત-રત્ન શ્રી હીરાલાલ ઠાકુરે શ્રી બારવ્રતની પૂજા, વદ-૦)) શ્રી મહાવીર મંડળે પૂજા-ભાવના તથા સુદ-૧થી શ્રી બાબુભાઈ કડીવાળાએ શ્રી સિદ્ધચક્રપૂજન ભણાવ્યું. આખા પૂજનનો શ્રી કુંકુબાએ વિશાળ કુટુંબ સાથે લાભ લીધો. બહારથી શ્રી છોટાભાઈ વકીલ, શ્રી ચીમનલાલ રાણા, શ્રી ચંદુલાલ પ્રેમચંદ, શ્રી સુધાકરભાઈ મનસુખલાલ શ્રી જયંતીલાલ આત્મારામ, ડૉ. સુરેશ ઝવેરી આદિ ધોળકાથી શ્રી મનસુખલાલ ચુડગર, ધોલેરાથી શ્રી શાંતિલાલ મનસુખલાલ બાબરિયા, સુરેન્દ્રનગરથી શ્રી ચંદુલાલ સુખલાલ, શ્રી વસંતલાલ વલ્લભદાસ મહેતા વગેરે ઉપસ્થિત થયેલ.

● **અમદાવાદ :** અત્રે અષાઢ સુદ-૨ લક્ષ્મીવર્ધક સંઘ (પાલડી, મર્ચન્ટ સોસાયટી પાછળ)ના અતિ આગ્રહથી પૂ. આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી

મહારાજે પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ., આદિ મુનિમંડળ સાથે ચાતુર્માસ પ્રવેશ કર્યો; તથા ઉસ્માનપુરા વર્ધમાન સંઘ (આશ્રમરોડ અમદાવાદ-૧૩)ની વિનંતીથી પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજે સપરિવાર ચાતુર્માસ પ્રવેશ કર્યો. બંને પૂ.આચાર્ય મહારાજો પાસે ચોમાસામાં મુનિઓ આપવા માટે પચાસેક ક્ષેત્રોની આગ્રહભરી માગણી આવેલી પરંતુ માત્ર ૨૦-૨૨ ક્ષેત્રોમાં મુનિઓ આપી શકાયા. જેમાં **અહમદનગર** પૂ.આ.શ્રી વિજયત્રિલોચનસૂરિજી મ., **જુના ડીસા** પૂ.આ.શ્રી વિજય રાજતિલકસૂરિજી મ; **વેવલા** પૂ. મુનિરાજો શ્રી રંગવિજયજી મ., આદિ, **ધૂલિયા** પૂ.શ્રી મિત્રાનંદવિજયજી મ. **દશાપોરવાડ સોસાયટી** પૂ.શ્રી મતિધનવિજયજી મ., શ્રી ધર્મઘોષવિ. મ., આદિ, **નડીયાદ** પૂ.શ્રી યશોભદ્રવિજયજી મ., **વડનગર** પૂ.શ્રી ધર્મગુપ્તવિજયજી મ., **ઈદોર** પૂ.શ્રી ભદ્રગુપ્તવિજયજી મ., **પગથિયાનો ઉપાશ્રય** અમદાવાદ પૂ.શ્રી ધર્માનંદવિજયજી મ., શ્રી વિમલસેનવિજયજી મ., આદિ, **પાટણ** પૂ.શ્રી મણિપ્રભ-વિજયજી મ., શ્રી રાજશેખરવિજયજી મ., આદિ, **ખંભાત** પૂ.શ્રી રાજેન્દ્રવિજયજી મ., **સાબરમતી** પૂ.શ્રી ચંદ્રશેખરવિજયજી મ., **પાદરલી** પૂ.શ્રી જિતેન્દ્રવિજયજી મ., **રતલામ** પૂ.શ્રી જગચ્ચંદ્રવિજયજી મ., **ઈડર** પૂ.શ્રી લલિતશેખરવિજયજી મ., **ગઢસિવાણા** પૂ.શ્રી ગુણરત્નવિજયજી મ., **કલોલ** પૂ.શ્રી કીર્તિરત્નવિજયજી મ., **ધંધુકા** પૂ.શ્રી જયસોમવિજયજી મ., **છાણી** પૂ.શ્રી જગવલ્લભવિજયજી મ., તથા શ્રી ચંદ્રસુંદરવિજયજી મ., **દિલ્હી** પૂ.શ્રી નયરત્નવિજયજી મ., **બાવળા** પૂ.આ.શ્રી વિજયમુક્તિચંદ્રસૂરિજી મ. ના શિષ્ય પૂ.શ્રી ચંદ્રકીર્તિવિજયજી મ.સાથે પૂ.શ્રી ચિરંજયવિજયજી મ., **વિસનગર** પૂ.શ્રી વિશ્વાનંદવિજયજી મ. સાથે પૂ.આ.શ્રી વિજય મુક્તિચંદ્રસૂરિજી મ.ના શિષ્ય પૂ.શ્રી કીર્તિધનવિજયજી મહારાજ.

● **સાબરમતી :** અત્રે પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ.નો અષાઢ સુદ ૧૦ નો ભવ્ય સામૈયા સહિત ચાતુર્માસ પ્રવેશ થયો. મંગળ પ્રવચનમાં વિશાળ હોલ ચિક્કાર ભરાઈ ગયેલો. જનમેદની અધિકાધિક પ્રવચન શ્રવણનો લાભ લે એ માટે શ્રી સંઘે આંબેલખાતા આગળ વિશાળ મંડપનું નિર્માણ કર્યું છે.

● **ધુળિયા :** અત્રે પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મહારાજના ઉપદેશથી અત્રે બંને પક્ષમાં સારી શાન્તિ થઈને સુંદર વાતાવરણ સરજાયું. ધર્મ આરાધના

વધી છે. રવિવારે ચતુર્વિધ સંઘની હાજરીમાં વિદ્યાર્થીઓને અનુલક્ષીને શ્રી મહાવીર પરમાત્માનું જીવન અને જૈનધર્મ પર પ્રવચન આપેલ, એથી ઉત્સાહ વધી જતાં યુવાન વિદ્યાર્થીઓએ હવેથી દર રવિવારે કલાકને બદલે બે કલાકની માગણી કરેલ. વિદ્યાર્થીઓએ પ્રભુનાં ગુણગાન કરેલ. એમને ઈનામો અપાશે. હવે જૈનધર્મનાં ગુણગાન ગાશે.

● **ખંભાત :** અત્રે પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ ચોમાસું પધારતાં વ્યાખ્યાનમાં સૂત્ર વંચાવવાની ઉછામણી ૫૦૦૦ ટાંક અને પૂજનના ૨૫૦૦ ટાંક બોલાયા. રવિવારે ૮૫ વિદ્યાર્થીઓનું સામુદાયિક સામાયિક શરૂ થયું. એમાં મહારાજશ્રીનું પ્રવચન થતાં સિનેમાબંધ, અષ્ટપ્રકારી પૂજા, પ્રભુદર્શન વિના પાણી પણ મોંમાં ન નાખવું, બરફ-આઈસ ફ્રૂટ-આઈસ્ક્રીમના ત્યાગની બાધાઓ લેવાઈ. નોટો પેન્સીલોની પ્રભાવના થઈ. પાઠશાળામાં પણ મંદી આવી હતી તે હવે તેજી આવશે. રાત્રે નવતત્ત્વની સમજૂતી ચાલે છે.

● **સાબરમતી :** અત્રે શાસન પ્રભાવક પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજની સિંહનાદસમી દેશના ચાલુ છે. રોજ ૩૦૦૦ જેવી માનવમેદની જામે છે. રવિવારે 'રામાયણ' પર વ્યાખ્યાન બપોરે ૩ થી ૪॥ હોય છે. તેમાં ૫૦૦૦ જેવી સંખ્યા હશે. મર્યાદા માનવતા અને અસ્મિતા ઉપર વાણીનો ધોધ વરસાવેલ. એમના દિલદર્દના ઉદ્‌ગાર લોકોની આંખો આંસુભીની કરી દે છે. ચોમાસી ચૌદશનાં વ્યાખ્યાનમાં બે હાકલ કરી કે ઉપાશ્રય પ્રતિક્રમણ કરનારાથી ભરાઈ જવો જોઈએ અને જૈનોએ રાત્રિભોજન બંધ કરવા ટિફિન લઈ જવું જોઈએ. એની અસરરૂપે લગભગ ૧૦૦-૧૨૫ યુવાનો કટાસણાં ધોતિયા લઈ પ્રતિક્રમણમાં હાજર થયેલ; તથા કેટલાકોએ રાત્રિભોજન બંધ કરવા ટિફિન લઈ જવાનું શરૂ કરી દીધું છે. પૂજ્યશ્રીના જોશીલી વાણીથી ઉત્સાહિત થઈ મારવાડના ત્રણ ભાઈઓએ ચોમાસામાં પૂ. શ્રીને વંદનાર્થે આવતા બધા મહેમાનની ભક્તિ કરવાનું, તથા શાસનરક્ષા માટે ભારે ખર્ચનો લાભ લેવાનું માગી લીધું છે. ઓગસ્ટ ૧૫ મી એ અમદાવાદના જૈન યુવકોના લાભાર્થે ખાસ કાર્યક્રમ વિચારાઈ રહ્યો છે.

● અત્રે **લક્ષ્મીવર્ધક જૈન સંઘના** ઉપાશ્રયે પૂ. આચાર્યદેવશ્રી વિજયહીર-સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ. ના વ્યાખ્યાનથી સંઘમાં અષાઢ વદ ૭ રવિવારે ૪૦૦ જણાએ અરિહંત જાપની આરાધના ખીરનાં એકાસણાં સાથે કરી. આખો દિવસ ધર્મની ધામધૂમ રહી. લગભગ ૧। થી ૧॥ કરોડ જાપ થયો હશે. વ્યાખ્યાનમાં શ્રોતાઓની હાજરી સારી રહે છે.

● અત્રે **પગથિયાના ઉપાશ્રયે** કર્મસાહિત્ય નિષ્ણાત પૂ. મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મહારાજનાં તત્ત્વભર્યાં વ્યાખ્યાન ચાલી રહ્યા છે. રાતના તત્ત્વાર્થસૂત્ર પર પુરુષોને સરળ તાત્ત્વિક સમજૂતી અપાઈ રહી છે.

● **છાણી :** અત્રે પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મ.ના ઉપદેશથી સંઘમાં નવી જાગૃતિ આવી છે. શ્રાદ્ધવિધિ-પાંડવચરિત્ર સાંભળવા સારી મેદની થાય છે. પ્રતિક્રમણમાં રોજ ૩૫-૪૦ જણ આવે છે. નવકાર તપની આરાધનામાં લગભગ ૧૪૦ આરાધકો જેમાં અડધા જેવા તો પુરુષો જોડાય છે. નવે દિવસ એકેક જણ તરફથી સાધર્મિક ભક્તિ નક્કી થઈ છે.

● **વડનગર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ.નું ચોમાસું સારું જામ્યું. જૈન-જૈનેતરો મળીને રોજ નિયમિત ૪૫૦-૫૦૦ માણસોની હાજરી બપોરે ૩ થી ૪॥ વાગે વ્યાખ્યાનમાં રહે છે. રવિવારે ભારે ધસારો રહે છે. જૈનેતરો ટાઈમસર આવીને ઠેઠ સુધી એકચિત્તે સાંભળે છે. ચાતુર્માસિક નિયમોની પત્રિકાઓ છપાવેલી તેથી ૫૦૦-૬૦૦ માણસોએ સારા નિયમો લીધા. વ્યાખ્યાનમાં 'યોગદૃષ્ટિ સમુચ્ચય અને સમરાઈચ્ચકહા' વંચાય છે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૧,અંક-૪૪,તા.૪-૮-૧૯૭૩**

● **માલેગામ :** અત્રે પૂ. આગમપ્રજ્ઞ આચાર્યદેવશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજને અષાઢ સુદ ૧૦ રાત્રે અચાનક તબીયત ગંભીર બગડી, ૩ વાર ઝાડા ઊલટીમાં લોહી પડ્યું. માલેગામના સેવાભાવી ડૉક્ટરો તરત સેવામાં લાગી ગયા. એમનું કહેવું થયું કે હાર્ટમાં બગાડ થવાથી અને પ્રેશર વધી જવાથી આંતરડાની નસોમાંથી લોહી પડ્યું, પરંતુ એથી હાર્ટએટેકથી બચી ગયા. ચાંપતા ઈલાજ અને સારી સારવારથી હવે ત્રીજા કાર્ડિયોગ્રામે સુધારો જણાય છે. હાલ પૂર્ણ આરામમાં છે.

● **ખંભાત :** અહીં જૈનશાળામાં પૂ.મુ. શ્રી રાજેન્દ્રવિજયજી મ.ના ઉપદેશથી ૧૬૧ જણે સાતસૌખ્ય મોક્ષતપની આરાધના ઉલ્લાસભેર કરી. એમાં ૭ થી ૯ વર્ષના બાળકો પણ ૭ એકાસણા ઉપર ઉપવાસ કરી જોડાયેલા. રોજ સ્નાત્ર સમૂહ-ચૈત્ય-વંદન ખમાસમણાવિધિ થતો. બે દિવસ એકાસણ થી સાધર્મિકભક્તિ થઈ. રાતના નવતત્ત્વની સમજ અપાય છે. રવિવારે સામાયિકમાં ૧૨૦ બાળકો જોડાયા છે. લોકોની બહુ માગણીથી શનિવારે તત્ત્વજ્ઞાન પર પ્રવચન આપવાનું નક્કી થયું છે. આ માટે જીવનું મૂળવિકૃત સ્વરૂપ, ૮ કર્મ, ૧૪ રાજલોક-વિશ્વદર્શન, તથા

નિગોદથી મોક્ષ સુધીના વિકાસક્રમના મોટા નકશા તૈયાર કરાવવામાં આવ્યા છે. ચાતુર્માસિક નિયમાવલિ કાર્ડ પરથી નિયમો થયા છે.

● **કલોલ :** અત્રે પૂ. મુનિરાજશ્રી કીર્તિરત્નવિજયજી મ. ના ઉપદેશથી સંઘમાં શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમ સાથે આરાધના થઈ. એમને ૨૦-૨૫ જણ તરફથી પ્રભાવના થઈ. વ્યાખ્યાન પૂર્વે ૮ થી ૮॥ તત્ત્વાર્થ પર સમજ અને રાત્રે ભરતેશ્વરવૃત્તિ ચરિત્રો પર માત્ર પુરુષોને બોધ અપાય છે. લોકોને ઉલ્લાસ બહુ છે.

● **ગઢસીવાણા :** અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં સંઘમાં શ્રા.સુ. ૩-૪-૫ સીમંધર ભગવાનના અઠ્ઠમની આરાધના સુંદર થઈ. તા. ૫-૮-૭૩ થી ૪-૧૧-૭૩ સુધી માટે વિદ્યાર્થીઓને દર રવિવારે તથા દિવાળી રજાના દિવસોમાં બપોરે ૧ થી ૫ વાગ્યા સુધીમાં, (૧) આત્મા શું છે ? (૨) ભગવાન કેવી રીતે બની શકીએ ? (૩) ધ્યાનથી શા લાભ થાય ? (૪) કર્મ શું છે ? (૫) જીવનમાં સુખી કેમ બનાય ? (૬) જૈન ઈતિહાસ શું છે ? (૭) પ્રતિક્રમણ સૂત્રોનાં રહસ્ય. એ વિષયો પર પ્રવચનો અપાવાનું નક્કી થયું છે.

● **પાટણ :** પૂ. તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ. તથા મુનિશ્રી રાજશેખરવિજયજી મ. આદિ અત્રે પધારવાથી ધર્મ આરાધનામાં જોમ આવેલ છે. રોજ ૮ થી ૧૦ પૌષધ તેમજ ૬૦ થી ૭૦ આરાધકો પ્રતિક્રમણમાં આવે છે. રોજ પ્રભાવના ચાલુ છે. વ્યાખ્યાનમાં આચારાંગસૂત્ર તથા શ્રી વિક્રમચરિત્ર વંચાય છે, તેમજ રોજ સાંજે ૧૦૦-૧૨૫ છોકરા ધાર્મિક શિક્ષણ લઈ રહ્યા છે. દર રવિવારે બપોરે સામાયિક થાય છે. પેંડા તથા ચેવડાની પ્રભાવના ચાલુ છે. વિદ્યાર્થીઓને પ્રભાવના શ્રી નંદલાલભાઈ લહેરચંદ તરફથી અપાય છે.

● **ધુલિયા :** અત્રે બે પક્ષ નથી પણ સાધુ-સાધ્વીજીને ઊતરવાની બાબતમાં સગવડ અગવડની દૃષ્ટિએ બે વિચાર ધારાઓ હતી. તેનો નિર્ણય સૌએ સાથે બેસી સારી રીતે કર્યો હતો. વ્યાખ્યાનમાં સારો જનસમૂહ લાભ લે છે. નવકારમંત્રની આરાધનાનો ઉમંગ જાગ્યો છે. તે શરૂ થશે. બેનોમાં સાધ્વીશ્રી મહેન્દ્રપ્રભાશ્રીજીના ઉપદેશથી રત્નત્રયીના અઠ્ઠમ સારી સંખ્યામાં થયેલા.

● **જામનગર :** અત્રે શ્રી વીશાશ્રીમાળી તપગચ્છજ્ઞાતિ, શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, શ્રી ઓસવાલ જૈન સમાજ શ્રી હાલારી વીશા ઓસવાલ જૈન સમાજ, દિગ્વિજય પ્લોટ. સ્થા. જૈન સંઘ તથા વીરસૈનિકદળ તરફથી પૂ.આ. શ્રી વિજય વિનયચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં યોજાયેલ વિશાળ સભામાં ઠરાવ કરવામાં આવ્યો કે તીર્થંકર ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ભક્તિના નામે ૨૫૦૦ મી નિર્વાણ દિનની ઉજવણી ભૌતિકવાદી ધોરણે ભારત સરકાર અને કેટલાક જૈનોની જૈન સંઘની સંમતિ તથા ધાર્મિક ધોરણ વગરની બનેલી સમિતિ તરફથી થનાર છે. તે ઉજવણી અમારા જૈન ધર્મમાં સીધો હસ્તક્ષેપ કરનાર છે, અને એથી અમારા ધર્મની ઘોર આશાતના થઈ રહી છે. આથી અમે તેનો સખત વિરોધ કરીએ છીએ... આ નિમિત્તે જે કલા કારીગીરી, વનસ્થળી, બાલકેન્દ્રો, ગ્રામ્ય લાયબ્રેરી, સ્કોલરોનું ઉત્પાદન, ટેલીવીઝન વગેરે જે કાંઈ કરવાનું તે બધું અમારા શાસ્ત્રથી તદ્દન વિરુદ્ધ છે. કેમકે જ્યાં મોક્ષમાર્ગનો અભિલાષ નથી ત્યાં વાસ્તવિક ધર્મ નથી...માટે આ ઉજવણી સદંતર બંધ રાખવા અમો ભારત સરકારને ભલામણ કરીએ છીએ કેમકે ભારત સરકાર કોઈપણ ધર્મમાં હરગીઝ પ્રવેશ કરી શકે નહિ.

● **કલોલ :** અત્રે પૂ.મુ. શ્રી કીર્તિરત્ન વિજયજી મ.ની નિશ્રામાં ચૌદ પૂર્વનો તપ ૮૪ જણાંએ કર્યો. પૂજા ભાવના રાત્રિજાગરણ આદિ સારું થયું. તપસ્વીઓનાં બહુમાનમાં દરેકને રૂા. ૧૪ ની ૩૩ પ્રભાવના થઈ. શ્રા. સુ. ૧૪ બહારથી બે સુંદર પાષાણના જિનબિંબોનો નગર પ્રવેશ ભવ્ય વરઘોડો-રાત્રિજાગરણ પ્રભાવનાની ધામધૂમથી થયો.

● **ખંભાત :** અત્રે પૂ. મુ. શ્રી રાજેન્દ્રવિજયજી મ. ના ઉપદેશથી શ્રા. સુ. ૪ થી ૯૦ બાળકો સાંજે ૬॥ થી પ્રતિક્રમણમાં જોડાયા છે. પછી ૭॥ થી ૮॥ પાઠશાળા ભરે છે. ૨૦-૨૨ વિદ્યાર્થીઓ બેસણાં કરે છે. પ્રતિક્રમણમાં સૂત્ર બોલીમાં સામાયિક બેસણાં બોલે છે. રોજ ૧૦ ન. પૈ.ની પ્રભાવના થાય છે.

● **અમદાવાદ :** અત્રે લક્ષ્મીવર્ધક જૈન સંઘના ઉપાશ્રયે પૂ. આચાર્યદેવની વિજય માનદેવસૂરિજી મ. તથા પૂ. આ. શ્રી વિજય હીરસૂરિજી મ. તથા પૂ. આ. **શ્રી વિજયભુવનભાનુસૂરિજી** મહારાજની નિશ્રામાં નૂતન દેરાસર માટે શેઠ શ્રી કવરલાલ હીરાલાલ તરફથી બે ભગવાનના સુંદર બિંબોનો ધામધૂમથી પ્રવેશ કરવામાં

આવ્યો હતો. એ પૂર્વે પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે પ્રતિષ્ઠિત થયેલ એ ભવ્ય બિંબોને સ્વાગત વરઘોડા સાથે શ્રી કવરલાલે પોતાને ત્યાં પધરામણી કરાવી અને ત્યાં પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરિજી મહારાજના મંગળ પ્રવચન બાદ શ્રી સકલ સંઘનું તેમને પૂજન કરેલ. શ્રી સંઘ તરફથી પ્રભુજીના પ્રવેશ વરઘોડા નિમિત્તે ઉછામણી રૂા. ૯૦૦૦ ઉપર થયેલ. પ્રવેશ વરઘોડામાં વહેલી સવારે પણ સાજન વિશાળ સંખ્યામાં હતું. બે રથમાં પ્રભુજી, એક હાથી પર પ્રભુજી તથા સંઘમાં થયેલ ૧૬૦ અઠ્ઠમ નિમિત્તે શ્રી સીમંધર ભગવાનનો ફોટો, બે બેન્ડ, તથા ૬ શણગારેલી બગીઓ અને પૂ. આચાર્યદેવાદિ મુનિભગવંતોથી શાસન શોભા સુંદર થઈ. પ્રભુજીને પધરાવ્યા બાદ પ્રવચન થયું. બાદ લાડુની પ્રભાવના થઈ. અઠ્ઠમના પારણા શ્રી મનુભાઈ કલ્યાણભાઈ રાવ તરફથી કરાવવામાં આવ્યા અને વીસ-વિહરમાન ભગવાનની પૂજા રાખવામાં આવી.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૨૨,અંક-૧,તા.૮-૯-૧૯૭૩

નૂતન વર્ષના પ્રારંભે

'દિવ્ય-દર્શન' સાપ્તાહિક ઈ.સ. ૧૯૭૩ના સપ્ટેમ્બર માસથી ૨૨ મા વર્ષમાં મંગળ પ્રવેશ કરે છે; એ જણાવતાં અમને ખૂબ જ હર્ષ થાય છે. વિશેષ હર્ષ તો એ વાતનો છે કે ભવ્યાત્માઓને દિવ્ય-દર્શને આજના અતિ વિષમકાળની ચિંતા-સંતાપ અને હાયવોયથી બચાવી શુભ ભાવમાં જે ઝીલતા કર્યા, એમાં એક પુણ્ય નિમિત્ત થવાનો અમને લાભ મળ્યો. વળી વ્યવહારમાં કહેવાય છે 'સોળે સાન, વીસે વાન'. વીસ વર્ષની ઉંમરે શરીરની વાન પુખ્ત અવસ્થાએ પહોંચી જાય છે, પરંતુ દિવ્ય-દર્શનનો જીવન-ઈતિહાસ જોતાં એમ લાગે છે કે આજસુધી દિવ્ય-દર્શન જે ઉત્તરોત્તર પ્રગતિ કરી રહ્યું છે, એની પુખ્તતા એટલે કે પ્રગતિની ચરમ સીમા; દિવ્ય-દર્શનની વીસી વીતવા છતાં હજી આવી નથી. મતલબ, પ્રગતિ હજી વધતી જ છે.

એના કેટલાક દૃષ્ટાંતમાં, અમને એક નવા જ ગ્રાહકબંધુ મળ્યા, એમના મિત્રે દિવ્ય-દર્શન બંધાવેલું. તેઓ કહે કે 'દિવ્ય-દર્શન વાંચતાં પ્રત્યેકને એટલો બધો રસ આવે છે કે એનો અંક હું દસ વાર વાંચું છું.'...! વળી પૂ. આચાર્યભગવંત પાસે સ્થાનકવાસી સાધ્વીઓ આવેલા. એ કહે કે સૌરાષ્ટ્રમાં અમારા ગુરુણી મહારાજ

સાધ્વીઓને એક વાચના શાસ્ત્રની આપે છે. ને બીજી વાચના દિવ્ય-દર્શનની આપે છે. બહારગામથી એક બ્રાહ્મણ શિક્ષિકાબેન આવેલા તે કહે (મને તથા મારા બા-બાપુજીને) તો પૂ.શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ સાહેબે સુરેન્દ્રનગરના ચોમાસામાં તત્ત્વવાણી સંભળાવી જૈન ધર્મ એવો સમજાવ્યો કે અમને લાગ્યું કે અમે ઘોર અંધારામાંથી બહાર પ્રકાશમાં આવ્યા. અને એ પછી એમના ઉપદેશથી દિવ્ય-દર્શન વાંચીએ છીએ એમાં અનહદ આનંદ આવે છે.'...

આ તો જાણવામાં આવેલા કેટલાક દૃષ્ટાંત; બાકી દેશ-પરદેશમાં તો કોને ખબર દિવ્ય-દર્શન કેવા કેવા ય આત્માને અજવાળાં પાથરી રહ્યું હશે ?

ગત વર્ષમાં દિવ્ય-દર્શનમાં મહાસતી ઋષિદત્તાનું ચરિત્ર પૂર્ણ થયું. એણે એવી આકર્ષક ધર્મસુવાસ પ્રસારી દીધી કે એવી માગણી આવી કે 'દિવ્ય-દર્શનમાં આવેલ આ આખું ય ચરિત્ર પુસ્તકાકારે પ્રગટ કરો. 'નહિ જાણેલું અને ખૂબ જ રોચક તથા બોધક નવી જ ભાતનું ચરિત્ર છે.' બાકી 'શાંતસુધારસભાવના' પરનાં વિવેચન પ્રગટ થયાં અને થઈ રહ્યાં છે, તે વાચકોને સંસાર-તપ્ત કલેજે સમતા-સમાધિની મહા ઠંડક સાથે અદ્‌ભુત તત્ત્વબોધ આપી રહેલ છે. વાચકો નવા વાંચક વધારશે તો એ ભાગ્યશાળીઓને આ સમતા-સમાધિના અને અદ્‌ભુત તત્ત્વબોધનો અનુપમ લાભ કરાવનારા બનશે. **— તંત્રી**

"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૨૨,અંક-૨,તા.૧૫-૯-૧૯૭૩

● **વડનગર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ.ની નિશ્રામાં મહાપર્વમાં સિદ્ધિતપ, અઠ્ઠાઈઓ, વગેરે સુંદર આરાધના થઈ. સ્વપ્નાની ઉપજ દર સાલ કરતાં ૯-૧૦ ગુણી થઈ. કલ્પસૂત્ર-બારસાસૂત્રની બોલીઓ પણ વૃદ્ધો કહે છે છેલ્લા ૫૦-૧૦૦ વરસમાં નહિ થઈ હોય એવી થઈ. શ્રી ચંદુલાલ ચુનીલાલ શાહ તરફથી સકલ સંઘને પારણાં કરાવામાં શ્રી બાબુલાલ જી. શાહ અને એમના મામા અંબાલાલભાઈ તરફથી નવકારશી નક્કી થઈ. અઠ્ઠાઈ ને ઉપરના તપસ્વીને દરેકને લગભગ રૂા. ૧૦૦ ની પ્રભાવના થઈ. જૈનો ઉપરાંત જૈનેતરો વ્યાખ્યાનમાં બહુ લાભ લઈ રહ્યા છે.

● **ઈડર :** પૂ. મુનિરાજશ્રી લલિતશેખરવિજયજી મ.ના ઉપદેશથી અત્રે પંચરંગી તપ ૨૩ પુરુષો ૪૭ બેનોએ કર્યો. વરઘોડો પારણાં સુંદર થયાં, પછી સ્વસ્તિકતપમાં ૫૧, અક્ષયનિધિમાં ૧૧૫, સમોસરણ તપમાં ૪૪ જોડાયા. પર્યુષણાં

ભવ્ય ઉજવાયાં, ૧૦-૮ વગેરે ઉપવાસો, ૩૭ ચોસઠપહોરી પોષધ, ઉપજો વગેરે સુંદર થયું. ધર્મનો રંગ સુંદર જામ્યો. આમાં પૂ. સ્વ. આચાર્ય ભગવંતશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.ના સમુદાયના વિદ્વાન સાધ્વીજી શ્રી સુવ્રતાશ્રીજી મહારાજની બેનોને ભવ્ય પ્રેરણા મળતી રહી.

● **(અમદાવાદ) ઉસમાનપુરા :** અત્રે **પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરિજી** મ.ની નિશ્રામાં મહાપર્વની આરાધના વિશેષ રૂપે થઈ. ૨૮ ચોસઠપહોરી પોષધ પણ હતા. બપોરના પણ વ્યાખ્યાનમાં અને રાતના પ્રતિક્રમણમાં આ વખતે ભરચક હાજરી રહી. આંબેલ ખાતામાં રૂા. ૨૦,૦૦૦, પાઠશાળા ખાતે રૂા. ૧૫,૦૦૦ વગેરે કુલ રૂા. ૬૦,૦૦૦ ની ઉપજ થઈ. છેલ્લા ૩ વરસથી બંધ પડેલ પાઠશાળા હવે અનેક ધાર્મિક અંગોનાં શિક્ષણ સાથે શરૂ થવાનું નક્કી થયું છે. પટ્ટાવલિનાં વ્યાખ્યાનમાં પૂ.મુ. શ્રી રત્નસુંદરવિજયજી મહારાજે ૭૫ પાટ પરંપરા પણ વર્ણવતાં છેલ્લે સ્વ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનાં સંયમાદિ ગુણ અને જીવોદ્ધારાદિ ઉપકારોનું વર્ણન કરતાં કરતાં આખી સભા આવા ઉપકારીના વિરહથી રોઈ રહી હતી.

● **ઈડર :** અત્રે પૂ. મુનિરાજશ્રી લલિતશેખરવિજયજી મહારાજની નિશ્રામાં મહાપર્વ સંઘમાં સારાં ઉજવાયાં. ચોમાસામાં પંચરંગી તપ ૭૦, સમોસરણતપ ૭૫, વગેરે ઉપરાંત ૧૬-૮-૫-૪-૩ ઉપવાસો પણ થયા. લતાબહેને નાની ઉંમરમાં પાંચ ઉપવાસ કરેલ હોવાથી એમના પિતાજી રમણલાલ ચંદુલાલ તરફથી સંઘપૂજન થયું.

● **રતલામ :** પૂ.મુ. શ્રી જગચ્ચંદ્રવિજયજી મ.ની નિશ્રામાં સંઘમાં શ્રેણિતપ-૧૪ પૂર્વતપ-અક્ષાઈઓ ૧૦ ઉપવાસ વગેરે સુંદર થયું. ૧૧૧ ચોસઠપહોરી પોસહ થયા.

● **મુંબઈ :** અત્રે મહાપર્વમાં જુદા જુદા સ્થળે સ્વપ્નની ઉછરામણીઓનો રેકર્ડ જામ્યો હતો. સાયનમાં ૫૦,૦૦૦ મણ, શ્રીપાલનગર ૩૨,૪૦૦ મણ, વાલકેશ્વર મોટા દેરાસર ૨૬,૦૦૦ મણ, લાલબાગ ભુલેશ્વર ૧૧,૦૦૦ મણ, દાદર ૯,૦૦૦ મણ ઘી થયેલ.

● **નડિયાદ :** અત્રે પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણ પર્વમાં ૨ સિદ્ધિતપ, ૧/૧૬, ૨/૧૦, ૨/૯, ૭/૨ આદિ તપશ્ચર્યા સારી થઈ. દેવદ્રવ્યની બોલી ડબલ થયેલ. પાઠશાળા અંગે ફાળો સારો થયો. પર્યુષણમાં સંઘે ખૂબ જ શાંતિપૂર્વક આરાધના કરી.

● **ધંધુકા :** અત્રે પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મ.ની આંબેલ ૬૯મી ઓળી નિમિત્તે સંઘમાં ૧-૧ હજાર આંબેલ સામાયિક, તથા ૨ હજાર માળા ને ૩ દિવસ પૂજા આંગી થયાં, અને સંઘ પ્રમુખ તરફથી વાજતે ગાજતે સંઘનાં પગલાં કરાવાયાં. આંબેલખાતું ચાલુ કરેલ હોઈ આંબેલો સારાં થયાં. પર્યુષણા સારા ઉજવાયેલ.

● **છાણી :** અત્રે પૂ. મુનિરાજશ્રી જગવલ્લભ વિજયજી મ.ની નિશ્રામાં મહાપર્વમાં સુંદર તપસ્યાઓ, ૬૪ પહોરી પોષધ, ઉપજ વગેરે સારું થયું. એમને પ્રભાવનામાં ચરવળો-આસન-પૂજાની જર્મન રકાબી-દીવી-અગરબત્તી-શ્રીફળ પૂજાની જોડ-ચાંદીની વાટકી - રોકડો રૂા. વગેરે અપાયાં. વરઘોડો શાનદાર નીકળ્યો. પૂજાના કપડામાં ૫૬ દિક્કુમારી, ૬૪ ઈન્દ્ર, પ્રભુના ૩૪ અતિશયના ૩૪ બેડાવાળી બેનો, ૮-૮ કળશ-દીપક-ચામર-પંખા-દર્પણ વગેરે, નિશાનડંકાની ઊંટ ગાડી, ઘોડા, બેન્ડપાર્ટી, રથ વગેરેથી રોનક ખૂબ આવી. એમાં રથ ખેંચવા ભક્તોમાં પડાપડી થતી હતી. ને સૌથી પાછળ પહેલી જ વાર વરસીદાનની ગાડીમાંથી છૂટે હાથે દાન દેવાતું હતું. જૈનેતરોમાં સારી પ્રભાવના થઈ. કહે છે કે છેલ્લા ૫૦ વરસોમાં આવો વરઘોડો નહિ ચડ્યો હોય આમાં બાળકો અને યુવકોની ખાસ મહેનત હતી.

● **ઈંદોર :** અત્રે શાંતિનગર કોલોનીમાં પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્ત વિજયજી મ.ની નિશ્રામાં સકલ સંઘે પર્યુષણા ખૂબ ઉલ્લાસથી ઊજવ્યાં. તપસ્યાઓ સુંદર થઈ. વીરજન્મ વાંચનમાં ૫-૬ હજારની મેદની હતી. સાંવત્સરિક પ્રતિક્રમણમાં હજાર પુરુષોએ પ્રતિક્રમણ કર્યું. ૩૫૦ સ્ત્રીપુરુષોના પૌષધ હતા. તપસ્વીઓનાં સામુદાયિક પારણાં થયાં. આસોમાં ભવ્ય મહોત્સવ નક્કી થયો. પર્યુષણમાં ૬૦૦૦ મણ દેવદ્રવ્યની તથા ૧૦૦૦ મણ જેટલી જ્ઞાનદ્રવ્યની ઉપજ થઈ. કાર્યસમિતિ મોટા ઉપાશ્રયે જતીને લાવેલ ત્યાં પચાસેક જણ લાભ લેતા.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૨,અંક-૩,તા.૨૨-૯-૧૯૭૩**

● **કલકત્તા :** પૂ.પાદ આચાર્યભગવંત લબ્ધિ સૂ.મ.ના પટ્ટપ્રભાવકો પૂ.પા. આ.દે. જયંતસૂ. મ. પૂ.પા. આ.દેવ તીર્થપ્રભાવક વિક્રમ સૂ.મ. તથા પૂ.પા.આ. દેવ નવીન સૂ.મ.ની પુનિત નિશ્રામાં શ્રી કલકત્તા મહાનગરથી શ્રી **સિદ્ધાચલ મહાતીર્થ છ'રી'પાલિત મહાસંઘયાત્રા**ના મંગલ મુહૂર્તે જાહેર ઉદ્ઘોષણા.

બે દિવસથી કલકત્તા ૯૬ નં. કેનિંગસ્ટ્રીટના ઉપાશ્રયમાં પૂ.પા.

આચાર્યભગવંતની - પુનિતનિશ્રામાં અનેક વાટાઘાટો શાસનપ્રેમીઓ કરી રહ્યા હતા. સૌના મુખ્ય પરની રેખાઓ જરૂર હૃદયના ભાવો વ્યક્ત કરતી હતી. પણ વાચાને હજી હુકમ મળ્યો ન હતો. શહેરના પ્રત્યેક મંદિરના બોર્ડ પર જાહેરાત થઈ હતી કે ભા.સુ. ૧૨ રવિવારના મંગલ દિને ભાવિ સંઘપતિઓ તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવવામાં આવશે. અને પૂજનની મધ્યમાં "શ્રી સિદ્ધાચલ મહાતીર્થ છ'રી' પાલિત મહાસંઘ યાત્રા"ના મુહૂર્તની જાહેર ઉદ્‌ઘોષણા કરવામાં આવશે. તેથી સકલ સંઘને પધારવા ભાવભર્યું હાર્દિક આમંત્રણ છે.

યોગાનુયોગ ભા.સુ. ૧૨ રવિવારથી પર્યુષણાની તપશ્ચર્યા નિમિત્તે શાંતિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવ પણ પ્રારંભ થવાનો હતો. પ્રભાતના મંગલ સમયે કાંતિભાઈ માસ્તર વગેરેએ કુંભ સ્થાપન અખંડ દીપક જવારારોપણની વિધિ કરાવી. ત્યાર બાદ સિદ્ધચક્ર મહાપૂજનનો મંગલ પ્રારંભ નેમચંદભાઈ સલોત અને નટવરભાઈ શાહે કરાવ્યો. પૂજનના પ્રારંભથી જનતાની હાજરી નોંધપાત્ર હતી. સૌને ઉત્સુકતા હતી ઉદ્‌ઘોષણા સાંભળવાની. અરિહંતપદનું ભાવવાહી પૂજન થયું. અને સંઘના શાસનપ્રેમી કાર્યકર વજુભાઈ દોશીએ આજના કાર્યક્રમની રૂપરેખા આપી. ત્યારબાદ ભાવિ સંઘપતિઓએ જિનેશ્વર ભગવાનને લળી લળીને નમસ્કાર કર્યા અનેક મંગલ કર્યા. મંગલ અને ભાવોલ્લાસપૂર્વક સંઘપતિઓએ પૂ. ગુરુદેવને વિનંતી કરી.

'પૂજ્યશ્રીઓ ! અહીંથી શ્રી સિદ્ધાચલજી મહાતીર્થનો છ'રી પાલિત સંઘ કાઢવાની અમારી ભાવના છે. આપ અમારા નિશ્રાદાતા બનો અને સંઘ પ્રયાણના શુભ મુહૂર્ત આપો,'

પૂ.પા. ગુરુદેવે કહ્યું, 'તમારી ભાવના, શાસનનું મહાન કાર્ય, અમને સંયમના સુવિશુદ્ધપાલન પૂર્વક યાત્રા થતી હોવાથી તમારી વિનંતી સ્વીકાર્ય છે. સંઘ પ્રયાણનું મંગલ મુહૂર્ત વિ.સં. ૨૦૩૦ના કા.વ. ૩ તા. ૧૩-૧૧-૭૩ ના મંગલ દિને સૂર્યોદય પહેલાનું છે. તે મુહૂર્તોના પ્રત્યેક યોગનક્ષત્રો કેવી રીતે લાભદાયક છે તે સમજાવ્યું અને બાદમાં ખાસ કહ્યું આ સંઘ પ્રયાણ મુહૂર્તમાં પ્રયાણ બાદ સૂર્યોદય છે અને સૂર્ય વિકસિત થશે તેમ આ સંઘ બાદ પણ શાસનનો મહાન અભ્યુદય અને ઉન્નતિ થશે.

સંઘપતિઓને ખાસ કહ્યું તમે હવે શાસનના બન્યા. શાસનના બન્યા એટલે સૌ સન્માન કરશે પણ આ માન-સન્માન વ્યક્તિગત ન બનાવશો. સંઘનો પ્રારંભ કરવાનું પુણ્ય તમારું છે પણ સંઘ શાસનનો છે. શાસનના મહાન પ્રભાવે આવા ભવ્ય સંઘની આજે જાહેર ઉદ્‌ઘોષણા થઈ રહી છે. સંઘ દ્વારા ખૂબ ખૂબ શાસન પ્રભાવના કરો.

'જય સિદ્ધાચલ', 'જય સિદ્ધાચલ'ના પવિત્ર નાદોએ વાતાવરણને દિવ્ય બનાવી દીધું. સૌની સમક્ષ સિદ્ધાચલના ભવ્ય દશ્યો ખડા થવા લાગ્યા. ત્યાં તો સિકન્દરાબાદ સંઘના ઉત્સાહી પ્રમુખ અને આ મહાન સંઘના સંયોજક રાજેન્દ્રભાઈ દલાલ ઊભા થયા... 'જિન શાસન કી જે' દ્વારા વાતાવરણમાં એક અલૌકિકતા સર્જાઈ અને તેમને તેમના વક્તવ્યની શરૂઆત કરતાં તેઓની જોશીલી તથા ભાવવાહી શૈલીમાં પૂ.પા. ગુરુદેવ વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.ના નામમાં કેવી લબ્ધિ છે ! જયંત-વિક્રમ નવીન શાસનમાં કેવી રીતે નવીન વિક્રમ જય કરી રહ્યા છે તે કહેતાં સિકન્દરાબાદથી સમેતશિખર મહાતીર્થ છ'રી, પાલિત સંઘના પ્રયાણ સમયે પૂ. ગુરુદેવે સિકન્દરાબાદ સંઘની પૌષધશાળામાં કહેલ દિવ્ય વાણીને યાદ કરી પૂજ્યશ્રીએ સમેતશિખરના સંઘપતિઓ શાસનના અનેક પ્રેમીઓમાં શ્રદ્ધા, સાહસ અને ધૈર્ય પેદા કરશે. આ સંઘની સફળતા તથા મંગલ એ જ છે કે આજે દક્ષિણમાંથી પૂર્વમાં સમેતશિખર જઈ રહ્યા છીએ અને કલકત્તાથી પૂર્વમાંથી પશ્ચિમ સિદ્ધાચલનો મહાસંઘ નીકળશે. સાચે એ સમેતશિખરનો સંઘ શાસનઉદ્યોતકાળનો અરુણોદય હતો. સિદ્ધાચલનો મહાસંઘ શાસનઉદ્યોતકાળનો સૂર્યોદય બનશે.

સાચે આ પ્રસંગ ગયા સંઘના સંઘપતિ છલાણીજી ધોકાજી અને મખાનાજીનું ભવ્ય વ્યક્તિત્વ મારી સમક્ષ થાય છે. તેમને તેઓના વ્યક્તિત્વને ખૂબ સુંદર ભાષામાં કહ્યું. ત્યાર બાદ સિદ્ધાચલ મહાતીર્થના ભાવિ સંઘપતિઓનો અનુમોદક-રોચક તેમજ રોમાંચકારક પરિચય આપ્યો. જે પરિચય સાંભળતા હજારો આંખો હર્ષાશ્રુથી છલકાઈ ગઈ.

ધન્ય શાસન ! ધન્ય શાસન પ્રેમીઓ ! કહેતા વાણી આનંદિત બની ગઈ. સાથે કલકત્તાના કાંકરિયા પરિવારની શાસન સેવાને પણ અપૂર્વભાવે બિરદાવી. ત્યારબાદ ભવાનીપુર સંઘના ભાવુક પ્રમુખ મણિલાલ વનમાળીદાસ શેઠે પોતાની શાંત અને ઐતિહાસિક શૈલીમાં આજના પ્રસંગને બિરદાવતાં કહ્યું. મારા વાંચન શ્રવણમાં ૧૦૦૦ વર્ષમાં આવો દીર્ઘ સંઘ મેં વાંચ્યો નથી. ખરેખર ગુરુદેવના પદાર્પણે કલકત્તામાં શું થયું નથી ? આ શાસન પ્રભાવક પ્રસંગને કહેવા શબ્દો નથી. હૃદયના ભાવો છે. સંઘ ખૂબ શાસનપ્રભાવક બનો એ મારી અંતરની અભિલાષા છે. પછી ૯૬ કેનિંગ સ્ટ્રીટ સંઘવતી વજુભાઈ દોશીએ ખૂબ સુંદર અનુમોદન કરતાં કહ્યું. "જિનશાસનમાં" થતી આ મહાન શાસનપ્રભાવનાનું મંગલકાર્ય આપણે આંગણેથી થશે. આ ધન્ય પ્રસંગ આપણને જોવા મળશે. અને આપણા ભાગ્યની ખરેખર અનુમોદના કરવી જોઈએ. રાજેન્દ્રભાઈએ સંઘપતિઓનો પરિચય આપી સૌને મંત્રમુગ્ધ કરી દીધા છે. સંઘપતિઓના શાસનપ્રેમે કમાલ કરી છે. પણ

આવા મહાન શાસનપ્રભાવક ગુરુદેવના ઉપદેશમાં જ શાસનનું જોમ ખમીર પેદા કરવાનું બળ છે. તે પૂજ્યશ્રીના ઉપદેશશ્રવણ બાદ આપણે સૌએ અનુભવેલ છે. હવે હું સકલસંઘવતી પૂ.મુ. રાજયશવિજયજી મ.ને વિનંતી કરું છું. અમારામાં શાસનનો નાદ જગાવો. કલકત્તા જૈનસંઘના સેવાભાવી કાર્યકર શ્રી નથમલજી રામપુરીયા વતી અંદરજી મહેતાએ સંઘને અભિનંદ્યો.

પૂ.મુનિ રાજયશવિજય મ. કહ્યું, સંઘશાસનનો તો શાસનપ્રેમી પ્રત્યેકનું કર્તવ્ય શાસનના મંગલમાં આપણાં સાદ પુરાવો... સંઘપતિઓએ શાસનના મંગલગીતો શરૂ કર્યા છે. તાલી પાડનાર અનુમોદકો આપોઆપ આવી જશે. બોલાવવા નહિ જવા પડે. સંઘપતિઓ ! રાજામહારાજાઓથી પણ અધિક તમારા સત્કાર થશે. પણ યાદ રાખજો "કાર ભાર છે પણ ભાવ દ્વારા શાસનનો જય જયકાર" શું શાસનમાં ભાવિક આટલા જ હતાં. આનાથી પણ અધિક ભાવિક હશે. પણ હિંમત સાહસના અભાવે કાર્ય ન કરી શક્યા. કલકત્તાવાસીઓ ! સંઘ અહીંથી પ્રયાણ કરશે. પણ સૂર્ય તો રોજ કલકત્તાવાળા મોકલશે. સૂર્ય સાથે તમારો શુભાશાનો સંદેશો આવશે. પણ સૂર્યના પહેલા દર્શન કરનાર શાસનના કોઈ મહાન કાર્યના મનોરથ કરો. જો પૂર્વથી પશ્ચિમમાં જતી આ સિદ્ધાચલ મહાતીર્થ મહાસંઘયાત્રા શાસનપ્રભાવનાનો સૂર્યોદય છે. તો તમે આજે મધ્યાહ્ન કાળ માટે કોઈ સત્ય સંકલ્પ કરો. સત્ય સંકલ્પ સિદ્ધ થશે. શાસનની જયપતાકા કરવા એક વર્ષ નહિ. બે વર્ષ નહિ ત્રણ વર્ષનો ભારતભરના સમસ્ત તીર્થોનો છ'રી પાલિત સંઘ કાઢો. પછી જુઓ કેવો શાસન પ્રભાવનાનો મધ્યાહ્ન કાળ થાય છે. સંકલ્પ કલ્પના માણસ પોતાના દિલથી મહાન કરી શકતો નથી. કલ્પનામાં દરિદ્ર ન બનો. હવે શાસનના મંગલનાદ વિશ્વવ્યાપી બનાવો.

ત્યારબાદ અનુમોદકોની પડાપડી થવા લાગી. ૯૬ નં. કેનિંગસ્ટ્રીટ સંઘ તરફથી શાંત સ્વભાવી પ્રમુખ ગિરધરભાઈ વગેરેએ, ભવાનીપુર જૈનસંઘ તરફથી. પ્રમુખ મણિભાઈ વગેરેએ કલકત્તા જૈનસંઘ તરફથી, ભૈરવદાનજી સુરાણા વગેરે સદ્‌ગૃહસ્થોએ, મહાવીર મહિલામંડળે પાર્શ્વજિનમહિલા મંડળે ભાવિસંઘપતિઓના શાસનપ્રભાવક કાંકરીયા પરિવારના તથા સંઘસંયોજક રાજેન્દ્રભાઈના ફૂલહાર શ્રીફળ રૂપાનાણા દ્વારા હાર્દિક સ્વાગત કર્યા. સંઘનાયક સૂરિદેવ તથા ભાવિ સંઘપતિઓ તેમજ કાંકરીયા દંપતી તથા રાજેન્દ્રભાઈ દલાલે સિદ્ધાષ્ટિયકથી યુક્ત સિદ્ધચક્રયંત્રને મહામંગલકારી પ્રદક્ષિણા કરી. જિનેશ્વરના ચરણકમલોમાં ફરી ફરી નમ્ર વિનંતી કરી. આજના સિદ્ધચક્ર મહાપૂજનમાં શહેરના પ્રત્યેક ધર્મસ્થાનના પ્રતિષ્ઠિત ધર્મપ્રેમીઓની હાજરીથી તથા સૌના હૃદયના ઉલ્લાસે અનેરો રંગ આવ્યો ત્યારબાદ

લાડુની પ્રભાવના કરવામાં આવી. ભારતભરનો સંઘ આ ઉદ્‌ઘોષણાથી આનંદવિભોર બની ગયો છે. સંઘપતિઓ પોતાની રીતે તૈયારીમાં લાગી ગયા છે. યાત્રિકો યાત્રા માટે તૈયારી કરી રહ્યા છે. અનુમોદકો શાસનપ્રેમીઓ મહાસંઘયાત્રાના સ્વાગત માટે અપૂર્વ વિચારણા કરી રહ્યા છે. થોડા વખતમાં કંકોત્રી પરિચયપત્ર સંઘના માર્ગની બુક ભાવિકોના હાથમાં આવી પહોંચશે. ગંગા હિમાચલમાંથી નીકળી સાગરને મળે છે. ત્યારે આ સંઘ રૂપ મહાગંગા કલકત્તાથી પ્રારંભાઈ સિદ્ધ એવરેસ્ટ સિદ્ધાચલ પર શાશ્વત આનંદ કાજે જેઠ સુદ તા. ૨-૬-૭૪ ના મંગલદિને આરોહણ કરશે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૨,અંક-૫,તા.૬-૧૦-૧૯૭૩**

● **સાંગલી :** અત્રેના શ્રી પાર્શ્વનાથજી દેરાસરજીના ટ્રસ્ટીઓએ ચેરીટી કમિશનર, મુંબઈને અરજી કરેલી કે, "જૈનોના સામાજિક તથા ધાર્મિક કાર્યો કરવા માટે તથા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાને નૈમિત્તિક (Casual) રહેવા માટે જગ્યા નથી. તેથી વાડી-ધર્મશાળા બાંધવા માટે રજા આપવી, અને વાડી બાંધવાનું ખર્ચ ભેટ (donations) તરીકે અને વગર વ્યાજની લોન મેળવી કરીશું;" અને તે શરતે વાડી બાંધવા ચેરીટી કમિશનરે રજા આપી હતી; પરંતુ વાડી બાંધવા માટે નાણાંની જરૂર પડવાથી શ્રી દેરાસરજીની દેવ-દ્રવ્ય તથા બીજા ખાતાની રકમો ટ્રસ્ટીઓએ વાપરી. જે રકમો બાંધી મુદતથી બેંકોમાં વ્યાજે મૂકવામાં આવી હતી. પરંતુ તે રકમો મુદત પહેલાં ઉપાડવાથી બેંકોએ વ્યાજ ઠર્યા કરતાં ઘણું ઓછું આપ્યું તેથી દેવદ્રવ્યનું તથા બીજા ખાતાનું મોટું નુકસાન થયું; અને તે જ રકમો બેંકોમાંથી મળતું હતું તે વ્યાજથી ઘણા ઓછા વ્યાજે વાડીના બાંધકામ માટે ધીરી, તેથી દેરાસરજીને વ્યાજનું નુકસાન સતત ચાલુ છે. તેથી શ્રી પોપટલાલ મણીલાલ શાહે અને બીજા બે શ્રાવકોએ ચેરીટી કમિશનર, મુંબઈની કોર્ટમાં ટ્રસ્ટીઓ ઉપર બૉમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ની ૩૮મી કલમ નીચે ચેરીટી કમિશનરે નોટીસો કાઢી નીચે પ્રમાણે ખુલાસા નોટીસ મળ્યાથી ૧૦ દિવસની અંદર આપવા જણાવ્યું છે.

"(૧) ધર્મશાળાના બાંધકામ માટે જે રજા આપવામાં આવી તે એવી કે, 'ટ્રસ્ટીઓએ બાંધકામનો ખર્ચ ભેટ (donations) અને વગર વ્યાજની લોન મેળવી કરવાનો છે. ટ્રસ્ટના ફંડમાંથી નહિ' પરંતુ આ શરતનું તમે ઉલ્લંઘન કર્યાનું દેખાઈ આવે છે."

"(૨) જૈન સમાજના સામાજિક કાર્યક્રમ માટે (Perform serial functions of Jain Community) અને સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાના નૈમિત્તિક રહેવા માટે

(Casual residence),' - એવો ધર્મશાળા બાંધવાનો ઉદ્દેશ હોવા છતાં તેથી ઊલટું તમે ધર્મશાળાનો બીજો મજલો ભાડેથી આપવાના વિચારમાં છો એ ઉદ્દેશથી વિરુદ્ધ છે.''

ઉપરના ખુલાસા ચેરીટી કમિશનરને મળ્યા પછી શ્રી રતનશી જેઠાભાઈ શાહ તથા જે જે ટ્રસ્ટીઓ જવાબદાર ઠરશે તેમના ઉપર ૩૯ કલમ પ્રમાણે કામ ચાલવા સંભવ છે. આ પરથી જ્યાં જ્યાં દેવ-દ્રવ્યની રકમનો વ્યાજથી પણ બીજા ખાતામાં ઉપયોગ થતો હોય એનો સુધારો કરાવવા જેવો અને દેવ-દ્રવ્ય ભરપાઈ કરાવવા જેવો છે, જેથી દેવ-દ્રવ્ય-ગેરવ્યવસ્થાની ઉપેક્ષાના પાપથી બચી જવાય.

● **ખંભાત :** પૂ.મુ. શ્રી રાજેન્દ્રવિજયજી મ.ની નિશ્રામાં આસો સુદ ૮ થી ખંભાતનગરની સંઘ ચૈત્યપરિપાટી નીકળવાની છે. એ માટે દરેક જિનમંદિરે રૂા. ૨૧ ની પૂજનસામગ્રી મૂકવા માટે ભાવિકોએ લાભ લેવા ૫-૨-૧ એમ સામગ્રી નોંધાવી છે. કુલ ૫૫ સંઘમંદિર અને ૧૨ ગૃહમંદિરની ફરસના થશે. પૂ.શ્રીના ઉપદેશથી વર્ધમાન આંબેલ તપના પાયા પણ નખાયા છે.

● **મનફરા (કચ્છ) :** અત્રે પૂ.આ. શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શ્રી સંઘમાં અભૂતપૂર્વ શાસનપ્રભાવના અને ધર્મઆરાધનાઓ થઈ. 'આચારાંગ' સૂત્ર વાંચના અને 'ઉત્તરાધ્યયન' સૂત્ર-પ્રવચનોથી સૌના હૈયામાં અદ્‌ભુત પરિવર્તન આવ્યું. ભક્તિ મહોત્સવો ઉપરાંત દર અઠવાડિયે તપ-જપનાં અનુષ્ઠાન, નવકાર ૯ એકાસણાથી ૧। ક્રોડ જાપ વગેરે થયાં. મહાપર્વમાં રોજ નવકારશી નહિ કરનારા એવાઓએ પણ અઠ્ઠમ અઠ્ઠાઈ જેવા તપ કર્યા. કુલ ૩ સિદ્ધિતપ, ૨ માસખમણ, ૪ સોળ, ૨ પંદર, ૬ અગિયાર, ૧૪ નવ ઉપવાસ, ૧૨૩ અઠ્ઠાઈ. ૧૦૦ ચોસઠ પહોરી પોષધ વગેરે થયાં. મુંબઈથી મનફરાના લગભગ ૨૫૦ જણ અત્રે આરાધનાર્થે આવેલ, શાસન જયવંતુ છે એ દેખાઈ આવતું. ભા.વ. ૬ થી વ. ૧૪ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન સહિત અઠ્ઠાઈ મહોત્સવ ભવ્ય ઉજવાયો.

● **ધુળિયા :** અત્રે પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજી મ.નાં ઉપદેશથી તત્ત્વપૂર્ણ હિન્દી પ્રવચનોથી જાગ્રત બનેલ નવયુવકોની નવકારતપ-પોષધ-પ્રતિક્રમણ-પ્રભુભક્તિ આદિ ધર્મપ્રવૃત્તિએ બીજાઓની ઊંઘ ઉરાડી દીધી. દેવ-દ્રવ્ય-સાધારણ દ્રવ્ય અંગે ટ્રસ્ટીઓને સુંદર માર્ગ-દર્શન આપ્યું ઉપરાંત ચોપડા તપાસરાવી અત્યાર સુધીનો સાધારણ ખાતેનો તોટો કઢાવ્યો, અને મહાપર્વમાં સાધારણની મોટી ટીપ કરાવતાં રૂા. ૧૦ હજાર ઉપર પહોંચી છે. આ તોટો દેવદ્રવ્ય ખાતે વ્યાજ સાથે ભરપાઈ કરવાનો છે, ૧૨૫ જણે નવકાર ૯ દિવસ તપની સુંદર આરાધના કરી સમૂહ એકાસણાંની સારી વ્યવસ્થા થઈ. પર્યુષણા છેલ્લા ૨૫ વરસોમાં આ વખતે

અદ્વિતીય આરાધાયા. યુવકવર્ગ રોજ ભક્તિસંગીત ધાર્મિક પ્રશ્નોત્તરી અને રવિવારે તત્ત્વજ્ઞાનમાં ખૂબ રસ લઈ રહેલ છે.

● **ઉસ્માનપુરા (અમદાવાદ) :** અત્રે ૫. પૂજ્ય **આચાર્યદેવશ્રી વિજય ભુવન-ભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબને** વર્ધમાન આંબેલતપની ૧૦૫ મી ઓળી આસો વદ ૧ ના નિર્વિઘ્ન પૂર્ણાહુતિ થતી હોવાથી અત્રેના ભાઈશ્રી શાંતીલાલ વ્રજલાલ ઘડિયાળીએ પૂજ્યશ્રી સહિત સકલસંઘને બેન્ડવાજા સામૈયા સાથે પોતાના ઘરે પધરાવેલ. ત્યાં વિશાળ મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ખાસ વિનંતી કરીને નવરંગપુરાથી પૂ. આચાર્યદેવશ્રી વિજય માનદેવસૂરીશ્વરજી મહારાજ, તથા શાંતિનગરથી પૂ. આચાર્યદેવશ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબને પણ સપરિવાર સ્વાગત સાથે પધરાવેલ. તપ ઉપર વ્યાખ્યાન થયેલ. ને શાંતિભાઈએ ચતુર્વિધ સંઘનું પૂજન કરેલ. પોતાની ધર્મપત્ની શ્રી હીરાબેનને એકાંતરે ૫૦૦ આંબેલ પણ નિર્વિઘ્ને પૂર્ણ થતા હતા. તથા આવો મહાન લાભ મળ્યો એથી એમને સજોડે ત્યાં જ ઉત્સાહભેર જીવનભરનું બ્રહ્મચર્ય ઉચ્ચરેલ. પૂજ્ય આચાર્યદેવશ્રીની આ તપની પૂર્ણાહુતિથી પ્રેરાઈને પારણાના દિવસે ઈન્દોર અને રતલામથી ૫૦-૫૦ ભાવિકો અત્રે દર્શનાદિ અર્થે આવી પહોંચેલ. એમનું શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસે સંઘપૂજન કરેલ. ઉસ્માનપુરા સંઘ તરફથી એમની સુંદર સાધર્મિકભક્તિ બજાવવામાં આવેલ. ઈંદોરવાળા તરફથી આ દિવસની પુણ્ય સ્મૃતિ નિમિત્તે આંબેલખાતામાં કાયમી તિથિ નોંધાવેલ તેમજ પાઠશાળાને સાધારણ ખાતામાં રકમો ભેટ કરેલ. રતલામના ભાઈઓ તરફથી અત્રેના શ્રી ચતુર્વિધસંઘનું સંઘપૂજન કર્યું.

● **ઈંદોર :** પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં શ્રી સંઘે અમદાવાદમાં થનાર 'પ્રતિક્રમણસૂત્ર ચિત્રાવલિ પ્રકાશન સમારોહ'થી પ્રેરાઈને અત્રે પણ આસો સુદ ૧૦ ના ચિત્રાવલિ પ્રકાશનનું ગૌરવ કરેલ. આ નિમિત્તે હિંદીમાં સ્પેશ્યલ પરિચય ફોલ્ડર બહાર પાડવામાં આવેલ. પ્રકાશનના ગુણગાનથી ચિત્રાવલિનું ઊંચું મહત્ત્વ જોઈ કેટલાક ભાઈઓએ હિંદીની કોપીઓ નોંધાવેલ.

● **માલેગામ :** અત્રે પ્રવચન પ્રભાવક આગમપ્રજ્ઞ પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુણ્ય નિશ્રામાં મહાપર્વની સુંદર આરાધના થઈ. ૪૦ અઠ્ઠાઈઓ વગેરે તપશ્ચર્યા ઉપરાંત ઉછરામણીઓમાં પારણાનું ઘી ૮૦૦ મણ,

બારસા વહોરાવવાનું ૧૧૫૧ મણ ઘી વગેરે સુંદર થઈ. પૂજ્યશ્રીના ઉપદેશથી અત્રે આયંબિલ ખાતાનું કાયમી ફંડ અને કાયમી તિથિઓનું અદ્‌ભુત કામ થયું. શાશ્વતી ઓળી માટે પણ મોટી રકમો નોંધાઈ...એકંદરે શ્રી સંઘમાં ધર્મ ભાવના વધવા સાથે સારી ધર્મ પ્રભાવના થઈ.

● **અમદાવાદ :** અત્રે કીકાભટની પોળવાળા ભાઈશ્રી રમણલાલ શીવલાલની પોતાના યુવાન સુપુત્ર **દિનેશભાઈને** દીક્ષા અપાવવાની ભાવના હોવાથી શ્રી વીરચંદભાઈની આગેવાની નીચે પોળના સંઘનું ડેપ્યુટેશન **પૂ. આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને** ઉસ્માનપુરા ઉપાશ્રયમાં વિનંતી કરવા ગયું અને પૂજ્યશ્રીને પોળમાં પધારી કા.વ. ૬ ના દીક્ષા આપવા વિનંતી કરી. પૂજ્યશ્રીએ વિનંતીનો સ્વીકાર કરતાં કા.વ. ૨ દિલ્હી દરવાજેથી પૂ. આચાર્યદેવશ્રીનો કીકાભટ્ટની પોળે પ્રવેશ સામૈયું, વદ ૩ શ્રી રમણભાઈ તરફથી પંચકલ્યાણક પૂજા, વદ ૪/૫ સવારે દીક્ષા વરસીદાનનો વરઘોડો તથા વદ ૬ સવારે ૬-૪૫ દીક્ષાની મંગળ વિધિનો પ્રારંભ એ પ્રમાણે કાર્યક્રમ નક્કી થયો.

પૂ. આચાર્યદેવશ્રી ત્યાંથી લગભગ સવારે ૯-૩૦ વાગે વિહાર કરી બેડાવાળા રાયચંદજી હેમાજીના સુપુત્રો તરફથી કા.વ. ૬ સાબરમતીથી નીકળતા શ્રી સિદ્ધગિરિ છ'રી' પાળતા યાત્રાસંઘ અર્થે સાબરમતી પધારશે અને એઓશ્રીની નિશ્રામાં બપોરે યાત્રાસંઘનું મંગળ પ્રયાણ થશે.

● **ખંભાત :** પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં શ્રી સંઘનાં નંખાયેલ વર્ધમાન આંબેલતપ ઓળીના ૨૨ પાયાવાળા ભાઈબેનોને જુદી જુદી વ્યક્તિઓ તરફથી થઈને દરેકને રૂા. ૩૨ રોકડા તથા શ્રી રમણલાલ વજેચંદ તરફથી રંગીન પૂજાની પેટીથી તપસ્વીઓનું બહુમાન કરાયેલ. કા.સુ. ૩ ના શ્રેષ્ઠિ શ્રી ભીખાભાઈ અમરચંદ તથા હીરાભાઈ અમરચંદ તરફથી પૂજોપકરણ બહુમાન સહ ચતુર્વિધસંઘ સાથે ખંભાત ચૈત્ય પરિપાટી શરૂ થઈ. વાજતે ગાજતે આઠ દિવસ સુધી ચૈત્ય પરિપાટી-વ્યાખ્યાનાદિ થશે. સુરેન્દ્રનગરથી વંદનાર્થે આવેલ શ્રી પોપટલાલ અમુલખભાઈ તથા તારાચંદ ચતુરભાઈ તરફથી સંઘપૂજન થયેલ. દર રવિવારે બપોરના બાળકોનું સામાયિક નિયમિત ચાલે છે. ઘણા બાળકોએ ફટાકડા ન ફોડવા નિયમો લીધેલ. તેમનું બહુમાન થશે.

● **રતલામ :** ૫.પૂ. મુનિરાજશ્રી જગચ્ચન્દ્રવિજયજી મહારાજશ્રીના પધારવાથી સંઘમાં અનેકવિધ આરાધનાઓ ચાલુ છે. અમદાવાદમાં બિરાજમાન પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજશ્રીને ૧૦૫મી વર્ધમાન આંબેલ તપની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ નિમિત્તે સંઘના ભાઈ બેનોએ અત્રે રતલામમાં ૬૧૯ આયંબિલ, ૬૦૨૪ સામાયિક, ૬૨૬ એકાસણા, ૧૨૪૭૦ બાંધી નવકારવાળીની આરાધના કરવાની નોંધ થઈ હતી.

● **ઈડર :** અત્રે પૂ. મુનિરાજશ્રી લલિતશેખરવિજયજી મહારાજના ચોમાસાથી સંઘમાં ધર્મ જાગૃતિ સારી આવી છે. એમાં વળી પૂ. આચાર્યદેવશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજના સમુદાયવર્તી પૂ. સાધ્વીજી શ્રી સુવ્રતાશ્રીજી મહારાજની વિશાળ પરિવાર સાથે સ્થિરતા તથા શ્રાવિકાબેનોને તેઓશ્રીની પ્રભાવક પ્રેરણા રહેવાથી સાડા પાંચ વર્ષના બાળકે તથા ૯ વર્ષની બાળિકાએ વર્ધમાનતપનો પાયો નાખ્યો. દીપક વ્રતમાં ૩૩૫, લુખી નીવીમાં ૧૫૦, વ્રતોચ્ચારણમાં ૨૬ આરાધકો જોડાયા હતા. પૂ. મહારાજશ્રીને ૪૭મી ઓળી, તેમજ સાધ્વીજી મહારાજોમાં ૯૧ ૩૬-૩૯ ૨૮મી વગેરે ઓળીઓ હતી.

● **અમદાવાદ :** અત્રે પ્રખરવ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.ના જોરદાર ઉપદેશથી કા.સુ. ૯ રવિવારે અભૂતપૂર્વ રથયાત્રા નીકળી હતી. જેમાં બહારથી ૩૦-૪૦ ગામોથી વીર સૈનિકોની મોટી સંખ્યા ઉપસ્થિત થઈ હતી. સાબરમતી તથા અમદાવાદના લગભગ વીર સૈનિકોના લગભગ ૨૫ કેન્દ્રોએ ભારે જહેમત ઉઠાવી હતી. મહાન નગરના મોટા મોટા રસ્તાઓ ધજાઓ, કમાનો વગેરેથી શણગારી દેવામાં આવ્યા હતા. રથયાત્રા બહારની વાડીએથી સવારે ૮-૩૦ વાગે શરૂ થઈ હતી. શાસન ધ્વજ ૨૪-૨૪ સાઈકલનું દળ, ઘોડાનું દળ, સ્કુટરનું દળ, ઊંટ ગાડીઓમાં વિવિધ રચનાઓ, ટ્રકમાં સંગીતમંડળી, જુદા જુદા ગામોની ભજન મંડળીઓ ઉજમફઈની ધર્મશાળાએ થયેલ આગમ વાચનાના પૂર્ણાહુતિ મહોત્સવરૂપે આગમપુરુષ વગેરેની ૩ ગાડીઓ તથા માથે બેડાવાળી કુમારીકાઓની મંડળી, આગમોની ગાડી, બે બેન્ડ, બે રથ વગેરેની ભવ્ય સજાવટ હતી. સાજનમાં નવરંગપુરાના ઉપાશ્રયેથી પૂ.આ. શ્રી વિજય માનદેવસૂરીશ્વરજી મહારાજ, ડહેલાના ઉપાશ્રયેથી પૂ.આ. શ્રી ભુવનચંદ્રસૂરિજી મ., લવારની પોળથી વયોવૃદ્ધ પૂ.પં. શ્રી મંગળવિજયજી મ., ઉજમફઈની ધર્મશાળાથી પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી મહારાજ તથા પૂ.પં. શ્રી અભયસાગરજી મ., શાંતિનગરથી પૂ.આ.શ્રી મુક્તિચંદ્રસૂરિજી મ., ઉસ્માનપુરાથી પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરિજી વગેરે ઉપરાંત પૂ.આ. શ્રી કૈલાસસાગરજી મ.ના મુનિઓ, તથા બીજા ઉપાશ્રયના મુનિરાજો તથા રાજનગર

તથા સાબરમતીનો વિશાળ સાજનગણ તથા સેંકડોની સંખ્યામાં વીર સૈનિકો વિશાળ સાધ્વીજી મહારાજનો ગણ તથા શ્રાવિકાઓની વિશાળ સંખ્યા વરઘોડામાં શોભતી હતી. પાંજરાપોળેથી પૂ.આ.શ્રી વિજય કસ્તુરસૂરીશ્વરજી મ. તથા પૂ.આ.શ્રી વિજય ચન્દ્રોદયસૂરિજી મહારાજ વગેરે ખેતરપાળની પોળ આગળ રથયાત્રાના દર્શન કર્યા હતા. રથયાત્રા લગભગ ૧ માઈલ ઉપરાંત લાંબી હશે. લગભગ ૨૦ હજાર માણસની ઉપસ્થિતિ ઉપરાંત લાખો માણસોએ આ વિરાટ રથયાત્રાના દર્શન કર્યા હશે. શંખેશ્વર પાર્શ્વનાથ, સમેતશિખરજીની પોળ, મહાવીરસ્વામી, મુળેવા પાર્શ્વનાથ વગેરે મંદિરોમાં પૂ. સાધુ-સાધ્વીજી મહારાજને દર્શનનો બંદોબસ્ત કર્યો હતો. ૮॥ વાગે ચઢેલો વરઘોડો દિલ્હી દરવાજા, ઘીકાંટા, પાનકોરનાકા શાક-માર્કીટ, માંડવીની પોળ, આસ્ટોડીયા, સાંકડીશેરી, ફૂઆરા ગાંધીરોડ થઈ કાળુપુર, રીલીફરોડ થઈ ૧૨। વાગે પ્રકાશ હાઈસ્કૂલે ઊતર્યો. બાદ ત્યાં વ્યાખ્યાન સભા થઈ હતી. હજારો માણસોને જગ્યાના અભાવે પાછું જવું પડ્યું હતું. પૂ.આ.શ્રી વિજય ભુવનચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજ, પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજય મુક્તિચન્દ્રસૂરિજી મ., પૂ. અભયસાગરજી ગણિ, પૂ. ચન્દ્રશેખરવિજયજી મ. એ પ્રાસંગિક પ્રવચનો કરેલ.

● **અમદાવાદ-ઉસ્માનપુરા :** અત્રે શેઠ અમૃતલાલ હરગોવિંદદાસ સંઘ સમક્ષ પૂજ્યશ્રીને આગ્રહભરી વિનંતી કરીને **પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને** સપરિવાર પોતાને ત્યાં પૂજ્યશ્રીની ઉંમર જેટલા ૬૨ રૂપિયાથી ગહુલી કરી હતી. મંડપ બાંધી ચાતુર્માસ પરિવર્તન કરાવ્યું હતું; તથા પૂ. સાધ્વીજી મહારાજ આદિને મ્યુનિસિપલ હોલમાં ચોમાસું બદલાવ્યું હતું. આ નિમિત્તે એમના તરફથી પંચાહ્નિકા મહોત્સવ તથા શાન્તિસ્નાત્ર ઉજવવામાં આવેલ; અને પોતાના આંગણે સંઘપૂજન કરવામાં આવેલ. કા.વ. ૧ શાહપુર દરવાજાના ખાંચાના સંઘના આગ્રહથી પૂ. આચાર્યદેવશ્રી વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મ.ની સાથે પૂજ્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. તથા પૂ. મુનિરાજશ્રી મનોગુપ્તવિજયજી મ. ને ૯૨ મી વર્ધમાન આંબેલ તપ પૂર્ણાહુતિ આદિ નિમિત્તના ઓચ્છવના પ્રારંભે પધારેલ. ત્યાંથી કાળુસીની પોળના વતની કુમારી અરુણાબેન વિઠ્ઠલદાસના વર્ષીતપ નિમિત્તે એમના બેનશ્રી જ્યોત્સનાબેન રજનીકાન્ત કકલભાઈ કોઠારી તરફથી એમના ઘર આંગણે

મંડપ બાંધી પૂજ્યશ્રીને બેન્ડ સામૈયા સાથે પધરાવેલ. ગુરુપૂજન આદિ બાદ **'તપના મંગળ'** એ વિષય પર પ્રવચન આપેલ. શ્રોતાઓએ દિવસના ખાવાના ટંકના નિયમો લીધેલ. કા.વ. ૨ ના ઉસ્માનપુરાથી વિહાર કરીને કીકાભટની પોળે દિનેશભાઈની દીક્ષા અંગે પૂ. આચાર્યદેવશ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજની સાથે પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. પધાર્યા હતા. સામૈયું ગહુલીઓ વગેરે પોળવાળાનો ઉત્સાહ ઘણો હતો. અત્રે ખાનદેશ મહારાષ્ટ્ર માલેગામથી શ્રી મોતીલાલ વીરચંદ, શ્રી કાન્તીલાલ વકીલ, અમલનેરવાળા શ્રી નેમીચંદભાઈ, પાંચોરાવાળા શ્રી ઓકારમલજી વગેરેએ પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી સિદ્ધગિરિતીર્થની ૯૯ યાત્રા કરવા માટે ખૂબ આગ્રહ કર્યો હતો. તેથી માગશર સુદ ૭ પછી પોષ વદ ૧૦ સુધીમાં પૂજ્યશ્રીની સાથે ૯૯ યાત્રા કરવાની જય બોલાઈ હતી. કા.વ. ૬ સિદ્ધગિરિ યાત્રા સંઘ સાથે પૂજ્યશ્રીનો વિહાર છે.

● **અમદાવાદ :** પ.પૂ. આચાર્યદેવશ્રી વિજયરૂચકચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના ઉપદેશથી શાહપુર-મંગળપારેખના ખાંચામાં શ્રી ભક્તિસૂરી જ્ઞાનમંદિરમાં શરૂ થયેલ શ્રી સુધર્મ ભક્તિ જૈન ધાર્મિક પાઠશાળામાં પૂજ્ય સાધુ-સાધ્વીજી મ.સા.ને ધાર્મિક, સંસ્કૃત, પ્રાકૃત, વગેરે ઉચ્ચ અભ્યાસની શ્રદ્ધાળુ અનુભવી પંડિતો રોકી સુંદર સગવડ કરવામાં આવેલ છે. ચાતુર્માસ દરમિયાન ૨૧ પૂ. સાધ્વીજી મહારાજાઓએ વિશેષાવશ્યક, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ-પ્રકરણ આદિનો તેમજ સંસ્કૃત, પ્રાકૃત બુક આદિના અધ્યયનનો લાભ લીધેલ છે. અભ્યાસાર્થે પધારવા પૂ. સાધુ સાધ્વીજી મ.સા.ને વિનંતી છે.

● **અમદાવાદ :** અત્રે કીકાભટની પોળમાં પૂ. **આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** પાસે શ્રી રમણલાલ શીવલાલના સુપુત્ર દિનેશભાઈની દીક્ષા હોવાથી પોળના સંઘનો ભારે ઉત્સાહ હતો. અત્રે બિરાજમાન પૂ.આ. શ્રી વિજય મોતિપ્રભસૂ. મ., પૂ.આ. શ્રી વિજય માનદેવસૂ. મ., પૂ. આ. શ્રી વિજય હીરસૂ. મ., પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂ. મ.ની નિશ્રામાં દીક્ષા ઉત્સવનો ભવ્ય કાર્યક્રમ ઉજવાયો. કા.વ. ૩ ના જૈન ધર્મ આરાધક મંડળે ઠાઠથી પૂજા ભણાવી. વદ ૪/૫ ના દીક્ષા વરસીદાન રથયાત્રાનો સુંદર વરઘોડો નીકળ્યો. દરબારી ડ્રેસમાં સજ્જ ભાઈશ્રી દિનેશકુમાર બગીમાં ઊભા રહીને છૂટે હાથે વરસીદાન ઉછાળી રહ્યા હતા. રાતના પોળના સંઘ તરફથી તેમજ સ્થાનકવાસી સંઘ તરફથી

દીક્ષાર્થીને બે માન પત્ર મેળાવડા થયા. વદ ૬ સવારે દીક્ષાવિધિ ભારે ઉલ્લાસથી ઉજવાઈ. દિનેશભાઈને પૂ.આ. શ્રી વિજય હીરસૂરિજી મ.ના વરદ હસ્તે રજોહરણ અપાતા જ્યારે એ નાચી ઊઠ્યા હતા. ત્યારે સંઘના હૈયા ગદ્‌ગદ થયા હતા. એમના સંસારી મોટા કાકાશ્રી ચંદુભાઈએ પણ દીક્ષા પ્રસંગમાં સારો લાભ લીધેલો. એમની પણ આંખમાંથી આંસુ વહી રહ્યા હતા. દીક્ષા ક્રિયા પછી નામકરણ થતા શ્રી દિનેશભાઈને પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરી. મ.ના શિષ્ય તરીકે **મુનિશ્રી દિવ્યરત્નવિજયજી** નામ આપવામાં આવ્યું. નૂતન દીક્ષિતને સંઘ પ્રયાણ માટે વિદાય આપવામાં પોળનો સંઘ વિશાળ સંખ્યામાં વળાવવા ગયો.

● **અમદાવાદ :** બેડાવાળા શેઠ રાયચંદ હેમાજી અને એમના સુપુત્રો ભાઈ શ્રી પુખરાજજી, શ્રી જસરાજજી, શ્રી સાગરમલજી તરફથી **પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં** સાબરમતીથી કા.વ. ૬ ના બપોરે પાલીતાણા છ'રી' પાળતા યાત્રાસંઘનું મંગળ પ્રયાણ થયું. સંઘમાં લગભગ ૬૦૦ યાત્રિકો છે. મોખરે ધર્મધ્વજ, નિશાનડંકાના બે ઘોડા, બેન્ડ વાજાવાળા, પછી પૂ. આચાર્યદેવાદિ વિશાળ મુનિમંડળ, સાબરમતીના સંઘ સાથે યાત્રિક સંઘનું મોટું સાજન, પ્રભુજીનો સુશોભિત રથ પાછળ પૂ. સાધ્વીજી મહારાજો અને વિશાળ મહિલામંડળથી શોભતી સંઘયાત્રાનો પ્રારંભ થયો તે વખતનું દૃશ્ય અદ્‌ભુત ભાવોલ્લાસ પ્રેરક હતું. રસ્તામાં સ્વ. શેઠ કલ્યાણભાઈ મણિભાઈના સુપુત્રો તરફથી એમની સોસાયટી આગળ સકળસંઘનું પૂજન કરવામાં આવ્યું હતું. સંઘનો મુકામ હાઈસ્કૂલમાં ગોઠવવામાં આવ્યો હતો અને પૂ. મહારાજ સાહેબોને શેઠ લાલભાઈ ગીરધરભાઈના બંગલામાં ઉતારો આપવામાં આવ્યો હતો. બીજે દિવસે સરખેજ મુકામે સરખેજ સંઘે સુંદર સામૈયું કર્યું. વ્યાખ્યાનમાં જૈન-જૈનેતર ભાઈઓએ સારો લાભ લીધો. વદ ૮ બાવળા મુકામે સંઘસ્વાગત ગહુંલીઓ વ્યાખ્યાન વગેરે સુંદર થયું. વદ ૯ ભાયલામાં અમદાવાદ શ્રી શાંતિનાથની પોળના યાત્રિકો તરફથી સકલસંઘનું પૂજન કરવામાં આવ્યું. જૈનેતર ભાઈઓને પણ ૧-૧ રૂપિયાની પ્રભાવના થઈ. ગામના ૩૦૦ ઘરમાં સંઘવી તરફથી ગોળ વહેંચવામાં આવ્યો. વદ ૧૦ કોઠ મુકામે કોઠસંઘે ભારે ઉત્સાહથી બજારોને રેશમી ઝરીયાન સાડીઓથી ઈન્દ્રપુરી જેવું શણગારી દીધું હતું. યાત્રાસંઘનું ભારે સ્વાગત કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનમાં જૈનેતર ભાઈઓએ પણ સુંદર લાભ લીધો. દરેક ઠેકાણે સંઘવી અને યાત્રિકોએ કરેલી મોટી સાધારણની ટીપમાંથી ધર્મખાતાઓમાં સારી રકમો આપવામાં આવી.

● **છાણી :** અત્રે પૂ. મુનિરાજોશ્રી જગવલ્લભવિજયજી મ. તથા શ્રી ચંદ્રસુંદરવિજયજી મ. ના ચાતુર્માસથી સંઘમાં ધર્મનો અનેરો રંગ આવ્યો. રથયાત્રાનો વરઘોડો કેટલાય વર્ષોમાં નહિ નીકળ્યો હોય એવો અદ્‌ભુત નીકળ્યો. આજની મોંઘવારીમાં પણ શ્રી નવકારમંત્રનો તપ સામુદાયિક એકાસણાંની ભક્તિ સાથે લગભગ પોણા બસો જણે કર્યો; તેમજ ચોમાસા બાદ માતરતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ નીકળ્યો. સવા બસો આરાધક યાત્રિકો હતા. વાસદ, આણંદ નડિયાદ વગેરેમાં ૯ સંઘપૂજન થયાં. ઉછામણી બોલી શ્રી હંસરાજ કાન્તિલાલે માળ પહેરી.

● **રતલામ :** અત્રે પૂ. મુનિરાજશ્રી જગચ્ચંદ્ર વિજયજી મ.ના ઉપદેશથી પાઠશાળાના મકાનનું તથા પાઠશાળાનું નક્કી થયું. ફંડ પણ સારું થયું તેમજ ઉપાશ્રય દેરાસર અને ધર્મશાળાનું બંધારણીય અને જિનાજ્ઞાનુસારી વિધાન સાથે ટ્રસ્ટ કરવાનું નક્કી થયું, જેથી ભવિષ્યમાં કોઈ સ્વતંત્ર વિચારના ટ્રસ્ટીના તેવા વલણના લીધે જિનાજ્ઞાપાલનને વાંધો ન આવે. ચોમાસું પૂર્ણ થયે શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થનો છ'રી' પાળતો યાત્રાસંઘ નીકળ્યો. શ્રી માણિકચંદ નાથુલાલ મોદીની સહીથી આમંત્રણ પત્રિકા કાઢવામાં આવી. લગભગ ૧૨૫ યાત્રિકો પાદવિહાર કરતા. અભ્યાસ નહિ છતાં સંઘવી અને એમના પિતા પણ ઉલ્લાસથી રોજ એકાસણાં કરતા. યાત્રામાં રોજ સ્નાત્રપૂજન, વ્યાખ્યાણ શ્રવણ, પ્રતિક્રમણ વગેરે સુંદર થતું. વ્રત નિયમો પણ સારા થતા અંતે માળની બોલી, ૫૦૦ જણને સંઘ પૂજન વગેરેથી ધર્મપ્રભાવના સારી થઈ. પૂજ્યશ્રી ત્યાંથી વિહાર કરી પોશદશમી મક્ષીજી કરશે.

● **પછેગામ :** અત્રેના વતની હાલ મુંબઈ-મલાડવાસી ભાઈ શ્રી દીપચંદ પરસોત્તમ કોઈ એવા લખેસરી નહિ છતાં પોતાને ઘણા વખતથી છરી પાળતો યાત્રા સંઘ કાઢવાની ભાવના તે પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સૌરાષ્ટ્ર પધારતા હોઈ, અમદાવાદમાં એઓશ્રીને વિનંતી કરી કે આપશ્રીની નિશ્રામાં મારા મૂળ વતન પછેગામથી પાલીતાણા સંઘ કાઢવો છે. પૂજ્યશ્રીને સાબરમતી પાલીતાણા સંઘમાં જવાનું નક્કી થયેલું હોઈ એઓશ્રીએ મુનિશ્રી યશોભદ્ર વિજયજી આદિને મોકલવાની સગવડ કરી આપી. સંઘમાં ૧૫૦ યાત્રિક લઈ જવાની ભાવના છતાં યાત્રિક ૨૫૦ થયા. પછેગામમાં એક રાત પૂ. આચાર્યદેવશ્રીનો મુકામ તથા જાહેર પ્રવચન કરાવ્યું. શ્રી જિનમંદિરમાં અઢાર અભિષેક કરાવ્યા, અને માગશર

સુદ ૫ પાલીતાણા સંઘ પ્રયાણ થયું. પૂ. મુનિરાજશ્રી રત્નસુંદર વિજયજી મ.ના જોરદાર પ્રવચનોથી યુવક વર્ગને રસ રહી ગયો. બધા પાદપ્રવાસ કરતા શ્રી સિદ્ધગિરિ પહોંચતાં સુદ ૧૦ પૂજ્ય આચાર્યદેવના હસ્તે તીર્થમાળા થઈ.

● **પાલીતાણા :** સ્વ. સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે પોતે જીવંત હતા ત્યારે એકવાર શેઠ કાન્તિલાલ મણિલાલ પાટણવાળાને સૂચન કરેલું કે પાલીતાણામાં સાધુ-સાધ્વી ધર્મશાળામાં ઊતરે એ સાધુતાના પાલનમાં અગવડરૂપ બને છે. એ સૂચનથી પ્રેરાઈ શેઠશ્રી કાન્તિભાઈએ શ્રી રસિકલાલ બાપુલાલ વગેરે ભાઈઓનો સહકાર લઈ અત્રે **'અમારી વિહાર પોષધશાળા'** બંધાવી. એનો **ઉદ્‌ઘાટન વિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજ આદિ ૨૫** ઠાણાની નિશ્રામાં શેઠશ્રી હિંમતમલજી રૂગનાથજી બેડાવાળાના શુભ હસ્તે દબદબાથી માગશર સુદ ૧૩ના રોજે કરવામાં આવ્યો. શેઠેશ્રી અરવિંદભાઈ પન્નાલાલ, શ્રી શેષમલજી પંડ્યા, લાલચંદ રાજમલ વગેરે સંભાવિત ગૃહસ્થો બહારથી પણ સારી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

● પૂ. આચાર્યદેવશ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**ના વરદહસ્તે અમદાવાદ કીકાભટ્ટની પોળમાં દીક્ષિત થયેલ દિનેશભાઈ હાલ મુનિશ્રી દિવ્યરત્ન વિજયજીની વડીદીક્ષા માગશર વદ ૪ આરિસાભવનમાં કરવામાં આવી. નૂતન મુનિના સંસારીપણે પિતાશ્રી રમણલાલ, કાકા શ્રી હીરાભાઈ, ફોઈના પુત્ર શ્રી રસિકલાલ ફુલચંદ વગેરે હાજર રહ્યા હતા. રમણભાઈ તરફથી પેંડાની પ્રભાવના થઈ. રસિકભાઈએ કામળ વહોરાવી પૂ. આચાર્યદેવશ્રીને અમરેલીના દીક્ષાર્થીભાઈ શ્રી કિરીટભાઈ B.Sc. ના કુટુંબીજનો તરફથી મહા સુદ-૪ દીક્ષા અપાવવાનું નક્કી કરી અમરેલી પધારવા વિનંતી કરવામાં આવી. તે અનુસારે પોષ વદમાં વિહાર થઈ અમરેલી પોષ વદ ૧૨ લગભગ પૂજ્યશ્રી પધારવા વકી છે. દીક્ષા બાદ મહા સુદ-૬ મુંબઈવાસી ભાઈશ્રી નાનચંદ મૂળચંદના સુપુત્ર રાયચંદભાઈ તરફથી એમના માદર વતન દેપલા (ગારિયાધર પાસે)થી શ્રી ગીરનારજી મહાતીર્થનો ૧૮ દિવસનો છ'રી' પાળતો યાત્રાસંઘ પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં કાઢવાનો હોવાથી પૂજ્યશ્રી સપરિવાર અમરેલી પાછા ફરી સંઘમાં જોડાશે. અમદાવાદમાં પૂ. આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજે પણ રાયચંદભાઈ વગેરેની આગ્રહભરી વિનંતી માન્ય કરી હોવાથી એઓશ્રી પણ અમદાવાદથી વિહાર કરી સંઘપ્રયાણ પૂર્વે દેપલા પધારવા વકી છે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૨,અંક-૧૬,તા.૫-૧-૧૯૭૪**

● **મુંબઈ :** અત્રેથી શિબિર સંચાલક શ્રીકુમારપાળ વિ. શાહ (૬૮, ગુલાલવાડી મુંબઈ-૪) જણાવે છે કે આ વખતે મે વેકેશનની ધાર્મિક શિક્ષણ શિબિર ભાવનગરવાળા શ્રી મહાસુખભાઈની વિનંતીથી પાલીતાણા મુકામે પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં યોજવા ભાવના છે. મુકામ માટે મહારાષ્ટ્રભવનના કાર્યકરો આગળ માગણી મૂકવામાં આવી છે. બહાર ગામના કેટલાય કુટુંબો પણ પાલીતાણામાં શિબિર હોય તો આવીને એના પ્રવચનો સાંભળવા ઉત્સુક છે. ભાવનગરના દીક્ષાર્થી શ્રી જવાહર પ્રતાપરાય B.Com ની શિબિર પૂર્વે દીક્ષા પણ પાલીતાણા થાય એવી વિચારણા છે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૨,અંક-૧૭,તા.૧૨-૧-૧૯૭૪**

● **પાલીતાણા :** અત્રે પૂ.આ. શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મ.**ના શિષ્યો નવાણું યાત્રા સારી કરી રહેલ છે. બાળ મુનિશ્રી પરમહંસ વિજયજી (કલકત્તાવાળા)એ પણ ચોવિહાર છઠ્ઠ કરી ૭ યાત્રા સારી કરી. આમ રોજ ૪-૪ યાત્રા કરે છે...પૂ. આચાર્યદેવશ્રીને જીરાવલાજી તીર્થના ટ્રસ્ટી શ્રી દલીચંદજી જેઓએ ૨ વરસ અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરેલા એમણે તથા કોલ્હાપુરવાળા બાબુભાઈ સંઘવીએ આવીને આવતી સાલ મહા માસમાં જીરાવલાજીમાં ઉપધાન કરાવવા માટે ખૂબ આગ્રહભરી વિનંતી કરી; સાથે શિબિર જીરાવલાજી માટે પણ કહ્યું... બોટાદ કુંડલા વગેરેના ભાઈઓએ પૂજ્યશ્રીને પધારી સારો લાભ આપવા આગ્રહભરી વિનંતી કરી... ૨૫૦૦ મા વીરનિર્વાણ વર્ષનું નિમિત્ત લઈ સંઘહિતના નક્કર કાર્ય થવા જોઈએ એવી પૂજ્યશ્રીની ઈચ્છાને જોઈ શિબિર સંચાલક કુમારપાળ વિ. શાહે ૨૫ યોજનાઓની રૂપરેખા તૈયાર કરી છે, જે ટૂંક સમયમાં પ્રસિદ્ધ થવા વકી છે.

એમ જાણવા મળે છે કે અત્રે ધર્મશાળા વિભાગમાં સિનેમા થિયેટર ઊભું થવાની જે વાત હતી તે અંગે નગરપાલિકા આ. x ક. પેઢીને પૂછ્યા વિના સંમતિ નહિ આપે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૨,અંક-૧૮,તા.૧૯-૧-૧૯૭૪**

● **ઈંદોર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી ચોમાસું રહ્યાથી ધર્મનું

વાતાવરણ અદ્‌ભુત જામ્યું. પાર્ટીભેદ વિના સંઘના ભાઈઓએ સુંદર લાભ લીધો. સ્થાનકવાસી જૈન અને જૈનેતર ભાઈઓ પણ પ્રવચન સાંભળવા આવતા. ગીતા મંદિરના મહંત બાબા બાલમુકુન્દજીની વિનંતીથી **'પરમ સુખનો માર્ગ'** એ વિષય પર જોરદાર પ્રવચન અપાયું. એથી મહંત જૈનધર્મની વાતોથી એવા પ્રભાવિત થઈ ગયા કે પૂજ્યશ્રીને આગામી ચોમાસું ગીતામંદિરમાં કરવાની વિનંતી કરી. જૈન આગેવાનોને એમણે ઠપકો આપતાં કહ્યું કે "આપ લોગોંને ચાતુર્માસમેં ઐસે સંત કો છિપા કે રકખા ?...મુઝે દર્શન હોતા તો મૈં ગીતા ભવનમેં પ્રવચનમાલા કા આયોજન કરતા. ખૈર, અબ તો મૈં હી ગીતા ભવનમેં ચાતુર્માસ કરાઉંગા યદિ મહારાજશ્રીને અનુમતિ દી." પૂજ્યશ્રીના ઉપદેશથી ભાઈશ્રી સેવંતીલાલે એમનું એક મકાન ઉપાશ્રય કરવા માટે શ્રી સંઘને ભેટ કર્યું. પૂજ્યશ્રીને બાજનાથી કેસરિયાજીનો છરી પાળતો સંઘ, સધાનામાં મંદિર પ્રતિષ્ઠા, તથા અન્ય ગામોમાં પણ પ્રતિષ્ઠા આદિ માટે આગ્રહભરી વિનંતીઓ થઈ છે.

● **પાલીતાણા :** પૂ.આ. **શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજનાં મહારાષ્ટ્ર ભવનમાં પ્રવચન પછી શ્રી સંઘે અમરેલીના દીક્ષાર્થી શ્રી કિરીટભાઈ B.Sc. નું અભિનંદન પહેલાં કરેલ; તે પછી છેલ્લે વિહારના દિવસે પ્રવચન પછી ભાવનગરના મુમુક્ષુ શ્રી જવાહરભાઈ B.Com. નું અભિનંદન કર્યું. તેમજ બાળમુનિશ્રી પરમહંસ વિજયજીને ૧॥ માસમાં નવાણુ યાત્રા, ૯ વાર નવટૂંકયાત્રા, ૧૨ ગાઉ, ૩ ગાઉ, ૬ ગાઉની ફરસના પૂર્ણ થવા અંગે અનુમોદના કરેલ. અમલનેરવાળા શ્રી નેમિચંદભાઈ તરફથી ૧૦૦-૧૫૦ જણને છ ગાઉ યાત્રા કરાવેલ, અને છેલ્લે આદપર મુકામે જમણ અપાયેલ. પૂજ્યશ્રી પો.વ. ૭ વિહાર કરી અમરેલી તરફ પધાર્યા છે. (સરનામું- C/o, ગુણવંતરાય ન. ટોળિયા, અધ્યારુ શેરી, જૈનમંદિર પાસે, અમરેલી) ત્યાં મહા સુદ ૪ શ્રી કિરીટભાઈની દીક્ષા છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૨,અંક-૧૯,તા.૨૬-૧-૧૯૭૪**

● **અમરેલી :** અત્રે પૂ.આ. **શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.** સપરિવાર પોષ વદ ૧૨/૧ શનિવારે જૈન બોર્ડીંગમાં પધાર્યા. વિદ્યાર્થીઓએ બે વાર પ્રવચનનો લાભ લીધો. વદ ૧૨/૨ રવિવાર સવારે પૂ. આચાર્ય મહારાજને વહોરાવવા માટે વિદ્યાર્થીઓએ ચૌદશે એકાસણું, ૧૧ એકાસણાં, દિવસમાં ૧૧ થી અધિક ટંક મોંમાં પાણી સિવાય બીજું નાખવાનો ત્યાગ, ૩૧ થી વધુ દ્રવ્ય વાપરવાનો ત્યાગ,

સિનેમા ત્યાગ વગેરે નિયમો લીધા હતા. તે પછી પૂજ્યશ્રીનો શ્રી અમરેલી સંઘે, શહેરમાં ૧૪૪ મી કલમ ચાલુ હોઈ, સાદાઈથી નગર પ્રવેશ કરાવ્યો હતો. ઠેર ઠેર ગહુંલીઓ થયેલી. શહેરમાં શાન્તિ સારી છે. બપોરે કપોળવાડીમાં સીતાજીના જીવન આદર્શ પર જાહેર વ્યાખ્યાન થયું. જૈન જૈનેતર સંભાવિત ગૃહસ્થોની પણ હાજરી સારી હતી. અત્રે મહા સુદ ૪ કિરીટભાઈની દીક્ષા અંગે બુધવારથી જિનેન્દ્રભક્તિ મહોત્સવ નિશ્ચિત થયો છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૨,અંક-૨૧,તા.૯-૨-૧૯૭૪**

● **સાવરકુંડલા :** અત્રેના સંઘના અતિઆગ્રહથી પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** અમરેલીથી વિહાર કરી અત્રે રવિવારે પધાર્યા. પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું બજારને સુશોભિત કમાનો બોર્ડો ધજાઓથી શણગારવામાં આવેલ. સામૈયા બાદ મહાજન વાડીમાં પ્રવચન થયું. બપોરે શ્રી અષ્ટાપદજીની પૂજા ભણાવાયેલ. પૂજ્યશ્રીના શ્રીમુખેથી પૂજાના ભાવાર્થ સાંભળવા સંઘને ઘણા ઉછરંગ તે સાંજના ૫-૫॥ સુધી વાડી ચિક્કાર ભરેલી રહી બીજે દિવસે શ્રી સંઘે વ્યાખ્યાન બાદ ચોમાસાની જોરદાર વિનંતી કરી. પરંતુ પૂજ્યશ્રીએ કહ્યું હમણાં નિર્ણય લઈ શકાય એમ નથી. છતાં સંઘનો આગ્રહ જોરદાર રહ્યો. અત્રે થોડી સ્થિરતા પછી પૂજ્યશ્રી મહુવા થઈ દેપલા પધારવા વકી છે. કેમકે તોફાનોના કારણે મુલત્વી રહેલ દેપલા જુનાગઢનો યાત્રાસંઘ વાતાવરણ અનુકૂળ હોય તો ફાગણમાસમાં કાઢવાની શ્રી રાયચંદભાઈ નાનચંદભાઈની પૂરી ભાવના છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૨,અંક-૨૩,તા.૨-૩-૧૯૭૪**

● **સાવરકુંડલા :** અત્રે પં.પૂ.આચાર્યદેવશ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પધાર્યા** છે. વૈરાગ્ય ઝરતા પ્રવચનોનો લાભ સંઘે સારી રીતે લીધો. રવિવાર બપોરે જાહેર વ્યાખ્યાનમાં જૈનેતરો તથા સ્થાનકવાસીઓની સંખ્યા સારી હતી. વિશાળ વાડી ચિક્કાર ભરાઈ હતી. શ્વે.મૂ.સંઘ અને સ્થાનકવાસી સંઘે અત્રે ચાતુર્માસ કરવા જોરદાર વિનંતી કરી. રોજ વિનંતી આગ્રહ સાથે ચાલુ રહી. બાજુમાં **ગાધકડા** મુકામે પધારવા ખૂબ આગ્રહ થતા પૂજ્યશ્રી ત્યાં પધાર્યા. મુંબઈથી ધીરૂભાઈ રામચંદ દૂધવાળા પણ ખાસ આ પ્રસંગે આવી ગયા હતા. સામૈયામાં

આખા ગામનો ઉત્સાહ માતો ન હતો. વ્યાખ્યાનમાં પણ ગ્રામજનોએ પણ વિશાળ સંખ્યામાં લાભ લીધો. શ્રી ધીરૂભાઈ તરફથી અષ્ટાપદજીની પૂજા તથા સંઘપૂજન થયું. અત્રે શિખરબંધી ભવ્યદેરાસર લગભગ તૈયાર થઈ ગયું છે. પરંતુ શિલ્પીના વિલંબથી અધુરુ કામ ખોરંભે પડ્યું. તેના અંગે પૂજ્યશ્રીએ માર્ગદર્શન આપ્યું તે મુજબ સંઘની આર્ટિસ્ટીક કામ સાથે દેરાસર નમુનેદાર બનાવવાની ભાવના થઈ. સંઘે ચોમાસા બાદ પૂજ્યશ્રીની નિશ્રામાં પ્રતિષ્ઠા થાય એ માટે જોરદાર વિનંતી કરી. પૂજ્યશ્રીના ઉપદેશથી અત્રે પાઠશાળા સ્થાપવાનું સંઘે નક્કી કર્યું. જેસરમાં પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજીની નરમ તબીયતના કારણે એમણે મહુવા સર્જન ડૉક્ટરની સલાહથી નિદાન અને ટ્રીટમેન્ટ માટે મહુવા લઈ જવાના છે તેથી પૂજ્ય આચાર્યદેવ બીજા કાર્યક્રમ રદ કરી મહુવા પધારવાનું નક્કી કર્યું છે. ફાગણ સુદ ૧ લગભગ ત્યાં પહોંચવા વકી છે. રાજ્યનું વાતાવરણ ક્ષુબ્ધ હોવાના કારણે દેપલાવાળા શ્રી રાયચંદભાઈએ આ સાલ જુનાગઢ સંઘ કાઢવાનું મુલત્વી રાખેલ છે.

દેપલા : પૂ.આ.**શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.** જેસરથી અત્રે સંઘના આગ્રહ અને ઉત્સવના કારણે પધાર્યા છે. અત્રેના ભાઈશ્રી રાયચંદ નાનચંદને દેશના ક્ષુબ્ધ વાતાવરણના કારણે જુનાગઢ યાત્રા સંઘ ન કાઢી શકાયાનું ભારે દુઃખ છે, હવે કારતક વદમાં કાઢવાનું ધારે છે. જેસર અને અત્રે પૂ. આચાર્યદેવશ્રીના ઉપદેશથી 'કલાકે નમો અરિહંતાણં,' રોજ પ્રભુ પૂજામાં વરખ છાપવો, રોજના અમુક ટંક જ ખાનપાન વગેરે નિયમો થયા. પૂ. મુનિરાજશ્રી રત્નસુંદર વિ. ને વધરાવળની શંકાના કારણે ડૉક્ટરી તપાસ અંગે પૂ. આચાર્યદેવશ્રી અત્રેથી વિહાર કરી ફાગણ સુદ ૧૧ આસપાસ મહુવા પધારવા અને ત્યાં થોડી સ્થિરતા થવા વકી છે.

● **કેશરિયાજી :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્ત વિજયજી મ.ની નિશ્રામાં બાજનાથી છ'રી' પાળતો યાત્રાસંઘ આવેલ ૨૦૦ યાત્રિકો હતા, ૧૩ દિવસનો પ્રવાસક્રમ હતો. તીર્થમાળ આરોપણ પ્રસંગે બહારગામથી આવેલ લગભગ ૧૦૦૦ માણસ હતું. પૂજ્યશ્રીને વંદનાર્થે ઉદયપુરથી એક બસ ભરીને ભાવિકો આવેલ. ચોમાસા માટે પણ વિનંતી કરી ડુંગરપુર બાંસવાડાથી પણ ૧-૧ બસ ભરીને ભાવિકો વંદનાર્થે આવેલ. રતલામથી પણ ૫૦-૬૦ ભાઈબેનો આવેલા. જેતારણથી આવેલ શ્રી જોહરીલાલજીએ જેતારણ ચોમાસા માટે જોરદાર વિનંતી કરવા ઉપરાંત

કાપરડાજીમાં પોતાના ખર્ચે ધાર્મિક શિક્ષણ શિબિર પૂજ્યશ્રીની નિશ્રામાં કરવા માગણી કરી. ઉદયપુરના ભૂતપૂર્વ દિવાનના સુપુત્ર શ્રી હરનાથસિંહજી મહેતાએ એમના ધર્મપત્ની શ્રીમતી સજ્જનાકુંવરના વીસસ્થાનક તપ નવપદતપની આરાધના નિમિત્તે તા. ૫ થી ૧૦ મી માર્ચ સુધીમાં પૂજ્ય મુનિરાજશ્રીની નિશ્રામાં ભવ્ય કિંમતી છોડોનું ઉજમણું જિનેન્દ્રભક્તિ મહોત્સવ સાથે કર્યું. પૂજ્યશ્રીએ સથાના સંઘની વિનંતીથી ફા.વ. ૫ પ્રતિષ્ઠા નિમિત્તે વિહાર કર્યો છે. સથાના ફા.સુ. ૧૦ પહોંચવા ધારણા છે.

● **મહુવા :** અત્રે પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજીને વધરાવળ દરદની શંકા અંગે અત્રેના સર્જન ડૉક્ટરની તપાસ કરાવવા માટેની ખાસ માંગણી હોવાથી પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિ ઠા. ૨૦ પધાર્યા છે. સંઘે પૂજ્યશ્રીનું પ્રવેશ સામૈયું સુંદર કરેલ. વિહારમાં જેસર સંઘે પૂજ્યશ્રીના શ્રીમુખે શ્રી અષ્ટાપદજી પૂજાના ભાવ ખાસ સાંભળવાની ઈચ્છાથી પૂજા ભણાવી. ત્યાંથી વિહાર કરી સેદરડા તથા ખુંટવાડામાં સ્વામીવાત્સલ્ય તથા પૂજાનો કાર્યક્રમ રખાયેલ. ત્યાંથી કુંભણ થઈ મહુવા પધારેલ છે. હાલ અત્રે સ્થિરતા થવા સંભવ છે.

● **અમદાવાદ :** અત્રે ઉસ્માનપુરા સોસાયટીમાં પૂ.આ. **શ્રી વિજયભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી ચાલુ થયેલ ધાર્મિક પાઠશાળામાં ઉત્તરોત્તર પ્રગતિ થઈ રહી છે.** રવિવારે ૧૧૫-૧૨૫ સમૂહ સામાયિક થાય છે. ધાર્મિક અધ્યાપક શ્રી સુરેશચંદ્ર ચંદુલાલ શાહ શિબિર પદ્ધતિએ ધાર્મિક શિક્ષણ આપતા હોવાથી વિદ્યાર્થીઓમાં ભણવાનો રસ ધર્મવૃદ્ધિ સારી બની રહે છે. અમરકુમારની કથા દ્વારા નવકારમંત્રનો મહિમા સમજાવતાં ૫૦ થી વધુ વિદ્યાર્થીભાઈ બેનોએ ૧૦ વર્ષમાં નવલાખ નવકાર જાપ કરવાનો નિયમ કર્યો. બીજા રવિવારે ઝાંઝરિયા મુનિની કથા કહી પાંચ તિથિ મીઠાઈ ત્યાગનો નિયમ ૯૦-૧૦૦ જણાએ કર્યો. સવારે ઊઠતાં જ દેવ-ગુરુનાં દર્શન કરે એ માટે ફોટા મઢાવી આપવાની વ્યવસ્થા કરી આપી. ટૂંક સમયમાં શહેરની પાંચ પાઠશાળાના વિદ્યાર્થીઓની ધાર્મિક સંગીત હરિફાઈ ગોઠવાશે. એમાં સ્નાત્રપૂજાની કુસુમાંજલિ રાગ-રાગિણીપૂર્વક ગાવાની રહેશે અને પુરસ્કાર વહેંચાશે. એ પછી સ્તુતિ હરિફાઈ સૂત્ર-અર્થ હરિફાઈ યોજાશે. દર ત્રણ મહિને આવા કાર્યક્રમ રહેવાથી વિદ્યાર્થીઓમાં જ્ઞાન અને ધર્મનો રસ સારો રહે છે. અત્રે

ઉસમાનપુરામાં બહુ ટ્રાફિકવાળો રોડ ક્રોસ કરવામાં બાળકોને જોખમ રહેતું હોવાથી પાઠશાળા બંને બાજુ જુદા ટાઈમે ચલાવવામાં આવે છે. ફા. ચોમાસી ૧૪ નું મહત્ત્વ સમજાવતાં ૧૨ વિદ્યાર્થીઓએ પોષધ વ્રત, તપસ્યા, વ્યાખ્યાન શ્રવણ દેવવંદન આદિમાં જોડાયેલ. ફા. વ. ૩ પૂ.આ. શ્રી વિજય કસ્તૂરસૂરીશ્વરજી મ.નો દીક્ષા દિન હોઈ એઓશ્રીના ૫૫ વર્ષના દીક્ષાપર્યાય નિમિત્તે ૫૫ નિયમોનું લિસ્ટ કરી વિદ્યાર્થીઓ સમક્ષ મૂકતાં શક્તિ અનુસાર નિયમો લેવાયા. સંઘના કાર્યકરોનો પાઠશાળા અંગે રસ સારો છે.

● **દાઠા :** પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મહારાજ મહુવાસંઘની વિનંતીથી ત્યાં પધારેલા. સંઘે લાભ સારો લીધો. ફા.વ. ૨ અમરેલીમાં દીક્ષિત પૂ.નૂતન મુનિશ્રી ભુવનસુંદર વિજયજીની વડી દીક્ષા વંડે ધામધૂમથી ઉજવી. નૂતન મુનિશ્રીના સંસારીપણે ભાઈશ્રી ગુણવંતભાઈ વગેરેએ પણ પ્રભાવના આદિનો લાભ લીધો. બપોરે શ્રી અષ્ટાપદજીની પૂજા ભણાવાઈ. સંઘને જીવનમાં ભાવાર્થ સાથે આ પૂજા સાંભળવાનો પહેલો લહાવો હતો તેથી હાજરી ચિકાર હતી. સૌને અનેરો આનંદ આવ્યો. ભાવનગરથી દીક્ષાર્થી ભાઈશ્રી જવાહર B.Com. ના સંસારીપણે પિતાશ્રી પ્રતાપભાઈ વગેરેએ આવીને પૂજ્યશ્રીને દીક્ષા ભાવનગરમાં આપવા માટે પધારવાની વિનંતી કરી. પૂજ્યશ્રીએ ચૈત્ર વદમાં ભાવનગર પહોંચવાની ગણતરી દર્શાવી. દાઠા શ્રી સંઘની વિનંતીથી પૂજ્યશ્રી ફા.વ.૮ સપરિવાર અત્રે દાઠા પધાર્યા વ્યાખ્યાન પૂજામાં લાભ સારો લેવાયો. અત્રે ભાવનગરથી ભાઈઓ દાદાસાહેબના ઉપાશ્રયે ચૈત્રી ઓળી કરાવવા માટે વિનંતી કરવા આવેલ, અને આગ્રહ કરીને કહ્યું કે 'આપ સાહેબને આમેય દીક્ષા કરવા અંગે ભાવનગર પધારવાનું જ છે તો થોડા વહેલા પધારો; અમને ઓળીની આરાધનાનો લાભ મળે.' પૂજ્યશ્રીએ એમની વિનંતી માન્ય કરી. અત્રેથી પૂ. શ્રી તળાજા ઘોઘા થઈને ભાવનગર ચૈ.સુ. ૫ લગભગ પધારવાની ગણતરી છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૨,અંક-૨૮,તા.૬-૪-૧૯૭૪**

● **અગવરી (રાજસ્થાન) :** પૂ. તપસ્વી મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી અને એમના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજીની નિશ્રામાં પાદરલીમાં ઉપધાન તપ પૂર્ણ થયા બાદ અત્રે ઉપધાન તપની ભવ્ય આરાધના થઈ. બંને સ્થળે વિશેષ

તપસ્યાઓ તથા જીવનને પાવન કરનારા અનેક વ્રતનિયમો પણ થયા. આરાધકોને અનેરો ધર્મ ઉત્સાહ વધ્યો. પાદરલીમાં માળાની ઉછરામણી સવા લાખ રૂા. જેટલી થઈ અને એમાંથી રૂા. ૬૦ હજાર બહાર મંદિરોના જીર્ણોદ્ધાર નવનિર્માણમાં અપાયા. અગવરીમાં એક લાખ રૂા.ની ઉછરામણીમાંથી બહાર રૂા. ૩૩ હજાર અપાયા. વિશેષમાં સાધારણ ખાતે રૂા. ૨૫ હજારની ઉપજ થઈ. ચૈત્રી ઓળીની આગ્રહભરી વિનંતીથી પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી પાદરુ અને પૂ.મુ. શ્રી ગુણરત્નવિજયજી શ્રી નાકોડાજી તીર્થમાં પધાર્યા છે.

● **સથાના (રાજસ્થાન) :** અત્રે એક જ મૂર્તિપૂજક ઘર છતાં પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ.ની નિશ્રામાં શ્રી જિનમંદિરમાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. સ્થાનકવાસી ભાઈઓએ પણ લાભ સારો લીધો. દેવદર્શનાદિ કરવાના સારા નિયમો થયા. પૂર્વે ઉપાશ્રયમાં દેવદ્રવ્યના રૂા. ૫૦૦૦ ખર્ચાયેલ તે રૂા. ૫૧૦૦ની ટીપ કરી વાળવામાં આવ્યા. ઉપાશ્રયને **'વિજય પ્રેમસૂરીશ્વરજી જૈન ઉપાશ્રય'** નામ આપવામાં આવ્યું. પૂ. મુનિરાશ્રી ચૈત્રીઓળી શ્રી બ્યાવરસંઘની વિનંતીથી બ્યાવર પધાર્યા છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૨,અંક-૨૯,તા.૧૩-૪-૧૯૭૪**

શાસનરક્ષા તથા સંઘ શાંતિ અર્થે રાજનગરમાં આરાધના દિનની ભવ્ય ઉજવણી

● શ્રી જિનશાસન ઉપર આવી રહેલ ઉપદ્રવોના નિવારણાર્થે તથા ચતુર્વિધ સંઘની પણ રક્ષા, ક્રાંતિ અને આબાદિ નિમિત્તે સારા ય અમદાવાદમાં આયંબિલ તપ તથા જાપ પૂર્વક પૂ.ગુરુદેવોની નિશ્રામાં આરાધના દિનની ઉજવણી ચૈત્ર સુદ ૮ રવિવારે કરવા શ્રી જિનશાસન રક્ષા સમિતિ તરફથી વિનંતી કરવામાં આવેલ. અમદાવાદના સઘળા ય ઉપાશ્રયોમાં બિરાજમાન પૂ. ગુરુદેવો તરફથી આને જોરદાર પ્રોત્સાહન મળતાં દરેક પોળોમાં સોસાયટીઓમાં સર્વત્ર વિશાળ સંખ્યામાં આયંબિલ તપ તથા જપ પૂર્વક આરાધના દિનની ઉજવણી થઈ. લગભગ ૧૮૦૦૦ (અઢાર હજાર) જેટલો જબરદસ્ત આંકડો આયંબિલના આરાધકોનો થયો. આ નિમિત્તે શહેરમાં નગરશેઠના વંડામાં ઓશવાળ કલબના મંડપમાં મેરુપર્વતની રચના કરવામાં આવી, તેમજ ત્યાં ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયો. તેમજ ચતુર્વિધ સંઘે સામુદાયિક શાસનરક્ષાર્થે ભાવના કરી.

• ઉત્તરપ્રદેશમાં રામાયણ-મેળાનું સરકારી સંચાલન. •

ત્રિલોકનાથ ભગવાન શ્રી મહાવીરસ્વામીની ૨૫૦૦મી નિર્વાણ સંવત્સરી રાષ્ટ્રિયસ્તર પર કેવી ઉજવાશે એનું એંધાણ ઉત્તર પ્રદેશમાં તા. ૩૦ નવે.થી ૩ ડીસે. સુધી માટે યોજાયેલ 'રામાયણ-મેળા'ની ઉજવણી પરથી કલ્પી શકાય. આ રામાયણ-મેળાનું સંચાલન સરકારી હતું; અને એ સંચાલન કેવું થયું, ઉજવણી કેવી થઈ એ ('મહાવીર શાસન'માં અપાયેલ) 'સાધના' પત્રના તા. ૫ મી જાન્યુઆરીના અંકમાનું **'સરકારી રામાયણ મેળો'**નું લખાણ બતાવી જાય છે. એ મેળાની વિગતો આ પ્રમાણે હતી,- ''૨જી ડીસેમ્બરે ચિત્રકૂટમાં સંત પ્રભુદત્ત બ્રહ્મચારીનું આગમન થયું. જનતાની ઇચ્છા હતી કે રામાયણ મેળાનું ઉદ્ઘાટન તેમના કરકમલો દ્વારા સંપન્ન થાય. મેળાના આયોજકોએ તેઓશ્રીની સંમતિ પણ પ્રાપ્ત કરી લીધેલી. પછી શું બન્યું તે એક સરકારી અધિકારીના શબ્દોમાં જ સાંભળીએ. 'ગઈકાલ સુધી બ્રહ્મચારીજીના હસ્તે જ ઉદ્ઘાટન કરાવવાનું નક્કી હતું. એમની સ્વીકૃતિ પણ લેવાઈ ગઈ હતી. પરંતુ રાત્રે બહુગુણાજીનો વાયરલેસ સંદેશો આવ્યો કે બ્રહ્મચારીના હાથે ઉદ્ઘાટન ન કરાવવું અને એથી તેઓ આ મેળાનું ઉદ્ઘાટન ન કરી શક્યા.' આ સરકારી મેળાનું સમાપન કર્યું. ઉત્તરપ્રદેશના રાજ્યપાલ શ્રી અકબરઅલી ખાએ. ખાસાહેબ રામાયણ કે રામચરિત માનસનો ચોખ્ખો ઉચ્ચાર પણ કરી શકતા ન હતા. તેઓએ 'રામાયણ' નો ઉચ્ચાર 'રામાયના' બનાવી દીધો. બિહારના વિદ્વાન શ્રી ઉમેશ ચૌધરીએ રાજ્યપાલ મહોદયનું ધ્યાન ખેંચ્યું કે સાચો ઉચ્ચાર 'રામાયણ' છે. 'રામાયના' નહિ. મર્યાદા પુરુષોત્તમ રામચંદ્રજીને આ મેળામાં દુનિયાના **'અલી'** જાહેર કરી દેવામાં આવ્યા. રાજ્યપાલ મહોદયના કથનનું ટેઈપરેકોર્ડ પ્રમાણ મોજુદ છે. જનતાને આશ્ચર્ય થયું કે રામાયણના દેવ દેવીઓ **અલી** અને **ઝીણાની** કક્ષાના છે ? આ રામાયણ મેળા માટે પ્રાદેશિક સરકારે પંદર હજારનું અનુદાન જાહેર કર્યું હતું. જ્યારે એનાથી વધુ રૂપિયા રાજ્યપાલ મહોદયના આગમન પાછળ ખર્ચાયા !

રામાયણ મેળાના પ્રથમ ત્રણ દિવસ દરમ્યાન એક પણ સરકારી અધિકારીના દર્શન થતા નહતા. પરંતુ ચોથા દિવસે સરકારી અધિકારીઓની હાજરીથી આખો મંડપ શોભતો હતો એટલું જ નહિ 'રામાયણ મેલા'ના મંચ પરથી રામકથા વિષયક નાટકોના કાર્યક્રમોને રદ કરી 'નહેરૂ યુવક કેન્દ્ર (બાંદા) દ્વારા લગભગ દોઢ કલાક સુધી 'બાપુને કહા થા' ફિલ્મ બતાવવામાં આવી ! સહુને એ વાતનું આશ્ચર્ય થયું

કે સરકાર પાસે રામ કથા વિષયક કોઈ ફિલ્મ હતી કે જેને આ મેળામાં પ્રદર્શિત કરવામાં આવી શકે ? પોદ્દર ઈન્ટર કૉલેજના છાત્રોને મહિનાઓની મહેનતાના અંતે રામ કથા પર આધારિત નૃત્ય-નાટિકાનો કાર્યક્રમ તૈયાર કર્યો હતો. પરંતુ સરકારી નિયંત્રણના કારણે એમનો પુરુષાર્થ કામ ન આવ્યો.

સમાપનના દિવસે (તા. ૩-૧૨-૭૩ના રોજ) સાગરમાં શ્રી પ્રભુદત્ત બ્રહ્મચારી તરફથી માઈક દ્વારા એવું એલાન આપવામાં આવ્યું કે, 'આ સરકારી મેળાનો જનતા બહિષ્કાર કરે અને ઉર્દૂ ભાષાના હિમાયતીઓને કાળા ઝંડા બતાવવામાં આવશે.' પછી તો વાત જ શી પૂછવી ? હાજર રહેલા અધિકારીઓના ચહેરા ઉપરથી રંગ ઊડી ગયો. ચારે બાજુ પોલિસ જ પોલિસ ! પોલિસના ઘેરામાં મેળો સમાપ્ત થયો.

ઉત્તરપ્રદેશની રામપ્રેમી હિન્દુ જનતાના મત જીતવા માટે સરકારે યોજેલા આ મેળાએ શું સિદ્ધ કર્યું એ તો સરકાર જાણે અને બીજી કોંગ્રેસ !''

આમાં દેખાવ ''રામાયણ-મેળો''નો હતો. કેમકે એ નામ પર લોકો ભેગા થાય, પરંતુ આંતરિક ઉદ્દેશ ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં મત મેળવવાના પ્રચારનો હતો એટલે જ ઉપરોક્ત વિગત મુજબ બિચારા કોલેજિયનોએ મહિનાઓની મહેનતથી તૈયાર કરેલ રામકથાનાટિકા ભજવવા પર પ્રતિબંધ અને ''બાપુને કહા થા'' ફિલ્મ પ્રદર્શન દ્વારા ધાર્યો ઉદ્દેશ સક્રિય કરવામાં આવ્યો.

અલબત્ત સરકારે વીર નિર્વાણ, વર્ષની ઉજવણી જૈનોની સમિતિને સોંપી છે. પરંતુ એ સમિતિ શુદ્ધ જડવાદ, હિંસામય અનાત્મવાદ અને વિલાસવાદને વરેલી સરકારના એજન્ટનું કામ કરે એવી ઉજવણીના કાર્યક્રમના મુદ્દા જાહેર થયેલા છે. ઉજવણી ચાલુ થશે ત્યારે ઉપરોક્ત 'રામાયણ-મેળા'ના ફારસની જેમ શ્રી મહાવીર ભગવાનનું તો નામ માત્ર અને એક બે વાક્ય, પણ પછી ભાષણો આધુનિક ગુપ્ત સામ્યવાદ, સુધારાવાદ, ધર્મના આચાર-અનુષ્ઠાનો તથા સાધુઓ પર આક્ષેપ, વગેરે પર ચાલવાની મોટી સંભાવના. વર્ષો પૂર્વે મુંબઈમાં કોન્ફરન્સે એ વખતના મુંબઈ દ્વિભાષી રાજ્યના મુખ્યમંત્રી શ્રી બાળાસાહેબ ખેરને આમંત્રી મહાવીર જયંતી ઉજવેલી એમાં ખેરસાહેબે જૈનસંઘની ખેર કાઢી નાખેલી. આશા રાખીએ કે આ બધા પર વિચાર કરી હજી પણ જૈન મોવડીઓ શ્રી મહાવીર પ્રભુના જીવન-કવનમાં મૂળભૂત અધ્યાત્મ, વિષય વૈરાગ્ય, ત્યાગ, તપ, સંયમ, વિરાટ જિનભક્તિ વગેરેની પોષક જ ઉજવણી કરે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૨,અંક-૩૦,તા.૨૦-૪-૧૯૭૪

● **ભાવનગર :** અત્રે દાદાસાહેબ ઉપાશ્રયે પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ મુમુક્ષુ જવાહર B.Com. ની દીક્ષા અંગે પધાર્યા હોઈ અત્રેના વર્ષીતપના પારણાવાળાઓએ એમના ઉત્સવને શોભાવવા વિનંતી કરી, તેમજ પૂજ્યશ્રીના શ્રીમુખે શ્રી અષ્ટાપદજી પૂજા વિવેચન સાંભળવા માટે ચૈ.વ. ૧૪ રવિવારે ખાસ એ પૂજાનો કાર્યક્રમ રાખ્યો છે, મુંબઈ દાદરવાળા શ્રી રાયચંદભાઈ પણ પોતાનું વર્ષીતપનું પારણું પૂજ્યશ્રીની નિશ્રામાં ઉજવવા કાર્યક્રમ યોજ્યો છે. દાદાસાહેબ મોટા ઉપાશ્રયમાં વ્યાખ્યાનમાં ચિકાર મેદની લાભ લે છે. અને વૈરાગ્ય ઝરતી દેશનાનું શ્રવણ કરતાં આંસુ સારી પોતાના આત્માનું શુદ્ધિકરણ કરે છે. વૈ. સુ. ૭ દીક્ષા પછી પૂજ્યશ્રી તરત વિહાર કરી પાલીતાણા વૈ.સુ. ૧૦ પધારવા વકી છે. ત્યાં વૈ.સુ. ૧૧ થી મેટ્રિક-કૉલેજના વિદ્યાર્થીઓની ધાર્મિક શિક્ષણ શિબિર છે. સ્થળ પાલીતાણા હોઈ, કોઈ પણ કુટુંબ કે ભાવિક પોતાની સગવડ ધર્મશાળામાં રહી શિબિરનાં રોજનાં ૪-૫ પ્રવચનો સાંભળી શકશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૨,અંક-૩૧,તા.૨૭-૪-૧૯૭૪

● **વડોદરા :** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક ચૈત્ર સુદ ૧૩ના દિવસે ગુણાનુવાદ કરવા અત્રેના શ્રી પાંચ પોળ જૈન યુવક મંડળના પ્રમુખ તેમજ કાર્યકર્તાઓએ મંડળ તરફથી પોગ્રામ બહાર પાડ્યો અને મંડળના કાર્યકર્તાઓએ વક્તા તરીકે શિબિર સંચાલક શ્રી કુમારપાળભાઈને નક્કી કરી દીધા. પરંતુ સંઘના કાર્યકર્તાઓ ભેગા થયા અને મંડળના પ્રમુખને બોલાવીને કહ્યું કે "સંઘ મહાવીર જન્મ કલ્યાણકનો પ્રસંગ આયોજન કરી રહ્યો છે માટે તમો મંડળના કાર્યકર્તાઓ સંઘ સાથે સામેલ થઈ જાવ અને તમોએ નક્કી કરેલ વક્તા શ્રી કુમારપાળભાઈને જ મુખ્ય વક્તા તરીકે સંઘ તરફથી અને શ્વે.જૈનો તથા સ્થાનિક દિગમ્બરના સંઘના ઉપક્રમે તેઓશ્રીને આમંત્રણ આપીને બોલાવીશું." આ પ્રમાણે નક્કી થયા મુજબ કુમારભાઈને સંઘે મુખ્ય વક્તા તરીકે લેખિત આમંત્રણ એક માણસને રૂબરૂ મુંબઈ મોકલી પહોંચાડ્યું હતું. જેનો સ્વીકાર તેમને અનિચ્છાએ આગ્રહવશ થવાને કારણે કરવો પડ્યો. ત્યારબાદ તો સંઘે પત્રિકા તથા આમંત્રણ કાર્ડ કઢાવી પ્રચાર પણ સારો કર્યો અને એ દિવસે કુમારભાઈએ ધાર્મિક શિક્ષણ શિબિર અંગેની સારામાં

સારી છાપ ઊભી કરી. બપોરના શહેરના મુખ્ય ટાઉન હોલમાં દોઢહજારની માનવમેદની જેમાં જૈન જૈનેતર સ્થાનકવાસી દિગમ્બર, ખરતગચ્છ, લોંકાગચ્છ, ભાવસાર વિ. જૈન જનતા ઉમટી હતી. સતત પોણો કલાક સુધી કુમારપાળભાઈએ ભગવંત શ્રી મહાવીર સ્વામીની અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ ઉપર પ્રકાશ પાડી ત્રણે તત્ત્વોને ઊંડાણ અને પ્રસંગોથી રસભર છણાવટ કરી હતી. યુવાનોની હાજરી પણ ધ્યાન ખેંચે એવી હતી. વડોદરાનો સંઘ કુમારભાઈનું એકધાર્યું પોણો કલાકનું વક્તવ્ય જ સાંભળી સ્તબ્ધ થઈ ગયો. આગેવાનો અને કાર્યકર્તાઓ પણ આનંદિત બન્યા.

ત્યારબાદ સંઘના પ્રમુખ શ્રી ચંપાલાલજી સંઘવી કુમારપાળનું સુખડનો હાર પહેરાવી જાહેરમાં માનવમેદની સમક્ષ બહુમાન કરવા આવ્યા ત્યારે કુમારભાઈએ હાર પહેરવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો અને જણાવ્યું કે હું ભગવાન મહાવીર સ્વામીના ફોટાની હાજરીમાં હાર ન પહેરી શકું તેમજ હારતોરા હું કદાપિ સ્વીકારતો પણ નથી. સંઘના પ્રમુખ તથા આગેવાનો કુમારભાઈનું આ મંતવ્ય જાણી ઘણાં જ પ્રભાવિત થઈ ગયા. ત્યારબાદ સંઘ પ્રમુખે રૂા. ૧૫૧ નું કવર કુમારપાળને આપવા માટે આવી પહોંચ્યા અને કહ્યું કે સંઘ તરફથી આટલું સ્વીકારો. પરંતુ કુમારભાઈએ તેનો પણ સ્પષ્ટ ઈન્કાર કરતાં કહ્યું કે "હું પણ સંઘનો સેવક છું મારે સંઘના રૂપિયા લેવાના હોય ? કે મારે ઊલટા સંઘને આપવાના હોય ? હું તમારાથી જુદો નથી. તમારામાંનો જ એક છું." આ સાંભળી પ્રમુખ તથા આગેવાનો સ્તબ્ધ થઈ ગયા સંઘના બુઝર્ગ વડીલ શ્રી વાડીલાલ વૈદ્યે કહ્યું કે "મારી જિંદગીમાં મેં ઘણા વક્તાઓ સાંભળ્યા પરંતુ આવો વિવેકી અને જુસ્સાભેર બોલનારો પચ્ચીવરસનો છોકરો વક્તા તરીકે આજે જ જોયો."

રાતના શ્રી પાંચ પોળ જૈન યુવક મંડળ તરફથી સમારંભમાં કુમારભાઈએ જૈન સાહિત્યનો વિપુલ વારસો એ વિષય ઉપર ઘણી રસપ્રદ માહિતી શ્રોતાજનો સમક્ષ રજૂ કરી, સૌને મુગ્ધ કરી દીધા હતા. તેમજ ઉપસંહારમાં જણાવ્યું હતું કે દરવર્ષે યોજાતી યુવક શિબિરોમાં યુવાનોને આવા વિષયો ઉપર અભ્યાસપૂર્ણ માહિતી અને વિગતો આપવામાં આવે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે "અત્રે તો મેં તમારી સમક્ષ જે કાંઈ રજૂ કર્યું તે તો માત્ર સેમ્પલ જેવું છે. એના ગોડાઉન તો શિબિરમાં પૂજ્યશ્રી આચાર્ય ભગવંત અમોને આપે છે."

આમ કુમારપાળભાઈની આ એક દિવસની મુલાકાતથી સંઘ અને મંડળના કાર્યકર્તાઓ એટલા બધા તો પ્રભાવિત થઈ ગયા કે મંડળના સભ્યોએ તો નક્કી કર્યું કે બે દિવસની મુલાકાતે પણ પાલીતાણા યોજાનારી શિબિર પ્રત્યક્ષ નીહાળવી.

● **ભાવનગર :** અત્રેના દીક્ષાર્થી ભાઈ શ્રી જવાહર B.Com. જે વૈશાખ સુદ ૭ દીક્ષા અંગીકાર કરનાર હતા એમના મોટા ભાઈશ્રી રજનીકાન્તનું તાવની બીમારીમાં ચૈત્ર વદ ૧૪ના સવારે લગભગ ૧૦॥ વાગે અવસાન થયું. ભાઈ શ્રી રજનીકાન્તને જવાહરની ધામધૂમથી દીક્ષા અપાવવાના બહુ કોડ હતા. દીક્ષા માટે પૂ.આચાર્યદેવશ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજનો** ભાવનગરમાં ચૈત્ર વદ ૬ પ્રવેશ થતાં પ્રવેશના મંગળપ્રવચન બાદ શ્રી રજનીકાન્તે પોતાના હસ્તે પ્રભાવના વહેંચેલી. એમને 'ભાઈના દીક્ષા વરઘોડામાં હાથી લાવું, ને આ શોભા કરું. ને તે શોભા કરું વગેરે ઘણા કોડ હતા. એમણે પોતાના પિતાજી શ્રી પ્રતાપરાયની સાથે રહીને દીક્ષા ઉત્સવમાં શ્રી સિદ્ધચક્રપૂજન, રથયાત્રા વરઘોડા દીક્ષા વરઘોડો વગેરે કાર્યક્રમ ઘડી દીક્ષાની સુંદર આમંત્રણ પત્રિકા બહાર પાડેલી.

પરંતુ કર્મની મહાવિચિત્રતા કે રજનીકાન્ત ટાઈફોડ તાવમાં પટકાઈ ગયા. એમના પિતાશ્રીએ ડૉક્ટરી ઉપચાર કરાવવામાં કમી ન રાખી, પરંતુ કેમેય તાવ ઊતર્યો નહિ. એમાં બહુ અશક્તિમાં ગ્લુકોઝના બાટલા ચડાવતાં ભારે રીએક્શન આવ્યું. પછી વધુ તપાસમાં આંતરડામાં ચાંદુ ફાટેલું જણાયું. તેથી સર્જન ડૉક્ટરે ઓપરેશન કરવાનું નક્કી કર્યું. ચૈત્ર વદ ૧૪ સવારે પૂ.આ.શ્રી વિજય ચંદ્રોદયસૂરિ મહારાજે ઈસ્પિતાલમાં પધારીને મંગળિક સંભળાવ્યું. ત્યારબાદ પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે પધારીને અમૃતવેલિની સજઝાય તથા મંગળિક સંભળાવી આ કસોટીનો અવસર છે માટે ચિત્તને ખૂબ સમાધિમાં રાખવું. વધુ અસહ્ય પીડા થાય તે નવકાર પણ યાદ ન કરી શકતો હોય તો અરિહંત ભગવાનની મૂર્તિ નજર સામે ચિંતવવી. તેમજ શ્રી મહાવીર ભગવાન અને બીજા ખંધકમુનિ ગજસુકુમાળ વગેરે મહાપુરુષોએ જે ભયંકર સહ્યું છે તેનું આલંબન રાખી સમતાભાવ રાખવો, વગેરે ઉપદેશ આપ્યો. ૧૦ વાગે તો રજનીભાઈને ઓપરેશન હોલમાં લઈ જવાની તૈયારી થઈ ગઈ, સ્ટ્રેચર ગાડી પણ આવી ગઈ, કિન્તુ તૂટીની બૂટી નહિ તે એમનો શ્વાસ એકદમ મંદ પડવા લાગ્યો, અને નવકારમંત્ર સાંભળતાં ૦। કલાકમાં પરલોક સીંધાવી ગયા. ભાવનગરમાં કાળો કકળાટ વર્તાઈ ગયો.

શ્રી પ્રતાપરાયના બીજા બે પુત્રો જુદા ધંધાની લાઈનમાં હતા અને આ સૌથી મોટા પુત્ર રજનીકાન્ત તથા નાના પુત્ર શ્રી જવાહર પિતાની સાથે સાઈકલ સ્ટોર્સની દુકાન ચલાવતા. એમાં જવાહર તો બે વરસથી મોટા ભાગે પૂ. આચાર્ય મહારાજની સાથે રહેતા. હવે એમનું એકાએક નિધન થતાં શ્રી પ્રતાપરાયના માથે મોટી આપદા આવી પડી. સદ્ગતની પાછળ એમની સગર્ભા ધર્મપત્ની તથા એક બાબો ને એક બેબી મહાસંકટમાં મૂકાઈ ગયા. કર્મ દંડવા બેસે છે ત્યારે કશું સારું-નરસું જોવા નથી

રહેતા. ત્યાં માણસનું ધાર્યું શું ઊપજી શકે ? કલ્પના બહારની ઘટના બની ગઈ.

આમ છતાં ધર્મી કુટુંબની બલિહારી છે. પ્રતાપભાઈએ બીજે દિવસે ચૈત્ર અમાસે પોતાના મોટા ભાઈ આદિ કુટુંબીજનો તથા ભાવનગરના સંઘના આગેવાનો શેઠશ્રી ભોગીભાઈ શ્રી પરમાણંદદાસ, શ્રી જયંતીભાઈ વગેરેની સાથે પૂ.આચાર્ય મહારાજ પાસે જઈ વિનંતી કરી કે 'અમારે જવાહરની દીક્ષા ભાવનગરમાં જ ધામધૂમથી કરવી છે, પરંતુ આ બનેલ દુઃખદ ઘટનાથી ઘરમાં સ્ત્રીવર્ગમાં મોટા રજનીભાઈના પત્ની હાલ તરત ભાગ લઈ શકે નહિ, અને જવાહરને ધામધૂમથી દીક્ષા અપાવવાના અભિલાષી છે. માટે હમણાં દીક્ષા મુલત્વી રાખી ચોમાસા બાદ ભાવનગરમાં પધારી દીક્ષા આપવાનું રાખો. 'શ્રી સંઘે પણ પૂજ્યશ્રીને જોરદાર આગ્રહપૂર્વક વિનંતી કરી કે. આવા એક ભાવનગરના જ બી.કોમ.યુવકની દીક્ષા ભાવનગરમાં જ થવી જોઈએ, જવાહર અમારો સંઘનો દીકરો છે, ને આપશ્રીએ જવાહરની દીક્ષા અંગે આખા સંઘનો ઉત્સાહ તો જોયો જ છે. માટે આપશ્રી ચોમાસું ઊઠ્યે જરૂરથી અત્રે પધારો અને દીક્ષા અત્રે જ આપવાનું રાખો. દીક્ષા અત્રે જ કરવાની છે.'

પૂ. આચાર્યદેવશ્રીએ જવાબમાં કહ્યું કે દીક્ષા અંગે વિલંબ કરી રોકાઈ જવું એ આશ્રવ છે. આશ્રવમાં અમારી સંમતિ હોય નહિ. છતાં બનેલા પ્રસંગમાં તરત દીક્ષા માટે અમારો આગ્રહ દબાણ નથી. પ્રતાપભાઈ તથા સદ્ગતના ધર્મપત્નીના ચિત્તને સમાધિ રહે તેમ કરી શકે છે. દીક્ષા હાલ પૂરતી મુલત્વી રહી છે. પરંતુ પૂજ્યશ્રીએ સમજાવેલું કે બનેલ અણધારી દુઃખદ ઘટનાથી ધડો લેવા જેવો છે કે કર્મનો ભરોસો કેટલો રખાય ? કર્મોની ગતિ ન્યારી છે. માટે એની સામે સાધી લેવું.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૨,અંક-૩૪,તા.૧૮-૫-૧૯૭૪**

● **અમેરિકા :** અત્રે ન્યુયોર્ક-ટ્રોયમાં રહેતા ભારતના વતની અમેરિકા જેવા દેશમાં રહેવા છતાં પ્રભુભક્તિ પચ્ચક્ખાણ નવકારજાપ, અભક્ષ્ય ત્યાગ વગેરે સાચવી શકે છે, અને પ્રસંગ આવ્યે કેવી સ્નાત્ર ઉજવણી કરી શકે છે એ નીચેના એમના પત્ર પરથી સમજી શકાય છે.

'...આ દેશના Computer મય જીવનમાં અમારા જેવાનાં જીવન Computer મય બની ગયા છે. (છતાં) હું એટલો સદ્ભાગી છું કે લોકોની જેમ મારું હૃદય હજુ Computer બન્યું નથી. હૈયું ઠેકાણે છે અને શુભ-અશુભના વિવેકનું સંવેદન-

આંદોલન અનુભવે છે. આશ્રવ-સંવરના પ્રત્યાઘાતો શું હોય એ સમજી શકે છે. સવારે ૭ થી ૬ Regularjob સાંજે જમ્યા પછી ૭ થી ૧૦ night job or Class એમ ૧૨ થી ૧૫ કલાક Busy હોવા છતાં રોજ પૂજા અને સાંજે પચ્ચક્ખાણ નવકાર સ્મરણ જાપ વગેરે ચાલુ જ છે.

અત્યારે રાતે ૧૨ વાગ્યા છે, કાલે એ જ કાર્યક્રમ મુજબ સવારે ૭ વાગે ઉઠીને જવાનું છે છતાં ઘણી વાતો લખવાની ભેગી થઈ છે એટલે લખવા બેઠો છું. છેલ્લા મહિનામાં બે મહાન પ્રસંગ બન્યા. અહીંથી ૨૦૦ માઈલ દૂર New Jersey State માં એક દંપતી રહે છે. ભાઈ અમદાવાદના જૈન છે એમના મિસિસ વૈષ્ણવ છે. છેલ્લા વર્ષથી ભાઈને ઘણા વિકટ પ્રસંગો અને હાડમારી ભોગવવાની આવી. એક બે વાર Job છૂટી ગઈ. એક બે વાર મોટરનાં એકસીડંટ થયા. ઘરમાં ચોરી થઈ. Technician તરીકેની Job માં એક બે વખત ઘાયલ થયા. ઘણી અશાંતિ થઈ ગઈ. અમેરિકામાં હજુ મારું ઘર ઘર દેરાસર, કંદમૂળ-અભક્ષ્યત્યાગથી નિરાળું જીવન ઘણે ઠેકાણે પ્રખ્યાત છે. મારું ત્યાગનું પાઠશાળાનું જીવન, શિબિરનું જીવન, ધાર્મિક-શિક્ષણ વગેરે વાતો કેટલાક ત્યાંના અહીં આવેલા મિત્રો જાણે છે. અને હું એ બધું પાળું છું તે પણ જાણે છે. આ ભાઈને બીજે-ત્રીજે ઠેકાણેથી મારા સંબંધી વાતો જાણવા મળી. અમે હજુ પણ અહીં પર્યુષણાપર્વ ઉજવીએ છીએ અને સંવત્સરી પ્રતિક્રમણ કરીએ છીએ અને સમૂહ ભોજન (૨૦૦ થી ૩૦૦ જણાના)માં અમારા માટે કંદમૂળ-અભક્ષ્ય વિનાની રસોઈ અલગ બનાવવામાં આવે છે.

આ ભાઈએ મને ફોન કર્યો કે 'શાંતિ માટે મારી ભાવના સ્નાત્રપૂજા ભણાવવાની છે જો તમે આવો તો.' અમારી તૈયારી હતી.

ત્યાંના દેરાસરોમાં જે રીતે સ્નાત્રપૂજા ભણાવાય એ રીતેની તૈયારી કરવા માંડી. પંચામૃતના પ્રક્ષાલ, અખંડદીવો, ધૂપ, પ્રભુજીને પધરાવવાના, કેસર સુખડથી પૂજા ચોખાના સાથીયા, શ્રીફળ, નાડાછડી આરતી, મંગલદીવો, શાંતિકલશ વગેરે બધું તૈયાર કર્યું. ૨૫ માણસોનો સમુદાય એમના ઘરે ભેગો થયો, તેમાં વૈષ્ણવ પરમાર મિત્રો પણ હતા. પચાસ ટકા જૈનેતર હતા. શનિવારે અમે ત્યાં પહોંચ્યા. રવિવારે સવારે ૧૦ થી ૧ પૂજા અને ૧ થી ૪ જમણવાર હતો. દંપતિ વચ્ચે ચર્ચા ચાલી. ભાઈ જૈન હતા બોલ્યા 'રસોઈમાં પ્રવીણભાઈ-છાયાબેન માટે જુદી બનાવીશું કારણ કે તેઓ બટાટા-કાંદા ખાતા નથી ! એમના વાઈફ વૈષ્ણવ હતા એ બોલ્યા,-ભાર દઈને ભાઈને (પતિને) ચૂપ કરી દીધા, ''આજે તો કોઈના માટે એવી રસોઈ બનાવવાની નથી, તેથી જુદી રસોઈ કરવાનો પ્રશ્ન જ રહેતો નથી.'' બધા માટે

કંદમૂળ વિનાની રસોઈ બનાવવાની, અને બનાવી અને તે પણ સવારે વહેલા ઊઠીને, આગલા દિવસની રાંધેલી નહિ. ભારતમાં આ વાત સામાન્ય લાગે, પણ એ પતિ-પત્ની બેઉ જણા નોકરી કરે અને ૨૫ દેશવાસીઓને જમવા બોલાવે અને એજ દિવસે સવારે પાંચ વાગે ઊઠીને કંદમૂળ વિનાની વેજીટેરીયન રસોઈ બનાવે, અને અસલ સ્નાત્રપૂજા ભણાવે, એ ઐતિહાસિક બનાવ જેટલી અગત્યની બીના ગણાય; અને મારા જીવનમાં અમેરિકામાં સ્નાત્ર ભણાવવાનો આ પહેલો પ્રસંગ બન્યો. કદાચ કોઈએ પણ અહીંની દુનિયામાં અસલ સ્નાત્રપૂજા ભાગ્યે જ ભણાવી હોય ! આટલેથી નહિ. સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધી જરાયે કંટાળ્યા વિના, મશ્કરી કે મજાક વિના ૨૫ જણાએ જાણે ભાવનાશાહી શ્રાવકો-ભક્તજનો હોય એટલું ભાવભર્યું સ્નાત્ર ભણાવ્યું. વિધિપૂર્વક નવકારમંત્ર **'સરસ શાંતિ સુધારસ સાગરં...'**થી શરૂ કરી, **ઘર ઘર હર્ષ વધાવે,** સાત કુસુમાંજલિ, ચૈત્યવંદન, વધામણી, અષ્ટપ્રકારી પૂજા, આરતી મંગળદીવો, શાંતિકલશ, ચૈત્યવંદન, ચત્તારી-મંગલની પ્રાર્થના, ખામેમિ સવ્વજીવે, ઉપસર્ગાઃ ક્ષયં, શાંતિ...સર્વ મંગલ...પ્રભુની જય વગેરે છેક સુધી ભાવનાભર્યું વાતાવરણ સર્જાયું. પ્રતિમાજીને પાછા વિધિ પ્રમાણે લઈ લીધા, અને ૧।। વાગે સમાપ્તિ થઈ. ધોતી અને ખેસ, કપાળે મોટો કંકુનો ચાંલ્લો, ઉપર ચોખા, ખરેખરો હું પૂજારી બની ગયો. આ ત્રણ કલાકમાં હું પાંજરાપોળના દેરાસરોમાં શંખેશ્વરજી, પાનસર, શેરીસા, ભોંયણી, શત્રુંજય વગેરે જ્યાં જ્યાં છેલ્લા ૧૫-૨૦ વર્ષમાં સ્નાત્ર મેં ભણાવ્યા ત્યાં જઈ આવ્યો. પાઠશાળાના બાળકો વચ્ચે, શિબિરના વિદ્યાર્થીઓ વચ્ચે પ્રભાવક મંડળના સભ્યો વચ્ચે, અનેક અઠ્ઠાઈ-ઓચ્છવના પ્રસંગો જ્યાં જ્યાં જ્યારે જ્યારે સ્નાત્ર ભણાવેલ તે બધા ચિત્રો મારી નજર સમક્ષ ખડા થયા. અમેરિકાની દુનિયામાં તો ઠેઠ ૧।। વાગે પાછો ફર્યો. મારા આનંદની ભક્તિની સીમા ન રહી આયોગિક જીવનમાં ૩૬૫ દહાડા આશ્રવના વરસાદમાં રહેનારાને કોઈના નિમિત્તે મહાન કલ્યાણકારી ભાવવાહી સ્નાત્ર પૂજા-અષ્ટપ્રકારી પૂજા, ૨૫નાં સમુદાયમાં પ્રભુની નિશ્રામાં ભણાવવાની મળી. સુંદર વિવિધ રાગે ગાવા મળી એ અરણ્યમાં ભટકતા ભૂલા પડેલા મુસાફરને પગથી મળી જવા બરાબર છે, તરસ્યાને પાણી મળ્યા બરાબર આત્મશાંતિ મળી. પેલા દંપતિના હાથે પૂજાની વિધિ કરાવાઈ. સૌને આનંદ થયો ભણાવાયેલી આખી સ્નાત્ર પૂજાની ટેપ થઈ વચ્ચે વચ્ચે પૂજા વિધિના ફોટા લેવાયા. આ સ્નાત્ર પૂજાની વાત ત્યાં આગળ ફેલાવા માંડી. અહીંથી ૨૦૦ માઈલ દૂર બીજી દિશામાં 'સીરેકયુશ' ગામમાં મને આમંત્રણ મળ્યું. એક જૈન ભાઈ (બે બાળકોનું ફેમીલીવાળું) તેમણે આમંત્રણ

મોકલાવ્યું. એમણે ૩૨૦૦૦ ડોલરમાં નવું ઘર ખરીદ્યું અને વાસ્તુ નિમિત્તે પહેલું રસોડું શરૂ કરતા પહેલા સ્નાત્ર પૂજા ભણાવવાની ભાવના થઈ. તેમના વાઈફ થોડું ઘણું જાણતા હતા અને વધુ ધાર્મિક લાગણીવાળા હતા. ભાઈ સ્થાનકવાસી બેન મૂર્તિપૂજક શ્વેતામ્બર બંને બાળકો ધાર્મિક વૃત્તિવાળા. આમ તો કંદમૂળ વગેરે ખાય પણ આ દિવસે તેમની ઇચ્છા ન હતી. અને અગાઉથી બધાને ચેતવણી આપેલી કે આશાતનાવાળા બેનોએ આવવું નહિ. આ બાબતમાં હું જરા કડક છું એવી છાપ બધે પડી ગઈ છે. જૈન ધર્મની વાતો કે વિધિને જરાક પણ મજાકમાં લેવામાં આવે તેને હું પણ M.A. (ડબલ એમ.એ.) ભણેલો છું છતાં એટલી જ શ્રદ્ધાવાળો છું કારણ કે અર્થ-ભાવાર્થ સમજું છું અને દલીલોથી તેને સમજ પાડું ત્યારે તેના વિચારોમાં અમુક પરિવર્તન આવે.

પહેલા પ્રસંગ કરતાં આ પ્રસંગ વધારે દીપી ઊઠ્યો. કારણ કે ફેમીલી જૈન અને પૈસાદાર હતું તેથી તેમના ઘરમાં ચાંદીના કળશો, દીવી, આરતી-મંગલ દીવો વગેરે હતું. બધા સાધનો અને વસ્તુઓ વસાવવા પાછળ તેમણે ખર્ચ સારો કર્યો. પ્રભાવના સારી કરી બધાને જમાડ્યા. બંને બાળકોએ કળશ અને કુસુમાંજલિની થાળી લઈને મોઢું બાંધીને પ્રભુજી પાસે ઊભા રહીને વિધિ કરી. વિધિ થઈ. જૈનેતરોમાં એક માન્યતા હતી, ખાસ વૈષ્ણવોમાં કે જે ત્યાં આવેલા તે પૂજા એટલે અભિષેક બ્રાહ્મણો શ્લોકો પટાપટ બોલી લગ્નની વિધિની જેમ પતિ-પત્નીની પાસે પૂજા કરાવી લે. પૂજા એટલે અભિષેક કુસુમાંજલિ, ચોખા વધાવવા આરતી-મંગલદીવો શાંતિકળશ, નમન, સંગીત વગેરેના વાંજિત્રો તે અમારી પાસે તબલા, ખંજરી, મંજીરા વગેરે છે વિવિધ રાગણીવાળા ભક્તિ પદો સમજાય એવા ભાવવાહી અર્થો આ બધું અહીં જોઈને તાજ્જુબ થઈ ગયા. ઘણા આમંત્રણો મને ભવિષ્ય માટે મળ્યા. હજુ દિવસ નક્કી નથી થયા. અહીં સ્નાત્ર પૂજા વચ્ચે વચ્ચે હું અર્થ સમજાવતો હતો. જન્માભિષેક-દેવોનો ઓચ્છવ, મેરુપર્વત ઉપર કરોડો દેવોના જુદા જુદા તીર્થોના પાણી વડે અભિષેક, માતાને ચૌદ સુપન, વગેરે વગેરે અહીં પણ અષ્ટપ્રકારી પૂજા વગેરેનો અમને લાભ મળ્યો આ ઉપરાંત સંબંધ ગાઢ બન્યો.

અમે લોકો મુંબઈથી સ્નાત્ર પૂજાના સાધનો, સ્નાત્ર પૂજાની ૨૫ જેટલી ચોપડીઓ મંગાવી રાખી છે અને એટલી જ પવિત્રતા જાળવીને જરા પણ આશાતના કે અવિધિ ન થાય તેની બરાબર તકેદારી રાખીને શક્ય એટલીવાર સ્નાત્રપૂજાનો ઉત્સવ ઉજવવાની ભાવના રાખીએ છીએ કારણ કે સારી પ્રવૃત્તિ ગણાશે અને એ રીતે જૈનધર્મની વાતો વધારે પ્રચારમાં થઈ શકશે. અત્યારે લગભગ પોણો વાગ્યો છે.

બે કુમારિકાઓનો ભવ્ય દીક્ષા મહોત્સવ

• **પિંડવાડા** : પિંડવાડાનગર એટલે સ્વ.પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પાવન જનમભોમ. પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે પિંડવાડાનું ધાર્મિક સૌંદર્ય ઉત્તરોત્તર અજબ વિકસતું ચાલ્યું. પ્રવ્રજ્યાના પુનિત પંથે પણ ભવ્યાત્માઓ પ્રયાણ કરતા રહ્યા છે. વૈશાખ સુદ ૭ ના બે બાલબ્રહ્મચારિણી કુમારિકાઓનું પ્રવ્રજ્યાપંથે મંગળ પ્રયાણ થયું. એક શ્રી વિમલાકુમારી તે સ્વ.પૂ. સૂરિદેવની સાંસારિક સંબંધે ભાણેજી, અને શા. છોગાલાલજી તથા લસીબેનની સુપુત્રી ઉં. વર્ષ ૧૮ એ હવે પોતાના ભાઈ મુનિશ્રી વીરરત્ન વિ.મ.ના પગલે ચાલી. એની ૧૧ વર્ષની ઉંમરથી સંયમગ્રહણની મંગળ ભાવના, તેને ઉપધાન, ૩ અઠ્ઠાઈ, ૭ નવપદ-વર્ધમાન આંબેલ તપ ઓળી, ૪ પ્રકરણ-૩ ભાષ્ય-કર્મગ્રંથ-ક્ષેત્રસમાસ આદિ અધ્યયન, સંમેતશિખર આદિ તીર્થ સ્પર્શનાથી ૭ વર્ષે સિદ્ધિ સાંપડી. બીજી શ્રી સુંદરકુમારી (ઉં.વર્ષ ૧૯) તે શા. છોટાલાલજી પાનીબેનની સુપુત્રી; ઉપધાન, સંસ્કૃત ૧ લી બુક, પ્રતિ૦ સૂત્રોનું અધ્યયન, સંમેતશિખરજી આદિ તીર્થયાત્રાઓ વગેરે દ્વારા જીવનને સંયમ માટે યોગ્ય બનાવ્યું.

બંનેના માતાપિતાએ દીક્ષામહોત્સવ-શાંતિસ્નાત્ર નક્કી કરી, પૂ.આ. શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી વિનંતી કરતાં દીક્ષા માટે પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરિજી મ.ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્ર વિજયજી મ. પૂ. મુનિશ્રી વીરરત્ન વિ.મ. આદિ પરિવાર સહ અત્રે સસ્વાગત પધાર્યા. પૂજ્યશ્રીના રોચક પ્રવચનો ચાલ્યા સંઘમાં ઉત્સાહની ભરતી ચડી. ચૈત્ર વદ ૧૩ થી અઠ્ઠાઈ મહોત્સવ ચાલુ થયો. વૈ. સુદ ૩ શાંતિસ્નાત્રમાં વિશાળ હોલ ચિક્કાર ભરાઈ ગયો. ઉપરાંત લોકોને બહાર બેસવું પડ્યું. શા. છોગાલાલજી પૂનમચંદજી તરફથી પ્રભાવના થઈ. સુદ ૪ પૂ. શ્રી નાં પાવન-પગલાં બંને દીક્ષાર્થીઓને ત્યાં ધામધૂમથી કરાવાયાં. તથા સાંજે દીક્ષાર્થીઓના મામા તરફથી વરસીદાન વરઘોડો નીકળેલ. માતાપિતા તરફથી સુદ ૫ વરસીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો. માનવમેદની અણગણ ઉલટેલી. દીક્ષાર્થી બેનો છુટ્ટે હાથે વરસીદાન ઉછાળ્યે જતી. રાત્રે સંઘ તરફથી એમને માનપત્રનો મેળાવડો અદ્‌ભુત થયો. ચઢાવો બોલીને દીક્ષાર્થીઓ તથા એમના માતાપિતાને તિલક માળા અને અભિનંદન પત્ર અર્પણ થયું. માતાપિતાઓએ મહાવીર સેવા મંડળને રૂા. ૨૫૧ ભેટ કર્યા. બેનોએ પોતાને વૈરાગ્ય શી રીતે થયો તેનું સુંદર બયાન કર્યું. મેળાવડો રાત્રે ૧૧॥ વાગે પૂર્ણ થયો.

વૈ. સુદ ૭ બંને બેનોને 'ઉગ્યો ઉગ્યો રે સુરજ આજ સોનાનો' કુમારી વિમળા ઝગારા મારતા વેશ અને મુગટ સાથે વડીલોના આશીર્વાદ લઈ ગળામાં ૨૦૧ રૂા.ની નોટોની માળા સાથે સુશોભિત જીપકારમાં બેસી વરસીદાન ઉછાળતા ઉપાશ્રય પાસે આવ્યા. બેનના ભાણેજ દિનેશકુમારે ઉત્સાહિત બની બેનને ઉપાડી લીધા અને ઉપાશ્રયમાં લાવ્યા. ભાઈઓ શ્રી રમેશ-રણજીત જયંતિલાલે બેનને પંખા વીંજી દિલમાં ઉત્સાહને વાચા આપી. હિંમતભાઈ ચંપકભાઈએ પણ આ કાર્યક્રમમાં ભારે જહેમત ઉઠાવેલી. આ તરફ સુંદરકુમારી પણ ઠાઠ સાથે આવી પહોંચ્યા. ગુરુ પૂજન કાંબળી વહોરાવવાનું કર્યા બાદ દીક્ષા ક્રિયા શરૂ થઈ. બંનેના પિતાઓએ ગુરુદેવને ઓઘો વહોરાવ્યો. તે પૂ. શ્રી દ્વારા દીક્ષાર્થીઓને અર્પણ થતાં બંને હર્ષોલ્લાસથી નાચી ઊઠ્યા. બાકી ઉપકરણોનો ચઢાવો બોલાતાં રંગ ચડતો ગયો. નહિ ધારેલી ઉપજ થઈ. બંને સ્નાનમુંડન પછી સંયમના વેશમાં આવતાં બેન્ડનાદ જય જયકારોથી વાતાવરણ ગાજી ઊઠ્યું. બંનેના મુખ પર તેજ-આનંદના અબીલ-ગુલાલ ઊછળતા હતા. પછી લોચ આદિ ક્રિયા બાદ સુંદરકુમારીનું નામ સાધ્વીજી શ્રી સૂર્યપ્રજ્ઞાશ્રીજી, વિમળાનું નામ સાધ્વીજી શ્રી વિશ્વપ્રજ્ઞાશ્રીજી રાખી સા.શ્રી કિરણપ્રજ્ઞાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યા. બાદ કપડા કાંબળી વહોરાવવાનો વરસાદ વરસ્યો. બંનેના પિતા તરફથી પિંડવાડા સંઘમાં ૪૦૦ ઘરમાં ઘર ઘર ૦॥-૦॥ કિલો બુંદીની પ્રભાવના થઈ.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" વર્ષ-૨૨,અંક-૩૭,તા.૮-૬-૧૯૭૪

મુંબઈમાં સ્વ.સિદ્ધાંતમહોદધિ પૂ.આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના ગુણાનુવાદ.

(પરમશાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આચાર્યદેવશ્રી વિજય રામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં મુંબઈ શ્રીપાલનગરમાં પૂ.ગુરુદેવશ્રી સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેસૂરીશ્વરજી મહારાજની **છઠ્ઠી વાર્ષિક** સ્વર્ગારોહણતિથિ, વૈશાખ વદ ૧૧ના રોજે હિન્દી સાહિત્યરત્ન કવિશ્રી જગુરાજ રાઠોડે સ્વ.પૂ.શ્રીના ગુણાનુવાદ હિન્દી ભાષામાં રજૂ કર્યા હતા, તે ક્યાંક સંશોધિત કરી નીચે આપવામાં આવ્યા છે.)

'એક બાર એક ગાંવ જા રહા થા, રાસ્તા ભટક જાને સે જિસ ગાંવ જાના થા, વહાં પહુંચ નહીં સકા. રાત હો ચલી થી, અન્ધેરે મેં ચલના ઉચિત નહીં થા.

એક દૂસરા ગાંવ આયા. રાતભર ઠહરને કે વિચારસે એક અચ્છા મકાન દેખ કર મૈં રુક ગયા. પૂછા, 'મેં રાહ ભૂલ ગયા હૂં, રાત ભર આપકે મકાન મેં વિશ્રામ કરના ચાહતા હું.'

અજનબી કો દેખ કર ઘર કે સબ સદસ્ય એકત્રિત હો ગએ. કૌન હો ? ક્યા કામ કરતે હો ?'

મૈંને કહા- 'સાહિત્યકાર હું. લિખને પઢને કા કામ કરતા હું.'

તબ તો 'ભલે આદમી હો, કવિતા-ગીત સુનાઓંગે ?' -કોલેજિયન લડકા બોલા.

'કિન્તુ મુઝે તો કહાની પસંદ હૈ' -ઉનકી લડકી બોલી.

'મૈં તો ગંભીર વિષય પસંદ કરતા હું, જૈસે દર્શન શાસ્ત્ર ! પ્રોફેસર સાહેબ બોલે.'

'કુછ હમારે લિએ ભી ધર્મ-કથા હો જાયગી ?' માલકિન બોલી.

'કાકા હમારે લિએ ?' બચ્ચે બોલે.

'પણ આ તો બધું હિન્દીમાં બબડશે, મારા પલ્લે કાંઈ નહીં પડે, મારે તો ગુજરાતી ભાષા જોઈએ.' કોઈ મહેમાન બોલા.

ઉન સબકી અલગ અલગ ફરમાઈશો કો સુનકર મૈં વિચાર મેં પડ ગયા. કિસી કો નારાજ કરને કી ઈચ્છા ન થીં. થોડી દેર બાદ બોલા.- ''અચ્છા મેં આપ સબકી ઈચ્છા પૂરી કર ને કી કોશીશ કરુંગા.''

ગુજરાતી ભાઈ બોલ્યા-મારી પણ ?

હાં, હાં, 'તમારી પણ.'

'ત્યારે સારું, તમો ભલે એક નહીં પણ બે દિવસ વિશ્રામ કરો.'

ઔર વે સબ ગોલા બના કે બૈઠ ગએ. મૈંને ભી સૂનાના પ્રારંભ કિયા.

પિંડવાડે કા પ્રેમચંદ, સોયા થા એકાકી;
રાત ઢલતી જા રહી પર નિદ્રા થી બાકી કી બાકી.
ચૈન દિન કા ખો રહા થા, યાદ કિસકી થી સતાતી;
ચાહતે આરામ લૂં, પર ધ્વનિ કોઈ અંદર સે આતી ।
અન્તર ધ્વનિ સૂનને કે લિએ રખા દિલ પર હાથ.
મુખ કમલ મુસ્કરા ગયા, 'પ્રભુ કરશે હવે સનાથ'
માતા પિતા આજ્ઞા નહીં દેંતે, ધુન હૈ સંયમ લેને કી;
ભવ સાગર મેં નૈયા ગુરુવર, દેર ક્યોં ક્યોં ખેને કી ।

એક તરફ બાલક પ્રેમચંદ કે મનમેં રાત કે સમય જબ ઐસી ઉથલ-પુથલ મચી હુઈ થી, તો દૂસરી તરફ પિતા ભગવાનદાસ ભી કલ્પના કે મહલ બનાને મેં લગે હુએ થે. વે સોચ રહે થે,-

'દુલ્હન કી ડોલી આએગી, ઘર મેં બજેંગે બાજા,
હર્ષ મનાએ ખૂબ ખાએંગે દૂધ ઔર ઘી તાજા,
પર બાલક કે કમરે કી ઘટના સૂને, કી
-બિસ્તર સે બાલક વહ ઉઠા, દ્વાર કા કુંડા ખોલા;
દબે પાંવ વહ બહાર ગયા, સાથ મેં બસ એક ઝોલા.'

કવિ કહતા હૈ કિ-

સિદ્ધાચલ સિદ્ધિનો મારગ, જેને વ્હાલો લાગે છે.
પ્રેમચંદ તે પ્રેમ પથિક બની, પાંવ ઉઘાડે ભાગે છે;

માતાપિતાની મમતા છોડી, છોડી ઘરની માયા,
રમણી સંગે રમવા કરતા, ભેગ જોગીના ભાયા... સિદ્ધા૦
હજી ઉમ્ર તો સત્રહની છે, જ્ઞાની ના મન સત્તાવન,
પિંડવાડાના પ્રેમચંદને થવું પતિતથી પાવન...સિદ્ધા૦
ભાગ્યો ભાગ્યો એવો ભાગ્યો, દિવસમાં છત્રીસ મીલ;
ધ્યેય માત્ર છે મ્હારે ન્હાવું શત્રુંજયની ઝીલ...સિદ્ધા૦
ઉધર જબ ઘર મેં સુબહ લોગ ઉઠે તો બાલક
પ્રેમચંદ કો ન દેખ કર માતા કહને લગી.-
માતા કહેતી હાય રે મેરા, ભાગ્ય બડા હી ખોટા;
દિખા-દિખા કર લાભ અંત મેં, આ પડતા હૈ ટોટા...સિદ્ધા૦
બાલક ૩૬ મીલ ચલને કે બાદ સ્ટેશન પહુંચા ઔર
રેલ મેં સવાર હુઆ,-

ચલ મેરી ગાડી તું ગુજરાત,

સૂરજ વહીં મિલેગા મેરા, હોગી વહીં પર ભાત;
મરુધર મોરા છુટ્યા જાએં, જ્યોં અંધિયારી રાત...**ચલ મેરી૦**
અપની ધુન કી પક્કી ગાડી ધુન કા પક્કા પ્રેમ,
બાધાઓં કો ચીરે જા રહે, એક ગાડી એક પ્રેમ;
બાદલ દૂર હો ગએ ગગનસે રુકી નૈન બરસાત...**ચલ મેરી૦**
શોર હુઆ ડિબ્બે મેં, આયા ટેશન પાલિતાણા;
દાનસૂરીશ્વર જહાં બિરાજે, મુઝે વહીં હૈ જાના.

સિદ્ધાચલ સિદ્ધિનો મારમ જેને વહાલો લાગે છે;
પ્રેમચંદ તે પ્રેમ પથિક બની પાંવ ઉઘાડે ભાગે છે.

સત્તાવન કા સાલ થા, કાર્તિક વદ છઠ્ઠ દિન,

સિદ્ધગિરિ કે ક્ષેત્ર મેં, જહાં હુએ સિદ્ધ અનગિન.
અબ કી નહીં લોટૂ ગુરુ, બાર તીસરી યહ;
જય જાને ઉર કી વ્યથા, જલ બિનુ મછલી યહ ॥
ગુરુશ્રી દાનસૂરીશ્વરને બાલક કી તીવ્ર ઉત્કંઠા દેખ કર દીક્ષા દે દી ।
ભગવાનદાસ કો છોડકર, હો ગએ દાન કે પૂત;
કંકુબાઈ નામ થા ઉસકા જિસકે યે થે સપૂત;
પાલિતાણા કે ગ્રામ મેં, સિદ્ધગિરિ કી છાયા,
પ્રેમચંદ તો પ્રેમવિજય બન, મુનિ ભેખ મેં આયા ॥
મંગલં વીરા વ ગોયમ, મંગલ શ્રી સંઘમેં ।
મંગલ કરો, મંગલ ભરો. ઈસ મોહમય રસ રંગ મેં ॥
દીક્ષા કી મંગલ ક્રિયા સમાપ્ત હુઈ.
ગુરુ શિષ્ય ઉપાશ્રય મેં બૈઠે હુએ હૈ-

આચાર્ય દાનસૂરિજી પ્રેમવિજય સે પૂછતે હૈ-

તો રે નન્હે નન્હે દિલમેં;
તેરે નન્હે નન્હે મન મેં,
કૈસી ભાવના જાગી, કૈસી ચેતના જાગી ?
બાલક બન ગએ જો વૈરાગી ? ચેલે બન ગયે જો વૈરાગી ?

પ્રેમવિજય બોલે-

મેરે મનમેં ઉદિત હુઆ, મૈં ભી કુછ કર દિખલાઉં,
જિસ ભૂમિ પર ઘાસ ન ઉગે, કેશર મૈં ઉગવાઉ;
ઐસી પ્રતિમા દેખ કર અચરજ હુઆ થા ઉનકો,
સિદ્ધાંત-મહોદધિ પદ દિયા, સ્વ હાથોં સે ઈનકો ।
ફિર બોલે ભુજદંડ ઉઠાઓ, પ્રેમ વિજય તુમ અપના.
દીક્ષા કી શિક્ષા કા મેરા, સપના રહે ન સપના;
ફુંકી એંસી બિ ગુલ કી ભડકી, પ્રવ્રજ્યા કી આંધી,
જહાં ન જમતી ઘાસ, સૂરિ ને કેશર જમવા દી,
સિદ્ધાચલ સિદ્ધિનો મારગ જેને વ્હાલો લાગે છે.
પ્રેમસૂરિ તે પ્રેમ પથિક બની, પાંવ ઉઘાડે ચાલે છે.

• • •

ફિર તો એસે એસે લાલ સમાજ કો દિએ કિ-
લાલી તેરે લાલ કી જિત દેખો તિત લાલ,
લાલા દેખન જો ગયા, વહ ભી હો ગયા લાલ;
શાયદ દો સૌ વર્ષ મેં, હુઆ ન ઐસા કમાલ,
તીન સો મોતી કી માલ કા, એક પ્રેમ પ્રતિપાલ.

ઉન કે જ્ઞાન ઔર સહન શક્તિ કે બારે મેં કવિ કહતે હૈ-

કર્મગ્રંથ કે કર્મ કો, લિયા કર્મ મેં ઢાલ;
કર્મગ્રંથ કે જાલ કા, જગ મેં બિછાયા જાલ;
જદપિ ઉમ્ર છત્તીસ સે, રોગ લગા 'વા' કા,
કર્મગ્રંથ કે જ્ઞાન સે રોગ હરા 'વા' કા.

-ઉન કી સબ સે બડી દેન જો બડી દુર્લભ હૈ ઉસ કે બારે મેં-

સબ સે બડી જો દેન હૈ, ઉન કી વહ અનમોલ,
ઉસ કી ક્યા કીંમત કરેં બોલ કવિ કુલ બોલ.
એક ઔર જગ કી નિધિ, એક ઓર સૂરિ રામ;
પલડા (પલ્લા) નીચે હી રહે, ચઢે દામ પર દામ;
એક બીજ સે હો ગએ, પત્તે કંઈ હજાર;
એક સંત સે હો ગએ, સમકિતી કઈ હજાર.

- અંતિમપદ સૂનિએ

કર્મ કી 'નો બેલેન્સ' હો તબ, જીવ ધરે કયું કાયા,
મુક્તિ કે સોપાન સે ઉન્હેં નિમંત્રણ આયા;
દો હજાર ચોવીસ મેં, યહી આજ કા દિન;
ચઢતી નિશા મેં હો ગયા, ઉનકા દેહ વિલીન;
હર ખંભાતી રો પડા, કસકર પડા તમાચા;
કુદરત ભી વિચલિત હુઈ નગર કા બદલા ઢાંચા;
એક બાત અચરિજ હુઈ, બોલ કવિ વહ બોલ;
'વીર વીર ખમાવું છું' કહ ગુરુ ને બદલ ચોલ;
નિયામણા જિસ ભાંતિ સે કઈયો કો થી કરવાઈ,
વહ અંતિમ આરાધના સ્મૃતિ મેં લૌટ કે આઈ
પાર્થિવ દેહ ચલા ગયા, રહ ગઈ કેવલ યાદ;
હમ ભંવરો કો મિલા નહીં, ઉસ સુમન કા સ્વાદ.

આમોદના આંગણે છેલ્લાં સો એક વરસમાં પહેલ વહેલો ઊજવાયેલ ભવ્ય દીક્ષા મહોત્સવ

સાયણના (જિ. ભરૂચ) શાહ જયંતીલાલ છોટાલાલની સુપુત્રી બાળકુમારિકા શ્રી પુષ્પાબેન (ઉં. ૨૩) તથા શાહ નવલચંદ છોટાલાલની સુપુત્રી બાલકુમારિકા શ્રી હર્ષાબેન (ઉં.વ. ૨૧)નો દીક્ષા મહોત્સવ સુંદર રીતે ઊજવાયો. બંને બેનોનો વ્યવહારિક અભ્યાસ S.S.C. ધાર્મિક અભ્યાસ પંચપ્રતિક્રમણ, નવસ્મરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, તત્ત્વાર્થસૂત્ર, જ્ઞાનસાર, વીતરાગસ્તોત્ર તથા યોગશાસ્ત્રાદિનો.

તે નિમિત્તે વૈ.સુ. ૨ થી વૈ.સુ. ૧૦ સુધી શ્રી સિદ્ધચક્રપૂજન સહિત અઠ્ઠાઈ મહોત્સવ તેઓના કુટુંબ તરફથી પોતાના ગૃહ આંગણે બાંધેલા વિશાળ ભવ્ય મંડપમાં ઊજવાયો. દીક્ષા વિધિ પણ નાણ સમક્ષ ત્યાં જ થઈ. તે પૂર્વે વૈ.સુ. ૩ ના નૂતન ભરાવેલ શ્રી શાંતિનાથ ભગવંતની ચોવીશીનો દીક્ષાર્થી બેનોના શુભ હસ્તે ધામધૂમથી પંચના દહેરાસરે પ્રવેશ કરાવાયો. વૈ.સુ. ૫ ના શ્રી સંઘ તથા વિવિધ સંસ્થાઓ તરફથી દીક્ષાર્થીઓનું બહુમાન કરાયું. વૈ.સુ. ૯ ના રોજ શ્રી સિદ્ધચક્રપૂજન પાઠશાળાના માસ્તર રમણલાલ સી. શાહે ઠાઠથી ભણાવ્યું. વૈ.સુ. ૧૦ના સવારમાં કુ. હર્ષાબેનનો વરસીદાનનો બેન્ડ, વિકટોરીયા સહિત ભવ્ય વરઘોડો તેઓના ગૃહઆંગણેથી ચઢ્યો. બજારમાં આખા રસ્તે માનવ મેદની દર્શન કરવા જમા થઈ હતી.

પ.પૂ.પં. શ્રી પ્રમોદચંદ્ર વિજયજી મ.સા.ના વરદ હસ્તે દીક્ષા પ્રદાન વિધિ સુંદર રીતે થઈ. નામ હિતજ્ઞાશ્રીજી જાહેર કરાયું. તે દિવસે નવકારશી જમણ થયેલ.

અનિવાર્ય સંજોગે કુ. પુષ્પાબેનની દીક્ષા વૈ.વ. ૨ ના રોજે થઈ. નામ પ્રિયજ્ઞાશ્રીજી જાહેર થયું. બંને દીક્ષિતો પૂ. સાધ્વીજી મ. શ્રી કલ્પલતાશ્રીનાં શિષ્યાઓ જાહેર કરાયા.

વૈ.સુ. ૯ તથા વૈ.સુ. ૧૦ બે દિવસોએ જૈન ભાઈઓએ પાખી પાળી હતી. શ્રી સંઘમાં તથા આખા ગામમાં જૈનેતરોમાં પણ અપૂર્વ આનંદ-ઉત્સાહ હતો.

સાયણવાળા કુટુંબ તરફથી વિવિધ સંસ્થાઓને આભાર માનવા સાથે સારી

રકમોની ભેટ તથા ત્રણેય દહેરાસરોને સાધારણ ખાતે ભેટ આપવામાં આવેલ.

● **પાલીતાણા :** ધાર્મિક શિક્ષણ શિબિર પૂર્ણ થયા બાદ પૂ. આ. શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ,** અમલનેરથી ૨૫૦ યાત્રિકોનો સંઘ લઈ આવનાર શેઠશ્રી ખેતમલજી ગેનમલજીની પૂજ્યશ્રીના વરદ હસ્તે તીર્થમાળ પહેરવાની તથા પૂજ્યશ્રીના શ્રી મુખે શ્રી અષ્ટાપદજીની પૂજા સાંભળવાની આગ્રહભરી વિનંતીથી રોકાયેલ. જેઠ સુદ-૪ યાત્રાસંઘ આવતાં પૂજ્યશ્રીને સામૈયા સાથે મહારાષ્ટ્રભવનથી હરિવિહારમાં લઈ ગયેલ. બપોરના શ્રી અષ્ટાપદજીની પૂજા અર્થે વિવેચન સાથે ભણાવાઈ. સુદ-૫ ગિરિરાજ પર તીર્થમાળા પહેરવાની વિધિ થઈ. કલકત્તાથી શ્રી સિદ્ધાચલજી મહાયાત્રા સંઘની સામે પૂજ્યશ્રી મોખડકા મુકામે પધાર્યા, ને ત્યાં પૂ. આચાર્યદેવશ્રી વિજય વિક્રમસૂરીશ્વરજી મહારાજના આગ્રહભર્યા આદેશથી સંઘને તીર્થયાત્રા જિનભક્તિ વગેરે પર પ્રવચન આપ્યું. પછી સંઘ સાથે પૂજ્યશ્રી પાલીતાણા પધાર્યા. તીર્થમાળા આરોપણ પછી જેઠ સુદ-૧૪ પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે સપરિવાર કુંડલા તરફ ચાતુર્માસ અર્થે વિહાર કર્યો. જેઠ વદ-૭ કુંડલામાં પ્રવેશની ધારણા છે. શાનદાર પ્રવેશ સ્વાગતની શ્રી કુંડલા સંઘ તડામાર તૈયારી કરી રહેલ છે.

● ● ●

● **મુંબઈ-દાદર :** અત્રે આરાધના ભવનમાં સ્વ.પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની વૈ.વ. ૧૧ સ્વર્ગારોહણ તિથિની ઉજવણી સુંદર થઈ. આ પ્રસંગ માટે સંઘની વિનંતીથી પધારેલા પૂ.પં. શ્રી જિનેન્દ્ર વિજયજી મ.ની નિશ્રામાં સવારે ૮ વાગે દર્શનયાત્રાનો વરઘોડો નીકળ્યો. શણગારેલી ગાડીમાં સ્વ. પૂ. શ્રીનો સુંદર મોટો ફોટો પધરાવેલ. બેન્ડ વાજા સાથે મોટી સંખ્યામાં સાજન સ્વ.પૂ. શ્રીનો જય જયકાર બોલાતું આરાધના ભવને આવ્યું. ત્યાં તરત જ ગુણાનુવાદની સભા થઈ મા. વેલજીભાઈએ સ્વરચિત સુંદર ગીત ગાતાં સ્વ.પૂ. આચાર્યદેવશ્રીના અમાપ ઉપકાર અને ગુણભંડાર સાંભળી શ્રોતાજનો ગદ્‌ગદ થઈ જતાં એમની આંખો અશ્રુભીની બની ગયેલ. શ્રી તલકચંદભાઈ, શ્રી કાન્તિભાઈ ઘેલાભાઈ વગેરે પોતાના અનુભવોના પૂ.શ્રીના અથાગ ઉપકારના પ્રસંગો વર્ણવેલ. પૂ.પં. શ્રી જિનેન્દ્ર વિજયજી મહારાજે પૂ. આચાર્યદેવશ્રીના સંયમ તથા અદ્‌ભુત ગુણગણ, મુનિઓના સંયમાદિ પ્રત્યેની કાળજી વગેરેનું રોચક વર્ણન કરેલ. બપોરે જ્ઞાનમંદિરમાં મોટી પૂજા તથા મંદિરમાં પ્રભુજીને ભારે અંગરચના થયેલ.

● **અમદાવાદ :** ઉસ્માનપુરામાં સ્વ. પૂ. આચાર્યદેવો શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ. અને શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની એક જ સ્વર્ગતિથિ વૈ.વ. ૧૧ હોઈ, તે નિમિત્તે અત્રેની શ્રી સંભવનાથ જૈન પાઠશાળાના ઉપક્રમે ઉજવણી થઈ. પૂ.આ. શ્રી વિજય પ્રભવચંદ્ર સૂ. મ. તથા પૂ.મુ. શ્રી હેમપ્રભ વિજયજી મહારાજે બંને સ્વ. પૂજ્યશ્રીના ગુણાનુવાદ સુંદર કર્યા. અને અત્રેની મંદિર-પ્રતિષ્ઠા બંને પૂજ્યોની નિશ્રામાં થયાની યાદ અપાવી; ને બંનેના મધુરા મિલનના ફોટાનું શેઠશ્રી વીરચંદભાઈએ ગુરુપૂજન કરી ફૂલહારથી શ્રદ્ધાંજલિ અર્પી, શ્રી સુરેશચંદ્ર સી. શાહના પ્રયત્નથી અત્રેની પાઠશાળા તથા અન્ય પાંચ પાઠશાળાઓના ૩૦૦ વિદ્યાર્થીઓને દરેકને બંને સ્વ. પૂજ્યશ્રીના નિમિત્તે ૨ સામાયિક, ૨ દિવસ યા ૨ કલાકનું મૌન, ૩૦ બાંધી માળા, એટલે સમૂહગત ૯ લાખ નવકાર જાપ, તથા કુલ ૩૦ આયંબિલ, ૫૦ એકાસણ, ૭૦ બિયાસણ ૭૫ પોરિસીની આરાધના નોંધાઈ. અંતે શ્રી વીરચંદભાઈ તરફથી પાવલીની પ્રભાવના થઈ. એ તથા શ્રી ચંદુભાઈ અને શ્રી જશવંતભાઈ અત્રે પૂ.આ. શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના** ઉપદેશથી થયેલ વિશાળ પાઠશાળા ફંડ અને પાઠશાળા-પ્રારંભ પછી પાઠશાળામાં ખૂબ રસ લઈ રહ્યા છે. શ્રી સુરેશચંદ્ર શાહ વિદ્યાર્થીઓને જુદા જુદા પ્રસંગો આરાધનામાં જોડે છે, અને શ્રી કલ્પેશભાઈ તથા શ્રી સતીશભાઈ સુંદર શિક્ષણકાર્ય સંભાળે છે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૨,અંક-૩૯,તા.૨૨-૬-૧૯૭૪**

● **સાવરકુંડલા :** અત્રે શ્રી સંઘની પણ ખૂબ ઝંખના આતુરતા પછી **પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.** ચાતુર્માસાર્થ જેઠ વદ ૬ નગર બહાર બોર્ડિંગમાં સપરિવાર પધાર્યા. આખો દિવસ લોકોની દર્શનાર્થે અવરજવર રહી. બપોરના વ્યાખ્યાન થયું. વદ ૭ સવારે ભારે સ્વાગત સામૈયા સાથે નગર પ્રવેશ થયો. નગરને કમાનો, મંડપ, ધજો વગેરેથી શણગારી દીધેલ. સામૈયું થયા બાદ ઉપાશ્રય પ્રવેશે વાર હતી, તેથી સ્થાનકવાસીની વાડીમાં મંગળ પ્રવચન થયું. સ્થાનકવાસી ભાઈઓ તથા જૈનેતરો પણ સારી સંખ્યામાં ઉપસ્થિત હોઈ વાડી ચિકાર ભરાઈ ગયેલ. **'ધર્મ શું'** એ વિષય પર પ્રવચન થયું પછી કલકત્તાવાળા શેઠ વ્રજલાલ ડાહ્યાભાઈ તરફથી ચાંલ્લો તથા ૧-૧ રૂ. થી સંઘપૂજન થયું.

● **અમદાવાદ :** અત્રે પાંજરાપોળના વતની સ્વ. પ્રસિદ્ધ ધાર્મિક શિક્ષણ માસ્તર ઉમેદચંદ રાયચંદના સુપુત્ર ચંદુભાઈના અવસાનનું નિમિત્ત પામી એમના આત્મશ્રેયાર્થે એમના ચિ૰ શ્રી સુરેશચંદ્રની પ્રેરણાથી ઉસમાનપુરા-શાહપુર વગેરે પાંચ પાઠશાળાના શિક્ષકો-વિદ્યાર્થીઓએ (૧) 'નમો નાણસ્સ'નો ૧। લાખ જાપ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો ૧। લાખ જાપ, સ્નાત્ર પૂજા, સામાયિકો, ૧૦૦ આંબેલ-એકાશન-બેસણાં, પાનસર પાટણ વગેરે તીર્થોની યાત્રાની આરાધના કરેલી. તથા ચંદુભાઈના સુપુત્રો તરફથી આ. શ્રી વિજય નંદનસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં બૃહદ્ સિદ્ધચક્રપૂજન રાખવામાં આવેલ.

● **સાવરકુંડલા :** અત્રે પૂ.આ. શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના** શ્રીમુખેથી શ્રીસંઘે વ્યાખ્યાનમાં શ્રી શાંતસુધારસ અને જૈન રામાયણ સાંભળવાનો મંગળવિધિ જેઠ વદ ૧૧ કરેલ. અત્રેના કલકત્તાવાસી શ્રી વ્રજલાલ ડાહ્યાભાઈ તરફથી એ નિમિત્તે બંને શાસ્ત્રોને ઘર આંગણે લઈ જઈ સુંદર રચના કરેલ, અને એની આગળ આગલી રાત્રિના રાત્રિ જાગરણ રાખેલ, તેમજ પ્રભાતે વરઘોડો કાઢી ઉપાશ્રયે લાવેલ. બોલી બોલનારાઓએ જ્ઞાનપૂજા પછી વહોરાવવાનું તથા જ્ઞાનપૂજન કરેલ. રોજના વ્યાખ્યાનમાં સ્થાનકવાસી તથા જૈનેતરભાઈ બેનો પણ શ્રવણનો લાભ લે છે. બે રવિવારે મોદી હાઈસ્કૂલના વિશાળ સભા હોલમાં **'આત્માનાં સૌંદર્ય' અને મહાસતી મદનરેખા,' તથા 'જીવનનાં પાપ અને પ્રતિકાર તથા બે રાજકુમારોની જીવનયાત્રા'** એ વિષય પર જાહેર પ્રવચન યોજાતાં અસાધારણ મેદની ઉપસ્થિત થયેલ. રોજ બપોરે ચતુર્વિધ સંઘને શ્રી આચારાંગ સૂત્ર વિવેચન સમજાવવામાં આવે છે તથા રાતના ખાસ યુવકવર્ગને શ્રી આવશ્યક સૂત્રોનાં રહસ્ય પર પ્રકાશ પાથરવામાં આવે છે, શ્રી સંઘમાં નાના મોટા સૌને અનેરો ધર્મ-ઉત્સાહ જાગ્યો છે.

● **નાસિક :** અત્રે આગમપ્રજ્ઞ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજ સાહેબને સપરિવાર ચાતુર્માસ અર્થે પધારવા શ્રી સંઘની આગ્રહભરી વિનંતી હોઈ, એઓશ્રીએ માન્ય કરવા કૃપા કરી. અત્રે પધારતાં અષાઢ સુદ-૩ ના સવારે શ્રીસંઘે શાનદાર સામૈયા સાથે એઓશ્રીનો નગરપ્રવેશ કરાવેલ. ઠામઠામ ગહુલીઓ થયેલ. બપોરે ધામધૂમથી પૂજા ભણાવવામાં આવેલ.

● **સાવરકુંડલા :** અત્રે પૂ.પ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાનો ધામધૂમ પૂર્વક ચાતુર્માસ પ્રવેશ બાદ દરરોજ સવારે ''શાંત સુધારસ ભાવના'' તથા ''શ્રી રામાયણ'' પ.પૂ. આચાર્યદેવશ્રીની તલસ્પર્શી દેશનામૃત ચાલે છે. બપોરે આચારાંગ સૂત્રની વાચના અને રાતે પ્રતિક્રમણાદિ સૂત્ર રહસ્ય પૂ. આચાર્યશ્રીનાં સ્વમુખે સમજાવાય છે. ધર્મરંગ ખૂબ જ જોરશોરથી ખીલી ઊઠ્યો છે. અષાઢ વદ ૩ ના રોજ સાણંદ નિવાસી શેઠશ્રી જયંતિલાલ સુખલાલે તિલક અને એક એક રૂા.થી શ્રી સંઘપૂજન કરેલ.

● **સાવરકુંડલા :** પૂજ્ય આચાર્યભગવંત શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.ની પાવનનિશ્રામાં સંઘ અનેરી ધર્મ આરાધનામાં લીન બનતો જાય છે. કેટલાય ભાગ્યશાળીઓએ વર્ધમાનતપના પાયા તથા ઓળીઓ શરૂ કરી છે. પૂ. સાધુસાધ્વીજીમાં ૧૧૧, ૭૦, ૩૨, ૨૧, ૧૮, ૧૫, વગેરે ઓળીઓ તથા શ્રેણિતપ વગેરે તપશ્ચર્યા ચાલે છે. અ.સુ. ૧૦ ના પૂ. મુનિરાજશ્રી ગુણાનંદ વિ.મ., પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિ.મ., પૂ. મુનિરાજશ્રી યશોભદ્ર વિ.મ. ને શ્રી ભગવતીસૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો ત્યારે સાથે સાથે નાણસમક્ષ ૧૧ ભાગ્યશાળીઓએ બ્રહ્મચર્ય, વીસસ્થાનક, વર્ધમાનતપ વગેરે વ્રત-તપ ઉચ્ચર્યા. તેમને જુદા જુદા ભાઈઓ તરફથી રૂા. ૨૦-૨૦ ની પ્રભાવના થઈ. યોગપ્રવેશ નિમિત્તે સંઘમાં ૧૫૦ આયંબિલ થયા. તેમને દોશી વ્રજલાલ ડાહ્યાભાઈ તરફથી ૧-૧ રૂા.ની પ્રભાવના અપાઈ. ભાઈ-બેનો ચાતુર્માસિક નિયમો સ્વીકારી વિરતિધર્મની આરાધના કરી રહ્યા છે. 'આત્માના સૌંદર્ય અને મહાસતી મદનરેખા' 'જીવનના પાપ અને એનો પ્રતિકાર' 'સંસ્કૃતિની રક્ષા' વિષયો પર પૂજ્યશ્રીના ત્રણ પ્રેરક જાહેર પ્રવચનો થયા. સાણંદથી વંદનાર્થે આવેલ શાહ જયંતિલાલ સુખલાલભાઈએ અ.વદ ૩ ના સંઘપૂજાનો લાભ લીધો.

● **નડિયાદ :** પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજી મ.ની પ્રેરણાથી. બેનોના ઉપાશ્રય માટે રૂા. ૫૦ હજારનો દાન પ્રવાહ પ્રગટ્યો. મુનિશ્રીએ સંવત ૨૦૨૩ ની સાલમાં નડિયાદમાં યાદગાર ચાતુર્માસ કર્યું. સંઘને શાસનરાગના અમીપાન કરાવ્યા.

પ્રેરક ઉપદેશથી અણધારી પળે પુરુષોના ઉપાશ્રયનું નવનિર્માણ કરવાના પગરણ મંડાયા. જ્ઞાનભંડારનો ઉદ્ધાર કર્યો. ટૂંક સમયમાં પુરુષોનો ઉપાશ્રય તૈયાર થયા પછી બેનોને ધર્મ આરાધનાના સ્થાનની પડતી અગવડ પ્રત્યે સંઘનું લક્ષ દોર્યું અને યોજના બતાવી. સંયોગવશ ત્યારે યોજના અમલમાં ન આવી શકી. આ કાર્ય ત્રણ વર્ષ ખોરંભે પડ્યું. ગઈ સાલ ધુલિયાનું ચાતુર્માસ પૂર્ણ કરી પોતાના પૂજ્ય પરમ ગુરુદેવ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી ગુજરાત આવવાના સમાચાર મળતા અમારા નડિયાદના સંઘે નડિયાદ પધારવા અને કાર્ય અંગે પ્રેરણા આપવા વિનંતી પત્ર લખ્યો. આ સાલ ફાગણ સુદ ૧૩ ના તેઓ નડિયાદ પધાર્યા. તેઓશ્રીની પ્રેરણા પામી સંઘે ઉમંગભેર ૫૦ હજારની ટીપ કરી. ૧૦-૧૫ હજારના વચનો મળ્યા છે. વૈ. વદમાં જેમને ૧૩-૧૩ વર્ષથી લાગટ આયંબિલ ચાલે છે અને જીવનભર આયંબિલ કરવાનો ઘોર અભિગ્રહ છે તે તપસ્વી સુશ્રાવક રતિભાઈના હાથે ખાત-મુહૂર્ત થયું છે. આ ઉપાશ્રય માટે પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભક્તિસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી આદોની (આંધ્રપ્રદેશ)ના એક ઉદારદીલ દાનવીર સદ્‌ગૃહસ્થે રૂપિયા ૨૧૦૦૧ નું નોંધપાત્ર દાન કર્યું છે. આ કાર્ય થયા બાદ નડિયાદનો શાસન પ્રેમી સંઘ ૫-૭ લાખના ખર્ચે જિનાલયનો પાયાનો જિણોદ્ધાર કરવાના મનોરથ સેવે છે.

● **સાવરકુંડલા :** અત્રે પૂ.આ. શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મ.ની નિશ્રામાં અષાઢ વદ-૯ રવિવારે દરેકને 'અરિહંત'ના ૫૦ હજાર જાપનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. મોટી સંખ્યામાં મોટાઓ ઉપરાંત નાના બાળકો પણ સારી સંખ્યામાં જોડાયા. શેઠશ્રી વ્રજલાલ ડાહ્યાભાઈ કલકત્તાવાળા તરફથી ખીરનાં એકાસણાં કરાવાયેલ. સ્નાત્ર, ગીત, ધૂનમાં ભક્તિની રમઝટ જામી હતી.

● **અમદાવાદ :** અત્રે શ્રી અખિલ ભા. જૈન સંસ્કૃતિ રક્ષક સભા તરફથી તા. ૨૧-૭-૭૪ રવિવારે નીચેના મહત્ત્વના કાર્યોની વિચારણા કરી યોગ્ય કરવા બપોરે ૨ વાગે બેઠક રાખવામાં આવી છે -

(૧) તીર્થંકર પરમાત્મા ભગવંતશ્રી મહાવીરદેવની રાષ્ટ્રીય અને અશાસ્ત્રીય ધોરણે પચીસવીં શતાબ્દી નિર્વાણ (કલ્યાણક નહીં) મહોત્સવ, ભારત સરકારના આધિપત્યમાં અને આપણા કેટલાક ભાઈઓના સહકારથી કરવાની હીલચાલ ચાલી રહેલ છે, તે આપને વિદિત છે. તેને અટકાવવા દિલ્હી મુંબઈ હાઈકોર્ટમાં ચાર (૧-જૈનેતર,-૨ આપણા, ૩ સ્થાનકવાસી અને ૪-મુંબઈના ભાઈઓ તરફથી) રીટ કેસ અને મુંબઈ હાઈકોર્ટમાં આપણા અને જૈનેતર તરફથી ચાર રીટ કેસ થયેલ છે. તે હવે ટૂંક સમયમાં સુનાવણી થવા સંભવ છે તે અંગે અત્યાર સુધીની થયેલ

કાર્યવાહી, સરકાર તરફથી આવેલ જવાબોની માહિતી આપી યોગ્ય કરવા અંગે.

(૨) કેશરીયાજી તીર્થ અંગે સુપ્રીમ કોર્ટના જજમેન્ટ પછી રીન્યુ અરજી થઈ છે તે અંગે.

(૩) ખાસ મહત્ત્વની બાબત એ છે કે પાવાપુરી તીર્થમાં તીર્થના ચાલુ વહીવટદારોએ ઈન્કમટેક્ષ મુક્તિ કલમ-૮૦ (જી) (૨) અન્વયે મેળવીને તીર્થને પચીસમી શતાબ્દી નિમિત્તે શ્રી જૈન શ્વેતામ્બર ધાર્મિક (Religious) તીર્થ મીટાવી રાષ્ટ્રીય મંદિરના સ્વરૂપમાં જાય તેવી કાર્યવાહી કરી છે તે અંગે શાસ્ત્રીય કાયદેસર અને પ્રમાણિક પણે બરાબર છે કે કેમ ? તે વિચાર વિનિમય કરી યોગ્ય કરવા અંગે.

(૪) કાર્યવાહકો તરફથી જે કાર્યવાહી રજૂ થાય તે.

● **પૂના :** અત્રે મારવાડ રેવદરના રહીશ ભાઈશ્રી ગોવિંદભાઈ (ઉં.વ. ૩૦)ની જેઠ વદ ૧૦ પૂ.પં. શ્રી ચરણ વિજયજી મહારાજ તથા પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ભાગવતી દીક્ષા થઈ. એમનું નામ મુનિશ્રી સોમસુંદર વિજયજી રાખી એમને પૂ. મુનિરાજશ્રી રંગવિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. વડી દીક્ષા અષાઢ સુદ-૧૦ ના શુભ મુહૂર્તે કરવામાં આવી.

● **દિલ્હી :** જાણવા મળે છે કે ભારત સરકાર અહિંસાના પેગંબર ભગવાન શ્રી મહાવીર પ્રભુની ૨૫૦૦ મા નિર્વાણની ઉજવણી કરવાની છે, એ જ ભારત સરકારે જેણે ૧૯૭૨-૭૩ માં રૂા. ૭૫/- લાખના વાંદરા નિકાસ કરેલા, તેણે હવે ૧૯૭૪-૭૫ મા વર્ષ અર્થાત્ ઊજવણી વર્ષમાં રૂા. ૧ કરોડ ૬૮ લાખના વાંદરા નિકાસ કરવા માટે અમેરિકા સાથે કરાર કર્યો છે. બીજા દેશોના કરાર અલગ.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૨,અંક-૪૪,તા.૨૭-૭-૧૯૭૪**

● **અમદાવાદ :** અત્રેના એક બેન (ઉં. ૪૫ વર્ષ આશરે) પતિ અને પાંચ સંતાનનું કુટુંબ સંભાળવા છતાં કેવી ધર્મ-આરાધના કરી શકે છે તે બીજાઓને અનુમોદના થાય અને પોતાને પણ ધર્મસાધના કરવાની પ્રેરણા મળે એ માટે અત્રે દર્શાવવામાં આવે છે,-**ચાતુર્માસ માટે,-**

❁ સંપૂર્ણ બ્રહ્મચર્ય. ❁ આંબેલ વર્ધમાન તપની ૩ ઓળી કરવી. (૩૮-૩૯-૪૦મી) ❁ કેળાં-શ્રીફળ લીંબુ સિવાય બધી લીલોતરી બંધ ❁ કોઈપણ ગળી ચીજ

વાપરવી નહિ.

❁ રોજ ઓછામાં ઓછી પોરસી પચ્ચક્ખાણ. ❁ રોજ પૂજા ત્રિકાળ દેવવંદન, ગુરુવંદન.

❁ રોજ સૂર્યાસ્તની ૨ ઘડી પહેલાં ચોવિહાર ❁ દિવસમાં ૧ કલાક મૌન.

❁ રોજ સંથારે સૂવું. ❁ રોજ સંથારા પોરિસી ભણાવવી.

❁ રોજ કાયોત્સર્ગ દર્શનનો ૫, જ્ઞાનનો ૫, ચારિત્રનો ૧૭, કર્મક્ષયનો ૨૦, નવપદનો ૯ લોગસ્સનો કરવો.

❁ રોજ ખમાસમણાં જ્ઞાનના ૫૧, નવપદના ૯, ચારિત્રના ૧૭ દેવાં

❁ રોજ ત્રિકાળ પંચસૂત્ર ૧ લું સૂત્ર ગણવું. ❁ રોજ નવસ્મરણ - ઋષિમંડળ - ચઉસરણ - આઉરપચ્ચ૰ - શત્રુંજય લઘુકલ્પ ગણવું.

❁ રોજ ૫૦૦ ગાથા સ્વાધ્યાય. ❁ રોજ ઓછામાં ઓછી ૫ ગાથા નવી ગોખવી.

❁ બ્રહ્મચર્યનો જાપ, શ્રી નેમનાથ-મુનિ સુવ્રતસ્વામી-નાગેશ્વર પાર્શ્વ૰-સ્થૂલભદ્ર૰-જાપ

❁ શંખે૰ પાર્શ્વ૰ ની ૧૦ માળા. ❁ નવકાર-ઉવસગ્ગહરંની ૧-૧ માળા.

❁ 'ૐ અરિહંત ઉવજ્ઝાય શ્રી ગૌતમસ્વામિને નમઃ'ની ૧ માળા.

❁ 'ૐ હ્રીં શ્રી ચક્કેસરી પરિપૂજિતાય વિમળાચલ ઋષભ સ્વામિને નમઃ'ની ૧ માળા

❁ નમો નાણસ્સ, નમો ચારિત્તસ્સ, ને 'ૐ હ્રીં શ્રી તીર્થાધિરાજ શત્રુંજય સ્વામિને નમઃ'ની ૧-૧ માળા.

● **રાજકોટ :** અત્રે નૂતન ઉપાશ્રયે પૂ. આચાર્યદેવશ્રી વિજય મુક્તિચંદ્ર-સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુ સૂ.મ. ના પ્રશિષ્ય પૂ. મુનિરાજશ્રી વિદ્યાનંદ વિજયજી મહારાજે માસખમણની ભવ્ય તપસ્યા આદરી છે. રોજ સાધુચર્યા જ્ઞાનધ્યાન-વ્યાખ્યાન શ્રવણ સાથે સારી રીતે તપ ચાલી રહ્યો છે. એમના સાંસારિક ભાઈ તરફથી પારણા નિમિત્તે ભવ્ય વરઘોડો અને રૂા. ૫૦૦ અનુકંપા તથા રૂા. ૧૫૦૦ સાધારણ ખાતે ખરચવાનું નક્કી થયું છે. તપ શ્રા. સુ. ૧૦ પૂર્ણ થાય છે.

● **સુરેન્દ્રનગર :** અત્રે સેનેટેરિયમમાં ચાતુર્માસ બિરાજમાન પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ શ્રી ઉપદેશમાળા અને શ્રી સમરાદિત્ય કેવળી ચરિત્ર ઉપર વિશાળ હોલમાં સંવેગ-વૈરાગ્ય ઝરતી દેશના વહાવી રહ્યા છે. સૂત્ર વાંચનનું ઘી ૩૫૧ મણ થયેલું. રોજ પ્રતિક્રમણમાં મોટા પુરુષો ઉપરાંત ૪૦ બાળકો આવે છે. સંઘમાં આરાધના દિન પ્રતિદિન વધતી જાય છે. દર રવિવારે જાહેર પ્રવચનમાં શ્રોતાઓની

૭૦૦ જેવી સંખ્યા થાય છે. ધર્મનું મંગળમય વાતાવરણ સર્જાઈ ગયું છે.

● **સાવરકુંડલા :** અત્રે પૂ.આ.શ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** ૨૪ મુનિ ઠાણાં સાથે પધાર્યાથી સંઘમાં ધર્મપ્રવૃત્તિ ગાજી રહી છે. સુવ્યવસ્થિત પાઠશાળા ચાલે એ માટે કાયમી ફંડમાં રકમો ભરાઈ રહી છે. લગભગ રૂા. ૨૦ હજાર નવા ભરાઈ ગયા છે. સારા ધાર્મિક શિક્ષક માટે તપાસ ચાલી રહી છે. ઉપાશ્રય ધર્મસ્થાન માટે ઉપદેશ અપાતાં સંઘની ભાવના વિશાળ આલીશાન ધર્મસ્થાન માટે જોર કરી રહી. શેઠ વ્રજલાલ ડાહ્યાભાઈ કલકત્તાવાળાએ ઊભા થઈ જાહેર કર્યું કે ઉપાશ્રયની જમીન લેવાઈ ખાતમુહૂર્તે થાય ત્યારે મારે રૂા. ૫૦૦૧નો લાભ લેવો છે. બીજા ભાઈ પૂજ્યશ્રીને ખાનગીમાં કહી ગયા કે નક્કી થાય તો મારે પણ આપશ્રી કહો તે લાભ લેવો છે. એક ભાઈ પાઠશાળા ફંડ ખાતે ખાનગીમાં રૂા. ૧૦૦૦ મૂકી ગયા, પૂર્વના રવિવારે ખીરનાં એકાસણાં સાથે દરેકને રૂા. ૫૦-૫૦ હજારનો અરિહંત જાપ થયા પછી પૂજ્યશ્રીએ શ્રા.સુ. ૮ પાર્શ્વનાથ પ્રભુના મોક્ષ કલ્યાણદિન પ્રસંગે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના અઠ્ઠમની ટહેલ પાડી તો શ્રા.સુ. ૭-૮-૯ અઠ્ઠમનો સમૂહ કાર્યક્રમ રખાયો. સ્નાત્ર-જાપ-દેવવંદન પ્રતિક્રમણ ઉપરાંત પાર્શ્વનાથ ભગવાનના ૧૦ ભવ તથા શ્રી શંખેશ્વર પ્રભુના ઈતિહાસ પર ત્રણ દિવસ વ્યાખ્યાન થયાં. વ્યાખ્યાન બાદ સમૂહ ચૈત્યવંદન સ્તવન-ધૂન ચાલતા. શ્વે.મૂ. ૧૩૦ ઘર છતાં લગભગ ૧૨૦ પુરુષ ૧૩૦ બેનો મળી ૨૫૦ જેવા અઠ્ઠમ થયા. લુવાણા બ્રાહ્મણ વગેરેએ પણ અઠ્ઠમ કર્યા. વિશેષતા તો એ હતી કે અઠ્ઠમ કરવામાં મોટી સંખ્યામાં બાળ-કુમાર-યુવાન વયના હતા એક ૬ વર્ષની છોકરીએ અઠ્ઠમ કરવા જીદ પકડી પહેલે દિવસે સાંજ સુધી ખાધું જ નહિ. ઉપવાસ કર્યો. બીજે દિવસે પારણું ન કરાવી દે માટે સવારથી ઊઠીને સાધ્વીજીના ઉપાશ્રયે જ જઈ બેઠી. એમ ત્રણ ઉપવાસ સારી રીતે પૂર્ણ કર્યા. પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં નાગકેતુના અઠ્ઠમનું દૃષ્ટાંત ચકાવેલું, તેથી ૮-૯-૧૦-૧૧-૧૨ વગેરે ઉંમરના કેટલાય બાળક-બાળિકાઓએ પણ અઠ્ઠમ ઝુકાવેલા અત્રેની બોર્ડિંગમાં પણ ૪૫ બાળકો-કુમારોએ અઠ્ઠમ કરેલ. બાળકોને શાતા રહે માટે ઉપાશ્રય વ્યાખ્યાન હોલમાં જ ગાદીઓ નાખી એમનો ધામો નખાવેલો. ચંદનના વિલેપન વગેરેથી એમની સેવા શુશ્રૂષા થતી. સુદ ૧૦ સવારે શેઠ વ્રજલાલ ડાહ્યાભાઈ તરફથી ત્યાં જ બધાને એક જ બેઠકે પારણાં કરાવ્યાં તે દૃશ્ય અલૌકિક હતું. ત્યાં જ દેપલાવાળા શા. નાનાચંદ

મૂળચંદ તરફથી ૨-૨ કીલો સાકર, અમરેલીવાળા છોટાલાલ પ્રાણજીવન કોરડિયા તરફથી કટાસણાં-મુહપત્તિ અને કુંડલાના બીજા ભાઈઓ તરફથી રૂા. ૬-૬ની પ્રભાવનાઓ તથા 'ગુજરાત સમાચાર'ના અમદાવાદના ડિસ્ટ્રિબ્યુટર શાહ વિનોદચંદ્ર તરફથી રૂા. ૧-૧ની પ્રભાવના થઈ. દસ વાગે શેઠ રમણિકલાલ જેચંદ તરફથી તપસ્વીઓ સહિત રથયાત્રાનો મોટો વરઘોડો ચડ્યો. બાળ-કુમાર-યુવાન અઠ્ઠમીઓની લાંબી કતાર ગોઠવાયેલી. રસ્તે ઠામઠામ એમણે 'આગે પીછે, તપસ્વીઓ, તપસ્વીઓ' 'અઠ્ઠમ તપનો જય જયકાર' વગેરે ધૂન મચાવેલી. વરઘોડો રમણિકભાઈને ત્યાં પહોંચતાં મંગળિક વ્યાખ્યાન અને એમના તરફથી ગુરુપૂજન તથા લગભગ ૧૭૦૦ જણનું સંઘપૂજન થયું. કુંડલા કોર્ટના મેજિસ્ટ્રેટ પણ વરઘોડામાં અને વ્યાખ્યાનમાં પધારેલ. બપોરે બે વાગે રામાયણ પર વ્યાખ્યાન થયું; ત્યારબાદ તપસ્વીઓ તરફથી શ્રી નવપદજીની પૂજા ઠાઠથી ભણાવવામાં આવી. આમ આખો દિવસ ધર્મપ્રવૃત્તિથી ધમધમી ઊઠ્યો. વરઘોડાથી ઈતરોમાં સારી શાસન-પ્રભાવના થઈ. સંઘમાં વર્ધમાન આંબેલ તપના પાયા નખાતા જાય છે. શેઠ નાનચંદ મૂળચંદ દેપલાવાળા તરફથી દરેકને રૂા. ૧૫ શેઠ વ્રજલાલ ડાહ્યાભાઈ તરફથી દરેકને રૂા. ૫-૫ તેમજ બીજાઓ તરફથી પણ રૂા. ૧-૧ની પ્રભાવના અપાતી જાય છે. પૂ.સાધ્વીજી શ્રી વિજયાશ્રીજી મ. ના તપસ્વી પૂ. સાધ્વીજીશ્રી પદ્મરેખાશ્રીજી મહારાજ આદિના ચાતુર્માસની બેનોમાં જોરદાર ધર્મપ્રેરણા ચાલુ છે.

''દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૨૨,અંક-૪૬,તા.૧૦-૮-૧૯૭૪**

પરમપૂજ્ય સિદ્ધાંતમહોદધિ કર્મશાસ્ત્ર રહસ્યવેદી સુવિશાલ ગચ્છાધિપતિ સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં સમુદાયની ચાતુર્માસ યાદીઃ

૧. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૩૩ **શ્રી પાલનગર** (મુંબઈ)
૨. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય જંબુસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૮ **નાસિક** (મહારાષ્ટ્ર)
૩. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય ભક્તિસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા.૧૦ **પંકજ સોસા**ં(અમદાવાદ)
૪. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય માનદેવસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા.૫ **દેવકીનંદન સોસા**ં(અમદાવાદ)
૫. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય કનકચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૭ **રતલામ** (માલવા)
૬. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય ચિદાનંદસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૩ **આમોદ**(ગુજરાત)
૭. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય મલયચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૨ **બારેજા** (ગુજરાત)
૮. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય સુદર્શનસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૨ **માલેગામ** (મહારાષ્ટ્ર)
૯. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય જયંતશેખરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૪ **વાપી** (ગુજરાત)
૧૦. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા.૫ **લક્ષ્મીવર્ધક સોસા**ં(અમદાવાદ)
૧૧. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૧૨ **રાજકોટ** (સૌરાષ્ટ્ર)

૧૨. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૧૦ **પૂના** (મહારાષ્ટ્ર)
૧૩. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય હિમાંશુસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૩ **જામનગર** (સૌરાષ્ટ્ર)
૧૪. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય રાજતિલકસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૩ **પાટણ** (ઉ.ગુ.)
૧૫. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા.૨૫ **સાવરકુંડલા**(સૌરાષ્ટ્ર)
૧૬. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય રવિચંદ્રસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૩ **મલાડ** (મુંબઈ)
૧૭. પૂ. આચાર્યદેવશ્રીમદ્વિજય માનતુંગસૂરીશ્વરજી મ.સા. આદિ ઠા. ૬ **માંડલ** (ઉ.ગુ.)
૧૮. પૂ. પંન્યાસજી મ. શ્રી પુષ્પવિજયજી ગણિવર આદિ ઠા. ૩ **દહેગામ** (ગુજરાત)
૧૯. પૂ. પંન્યાસજી મ. શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર આદિ ઠા. ૬ **મુંડારા** (રાજસ્થાન)
૨૦. પૂ. પંન્યાસજી મ. શ્રી હર્ષ વિજયજી ગણિવર આદિ ... ... (રાજસ્થાન)
૨૧. પૂ. મુનિરાજશ્રી મતિવિજયજી મ. આદિ ઠા. ૨ **યરવડા** (પૂના)
૨૨. પૂ. મુનિરાજશ્રી પુણ્યોદય વિજયજી મ. આદિ ઠા. ૨ **સિદ્ધપુર** (ઉ.ગુ.)
૨૩. પૂ. મુનિરાજશ્રી પ્રદ્યોતન વિજયજી મ. આદિ ઠા. ૩ **પાલી** (રાજસ્થાન)
૨૪. પૂ. મુનિરાજશ્રી ભદ્રાનંદ વિજયજી મ. આદિ ઠા. ૪ **શાંતાક્રુઝ** (મુંબઈ)
૨૫. પૂ. મુનિરાજશ્રી જયધ્વજ વિજયજી મ. આદિ ઠા. ૩ **સુરત** (ગુજરાત)
૨૬. પૂ. મુનિરાજશ્રી જયભદ્ર વિજયજી મ. આદિ ઠા. ૩ **શાંતિનગર સોસા**ં (અમદાવાદ)
૨૭. પૂ. મુનિરાજશ્રી નિરંજન વિજયજી મ. આદિ ઠા. ૨ **અંધેરી** (મુંબઈ)
૨૮. પૂ. મુનિરાજશ્રી તીર્થપ્રભ વિજયજી મ. આદિ ઠા. ૨ **દશાપોરવાડ સોસા**ં (અમદાવાદ)
૨૯. પૂ. મુનિરાજશ્રી વિચક્ષણ વિજયજી મ. આદિ ઠા. ૨ **નવાડીસા** (ઉ.ગુ.)
૩૦. પૂ. મુનિરાજશ્રી જિનપ્રભ વિજયજી મ. આદિ ઠા. ૬ **ઉદેપુર** (રાજસ્થાન)
૩૧. પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્ત વિજયજી મ. આદિ ઠા. ૪ **ખંભાત** (ખેડા)
૩૨. પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્ત વિજયજી મ. સા. આદિ ઠા. ૪ **જેતારણ** (રાજસ્થાન)
૩૩. પૂ. મુનિરાજશ્રી ધર્માનંદ વિજયજી મ. સા. આદિ ઠા. ૨ **જૂનાગઢ** (સૌરાષ્ટ્ર)
૩૪. પૂ. મુનિરાજશ્રી પુંડરિક વિજયજી મ. સા. આદિ ઠા. ૨ ... (રાજસ્થાન)
૩૫. પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્ર વિજયજી મ. સા. આદિ ઠા. ૩ **સુરેન્દ્રનગર** (સૌરાષ્ટ્ર)
૩૬. પૂ. મુનિરાજશ્રી મહાયશ વિજયજી મ. સા. આદિ ઠા. ૨ ... (રાજસ્થાન)
૩૭. પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજી મ. સા. આદિ ઠા. ૬ **વિદ્યાશાળા** (અમદાવાદ)
૩૮. પૂ. મુનિરાજશ્રી હેમચંદ્ર વિજયજી મ. સા. આદિ ઠા. ૧૦ **પગથિયાનો ઉપા**ં (અમદાવાદ)
૩૯. પૂ. મુનિરાજશ્રી જીતેન્દ્ર વિજયજી મ. સા. આદિ ઠા. ૩ **રાણીગામ** (રાજસ્થાન)
૪૦. પૂ. મુનિરાજશ્રી જયશેખર વિજયજી મ. સા. આદિ ઠા. ૪ **વઢવાણસીટી** (સૌરાષ્ટ્ર)
૪૧. પૂ. મુનિરાજશ્રી ચંદ્રયશ વિજયજી મ. સા. આદિ ઠા. ૨ ... ...
૪૨. પૂ. મુનિરાજશ્રી અમરેન્દ્ર વિજયજી મ. સા. આદિ ઠા. ૪ **ભુજ** (કચ્છ)
૪૩. પૂ. મુનિરાજશ્રી ગુણરત્ન વિજયજી મ. સા. આદિ ઠા. ૫ **પિંડવાડા** (રાજસ્થાન)
૪૪. પૂ. મુનિરાજશ્રી જગચ્ચંદ્ર વિજયજી મ. સા. આદિ ઠા. ૨ **વડાલી** (ગુજરાત)
૪૫. પૂ. મુનિરાજશ્રી ચિરંતન વિજયજી મ. સા. આદિ ઠા. ૨ **વાંકાનેર** (સૌરાષ્ટ્ર)
૪૬. પૂ. મુનિરાજશ્રી પદ્માકર વિજયજી મ. સા. આદિ ઠા. ૨ ... ...
૪૭. પૂ. મુનિરાજશ્રી કીર્તિસેન વિજયજી મ. સા. આદિ ઠા. ૩ **ઘાટકોપર** (મુંબઈ)

૪૮. પૂ. મુનિરાજશ્રી મહાબલ વિજયજી મ. સા. આદિ ઠા. ૩ — **દાદર** (મુંબઈ)
૪૯. પૂ. મુનિરાજશ્રી અમરગુપ્ત વિજયજી મ. સા. આદિ ઠા. ૫ — **શાહપુર** (થાણા)
૫૦. પૂ. મુનિરાજશ્રી ચન્દ્રકીર્તિ વિજયજી મ. સા. આદિ ઠા. ૨ — **ઝીંઝુવાડા** (સૌરાષ્ટ્ર)
૫૧. પૂ. મુનિરાજશ્રી અક્ષય વિજયજી મ. સા. આદિ ઠા. ૩ — **ભીવંડી** (થાણા)
૫૨. પૂ. મુનિરાજશ્રી અજિત વિજયજી મ. સા. આદિ ઠા. ૨ — **ઈન્દોર** (માલવા)
૫૩. પૂ. મુનિરાજશ્રી જયસોમ વિજયજી મ. સા. આદિ ઠા. ૨ — **મહેસાણા** (ઉ.ગુ.)
૫૪. પૂ. મુનિરાજશ્રી ગુણવર્ધન વિજયજી મ. સા. આદિ ઠા. ૨ — **રાણી સ્ટેશન** (રાજસ્થાન)
૫૫. પૂ. મુનિરાજશ્રી ભદ્રશીલ વિજયજી મ. સા. આદિ ઠા. ૩ — **જ્ઞાન મંદિર** (અમદાવાદ)
૫૬. પૂ. મુનિરાજશ્રી નયરત્ન વિજયજી મ. સા. આદિ ઠા. ૨ — **જોધપુર** (રાજસ્થાન)
૫૭. પૂ. મુનિરાજશ્રી ચંપક વિજયજી મ. સા. આદિ ઠા. ૨ — **વડાલા** (મુંબઈ)

'શ્રી દર્ભાવતી વિહાર દર્શન'

● **ડભોઈ :** પૂજ્યપાદ આગમપ્રજ્ઞ આચાર્યદેવ શ્રીમદ્ વિજય **જંબૂસૂરીશ્વરજી** મહારાજ સ્વ. પરમપૂજ્ય પરમગુરુદેવ સિદ્ધાંત મહોદધિ કર્મશાસ્ત્ર રહસ્યવેદી વિશાલ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના** પટ્ટાલંકાર છે તેઓશ્રી કાવ્ય કોષ, છંદ અલંકાર, ન્યાયવ્યાકરણ જ્યોતિષ અને આગમશાસ્ત્રોના નિષ્ણાત છે તેવા જ શિલ્પશાસ્ત્રમાં પણ પારંગત છે. દર્ભાવતી (ડભોઈ) તેઓશ્રીની પાવન જન્મભૂમિ છે. ચમત્કારિક શ્રી લોઢણ પાર્શ્વનાથજી તેમજ દર્ભાવતી પાર્શ્વનાથ પ્રભુજીના અલૌકિક બિંબોથી ડભોઈ-દર્ભાવતી એ તીર્થ બન્યું છે. દર્ભાવતી પાર્શ્વનાથ મંદિર અને અન્ય જિનમંદિરાદિના ઉદ્ધારમાં પૂ. આગમપ્રજ્ઞ આચાર્યદેવશ્રીના ઉપદેશ, સલાહ, સૂચન અને માર્ગદર્શને એક અદ્‌ભુત સર્જન કર્યું છે. તાજેતરમાં આર્ય શ્રી જંબૂસ્વામી જૈન મુક્તાબાઈ જ્ઞાનમંદિર ડભોઈ તરફથી **'શ્રી દર્ભાવતી વિહાર દર્શન'** પ્રકાશન બહાર પડ્યું છે. તેમાં અંકિત થયેલી બેનમૂન કલાકૃતિઓમાં જીર્ણોદ્ધારની ભવ્યતા ખડી થયેલી દેખાય છે.

● **જૂનાગઢ :** અત્રે પૂ. મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મહારાજ આદિના ચાતુર્માસથી સંઘમાં ધર્મરંગ સારો આવ્યો છે. શ્રા.સુ. ૫-૬ ગીરનારમંડન શ્રી નેમિનાથ પ્રભુનાં જન્મ-દીક્ષા કલ્યાણક હોઈ પૂ. મુનિરાજશ્રીના ઉપદેશથી એની આરાધના નિમિત્તે ૪૦ છઠ્ઠ થયા, અને છઠ્ઠના દીક્ષાકલ્યાણક નિમિત્તે પોષધ પણ સારા થયા. તપસ્વીઓની પારણા-ભક્તિ સમિતિ તરફથી સુંદર થઈ. રવિવારે ખીરનાં એકાસણાંથી ૧૫૦ આરાધકોને અરિહંત પદની આરાધના થઈ. શ્રા. વદ ૧ રવિવારે સિદ્ધપદની આરાધના લાલવર્ણનાં દ્રવ્યથી એટલે ઘઉંની પૂરી અને ચાહથી એકાસણા સાથે સુંદર સમૂહ આરાધના થઈ. વ્યાખ્યાન સુંદર ચાલે છે. ઉપરાંત રાતના પણ પુરુષોને તત્ત્વનો બોધ અપાય છે.

● **રાણી સ્ટેશન :** અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણવર્ધન વિજયજી મ.ના ઉપદેશથી, ગામમાં આંબેલનું શ્રીફળ ફરતું પણ આંબેલ એવા નહોતા ચાલતા, તે હવે ચાલુ થઈ ગયા છે. એક ભાઈ તરફથી ૧૩ માસની પ્રભાવના નક્કી થઈ આંબેલ કરનારને રૂા. ૧ ની પ્રભાવના, અને વારાનું આંબેલ ન કરનારે રૂા. ૧। દંડ ભરવાનો એમ નક્કી થયું છે. ઉપરાંત રોજ ૨૦-૨૫ આંબેલ શરૂ થયા છે. ૧૩ માસની જુદા જુદા ભાઈઓ તરફથી પ્રભાવના નક્કી થઈ મહિનામાં ૨૦ દિવસ રોજ આંબેલવાળાને રૂા. ૧-૧ પ્રભાવના અપાય છે.

● **અમદાવાદ :** અત્રે પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી સ્થાપિત અને શ્રી વીરચંદભાઈ, શ્રી ચંદુભાઈ તથા શ્રી જશવંતભાઈની દેખરેખ વ્યવસ્થાથી ચાલતી ઉસ્માનપુરા મંદિર-ઉપાશ્રયની બંને પાઠશાળાના વિદ્યાર્થીભાઈ બેનોની પરીક્ષા પૂ.મુ. શ્રી દોલતસાગરજી મહારાજના હસ્તક લેવાઈ બોર્ડ પર એનું પરિણામ મૂકેલું વાંચી એક ભાઈ તરફથી રૂા. ૨-૨ ની પ્રભાવના નક્કી થઈ. શ્રા.સુ. ૧ પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને તથા નવલાખ નવકારવાળાને બહુમાનનો મેળાવડો નક્કી થયો. આગલા રવિવારે ચાર પાઠશાળાના વિદ્યાર્થીઓને સરખેજ મુકામે લઈ જઈ સ્નાત્ર વગેરેનો કાર્યક્રમ રખાયો. શ્રી સુરેશચંદ્ર શાહનું માર્ગદર્શન સારું કામ કરી રહેલ છે.

''દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૨૨,અંક-૪૬,તા.૧૦-૮-૧૯૭૪**

● **જામનગર :** અત્રે શ્રી વીશાશ્રીમાળી તપગચ્છજ્ઞાતિ, શ્રી સ્થાનકવાસી જૈન સંઘ શ્રી ઓસવાલ જૈન સમાજ શ્રી હાલારી વીશા ઓસવાલ જૈન સમાજ, દિગ્વિજય પ્લોટ સ્થાનિક જૈન સંઘ તથા વીરસૈનિકદળ તરફથી પૂ.આ.શ્રી વિજય વિનય ચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં યોજાયેલ વિશાળ સભામાં ઠરાવ કરવામાં આવ્યો કે તીર્થંકર ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ભક્તિના નામે ૨૫૦૦મી નિર્વાણ દિનની ઉજવણી ભૌતિકવાદી ધોરણે ભારત સરકાર અને કેટલાક જૈનોની જૈન સંઘની સંમતિ તથા ધાર્મિક ધોરણ વગરની બનેલી સમિતિ તરફથી થનાર છે. તે ઉજવણી અમારા જૈન ધર્મમાં સીધો હસ્તક્ષેપ કરનાર છે, અને એથી અમારા ધર્મની ઘોર આશાતના થઈ રહી છે. આથી અમે તેનો સખ્ત વિરોધ કરીએ છીએ... આ નિમિત્તે જે કલા કારીગીરી, વનસ્થળી બાલકેન્દ્રો, ગ્રામ્ય લાયબ્રેરી, સ્કોલરોનું ઉત્પાદન, ટેલીવીઝન વગેરે જે કાંઈ કરવાનું તે બધું અમારા શાસ્ત્રથી

તદ્દન વિરુદ્ધ છે. કેમકે જ્યાં મોક્ષમાર્ગનો અભિલાષ નથી ત્યાં વાસ્તવિક ધર્મ નથી...માટે આ ઉજવણી સદંતર બંધ રાખવા અમો ભારત સરકારને ભલામણ કરીએ છીએ કેમકે ભારત સરકાર કોઈપણ ધર્મમાં હરગીઝ પ્રવેશ કરી શકે નહિ.

● **કલોલ :** અત્રે પૂ.મુ.શ્રી કીર્તિરત્નવિજયજી મ.ની નિશ્રામાં ચૌદ પૂર્વનો તપ ૮૪ જણાંએ કર્યો પૂજા ભાવના રાત્રિજાગરણ આદિ સારું થયું. તપસ્વીઓનાં બહુમાનનાં દરેકને રૂા. ૧૪ની ૩૩ પ્રભાવના થઈ. શ્રાવણ સુદ ૧૪ બહારથી બે સુંદર પાષાણના જિનબિંબોનો નગર પ્રવેશ ભવ્ય વરઘોડો-રાત્રિજાગરણ પ્રભાવનાની ધામધૂમથી થયો.

● **ખંભાત :** અત્રે પૂ.મુ.શ્રી રાજેન્દ્રવિજયજી મ.ના ઉપદેશથી શ્રાવણ સુદ ૪ થી ૯૦ બાળકો સાંજે ૬॥ થી પ્રતિક્રમણમાં જોડાયા છે પછી ૭॥ થી ૮॥ પાઠશાળા ભરે છે. ૨૦-૨૨ વિદ્યાર્થીઓ બેસણાં કરે છે. પ્રતિક્રમણમાં સૂત્ર બોલીમાં સામાયિક બેસણાં બોલે છે. રોજ ૧૦ ન. પૈ.ની પ્રભાવના થાય છે.

● **અમદાવાદ :** અત્રે લક્ષ્મીવર્ધક જૈન સંઘના ઉપાશ્રયે પૂ.આચાર્યદેવની વિજય માનદેવસૂરિજી મ. તથા પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. તથા પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરિજી મહારાજની નિશ્રામાં નૂતન દેરાસર માટે શેઠશ્રી કવરલાલ હીરાલાલ તરફથી બે ભગવાનના સુંદર બિંબોનો ધામધૂમથી પ્રવેશ કરવામાં આવ્યો હતો. એ પૂર્વે પૂ.આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે પ્રતિષ્ઠિત થયેલ એ ભવ્ય બિંબોને સ્વાગત વરઘોડા સાથે શ્રી કવરલાલે પોતાને ત્યાં પધરામણી કરાવી અને ત્યાં પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરિજી મહારાજના મંગળ પ્રવચન બાદ શ્રી સકલ સંઘનું તેમને પૂજન કરેલ. શ્રી સંઘ તરફથી પ્રભુજીના પ્રવેશ વરઘોડા નિમિત્તે ઉછામણી રૂા. ૯૦૦૦ ઉપરની થયેલ. પ્રવેશ વરઘોડામાં વહેલી સવારે પણ સાજન વિશાળ સંખ્યામાં હતું. બે રથમાં પ્રભુજી, એક હાથી પર પ્રભુજી તથા સંઘમા થયેલ ૧૬૦ અઠ્ઠમ નિમિત્તે શ્રી સીમંધર ભગવાનનો ફોટો, બે બેન્ડ, તથા ૬ શણગારેલી બગીઓ અને પૂ.આચાર્યદેવાદિ મુનિભગવંતોથી શાસન શોભ સુંદર થઈ. પ્રભુજીને પધારાવ્યા બાદ પ્રવચન થયું. બાદ લાડુની પ્રભાવના થઈ. અઠ્ઠમના પારણા શ્રી મનુભાઈ કલ્યાણભાઈ રાવ તરફથી કરાવવામાં આવ્યા અને વીસ-વીહરમાન ભગવાનની પૂજા રાખવામાં આવી.

તમારા શા કરીયે સન્માન !

પૂ.પાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના** દર્શન વંદનાર્થે મુંબઈથી હાલમાં ૧૦૦મી ઓળીના આરાધક પરમ તપસ્વી શ્રાદ્ધરત્ન શ્રી **શાંતિચંદ્ર ઝવેરી** પોતાના ધર્મપત્ની સાથે સાવરકુંડલા પધાર્યા હતા. તેઓ ઘણા સમયથી સંયમની ભાવનાવાળા છે. કુટુંબીજનોને ૧૦૦ મી ઓળીની પૂર્ણાહુતિનો ઉત્સવ ઘરમાં ઉજવી પછી ચારિત્ર અપાવવાનો ઉત્સવ ઉજવાના કોડ છે. અને ટૂંક સમયમાં ૧૦૦મી ઓળી ઉપાડી તેની ઉજવણી પરમ પૂજ્ય પરમશાસન પ્રભાવક આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં કરી. પૂ.આ.ભ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના ચરણકમલમાં ચારિત્ર અંગીકાર કરવાના છે. એ વાતની સાવરકુંડલા સંઘને ખબર પડતાં સંઘે ભારે ઉમંગથી તેમના સન્માન અર્થે એક સભા રાખેલી માનવમેદની ચિક્કાર હતી. વ્રજલાલ દોશી, વિનુભાઈ વકીલ વગેરેએ તપ-ત્યાગ અને સંયમને બિરદાવતા ભાષણોથી સૌના દિલ ડોલાવી નાખ્યા. પૂજ્યશ્રીના ચરણોમાં કેવા સાધુરત્નો છે અને કેવા સાધુરત્નો બની રહ્યા છે તેની ખૂબ અનુમોદના કરી હતી. મુમુક્ષુરત્ન શાંતિચંદ્રભાઈએ મુંબઈ જઈ અઠ્ઠાઈના તપ ઉપર ૧૦૦ મી ઓળીનો મંગળ પ્રારંભ કરી દીધો છે. ધન્ય તપસ્વી ! તે પછી બાળ મુમુક્ષુ **રોહિતકુમારે** વર્ધમાન તપના પાયાનું પરાક્રમ કર્યું. તેમના તથા હીરાપુરવાળા મુમુક્ષુ **અંબાલાલભાઈ** તથા શારદાબેન કે જેઓ ચારિત્ર માર્ગે જવાની તૈયારી કરી રહ્યા છે. લાગટ ૫૦૦-૫૦૦ આયંબિલ સજોડે કરી એની ઉજવણી દ્વારા શાસન પ્રભાવના વિસ્તારી છે અને ૫૧ મી તથા ૪૪ મી ઓળી ચાલુ છે તેમના બહુમાન શુભ પ્રસંગ સંઘને સાંપડી ગયો અને સંઘે તેને પણ હર્ષભેર ઉજવ્યો.

● **અમદાવાદ :** પગથીયાના ઉપાશ્રયે સમતા સાગર પૂ. પંન્યાસપ્રવરશ્રી પદ્મવિજયજી ગણિવર્યની ૧૩ સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે તેઓશ્રીના ગુણાનુવાદ રાખવામાં આવેલ. સ્વ.પૂ. પં. મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજે પોતાની લાક્ષણિક શૈલીમાં સ્વ. પૂ. ગુરુદેવનું સંયમી જીવન, તેઓશ્રીની અજોડ ગુરુભક્તિ, સાધુઓ પ્રત્યેની લોકોત્તર મમતા, રોગાદિ પરીસહમાં રાખેલી અપાર સહનશીલતા વગેરે અનેકાનેક ગુણોનું ખૂબ સુંદર વર્ણન કરી સભાને મુગ્ધ કરી હતી. છેવટે ગુણાનુવાદ પૂર્ણ કરવાના અવસરે તેઓ ગળગળા થઈ ગયા હતા. સાંભળનારને એક લહાવો બની ગયો. સ્વ. ગુરુદેવના દરેક ગુણોને દૃષ્ટાંત સહિત અંતરને હચમચાવી નાખે એ રીતે ભક્તિપૂર્વક સમજાવતા,

લગભગ ૧॥ કલાક ગુણાનુવાદ ચાલ્યા. સ્વ. મોટા મહારાજ પૂ. પાદ આ.ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની તેમની પ્રત્યેની મમતા અને લાગણીનું ખૂબ રોચક વર્ણન કર્યું. પ્રસંગે પ્રસંગે મુનિશ્રી પોતાના મોટા ગુરુદેવ પૂ.આ. ભગવંત ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા.ની વાત કરતા ત્યારે પણ તેમના મુખ પર ભાવોની ઊર્મિ ઉછળતી. શ્રોતાઓને ઘણી નવી અને અપૂર્વ વાતો કડિબદ્ધ જાણવા મળી. પૂ. મુનિશ્રીએ પોતાના પૂ. ગુરુદેવને ખૂબ ભાવભરી શ્રદ્ધાંજલિ આપી એમ શ્રોતાગણની જીભે બોલાતું હતું.

● **સાવરકુંડલા :** અત્રે શ્રી નવકારમંત્રનો તપ નાના નાના બાળકોએ ૯ એકાસણાથી સુંદર રીતે કર્યો. બાળકો લગભગ ઉપાશ્રયમાં જ રહેતા અને બધી ક્રિયા કરતા. એમને રોજ મીઠાઈની પ્રભાવનાઓ થતી. બે ભાગ્યશાળી તરફથી સમૂહ-એકાસણાં પણ કરાવવામાં આવ્યા. પૂ.આ. **શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજના મૂર્ચ્છા ઉતારવાના જોરદાર ઉપદેશથી અને કલકત્તાવાળા શેઠ વ્રજલાલ ડાહ્યાભાઈ દોશીની પ્રેરણાથી જૈન વી. શ્રી મહાજન વાડીની બાજુની જમીન એના પાંચ માલિકોએ નૂતન ઉપાશ્રયના નિર્માણ માટે શ્રી સંઘને ભેટ કરીને સંઘમાં આનંદમંગળ વર્તાઈ ગયો છે. શ્રી સંઘે એમને ખૂબ ધન્યવાદ આપી મિટિંગ કરીને હવે ઉપાશ્રય કેવા રૂપનો કરવો એ અંગેની વિચારણા કરી જુદા જુદા કાર્ય માટે કમિટીઓ નીમી તેમ એ પણ નક્કી કર્યું કે રૂા. ૭૧૦૦૦ આપનારના નામને ઉપાશ્રયહોલ સાથે સાંકળી લેવું અને રૂા. ૧૦-૧૦ હજાર આપનારનું નામ પણ ઓરડા સાથે સાંકળવું.

● **રાજકોટ :** પૂ.આ.શ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં સંસારીપણે અત્રેના વતની હાલ પૂ. મુનિરાજશ્રી વિદ્યાનંદ વિજયજી મહારાજે અત્રે માસખમણની મહાન તપસ્યા કરી એ અંગે એઓશ્રીના દર્શનાર્થે દિવસો સુધી માણસોનો જુવાળ ઉપડેલો. તપના ૩૦ મા દિવસે એમના સાંસારિકભાઈ શ્રી ઈશ્વરભાઈ તરફથી રથયાત્રા વરઘોડો નીકળ્યો. રાજકોટ દેરાસરના રથની સગવડ ન મળવાથી મોરબીથી રથ મંગાવેલ. હાથી આવેલ પદ્ધ દિકૂકુમારી બેડાવાળી બેનો, ઈન્દ્રો બે બેન્ડ પાંચ વિક્ટોરિયા ગાડીઓ, પૂ. આચાર્યદેવાદિ ને તપસ્વી સાથે વિશાલ સાજન વગેરેથી વરઘોડો ખૂબ લાંબો નીકળેલ. કહે છે છેલ્લા પાંચ વરસમાં આવો વરઘોડો નહિ નીકળેલ. ત્રણ દિવસના ઉત્સવમાં જનતા ઊમટી પડેલ.

● **આમોદ :** અત્રે પૂ.આ. શ્રી વિજય ચિદાનંદસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી 'નમો સિદ્ધાણં' પદની આંબેલ સાથે ૨૦૦ જણે આરાધના કરી. આંબેલભક્તિ

સંઘવી રતિભાઈએ કરી. શ્રા.સુ. ૧૪ થી શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુના અઠ્ઠમમાં ૫૭ જણ જોડાયા. નાના બાળક બાળિકા પણ જોડાયેલ. પારણા તથા રૂા. ૧-૧ ની પ્રભાવના શેઠશ્રી સન્મુખભાઈ તરફથી થઈ. પૂ.મુ. શ્રી નંદીઘોષ વિ.મ.ની પ્રેરણાથી યુવાન વર્ગ ધર્માનુષ્ઠાન અને પૂજાદિના ભક્તિસંગીતમાં સારો જોડાયો છે.

● **નડિયાદ :** પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિ.મ.ની પ્રેરણાથી અત્રેના શ્રી સંઘના આમંત્રણાનુસાર અત્રે અમદાવાદ, ખેડા જિલ્લાના લગભગ ૪૦૦ વીરસૈનિકોનું તા. ૩-૮-૭૪ ભવ્ય સંમેલન થયું. સવારે ધર્મજાગરિકા વરઘોડો મનનીય સૂત્રો-ગીતો સાથે શહેરમાં ફર્યો. પછી ઉપાશ્રય વિશાળ હોલમાં સ્નાત્રમહોત્સવની તથા રાતના ત્યાં જ ભક્તિગીતો વિદ્યાર્થીઓનાં નૃત્ય ડાંડિયારાસ વગેરેની સંગીત-રમઝટ જામી. બપોરના વીરસેનાધિપતિ શ્રી લલિતભાઈ ધામીએ સુંદર ઉદ્બોધન કરી અ.ભા. સંસ્કૃતિ રક્ષકદળની માહિતી આપી. દરેક કેન્દ્રોના વીરસૈનિકોને પરસ્પર ઓળખ સારી થઈ, સાધર્મિક પ્રેમ વધ્યો.

● **દાદર :** અત્રે આરાધના ભવનમાં પૂ.મુનિરાજશ્રી મહાબળવિજયજી મ.ની નિશ્રામાં પૂ.મુ. શ્રી પુણ્યપાલવિજયજી મ.ની દેશના તથા આરાધકવર્ગના ધર્મ રંગથી ધર્મનો જય જયકાર વર્તી રહ્યો છે. વ્યાખ્યાનમાં યુવકો સારા જોડાયા છે. સ્વ.પૂ.આ. શ્રી વિજય કનકસૂરીશ્વરજી મ.ની સ્વર્ગતિથિ નિમિત્તે વાગડ સાત ચોવીશી મૂ. મંડળ તરફથી છઠ્ઠ-પારણાં-ગુણાનુવાદ-પૂજાદિ સુંદર થયું. શ્રા.વ. ૪ નિરૂપાબેનના સિદ્ધિતપ નિમિત્તે શ્રી કાનજી રતનશી તરફથી, તેમજ વાગડ સા.ચો. મંડળ તરફથી, ને બાબુ પુનમચંદજી તરફથી એમ ૩ સંઘપૂજન થયાં. શ્રા.વ. ૧૧ સ્વ. પૂ.પં. શ્રી પદ્મવિજયજી મ.ની સ્વર્ગતિથિ નિમિત્તે વ્યાખ્યાનમાં એઓશ્રીના સુંદર ગુણાનુવાદ થયા. અને દાદર સંઘ પરના એઓશ્રીના અપ્રતીમ ઉપકારોની સ્મૃતિમાં ભા.સુદ ૧ રવિવાર ૩૫૦ જણને ખીરના એકાસણાં સ્નાત્ર-ગીત-વ્યાખ્યાન-ધૂન સાથે ૧૧ ક્રોડ અરિહંત જાપ, જિનેન્દ્રભક્તિપ્રભાવ પર જાહેર વ્યાખ્યાન, દેવવંદન પ્રતિક્રમણ વગેરે સુંદર થયું.

● **જેતારણ :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજના ઉપદેશથી માત્ર ૩૦ જૈન ઘરના ગામમાં પણ શ્રા.વ. ૮-૯-૧૦ શંખેશ્વર ભગવાનના ૪૦ અઠ્ઠમ થયા. પાંચ જૈનેતરો અને એક આર્યસમાજ સંન્યાસીએ પણ અઠ્ઠમ તથા જાપ કરેલ. ઈંદોરના બાળ મુમુક્ષુ મુકેશે પણ અઠ્ઠમ કરેલ. ૧૩ પ્રભાવના વરઘોડો વગેરે સુંદર થયું. સુગનમલજી ફૂલપગર તરફથી અંતરપારણા-પારણા થયાં. પારણા દિને પાલીથી ૧૨૫ ભાવિકો આવેલ. એમણે ૪ પ્રભાવના કરી પૂજા ભણાવી. રોજ વ્યાખ્યાનમાં ૨૫૦-૩૦૦ જણ લાભ લે છે. અત્રે ઉપધાન તપ અને તે પછી

શંખેશ્વરજી છ'રી' પાળતા સંઘની વિચારણા ચાલી છે. અત્રે ખરતર, સ્થાનકવાસી તથા તેરાપંથવાળા બીજા ભાદરવામાં પજુસણ શરૂ કરવાના છે. વ્યાખ્યાનમાં બધા ય આવે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૩,અંક-૧,તા.૭-૯-૧૯૭૪

દિવ્ય-દર્શનના નૂતન ૨૩ મા વર્ષના પ્રારંભે

જણાવતાં આનંદ થાય છે કે આ સપ્ટેમ્બર માસથી 'દિવ્ય-દર્શન' સાપ્તાહિક પત્ર ૨૨-૨૨ વર્ષથી એકધારું આધ્યાત્મિક રસથાળ અને જૈન શાસનની અનન્ય ધર્મવાણીને પીરસતું હવે **૨૩ મા વર્ષમાં મંગળ પ્રવેશ** કરે છે. સાલો સાલ પત્ર સંચાલન અંગેના પ્રેસ કાગળ વગેરેના જાલિમ ખર્ચ વધતા જતા છતાં દિવ્ય-દર્શન-વાંચન દ્વારા ભવ્યાત્માઓને થતા અવર્ણનીય આત્મિક લાભોથી પ્રેરાઈને અમો આ પત્રનું સંચાલન ખોટ ખમીને પણ ચાલુ રાખવા ઉત્સાહિત બન્યા રહ્યા છીએ; અને અમે તો માનીએ છીએ કે દિવ્ય-દર્શનના વાંચકો એના વાંચનથી અમને મહાન સેવાનો લાભ આપી રહ્યા છે. સાથે આટલી આશા રાખીએ છીએ કે દિવ્ય-દર્શનના માનવંતા સભ્યો એમાં આટલી પૂર્તિ કરશે કે,-છેલ્લા બે અંકમાં મૂકેલી જાહેરાત મુજબ દરેક સભ્ય બે નવા સભ્ય ઊભા કરીને અમને જણાવે, તેથી કાગળ વગેરેની હમણાં હમણાં વધેલી રાક્ષસી મોંઘવારીના ખર્ચમાં દિવ્ય-દર્શન-સંચાલનને કાંઈક રાહત મળે.

ગયા વર્ષમાં અપાયેલ 'મહાવીર ભગવાનના જીવનમાંથી શું લેશો ?' પરનાં આધ્યાત્મિક પ્રવચનોએ, મળતા સમાચારો મુજબ, વર્તમાન વિષમ કાળની ભયાનક આંધીમાં વાંચકોના હૃદયને આજે દુર્લભ એવી અનુપમ શાંતિ-સમાધિ-સ્વસ્થતા સાથે જૈન ધર્મનાં અનેરાં રહસ્યોનો નિર્મળ બોધ અને જીવન-કર્તવ્યોની પ્રેરણા આપી છે. આનું ખાસ કારણ અમને આ લાગે છે,-

દિવ્ય-દર્શનમાં પૂ. આચાર્યદેવશ્રીનાં પ્રવચનો વાંચતાં એમાં એક સૂત્ર ખૂબ વણાયેલું દેખાય છે કે, **'આપણાં પૂર્વોપાર્જિત અશુભ કર્મોના ઉદય વિના તો આપણું બાહ્ય કશું બગડતું નથી, કોઈ બગાડી શકતું નથી. તો પછી પૂર્વ કર્મવશ બાહ્ય વિકટ સંયોગો ઊભા થઈ બાહ્ય ગમે તેટલું બગડો, પરંતુ આપણું આભ્યન્તર હૃદય બગાડશો નહિ. આપણા અધ્યવસાય, આપણી વિચારસરણી, આપણી ભાવના બગડવા દેતા નહિ; નિરંતર મનના અધ્યવસાય-વિચારો-ભાવનાઓ શુભ રાખ્યા કરવા જાગ્રત રહેજો.'** કેમકે એ કર્મને આધીન નહિ, પણ આપણા પુરુષાર્થને આધીન છે; એટલે કે અધ્યવસાયાદિને બગાડવા કે 'શુભ નિર્મળ રાખવા એ આપણા હાથની વાત છે.'

આ સૂત્ર પર એઓશ્રી ભાર એટલા માટે મૂકે છે કે નવા કર્મબંધનો મુખ્ય આધાર દિલના અધ્યવસાય યાને ભાવ પર છે. પૂર્વના અશુભ કર્મોથી પીડાઈ રહ્યા છીએ, પછી આપણી જાતે જ દિલના ભાવ બગાડીને નવા અશુભના ઢગલા શા માટે નોંતરીએ ? પૂ. પ્રવચનકારશ્રી આ દિલ ન બગડવા દેવા માટે અને એને શુભ ભાવભર્યું રાખવા માટે જિનશાસને બતાવેલ અનેકાનેક પ્રકારના રચનાત્મક ઉપાયો બતાવે છે, જેવા કે વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા શ્રી જિનેશ્વર ભગવાન પર અથાગ પ્રીતિ સાથે એ પરમાત્માની ભક્તિ-ઉપાસનાના સચોટ બાલગમ્ય પ્રકારો ત્રિકાલાબાધ્ય જિનવચન પર અનન્ય રાગ અને શ્રદ્ધાના તથા માર્ગાનુસારી આચરણો-જીવદયા-પરોપકાર-દાન-શીલ-તપ, સાધુસેવા શાસ્ત્રસ્વાધ્યાય, નિરંતર જિનવાણી શ્રવણ, પ્રારંભિક યોગ-અધ્યાત્મ ધ્યાનની પ્રક્રિયાઓ,... વગેરે વગેરે આ ઉપાયો આચરવા એટલા માટે જરૂરી છે કે ધર્મના આચાર-અનુષ્ઠાન આચરવાની પરવા રાખ્યા વિના હૃદયના ભાવ શુદ્ધ પવિત્ર રાખવા કઠિન છે.

પૂ. આચાર્યદેવશ્રીની નિરૂપણ કરવાની શૈલી એવી છે કે વસ્તુ તત્ત્વના ઊંડાણમાં, કથા દૃષ્ટાંત અને સાદી પણ સચોટ યુક્તિ-દલીલો દ્વારા, એવા ઉતારી દે છે કે બહુ નહિ ભણેલા પણ માણસો એમાં રસ તરબોળ બની તત્ત્વના ઊંડાણને સમજી જાય છે. વળી એમને એમ પણ લાગે છે કે, 'આ બધું અમારા ઉપર કહેવાઈ રહ્યું છે, કેમ જાણે પૂજ્ય આચાર્યદેવશ્રી અમારી વિટંબણાઓને જાણી ગયા ન હોય ?' આટલું લાગવાનું જ નહિ, પણ પછી પોતાના જીવનમાં એ ઉપદેશનો અમલ કરવા માંડે છે.

તત્ત્વ તો સર્વજ્ઞ ભગવાનનાં છે. વાણી તો જિનેશ્વરદેવની છે, પરંતુ એનું નિરૂપણ કરવાની પદ્ધતિ એવી છે કે આજના કેળવાયેલાઓ, તથા સ્થાનકવાસી ગૃહસ્થો અને સાધ્વીઓ તેમજ જૈનેતરો પણ એને પ્રેમથી સાંભળે છે. વાંચે છે.

ત્યારે, આજના ધાંધલિયા-ધમાલિયા અનેકવિધ સંકટોભર્યા જીવનમાં જીવને બહાર ક્યાં શાંતિ ને હૃદયની નિર્મળતા મળે છે ? એ મળે તો સંતોની વાણીમાં મળે. દિવ્ય-દર્શન આ કામ સંગીત રીતે કરે છે. એ આત્મા તરફ દૃષ્ટિ લઈ જઈ અનેક પ્રકારના પાપરૂપ સંકલ્પ-વિકલ્પો, દુર્ધ્યાન, દુષ્કૃત્યની આતુરતાઓ, કામ-ક્રોધ-લોભ મદ-માયા વગેરે કષાયો, હૃદયની મેલી લાગણીઓ, નિરાશા, દીનતા

વગેરે વગેરેની ભયંકરતા સમજાવી દિલને શાંતિ પવિત્રતા શુભધ્યાન-ભાવના વગેરેની પ્રેરણા આપે છે.

દિવ્ય-દર્શનના નૂતન વર્ષના મંગળ પ્રવેશ વખતે આ અમારે એટલા માટે જણાવવું રહે છે કે દિવ્ય-દર્શનના વાંચકો વાંચનને સક્રિય તો કરે જ, પણ જેમ કોઈ બહુ સારી વસ્તુ સસ્તામાં મળતી હોય તો એ લેનારા બીજાઓને પ્રેરણા કરે છે કે 'દોડો દોડો આ બહુ સારું સસ્તામાં મળે છે લઈ આવો,' એમ વાંચકોને અમારો અનુરોધ છે કે બીજાઓને પણ દિવ્ય-દર્શનના વાંચનમાં ભાર પૂર્વક જોડે, અને એ રીતે ભગવાનની વાણીના પ્રચારનાં મહાન સુકૃતનો લાભ ઉઠાવે.

ચાલુ પ્રવચનના વિષયમાં ક્રમશઃ મહાવીર ભગવાનના ૨૫ મા ભવની વીસ સ્થાનકની આરાધનાના પ્રસંગને પામી **'વીસ સ્થાનકની આરાધના અને આરાધક મહાત્માઓનાં દૃષ્ટાંત'** એ વિષય ઉપર પ્રવચનો રજૂ થશે.

• • •

• **દહેગામ :** અત્રે પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મ. ના ઉપદેશથી સંઘમાં સમૂહ આરાધનામાં ૪૦૦ આંબેલ, ૪૭૦ ખીરનાં એકાસણા થયાં, રોજ 'નમો જિણાણં જિયભયાણં' નો ૧।।। લાખ જાપ, રોજ ૧૦૦૦ ઉપર લોગસ્સનો કાઉસ્સગ્ગ, શાસન રક્ષાર્થે માસિક ૧૧૮ આંબેલ ચાલુ છે સિદ્ધિતપ ચાલુ છે, પહેલી જ વાર તપનો ઉલ્લાસ બહુ જાગ્યો છે. પૂ.શ્રીના શિષ્ય મુનિશ્રી શુભંકરવિજયજીએ અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરેલ. જોગમાં વર્ધમાન આંબેલ તપનો પાયો નાખ્યો જેમાં છઠ્ઠ-અઠ્ઠમો પણ કરેલ; તથા ચત્તારિઅઠ્ઠતપ પૂર્ણ કર્યો અને માસખમણની ભાવનામાં રમે છે.

• **વઢવાણ શહેર :** પૂ. મુનિરાજશ્રી જયશેખરવિજયજી મહારાજની પ્રેરણાથી પ્ર.ભા.સુ. ૭-૮-૯ ના શ્રીસીમંધરપ્રભુના અઠ્ઠમની આરાધના અભૂતપૂર્વ બની ગઈ. ન ધારેલી ૧૫૦ ની સંખ્યા, જેમાં કદી ઉપવાસ પણ નહિ જ કરેલ તેવા પણ હતા. નાના બાળકો પણ અડધા ઉપર હતા. અંતરવાયણા, શીવા સુખાની પેઢી તરફથી પારણા, ૧૪-૧૪ પ્રભાવનાઓ, તપોમય વાતાવરણ શ્રીસીમંધર પરમાત્માનાં જીવન સાથે કામગજેન્દ્રની સંવેગ વૈરાગ્ય નીતરતી કથા પર વ્યાખ્યાનો વગેરે અનુમોદનીય હતું. ૯૫ વર્ષની વયના પૂ.સા. ચંદનશ્રીજી મ ના ૭૫ વર્ષના સંયમ પર્યાયની અનુમોદનાર્થે તેમના ભત્રીજા તરફથી મહોત્સવ થયો. વીસ વિહરમાનની પૂજામાં અનેરો રંગ જામ્યો. પ્ર.ભા.સુ. ૧ ના શાસનરક્ષાર્થે ૩૦૮ આરાધકોએ લુખી નવી સાથે 'નમો જિણાણં જિયભયાણં' નો ૧૨।। હજારનો જાપ કર્યો. બપોરે

પૂજા ભણાવાઈ.

• **સુરેન્દ્રનગર :** શ્રી ઝાલાવાડ જૈન શ્વે. મુ. તપાગચ્છ સંઘ ટ્રસ્ટના સેનેટોરીયમમાં પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિનો ચાર્તુમાસાર્થે પ્રવેશ થયો ત્યારથી ઉલ્લાસપૂર્વક ધર્મારાધનાઓ ઝળકતી રહી છે. ઉપદેશમાલા અને સમરાદિત્ય કેવળી ચરિત્ર ઉપરનાં જ્ઞાન-વૈરાગ્યભર્યા પ્રવચનોને ભાવિકો સારી સંખ્યામાં ઝીલી રહ્યા છે. બે સંઘ પૂજનો માણેકલાલભાઈ તથા મનસુખલાલ ચુ. મહેતા તરફથી થયેલ પ્રભાવના વગેરે થવા ઉપરાંત શ્રાવણ વદ ૬,૭,૮ નાં શાસનરક્ષાર્થે તથા શ્રીસીમંધર સ્વામીની આરાધના નિમિત્તે ૨૦૦ અઠ્ઠમ તથા પૂજા-ભક્તિ ભાવનાદિનો જલસો જામ્યો.

શ્રાવણ વદ ૬ નાં શુભમુહૂર્તે નૂતન શ્રી મહાવીર સ્વામી જિનપ્રાસાદનું ખનન મુહૂર્ત શા. ખીમચંદભાઈ ઉજમસીભાઈ લીંબડીવાળાના શુભહસ્તે થયેલ. તેમનાં તરફથી આ પ્રસંગની ખુશાલીમાં અનુકંપાદાન, જીવોને અભયદાન, પ્રભાવનાં પૂજા વગેરે કરવામાં આવેલ. વીશસ્થાનક તપની પૂજા તથા વીસ વિહરમાન જિનની પૂજામાં તેના પટ તથા માંડલાની રચના રાખવામાં આવેલ. ગવૈયા શ્રી ગજાનનભાઈએ ભક્તિપૂર્વક ૨૦ વિહરમાન જિનના ગુણવર્ણનનો ચિતાર તાદૃશ કરેલ. અઠ્ઠમ તપસ્વીઓની ભક્તિ-બહુમાનપૂર્વક અનેક ભાવિકો તરફથી પ્રભાવનાં સાથે કરવામાં આવેલ. વાગડ સમુદાયનાં પૂ. સાધ્વીજી શ્રી હંસરત્નાશ્રીજી મહારાજે બત્રીસ ઉપવાસની મહાન તપશ્ચર્યા પરિપૂર્ણ કરેલ. પૂ. તપસ્વીજી સાધ્વીજી મ. શ્રી પુષ્પચૂલાશ્રીજી મ. શ્રી ને ૧૦૦ ઉપર બીજીવારમાં ૫૪ ઓળી તથા સા. હેમચંદ્રાશ્રીજીને ૫૬ થી ૬૦ મી ઓળી લાગટ ચાલે છે. હવે શ્રી સંઘમાં પંચરંગીતપ તથા સ્વસ્તિક તપની આરાધના ભા.સુ. ૪ થી ૮ સુધી ચાલી રહી છે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૩,અંક-૨,તા.૧૪-૯-૧૯૭૪**

• **પાલીતાણા :** પૂ.આ. જયંતસૂરીશ્વરજી મ., પૂ.આ. વિક્રમસૂરીશ્વરજી મ. પૂ.આ. નવીનસૂરીશ્વરજી મ.સા.ની શુભનિશ્રામાં શ્રી શત્રુંજય મહાતીર્થની ૨૦૨ દિવસની મહાસંઘ યાત્રાના મહાન સુકૃત બાદ શ્રી સિદ્ધગિરિની શીતલછાયામાં સમૂહ ચાતુર્માસની આરાધનામાં ૪૦૦-૪૦૦ આરાધકો સુંદર આરાધના કરી રહ્યા છે. તપની તો ભૂરિ ભૂરિ અનુમોદના થાય એવો મહાયજ્ઞ મંડાયો છે. પૂ.આ.ભ. નવીનસૂરીશ્વરજી મ.ને ૮ ઉપવાસ, પૂ.સાધ્વી ગણમાં નીચે મુજબ મહાન તપ થયો

છે. એકને ૪૨ ઉપવાસ, એકને ૩૭ ઉપવાસ, ત્રણનો ૩૬-૩૬ ઉપવાસ, દસ પૂ. સાધ્વીજી મ. ને તથા બે બેનોને માસખમણ, શ્રેણિતપમાં એક બેન, સમવસરણ તપમાં બે બેનો છે. તેમજ એક સાધ્વીજી તથા ૩૮ બેનોને સિદ્ધિતપ વગેરે તપશ્ચર્યા અપ્રમત્તપણે પૂર્ણ થઈ છે. પૂ.તીર્થ પ્રભાવક આચાર્યદેવશ્રીના સવારે શ્રી ભગવતીજી ઉપરના મનનીય પ્રવચનો અને બપોરે શ્રી ઠાણાંગસૂત્ર પર વાંચના ચાલે છે. પૂ. રાજયશ વિજયજી મ. ના ચંદ્રપ્રભ ચરિત્ર પર રોચક પ્રવચનો વરસી રહ્યા છે. જયતલાટીની યાત્રા ચતુર્વિધસંઘ નિત્ય ઉલ્લાસભેર કરી રહ્યો છે. પૂ.સા.વાંચયમાશ્રીજી મ. બેનોને આરાધનાની ભવ્યપ્રેરણા આપી રહ્યા છે.

● **રાણીગામ :** પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ.ની નિશ્રામાં ચોમાસાનો અનેરો રંગ જામ્યો છે. ૧૨ ભાગ્યશાળીઓએ માસખમણની ભાવનાથી તપશ્ચર્યા ચાલુ કરી છે, ૨ પૂ.સાધ્વીજીને સિદ્ધિતપ પૂર્ણ થતા ૯ દિવસનો ભવ્ય ઉત્સવ થયેલ, નવરંગી તપમાં ૧૪૦ જોડાયા. ચંદનબાળાના અભિગ્રહના અઠ્ઠમ, અષ્ટકવલ વગેરે તપો થઈ રહ્યા છે. પ્રભાવના-પારણાં વગેરેમાં ધનની સરિતા વહી રહી છે.

● **નડીયાદ :** પૂ.સા.હંસકીર્તિશ્રીજી મ.ની પ્રેરણાથી બેનોમાં ધર્મ આરાધનાનો જલસો જામ્યો છે. પૂ.સા.જયણાશ્રીજી મ.ને તથા ત્રણ બેનોને સિદ્ધિતપ પૂર્ણ થયો. શાસનરક્ષાર્થે ૭૧ ભાઈઓ, બેનોમાં ૭૧ અઠ્ઠમ થયા તેમાં માત્ર પાંચ વર્ષની અનીષાએ તથા છ વર્ષની પારૂએ અઠ્ઠમ કરતાં ભારે શાસન પ્રભાવના થઈ. અનીષાએ પારણું કરી સૌ તપસ્વીઓને પ્રભાવના વહેંચી. વરઘોડો નીકળતાં એક સુંદર શણગારેલી બગીમાં બેસાડેલ આ બે બાળતપસ્વીઓને જોવા ઘેર તથા ચૈત્યપરિપાટીના વરઘોડામાં લોકોના ટોળેટોળા જામતા. જૈન ધર્મના તપ પ્રત્યે સૌના મસ્તક ઝૂકી જતાં. વરઘોડામાં આખા રસ્તે વીરસૈનિકોની ભક્તિરસની રમઝટ મચી હતી. સળંગ ૨૦ દિન ૪૦૦ બેનોના રાત્રિ જગા ચાલ્યા. પાંચ દિવસનો ભવ્ય ઉત્સવ ઉજવાયો. ચંદુભાઈ ગાંધી તરફથી નવાણું અભિષેકની મોટી પૂજા ભણાવાઈ તેમાં સાબરમતીથી લલિતભાઈ તથા અમદાવાદથી ચતુરભાઈએ આવી ભક્તિ રસ રેલાવ્યો. સિદ્ધિતપના તપસ્વી, ૧૦ ઉપવાસવાળા તેમજ અઠ્ઠમ તપવાળી બાળાઓનું સંઘે, યોજિત મહિલા મંડળે, વીરસૈનિકોએ સન્માન કર્યું, સમારંભ સભા યોજી શાસન રક્ષાર્થે ભાષણો થયા. ૭૫ તપસ્વીઓને દરેકને રૂા. ૯-૯ની પ્રભાવના થઈ. નડિયાદને આંગણે એક અનેરો અનુમોદનીય યાદગાર પ્રસંગ ઉજવાઈ ગયો. બેનોને સાધ્વીજી મ. પાસે સુંદર જ્ઞાનાધ્યયન ચાલી રહ્યું છે.

● **અમદાવાદ :** અત્રે પ્રખર વક્તા પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ. વિદ્યાશાળામાં રોજ સવારે ૬-૬।।। સુધીમાં ૧૦૦૦/૧૫૦૦ યુવાનો વગેરેને પ્રાર્થના

તથા તત્ત્વબોધ આપે છે. વ્યાખ્યાનમાં સંસ્કૃતિરક્ષા વગેરે પર જોશીલી વાણી રેલાવે છે. માણસો માતુ નથી. રવિવારે ફેલોશીપ સ્કૂલમાં જાહેર વ્યાખ્યાનમાં સભા વધતાં ૧૨-૧૪ હજાર સુધી મેદની થવા માંડી છે. રવિવારે સવારે સમૂહ ચૈત્ય-પરિપાટી યોજાય છે. નડિયાદના ૪૦ વીરસૈનિકો તા. ૧-૯ રવિવાર અમદાવાદ જતાં સારંગપુર ચૈત્યપરિપાટીમાં આખે રસ્તે ભક્તિધૂનમાં જોડાયા. પછી ફેલોશીપ સ્કૂલના મેદાનમાં પૂ.મુ.શ્રી હેમચંદ્રવિજયજી મહારાજે હજારોની મેદનીમાં કરાવેલ. ભવ્ય સુકૃત અનુમોદનામાં લાભ લીધો. બાદ ૧૧ થી ૧૧-૪૫ પૂ.શ્રી ચંદ્રશેખર-વિજયજી મહારાજે એમને વીર સૈનિક કોણ ? એની કામગીરી શી ? વગેરે સમજાવતાં કહ્યું, 'અ.ભા.સંસ્કૃતિ રક્ષક દળની સ્થાપના સમગ્ર આર્ય સંસ્કૃતિની રક્ષા કાજે છે. તો પહેલાં તો આ દળના વીર સૈનિકે રોજ નવકારશી, પચ્ચક્ખાણ, સ્વદ્રવ્યથી જિનપૂજા, રાત્રિભોજન, સિનેમા, કંદમૂળ ત્યાગ આ ૫ કર્તવ્ય તો પાળવા જ જોઈએ.' પૂજ્યશ્રી યુવાનોના બ્રહ્મચર્ય-સદાચારાદિ માટે સિનેમા ત્યાગ પર ખાસ ભાર મૂકે છે. ૫ વર્ષ સિનેમા ત્યાગવાળા અમદાવાદના ૧૦૦ વીરસૈનિકોનું A-૧ ગ્રુપ બનાવ્યું છે. ''શીલની પવિત્રતા વિના મર્દાનગી આવે નહિ. ને તે વિના શાસનરક્ષાનું ય કાર્ય ન થાય.''એમ એઓશ્રી કહે છે. ફેલોશીપમાં ૨।। થી ૪ જૈન રામાયણ પર વ્યાખ્યાન સાંભળ્યું. ૪ થી ૫ અમદાવાદ - નડિયાદના વીરસૈનિકોનું સ્નેહ મિલન થયું. તેમાં પ્રશ્નોના ઉત્તર શ્રી લલિતભાઈ ધામી અને ભરતભાઈ આપતા હતા. રાત્રે ૮ થી ૧૦ વિદ્યાશાળાના વિશાળ હોલમાં ભાવનાની રમઝટ જામી. હોલ ચિક્કાર ભરાયેલ એકંદરે અમદાવાદમાં યુવાનોમાં અભૂતપૂર્વ ધર્મરંગ ઉછળી રહેલ છે.

● અત્રે પગથિયાના ઉપાશ્રયે પૂ.મુ.શ્રી હેમચંદ્રવિજયજી મ. ઉપદેશથી શ્રીસીમંધર ભગવાનની આરાધનાર્થે ૪૫૦ જણે અઠ્ઠમ કર્યા. બાળક બાળિકાઓએ પણ અઠ્ઠમ કર્યા. અંતરપારણામાં રૂા. ૨૫૦૦૦ ઉપરનો મીઠાઈભાર વહેંચાયો. ઉત્તરપારણા એક જ વ્યક્તિ તરફથી વિદ્યાશાળા હોલમાં કરાવાયા. ત્રણ દિવસના આરાધનાના ભરચક કાર્યક્રમ બાદ રથયાત્રા વરઘોડો અદ્‌ભુત નીકળ્યો. જેની ઉછામણી જ રૂા. ૫૦૦૦ જેવી થયેલી. સાબેલા ગાડીઓ, બે મહિલા મંડળની ગાડી ઘોડેસ્વારો, સ્કુટરો, સાઈકલો એક ગાડીમાં શ્રી સીમંધર ભગવાનનો ફોટો ઉછામણીવાળા લઈને બેઠલ. રથ, વિશાળ સાજન જુદા જુદા સમુદાયના મુનિમહારાજો વગેરેથી વરઘોડો ખૂબ દીપી ઊઠ્યો. પગથિયે ધર્મની રંગત જામી છે. રાતના જ્ઞાનગોષ્ઠીમાં યુવાનો પ્રૌઢો વિશાળ સંખ્યામાં કર્મગ્રંથ વગેરેના તત્ત્વબોધ લઈ રહ્યા છે. સુદ ૮ રવિવારે પૂજ્યશ્રીએ વિદ્યાશાળાએ દુષ્કૃતનિંદાની આરાધના કરાવતાં લગભગ ૨૫૦૦/૩૦૦૦

જણે આયંબિલ સાથે લાભ લીધો.

● **પાટણ :** અત્રે પૂ.આ.શ્રી વિજયરાજતિલકસૂરીશ્વરજી મહારાજે વર્ધમાન આંબેલ તપની ૧૦૦ ઉપર બીજી ૯૨ ઓળી પૂર્ણ કરી. શ્રાવણ સુદ ૧૪થી ૯૩મી અલૂણી ઓળી ચાલુ કરી છે. બીજા મુનિઓનેય ઓળી ચાલે છે. સંઘમાં પણ ધર્મપ્રવૃત્તિ સુંદર ચાલુ છે. બપોરના મલયગિરિની આવશ્યક વાચના ચાલે છે.

● **સાવરકુંડલા :** અત્રે પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. ને પિત્તપ્રકોપ થતાં સંઘના આગ્રહે ૧૦૭મી ઓળીમાં ૪૧ આંબેલ પછી પારણું કરવું પડ્યું. ને સંઘે આ નિમિત્ત પામી કાયમ માટે દેરાસરજી ગભારા-રંગમંડપમાં વિજળી દીવા ન રાખવાનો ઠરાવ કર્યો. પૂ.મુ.શ્રી વિમળસેન વિજયજી મ.ને ૧૬ ઉપવાસમાં છેલ્લે કીડનીની તકલીફ થતાં ડૉ.ની સલાહથી માસખમણની ભાવના પડતી મૂકી ૧૬ પછી પારણું કરવું પડ્યું. હવે તબીયત સારી છે. મુ.શ્રી ચંદ્રસુંદરવિજયજી મ.ને માસખમણ ચાલુ છે.

● **ઉદયપુર :** અત્રે પૂ.મુ.શ્રી જિનપ્રભવિજયજી મ.ના ઉપદેશથી સંઘમાં ધર્મ-જ્યોત ઝગમગી છે. શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના ૩૨૫ અઠ્ઠમ થયા. ૪૩૦ ભાઈ બેનોએ ૯ દિનમાં ૧। ક્રોડ નવકાર મંત્ર જાપ કર્યો. ૬ માસખમણમાં બેનાં પારણાં થયાં, ૪ ને ચાલુ છે. ૧૫૦ લગભગ આરાધકો પંચરંગી તપ કરી રહ્યા છે. માસખમણ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ સિદ્ધચક્રપૂજન કોઠારી તરફથી ભણાવાયું. ૩૦૦ જણે નવ લાખ નવકાર જાપની પ્રતિજ્ઞા લીધી.

● **કલોલ :** અત્રે પૂ.સા.શ્રી તીર્થશ્રીજી મ.ના પ્રશિષ્યા સા.શ્રી વિશ્વરત્નાશ્રીજી મ. માસખમણ કરેલ તે નિમિત્તે ૧૮ અભિષેક સિદ્ધચક્રપૂજન ભણાવાયું ૮ દિનથી બેનોનું ગાવાનું ચાલુ હતું. તપમાં સાથ પૂરવા ૫૦ જણે અઠ્ઠમ કર્યા.

● **સુરત :** અત્રે પૂ.આ.શ્રી વિજયકુમુદચંદ્રસૂરીશ્વરજી મ.આદિ અત્રે બિરાજમાન પૂ.મુનિરાજોની નિશ્રામાં ૯ લાખ નવકારમંત્રના આરાધક ૪૫૦ જણનું ખંભાતવાળા સ્વ. અંબાલાલ રતનચંદના સુપુત્રો તારાચંદભાઈ વગેરે તરફથી શ્રી નરેશચંદ્ર ચી. સંઘવી તથા સુરતના નગરશેઠે ડૉ. નવીનચંદે ૧-૧ રૂા. તથા તિલકથી બહુમાન કરેલ. પૂ.પ્રબોધચંદ્રવિજયજી ગણિવરે સુંદર પ્રવચન કરેલ.

● **પાલીતાણા :** પૂ. પાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબના ત્રણ પટ્ટધર આચાર્યદેવો શ્રી જયંત-નવીન-વિક્રમસૂરીશ્વરજી મ. ની પરમપાવની નિશ્રામાં તપોયજ્ઞ મંડાયો છે. નિર્વિઘ્ને પૂર્ણ થયેલ એ મહાન તપોની અનુમોદનાર્થે સમૂહ ચાતુર્માસ આરાધન સમિતિ તરફથી એક ભવ્ય તપ-ઉદ્યાપન મહોત્સવ દ્વિ.ભા.સુ. ૫ થી ચાલી રહ્યો છે. વર્તમાન સ્થિતિને અનુલક્ષીને અનુકંપાના કાર્યો થઈ રહ્યા છે.

● **આસેડા :** પૂ.પં.પ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યના પૂ.મુ.ધર્મરત્ન વિજયજી મ. કીર્તિકાંત વિ.મ. (આસેડાના) આદિઠાણા ૩ની નિશ્રામાં એક બારોટ-ભાઈએ **માસખમણ,** ઉપરાંત બીજી તપશ્ચર્યા વર્ધમાનતપના પાયા જૈનોમાં ૧૭ ઉપરાંત જૈનેતરોમાં નંખાયા ચોસઠપ્રહરી ૧૭, રૂા. ૧૦ હજાર પાંજરાપોળની ટીપમાં ઉપરાંત બીજી આવક થઈ. શાનદાર વરઘોડામાં રબારીએ રૂા. ૧૦૧/- મૂકી ગહુલી કાઢેલ આયંબિલ ખાતું ચાલે છે. નાના ગામમાં પણ ખૂબ સુંદર શાસન પ્રભાવના થઈ છે.

● **સંગમનેર :** પૂ.આચાર્યદેવ શ્રીમદ્વિજય વિબુધપ્રભસૂરીશ્વરજી મ. ની શુભ નિશ્રામાં ઉલ્લાસ પૂર્વક વર્ધમાનતપના પાયા, દીપકવ્રત, શાસનરક્ષાર્થે અઠ્ઠમ અને જાપ, સ્વસ્તિક તપ, ચંદનબાળાના અઠ્ઠમ વગેરે આરાધના ઉપરાંત પર્યુષણમાં ૪૧ ઘરના ગામમાં ૯૦ જેટલી તપશ્ચર્યા થઈ છે. ૩૦/૨, ૧૬/૫, ૧૪/૧, ૧૧/૨,૧૦/૧, ૯/૧, ૮/૭૨, ૭/૩, ચોસઠ પ્રહારી પૌષધ/૨૨ પૂ. મુનિરાજશ્રી કુમુદચંદ્ર વિ.ને ચત્તારિઅઠ્ઠ, તપોધનાશ્રીજી મ.ને શ્રેણીતપ, ભાગ્યરત્નાશ્રીજી મ. ને અઠ્ઠાઈ હતી. ૭ થી ૮ લાખના ખર્ચે બની રહેલ ભવ્યજિનાલયની પ્રતિષ્ઠા માટે સંઘ તૈયારી કરી રહ્યો છે.

● **રાણીગામ :** પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ. ની નિશ્રામાં ૩૦/૧૨, ૧૬/૯, ૧૫/૨૮,૮/૮૪ આ પ્રમાણે અભૂતપૂર્વ તપશ્ચર્યા થઈ છે. આ તપસ્વીઓને ચાંલ્લો કરવાની ઉછામણી રૂા. ૧૦,૦૦૧ની થઈ, ચોમાસું કરાવનાર હસ્તીમલજી તરફથી દરેક તપસ્વીને સંથારા કટાસણા ચરવળા ચાંદીની વાટકી વગેરેની રૂા. ૪૦૦૦ની પ્રભાવના થઈ.

● **દહેગામ :** પૂ.પં.પુષ્પવિજયગણિવરની નિશ્રામાં પૂ.મુ.શ્રી ચરણપ્રભ-વિજયજી મ. ના તપ ત્યાગ ઉપર પ્રેરક પ્રવચનોથી આરાધનાનો વિક્રમ નોંધાયો

છે. ઉપવાસ/આરાધના ૩૦/૮, ૧૬/૧૯, ૧૧/૩, ૧૦/૪, ૯/૯, ચોસઠ પ્રહારી પૌષધ/૨૨, અઠ્ઠાઈ/૧૨૨ બેનોના ઉપાશ્રયની ટીપમાં રૂા. ૧ લાખ, માસખમણવાળાને રૂા. ૨૫૦-૨૫૦ની, સોળવાળાને ૨૦૦-૨૦૦ની, અઠ્ઠાઈવાળાને ૧૩૦-૧૩૦ની પ્રભાવના થતાં કુલ રૂા. ૨૫૫૪૦) ની પ્રભાવના થઈ. સંઘપૂજન દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધર્મિક ભક્તિ ખાતે પણ સારી રકમો થઈ. ૧૪-૧૫ જગ્યાએ ચતુર્વિધ સંઘની પધરામણી વગેરે અભૂતપૂર્વ કાર્યો થયા. સંઘમાં આનંદની ઉર્મિઓ ઉછળે છે.

● **ખંભાત :** પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ.ની નિશ્રામાં ચોસઠપ્રહરી પૌષધ ૫૪ દરેકને રૂા. ૧૨-૧૨ની પ્રભાવના ૮-૯-૧૦ ઉપવાસવાળા તેમજ શ્રેણીતપ ચત્તારિ અટ્ઠ. તપવાળાને રૂા. ૫૨-૫૨ની પ્રભાવના થઈ. દેવદ્રવ્ય જ્ઞાનદ્રવ્ય, જીવદયા, જનરલ ટીપ ઘણી સારી થઈ.

● **અમદાવાદ :** પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ. ના પ્રવચનો પર્યુષણમાં ફેલોસીપ હાઈસ્કૂલમાં હંમેશ ૮ થી ૧૦ હજારની માનવમેદનીમાં થતા શાસનની પ્રભાવના ખૂબ સુંદર થઈ. યુવાનોને સિનેમાત્યાગ, નવકારશી રાત્રિ ભોજન-અભક્ષ્ય ત્યાગ વગેરેમાં સારાં જોડાઈ રહ્યા છે. દુષ્કાળમાં રાહત અંગે પ્રેરક ઉપદેશથી રૂા. ૧ લાખ ૫ હજારનું ફંડ થયું. ચોમેર અનાજ તેમજ રકમથી રાહત અપાય છે. સંવત્સરીએ હઠીભાઈની વાડીએ ચૈત્યપરિપાટીમાં ૧૨ થી ૧૪ હજારની સંખ્યા હતી. શ્રેણીકભાઈ વગેરે પણ જોડાયા હતા.

● **વઢવાણ :** પૂ. મુનિરાજશ્રી જયશેખરવિજયજી મ.ની નિશ્રામાં છેલ્લા કેટલાય વર્ષોમાં ન થઈ હોય એવી પર્વની આરાધના થઈ હતી. બે સાધ્વીજીએ ૩૦ ઉપવાસ ૧૬-૩, બે સિદ્ધિતપ, બે ચત્તારિઅટ્ઠ, ૨૦ અઠ્ઠાઈ વગેરે તપશ્ચર્યા દેવ-દ્રવ્યાદિની સારી એવી ઉપજ. ચોસઠપ્રહરી પૌષધ, પૂજા પ્રભાવનાદિ સુંદર થયેલ.

● **ભિવંડી :** પૂ. મુનિરાજશ્રી અક્ષયવિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણપર્વની આરાધના સુંદર થવા પામી ૩૦/૧, ૧૬/૭, ૧૫/૪, ૧૧/૯, ૯/૧, ૮/૬૩ સિદ્ધિતપ, ચત્તારિ અઠ તપ ૧। લાખની ઉપજ પર્યુષણ પહેલા નવકારનો તપ, સિદ્ધચક્રપૂજન સાથે દશાહ્નિકા મહોત્સવ, થયેલા તપની ઉજવણી નિમિત્તે ભવ્ય ઉત્સવ થશે.

પૂ.પાદ જૈનાચાર્ય શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબના ગૌરવવંતા સમુદાયના એક મુનિરત્નની પ્રેરણાદાયી આરાધના

- સવારનું પ્રતિક્રમણ ઊભા ઊભા પોણો કલાક મૌનપણે.
- સાંજનું પ્રતિક્રમણ માંડલીમાં ઊભા ઊભા. ◦ પડિલેહણ બેઠા બેઠા મૌનપણે.
- દેરાસરમાં હંમેશ દેવવંદન પોણો કલાક.
- છ અઠ્ઠાઈ બાર તિથિ કાપ બંધ. કાપ પંદર દિવસ ઉપર મોટા ભાગે મહિને.
- પાંચ તિથિએ, ચોમાસામાં બારતિથિએ તથા અઠ્ઠાઈમાં લીલોતરીનો સંપૂર્ણ ત્યાગ.
- રોજ બાંધી ૧૦ નવકારવાળી ૧૫૦૦ ગાથાનો સ્વાધ્યાય.
- રોજના ૧૦ દ્રવ્ય તેમાં બે મિષ્ટાન્ન, બે ફરસાણ, બે ફળથી વધારે નહિ.
- ક્રોધ ન કરવો. કોઈ કાર્ય પસંદ ન પડે તો મૌન રહેવું.
- ઠાણાંગસૂત્ર સુધીના જોગ, નવપદની ૧૫ ઓળી, વર્ધમાન તપની ૨૯ ઓળી વીસસ્થાનક તપ ઉપવાસથી, પોસદશમી તપ તથા ૨૪ ભગવાનના એકાસણા (૬૦૦) પૂર્ણ, ૧૫ વર્ષથી બિયાસણા, બનતા સુધી કોઈ વસ્તુ કસાવીને વાપરવાનો ત્યાગ. શત્રુંજયની યાત્રા માટે કળીનો લાડુ, ગીરનાર માટે પેંડા, ભદ્રેશ્વર માટે સાટાં, સમેત શિખર માટે ઘેબર, પાવાપુરી માટે બરફી, અંતરીક્ષજી માટે કળી, ભાંડકજી માટે મૈસુર, માંડવગઢ માટે કંસાર, જીરાવલા માટે બાલુશાઈનો ત્યાગ. સાધુ માટે ખરીદેલા કપડા વહોરવા નહિ. ધન્ય મુનિવર ! ધન્ય આરાધના !

● **અમદાવાદ-રાજપુર :** પૂ.મુનિરાજશ્રી જયવિજયજી મહારાજ આદિઠાણાની નિશ્રામાં પર્વાધિરાજની આરાધના માસખમણાદિ તપ તથા ઘણી અઠ્ઠાઈઓ, વરઘોડા, રાત્રિજગા, ઉપજ વગેરેથી ભવ્ય રીતે થઈ હતી.

● **જામનગર :** અખીલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ જણાવે છે કે ઋષભદાસ રાંકા વગેરે સૌરાષ્ટ્રના પ્રવાસે ઉજવણીના પ્રચાર માટે નિકળેલા. તેમની સામે સૌરાષ્ટ્રમાં ગામોમાં સખત વિરોધ થતા પૂરા નિષ્ફળ નીવડ્યા. રાજકોટ, જામનગરમાં પણ સભાઓ રદ થઈ. ગોંડલ, જેતપુર, ધોરાજી, જુનાગઢ, અમરેલી, સાવરકુંડલા, મહુવા, ભાવનગર અને બોટાદના કાર્યક્રમો રદ કરવા પડ્યા.

● **વડાલી :** પૂ.મુનિરાજશ્રી જગચ્ચંદ્રવિજયજી મ. પધાર્યા છે. ત્યારથી સંઘમાં આરાધનાના પૂર ચડ્યા છે. પંચ રંગી, દીપકતપ, યોગશુદ્ધિતપ, વર્ધમાન તપના

પાયા, શાસન રક્ષા નિમિત્ત ચાલુ અઠ્ઠમતપ, પર્યુષણમાં માસખમણાદિ તપશ્ચર્યા, ટોળી સાથે ચોસઠપ્રહરી પૌષધ વગેરે સુંદર કાર્યો થયા. પૂ.સા.હિતસેનાશ્રીજીના સિદ્ધિતપ તથા સંઘમાં થયેલ તપ નિમિત્તે સિદ્ધચક્રપૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ચાલુ છે.

● **પૂના :** પૂ.પં.પ્રવરશ્રી ચરણવિજયજી ગણિવરની નિશ્રામાં દેવદ્રવ્યાદિની ઉપજ ૩૦૦૦૦/- જીવદયામાં ૯૦૦૦/- ચોસઠપ્રહરી પૌષધવાળા ૩૨-તે દરેકને રૂા. ૧૫ની, સમવસરણ તપવાળા ૧૬-દરેકને ૩૦૦ની, ૧૦-૯-૮ ઉપવાસવાળા દરેકને ૨૫-૨૫ની પ્રભાવના થયેલ. વરઘોડો વગેરે સુંદર રીતે નીકળેલ.

● **પિંડવાડા :** પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ પાર્શ્વનાથ પ્રભુજીના ૧૦૮ અઠ્ઠમ પારણા ઉત્તર પારણા સાથે, વર્ધમાન તપનો પાયો નાખનાર ૪૭ને રૂા. ૩૭-૩૭ની પ્રભાવના. પંચરંગી તપ પારણા. શાસનરક્ષા માટે કારતક સુદ ૧૫ સુધી લાગટ અઠ્ઠમ દરેકને રૂા. ૧૫-૧૫ની પ્રભાવના, કર્મ સાહિત્યનો ૧૦માં ગ્રંથ **ઉત્તરપ્રકૃતિ પ્રદેશ બંધનું** ઉદ્‌ઘાટન પ્રસંગે પંચાહ્નિકા મહોત્સવ, અર્હદ્‌ અભિષેક પૂજન, પર્યુષણ પર્વમાં નવસાધુ સાધ્વીજી મ. ને ૧૭-૧૫-૧૧-૯-૮ ઉપવાસની તેમજ સંઘમાં ૧૬ થી માંડી ૮ ઉપવાસની તપશ્ચર્યા કુલ ૬૫ની સંખ્યાં હતી. ઉછામણી તથા વરઘોડા વગેરે કાર્યો આ સાલ અદ્‌ભુત થયા. યોગશાસ્ત્ર રામાયણ ઉપરના વિદ્વાન મુનિરાજશ્રીના પ્રવચનોએ સંઘમાં અનેરો ઉલ્લાસ પ્રગટાવ્યો છે.

● **પીયાવા :** ભાનુદરા મોટા પૂ. આચાર્ય ભગવંત ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ની પધરામણી જેઠ માસમાં થયેલી. ઘર દેરાસરમાં પાષાણના બિંબ પધરાવવા કરેલી પ્રેરણા સંઘે ઝીલીને શ્રાવણ માસમાં જ ત્રણ પાષાણના પ્રભુજી ભવ્ય ઠાઠથી પધરાવ્યા ૪૦૦૦ની ઉપજ, પૂજા સંઘ જમણ વગેરે થયેલ. ભમોદ્રામાં પણ પાષાણના શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ પધરાવવાનો નિર્ણય થયો. સં. ૨૦૩૧ના કા.વ. ૧૧ના પ્રભુજીનો પ્રવેશ થશે.

● **સાવરકુંડલા :** સાધર્મિક ભક્તિનું તેમજ સંઘભક્તિનું સુંદર કાર્ય કરી રહેલ **ધર્મોદય સમાજ**ને પૂ.આચાર્યદેવના વંદનાર્થે આવેલ ચંદ્રસુંદરવિજયજી મ.ના સંસારી પુત્ર સતીશભાઈ તરફથી રૂા. ૧૧૦૧, શા. મયાભાઈ લક્ષ્મીચંદ તરફથી ૫૦૧, શા. રમણલાલ વજેચંદ તરફથી રૂા. ૨૫૧ તેમજ બીજા રકમોનું દાન મળેલ છે.

● **પોરબંદર :** પૂ.મુ.શ્રી ચંદ્રશેખર વિજયજી મ.ની ૧૬ ઉપવાસની તપશ્ચર્યા નિમિત્તે બિપીનભાઈને ત્યાં સંઘ સાથે પધરામણી, પૂજન આદિ થયેલ. જમનાદાસભાઈ

ના પુત્રો તરફથી પૂજા ભણાવાઈ. દર શનિવારે જૈન રામાયણ પર, દર રવિવારે જુદા જુદા વિષયો પર જાહેર પ્રવચન થાય છે. ૫ વાર સમૂહ આંબેલ, ખીરના એકાસણ પારણા પૂર્વક ગૌતમ સ્વામીના છઠ્ઠ, નવકાર તપના ૯ એકાસણા, સ્વર્ગ સ્વતિક તપ, મોક્ષતપ, સિદ્ધાચલ તીર્થના અઠ્ઠમ, મગના આંબેલ સાથે શંખેશ્વર પ્રભુની આરાધના દરેક તપમાં આબાલવૃદ્ધ સંઘ સારી સંખ્યામાં જોડાતો. અવારનવાર પારણા, પ્રભાવના થતી. પૂ. મુનિશ્રીએ બાળકોને અધ્યયન સાથે અનુષ્ઠાનમાં રસ લેતા કર્યા છે. ઈનામો અપાય છે. હંમેશા બાળકો સ્નાત્ર ભણાવે છે. તેમને રોજ પ્રભાવના પર્યુષણ પર્વની આરાધના ઉમંગભેર થઈ. બાળકોએ મોટી સંખ્યામાં ચોસઠ પ્રહરી પૌષધ કર્યા. ઉછામણી સારી થઈ.

● **ચિત્રદુર્ગ :** પૂ. મુનિરાજશ્રી અશોકવિજયજી મ. આદિઠાણા ૬ની નિશ્રામાં સુંદર આરાધના થઈ રહી છે. પર્વાધિરાજમાં ભારે ઉમંગ હતો. કલ્પસૂત્ર ઘેર લઈ જવા ૨૧૧ મણ, ઘોડિયા પારણું ૧૫૫૧ મણ, એક ઉપવાસથી સર્વ તપસ્વીનાં પારણાનો આદેશ લેવાના રૂા. ૩૧૦૧, પૂ. સાધ્વીજી કાળધર્મ પામતાં ઉપજ રૂા. ૪૨ હજાર, તેજ નિમિત્તના ઉત્સવનો આદેશ લેવાનો ૧૨ હજાર, પર્યુષણની પત્રિકાના ચડાવાના ૧૮ હજાર પૂ. અશોકવિજયજી મહારાજને ૪થો વર્ષીતપ. પૂ. અમરસેન વિ.મ.ને શ્રેણીતપ (૧૧૦ દિવસનો ઉગ્ર તપ) સંઘમાં પણ અન્ય તપશ્ચર્યા ખૂબ અનુમોદનીય થઈ.

● **વિસનગર :** બહાર ગામના અહીંના નિવાસી ૧૫૫ ઘરના સંઘમાં આરાધનાના પૂર ચડ્યા છે. પર્વપ્રસંગે રૂા. ૧૨૦૦૦ દેવદ્રવ્યની રૂા. ૩૦૦૦ સાધર્મિક ભક્તિ રૂા. ૨૨૦૦ પાઠશાળામાં, રૂા. ૮૦૦ જીવદયામાં રૂા. ૫૦૦૧ પંચવર્ષીય યોજનામાં ૩૦ થી ૩૫ હજાર દેરાસરના સાધારણમાં આંગી પૂજામાં, ચોમાસાથી સામાયિક શાળા ચાલે છે. દર ચૌદસે પૌષધ થાય છે. તેમને પાનસર, શેરીસા, ભોયણી, ઈડર વગેરે તીર્થોની યાત્રા કરાવાય છે. રૂા. ૧૦૦૧ નટવરભાઈ પારણું લઈ ગયેલા. સંઘમાં ૧૫૫ ઘરમાં મીઠાઈના પેકેટ વહેંચાયા. બહારગામનો વસેલો સંઘ દેરાસરના ધાર્મિક ખાતાના વહીવટમાં ગીતાર્થ પૂ. ગુરુદેવોના માર્ગદર્શન મુજબ પ્રગતિ સાધી રહ્યો છે. નક્કર આરાધના કરી રહ્યો છે. પૂ. ગુરુદેવની ગેરહાજરી સૌને સાલતી હતી.

● **સુરેન્દ્રનગર :** ચાતુર્માસના પ્રારંભથી ધર્મ આરાધનાના રંગતભર્યા વાતાવરણમાં પર્વાધિરાજમાં ચોસઠપ્રહરી પૌષધમાં તથા ૧૬-૧૧-૮ ઉપવાસના તપમાં સારી સંખ્યા જોડાઈ. ૫૦ ઉપરાંત બાળકોએ નિયમિત ધર્મારાધના કરેલ. ધનજીભાઈ પ્રેમચંદભાઈએ ૮૦ વર્ષની વયે પૌષધમાં અઠ્ઠાઈ કરેલ તેમણે ઉમંગથી

સૌના પારણા કરાવી પ્રભાવના કરી. સાધર્મિક ભક્તિની મોટી રકમમાંથી દરમહિને ગુપ્તપણે ભક્તિભાવ સાધર્મિક ભક્તિ થઈ રહી છે. ભવ્ય ચૈત્યપરિપાટી, કલ્પસૂત્ર પારણાના વરઘોડાથી શાસન પ્રભાવના થઈ.

● **ઉદયપુર :** પૂ. મુનિરાજશ્રી જિનપ્રભવિજયજી મ.ની નિશ્રામાં ખૂબ સુંદર ધર્મરંગ જામ્યો છે. આસો માસમાં મહામંગલકારી ઉપધાન તપનો પ્રારંભ થશે.

● **મેલાપુર :** સંઘના આમંત્રણથી દાવણગિરિના ધાર્મિક શિક્ષક શ્રી અરવિંદભાઈ શાહ અને બેંગ્લોરના શિબિર વિદ્યાર્થી કાન્તિલાલ એસ. જૈન અત્રે આવી પર્યુષણની આરાધના કરાવી. ૧૦ અઠ્ઠાઈ, ૧ દશ, પાંચ ઉપવાસ, અઠ્ઠમો વગેરે તપસ્યા સારી થઈ. ઉપજ રૂા. ૩૫ હજારની થઈ.

● **વિજયનગર (અમદાવાદ) :** અત્રે પર્યુષણમાં પહેલા ૪ દિવસમાં વિદ્યાશાળાથી પધારેલ પૂ. મુનિરાજશ્રી પ્રભાકરવિજયજી મ. ના ઉપદેશથી પાઠશાળાની સ્થાપનાનું ભવ્ય કાર્ય નક્કી થયું. કેસર સુખડની યોજના પણ સુંદર થઈ. વરઘોડો ૫ ઘોડાની બગી, મોટરો, ઘોડાઓ, રથ વગેરેથી બહુ દીપ્યો. સંઘપૂજન, ૩૦૦૦ મણ ઘીની ઉપજ તથા રૂા. ૩૦૦૦ દુષ્કાળ રાહત કાર્ય માટે થયા. પૂ. મુનિરાજશ્રીના પર્યુષણના છેલ્લા ૪ દિવસ જમાલપુર ટોકટશાની પોળે ઉપદેશથી પાઠશાળાની સ્થાપના. કેસર-સુખડની યોજના તથા ઉપાશ્રયની ટીપ થઈ. ૧૧ ઉપવાસની તપસ્યા કરી.''

● **સાવરકુંડલા :** અત્રે પૂ.મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મ. અને પૂ.સાધ્વીજી શ્રી પદ્મરેખાશ્રીજી મ. આદિ ત્રણને મહાન શ્રેણીતપની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ નિમિત્તે પૂ. સાધ્વીજી મ.ના સંસારી કુટુંબીઓ તરફથી સમગ્ર સાવરકુંડલા સંઘના પ્રત્યેક જણ દીઠ લાડુ વહેંચાયા વરઘોડો નીકળ્યો, તેમજ એમના અને શ્રીસંઘના તરફથી ભવ્ય શાન્તિસ્નાત્ર મહોત્સવ ઉજવાયો... અત્રેની પાઠશાળા માટે સારા ધાર્મિક શિક્ષકની જરૂર છે. અત્રેના નૂતન ઉપાશ્રય માટેના ફંડ અર્થે અત્રેથી મુંબઈ ગયેલ પ્રમુખ શ્રી મનુભાઈ, સેક્રેટરી શ્રી છોટાભાઈ, શ્રી મથુરભાઈ, શ્રી શાંતિભાઈ તથા શ્રી એ. એન. મુંબઈવાસી શ્રી પનુભાઈએ સુંદર સેવા કાર્ય કર્યું, જેના ફળ સ્વરૂપે મુંબઈમાં વસતા કુંડલાવાસી ભાગ્યશાળીઓ તરફથી પણ રૂા. સવા લાખનું ફંડ થયું. અત્રેનું ધર્મોદય સેવામંડળ આજના કપરા કાળમાં સાધર્મિક રાહતનું સારું કામ કરી રહેલ છે. પૂ. આચાર્યદેવશ્રીને વંદન કરવા આવનાર પુણ્યશાળીઓ પણ મંડળ દ્વારા સુકૃત લાભ લે છે... કચ્છથી આવેલ ભાઈઓને અત્રેના સંઘે પશુઓના ઘાસચારા માટે વ્યાખ્યાન બાદ ટીપ કરી રૂા. ૧૨૦૦/- લગભગ કરી આપ્યા.

રાતના અત્રે જ્ઞાનગોષ્ઠિમાં પૂ.મુ.શ્રી મિત્રાનંદવિજયજી મ. અત્રેના યુવાનોને ઝીલાવવાનું સારું કરી રહેલ છે. અત્રે મુંબઈવાસી શ્રી અક્ષયકુમાર મોહનલાલ સુરતી જેમણે કૉલેજના બે વર્ષ સાયન્સમાં અને પછી બે વર્ષ પ્રોડક્શન એન્જિનિયરીંગમાં પસાર કરી મુંબઈ યુનિવર્સિટીમાં બીજા નંબરે પાસ થયેલ, તેમજ ગર્વમેન્ટ જેમને માસિક ૭૦/- રૂા. સ્કોલરશીપ આપતી હતી તે પૂ.આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુ-સૂરીશ્વરજી મ. ને વંદન કરવા આવેલ, તે થોડા દિવસ પૂજ્યશ્રીનો ઉપદેશ સાંભળી વૈરાગી બની રોકાઈ ગયા, ૨-૨॥ માસમાં સંસ્કૃત વ્યાકરણના ૧૦ ગણ, ૧૦ કાળ, અને પ્રેરક ઈચ્છાદર્શક પ્રક્રિયા સુધીનો અભ્યાસ કર્યો. પત્રવ્યવહારથી પોતાના માતુશ્રી તથા દાદા વગેરેને પોતાનાં ચારિત્રની ભાવનામાં સંમત કર્યા. પછી સુરત જઈ બધાને પોતાના વૈરાગ્યની પ્રતીતિ કરાવી. એમના માતુશ્રી ગં.સ્વ. શ્રીમતી સુશીલાબેન ચિ.ના દીક્ષા મુહૂર્ત અંગે વિચારણા કરવા ચિ. સાથે કુંડલા પૂજયશ્રી પાસે આવ્યા. આ બધું જાણી અત્રેના સંઘે ખૂબ જ પ્રભાવિત થઈ આવા હીરા જેવા પુત્રને દીક્ષા અપાવવા તૈયાર થયેલ ધન્ય માતાનો સન્માન સમારંભ યોજ્યો. સુશીલાબેન અને અક્ષયકુમારને અભિનંદન આપતાં સુંદર ભાષણો થયા. એના પ્રત્યુત્તરરૂપે મુમુક્ષુ અક્ષયકુમારે જે અસ્ખલિત ધારાએ વૈરાગ્ય ઝરતું અને પોતાના માતુશ્રીના અનેરા વાત્સલ્યભર્યા ઉપકારને અંજલિ આપતું વક્તવ્ય કર્યું, તેથી શ્રોતાઓ ગદ્‌ગદ થઈ ગયા આંખો અશ્રુભીની બની ગઈ. ધન્ય શાસન ! ધન્ય શાસન રત્નો !

● **નવું અદ્‌ભુત પ્રકાશન રુકમીરાજાનું પતન અને ઉત્થાન ભા.-૨** ●

આના ૧લા ભાગમાં રુકમી કથાના અવનવા પ્રસંગ સાથે અનેક પ્રકારનાં માર્ગદર્શન અને મુંઝવણના ઉકેલ પર સુંદર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. હવે આ બીજા ભાગમાં રુકમીના ચરિત્રનો અત્યંત રસમય બોધક અને ભવ્ય પ્રેરણાદાયી પાછલો અંશ આપવામાં આવ્યો છે. એમાં પાપ છુપાવવામાં કેવું ભયંકર પતન થાય છે અને જીવ ધારે ત્યારે કેવા 'જીવનથી ઉત્થાન કરી શકે છે એ દર્શાવ્યું છે. સાથે શુભ અધ્યવસાયબળના અનેક ઉપાયો, ગુણવિકાસ-સુકૃતશુદ્ધિ અને અસદ્‌-વિચાર નિરોધનાં સાધનો, વિકારોથી બચવા ૧૨ ચિંતન, શીલ માટે ભાવના અને માર્ગ, સંસારની વિષમતા ચારિત્ર સામે બહાનાનાં સમાધાન, પાપ શલ્યોના ઉદ્ધાર માટે અમૂલ્ય વિચારણા સદ્‌બુદ્ધિના ઉપાય પ્રાર્થનાનો પ્રભાવ. મહાવ્રતાદિ માર્ગ વગેરે વિષયો સુંદર રીતે છણવામાં આવ્યા છે. સારાંશ આ ગ્રન્થજીવન માટે સર્ચલાઈટ સમો છે. પૂ આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે આમાં જૈનધર્મની આગવી વિશેષતાઓ પીરસી છે.'

કિંમત : માત્ર પાંચ રૂપિયા પ્રાપ્તિસ્થાન :
(૧) દિવ્ય-દર્શન કાર્યાલય, કાળુશીની પોળ, કાળુપુર, અમદાવાદ.
(૨) કુમારપાળ વિ. શાહ ૬૮ ગુલાલવાડી, મુંબઈ-૪
(૩) જેઠાલાલ ચુનીલાલ ઘીવાલા ૩૫૫, કાલબાદેવી, મુંબઈ-૨

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૩,અંક-૮,તા.૯-૧૧-૧૯૭૪

શ્રી ઝાલાવાડ જૈન સંઘના ઉપક્રમે યોજાયેલ શાસનપ્રભાવનાસહ ભવ્ય ચૈત્યપરિપાટી

● **સુરેન્દ્રનગર :** સેનેટરીયમ જૈન ઉપાશ્રયમાં બિરાજમાન પૂ. મુનિરાજશ્રી પદ્મપ્રભવિજયજી મહારાજ તથા પૂ.મુનિ રાજેન્દ્રવિજયજી મ.ની નિશ્રામાં આઠ જિનમંદિરોને જુહારવાનો ચતુર્વિધસંઘે સારો લાભ લીધો. સર્વે દેરાસરોમાં પૂજાભક્તિના ઉપકરણો મૂકાયા. પોલીસબેન્ડ સાથે રવિવારની નીકળતી ચૈત્યદર્શન-યાત્રા વિશાળ સમુદાયથી દીપતી હતી. ચૈત્યવંદન-ભક્તિ ઉલ્લાસભર થયેલ. ત્યારબાદ રામાયણના આદર્શ પ્રસંગો ઉપર માનવજીવનની સફળતા વિષય ઉપર હૃદયગમ જાહેર પ્રવચન થયા. પ્રથમ રવિવારે પ્રભુદાસ વીચાવાળા તરફથી પધારેલ સંઘના સર્વ ભાઈ-બેનોની અલ્પાહારથી ભક્તિ થઈ, બોર્ડિંગમાં શીવલાલ લક્ષ્મીચંદ કોઢવાળા તરફથી સંઘપૂજન રૂા. તિલકથી કરાયું. કાંતિ કોટન મીલના બંગલે શ્રી કાંતિભાઈ તરફથી પ્રભાવના તથા તારાચંદ સી. ગુજરવટીવાળા તરફથી સંઘપૂજન અને વર્ધમાન તપના ૧૦ પાયાવાળાને રૂા. ૫૦નું વિવિધ ધર્મોપકરણથી બહુમાન થયું. અને કલેક્ટર ઓફીસે સંઘના અગ્રણી ભાઈઓએ ૨૫૦૦મી નિર્વાણ શતાબ્દીના રાષ્ટ્રીયસ્તરના વિરોધનું આવેદનપત્ર આપ્યું.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૩,અંક-૯,તા.૧૬-૧૧-૧૯૭૪

● **સલુણ (નડિયાદ) :** અહીં દલપતભાઈનું ઘર. તેમણે નડિયાદ સંઘને પ્રભુજી તથા સંઘ સાથે છ'રી પાળતા આમંત્ર્યો. ૫૦૦ ભાઈ બેનો પૂ સાધ્વી હંસકીર્તિશ્રીજી મ. આદિ ચાલતા ગયા. દલપતભાઈએ પૂજા ભણાવી સાધાર્મિક વાત્સલ્ય કર્યું. ગામના પટેલ ભાઈઓએ ખૂબ રસ અને લાભ લીધો. આખા ગામના પટેલોને પણ જમાડેલા ગામડામાં વસતા દલપતભાઈના કેવાં ભાવ અને ભક્તિ !

● **નાસિક :** આગમદિવાકર પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજનું આ ચાતુર્માસિ ખૂબ સુંદર ધર્મ આરાધનમય બન્યું છે. પૂજ્યશ્રીના ભવ્ય ઉપદેશથી વર્ધમાનતપના પાયા, ૪૫ આગમનો તપ, જિનશાસનની રક્ષાર્થે પારણા અંતરપારણા તથા જાપ સાથે ૨૨૫ અક્રમ, મહોત્સવો, પ્રભાવનાઓ સંઘપૂજનો. પર્યુષણમાં માસખમણાદિ તપશ્ચર્યાઓ અક્ષયનિધિ, ૬૪ પ્રહરી પૌષધ સારા પ્રમાણમાં થયેલ, પૂ આચાર્યદેવાદિ મુનિરાજોમાં ૧૦-૮ ઉપવાસની ૯૫-૭૧ આદિ ઓળીની આરાધનાઓ થયેલ છે. શાશ્વતી ઓળીમાં દર્શાન્હિકા મહોત્સવ ભવ્ય ઉજવાયો. માલેગામથી પોખરાજજી બે બસોનો સંઘ લઈને વંદનાર્થે આવેલ. તેમના તરફથી મોટા દેરાસરે પૂજા ભણાવાઈ. લાલબાગ - લાલવાડી (મુંબઈ)થી સંઘ આવેલ. સવારે વ્યાખ્યાનમાં પ્રભાવના બપોરે પૂજા ભણાવાઈ. ડીલાઈલ રોડથી બે બસોના સંઘ આવેલ પૂજા આંગી પ્રભાવના સુરેન્દ્રનગરથી નરોત્તમભાઈ વંદનાર્થે આવતાં સંઘપૂજન કરેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૩,અંક-૧૧,તા.૩૦-૧૧-૧૯૭૪

● **નવાડીસા :** પૂ. મુનિરાજશ્રી વિચક્ષણવિજયજી મ. ચોમાસું બિરાજે છે તેઓ જણાવે છે કે અહીં સુશ્રાવક મંગળજીભાઈનો ઘર દેરાસરમાં સમવસરણમાં બિરાજમાન ૯૦૦ વર્ષ પહેલાના દિવ્ય પાર્શ્વનાથ પ્રભુના અંગમાં આસો સુ. ૧૫થી દૂધના ફુવારા, ઉપરની છત અને દરવાજા સુધી પહોંચી જાય છે. ગભારામાં ચારે બાજુ દૂધ દૂધ થાય છે. દૂધ પણ કેવડા કે ગુલાબ જેવું સુગંધવાળુ હોય છે. દીવાળીમાં ઉપરના પબાસણ પર બિરાજમાન ત્રણ પ્રભુજી પર પણ દૂધની સેરોથી અભિષેક થયો. દીવાળીની રાત્રે બાજુમાં રહેલા પ્લાસ્ટિકના મહાવીર પ્રભુ પર દૂધની સેરોથી પક્ષાળ થયો. આ બધું અમો ઘણાએ નજરે જોયું છે આ પાર્શ્વનાથ પ્રભુના અધિષ્ઠાયકનો પ્રભાવ-ભક્તિ લાગે છે.

● **સુરેન્દ્રનગર :** દિવાળી દિને પૂ.મુ. રાજેન્દ્રવિજયજી મ.ના વ્યાખ્યાન બાદ પ્રભુ મહાવીર દેવના નિર્વાણ કલ્યાણકનો વરઘોડો બે બેન્ડ, ઈન્દ્રધ્વજ બાળકો માટે સુંદર સજાવટવાળી બે બગી. મહાવીરપરમાત્માનું આકર્ષક ભવ્ય દર્શનીય ચિત્ર, ચાંદીનો ભવ્ય રથ, વાસુપૂજ્ય જૈન મંડળે ભક્તિ સંગીતની ધૂન અને ઝાંઝ વગાડવા સાથે ખેંચેલો, ધજા પતાકા સાથે બાળકુમારો બેડાવાળી કુમારિકાઓ પોલીસ બેન્ડ પૂ.મુનિવરો સાજન પૂ. સાધ્વીજી મ. વગેરેથી શોભતા નીકળ્યો હતો. બપોરે

દીનદુઃખીને અનુકંપાદાનમાં લાડવા, ગાંઠીયા, ગાયો વગેરે જાનવરોને ચારો, કૂતરાને સુખડી અપાઈ. કતલખાના બંધ રખાયા. ઘણા ભાઈ બહેનોએ છઠનો તપ કર્યો હતો. વરઘોડાની સામગ્રી વઢવાણ શ્રી સંઘે આપેલી વરઘોડામાં લાભ લીધેલ. એમ રમેશચંદ્ર એન્ડ કંપનીવાળાએ આદેશ લઈ વરઘોડો કઢાવેલ. કા.વ. ૧૦ના જિનાલયના ખાતમુહૂર્ત પ્રસંગે શાંતિસ્નાત્ર સહિત પંચાલ્હિકા મહોત્સવ ઉજવાશે.

● **પાલીતાણા :** પૂ. આચાર્યદેવ જયંતવિક્રમ-નવીનસૂરીશ્વરજી મ.ની શુભનિશ્રામાં ૨૫૦૦માં નિર્વાણ કલ્યાણકની અદ્‌ભુત આરાધના થઈ. વ. ૧૪, ૦)), સુદ ૧ ત્રણ દિવસ આયંબિલ, 'જૈન જયંતિ શાસનં'નો જાપ ૨૦ માળા ૨૦, ખમાસણા, ૨૦, સાથીયા ૨૦, લોગસ્સનો કાઉસ્સગ, આંગી, પૂજા સ્નાત્ર, ભાવનાપૂર્વક થઈ. યોગેશ આર્ટ દ્વારા કલાત્મક અદ્વિતીય **'જૈન જયતિ શાસનં' 'ધર્મચક્ર' 'પાદલિપ્તપુર' પાવાપુરી**ની તથા ભવ્ય સમવસરણની રંગોળી આલેખાઈ હતી. વદ ૧૪, ૦))ના માલકોશ રાગમાં પ્રભુની અંતિમ દેશના ઉત્તરાધ્યયન માલકોશ રાગમાં સંભળાવેલ. નૂતન વર્ષની પ્રભાતે પ્રભુ સમક્ષ ૨૫૦૦ દીપક, ૧ લાખ કળીનો મોદક ચડાવાયો. સમૂહ ચૈત્યવંદન ભક્તામર માંગલિક, રાસનું વાંચન થયેલ. સમૂહ ચાતુર્માસિ આરાધના આ રીતે ચઢતે ઉમંગે એક સુંદર આરાધનાથી આગળ વધી રહી છે.

● **દીક્ષાર્થીનું બહુમાન :** શ્રી અક્ષયકુમાર શ્રી મહાવીર વિદ્યાલયના છાત્ર હતા તેથી વિદ્યાલય તરફથી તા. ૯-૧૧-૭૪ના રોજ સન્માન યોજાયું હતું. ૧૦૧નો ચાંલ્લો કરી લોનરિફંડ મુક્તની રસીદ સાથે મહાવીર વિદ્યાલય તરફથી પ્રકાશિત ૪ આગમ ગ્રંથો અર્પણ થયા હતા. સૌને ઉત્સાહ સારો હતો.

● **અમદાવાદ-ઉસ્માનપુરા :** પૂ.આ.ભ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી સ્થપાયેલ પાઠશાળાને શિક્ષક સુરેશચંદ્ર સી. શાહ ઉત્તરોત્તર વિકાસશીલ બનાવી રહ્યા છે. પર્યુષણની સમજુતી સાથે આરાધનાનું લીસ્ટ કરાવાયેલ. પૌષધમાં વીરચંદભાઈની પ્રેરણાથી શેઠ રમણલાલ કેશવલાલ અલકાપુરીવાળા તરફથી જય બોલાઈ તા.૨૦-૧૦-૭૪ના રોજ ૯૦ બાળકોને તારંગા તીર્થની યાત્રા કરાવાઈ. પ્રયાણ પ્રસંગે વીરચંદભાઈ તથા રમણભાઈ તરફથી તિલક સાથે ૧-૧ રૂપિયાથી સહુનું પૂજન થયું. સુંદર રીતે યાત્રા થઈ. યાત્રાની સ્મૃતિ નિમિત્તે નીચેના ત્રણમાંથી બેના નિયમો લેવાયા. ૧. પાંચતિથિ મીઠાઈ ત્યાગ ૨. ક્રોધ ન કરવો ૩. 'ભવે ભવે તુમ્હ ચલણાણં' પદ દિવસમાં ત્રણવાર યાદ કરવું. પ્રભુના ૨૫૦૦મા નિર્વાણ કલ્યાણકની આરાધના માટે ૨૫૦૦ સામાયિકની અપીલ કરતા ટપોટપ સામાયિક નોંધાઈ ગયા.

બેંગ્લોરમાં પાંચ મહોત્સવ દ્વારા ભવ્ય શાસનપ્રભાવના

પૂ.આ.વિજય ભદ્રંકરસૂરિજી, પંન્યાસજી પુણ્યવિજયજી ગણિ આદિઠાણા ૭ની નિશ્રામાં પર્યુષણપર્વ ભવ્ય ઉજવાયા. ૩૦/૧, ૧૬/૪, ૧૫/૩, ૧૧/૭, ૮/૭૫, ચોસઠપ્રહરી પૌષધ/૭૧, શ્રેણીતપ/૯, સિદ્ધિતપ/૪, ચત્તારિ/૭ સંખ્યા હતા. દેવદ્રવ્ય/૪૫ હજાર, જ્ઞાનદ્રવ્યમાં ૧૫ હજાર, સાધર્મિક ફંડ પંચવર્ષીય યોજના ૭૫ હજાર, જૈન પાઠશાળા ફંડ ૨૫ હજાર, અષ્ટપ્રકારીપૂજા ચઢાવા ૪૨ હજાર, છાણી પાઠશાળા ૧૩ હજાર, જીવદયા ૩ હજાર રૂા.ની આવક થયેલ. લગભગ બારસો તપસ્વીઓને પારણાં ભવ્ય વરઘોડો, પૂ. વીરસેન વિ. ગાંધીનગર મહાસેન વિ. મહાવીર મંદિર આઠ દિવસ વ્યાખ્યાન વાંચવા ગયેલ. ઉપજ સુંદર થયેલ ગાંધીનગરમાં શ્રી ઉવસ્સગ્ગહરં પૂજન શાંતિસ્નાત્ર સહ અઠ્ઠાઈ મહોત્સવ, ચીકપેઠમાં શા. ખીવરાજ જયંતીલાલ ફું. તરફથી શાન્તિસ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવ, મહાવીર મંદિરમાં શ્રી નવકારમંત્ર પૂજન સહ મહોત્સવ, નવપદ ઓળીમાં સિદ્ધચક્ર મહાપૂજન સહ નવાહ્નિકા મહોત્સવ, ઉગમરાજજી સોહનરાજ ભંડારી તરફથી નવપદ ઓળી-પારણા-રૂપિયો શ્રીફળ સાથે બહુમાન-૨૭૬ ઓળી આરાધકો નવદિનમાં ચાર હજાર આયંબીલ, અકલમંગલુર સંઘ વંદનાર્થે આગમન. એકભાઈ તરફથી સંઘ પૂજન, એક ભાઈ તરફથી ગોટાની પ્રભાવના, કોટ્ટરસંઘ વંદનાર્થે આગમન શ્રીફળની પ્રભાવના, વિજાપુરથી બાબુભાઈ સંઘવી આદિ ૨૫ ભાઈ-બહેનો વંદનાર્થે આગમન બાબુભાઈ તરફથી સંઘપૂજન ત્રણેય મહોત્સવમાં ગજાનનભાઈ સંગીતકારની ભક્તિરસની અપૂર્વ રમઝટ. ગાંધીનગરમાં સંઘવી ભીખાભાઈ તરફથી મહોત્સવ આદિ શાસનપ્રભાવના પૂ.આ.દેવની નિશ્રામાં ચઢતે રંગે થઈ હતી. પૂ.આ.મહારાજે સૂરિમંત્રની ત્રીજી-ચોથી-પિઠિકાની આરાધના સુંદર કરી હતી. વિધિવિધાન માટે સ્થાનિક ક્રિયાકારક નથમલજી આદિ, મદ્રાસથી પં. કુંવરજીભાઈ આદિ પધાર્યા હતા. અંગરચના વિવિધ પ્રભાવના આદિ ઠીક થયેલ.

''દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૨૩,અંક-૧૫,તા.૨૮-૧૨-૧૯૭૪**

● **પિંડવાડા :** પ્રદીપકુમાર (ઉં.વ. ૧૬)નો દીક્ષા મહોત્સવ ખૂબ સુંદર રીતે ઉજવાયો હતો. આ પ્રસંગે જાલોર, જોધપુર, મુંબઈ, રાણીગામ વગેરેથી સારી સંખ્યામાં ભાવિકો આવેલ. રોહિડાની મંડળીએ પ્રભુભક્તિનો ખૂબ રસ જમાવેલ. ઉપકરણની બોલી રૂા. ૬૦૦૦/- ની થયેલ. નૂતનમુનિશ્રીનું નામ પૂ.

મોક્ષરત્નવિજયજી મ. રાખી પૂ. મુનિરાજશ્રી ગુણરત્ન વિજયજી મ.ના શિષ્ય તરીકે જાહેર કરેલ.

● **સુરેન્દ્રનગર :** શહેરના મધ્યભાગમાં નૂતન જિનાલયના શીલાસ્થાપન તેમજ ચોમાસામાં ચતુર્વિધ સંઘમાં થયેલ વિવિધ તપો તથા સુકૃતકરણી નિમિત્તે શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ. સંઘ ટ્રસ્ટના ઉપક્રમે ભવ્ય પંચાહ્નિકા મહોત્સવ યોજાયો હતો. પા.ઠા. જૈન બોર્ડિંગમાંથી સામૈયા સાથે પ્રભુજી લાવી ઉત્સવમંડપમાં ઉછામણી બોલી કોલ્હાપુરવાળા કુમારપાળભાઈએ પધરાવ્યા. હળવદવાળા રતિભાઈ લધાભાઈ તરફથી નવગ્રહ પૂજન સત્તરભેદી પૂજા પ્રભાવના થયેલ. શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીયા તથા લાલચંદભાઈ, મંગળદાસ માનચંદભાઈએ બે શીલાનું તથા બીજા ૭ ભાઈઓએ ૧૨૦૦ મણ ઉછામણીથી ૭ શીલાનું સ્થાપન કર્યું. કારીગરોનું બહુમાન થયું. સંઘમાં ૧૦૦ એક આયંબિલ તથા બપોરે શાપરીયા શેઠ તથા મંગળદાસભાઈ તરફથી શાંતિસ્નાત્ર થયેલ. જીવદયાની ટીપ ૩૦૦૦ ઉપર, ઘરદીઠ લાડુની પ્રભાવના, જિનાલય માટે તેમજ બહેનોની નૂતન પૌષધશાળા માટે ઉપસ્થિત ગૃહસ્થોએ હજારોના દાન આપી માતબર ફંડ કર્યું. પૂ. સાધ્વીજીઓના દીર્ઘ તપ નિમિત્તે ડૉ. જયોત્સનાબેન મોમાયા વગેરે તરફથી નવપદની પૂજા ભણાવાયેલ. રોજ મંડપમાં બહેનો સવારે પ્રભાતીયા ગાતી હતી. સંઘના ઉલ્લાસ વચ્ચે અનુમોદનીય પ્રસંગ ઉજવાઈ ગયો.

● **દહેગામ :** પૂ.મુનિરાજશ્રી ચરણપ્રભ વિજયજી મ.ની પ્રેરણાથી પર્યુષણ બાદ નવ્વાણું અભિષેકની પૂજા, સિદ્ધચક્ર મહાપૂજન, ૨૦૦ નવપદના આરાધકોએ ઓળી કરી, નિર્વાણ કલ્યાણકની શાનદાર ઉજવણી પાવાપુરી આદિ ચાર રચનાઓનાં દર્શન માટે જૈનેતરોનો ભારે ધસારો હતો રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળેલ, ચાતુર્માસ પરિવર્તનનો ઉલ્લાસ ખૂબ હતો. પટદર્શનમાં માનવમહેરામણ, સમૂહ ચૈત્યવંદનાદિ ઉમંગથી થયું. વિસસ્થાનક મહાપૂજન ભણાવ્યું. ૧૦૯ આરાધકોએ નિર્વાણ કલ્યાણકના છઠ્ઠ, અઠ્ઠમ કરેલ. પ્રભુના દીક્ષા કલ્યાણકની ઉજવણી પણ સુંદર રીતે થશે. દહેગામના ઈતિહાસમાં આ બધું અપૂર્વ બન્યું છે. નૂતન પૂ.મુનિશ્રી શુભંકર વિજયજી મ. વડીદીક્ષા આ.વ. ૧૩ના થયેલ તેઓએ ૧૬ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા કરેલ.

● **જુનાગઢ :** પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મ. આદિ ઠાણા ૩૧ સાવરકુંડલાથી દેપલાવાળાના છ'રી પાળતા સંઘમાં ૨૫૦ યાત્રિકો સાથે મા.સુ. ૪ના પધાર્યા. ભવ્ય સ્વાગત થયું. દૈનિક પત્રમાં થયેલ જાહેરાત મુજબ બપોરે પ્રવચનમાં નાગરિકોની ભારે ભીડ જામી હતી. બીજે દિવસે પૂ. આચાર્યદેવશ્રીમદ્ વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિઠાણા ૧૨ રાજકોટથી ૭૫ માણસોના છ'રી

પાળતા સંઘ સાથે પધાર્યા. ભવ્ય સ્વાગત થયું. સંઘમાળાની ઉપજ સારી થઈ. બીજે દિવસે બંને સંઘનાં સંઘપતિઓને તીર્થમાળા પહેરાવાઈ. તા. ૨૧મીએ કસ્તુરભાઈ શેઠ યાત્રાર્થે આવેલા. પૂ.આચાર્યદેવના વંદનાર્થે આવતા ગીરનાર અને પૂર્વદિશના તીર્થના વિકાસ અંગે ચર્ચાવિચારણા થઈ. આચાર્યદેવાદિની ભક્તિ માટે તેઓશ્રીની વાણીના શ્રવણ માટે સંઘના સ્વાગત માટે જુનાગઢ સંઘનો ઉલ્લાસ કોઈ અદ્ભુત હતો. પૂ. આચાર્યદેવો અમદાવાદ તરફ વિહાર કરતા સેંકડો માણસો વળાવવા આવેલ. પાનસર તીર્થે ૭-૮ દીક્ષાઓ તથા રાજનગર સોસાયટીમાં તૈયાર થયેલ શિખરબંધી દેરાસરની પ્રતિષ્ઠા માટે પૂ.આ.ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ જેતપુર, બાબરા, ગઢડા, બોટાદ, ધંધુકા થઈ અમદાવાદ પોષ માસમાં પધારવા વકી છે. પૂ.આ.શ્રી વિજય મુક્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજ પણ શેઠશ્રી અરવિંદભાઈ પન્નાલાલના શ્રી શંખેશ્વરજી યાત્રાસંઘ માટે અમદાવાદ પોષ સુદ ૫ લગભગ પધારવા ધારે છે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૩,અંક-૧૭,તા.૧૧-૧-૧૯૭૫**

● **વાપી :** પરમ પૂજ્ય આ.ભ.શ્રીમદ્ વિજય જયંતશેખરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા ૪ની નિશ્રામાં ધર્મ આરાધના સુંદર રીતે થઈ રહેલ છે. મહાવીર નિર્વાણ કલ્યાણકનો ભવ્ય વરઘોડો તેમજ પાવાપુરી જલમંદિરની મનોહર રચના કરવામાં આવેલ. જ્ઞાનપંચમીએ પચાસ પોસહ તેમજ જ્ઞાન સુંદર રીતે બાંધવામાં આવેલ. ચાતુર્માસ પરિવર્તન વગેરેમાં સુંદર ધર્મ પ્રભાવના થયેલ. કુમારી સરોજબેનની દીક્ષા કારતક વદ ૧૦ના સુંદર રીતે થયેલ દીક્ષાર્થીનું સાધ્વીજી સ્નેહપૂર્ણાશ્રીજી નામ રાખી સાધ્વીજી ઉદયપૂર્ણાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરેલ. શેઠ પ્રકાશચંદ્ર રાયચંદને ત્યાં વ્યાખ્યાન, પૂજા પ્રસંગે લાડુ, કેળાની પ્રભાવના થયેલ. મહાવીર કલ્યાણકની ઉજવણી નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ રાખવામાં આવેલ.

● **જુનાગઢ :** પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા. આદિ ઠાણા ૨૪ માગશર સુદ ૮ના વિહાર કરી મજીદમિલમાં રાત રોકાયા. મિલમાલિક જૈનેતર હોવા છતાં જૈન સાધુ સાધ્વીજીના ત્યાગ પ્રત્યે ખૂબ જ બહુમાનવાળા છે. ત્યાંથી **વડાલ** પધારતાં પૂજ્યશ્રીએ પ્રવચન આપ્યું. સ્થાનકવાસી ભાઈ-બહેનોએ પણ લાભ લીધો. ત્યાંથી **ચોકી** રાત્રે રોકાઈને માગશર સુદ ૧૦ના **જેતપુર** પધારતાં દૂર સુધી સંઘ સામે આવેલ, સામૈયું ઉતરતા પૂજ્યશ્રીએ પ્રવચન કર્યું. બપોરે પણ પ્રવચનની માગણી થતા, પૂજ્યશ્રીએ દેશનામાં પૌષધની પ્રેરણા

આપી. તેથી મૌન એકાદશીએ સારી સંખ્યામાં પૌષધ થયા. પ્રવચન સ્થાનકમાં ગોઠવાયું હોઈ સ્થાનકવાસી ભાઈઓએ પણ લાભ લીધો. માગશર સુદ ૧૨ના ૯ થી ૧૧ પ્રવચન થયું. સંઘના કાર્યકરોએ પ્રાચીન જિનાલયના જીર્ણોદ્ધાર અંગે માર્ગદર્શન માગતાં પૂજ્યશ્રીએ સુંદર માર્ગદર્શન આપ્યું. ત્યાંથી **વાડાસડા**માં થાણા દેવડીથી પ્રતિમાજી લાવી પૂ. પરમહંસવિજયજી મ. ના સંસારી બેન બનેવીએ પૂજ્યશ્રીને રોક્યા, અને કાયમ દેરાસર રાખવા નક્કી કર્યું. જૈનેતરોએ ભવ્ય સ્વાગત કરેલ, રાત્રિભોજનનો અઠવાડિયે એક વાર ત્યાગની પ્રતિજ્ઞા લીધી. ત્યાંથી **થાણાદેવડી** (અમરનગર) પધારતાં તીર્થધામ જેવા પ્રભુ મહાવીર દેવના જિનાલયના દર્શન થયા દેરાસરના રીપેરીંગ રંગરોગાન અંગે પ્રેરણા આપી બહારગામ એ માટે અરજીઓ માટે નામ સૂચવ્યા ત્યાંથી **સુલતાનપુર** પધાર્યા. વ્યાખ્યાન સ્થાનકમાં થયું. ગૃહમંદિર માટે પ્રેરણા થઈ. ત્યાંથી **કુંભાજીની દેરડી** પધાર્યા. દેવગામથી પ્રતિમાજી લાવી યુનિયન બેંકના મેનેજર રમેશભાઈએ પૂજા ભણાવરાવી. ત્યાંથી **દેવગામ**માં સંભળવનાથ પ્રભુના દર્શન કરી **પીપળીયા** પધાર્યા. ત્યાં પ્રવચનમાં ઈતરોએ વર્ષમાં ૫૦-૧૦૦ દિવસ રાત્રિભોજન ત્યાગના નિયમ કર્યા. ત્યાંથી **ચિત્તલ** પધારતાં સંઘમાં ભારે ઉમંગ હતો. ભવ્ય સામૈયું થયું. ત્રણ પ્રવચન થયા મોટી સંખ્યામાં ભાઈ-બહેનોએ જિન પૂજાનો નિયમ લીધો. બીજે દિવસે જાહેર પ્રવચન, પૂજા તથા સંઘ જમણ થયેલ. ત્યાંથી **બાબરા, ઢીસા, ગઢડા** થઈ પોષ ૧૦મી બોટાદ કરવા વકી છે. ત્યાંથી ધંધુકાના રસ્તે પોષ સુદ ૧૫ આસપાસ અમદાવાદ પધારવા ધારણા છે. ત્યાં પોષ વદ ૧૦ના નૂતન ચાર મુનિવરોની વડીદીક્ષા થનાર છે. મહાવદ ૩ના પૂજ્યશ્રીની નિશ્રામાં રાજનગર સોસાયટીના દેરાસરની પ્રતિષ્ઠા નક્કી થઈ છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૩,અંક-૧૯,તા.૨૫-૧-૧૯૭૫**

● **બાબરા :** ચિત્તલથી પૂ.આ.ભ. **વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.**સા. સપરિવાર બાબરા પધાર્યા તીર્થધામ જેવું જિનાલય છે. સંપ્રતિરાજાના ૨૭ ઈંચના ચિત્તાકર્ષક શ્રી વિમળનાથ પ્રભુજીના પ્રતિમાજી આગળ પૂ.આ.ભ. ભક્તિરસ યજ્ઞ માંડ્યો. રાત્રે પ્રવચનમાં મુ.પૂ.સ્થા. ભાઈઓએ લાભ લીધો. રાત્રે પિંડવાડા સંઘનું ડેપ્યુટેશને પિંડવાડામાં ૫૦૦ માણસોના ઉપધાન પર પધારવા અતિઆગ્રહ કર્યો. સવારે પ્રવચનની માગણી થતા પ્રવચન આપી આગળ **જામ બરવાળા** પધાર્યા ત્યાં ૫ જૈનોના ઘર છે સૌ રાહ જોઈ રહ્યા હતા. જૈનેતરો પણ સારી સંખ્યામાં આવેલા. ૩ થી ૪ પ્રેરક પ્રવચન આપી ઈંગરોલા પધાર્યા રાત્રે પ્રવચનમાં જૈનેતર પ્રજાએ મોટી

સંખ્યામાં લાભ લીધો ત્યાંથી ગઢડા પધાર્યા રાત્રે સ્થાનકમાં પ્રવચન થયું. સ્થાનકવાસી ભાઈઓએ માંગણી કરતા સવારે પ્રવચન આપી પૂજ્યશ્રી **ગોરડકા** પધાર્યા ત્યાં પ્રવચન આપી **ટાટમ** પધાર્યા ત્યાં પ્રવચન આપી. સાંજે **નાગલપુર** સ્થિરતા કરી રાજનગર સોસાયટીના આગેવાનો, મફતભાઈ કોઠવાળા, સાબરમતીવાળા વનેચંદજી તથા બોટાદસંઘના ઘણા ભાઈઓ અત્રે આવેલા. મફતભાઈએ પોતાની સુપુત્રીની દીક્ષાનો નિર્ણય લીધો. વનેચંદજીએ પોતે બંધાવેલ નૂતન ઉપાશ્રયના ઉદઘાટન પ્રસંગે પધારવા કરગરીને ભાવભરી વિનંતી કરી તેમનો ભાવ જોઈ ખેંચીને પણ પહોંચવાની હા પાડી. બોટાદ સંઘે વંદન કરી સામૈયાનો તથા પ્રવચનનો સમય નક્કી કરી વિદાય લીધી. **બોટાદ**માં સામૈયું ઉતરતા પૂ. આ. મ. દક્ષસૂરીશ્વરજી મ. ની શુભનિશ્રામાં ચાલતા ઉપધાન નગરના મંડપમાં પ્રવચન થયું. પૂજ્યશ્રીના પ્રવચનોનો જ્ઞાનગોષ્ઠીનો સજ્ઝાય શ્રવણનો સ્વાદ બોટાદના સંઘે પૂર્વે બે યુવકોની દીક્ષા પ્રસંગે ચાખ્યો હતો. રાત્રે પ્રવચન માટે જાહેરપ્રવચન માટે પરામાં તથા કૉલેજમાં પ્રવચન માંગણી તથા માનવજીવનની મહત્તા વિષય પર જાહેર પ્રવચન પરામાં દિવસે તથા રાત્રે પ્રવચનો કૉલેજમાં પણ પ્રેરણાદાયી પ્રવચન થયું. અત્યાગ્રહ હોવા છતાં આગળના કાર્યક્રમોના હિસાબે વિહાર કરવો પડ્યો. પરાના સંઘે ચાતુર્માસ માટે પણ વિનંતી કરી. ત્યાંથી **ખસ બગડ સુંદરીયાણા** પ્રવચનો આપતા **ધંધુકા** પધાર્યા ત્યાં બે પ્રવચનો તથા એક જાહેર પ્રવચન થયું. માનવ મેદની જામી હતી. આગળ વધતા **કોઠ, બાવળા**માં પ્રવચનો આપી પંકજ સોસાયટીમાં એક દિવસ સ્થિરતા કરી. પાંચ આચાર્ય ભગવંતોનો ગણિવરો તથા વિશાલ મુનિમંડલ સાથે સાબરમતીમાં ઐતિહાસિક નગરપ્રવેશ થયો. ૯-૨૭ કલાકે પુંડરિકભાઈ ઝવેરીના હસ્તે લહેરીબેન વનેચંદ જવાનમલ જૈન ઉપાશ્રયનું ઉદ્ઘાટન થયું. માનવ મહેરામણને પૂ. આ. મુક્તિચંદ્ર સૂ. મ. પૂ. આ.ભુવનભાનુ સૂ. મ., પૂ. મુ. ચંદ્રશેખર વિ. મ. પૂ. આ. સુબોધસાગર સૂ.મ. અદ્ભુત પ્રવચનો આપી પ્રસંગના રહસ્યને સમજાવ્યું. આજે દિવસે અષ્ટાપદજીની પૂજામાં જૈનધર્મ આરાધક મંડળે અપૂર્વભક્તિરસ રેલાવ્યો.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૩,અંક-૨૦,તા.૧-૨-૧૯૭૫**

● **અમદાવાદ :** અત્રે પગથિયાના ઉપાશ્રયે બિરાજમાન પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.આ.શ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજને જામનગર પાઠશાળામાં ચોમાસું કરાવવા માટે જામનગરથી સંઘપ્રમુખ શ્રી નભુભાઈ

વગેરે ભાઈઓ આવેલા, અને ખૂબ જ આગ્રહભરી વિનંતી કરી. શાસનના કોઈ મહત્ત્વના કાર્ય તથા મુનિઓમાં કોઈની તેવી અસ્વસ્થ તબીયતના કારણનો અપવાદ રાખીને એમની વિનંતીનો સ્વીકાર કરતાં જય બોલાવવામાં આવી. પિંડવાડા સંઘ તરફથી પૂ.મુ.શ્રી જિતેન્દ્રવિજયજી મ. તથા શ્રી ગુણરત્નવિજયજી મ. ના ઉપદેશથી મહા સુદ ૧૩ ઉપધાન તપ મોટા પાયા પર કરાવવાનું નક્કી થતાં સંઘ તરફથી શ્રી લાલચંદજી વગેરે ભાઈઓએ તે પ્રસંગ પર પધારવા ખૂબ આગ્રહભરી વિનંતી કરતાં પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે વિનંતીનો સ્વીકાર કર્યો છે. ઉપધાનનો મંગળ પ્રારંભ કરાવવા સ્વ.પૂ.બાપજી મહારાજનાં સમુદાયના પૂ. તપોમૂર્તિ આચાર્યદેવશ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજને આગ્રહભરી વિનંતી કરાઈ છે.

● **અમદાવાદ :** પૂ.આચાર્યદેવશ્રી હીરસૂરીશ્વરજી મ. તથા પૂ.આ.ભગવંત શ્રી **ભુવનભાનુસૂરીશ્વરજી મ.** વિશાલ મુનિમંડળ સાથે પગથિયાના ઉપાશ્રયના સંઘની વિનંતીથી સાબરમતીથી પો.સુ.૧૦ના પધાર્યા. તેઓશ્રીનું સામૈયું મૂળેવા પાર્શ્વનાથના દેરાસરેથી ચઢી પાનકોરનાકા રીચીરોડ, કાળુપુર ફરી પગથિયાના ઉપાશ્રયે આવતા મંગલપ્રવચન થયું. હોલ ચિકાર ભરાયો હતો. પો. સુ. ૧૧-૧૨ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુ સૂરીશ્વરજી મ. નો દીક્ષા દિવસ હતો. કુમારચંદ્ર બુધાભાઈ તરફથી એઓશ્રીના એમના કુટુંબ પર અથાગ ઉપકાર યાદ કરી નવપદજી પૂજા, આંગી પ્રભાવના હતી. પૂજામાં મોટી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધો. કુમારચંદ્રને ત્યાં પૂજ્યોની પધરામણી થતા ચતુર્થવ્રતાદિ નિયમો લેવાયા. બપોરે પૂજ્યશ્રીની ગુરુસેવા, ગુરુ બહુમાન સંવેગ વૈરાગ્યનીતરતી પ્રભાવક દેશના શૈલી, ગુરુના આશીર્વાદ, કઠોર તપ સંયમ અને જ્ઞાનનું પરિબળ વગેરે અદ્‌ભુત ગુણો ઉપર શ્રી હેમચંદ્ર વિ.મ. રત્નસુંદર વિ.મ. મિત્રાનંદ વિજયજી ગણિ તથા શ્રી ચંદ્રશેખર વિજયજી મ. ના શ્રોતાઓના હૈયાને હચમચાવી મૂકે તેવા પ્રવચનો થયા. પૂજ્યશ્રી પો.વ.૪ સુધી સ્થિરતા કરી પૂ.સ્વ.તપસ્વી મુનિવરશ્રી કલ્યાણપ્રભવિજયજી મ. ના સમાધિપૂર્વક થયેલ સ્વર્ગવાસ નિમિત્તે તેમના કુટુંબીજનો-કડિયા કુટુંબ તરફથી ચાલતા મહોત્સવમાં ૩ દિવસ પધાર્યા હતા. પગથિયાના ઉપાશ્રયેથી સામૈયું ચઢ્યું હતું શેખના પાડાના વિશાલ ચોકમાં ખાસ ઊભા કરાયેલ મંડપમાં પૂજ્યશ્રીના પ્રવચનોની હેલી વરસતી. પહેલા દિવસે શાલીભદ્ર તથા વિજયશેઠના દૃષ્ટાંત સાથે સ્વ. મુનિશ્રીના

જીવનના વિવિધ પાસાઓનું અદ્‌ભુત વર્ણન કરી શ્રોતાઓને અનુમોદનામાં ખૂબ ઝીલાવ્યા. પૂજાઓ, સિદ્ધચક્રપૂજન આદિ કાર્યક્રમમાં અમદાવાદના જૈનોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. પો.વ.૧૦ના સામૈયા સાથે સાવરકુંડલામાં દીક્ષિત ચાર નૂતન મુનિવરોની વડીદીક્ષા પ્રસંગે કાળુપુર જ્ઞાનમંદિર પધાર્યા છે.

ભાવનગરમાં જવાહરભાઈ B.Com. ની ભાગવતી દીક્ષાનો મહોત્સવ

પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.**સા.ના પ્રેરક પ્રભાવક સંવેગવૈરાગ્ય ઝરતા પ્રવચનો સાંભળી જવાહરભાઈ વૈરાગ્યવંત બન્યા હતા. બે વર્ષ પૂ. ગુરુદેવ સાથે રહ્યા. ગત સાલ તેમના કુટુંબીજનો પૂ. પિતાશ્રી પ્રતાપરાય વગેરે તરફથી ભાવનગરમાં દીક્ષાનો નિર્ણય થયો. પત્રિકા બહાર પડી પણ અચાનક જવાહરભાઈના મોટાભાઈ ગુજરી જવાથી દીક્ષા બંધ રહેલ.

આ સાલ મહા સુ. ૪ તા. ૧૫-૨-૭૫ શનિવારના રોજ ફરી તેમની દીક્ષાનો નિર્ણય થયો છે. એમના પૂ. પિતાશ્રી ઉમંગથી દીક્ષા અપાવી રહ્યા છે. પૂ. ઉપાધ્યાય ભાસ્કરવિજયજી ગણિવર, પૂ. મુનિરાજ રાજેન્દ્રવિજયજી મ.,પૂ. મુનિરાજશ્રી વિમલસેન વિજયજી મ. આદિ દીક્ષાપ્રદાન માટે પધારશે.

● **અમદાવાદમાં વડીદીક્ષા :** સાવરકુંડલામાં ભવ્ય શાસન પ્રભાવના પૂર્વક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.ના વરદહસ્તે દીક્ષિત થયેલા ચાર નુતન મુનિઓની વડીદીક્ષા અમદાવાદ વિજય દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં પો.વ.૧૦ તા. ૫-૨-૭૫ના રોજ થઈ. બે દિવસ પૂજા આંગી-પ્રભાવનાના કાર્યક્રમમાં ભાવિકોએ સારો લાભ લીધો. જ્ઞાનમંદિરમાં શય્યાતર તથા પાણીની સારી તિથિઓ નોંધાઈ. શ્રી રાયચંદભાઈ નાનચંદ દેપલાવાળા તથા શ્રી નલીનકુમાર શાંતિચંદ ઝવેરી તરફથી ઉત્સવ યોજવામાં આવેલ.

● **બંગારપેટમાં ઉપધાન તપ :** પૂ.આ.વિજયભદ્રંકરસૂરિ મ. આદિઠાણા ૭ મા.સુ. ૧૦ના પધારતાં સંઘે સામૈયું કર્યું. સંઘમાં બે પક્ષ હતા. પૂજ્યશ્રીના ઉપદેશથી સમાધાન થતાં સંઘમાં આનંદની હેલી વરસી. મૌન એકાદશી, ચંદનબાળાના અઠ્ઠમો. પોષદશમી પર્વની અઠ્ઠમ ત્રણ દિન એકાસણાં-ત્રણદિન પૂજા-પારણાં-પ્રભાવના દ્વારા ઉજવણી આદિ થતાં શાસન પ્રભાવના સારી થઈ.

ચાર ભાઈઓ તરફથી ઉપધાન તપ નક્કી થયેલ છે. પહેલું મુહૂર્ત મહા સુદ ૬ અને બીજું મુહૂર્ત મહા સુદ ૧૦.

● **અમદાવાદ :** પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્‌વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં** માંડવીની પોળે-શેઠની પોળમાં શ્રી સંઘે પાંચ દિવસના મહોત્સવ સાથે સિદ્ધચક્ર પૂજન ભણાવ્યું. બાદ કીકાભટની પોળના સંઘની વિનંતીથી પોસ વ. ૧૩ ના ત્યાં પધરામણી થઈ. ભારે ઉમંગ હતો આખી પોળ ઉમટી પડેલી. ફુલચંદ કાળીદાસવાળા રસિકભાઈએ સંઘપૂજનનો લાભ લીધો. રાત્રે પણ મોટી સંખ્યામાં પુરુષોએ જ્ઞાનગોષ્ઠીનો લાભ લીધો. ગીરધરનગર સંઘની વિનંતીથી બે દિવસ ત્યાં લાભ આપી ઉસ્માનપુરા સંઘની વિનંતીથી પૂજ્યશ્રીના ઉપદેશથી સ્થાપિત પાઠશાળાના ઈનામી મેળાવડા પ્રસંગે પધારતાં સામૈયું થયું. મેળાવડો ભવ્ય થયો. ઉમંગ અનેરો હતો. વર્ષભરમાં પાઠશાળાએ શ્રી સુરેશ સી. શાહની દોરવણીથી અદ્‌ભુત પ્રગતિ સાધી.

● **એક ભવ્ય પ્રસંગ :** કાળુશીની પોળના ઉપાશ્રયનું નવનિર્માણ થતાં તેના ઉદ્‌ઘાટનનો શુભ પ્રસંગ પૂજ્યશ્રીની શુભ નિશ્રામાં ઉજવવાનો સંઘના આગેવાનોને મનોરથ જાગ્યો. પૂજ્યશ્રી સંસારીપણે આ પોળના વતની હતા. તેઓશ્રીના પણ આ ઉપાશ્રયના નિર્માણમાં પ્રેરક ઉપદેશ હતો. મહા સુ.૧ થી મહાસુદ ૫ સુધી પાંચ દિવસના શાંતિસ્નાત્ર સહિત જિનેન્દ્રભક્તિના મહોત્સવ સાથે ઉદ્‌ઘાટન પૂજ્યશ્રીની નિશ્રામાં કરવાનો નિર્ણય થયો. મહાસુદ ૧ ના પૂ. આચાર્ય ભગવંત શ્રી હીરસૂરીશ્વરજી મ., પૂ.આ.ભ. ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની સામૈયા સાથે પોળમાં પધરામણી થઈ. ઊભા કરાયેલા ભવ્ય મંડપમાં પૂજ્યશ્રીના પ્રવચનોની રેલી વરસી. પૂજામાં ભક્તિની રમઝટ જામી. સૂ. ૪ ની સવારે પૂજ્યશ્રીએ અર્ધો કલાક ખૂબ સંવેગ રસભરપૂર પ્રવચન કર્યા બાદ મુંબઈથી પધારેલા શેઠ અમૃતલાલ શાપરીયા તથા અ.સૌ.કુસુમબેન માણેકલાલ ચુનીલાલના શુભ હસ્તે ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન થયું. માંગલિક સંભળાવી જ્ઞાનપૂજન, ગુરુપૂજન કર્યા બાદ ફરી મંડપમાં પધાર્યા. ડૉ. દિનકરભાઈએ નિવેદન કર્યું. શેઠ રમણલાલ વજેચંદ, ચતુરભાઈ, સુધાકરભાઈના પ્રેરક વક્તવ્યો થયા. બહારથી આવેલા સંદેશા સંભળાવ્યા. બાદ કારીગરોને ઈનામ પછી સુધાકરભાઈ અને એમના અંગત મિત્રો તરફથી ગુરુભગવંતોનું પૂજન અને સંઘપૂજન થયું. સુધાકરભાઈએ પૂ. આચાર્યદેવના પ્રભાવશાળી વ્યક્તિત્વને બિરદાવતું ખૂબ જ હૃદયંગમ વક્તવ્ય કરી સૌને ભાવભીના કર્યા હતા.

● **ભાલક :** (વિસનગર પાસે) અત્રેના વતની ગં.સ્વ. શ્રીમતી કંચનબેન તારાચંદ પોતાના સંસારીપણે પુત્ર હાલ પૂ. મુનિરાજશ્રી હેમરત્નવિજયજી મહારાજને પૂ.આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની સાથે પોતાના આંગણે પધરાવી યથા-શક્તિ લાભ લેવા માટે પૂ. આચાર્યદેવશ્રીને અમદાવાદ આવી ખૂબ જ આગ્રહભરી વિનંતી કરી ગયેલા. તેથી પૂજ્યશ્રી પિંડવાડા તરફ વિહાર કરતાં અત્રે મહા સુદ ૧૦ પધાર્યા. સંઘ અને આખા ગામનો ઉત્સાહ અમાપ હતો. ગામને ધજા-પતાકાઓથી શણગારી દીધેલ. ભવ્ય સામૈયું થયું. ઠેર ઠેર ગહુંલીઓ થઈ. જૈન જૈનેતરોથી ચિકાર ભરાઈ ગયેલી વાડીમાં મંગળ પ્રવચન થયું. જૈનેતરોને પણ વિશેષ રસ પડી જવાથી રાતના પણ પ્રવચન રખાયું. કહે છે છેલ્લા કેટલાય વરસોમાં આટલી મોટી મેદનીએ લાભ નહિ લીધો હોય. કંચનબેન તરફથી પૂજા ભણાવાઈ. સંઘ તરફથી બરફી પુરીનું સ્વામિવાત્સલ્ય થયું, કંચનબેનના જમાઈ શ્રી રસિકલાલ અંબાલાલ, તથા અત્રેના વતનીઓ શ્રી ચીમનલાલ છોટાલાલ, શ્રી વાડીલાલ છોટાલાલ તથા શ્રી રીખવચંદ ત્રિભોવનદાસ તરફથી એમ ૪ સંઘપૂજન થયા. જુદા જુદા નિયમો લેવાયા, પૂજ્યશ્રીના ઉપદેશથી શાહ ચીમનલાલ અને વાડીલાલ છોટાલાલ તરફથી અત્રેના જિનમંદિરમાં મૂળનાયક શ્રી ધર્મનાથ સ્વામીની વર્ષગાંઠ વૈશાખ સુદ ૬ દર વર્ષે સ્વામીવાત્સલ્ય થાય એ નિમિત્તે રૂા. ૮૦૦૦ કાયમી ફંડ તરીકે, ને સાધારણ ખાતે કાયમી ફંડ તરીકે રૂા. ૨૦૦૦ સંઘને અર્પણ થયા. શ્રી સંઘે જુના હિસાબો અંકે કરી સાધારણ ખાતા માટે રૂા. ૨૫૦૦૦/-ની કાયમી ટીપ કરી લેવાની પૂ. આચાર્યદેવશ્રીની સલાહ વધાવી લીધી. પૂજ્યશ્રી હવે દાવડ ઈડર વડાલી મોટાપોશીના રસ્તે ફાગણ સુદ ૫ લગભગ પહોંચવા ધારે છે.

● **સામટા :** અત્રે પૂ.આ.શ્રી વિજય જયંતશેખરસૂરીશ્વરજી મહારાજ આદિ વાપીથી વિહાર કરી બોરડીમાં સાધ્વીજી શ્રી સ્નેહપૂર્ણાશ્રીજીને વડીદીક્ષા આપી ધર્મ પ્રભાવના કરતાં કરતાં અત્રે પધાર્યા. એઓશ્રીના ઉપદેશથી પાઠશાળાનું રૂા. ૧૮૦૦૦નું ફંડ થયું. શાહ હરખચંદજીએ સંઘપૂજન કર્યું. પૂજ્યશ્રી નવસારી પધારવા વકી છે.

● **મોટાપોશીના :** ભાલકથી વિહાર કરતાં પૂ.આ.શ્રી

વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ એકલારા-દાવડ-ઈડર-વડાલી-ખેડબ્રહ્મા-ખેરોજ થઈ અત્રે પધાર્યા. સર્વત્ર સંઘનો રોકવા માટે ખૂબ આગ્રહ. જિનમંદિર-બિંબો ખૂબ ભવ્ય. પોશીનામાં ૪ મોટા મંદિર, ભગવાન મહાવીર સ્વામી, શાંતિનાથ વગેરેના બિંબ ભવ્ય મુદ્રાવાળા. તીર્થ ભવ્ય છતાં ધર્મશાળા-ભોજનશાળાના અભાવે યાત્રિકોનો પ્રવાહ ઓછો છે. અત્રેના સંઘની તેવી તાકાત નહિ હોવાથી ઇચ્છે છે કે ભાગ્યશાળીઓ આ તરફ નજર નાખી તીર્થ વિકાસનું અનેરું સુકૃત ઉપાર્જે. પૂ. આચાર્યદેવશ્રી આદિઠાણા ૧૧ પોષ સુદ ૫ પિંડવાડા (રાજસ્થાન) ઉપધાન પર પધારવા વકી છે. ત્યાં થોડો વખત રોકાણ થશે.

● **અમદાવાદ :** અત્રે સારંગપુર તળિયાની પોળમાં શેઠશ્રી રતિલાલ નાથાલાલ શેરદલાલ આદિના ઉત્સાહ અને પ્રયત્નથી સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજય મેઘસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી સુબોધવિજયજી મ.ના ચારિત્ર જીવનના ૫૦ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે ભવ્ય જિનેન્દ્રભક્તિ અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાઈ ગયો. પૂ. મુનિરાજશ્રી સુબોધવિજયજી મ. સંસારીપણે કામેશ્વરની પોળના દલાલ શ્રી સકરચંદ જેશંગભાઈ અને શ્રીમતી ગજરાબેનના સુપુત્ર ત્રિકમલાલ ધર્મરંગે રંગાયેલા, પણ કુટુંબ આગ્રહે લગ્ન કરવા પડ્યા તો ધર્મપત્નીને સમજાવી ચારિત્ર લેવાની ભાવનાથી બ્રહ્મચર્યવ્રતધારી બન્યા. મોકો મળતાં બંનેએ ચારિત્ર લીધું. એમાં ધર્મપત્ની વાગડસમુદાયમાં સા.શ્રી ગુણશ્રીજી મ.ના શિષ્યા સા.શ્રી સુભદ્રાશ્રીજી બન્યા. પૂ. શ્રી સુબોધવિજયજી મહારાજે ગુરુસેવા જ્ઞાનધ્યાન શાસ્ત્રબોધ ઉપરાંત વરસીતપ, વીસસ્થાનકતપ, એકાંતરે ૫૦૦ આયંબિલ વર્ધ.આં.તપ ૪૩ ઓળી છેલ્લા ૨૩ વર્ષથી રોજ ઓછામાં ઓછું બેસણું, (ભલે હાર્ટદર્દ ડાયાબિટીસ વગેરેની પીડામાં પણ છુટા મોઢે નહિ) વગેરે આરાધનાઓ કરેલ.

ઉત્સવમાં પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી ગણિવરે મનનીય પ્રવચનો આપેલ. ફા.સુ. ૮ હીરાભાઈ ગાંધી, રમણલાલ ગાંધીએ સંઘપૂજન કર્યું. સંયમના ૫૧મા વર્ષના પ્રારંભે ફા.સુ. ૧૦ પૂ.આ. શ્રી વિજય માનદેવસૂરીશ્વરજી મ. પણ પધારેલા. શ્રી રમણલાલ મોહનલાલ તરફથી સંઘપૂજન થયું. મે.જે. મેજિસ્ટેટ અશોકકુમાર ભટ્ટ વગેરેએ સુંદર અંજલિ આપી. લોકોને મન આવા મહાત્માનો લાભ અહોભાગ્યે મળે તેથી કામળીઓ વહોરાવવામાં પડાપડી થયેલી. ધર્મરંગનું દશ્ય એ વખતે

અદ્‌ભુત હતું. શેઠ રતિલાલના તરફથી શાંતિસ્નાત્ર ભણાવાયું. શ્રી ચીમનલાલ રીખવચંદ તરફથી નમિઊણ પૂજન, ને પદ્મપ્રભસ્વામિસ્નાત્ર મંડળ તરફથી નંદાવર્ત પૂજન થયું.

● શ્રી જૈન સંઘો ! સાવધાન !

બેંગ્લોરથી શ્રી રઘુનાથમલજી (ઓમપ્રકાશ ટેક્ષટાઈલ, C/o, વેંકટેશ્વર માર્કેટ) જણાવે છે કે "અહીં 'ભગવાન મહાવીર સ્વામી' નામની એક ફિલ્મ કન્નડ ભાષામાં તૈયાર થવાની યોજના બની છે અને ચૈત્ર સુદ ૧૩ ના રોજે એનું શુટીંગ ચાલુ થશે." લાગતાવળગતાઓએ આને અટકાવવા પ્રયત્ન કરવો અતિ જરૂરી છે. બેંગ્લોર જૈન સંઘ આ કાર્ય ઉપાડી લે અને જરૂરી સહકાર મેળવી ફિલ્મ નિર્માણ અટકાવવાનું કરે.

● ગીરનારની પાંચમી ટુંક

એક ભાઈ જણાવે છે કે આજે ગીરનારના પટો થાય છે. એમાં પાંચમી ટુંકે દત્તાત્રયના પગલાં બતાવવામાં આવે છે. પરંતુ એ બરાબર નથી થતું. પાંચમી ટુંકે ભગવાન શ્રી નેમિનાથ સ્વામીના ગણધર શ્રી વરદત્ત મહર્ષિનાં પગલાં અથવા ભગવાનનાં મોક્ષકલ્યાણકનાં પગલાં હતાં. તે હમણાં કેટલાક વર્ષોપૂર્વે નામ ફેરવી નખાયું છે, તેથી ગીરનાર પટોમાં પાંચમી ટુંકમાં વરદત્ત ગણધર યા નેમિનિર્વાણ પગલાંનો નિર્દેશ જોઈએ એમ અમારું માનવું છે. વિશેષ જાણકાર પ્રમાણ પુરસ્સર યોગ્ય પ્રકાશ પાથરે.

● **પિંડવાડા :** અત્રે ઉપધાનમાળાનો મહોત્સવ જોરદાર ચાલી રહેલ છે. એમાં દીક્ષાર્થી મુંબઈવાસી બાબુભાઈ ઘીવાળાની સકુટુંબ દીક્ષાઓ તથા કોઠવાળા મફતભાઈની ચિ. કુમારી અનુપમાબેનની દીક્ષા અત્રે થવાનું નક્કી થતાં, તથા ધા. શિ. શિબિર સંચાલક ભાઈશ્રી કુમારપાળ વિ. શાહને અત્રેના સંઘે ભારે આગ્રહભરી વિનંતી કરી સમજાવી અત્રે તારીખ ૩૦-૪-૭૫ થી શિબિર ભરવાનું નક્કી કરાવ્યાથી સંઘમાં આનંદનો મહેરામણ ઊછળી પડ્યો છે. ત્રણે ય ભવ્ય પ્રસંગો ઊજવવાની તડામાર તૈયારી ચાલી. માળા મહોત્સવમાં મુંબઈના શ્રી જયંત રાહી પ્રભુભક્તિની રંગરેલ રેલાવી રહ્યા છે. ઓળી મહોત્સવમાં શ્રી ગોપાલ ગવૈયાને નક્કી કર્યા છે. સાથે દીક્ષા મહોત્સવ માટે બીજા સંગીતકારની મહેનત ચાલી રહી છે. માળા મહોત્સવમાં પૂજા આંગી શાંતિસ્નાત્ર તારીખ ૧૫-૪-૭૫ સંઘભક્તિ સવારે શાહ કુંદનમલજી રાયચંદ હંસાજી તરફથી, સાંજના સંઘભક્તિ શાહ ભાઈચંદજી નથુજી અને શાહ લાલચંદજી છગનલાલ તરફથી તા. ૧૬ સવાર સાંજ સંઘભક્તિ

શાહ ધર્મચંદજી તેજમલજી કોઠારી તરફથી નક્કી થયેલ છે.

આજે તા. ૧૪ મી એ માળાના વરઘોડાની ઉછરામણીઓમાં ભારે ઉત્સાહપૂર્વક આંકડા ટપોટપ ચડવા માંડ્યા. કાલે તા. ૧૫ મી એ માળારોપણની બોલીઓ માટે અથાગ ઊછરંગ વર્તાઈ રહ્યો છે. દીક્ષાર્થી ભાઈશ્રી બાબુભાઈ સકુટુંબ તા. ૧૬ અત્રે પધારશે. પૂ.આ. શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ આદિ અત્રે પધારી રહેલ છે. પૂ. સાધ્વીજી શ્રી હંસકીર્તિજી મહારાજ પોતાની હાર્ટતકલીફ અંગે વિહારની મુશ્કેલી છતાં આજના કાળે આવા અતિ ભવ્ય દીક્ષાઓના તથા દેવગુરુના અચિંત્ય પ્રભાવે આબુરોડ સુધી પહોંચી ગયા છે, ૫-૬ દિનમાં અત્રે પધારી જવા વકી છે. દીક્ષાઓનો પ્રસંગ અનેરો ઊજવાશે જે નિહાળવા પામનાર બડભાગી હશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૩,અંક-૩૨,તા.૨૬-૪-૧૯૭૫

પિંડવાડાનાં રેકોર્ડ માળારોપણ પ્રસંગ

પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના શિષ્ય-પ્રશિષ્યરત્નો પૂ.મુનિરાજો શ્રી જિતેન્દ્રવિજયજી, શ્રી ગુણરત્નવિજયજી મહારાજની નિશ્રામાં શરૂ થયેલ ૧૯૨ માળવાળા સહિત ૩૪૫ આરાધકોના ઉપધાનતપ ઉપર શ્રીસંઘના અતિ આગ્રહથી પૂ. આચાર્યદેવશ્રી પધાર્યા. આરાધકો તથા સંઘના ભાવોલ્લાસ વધી ગયા. છઠ્ઠ અઠ્ઠમો ૪-૫-૮-૯ વગેરે તપસ્યાઓ મીઠાઈ ત્યાગ વગેરે વિશેષ આરાધના થઈ. જવલંત માળારોપણ-પ્રસંગ પર દેશાવરથી અત્રેના મોટા ભાગના ભાઈઓ આવી ગયા. ઉત્સવ અંગે શ્રી જયંતરાહીની મંડળી આવી ઉત્સવ ધૂમધામ ચાલુ થઈ ગયો. પૂ. આચાર્યદેવશ્રીના વ્યાખ્યાન સભામાં પો.સુ.૪ માળારોપણના ચઢાવા બોલવાનો સમારોહ અભુતપૂર્વ ઉજવાયો. પહેલી માળનો ચઢાવો તથા સમગ્ર માળાઓના ચઢાવાનો કુલ આંક ભારતભરના વર્તમાન યુગના ઉપધાનમાળ ચઢાવાના આંકને ખૂબ જ આંબી ગયો. ધાર્યા કરતાં ૨॥-૩ ગુણો આંક નોધાયો. ખૂબી તો એ પણ થઈ કે પહેલી માળમાં રૂા. ૯ હજારની વૃદ્ધિથી નવો આંકડો બોલાતો. બપોરે માળનો ભવ્ય વરઘોડો ઇંદ્ર ધજા સાંબેલા હાથી બે બેન્ડ વિશાળ સાજન તથા ઉપધાન-આરાધકો વગેરેથી ખૂબ દીપ્યો. બહારગામથી ઘણું માણસ આવેલું. પો.સુ.૫ માળારોપણનો સમારોહ લગભગ ૮-૯ હજારની માનવમેદની વચ્ચે વિશાળ મંડપમાં ભવ્ય રીતે ઉજવાયો. પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજની માળ પહેરાવવા આવેલા ભાવિકોને વિવિધ વ્રતનિયમો આપવાની

દુકાન સારી ચાલી. સવારે ૬ વાગેથી શરૂ થયેલ સમારોહ ૧॥-૨ વાગે પૂર્ણ થયો. ઉપધાનના સમગ્ર આરાધકોને જુદા જુદા ભાઈઓ તરફથી પ્રભાવનાઓ થતાં દરેકને લગભગ રૂા. ૧ હજારની પ્રભાવના આપવામાં આવી. પો.સુ.૫ સાંજે દીક્ષાર્થી બાબુભાઈ સકુટુંબ પરિવાર આવી પહોંચતાં સ્ટેશન પર શ્રી પિંડવાડા સંઘના લગભગ એક હજાર ભાઈબેનો બેંડવાજા સાથે સામે લેવા ગયેલા. સ્વાગતમાં યુવાનો નાચતા કુદતા અને જયકારનાદથી ગગન ગજાવતા. બાબુભાઈના ધર્મપત્ની શ્રીમતી પદ્માબેન તથા એમની સુપુત્રીઓ મનીષા-પ્રીતીકુમારીના ગુરુણી પૂ.સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મહારાજ પણ ચૈ.સુ.૮ સપરિવાર પિંડવાડામાં પધારી ગયા છે. ચૈ.વ.૧ની સમુહ દીક્ષાઓના ભવ્ય મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી, હવે સુદ ૮ થી જિનેન્દ્રભક્તિ-મહોત્સવ શરૂ થઈ ગયો છે. અત્રે શાશ્વતી ઓળી કરાવનાર શા. નેનમલજી ચુનીલાલજીના તરફથી ઓળીના ઓચ્છવ માટે સંગીતકાર ગોપાલજી બોલાવાયેલ, ઉપરાંત દીક્ષાર્થી શ્રી બાબુભાઈ તરફથી સંગીતકાર દલપતભાઈ પાલીતાણાવાળાને બોલાવાયેલ છે. પૂજા-ભાવનામાં સંગીતમય ભક્તિની રમઝટ મચે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૩,અંક-૩૮,તા.૭-૬-૧૯૭૫

● **અમદાવાદ :** અત્રે ઉસ્માનપુરામાં રહેતા ભાઈશ્રી રજનીકાન્ત ઝવેરચંદ અને એમનાં ધર્મપત્ની મીનાક્ષીબેને લગભગ ૨૫ ઈંચના શ્રી કુંથુનાથ ભગવાન ભરાવેલા. તે પંજાબમાં લઈ જવામાં બનેલ રસિક હકીકત બેનનાં શબ્દોમાં આ પ્રમાણે છે. મારા ભગવાન (મારી પ્રતિમાજી ભરાવેલા તે) હજી સુધી અહીંયા જ હતા. એટલે તેમના પૂજન દર્શનમાં ખૂબ તલ્લીન થઈ ગયેલા. ચૈત્ર સુદ પાંચમનાં દિવસે પંજાબથી ભગવાનને તેડવા માટે ત્યાંનો આખો સંઘ આવેલો. ખરેખર ! અંતરમાં ખરા દિલની ભક્તિ હોય તો તેવું જ ફળ મળે છે તેનો મને તો સાક્ષાત્કાર થઈ ગયો. ત્યાંથી ૬૦ માણસો પાલીતાણા વગેરે તીર્થોની જાત્રા કરવા કરતાં એટલા ભાવ સાથે ભગવાવને તેડવા આવેલા કે મને તો એ ભાવુકતા જોઈને ખૂબ જ સંતોષ થયો. અને થયું કે ભલે મારા ભગવાન દૂર જાય છે પણ મારી જે ભાવમયતા છે તેવી જ ભાવવિભોરતાથી ત્યાં પણ પૂજાશે ! મેં એ બધાનું બહુમાન કરવા માટે અમારા મુકામે બોલાવેલા. સન્માન અને અલ્પાહાર આપેલા. મેં તેમજ મારા મમ્મી-પપ્પાએ સંઘપૂજન કરેલું. એ લોકોને પણ ખૂબ જ આનંદ થયો કે અમને ભગવાન અર્પણ કરનાર ખૂબ જ ભાવુક મળ્યા. તેઓએ પણ અમારું બહુમાન

કર્યું. ભગવાન અર્પણ કરતી વખતે અમે બંને તો જાણે ખૂબ જ રડ્યા. અને તેઓ બધાં પણ રડી પડ્યા. આ સીન જ્યારે નજરમાં આવે છે, ત્યારે રૂંવાડા ખડાં થઈ જાય છે. ઉસ્માનપુરામાં વ્યાખ્યાન સાંભળ્યા પહેલાં હું કઈ કક્ષામાં હતી અને આજે કઈ કક્ષામાં છું. અહીંયા સંભવનાથદાદાની પૂજા કરતાં તો પૂજ્યશ્રીને ખાસ યાદ કરું છું કારણ કે ભગવાનને રોજ કટોરાની આંગી કરવાનો આઈડીયા એઓશ્રીએ વ્યાખ્યાનમાં આપેલો તે પ્રમાણે મેં કટોરા લાવીને પૂજારીને આપી રાખેલા. પૂજારી રોજ સરસ ગોઠવણીપૂર્વક લગાવતો પરંતુ ત્રણ-ચાર દિવસથી તો બસ હું જાતે જ લગાવું છું. એટલી મઝા આવે છે ને ! એ માટે મારી પાસે આનંદ વ્યક્ત કરવાના શબ્દો નથી. જાણે કે દિવસની સફળતા એમાં જ સમાઈ જાય છે !

● **પાલણપુર** : પૂ. આ. શ્રી **વિજયભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજ પિંડવાડાથી જામનગર તરફ વિહાર કરી રહ્યા હતા. પાલણપુર સંઘે આગળ મુકામે જઈ સંઘને તથા અત્રે ચાલતી ધાર્મિક શિક્ષણ શિબિરને સારો લાભ આપવા આગ્રહભરી વિનંતી કરેલી. પૂજ્યશ્રી સપરિવાર પાલણપુર પધારતાં ભવ્ય સામૈયું થયું. મંગળ પ્રવચન પછી પણ ખૂબ આગ્રહ થયો. પૂજ્યશ્રીને લાંબે જવાનું હોઈ રોકાવાની મુશ્કેલી હતી, છતાં સાથેના તપસ્વી પૂ. મુનિરાજશ્રી શોભનવિજયજી, જેમણે સંસારિપણે શાંતિચંદ ઝવેરીએ ગત આસોમાં વર્ધમાન આંબેલ તપની ૧૦૦ ઓળી પૂર્ણ કરેલી પછી કુંડલામાં ચારિત્રગ્રહણ કરેલ. એમને આગળ ૧૦૧મી ઓળી ઉનાળાના વિહારમાં ચાલુ હતી એનું પારણું વૈ વ. ૭ રોજે આવતું હતું. એમની આ મહાન તપની અનુમોદના નિમિત્તે સંઘે કુટુંબ દીઠ ૧૦૧-૧૦૧ વગેરે આયંબિલની નોંધ કરવા માંડી, પૂજા આદિ કાર્યક્રમ ઉજવવાનું નક્કી કર્યું, અને પૂજ્યશ્રીને પારણા સુધી અત્રે રોકાઈ જવા આગ્રહ કર્યો તેથી અત્રે ૩-૪ દિન રોકાણ થયું. એમાં તપસ્વીનાં દર્શન અને પૂ. આચાર્યદેવશ્રીનાં સંવેગ ઝરતાં પ્રવચનોથી સંઘમાં તપની અનુમોદના નિમિત્તે ભાગ્યશાળીઓએ કુલ ૧૫૦૫ આયંબિલ તથા ૧૯૫૮ સામાયિક નોંધાવ્યા. વિશેષમાં અત્રે ચાલતી ધાર્મિક શિક્ષણ શિબિરમાં સંચાલક શ્રી દલપતભાઈની પ્રેરણાથી શિબિર-વિદ્યાર્થીઓ ધાનેરાના કિરણ કેશવલાલ, ચંડીસરના ધર્મેન્દ્ર પ્રવીણચંદ્ર, પાલણપુરના યોગેશ દલીચંદ, દીપક રમણલાલ, કિરણકુમાર શિવલાલ વગેરેએ ત્રણ વરસમાં કુલ ૧૦ લાખ ખમાસમણા દેવાનું તથા ૧૬૧૦૧ સામાયિક ૫૦૦૦ બેસણાં, ૧૭૬૨૯ નવી ગાથાઓ મુખપાઠ તથા ૫૦ લાખ નવકાર જાપ કરી આપવાનું નક્કી કર્યું. વૈ. વ. ૬ બપોરે મોટા દેરાસરે પૂજા ભણાવવામાં આવી. મુંબઈથી પૂ. તપસ્વી મહારાજના સાંસારિક ધર્મપત્ની રમિલાબેન તથા એમના પુત્રો, પુત્રવધુ વગેરે પણ આવી ગયેલા, એમના તરફથી તપસ્યાઓ

નોંધાવનારાનું બહુમાન તથા વ્યાખ્યાનમાં પેંડાની પ્રભાવના, અને વૈ. વ. ૭ સવારે શિબિર વિદ્યાર્થીઓ વગેરે સાથે પૂ. આચાર્યદેવાદિ મુનિવરોને વાજતે ગાજતે બોર્ડિંગમાં લઈ જવાનું થયું. શિબિર વિદ્યાર્થીઓના ભાવોલ્લાસ ઊછળતા હતા. પ્રાર્થના વગેરે થયું. ત્યાંથી પાછા વાજતે ગાજતે સંઘ સાથે ઉપાશ્રયે પધાર્યા. શ્રી દલપતભાઈના આગ્રહથી પૂ. આચાર્યદેવશ્રીએ ત્રણે દિવસ વિદ્યાર્થીઓને સૂત્ર રહસ્ય, અષ્ટપ્રકારી પૂજાનાં રહસ્ય, વિરતિનું મહત્ત્વ વગેરે પર પ્રવચનો આપ્યાં. વિદ્યાર્થીઓ ખૂબ ઉલ્લાસમાં આવી ગયા. આજ વૈ. વ. ૭ શનિવાર હોવાથી બપોરે છેલ્લા વ્યાખ્યાનમાં પૂજ્યશ્રીનો પાટણ તરફ વિહાર થતાં વિશાળ મેદની વળાવવા ગયેલી.

''દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૨૩,અંક-૩૯,તા.૧૪-૬-૧૯૭૫**

● **શંખેશ્વરજી : પૂ.આ.શ્રી વિજયભુવભાનુસૂરીશ્વરજી મહારાજ** પાલણપુરથી પાટણ થઈ અત્રે વૈશાખ વદ ૧૪ પધાર્યા. પાટણમાં એઓશ્રીની નિશ્રામાં વૈશાખ વદ ૧૧ સ્વ. ગચ્છાધિપતિ પૂ. આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની ૮મી સ્વર્ગતિથિના દિવસે વ્યાખ્યાનમાં પૂજ્યશ્રીના ભવ્ય ગુણગાન થયા. એમાં પૂજ્યશ્રીનો જવલંત વૈરાગ્ય, અદ્‌ભુત સંયમસાધના નિર્મળ બ્રહ્મચર્ય, જાતમહેનતથી આગમ શાસ્ત્રો પ્રકરણ શાસ્ત્રો, દર્શનશાસ્ત્રો કર્મસાહિત્ય વગેરેની સિદ્ધિ કરેલી પ્રકાંડ વિદ્વત્તા, ભારે સહિષ્ણુતા, લઘુતા, સંઘ-સાધુવાત્સલ્ય, ૨૫૦ મુનિઓનું નેતૃત્વ વગેરે વર્ણવાતાં સભા ગદ્‌ગદ થયેલ. બપોરના પંચાસરાજી દેરાસરે નવપદપૂજા ભણાવાઈ. ત્યાંથી વિહાર કરી અત્રે પધારતાં મુનિઓ અક્રમ જાપ વગેરે આરાધનામાં જોડાયા. સુરેન્દ્રનગરથી સંઘના ૮-૧૦ આગેવાનો શ્રી મનસુખભાઈ, બાબુભાઈ વગેરેએ આવી પૂજ્યશ્રીને સુરેન્દ્રનગર જેઠ સુદ ૧૦ **શ્રાવિકા ઉપાશ્રયના મંગળ ઉદ્‌ઘાટન** પર પધારવા આગ્રહભરી વિનંતી કરી. વિનંતી માન્ય રખાઈ તેથી પૂજ્યશ્રી અત્રેથી સુદ ૩ વિહાર કરી સુદ ૮-૯ સુરેન્દ્રનગર પધારવા વકી છે.

''દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૨૩,અંક-૪૦,તા.૨૧-૬-૧૯૭૫**

● **દહેગામ** : અત્રે વૈશાખ વદ ૫ પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મ. રતલામ તરફના વિહારમાં પધારતાં એમણે અત્રે ગત ચાતુર્માસમાં વર્ષોમાં નહિ થયેલ એવી ધર્મપ્રભાવના કરેલી હોવાથી, સંઘનો ખૂબ જ ઉછરંગ, સામૈયું ગહુંલીઓ

પૂજા પ્રભાવના વગેરે થયું. એમના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી શુભંકરવિજયજીને વિહારમાં પણ અઠ્ઠાઈ ચાલુ કરી. ત્રણ દિવસ અત્રે ધર્મની રેલંછેલ પછી પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરતાં વળાવવા આવેલ શ્રાવક-શ્રાવિકા ડ્રુસકે ડ્રુસકે રડી પડેલ. ઘણા ભાગ્યશાળી પૂ.શ્રીનું ચોમાસું દૂર થવાનું જાણી ખિન્ન થયેલ અને કેટલાક રતલામ વંદનાદિ અર્થે આવવા ભાવના કરતા હતા. વૈશાખ વદ ૧૪ પૂ. શ્રી બાલાસિનોર પધારતાં જેઠ સુદ ૧ ઉક્ત મુનિશ્રીને અઠ્ઠાઈના પારણા પર સારી ધર્મપ્રભાવના થઈ. એમને બની શકે તો અઠ્ઠાઈથી વર્ષીતપની ભાવના છે. ધમધોખ તપતા ઉનાળાના વિહારમાં પણ અઠ્ઠાઈઓની મહાન તપસ્યા ! તપના ધન્ય તપસ્વી મુનિ !

● **ભાવનગર :** અત્રે શિબિર વિદ્યાર્થી શ્રી રાજુભાઈ દ્વારા સંચાલિત શ્રી સામાયિક મંડળ, જેમાં દર રવિવારે ૬૦૦-૭૦૦ છોકરાઓ સામાયિક કરી, ધર્મપાન કરે છે. એની વાર્ષિક ઉજવણી ભવ્ય રીતે ઉજવાઈ હતી. શ્રી રાજુભાઈ લખે છે કે 'પિંડવાડાની શિબિરનાં પ્રત્યેક પ્રવચન મેં ભાવલક્ષ્યપૂર્વક શ્રવણ કરી નોટમાં ઉતારેલ છે જે સામાયિક મંડળ માટે બે વર્ષની મારી મૂડી છે. સામાયિક મંડળમાં શિબિરનું અને પૂજ્યશ્રીની અવ્વલ જીવન સાધનાનું આબેહૂબ રીતે વર્ણન કરેલ. જેથી અડધા વિદ્યાર્થીઓએ પ્રેરણા સ્વરૂપે લુખી રોટલીની બાધા ગ્રહણ કરેલ છે. સામાયિકશાળે રોજ સવારે ૩૫ વિદ્યાર્થીનો માર્ગાનુસારી જીવનનો વર્ગ સામાયિક સાથે શરૂ કરેલ છે. જમાવટ ઘણી સારી થયેલ છે. ભાવનગરના શિબિર વિદ્યાર્થીઓ નિયમિત સામાયિકશાળે, તથા શનિવારે નવકાર ધૂન અને રવિએ સામાયિક-સ્નાત્ર દાદાવાડીમાં સમૂહ પ્રાર્થના આદિ પ્રોગ્રામોમાં મળીએ છીએ.'

● **અમરેલી :** પૂ.મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી, યોગેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં અમરેલીના શ્રી સંભવનાથજી જૈન દેરાસરજી ટ્રસ્ટના મંત્રીશ્રી રસિકભાઈના માતુશ્રી કંચનબહેન વાગડવાલા પૂ. ચન્દ્રરેખાશ્રીજી મહારાજની સત્ પ્રેરણાથી કરેલ એકાંતરા ૫૦૦ આયંબિલના પારણાનો ઉદ્યાપન મહોત્સવ શ્રી રસિકભાઈ તરફથી વૈશાખ વદ ૧ થી ૫ ઉજવાયો. શ્રીસિદ્ધચક્ર બૃહત્ પૂજન ભણાવવામાં આવ્યું. આ મંગળ પ્રસંગે પૂ.સાધ્વીજી મહારાજશ્રી હર્ષલતાશ્રી, શ્રી હેમલતાશ્રી આદિ સા.મ. પધાર્યા હતા. વિષમ દુષ્કાળ પરિસ્થિતિમાં મુંગા પ્રાણી માટે જીવદયાનો ફાળો સારો થયો. મૂળનાયક શ્રી સંભવનાથજી પ્રભુની પુનઃ પ્રતિષ્ઠાની સાલગિરિ વૈશાખ વદ ૩ સુંદર ઉજવાઈ.

● **નડિયાદ :** અત્રે પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી ગણિવરના ઉપદેશથી બની ગયેલ બેનોના ભવ્ય ઉપાશ્રયના નિર્માણખર્ચમાં રકમ ખૂટતી હોઈ શ્રી સંઘના

અનેક આમંત્રણ પછી પૂજ્યશ્રી પધાર્યા અને પ્રેરક પ્રવચન તથા પ્રેરણાથી રૂા. ૨૨ હજારની ટીપ થઈ. વૈશાખ વદ ૭ પૂ.મુ.શ્રી ગુણાનંદ વિજયજી ગણિવરનો અત્રે ચાતુર્માસાર્થે ભવ્ય પ્રવેશ થયો. મંગળ પ્રવચન વખતે ચારે માસના આયંબિલ ખાતાની ટીપમાં રૂા. ૨૮૦૦ ભરાયા. વદ ૧૦ મનુભાઈ સુતરિયાએ પોતાના નવા મકાનમાં સકલ સંઘ પધરાવી ગુરુપૂજનાદિ કર્યું. બંને પૂ.શ્રીના પ્રવચન થયાં. મનુભાઈ તરફથી દિવ્ય દર્શન સાહિત્ય મંદિરમાં રૂા. ૩૦૦નું દાન જાહેર થયું. વદ ૧૧ સ્વ.પૂ.આ.ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ની સ્વર્ગતિથિ હોઈ પ્રવચનમાં તેઓશ્રીના અદ્ભુત ગુણાનુવાદ થયા, બપોરે ઠાઠથી ૪૫ આગમની પૂજા ભણાવાઈ.

● **કર્ણાટક :** પૂ.આ.વિજયભદ્રંકરસૂરિજી પં. પુણ્યવિજયજીગણિ આદિ ઠા. ૧૫ની નિશ્રામાં અંડરસનપેટમાં વૈ.સુ.૫થી સુ.૧૩ સુધી પ્રતિષ્ઠા મહોત્સવ સુંદર ઉજવાયો. સુ. ૨ ના સ્વ. ગુરુદેવ આ વિજયભુવનતિલક સુ.મ. ની તૃતીય પુણ્યતિથિ ઉવસગ્ગહરસ્તોત્ર મહાપૂજન, ગુણાનુવાદ સભા વિ. પ્રસંગ અનુમોદનીય ઉજવાયા. પૂ.આ.મ. નું ચાતુર્માસ દાવણગેરે નક્કી થયું છે. અ.સુ.૪ ના પ્રવેશ થશે.

● **રાજકોટ :** અત્રેના શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘની વારંવાર આગ્રહભરી વિનંતીથી તેમજ શંખેશ્વરજી સુરેન્દ્રનગર સંઘના ડેપ્યુટેશને જઈને ખૂબ આગ્રહ કરેલ હોવાથી પૂ.આ.શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે સપરિવાર ધ્રાંગધ્રાનો રસ્તો ન લેતાં સુરેન્દ્રનગરથી સાયલા સુદામડાનો વિહારક્રમ ગોઠવ્યો. **સુદામડા સંઘે નૂતન ઉપાશ્રયના મંગળ ઉદ્ઘાટન** નિમિત્તે સુરેન્દ્રનગર જઈ પૂજ્યશ્રીને પધારવા વિનંતી કરેલ, નિમંત્રણ પત્રિકા કાઢેલ. તે મુજબ પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં શેઠ શ્રી દલીચંદભાઈના શુભ હસ્તે ઉદ્ઘાટન વિધિ થઈ. બપોરે પૂજા ભણાવાઈ. ત્યાંથી ક્રમશઃ પૂજ્યશ્રી રાજકોટ પધારતાં શ્રી શ્વે. મૂ. તપગચ્છ સંઘ ટ્રસ્ટ તરફથી શ્રી ચીમનલાલ પટણીના ઘરદેરાસરથી ભવ્ય સામૈયું થયું. સામૈયામાં પાણીના બેડાવાળી બેનોનું મંડળ, બે બેન્ડવાજા, ડાંડિયા લેતા યુવકો, વિશાળ સાજન વગેરે શોભતું હતું. માર્ગને ઠેર ઠેર કમાનોથી શણગારવામાં આવેલ. માર્ગે અનેક ઠેકાણે ગંહુલીઓ થઈ. જૈન શાસનના જયનાદ સાથે સામૈયું હજુરપેલેસ પ્લોટના ઉપાશ્રયે ઊતર્યું. માંગલિક પ્રવચન તથા પ્રભાવના થઈ. રવિવારના સવારે ૮॥ વાગે પૂજ્યશ્રીનું **'ધ્યાન અને જીવન'** વિષય ઉપર માર્મિકપ્રેરક જાહેરપ્રવચન

થયું. બપોરના શ્રી સંઘ તરફથી શ્રી અષ્ટાપદજીની મહાપૂજાનો કાર્યક્રમ રખાયો હતો. જે અંગે જાહેર પત્રિકા બહાર પાડવામાં આવેલ. અમદાવાદથી નિમંત્રિત શ્રી જૈનધર્મ આરાધક મંડળ સાથે ચતુરભાઈ આવેલ. કનુભાઈ-રમણીકભાઈ વિ. ઉત્સાહી યુવકોએ વિવિધ રાગરાગીણી સાથે અને પૂજ્યશ્રીની માર્મિક ભક્તિપ્રેરક સમજુતિપૂર્વક ૪ કલાક સુધી તીર્થભક્તિ-પૂજામાં એકરસ કર્યા...રોમાંચક ભાવવાહી રાગ તથા અર્થસમજુતિથી સૌને અનેરો ઉલ્લાસ થયો. રાજકોટમાં પૂજ્યશ્રીને ત્રણ જ દિવસ રોકાવાનું હતું પરંતુ પ્રવચનવાણીનો લાભ આપવા આગ્રહભરી વિનંતી થતા એક સપ્તાહનું રોકાણ થયું જેમાં રોજ સવારે ધ્યાનના વિષય ઉપર સંવેગ વૈરાગ્ય નીતરતા પ્રવચનો થયા. સવારના રોજ ચૈત્યપરિપાટીમાં પ્રભુદાસભાઈ તથા નગીનદાસભાઈના ગૃહદેરાસરે દર્શન તથા માંગલિક સંભળાવ્યું. ઘરના પરિવારોમાં નાના મોટા સૌએ ગુરુપૂજન કરવા સાથે વિવિધ નિયમો લીધાં. જેમાં બ્રહ્મચર્ય-સિનેમા ત્યાગ-અભક્ષ્યત્યાગ-પર્વતિથિએ આયંબિલ એકાશન-ઘી ત્યાગ-સામાયિક-પ્રતિક્રમણ વિ પ્રતિજ્ઞાઓ થઈ તથા પ્રભાવના થઈ. બીજે દિન પટણીના ઘરમંદિરે-મણિયારના દેરાસરે તથા જાગનાથ પ્લોટના દેરાસરે, તથા ગામના મોટા દેરાસરે દર્શન ચૈત્યપરિપાટી થઈ. ત્રીજે દિન ભક્તિનગરમાં પંડિત પ્રભુદાસભાઈના ઘરદેરાસરે દર્શનાદિ કર્યા. પ્રભુદાસભાઈને માંગલિક તથા **'ચેતનજ્ઞાન અજવાળિએ'** સજઝાય પૂજ્યશ્રીએ સંભળાવી...સમાધિ માટે બે શબ્દો કહ્યા શુદ્ધિ સારી હતી. પૂજ્યશ્રીને ઓળખ્યા વહોરાવ્યું, ૪ થે દિન આનંદનગરમાં ઘરદેરાસર દર્શન કરી જયરાજ પ્લોટમાં છગનભાઈ હીંગવાલાના ઘર દેરાસરે ચૈત્યવંદનભક્તિ થઈ. ઘરના નાના-મોટા સૌને વિવિધ નિયમો અપાયા. ગુરુપૂજન થયું. માંગલિક સંભળાવ્યું. રવીવારના સૌરાષ્ટ્ર પેપર બોર્ડવાળા શશીકાંત કીરચંદ ટી. મહેતાની વિનંતીથી તેમના ઘરે પ્રવચન ગોઠવ્યું. પ્રહ્લાદપ્લોટના દેરાસરે દર્શન કરી ચતુર્વિધસંઘ તેમના ઘેર પધારેલ. વિશાળ મંડપમાં **'આજની આધ્યાત્મિક સમસ્યાઓ'** વિષય ઉપર પ્રવચન થયેલ. જીવનમાં શ્વાસથી અધિક ધર્મની જરૂરત અને આજની મુશ્કેલીભરી સમસ્યાનો ઉકેલ ધર્મમય જીવનમાં રહેલો છે તે યુક્તિપૂર્વક સમજાવ્યું. આજે ધર્મ ભુલાઈ રહ્યો છે અને પાપ-વાસનામય જીવનથી માનસિક વ્યથાનો રાફડો ફાટી રહ્યો છે તેનું સંયમન ખૂબજ જરૂરી છે, વગેરે સમજાવાયું. ગુરુપૂજન કરાયું અને પ્રભાવના થઈ બપોરે હજૂરપેલેસના ઉપાશ્રયે **'સીતાજીના આદર્શો'** ઉપર જાહેર પ્રવચન થયું. વિશાળ હોલ-ગેલેરી સાથે ચિક્કાર થઈ ગયો. સીતાજીના સાત્ત્વિક જીવનની વિવેચના સાથે આત્મદમન કરનારો આત્મા ભયાનક દુઃખોના દાવાનળ વચ્ચે કેટ-કેટલી શાંતિ-પ્રસન્નતાથી જીવી શકે છે...તે તાદૃશ્ય પ્રવચનમાં ખડું કરાયેલ...સત્ત્વ વધારવા

ડગલે પગલે આત્મદમનનો અભ્યાસ પાડવા હૃદયંગમ પ્રેરણા અપાઈ. ત્યારબાદ જામનગર તરફ વિહાર થતાં વિશાળમેદની વળાવવા આવેલ, પર્યુષણ જેવો રંગ બની ગયો. પૂજ્યશ્રી જામનગરથી પાછા ફરી લાભ આપે એવી સૌએ વિનંતી કરી...જામનગર સંઘના પ્રમુખ શ્રી નરભેરામભાઈ વગેરે અનેકવાર આવીને જામનગર વહેલા પધારવા ખૂબ ભાવભરી વિનંતી કરતાં કહે સાહેબ ! હવે જલદી પધારો, સંઘ ખૂબ આતુરતાથી રાહ જોઈ રહ્યો છે. જામનગરમાં અષાઢ સુદ ૬ પ્રવેશની ધારણા છે. પ્રવેશ સ્વાગત અંગે ભવ્ય તૈયારીઓ તડામાર ચાલી રહી છે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૩,અંક-૪૬,તા.૨-૮-૧૯૭૫**

● **રતલામ :** અત્રે સ્વ. પૂ. આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના સંયમી શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મ. આદિ રતલામ સંઘના તીવ્ર આગ્રહથી ચાતુર્માસ પધાર્યાથી ધર્મનો જય જયકાર પ્રવર્તી રહ્યો છે. પૂજ્યશ્રીના ભવ્ય પ્રવેશ સ્વાગતથી શ્રી સંઘે તડામાર તૈયારીઓ કરેલી. સામૈયું યાદગાર ચડ્યું. સેંકડો સ્ત્રી પુરુષોનું વિશાળ સાજન ઠેર ઠેર ગહુંલીઓ, પ્રભાવક મંડળ પ્રવચન વગેરેએ ધર્મરંગને હેલે ચડાવ્યો. સંઘના અગ્રણી શ્રાદ્ધરત્ન શ્રી તેજરાજજી ગાંધી વગેરેને હરખ માતો નહોતો. બજાર વચ્ચેની અગ્રવાલ ધર્મશાળામાં દૈનિક પ્રવચનો શરૂ થયા. મેદની વધતી જતી હતી. અષાઢ સુદ ચૌદશે હોલ ચિક્કાર ભરાઈ ગયેલો. પ્રભાવનામાં ૧૪૦૦ લાડુ વહેંચાયા. બાકી સેંકડો માણસોને જગાના અભાવે પાછું ફરવું પડ્યું. યુવાનોની ખાસ માગણીથી રાતના જ્ઞાનગોષ્ઠીમાં સેંકડો ભાવિકો લાભ લે છે. પૂજ્યશ્રીના શિષ્યરત્ન પૂ.મુ.શ્રી શુભંકરવિજયજી મ. ને આવા વિષમ-કાળે અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈની તપસ્યા ચાલુ છે. એણે વળી ભવ્યાત્માઓના દિલમાં ચમકારો પ્રગટાવી દીધો છે. સંઘમાં અનેક પ્રકારના ધર્માનુષ્ઠાનો તપસ્યાઓ વગેરેનાં મંગળ એંધાણ વરતાઈ રહ્યા છે. આઠમ ચૌદશ રવિવારે વ્યાખ્યાનમાં માણસ માતું નથી સેંકડોને પાછા જવું પડે છે તેથી પાછળના મેદાનમાં મોટો મંડપ ઊભો કરી વ્યાખ્યાન ત્યાં રખાવવા વિચાર ચાલે છે.

● **જામનગર :** અત્રે પાઠશાળાના ઉપાશ્રયે **પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજના** સંવેગ-વૈરાગ્ય ઝરતા પ્રવચનોથી સંઘમાં અનેરી ધર્મજાગૃતિ આવી છે. વિશાળ વ્યાખ્યાન હોલ પણ સાંકડો પડે છે. સૂત્રવાંચન માટે શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય શાસ્ત્ર વહોરાવવાની ઊછરામણી ભાઈશ્રી કાન્તિલાલ માણેકચંદ

રંગવાળા ૧૦૫૦ મણ બોલી અષાઢ સુદ ૧૧ પોતાના મુકામેથી સૂત્રને બેન્ડબાજા સંઘ સાથે પાઠશાળાએ બહુમાન પૂર્વક લઈ આવ્યા, અને જ્ઞાનપૂજા વગેરે વિધિપૂર્વક વહોરાવ્યું. ધોરાજીવાળા ભાઈશ્રી મણીલાલ ઝીણાભાઈએ ૫૦૧ મણ બોલી શ્રી સમરાઈચ્ચકહા (સમરાદિત્ય કેવળી ચરિત્ર) ભાવનાધિકાર માટે વહોરાવ્યું. યોગદૃષ્ટિ પરનાં રોચક બોધક અને પ્રેરક વ્યાખ્યાનો જામનગરના શ્રવણરસિક સંઘને કોઈ અનેરો તત્ત્વપ્રકાશ અને સહજ ધર્મસ્ફૂર્તિ આપી રહ્યા છે. સંઘમાં સળંગ અઠ્ઠમની તપસ્યા ચાલુ થઈ છે. વર્ધમાન તપના પાયા નખાય છે. કેટલાકે નિત્ય એકાસણાં સાથે લાખ નવકારના જાપ ચાલુ કર્યા છે. ચોમાસી ચૌદશે વિવિધ વ્રતનિયમો લેવાયા. રાતના જ્ઞાનગોષ્ઠી માટે યુવકોની જોરદાર માણગી ચાલુ છે. મુંબઈથી દોશી રાયચંદ નાનચંદ, પ્રવીણચંદ દલીચંદ વગેરે અત્રે આવી અઠવાડિયું સત્સંગ સાધી ગયા. શેઠ પુનમચંદ બાબુ ઝવેરી સજોડે અત્રે આવીને સત્સંગ સાધી રહ્યા છે. સંઘપ્રમુખ શેઠ નરભેરામ વસનજી અને એમનાં વિશાળ કુટુંબે તો જાણે સાધર્મિક ભક્તિનો ભેખ લીધો છે.

"અત્રે પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ. ને સિદ્ધતપ ચાલી રહેલ છે. સંઘપ્રમુખ શેઠશ્રી નરભેરામ વસનજી તરફથી વદ ૪ રવિવારે શ્રી અષ્ટાપદજીની ભવ્ય પૂજા ભણાવાઈ. ખાસ નિમંત્રણથી પૂજા ભણાવવા અમદાવાદથી શ્રી ચતુરદાસ ચીમનલાલની આગેવાની હેઠળ શ્રી જૈન ધર્મ આરાધક મંડળ પધારેલ. પાઠશાળા હોલ ચિક્કાર ભરાઈ ગયેલ. એક વાગ્યાથી ભાઈ-બહેનોએ પોતાની બેઠક જમાવવા માંડેલ. પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પૂજાની વચમાં વચમાં કડીઓના ભવ્ય ભાવો સમજાવતા હતા, ભક્તિસંગીતના વિવિધ રાગ-રાગિણીનું માર્ગદર્શન દેતા. મંડળ સાથે શ્રી ચતુરભાઈ પણ વિશિષ્ટ તર્જોમાં ભક્તિ સંગીતની ધૂન મચાવતા. લગભગ ૩૦૦૦ ભાવિકોએ લાભ લીધો. જામનગરના સંઘને જીવનમાં કદી નહીં અનુભવેલ એવો આ મહાન પૂજાના શ્રવણનો લહાવો મળ્યાનું લાગ્યું."

● **જામનગર-દિગ્વિજય પ્લોટ (હાલારી વી.ઓ.ત.મૂ.જૈન. ઉપાશ્રય)** : અત્રે પ્રભાવક પ્રવચનકાર, પરમ તપસ્વી પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન પ્રશિષ્ય પૂ. મુનિરાજશ્રી જયશેખર વિ.મ. તથા મુ. શ્રી ગુણસુંદર વિ.મ.ની નિશ્રામાં ચાતુર્માસિની આરાધના ભવ્ય થઈ રહી

છે. શાન્તસુધારસ અને પૃથ્વીચંદ્ર ગુણસાગર શાસ્ત્ર ઉપર રોચક તત્ત્વપૂર્ણ વ્યાખ્યાન લોકો તરબોળ બની લાભ લઈ રહ્યા છે. અનિત્ય-અશરણ ભાવનાના વ્યાખ્યાન સાંભળતા...સાંભળતા...ભાવિકોને (૧) ચારશરણ (૨) દુષ્કૃતગર્હા (૩) સુકૃત અનુમોદનાની આરાધના કરવાની તમન્ના જાગી...તેથી તા. ૧૦, ૧૭, ૨૪, ઓગસ્ટ, '૭૫'ના ત્રણેય રવિવારે ક્રમશ; ખીરનું એકાશન, નીવી અને બે દ્રવ્યના એકાસણથી આ ભવ્ય આરાધનાનું આયોજન કરવામાં આવ્યું. આરાધકોની સંખ્યા લગભગ ૧૫૦ થઈ. બાળકો અને બાળિકાઓની સંખ્યા પણ સારી થઈ હતી. પ.પૂ.આચાર્યભગવંતે ફરમાવેલ મંત્રજાપ લોકોએ બહુ ઉલ્લાસપૂર્વક ગણ્યો. સ્તવનની રમઝટ, અરિહંતની ધૂન, ચારશરણાના મંગલગીતો તથા મંત્રજાપમાં લોકો એકાકાર થઈ ગયા. જયેશ ભણશાલી (કલકત્તાવાળા) ચંદ્રયશ અને કાન્તિભાઈ વગેરેએ લોકોને સંગીત સાથે સારા જોડ્યા...સવારના **શરણાગતિ અને સતિ મદનરેખા** પર પ્રવચન થયું...બપોરના પ.પૂ. મધુરવક્તા રાજેન્દ્ર વિ.મ.સા. 'જીવનદૃષ્ટિ' એ વિષય પર રોચક પ્રવચન આપ્યું હતું. લોકો પ્રવચન સાંભળી મુગ્ધ બની ગયા હતા.

● **મુંબઈ** : અત્રે પરમ શાસનપ્રભાવક આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સાદડીના વતની ભાઈ શ્રી પુખરાજજી, એમના ધર્મપત્ની શ્રીમતી ખમીબેન, તથા સુપુત્રીઓ મીનાકુમારી લલિતાકુમારીની ધામધૂમથી અષાઢ સુ.૨ ના દીક્ષાઓ થઈ. શ્રી પુખરાજજીને પૂ.આ.શ્રી **વિજયભુવનભાનુસૂરિજી મ.**ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી **જિતેન્દ્રવિજયજી મ.** ના શિષ્ય **મુનિશ્રી પદ્મરત્નવિજયજી મ.** તરીકે જાહેર કરાયા. ખમીબેનને પૂ. સાધ્વીજી શ્રી પુષ્પલતાશ્રીજી મ. ના શિષ્યા સા. શ્રી જયલતાશ્રીજી તરીકે તથા મીના-લલિતકુમારીને એમના શિષ્યા સા. શ્રી મદનરેખાશ્રીજી-શ્રી લલિતરેખાશ્રીજી તરીકે જાહેર કરાયા. આ દીક્ષાઓ અંગે ભાઈશ્રી પુખરાજજી તરફથી ભવ્ય દીક્ષા વરસીદાન વરઘોડો જિનેન્દ્રભક્તિ મહોત્સવ વગેરે સુંદર ઉજવાયેલ. આ પ્રસંગે પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદવિજયજી મહારાજના સતત ઉપદેશથી એમના સંસારિપણે માતુશ્રી સોનુબેને પણ દીક્ષા અંગીકાર કરી, પૂ.આ.શ્રી વિજયવિક્રમસૂરીશ્વરજી મ. ના આજ્ઞાવર્તી પૂ. સાધ્વીજી શ્રી પદ્મલતાશ્રીજીના શિષ્યા સા.શ્રી સુવર્ણરેખાશ્રી બન્યા. એમનો ભવ્યદીક્ષા વરઘોડો શ્રી ધીરૂભાઈ દૂધવાળાને ત્યાંથી નીકળેલો. સૌના દીક્ષા ઉપકરણની ઉછામણી લગભગ રૂા. ૧૫૦૦૦ થઈ હતી.

● **જામનગર** : અત્રે પૂ. આચાર્યદેવશ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજનાં 'યોગદૃષ્ટિ સમુચ્ચય' અને 'સમરાદિત્ય કથા' પરનાં વૈરાગ્યભર્યા અને

તત્ત્વની છણાવટવાળાં પ્રવચનો સાંભળવાનો સંઘને ભારે રસ જાગ્યો છે. મોટો હોલ ચિક્કાર ભરાઈ જાય છે. યુવકોની સતત માગણીથી પૂજ્યશ્રી અષાઢ વદ ૧૦ થી રાત્રિના પુરુષોને જ્ઞાનગોષ્ઠી આપે છે. ૨૫૦-૩૦૦ ભાઈઓની હાજરી હતી. વદ ૧૧ રવિવારે 'અરિહંત' પદના ૫૦૦૦૦ જાપ સાથે ખીરનાં એકાસણાની આરાધનામાં લગભગ ૪૫૦ જણ જોડાયા. પૂ. આચાર્યદેવશ્રીનો વર્ધમાન આયંબિલ તપની ઓળીના પાયા નાખવા માટેનો ઉપદેશ અવરનવર ચાલુ હતો. અષાઢ વદ ૧૧ થી સમૂહમાં પાયો શરૂ કરવાનું જાહેર થતાં ૧૫-૨૦ પાયાની ધારણા હતી એના બદલે લગભગ ૬૦ પાયા નોંધાયા. જુદા જુદા ભાઈઓ તરફથી પાયાવાળાને પ્રભાવનાના વીસે તિથિ જાહેર થઈ. મદ્રાસથી એક ભાઈએ પોતાના તરફથી દરેકને રૂા. ૫-૫ ની પ્રભાવના દેવા વિનંતી લખી.

શ્રા.સુ ૩-૫-૬ માસધર-નેમિજિન જન્મ કલ્યાણકદીક્ષા કલ્યાણકના દિવસોમાં અક્રમ તપથી આરાધના કરવાનું જાહેર થતાં નામો નોંધાઈ રહ્યા છે. અત્રેના 'ભૂમિ' નામના દૈનિકપત્રે સોમવાર તા. ૫-૮-૭૫ થી દરેક અંકમાં પૂજ્યશ્રીના પ્રવચનોનાં અવતરણ પ્રગટ કરવાનું જાહેર કર્યું છે.

● **કરબટિયા :** વડનગર પાસેનું આ નાનું ગામ છતાં અત્રે પૂ. મુનિરાજશ્રી જગચ્ચંદ્રવિજયજી ઠા. ૨ ચોમાસું રહી જૈન ધર્મનો સર્વજનહિતકારી પ્રવચનો વરસાવતા રહ્યાથી જૈનો અને વિશેષ જૈનેતરોમાં ભારે ધર્મઉત્સાહ આવી ગયો છે. જૈનેતર વર્ગ માંસાહારત્યાગ, રાત્રિભોજનત્યાગ, સડેલા ધાન્ય દળાવવાનો ત્યાગ, હંમેશાના કંદમૂળભોજીને પણ ૧૦ તિથિ એનો ત્યાગ ભોજનટંક નિયમન વગેરે નિયમો લે છે. પ્રવચનોનો પ્રભાવ એવો પડ્યો કે ગુરુપૂર્ણિમાએ દર વર્ષે રાતના ૧૨ સુધી કંદમૂળયુક્ત ભોજન લેવાનું તે આ વર્ષ કંદમૂળરહિત ભોજન દિવસ છતે પતાવ્યું. વીતરાગ અરિહંત પ્રભુની ઓળખ અને અનંત ઉપકાર સમજાવતાં, પટેલો પણ પ્રભુદર્શન-પૂજા કરતા થયા. એમાં ચડાવા પણ બોલે છે. ૪ જણને માસખમણની ભાવનાથી ઉપવાસ ચાલુ છે. બીજાઓ ૧૬ ઉપ૰ વગેરેમાં જોડાવાના છે. વ્યાખ્યાન સભા વધતી ચાલી. લગભગ ૬૦૦ જેવી જનસંખ્યા થવા લાગી તેથી ખાસ મંડપ ઊભો કરવામાં આવ્યો છે.

● **રાજકોટ :** અત્રે હજુર પેલેસ પ્લોટમાં પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી

મહારાજનાં સંવેગ વૈરાગ્યભર્યા પ્રવચનથી સંઘમાં ધર્મ આરાધનાનો જુવાળ ચડ્યો છે. અરિહંતપદની આરાધનામાં ૫૦૦ જણ અને શ્રી સીમંધર ભગવાનના અક્રમમાં ૨૨૫ આશરે જોડાયા. એની ખુશાલીમાં રથયાત્રા વરઘોડો શાનદાર કાઢવામાં આવેલ જે એક રેકાર્ડરૂપ હતો. દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદનાની આયંબિલ સાથેની આરાધનામાં પણ મોટી સંખ્યામાં આરાધકો હતા.

● **જામનગર :** પ.પૂ. પ્રભાવક પ્રવચનકાર આચાર્યદેવશ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**ની પાવન નિશ્રામાં કચ્છવાગડ દેશોદ્ધારક વચનસિદ્ધ પૂ. દાદાશ્રી જિતવિજયજી મ. ની બાવનમી તથા ચારિત્રગુણરત્ના સા. શ્રી નિર્જરાશ્રીજી મ. ની પ્રથમ સ્વર્ગારોહણ તિથિ પ્રાપ્ત થતાં એઓશ્રીના ગુણસુકૃતની અનુમોદનાર્થે વાગડસમુદાયના સાધ્વી શ્રી દિનમણિશ્રીજીના પરિવારમાં સાધ્વી શ્રી દિવ્યરેખાશ્રીજી મ. ૩૧ ઉપવાસની તપશ્ચર્યા, સા. શ્રી નિત્યધર્માશ્રીજી મ. તથા સાધ્વી શ્રી દિવ્યકિરણાશ્રીજીએ ૧૬ ઉપવાસ, તથા સા.શ્રી દિવ્યપ્રતિમાશ્રીજીએ ૮ ઉપવાસની તપશ્ચર્યા ચાલુ વરસીતપમાં કરેલ.

આ મહાન તપશ્ચર્યાના અનુમોદના નિમિત્તે પાંચ દિવસનો જિનેન્દ્ર ભક્તિમહોત્સવ ભવ્ય ઉલ્લાસથી ઉજવાયો. જેમાં અષ્ટાપદજીની મહાપૂજામાં અમદાવાદથી જૈનધર્મ આરાધક મંડળ પધારતાં જિનભક્તિરસની રેલ રેલાવેલ અ.વ.૬ ના મોટા ઉપાશ્રયે પણ દાદા શ્રી જિતવિજયજી મ. ના ગુણાનુવાદ હૃદયસ્પર્શી શબ્દોમાં પૂજ્ય આચાર્ય ભગવંતશ્રીજીએ કરેલ વ્યાખ્યાનબાદ પ્રભાવના થયેલ. બપોરના શેઠજીના દેરાસરે શ્રી પાર્શ્વપ્રભુના ૧૦૮ નામ અનુસાર ૧૦૮ અભિષેક સાથે અષ્ટપ્રકારી પૂજન મંત્રાક્ષરો સાથે થયેલ. આ પૂજાનો પ્રસંગ બૃહત્ શાંતિ સ્નાત્ર જેવો બની ગયો. શ્રી મહાવીર મંડળે પાંચ કલાક સુધી વિવિધ રાગ-રાગિણીમાં પ્રભુ ભક્તિની રમઝટ કરી. ક્રિયાકારક શ્રી નવીનભાઈએ અભિષેક વિધિ કરાવી. આ પ્રસંગે પૂજ્ય આચાર્યભગવંતાદિ મુનિ પરિવાર તથા શાંતિભુવનથી હાલાર-દેશોદ્ધારક સ્વ.પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ. ના શિષ્ય મહાતપસ્વી પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિ પધારેલ પૂજા બાદ લાડુની પ્રભાવના થઈ. પાંચે દિવસ ભવ્ય અંગ રચના થઈ. ત્યારબાદ પાંચ પરમેષ્ઠિના પ્રથમપદની આરાધના ખીરના એકાશનથી તથા 'અરિહંત' ૪ અક્ષરના ૫૦ હજાર વ્યક્તિદીઠ જાપથી સામુદાયિક ૫૦૦ આરાધકો સાથે સ્નાત્ર ભક્તિપૂર્વક આરાધના થઈ. એક સદ્ગૃહસ્થ તરફથી ખીરના એકાસન કરાવાયા. ત્યારબાદ શ્રી નેમનાથપ્રભુના જન્મદીક્ષા કલ્યાણક નિમિત્તે જાપ સાથે અક્રમ આરાધનામાં ૭૦ જેટલા આરાધકો જોડાયા. અંતર-પારણા-પારણા શ્રી નરભેરામ વીસનજી તરફથી થયેલ. ૧૦ જેટલી પ્રભાવના થઈ.

સંઘમાં વારાફરતી અઠ્ઠમની આરાધના ચાલુ છે. દરેક તપસ્વીને રૂા. સાતથી બે સદ્‌ગૃહસ્થ તરફથી બહુમાન ચાલે છે. શ્રી સંઘમાં ત્રણ ગૃપમાં થઈને ૭૮ જેટલા ભાઈ-બેનો વર્ધમાન આયંબિલતપના પાયામાં જોડાયા. તપસ્વીઓને ઉત્તરપારણાં-પારણાં તથા પ્રભાવનામાં પૂજાની પેટી મદ્રાસના એક 'સદ્‌ગૃહસ્થ તરફથી દરેકને રૂા. ૧૧ તથા સંઘમાંથી ૨૫ જેટલી પ્રભાવનાથી ભક્તિ થઈ. ગયા રવિવારે સિદ્ધપદની ૧૨૫૦૦ જાપ સાથે આ આરાધનામાં બે દ્રવ્યના સામુદાયિક એકાશન સૂતરિયા સંપતલાલ તથા શ્રી રંગીલદાસભાઈ તરફથી થતાં ૮૫૦ આરાધકો જોડાયા. રવિવારના બપોરના પૂજ્ય આચાર્ય ભગવંતશ્રીજીનું **'વાસના અને ભાવના'** ઉપર રાજુલ અને રહનેમિની સજ્જાય સાથે મર્મવેધી, આત્માને સજાગ કરી દે તેવું જાહેરપ્રવચન થયું. બીજા રવિવારે **'આત્માની શક્તિનો સદુપયોગ'** અને અવંતિમુકુમાળની સજ્જાય ઉપર દિલ હચમચાવી દે તેવું પ્રેરક પ્રવચન થયું. જૈન પાઠશાળાનો હોલ-ગેલેરી ભરચક થઈ જતાં. રાત્રિના જ્ઞાનગોષ્ઠિ તત્ત્વસમજુતિમાં બસો ઉપર ભાઈઓ લાભ લઈ રહ્યા છે. પૂજ્યશ્રીએ જેમાં પરમાત્મસ્વરૂપ-ઉપાસના-આર્ત-રૌદ્રધ્યાનનાં સ્વરૂપ તથા લક્ષણ, ધર્મધ્યાનની ભૂમિકા માટે જ્ઞાનભાવના વગેરે પર વિવેચન કર્યું. હવે દર્શન ભાવના સમ્યગ્દર્શનના ૬૭ ભેદ-જ્ઞેય-ઉપાદેય તત્ત્વ ઉપર વિવેચન ચાલુ છે. એકંદરે સંઘમાં નવીન ધર્મજાગૃતિ આવતા વાતાવરણ ધર્મથી ગુંજતું થઈ ગયું છે. મુંબઈથી શ્રી કુમારપાળ વિ.શાહ પૂજ્યશ્રીના વંદન અર્થે આવતાં એમણે અત્રે યુવકોને પરમાર-પલ્લિવાલ જૈનના ઉદ્ધારનાં અનુભવો કહેવા દ્વારા જૈન આચારમાર્ગનું ખૂબ મહત્ત્વ ભારપૂર્વક સમજાવેલ તથા બંગલા નિરાશ્રિતોની ભયંકર દુઃખમય કહાણી રજૂ કરી. કર્મની જોરદાર લપડાક પડતાં જીવની કેવી કંગાલ-કરુણા ઉપજાવે તેવી પરિસ્થિતિ ! માંસાહારી ઈંડા વગેરેની અભક્ષ્યતાની માર્મિક સમજૂતિ સતત દિવસો સુધી સમજાવતાં મુસ્લીમ સૈનિકોના દિલ-દિમાગ દયાનામાર્ગે વાળ્યા. માંસાહારનો ત્યાગ કરાવ્યો. કમકમાવે એવા દશ્યો જોતાં અહંત્વ રાખવું એ નરીમૂર્ખતા છે !

વિષમકાળે જિનબિંબ અને જિનઆગમ એ જ આપણાં કલ્યાણ માટેનો આધાર છે. જિનેશ્વરભગવંતની ભક્તિ અને સદ્‌ગુરુમુખે જિનઆગમ વાણીને સાંભળવી-સદ્દહવી અને આરાધનાબળથી જીવનને પવિત્ર કરવું એ આપણા સૌનું હિતકારી કર્તવ્ય છે.

• અમદાવાદ-શાંતિનગરમાં ઝળહળી ઉઠેલી ધર્મજ્યોત •

અત્રે સિકંદરાબાદ-સમ્મેતશિખર અને કલકત્તા-સંમેતશિખર-સિદ્ધાચલજી જેવી

મહાયાત્રાના સંઘના પ્રેરક તીર્થ પ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજયજયંતસૂરીશ્વરજી મહારાજ તથા શ્રી વિજયવિક્રમસૂરીશ્વરજી મહારાજના ચાતુર્માસથી ધર્મની અનેરી જ્યોતિ ઝળહળી ઊઠી છે. રોજ સવારે જિનમંદિરમાં પૂ. આચાર્યદેવશ્રી વિજય વિક્રમસૂરીશ્વરજી મહારાજના મધુરકંઠે શ્રી ભક્તામરસ્તોત્ર સાંભળવા પ્રભુભક્તવર્ગ સવેળા ઉપસ્થિત થઈ જાય છે. વ્યાખ્યાનમાં એઓશ્રીની તથા યુવાન સિદ્ધ વક્તા પૂ. મુનિરાજ રાજયશવિજયજી મ. ની ગંગાપ્રવાહ સમી વહી રહેલી ધર્મવાણીએ શ્રીસંઘમાં નવું જોમ નવું ચૈતન્ય પ્રગટાવ્યું છે. શાંતિનગર સંઘના લાડિલા કાર્યકર શ્રી શાન્તિભાઈ વગેરે તથા મહાયાત્રા સંઘના સંચાલક શ્રી રાજેન્દ્રભાઈ દલાલના નવનવા ધર્માનુષ્ઠાન આયોજનોથી ધર્મપ્રભાવનાની રંગરેલ પ્રસરી રહી છે.

સ્વ. પૂ. પરમગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબની સ્વર્ગતિથિ પર જિનેન્દ્રભક્તિ મહોત્સવ બહુ ભવ્ય ઉજવાઈ ગયો. મહાપૂજનો ઉપરાંત રથયાત્રા-ગુરુભક્તિનો વરઘોડો તા. ૧૦-૮-૭૫ રવિવારે એટલો બધો અદ્‌ભુત નીકળ્યો કે રાજનગરની જનતા એ જોવા કિડિયારાની જેમ ઊભરાયેલી. શહેરની મધ્યમાં વિદ્યાશાળાએથી વરઘોડો નીકળી રીલીફરોડ ધીકાંટા ગાંધીરોડ, કાળુપુર રોડ વગેરે પરથી પસાર થયેલ. પ્રભાવ એ બન્યો કે આમ શનિવારે દિન-રાત વરસાદ ચાલુ પરંતુ વરઘોડા પહેલાં સવારે ૮ વાગ્યાથી તદ્દન બંધ થઈ ગયેલ. વરઘોડામાં સજાવટ કદાચ અભૂતપૂર્વ હશે. જેમાં ઈન્દ્રધ્વજા નિશાનડંકો, સ્કુટરો પર વીર સૈનિકો-ઘોડેસવારો નાના ભૂલકાઓ સાઈકલો પર વીરસૈનિકો ૮ ઘોડાગાડીઓ-શણગારેલ, ટ્રકમાં એલિસબ્રીજ મહિલા સંગીત મંડળ, મોટરમાં કાળુસીની પોળ મહિલા પૂજા-મંડળ, ઝાંપડાપોળ બેનો માથે પિત્તળના ઘડા સાથે, ૩ રથ, ૩ બેન્ડવાજા, મિલિટરી બેન્ડ, મોટરમાં મહાવીર સંગીત મંડળ, સાબરમતી સંગીત મંડળ, ખંભાત વોલંટિયર મંડળ, ખુલ્લી મોટરમાં સમવસરણ, હાથલારીનો નાવડા જેવો દેખાવ, મોટરમાં પૂ.સ્વ.આચાર્યદેવનો મોટો ફોટો ૧૪ બળદજોડ, મોટું સાજન, શહેરના ઉપાશ્રયેથી પૂ. આચાર્યદેવ આદિ વિશાલ મુનિગણ તથા પૂ. સાધ્વીજી ગણ અને છેલ્લે બુંદીના લાડુની ગાડી જેમાંથી આખા રસ્તે લાડુ વહેચાતા હતા. શહેરના સંભાવિત ગૃહસ્થોની હાજરી ભવ્ય હતી.

શાસનની મહાન પ્રભાવના રેલાવતો તથા શાસનનો જય ડંકો બજાવતો આ વરઘોડો વિદ્યાશાળે ઊતર્યો હતો. બપોરે ગુણાનુવાદના જાહેર વ્યાખ્યાનમાં ચિકાર મેદની આગળ પૂ. આચાર્યદેવો તથા પૂ. મુનિરાજશ્રી રાજયશવિજયજી મહારાજે સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજની ત્યાગ તથા જ્ઞાનમય જીવનજ્યોત ધર્મ પ્રભાવકતા, શાસનપ્રભાવકતા વગેરે પર એવો ભવ્ય પ્રકાશ

પાડ્યો કે સૌના દિલ ગદ્‌ગદ થઈ ગયા, લાગ્યું કે આપણે એક યુગપુરુષની મહાખોટ પામી ગયા.

શાન્તિનગરમાં પૂ.સાધ્વીજી શ્રી સર્વોદયાશ્રીજી શ્રી વાચંયમાશ્રીજી વગેરેની પણ પ્રેરણા પ્રોત્સાહનથી તપસ્યાઓ ભવ્ય થઈ રહી છે. પૂ. ચાર સાધ્વીજી મહારાજોને ૫૧-૫૧ ઉપવાસની તથા બીજા ૫.પૂ. સાધ્વીજી મહારાજોને માસક્ષમણની વગેરેની મહાન તપસ્યાઓ સુખરૂપ ચાલી રહી છે. રોજ બેનોની શાસનના ગીતો ગાતી નવનવી ટોળીઓ આવે છે, ને અનુમોદનાના ગીતો ગાય છે.

'દિવ્ય-દર્શન' પત્રના ૨૪મા વર્ષના મંગળ પ્રારંભે

તંત્રી સ્થાનેથી-

'દિવ્ય-દર્શન' પત્રનો હવે ઈ.સ. ૧૯૭૫ ના સપ્ટેમ્બર માસથી નૂતન **૨૪મા વર્ષમાં મંગળ પ્રવેશ** થતાં અમે આનંદ અનુભવીએ છીએ. પત્રમાં ગત વર્ષમાં વીસસ્થાનકના પ્રથમ પદ 'અરિહંત' પદ ઉપર એના આરાધક દેવપાલના જીવન પ્રસંગોની છણાવટ સાથે વિવેચનો પ્રગટ થયેલ. હવે ૨ જા 'સિદ્ધ'પદ અને રાજા હસ્તિપાલની આ પદની આરાધના પર વિવેચનો ચાલુ છે.

'દિવ્ય-દર્શન' એટલે નીતરતી આધ્યાત્મિકતા, જિનભક્તિ-બહુમાન, તત્ત્વચિંતન અને સંવેગ-વૈરાગ્ય, તથા ઉપશમભાવ આદિ પ્રશસ્ત ભાવોને જગાવનારું સામાયિક. મળતા સમાચારો મુજબ એનું વાંચન અનેકોને ભાવપ્રાણરૂપ બની ગયું છે, વિષમ પંચમ કાળની અનેક અશાંતિ પ્રેરક આંધિની વચ્ચે શાંતિ સ્ફૂર્તિ અને પવિત્ર ભાવોને પ્રેરનારું બની રહ્યું છે. એમાં પીરસાતા જૈન ધર્મ દર્શનના વિશ્વમાં અનન્ય કોટિનાં રહસ્યપૂર્ણ તત્ત્વો અને જીવનમાર્ગો વાંચવાનું કેટલાયને વ્યસન થઈ પડ્યું છે. 'દિવ્ય-દર્શન' જીવનના કથિરના સંયોગોને કંચનના કેમ બનાવવા એની ચાવીઓ બતાવે છે. સ્થાનકવાસી આર્યાઓ, ભાઈઓ તથા બેનો અને જૈનેતરો પણ દિવ્ય-દર્શનનાં વાંચનનો રસ ધરાવ છે; એ દિવ્ય-દર્શનની શાંતિદૂતતાને સૂચવે છે. કેટલાકને તો એના એકેક અંકને ૨-૩-૪ વાર વાંચનથી પણ તૃપ્તિ થતી નથી, એ એનો રસભંડાર સૂચવે છે.

પ્રાંતે અમે ઇચ્છીએ છીએ કે આજના જડવાદ વિલાસવાદ વગેરે તપી રહેલા ભવ્યાત્માઓને આધ્યાત્મિક શાંતિ અને પાપનિવૃત્તિ તથા ધર્મસ્ફૂર્તિ આપવા રૂપ

ઉત્તમ કોટિની ભાવકરુણા કમાઈ જવા માટે દિવ્ય-દર્શનના શુભેચ્છકો નવા નવા નિયમિત વાંચકો ઊભા કરશે.

• • •

• **કરબટીયા-પીપલધન** (સ્ટે. વડનગર ઉ.ગુ.) : ૫.પૂ.આ. દેવશ્રી ભુવનભાનુસૂરિ મ.સા.ની આજ્ઞાથી તેઓશ્રીના પ્રશિષ્યો ૫.પૂ. મુનિરાજશ્રી **જગચ્ચદ્રવિજય** મ. સાહેબ, પૂ. મુનિશ્રી માનહંસવિજયજી સહિત ચોમાસું પધારેલ છે. ગત ચોમાસાથી ચાલુ શ્રી સંઘની વતનમાં ચોમાસા માટેની વિનંતી ફળતાં આનંદ આનંદ વર્તી રહ્યો છે. જેઠ વદ નોમના શુભ મુહૂર્તે સારા એવા ચડાવા પૂર્વક શ્રી ધર્મસંગ્રહમહાશાસ્ત્ર તથા શ્રી સમરાદિત્ય ચરિત્ર ઉપરનાં પૂજ્યશ્રીનાં તત્ત્વસભર રોચક પ્રવચનો ચાલુ થતાં અજૈન શ્રોતા વર્ગે પણ સારો રસ લઈ સાત વ્યસન ત્યાગ, રાત્રિ ભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગ, બજારના મીઠાઈ આદિ ત્યાગ, વલોણાં બીજે દિવસે જ. એક યા બે ટંક જ ભોજન ઇત્યાદિ નિયમગ્રહણ દ્વારા સારો પુરુષાર્થ ફોરવ્યો છે. યાવત્ અજૈનોમાં ગુરુપૂર્ણિમાએ રાત્રે ૧૨ વાગે કંદમૂળયુક્ત સામુદાયિક ભોજન થતું તે પણ આ સાલ કંદમૂળના ત્યાગ પૂર્વક દિવસ છતે પતાવાયું.

ઉત્તરોત્તર વધતા શ્રોતાઓ માટે સ્થાન ફેરફારીપૂર્વક પર્યુષણા મહાપર્વની આરાધના માટે શ્રીસંઘે વિશાળમંડપનું આયોજન કર્યું છે. જૈનોના ચાલુ ૧૫-૧૭ ઘર અને બધી મળી ૮૦-૧૦૦ જેટલી ટૂંકી વસતિમાં ય પૂજ્યશ્રીની પ્રેરણા પામી બે માસખમણ બે અજૈન ભાઈબહેન સહિત ૧૭ જણ ૧૬ ઉપવાસની આરાધનામાં જોડાયા છે ૩૦ જેટલી અઠ્ઠાઈની તપસ્યાનું વાતાવરણ છે. બહારથી દર્શન-વંદન-શ્રવણાર્થ સાધર્મિકોની અવરજવર ચાલુ હોઈ અ. સુદ એકમથી જ શ્રીસંઘનું રસોડું તથા નિયમિત પ્રભાવનાઓ ચાલુ છે. ૨૭ દિવસનો મોક્ષતપ અને સ્વસ્તિક તપ પણ સામુદાયિક રીતે સુખપૂર્વક પૂર્ણ થયેલ છે. શ્રીસંઘનું આમંત્રણ હોઈ તેમજ સારી સગવડ હોઈ આજુબાજુમાંથી તથા મુંબઈ અમદાવાદથી ય ચૌસઠપ્રહરીપૌષધ આદિ આરાધનાર્થે સારી સંખ્યા ઉપસ્થિત થવાના પત્રો આવ્યા કરે છે.

પર્યુષણાપર્વ તથા ચોમાસાની આરાધના અભૂતપૂર્વ થશે. તથા વર્ષો સુધી અવિસ્મરણીય બનશે.

• **જૈનનગર**-(અમદાવાદ) : અત્રે પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદવિજયજી મહારાજના ચાતુર્માસથી શ્રી સંઘમાં નવો જ રંગ આવી ગયો છે. એઓશ્રીના તત્ત્વજ્ઞાન અને ધર્મબોધભર્યા રોચક વ્યાખ્યાનો સાંભળવા રસ વધતો જાય છે.

ચોમાસાના નિયમો લેવાની અભિલાષા વિશાળ જનતાને થતાં એની સ્પેશિયલ પુસ્તિકાઓ છપાવાઈ. દર રવિવારે નવ નવા ધાર્મિક કાર્યક્રમો ઉજવાય છે. શેઠ જયંતિલાલ આત્મારામ, શેઠ રમણલાલ વજેચંદ વગેરેએ સારો સુકૃત લાભ લીધો. અરિહંત જાપ સમૂહમાં ખીર-એકાસણા સાથે ૧ ક્રોડનો થયો. 'અરિહંત ભક્તિ' શ્રીફળ રૂા.ની પ્રભાવના થઈ. હવે પર્યુષણા બાદ અનેક સમૂહ આરાધનાના કાર્યક્રમો વિચારાઈ રહ્યા છે. એકંદરે સંઘમાં આરાધનાનો નવો ઉછરંગ રેલાઈ રહ્યો છે.

● **અમદાવાદ :** અત્રે પગથિયાના ઉપાશ્રયે પૂ. મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મ.ને આંબેલ ૬૭મી ઓળી સુખરૂપ પૂર્ણ થતાં રાત્રિજાગરણ, લાડુની પ્રભાવના વગેરે સુંદર થયું. એમના પ્રવચનોથી શ્રોતાઓ તત્ત્વરસમાં ઝીલે છે.

● **વિરમગામ :** અત્રે પૂ.આ. મહાન તપસ્વી શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ચોમાસામાં તથા પર્યુષણામાં ધર્મનો ખૂબ જય જયકાર થયો. ૧. માસક્ષપણ, ૭ સોળ ઉપ. અને અનેક અઠ્ઠાઈઓ વગેરે ઘણી તપશ્ચર્યા સાથે પારણા-પ્રભાવનાદિ તથા દેવદ્રવ્યાદિ આવક-ટીપ-ખરડાદિ સારા થયાં. અમદાવાદથી બેન્ડ, હાથી વગેરે લાવી રથયાત્રાનો ભવ્ય અનુમોદનીય વરઘોડો નીકળેલ. શાસનની પ્રભાવના ખૂબ થઈ. મુનિઓમાં વર્ધમાન આયંબિલ ઓળીઓ લાગટ સારી ચાલે છે. પૂજ્ય આચાર્યદેવશ્રીને બીજી વારમાં ૯૫મી ઓળી તથા શ્રાદ્ધરત્ન શ્રી રતિભાઈ ખોડીદાસને સળંગ એકથી ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ કા.સુ. ૫ ના રોજ થાય છે. આ યુગમાં આવા કદાચ એક જ તપસ્વી મહાનશ્રાવકને ગામેગામથી પહેરામણીઓ ભેટ કરવાનો મહાન લહાવો લેવાય એમાં આશ્ચર્ય નથી.

● **અમદાવાદ :** અત્રે અનેક ઉપાશ્રયોમાં મહાપર્વની આરાધના કરાવવા માટે આગ્રહભરી માંગણી હોઈ આ પ્રમાણે પૂ. મુનિરાજોએ આરાધના ધામધૂમથી કરાવેલ (૧) પૂ.આ. શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મ.સા. કાળુશીની પોળે (૨) પૂ.આ. શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ.સા. જૈન વિદ્યાશાળાએ (૩) પૂ.આ. શ્રી વિજય મલયચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા ગણી શ્રી સુધાંશુવિજય મ. શ્રીની નિશ્રામાં જ્ઞાનમંદિરે (૪) પૂ. મુનિશ્રી ધર્માનંદવિજયજી મ. પગથિઆના ઉપાશ્રયે (૫) પૂ. મુનિશ્રી જિનભદ્ર વિ.મ. ચુનારાનો ખાંચો-શાહપુર (૬) પૂ. મુનિ નંદિવર્ધન વિ.મ. દરવાજાનો ખાંચો, શાહપુર (૭) તીર્થપ્રભાવક પૂ.આ. શ્રી વિજયજયંતસૂરીશ્વરજી

મ.સા. તથા પૂ.આ. શ્રી વિજય વિક્રમસૂરીશ્વરજી મ.સા., શાંતિનગર (૮) પૂ. ગણિ શ્રી મિત્રાનંદવિજય મ. તથા ગણિ શ્રી જયઘોષ વિ.મ., જૈનનગર (૯) પૂ. મુનિ જયસોમ વિ.મ. દશાપોરવાડ સો. (૧૦) પૂ. મુનિશ્રી ધર્મગુપ્ત વિ.મ., નવરંગપુરા (૧૧) પૂ. મુનિ રત્નાંશુ વિ.મ. તથા પૂ. મુનિ રવિપ્રભ વિ. મ. પંકજ સોસાયટી (૧૨) પૂ. મુનિ કંચન વિ.મ. તથા પૂ. મુનિ જયસુંદર વિ.મ. ન્યૂ કલોથ માર્કેટ (૧૩) પૂ. મુનિ નેમિચંદ્ર વિ.મ. જમાલપુર (૧૪) પૂ. મુનિ પ્રકાશ વિ. મ. તથા રાજરત્ન વિ.મ. સૈજપુર બોધા (૧૬) પૂ. હીર વિ. તથા ગુણસેન વિ.મ. નરોડા.

● **ખંભાત :** અત્રે પૂ. મુનિરાજશ્રી કુલચંદ્રવિજયજી મ.ની નિશ્રામાં શ્રી જૈન તપગચ્છ અમરશાળામાં સંઘરત્ન શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફની આગેવાની નીચે સંઘમાં તપશ્ચર્યાઓનો ભારે રંગ જામ્યો, ઉપજો ૬૪ પ્રહરી પોષધ -પારણા-પ્રભાવના આદિ સુંદર થયું. વિશેષતા એ થઈ કે વર્ષોમાં નહીં બનેલ એવો અમારી પ્રવર્તનનો એક પ્રસંગ એમ બન્યો કે પૂ. મુનિ કુલચંદ્ર વિ.મ. પર્યુષણના પહેલા દિવસે દરિયે સવારે સ્થંડિલ જતાં માછીમારને જાળ સાથે માછલા પકડવા જતો જોઈ કંપી ઉઠ્યા. તુરત તેને બોલાવી ઉપાશ્રયે આવવા કહ્યું...ત્યાર પછી ખંભાતના સમગ્ર માછીમારોને આઠે દિવસ સુધી આજીવિકા આપી બધી જાળો મંગાવી લીધી અને આઠ દિવસ માછલા પકડવાનું બંધ કરાવવામાં આવ્યું. આ માટે પૂજ્યશ્રીએ પ્રથમ દિવસના વ્યાખ્યાનમાં સંઘમાં ભારે ઉત્સાહ જગાડ્યો. છેલ્લા દિવસે કતલખાના બંધ રહ્યા હતા.

● **ઢીચડા** (જામનગર પાસે) : અત્રે ખેડુત જૈન પ્રજા દેવદર્શન આદિમાં પણ ચુસ્ત છતાં પૂ. મુનિ વિદ્યાનંદ વિ. મ. ઠા. ૨ પર્યુષણા કરાવવા જતા રોજ દર્શન-પૂજા-કંદમૂળત્યાગ વગેરેની પ્રતિજ્ઞાઓ થઈ તેમજ રાત્રિભોજન વિદળ વગેરેના અનર્થ સમજાવાયા રાજકોટ નૂતન જૈન ઉપાશ્રય તરફથી વગર નકરે સ્વપ્ના આવ્યાથી એના ચઢાવા તથા કલ્પસૂત્રના ચઢાવા સારા થયા. મેઘા વીરપાલે પારણાનો ચઢાવો લઈ ઘેર પધરાવી ધામધૂમ કરી બંને મહારાજને આયંબિલ ચાલતાં હોવાથી સંઘમાં રોજ ૮-૧૦ આયંબિલ થતાં એનો લાભ નયા કરમશી તથા પદમશીભાઈએ લીધો. સંવત્સરીએ નયાભાઈએ સંઘપૂજન કર્યું... ૧૦ અઠ્ઠાઈઓ, ચોસઠ પ્રહરી પોષધ-પારણા-પ્રભાવના વિ. સુંદર થયું. જામનગરના બાળશ્રાવક હરેશકુમારે ભાઈ-બેનોને પૂજા-સામાયિક કરતાં શીખવાડેલ. પૂજા કરનાર બાળકોને પૂજાની જોડી ભેટ અપાઈ. નવ લાખ નવકાર ગણવાના નિયમ થયા.

● **જામનગર :** અત્રે ૫.પૂ. પ્રભાવક પ્રવચનકાર આચાર્યદેવ શ્રીમદ્ વિજય

ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. ઠા. ૧૮ની નિશ્રામાં શ્રી સંઘમાં પર્યુષણાપર્વની આરાધના ઉલ્લાસભેર થઈ. તે પૂર્વે શ્રા.વ. ૮ ૯-૧૦ ત્રણ રજાના દિવસોમાં પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજે 'જીવનદૃષ્ટિ' વિષય ઉપર રોચક જાહેર પ્રવચનો કરેલ. પર્યુષણપર્વમાં તપસ્યાની રંગત જામી. યુવાન-યુવતીઓ અને નાના બાળક-બાળિકાઓ પણ તપ રંગે રંગાયા. ૨॥-૨॥ કલાક વ્યાખ્યાનમાંથી એક પણ માણસ ઊઠતું નહિ. કલ્પસૂત્ર નિમિત્તે રાત્રી જગો તથા સવારે ભવ્ય વરઘોડો નીકળેલ. કલ્પસૂત્ર ૨-૩-૪-૫-૭ માં વ્યાખ્યાનો પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજીએ જોશીલી વીરરસભરી વાણીથી શ્રવણ કરાવેલ સૌને ખૂબ જ રસ રહ્યો. વીરપ્રભુની સાધના અને ગણધરવાદ પર ૪-૪। કલાક સુધી પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રીએ અનેકયુક્તિ-દૃષ્ટાંતપૂર્વક પ્રકાશ આપતાં તત્ત્વરસમાં શ્રોતાવર્ગ તરબોળ બનેલ.

૫૫ પુરુષો-બાળકો ચોસઠ પ્રહરી પોષધમાં જોડાયેલ. તે સર્વેની સાધર્મિકભક્તિ એકાશનથી ૭ દિવસ સુધી શ્રેષ્ઠિ શ્રી નરભેરામ વીસનજી તરફથી કરવામાં આવેલ...સંઘમાં થયેલ તપશ્ચર્યામાં ૩૦/૨, ૨૦/૧, ૧૬/૩, ૧૧/૨, ૯/૧૧, ૮/૭૨, ૭/૨૧, ૬/૩૩, ૪/૧૧, ૩/૧૧૨ સિદ્ધિતપ ૨, ખીરસમુદ્ર ૪, ૭૮ વર્ધમાન તપના પાયા, વગેરે થયેલ. પૂ. મુનિરાજશ્રી કનકસુંદરવિજયજી મ.ને ૨૦ ઉપવાસ ચાલુ છે. આગળ વધવા ભાવના રાખે છે. પૂ.મુ. શોભનવિજયજી મ.ને ૧૦૨ મી વર્ધમાન આંબેલ તપ ઓળીમાં ૧૧ ઉપવાસ, પૂ.શ્રી નંદીભૂષણવિજય મ.ને ૯, પૂ.શ્રી વરબોધિ વિ.મ. તથા પૂ.શ્રી જિનહંસ વિ.મ.ને ૮ ઉપવાસ થયેલ, પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મહારાજે સિદ્ધિતપ કર્યો. બારસાસૂત્રની પણ ભવ્ય ઉછરામણી-વરઘોડો-જ્ઞાન પૂજનાદિ થયેલ. વ્યાખ્યાનમાં બહારગામના **એક સદ્‌ગૃહસ્થ તરફથી પૂજ્યપાદશ્રીની નિશ્રામાં ઉપધાન તપ થવાનું જાહેર થયેલ છે.** જેના શુભ મુહૂર્તો આસો સુદ ૧૦ તથા આસો સુદ ૧૪ ના આવે છે. માળવાળાને પ્રથમ લેવામાં આવશે. જગ્યા મર્યાદિત હોઈ વહેલો તે પહેલો એ હિસાબે ઉપધાનાર્થી ભાવિકોને પોતાના નામ તુરત જ જૈન પાઠશાળાની પેઢી, જી.પી.ઓ. સામે લખાવવા માટે વિનંતી કરાયેલ. ઉપધાન અંતે દિગ્‌વિજય પ્લોટમાં સમવસરણ મંદિરમાં **શાશ્વતાજિનબિંબોની અંજનશલાકા-પ્રતિષ્ઠા-કરાવવાનું શ્રીસંઘ તરફથી નક્કી થયું છે.** જે કોઈને પોતાના પ્રતિમાજીની અંજનશલાકા કરાવવા ભાવના હોય તેમને જૈન પાઠશાળાની પેઢીએ જણાવતાં માહિતી મળશે. વ્યાખ્યાનબાદ ભવ્ય ચૈત્યપરિપાટી

નીકળેલ. તીર્થતુલ્ય જિનમંદિરોના દર્શનથી અનેરો ભાવોલ્લાસ થયેલ.

ભાદરવા સુદ ૫ ના અઠ્ઠમથી લઈ સર્વે તપસ્વીઓના ચોસઠ પ્રહરવાળા, વરસીતપવાળા વગેરેના પારણા સદ્‌ગૃહસ્થ ગ્રુપ તરફથી બહુમાન સાથે થયેલ. અનેક ભાવિકો તરફથી અનેક પ્રભાવના-પહેરામણીઓ થઈ. સર્વે મોટા તપસ્વીઓએ ગુરુપૂજન કરી વાસક્ષેપ લીધેલ. શ્રી સંઘમાં ત્રણ સ્વામીવાત્સલ્ય થયેલ. ભા.સુ. ૫ રથયાત્રાનો વરઘોડો ૩૦૦ સાંબેલા સાથે એવો ભવ્ય નીકળ્યો કે જે કલકત્તાના વરઘોડાની ઝાંખી આપે. વરઘોડાને જોવા હજારો લોકો માર્ગે માર્ગે એકઠા થયેલ. યુવકવર્ગ પ્રભુજીનો રથ ખેંચી ભક્તિ કરી. ભા.સુ. ૮ થી યોગદૃષ્ટિ શાસ્ત્ર ઉપરના પ્રવચન શરૂ થયેલ છે. ભાઈઓને રાત્રિના જ્ઞાનગોષ્ઠી હવેથી પૂ. મુનિ રત્નસુંદરવિજયજી મ. આપે છે. અનેક ભાવિકો તથા યુવાનવર્ગ સારો લાભ લે છે. શાંતિભુવન જૈન ઉપાશ્રયે પૂ. આચાર્યદેવશ્રીના શિષ્યરત્ન મધુરવક્તા મુનિરાજશ્રી રાજેન્દ્ર વિજયજી મ. પર્યુષણ દરમ્યાન વ્યાખ્યાન આપતાં ઓસવાલ સંઘને નવો પ્રકાશ મળ્યો. દેવદ્રવ્યની ઉપજ વગેરે ટીપ સારી થયેલ.

● **ધંધુકા :** પૂ. મુનિશ્રી જગવલ્લભવિજયજી ઠા. ૨ ચાતુર્માસ પધાર્યા ત્યારથી સંઘમાં વિવિધ તપશ્ચર્યાઓ સામુદાયિક થઈ, પ્રારંભથી અઠ્ઠમ તપની તપસ્યા ચાલુ છે. વ્યાખ્યાન-પ્રતિક્રમણમાં સારી સંખ્યા થાય છે. પ્રવચનશૈલી ઘણી સારી છે. પર્યુષણા પર્વમાં ૩૦/૧, ૧૭/૧, ૧૬/૨, ૧૫/૧, ૧૨/૧, ૧૧/૧, ૯/૧, ૮/૧૯, ૬/૨, ૫/૨ ચોસઠ પ્રહરી પોષધ ૧૯, વગેરે આરાધના થયેલ. રથયાત્રાનો ભવ્ય વરઘોડો તથા પાંચ વર્ષે સ્વામી-વાત્સલ્ય થયેલ. સુ.૧૩ થી જિનેન્દ્રભક્તિ મહોત્સવ સંઘ તરફથી થશે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૪,અંક-૩,તા.૨૭-૯-૧૯૭૫**

● **વીસનગર :** અત્રે પૂ. ગણી શ્રી યશોભદ્રવિજયજી ઠા. ૨ ના ગોકળ મુલચંદની વાડીના ઉપાશ્રયે ચોમાસામાં તપસ્યાઓ રેકર્ડ થઈ, ૧૬/૨, ૮/૩૨, વગેરે દેવદ્રવ્ય-સાધર્મિક-પાઠશાળા-જીવદયા વિ.ની ટીપો સારી થઈ.

અઠ્ઠમતપ-કોળીયાવ્રત-અરિહંતજાપ-ખીરના એકાસણાંમાં લોકોએ સારો લાભ લીધો. ગામડાવાળાનો ઉલ્લાસ-ઉમંગ ખૂબ છે. રૂા. સાત હજારની તો પ્રભાવના

થઈ. તપસ્વીઓને ગુંજાવાળા ચીમનલાલ ગોકળદાસ તરફથી પારણા થયા.

● **નવરંગપુરા :** (અમદાવાદ) પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ.ની નિશ્રામાં પ્રવચનો અને પર્યુષણપર્વની અત્રે અભૂતપૂર્વ આરાધના થઈ ૮/૨૯, ૧૦/૨, ૧૧/૧ ખીર સમુદ્ર/૫, અઠ્ઠમ/ ૧૫૦, છઠ્ઠ/૨૦૦ તથા દેવદ્રવ્ય-સાધારણ દ્રવ્યની ઉપજ સારી થઈ. આ વરસે અત્રે રથયાત્રાના વરઘોડાની શુભ શરૂઆત થઈ. **પૂજારીને પગાર સાધારણમાંથી આપવાનું નક્કી થયું.** આઠે દિવસ ભવ્ય અંગ રચના વિવિધ પ્રભાવના પારણાદિ અનુમોદનીય સુકૃત કરણી થઈ.

● **નેર :** (જી. ધુલીયા) અત્રે પૂ. ગણી શ્રી ધનપાલવિજયજી મ.ની નિશ્રામા ૩૫ ઘરના નાના ગામમાં પર્યુષણમાં અભૂતપૂર્વ તપશ્ચર્યાઓ થઈ.૩૦/૧, ૧૬/૬, ૧૧/૪, ૯/૧, ૮/૩૩, ૭/૧, ૫/૧, ૪/૧ તથા પૂ. મુનિરાજશ્રી જિનેન્દ્રવિજયજીને વરસીતપની આરાધના ચાલે છે. સંઘમાં સામુદાયિક અઠ્ઠમો ખીરના એકાશના અક્ષયનિધિતપ આદિ આરાધના પ્રભાવના તથા દેવદ્રવ્યાદિ ઉપજ-તપસ્વીઓની ભક્તિ-બહુમાન વગેરે અનુમોદનીય થયા.

● **મલાડ :** અત્રે પૂર્વ ભાગમાં થયેલ શ્રી હીરસૂરીશ્વર તપાગચ્છીય જૈન શાસન રસિક પૂ.પં. શ્રી ચરણવિજયજી મ.ની નિશ્રામાં ધર્મ આરાધનાનો જુવાળ ચડ્યો છે. ઉપાશ્રય ઉપરના જિનમંદિરમાં પૂ.આ. શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.ના વરદ્ હસ્તે પ્રતિષ્ઠિત ૩૧ ઈંચના શ્રી શ્રેયાંસનાથ પ્રભુજી આદિના મનોરમ બિમ્બોને પધરાવ્યા હોઈ રોજ આશરે ૧૦૦૦ માણસ પૂજાનો લાભ લે છે. મલાડ સંઘનો ભારે ઉલ્લાસ પ્રભુજીને ૧૫૦૦૦ની બોલીથી પધરાવવામાં વ્યક્ત થતો હતો. મહાપર્વની આરાધનામાં શાહ જેઠાલાલ ભારમલની ૧૦ વર્ષની બાળિકા સહિત ૩ બાળિકાઓને સિદ્ધિતપની કઠોર આરાધના થઈ. બીજી પણ ભરપૂર તપસ્યા વગેરે સુંદર થયું.

કરબટિયામા જૈન જૈનેતરોએ કરેલી જૈન ધર્મની આરાધના : પ.પૂ. વર્ધમાન તપોનિધિ આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ. ના વિદ્વાન શિષ્યરત્ન પૂ.મુ. શ્રી જગતચંદ્ર મ. આદિનું કરબટિયા (વડનગર)ના ૧૫-૧૭ ઘરના શ્રીસંઘમાં ચાતુર્માસ થતાં થયેલી આશ્ચર્યજનક આરાધનાઓ ઉપ./તપ. ૩૦/૨, ૧૬/૧૭, ૯/૨, ૮/૪૦, ૩/ઘણા, મોક્ષતપ ૨૭ દિન/૧૯, સ્વસ્તિક તપ/૧૮, ચો.વિ./૨૪, પૌષધ/૧૨૫. ૧. બારસા સૂત્રમાં ૯૦૦ જેટલા શ્રોતા સર્વનું સંઘ પૂજન, સાંવત્સરિક

પ્રતિ.માં ૩૦૦ જેટલા પુરુષ તે અનુસાર બેનો સર્વેને ૧-૧ રૂપિયાની પ્રભાવના. ૨. એક સુશ્રાવકે સર્વ તપસ્વીઓને પોતાને ઘેર દૂધથી ચરણ ધોઈ કરેલી ભક્તિ. તે સમયે અઠ્ઠાઈ ઉપરનાને ચાંદીની વાટકી કટાસણાદિ ૫૦ જેટલી પ્રભાવનાઓ. ૩. અ.સુ. ૧થી ચાતુર્માસમાં અત્યાર સુધી પોષાતીને એક રૂપિયાની પ્રભાવના. ૪. બે નવકારશી જમણ. પર્યુષણમાં પોષાતીઓની ભક્તિ મોક્ષતપની ૨૩ ટોળીઓ બંને તપના પારણા. ૫. ચાતુર્માસ પ્રવેશે ૩૧ આયંબિલ. રોજ સંઘમાં આયંબિલ-વ્યાખ્યાનમાં રોજ પ્રભાવના. ૬. પર્યુષણામાં પ્રતિદિન પૂજા રોજ ભવ્ય આંગીઓ તથા ભાવનાઓમાં મહેસાણા સુમતિ જિન મંડળીએ જમાવેલ ગજબ રંગ. ૭. સંવત્સરિના પારણે ૩ દંપતિઓએ બ્રહ્મચર્ય. ભવિષ્યમાં માસખમણ આદિ તપ કરવાનો ઘણાએ કરેલ નિયમ. ૮. ભા.સુ. ૬ એ અભૂતપૂર્વ વરઘોડો જૈનેતરોએ સુશોભિત કરેલા માર્ગે હાથી, વિશાળ બેન્ડ ચાંદીની પાલખી, સશસ્ત્ર રજપૂત ઘોડેસવારો, જીપો, ટ્રક, ટેક્ટરો, રાસ રમતી રબારણો, નૃત્ય, દાંડિયા રમઝટ એકતાન નાચતા કૂદતા કોલેજિયનો તથા બહારગામથી પધારેલા હજારો જૈને જૈનેતરના અનેરા ઉલ્લાસપૂર્વક નીકળેલ ૯. હાલ વર્ધમાન તપના પાયો નાખવાનો તથા ભવ્ય મહોત્સવ કરવાનો અનેરો ઉલ્લાસ છે.

જૈનેતરોની રેકોર્ડ આરાધનાઓ. ૧૬ ઉપ.-૨, ૮ ઉપવાસ-૫, ૧ ઉપવાસમાં ઘણાં આબાલ વૃદ્ધો, બે બેનો ચો.પ. પોષધ-સ્વસ્તિક તપમાં ૧. તપ નિમિત્તે ૨ રજપૂતે પોતાની નાત સંબંધીઓને જમાડ્યા ને બોલી બોલી ભગવાન લઈ હાથી ઉપર બેઠેલાં. ૨. સૂત્ર વાંચનના બે ચઢાવા ઘણાં જણે નિત્યપૂજા દર્શન-ગુરુ-જ્ઞાન-પૂજન કરે કેળા વગેરેની પ્રભાવના કરે. ૩. ચાતુર્માસ પ્રવેશથી લગભગ ૩૦૦ થી વધુ ૬૦૦ જેટલી સવારના-રાત્રિવર્ગમાં ઘણાં પુરુષો. ૪. મેઘકુમારના દૃષ્ટાંત સાથેના દયાના ઉપદેશથી ઘણા જૈનેતરોએ લીધેલા આશ્ચર્યજનક નિયમો લીધા. ૫. જીવાત બેઠી હોય ત્યારે દવા ન છાંટવી. બહુ જીવાત થાય તેવો કપાસ વગેરે પાક ન વાવવો. સિનેમા, વ્યસનો, માંસાહાર, રાત્રિભોજન, કંદમૂળ, દ્વિદળ, બજારના ખાણાં, બે રાત્રિપછીનું દહીં, છાશ તથા દિવસના એક બે ટંક સિવાય ભોજન ત્યાગ, નાના ઘણાં બાળકોએ જીવોને જાણી જોઈએ ન મારવાં, ન સતાવવાના નિયમો લીધા. ૬. ગુરુપૂર્ણિમાએ પણ સામુદિક ભોજનમાં કંદમૂળ રાત્રિભોજનનો ત્યાગ. ૭. ૮ દિવસ ઘણાં સમગ્ર વ્યવસાય બંધ રાખી. વ્યાખ્યાન-પ્રતિક્રમણાદિમાં

જોડાય. ૮. સ્કૂલના શિક્ષકો આદિ ખૂબ પ્રભાવિત થયા. ૯. આંગી કરનાર પ્રજાપતિએ સિનેમા, બીડી, માંસ આદિ ૭ નિયમો લીધા.

● **તખતગઢ :** પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ની નિશ્રામાં ચાતુર્માસ અને પર્યુષણાની આરાધના ભવ્ય રીતે ઉજવાઈ... ૨૨ તો મહાન સિદ્ધિતપ થયા... દરેકને રૂા. ૨૦૦ની પ્રભાવના થઈ. તથા માસખમણો-૨૧-૧૬-૧૫-૯-૮ વગેરે તપસ્યાઓ કુલ ૨૫૦ લગભગ થયેલ. ૫૦૦ આરાધકોએ નવ એકાશનથી ૧ ક્રોડ નમસ્કાર મહામંત્રનો જાપ કર્યો. ૮૫૦ જણે ૧ ક્રોડ અરિહંતજાપ કર્યો... શ્રી સીમંધર સ્વામીના ૨૫૦ અઠ્ઠમ થયા. બાકી પંચરંગી તપ વગેરે આરાધનાઓ સતત ચાલુ રહી અર્હદ્ અભિષેક-ઋષિમંડલપૂજન સહિત ૨૧ દિવસના જિનેન્દ્ર-ભક્તિમહોત્સવો રથયાત્રાના વરઘોડાઓ સાથે શાસનપ્રભાવના ખૂબ થઈ. ૨૧ દિવસ રોજ પૂજામાં ૨ થી અઢી હજાર માણસ આવતું. દશ વર્ષમાં ૩૧ હજાર આયંબિલ કરવાનો સંઘે નિર્ણય કર્યો.

● **જયપુર :** પૂ. મુનિરાજશ્રી નયરત્નવિજયજી મ. તથા મુનિ જયરત્નવિ. મ. ના ચાર્તુમાસમાં ૯ દિવસ નમસ્કાર પ્રથમપદનો અખંડ જાપ ૪૩ લાખ થયેલ જુદી જુદી વ્યક્તિ તરફથી એકાસણાથી ભક્તિ કરાઈ. પંચરંગી તપ તથા માસક્ષપણ-૧૬ ઉપવાસ-અઠ્ઠાઈ આદિ તપશ્ચર્યાઓ તથા ઉછરામણીઓ સારી થઈ. પ્રથમવાર સામૂહિક સમસ્ત મૂર્તિપૂજક સંઘની ચૈત્યપરિપાટી નીકળી. ભવ્ય રથયાત્રાનો વરઘોડો નીકળેલ તથા-વિશેષમાં સાધારણ ખાતાનો છવીસ હજારનો તોટો પર્યુષણ ૪ દિવસમાં જ પૂર્ણ થઈ ગયો.

પર્યુષણાની મહાતપશ્ચર્યા તથા વિવિધ આરાધનાની અનુમોદના નિમિત્તે શાંતિસ્નાત્ર સહ ભવ્ય જિનેન્દ્રભક્તિ ઉજવાયો.

● **રતલામ :** અત્રે અગ્રવાલની ધર્મશાળામાં રતલામ જૈન તપાગચ્છ સંઘે પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મ.ના ચાર્તુમાસના પ્રવેશથી પર્યુષણ સુધી વિવિધ ૧૨ આરાધનાઓ સામુદાયિક થઈ. પર્યુષણાની આરાધનામાં સિદ્ધિતપ ૩૦/૨, ૧૬/૨, ૧૧/૧, ૯/૩, ૮/૩૯ છઠ્ઠ-અઠ્ઠમ-૪૭૨-આદિ તપશ્ચર્યા-પ્રભાવનાઓ સારી થઈ. શ્રી અર્હદ્ અભિષેક સાથે જિનેન્દ્રભક્તિ મહોત્સવ આઠ દિવસનો ભવ્ય રીતે ઉજવાયો. પૂજ્યશ્રીની નિશ્રામાં આરાધનાનો અપૂર્વ આનંદ ઉલ્લાસ વધી રહ્યો છે.

● **મક્ષીજી (ઉજ્જૈન) :** અત્રે ઉજ્જૈનવાળા શેઠ શ્રી ત્રિકમભાઈના વરસોના પ્રાણ પૂરીને પ્રયત્નો કરવા ઉપર આ તીર્થ મૂળ શ્વેતાંબરોનું છે. એના કોર્ટથી પણ ફેંસલા આવી ગયા છે. વધારામાં અત્રે તાજેતરમા શ્રી ત્રિકમભાઈના અથાગ

પ્રયત્નથી ભોજનશાળાનું ભવ્ય મકાન તૈયાર થઈ ગયું છે. આસો વદમાં ભોજનશાળા ચાલુ કરવા ધારે છે. એથી આ બહુ પ્રાચીન તીર્થમાં વિશિષ્ટ મુદ્રાવાળા અને મહાપ્રભાવક પાર્શ્વનાથ ભગવાનની સંતોષથી આરાધના કરવા માટે યાત્રિકોને હવે વધુ દિવસ રોકાવાની સગવડ થશે. દેરાસરજી સન્મુખ પાષાણનો ભવ્ય ગેઈટ બનાવવાનું કામ ચાલુ છે. નવી ધર્મશાળા બંધાવાનું કામ પણ ચાલુ છે. દિગંબરોએ એમની જાત પ્રમાણે ત્રિકમભાઈ ઉપર દાવો કરેલ અને કામ રોકાવ્યું. પરંતુ ત્રિકમભાઈએ ફેક્ટ ફીગર્સ રજૂ કરવાથી કોર્ટે અડધી ધર્મશાળા બનાવવા મંજૂરી આપી દીધી છે, અને બાકીની માટે હવે અપીલ કરાશે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૪,અંક-૪,તા.૪-૧૦-૧૯૭૫**

દિવાળીની રજાઓમાં જામનગર મુકામે જૈન ધાર્મિક શિક્ષણ શિબિર

યુવાનોના નૈતિક અને ધાર્મિક આધ્યાત્મિક જીવન-ઘડતરના શુભ હેતુ માટે દિવાળીની રજાઓમાં જામનગર મુકામે આઠ દિવસ તા. ૯-૧૧-૭૫ થી ૧૬-૧૧-૭૫ સુધી જૈન ધાર્મિક શિક્ષણ શિબિર યોજવાનું નક્કી થયું છે.

શિબિરમાં જૈન તત્ત્વજ્ઞાન, જૈનાચાર અને નૈતિક જીવનઘડતર અંગેના પ્રવચનો પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. આપશે. શિબિરનું સંચાલન શ્રી કુમારપાળ વિ. શાહ કરશે. મેટ્રિક-કૉલેજના યુવકો પ્રવેશ મેળવવા પ્રવેશપત્રો નીચેના સ્થળેથી મંગાવી સત્ત્વરે ભરી મોકલે.

વર્ધમાન સેવા કેન્દ્ર યોજિત, જૈન ધાર્મિક શિક્ષણ શિબિર

૬૮, ગુલાલવાડી, મુંબઈ-૪ ટે.નં. ૩૩૦૫૪૯

● **અગવરી :** અત્રે પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ.ની નિશ્રામાં નાના ગામમાં પણ સંઘમાં જોરદાર ધર્મઆરાધના ચાલી રહી છે. ચાતુ૰ આરાધનામાં ૬૦ અઠ્ઠમ, પાદરલીવાળા અંબાલાલભાઈની ૧૬ ઉપવાસનો તપ, ૧૧૦ ખીરના એકાશન જાપ સાથે, પચરંગીતપ, ચંદનબાળાના અઠ્ઠમ, ગૌતમસ્વામીના છઠ્ઠ, શાસનરક્ષા નિમિત્તે ૧૧૭ આયંબિલ, જિનભક્તિ મહોત્સવ, ૯ માસક્ષપણ, ૧ શ્રેણિતપ, ૭ સિદ્ધિતપ, ૧૬ ઉપવાસ ૧, થયા. અનેકવિધ તપશ્ચર્યા નિમિત્તે પ્રભાવનાઓ થઈ. હાથી-ઘોડા-બેન્ડ સાથે ભવ્ય રથયાત્રા નીકળી. આજુ-બાજુના ગામોવાળા પર્યુષણ આરાધનામાં જોડાઈ લાભ લીધો. શ્રી ધર્મરત્નપ્રકરણ તથા જયાનંદકેવલી ચરિત્ર

ઉપર વ્યાખ્યાન વાણીનો અનેક ભાવિકો લાભ લઈ ધર્મ આરાધનામાં આગળ વધી રહ્યા છે. તપશ્ચર્યા નિમિત્તે ભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવ અર્હદ્‌પૂજન સાથે ઉજવાયો.

● **વિસનગર :** અત્રે પૂ. ગણિ શ્રી યશોભદ્ર વિજય મ.ની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન અનેકવિધ આરાધના થઈ. પર્યુષણપર્વમાં વગેરે તપશ્ચર્યાઓ સારી થઈ, સ્વપ્નાની તથા વરઘોડાની બોલીઓ રેકર્ડરૂપ થઈ. પાંચ હજારની પ્રભાવના થઈ, બે હજાર સાધર્મિકભક્તિમાં, એક હજાર આયંબિલ શાળામાં, એક હજાર જૈન પાઠશાળામાં, ૫૦૦ જીવદયામાં, ૫૦૦ પાંચતિથી પ્રભાવનામાં, ૫૦૦, સાધારણમાં, ૬૦૦ વૈયાવચ્ચભક્તિમાં ૩૫૦ બાળકોને પ્રભાવનામાં પચીસસો યાત્રા પ્રવાસમાં, તથા જિનેન્દ્રભક્તિ મહોત્સવ સિદ્ધચક્રપૂજન સાથે ઉજવવાનું નક્કી થયું છે. આરાધકોને ઉલ્લાસની પૂજ્યશ્રીના ચાતુર્માસથી વૃદ્ધિ થઈ છે. દેવ-ગુરુના ઉપકારને સૌ વારંવાર યાદ કરે છે.

● **શિબિરની સુવાસ :** (બોરીવલી) શાહ દિનેશચંદ અમૃતલાલ ક્ષમાપના પત્રમાં જણાવે છે કે મેં ૧૯૬૬ની સાલમાં ખંભાત મુકામે શિબિરમાં જોડાઈ તત્ત્વવાણીનો અપૂર્વ લાભ લેતા દસ વર્ષમાં દસ અઠ્ઠાઈ કરવાનો નિયમ લીધો હતો. તે નિયમ દેવ-ગુરુકૃપાથી પૂર્ણ કર્યો છે. ૧૯૬૬માં ૧૬ ઉપ. ૬૭ મા બે અઠ્ઠાઈ, ૬૯માં અઠ્ઠાઈ, ૭૦માં ૧૬ ઉપ. ૭૨-૭૩-૭૪ માં અઠ્ઠાઈ કરી છે. ગત સાલ કમળો થયેલ... આ સાલે થઈ શકે તેમ ન હતું. છતાં દેવ-ગુરુ-કૃપાના બળે આ સાલે અઠ્ઠાઈ ઘણી સારી આરાધના અને શાતા સાથે કરી છે. શિબિરનું સિંચન અલૌકિક કામ કરે છે. **દિવ્ય-દર્શન** વાંચતા આનંદ આવે છે. અગ્રલેખ ખૂબ જ મનનીય અને અંદરના પ્રવચનો ખૂબ જ દિલને અસરકારક બને છે. આપ અમારા મનના સંશયો જાણીને અમને સંબોધીને અમારા જ હૃદયની વાત કરતા હોય તેમ સાક્ષાત્કાર થાય છે.

● **નવાડીસા :** અત્રે પ્રખર વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજી મ.ના ચાતુર્માસથી ખૂબ સારી ધર્મપ્રભાવના થઈ છે. બનાસકાંઠાના સાધર્મિકબંધુઓને પ્રતિમાસ રાહત માટે પૂજ્યશ્રીએ પ્રેરણા કરતાં ચાલીસ હજારની રકમ થઈ. શાસનરક્ષા માટે ઉપદેશ થતાં ગુપ્ત રીતે દાનનો અચિંત્ય પ્રવાહ ચાલી રહ્યો છે. સંઘમાં અનેક પ્રકારની આરાધનાઓ અદ્‌ભુત થઈ. રામાયણના પ્રવચનોની સભાએ ભૂતપૂર્વના બધા રેકર્ડ તોડી નાંખ્યા. ગામડે-ગામડેથી જૈનેતરો પણ રવિવારના વ્યાખ્યાનમાં સમયથી વહેલાં આવી પહોંચે છે. ઉમંગના પૂર ઉલટ્યા છે.

● **જૈનનગર (અમદાવાદ) :** અત્રે પૂ. ગણિવર શ્રી મિત્રાનંદ વિજયજી

મહારાજે સારી જમાવટ કરી છે. વ્યાખ્યાનમાં તો લોકો સારા આકર્ષાયા ઉપરાંત ધર્મઆરાધનામાં સારા જોડાયા. સંવત્સરીના દિવસે ૧૨૫ જેવા પુરુષો પોષધમાં હતા જેમાં વકીલ શ્રી ચન્દ્રકાંત ગાંધી, કલ્યાણભાઈ ફડિયા જયંતિલાલ આત્મારામ વગેરે આગેવાનોએ પણ પોષધ કરેલ. દરેકને રૂા. ૧૫-૧૫ તથા ચરવલાની પ્રભાવના થઈ. પર્યુષણામાં પહેલે દિવસે ૩૩ અને રોજ ૧૦-૧૫ પોષધ થયેલ. ઉપજ દેવદ્રવ્યમાં ૫૦ હજાર, આયંબિલ ટીપમાં ૯ હજાર તથા જ્ઞાનદ્રવ્યાદિમાં પણ સારી થઈ. વ્યાખ્યાનોમાં ઠઠ રહેતી છતાં લોકોને બહુ રસ પડવાથી શિસ્ત સરસ રહી. અત્યાર સુધીના વર્ષોમાં આ વખતે આરાધનામાં રેકોર્ડ હતો. તપસ્યાઓ સુંદર થઈ. હીરાપુરવાળા અંબાલાલભાઈના બે બાળ પંકજ-મનીષે ગઈ સાલ કુંડલાની જેમ અહીં પણ અઠ્ઠાઈ કરેલ.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૪,અંક-૫,તા.૧૧-૧૦-૧૯૭૫**

●**જામનગર :** પ.પૂ. પ્રભાવક પ્રવચનકાર **આ.શ્રી વિજયભુવનભાનુ-સૂરીશ્વરજી** મ.ની નિશ્રામાં જૈન પાઠશાળા હોલથી ભા.વ. ૮ ના વંડાના દેરાસરો તથા પ્લોટના દેરાસરોને જુહારવા ભવ્ય ચૈત્યપરિપાટી નીકળેલ... દરેક દેરાસરોએ જુદા જુદા ભાવિકો તરફથી પૂજનની સામગ્રીઓ મુકાઈ હતી. પ્લોટના દેરાસરે ચૈત્યવંદન થયા બાદ ત્યાંના ઉપાશ્રયે પૂજ્યપાદશ્રીનું પ્રવચન થયેલ. પ્લોટમાં બીરાજતાં વાગડ સમુદાયના પૂ. મહાતપસ્વી સા. શ્રી ચારૂવદનાશ્રીજી મ.ને તે દિવસે ૪૦ મો ઉપવાસ હતો, પૂ. મુનિરાજશ્રી કનકસુંદરવિજયજીને ૨૭મો ઉપવાસ હતો, આ મહાતપની અનુમોદના તથા ચૈત્યપરિપાટીના ઉલ્લાસમાં જૈન પાઠશાળા હોલના સદ્‌ગૃહસ્થગ્રુપ તરફથી ચતુર્વિધસંઘનું પૂજન થયેલ. પ્લોટ જૈન સંઘ તરફથી લાડુની પ્રભાવના થયેલ. પ્રભુજીની ભવ્ય અંગરચના થયેલ. તથા પૂજ્યશ્રીને સપરિવાર અઠ્ઠાઈ મહોત્સવ પ્રસંગે પધારવા આગ્રહભરી વિનંતી થયેલ. રવિવાર બપોરે જૈનવંડામાં પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મ. 'નહિ એસો જન્મ બાર બાર' એ વિષય ઉપર જાહેર પ્રવચન થયેલ. ૬/૭ હજાર જૈન-જૈનેતરોએ લાભ લીધેલ હશે. પૂ. મુનિરાજશ્રીના માત્ર પુરુષો સમક્ષ રાત્રિના પ્રવચનમાં ૬૦૦/૭૦૦ ભાઈઓ લાભ લે છે જૈનેતરો પણ આવે છે. તથા વિવિધ નિયમો સ્વેચ્છાએ સ્વીકારે છે. પૂ. મુનિરાજશ્રી કનકસુંદરવિજયજી મ.ને ૩૩ ઉપવાસની તપશ્ચર્યા બહુ જ સારી રીતે જ્ઞાન-ધ્યાન-જાપની સ્ફૂર્તિ સાથે થયેલ. તેમના સંસારી પિતાશ્રી કાંતિભાઈ

વગેરે કુટુંબીઓ તરફથી તપના ઉદ્યાપનાર્થે સંઘપૂજન તથા નવપદજીની પૂજા, પાઠશાળાના ઓનરરી અધ્યાપક વસંતભાઈનું બહુમાન વગેરે થયું. પારણા દિને સવારે ધર્મશાળામાં પોતાના મુકામે પૂજ્યશ્રીને સકલ સંઘને વાજતે ગાજતે લાવી મંગળ પ્રવચન કરાવેલ.

● **નાસીકસીટી :** પૂ. મુનિરાજશ્રી મહાબળવિજયજી મ. તથા પૂ. પ્રવચનકાર મુનિશ્રી પુણ્યપાલવિજયજી મ. આદિ ઠાણા પધારતાં શ્રી સંઘમાં ધર્મ આરાધનામાં સારી જાગૃતિ આવી છે. પર્યુષણામાં ૧૬ ઉપવાસથી લઈ નાની-મોટી ૧૪૦ તપશ્ચર્યાઓ થઈ. તપસ્વીઓની સાધર્મિકભક્તિ, ચાંદીની વાટકી, પૂજાની જોડ વગેરે પ્રભાવનાઓ રૂા. ૨૩ હજારની થઈ. સુદ ૫ ના સંઘ પૂજન તથા સ્વામીવાત્સલ્ય થયેલ. ૪ કરોડ અરિહંતના જાપમાં ૫૦૦ આરાધકો જોડાયેલ. સર્વોદય સોસાયટીમાં સંઘપૂજનો થયેલ. નૂતન ઉપાશ્રયની બાજુમાં ખાલી પડેલી જગ્યામાં મહારાષ્ટ્ર દેશ ઉપર અપૂર્વ ઉપકારની વર્ષા વરસાવનાર ૩૬ કરોડ નવકારમંત્રના સ્મારક વૈરાગ્ય-વારિધિ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મ.નું ગુરુમંદિર તથા ઉપરના ભાગમાં આરાધકો માટે વિશાળ પોષધશાળા ઉપાશ્રય માટે સંઘમાં સવા લાખની ટીપ થઈ. બે લાખ જેટલો ખર્ચ થવા સંભવ છે. અનેક ભાવિકોના સુકૃત-સહકારથી આ કાર્ય પૂરું થશે. નાસીકરોડ સહકારી જેલમાં રહેલ જૈન ભાઈઓને સાંવત્સરિક પ્રતિક્રમણ-ઉપવાસ પારણાદિ કરાવેલ. ૨૬ ભાઈ-બેનોને વર્ધમાન તપના પાયા નાંખેલ. પૂજ્યશ્રીના પ્રવચનોથી ધર્મોલ્લાસમાં શ્રદ્ધાબળની વૃદ્ધિ થઈ રહી છે.

● **દાવણગેરે :** અત્રે પૂ. આ. શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં મહાપર્વની ઉજવણી ભવ્ય થઈ. હિંદી ભાષામાં પ્રવચનથી સૌને રસ પડેલ. કલ્પસૂત્ર દેવદ્રવ્ય વગેરેની ઉછરામણી સારી થઈ. તપસ્યાઓ સારી થયેલ. તપસ્વીઓને પારણા, પંદર પ્રભાવના સંઘપૂજન, બે રથયાત્રા, ત્રણ જિનભક્તિ મહોત્સવ વિ. સુંદર અનુમોદનીય આરાધના થઈ. બહારગામથી સંઘો વંદનાર્થે પધારતાં રૂપિયા-શ્રીફળની પ્રભાવના થયેલ.

ઉપધાન તપની ભવ્ય આરાધના (૪૫, દિગવિજય પ્લોટ જામનગર)

નાની ઉંમરના બાળકો, કિશોરો અને યુવકોને ઉપધાનતપની અનુપમ આરાધના કરતા જોઈએ છીએ ત્યારે મસ્તક ઝૂકી પડે છે. ઉપધાન જામનગર-દિગવિજય પ્લોટના ઉપાશ્રયમાં જે થઈ રહ્યા છે તેમાં પહેલી વિશેષતા એ છે કે ૫૦ જેટલા પુરુષો એમાં ય મેટ્રિક કૉલેજના યુવાનો અને ૯ વર્ષના બાળથી માંડી ૧૧-૧૨-૧૩-૧૪ વર્ષની નાની વયના કિશોરો તથા બાળાઓ જોતાં હૈયું ગદ્‌ગદ બન્યા વિના રહેતું નથી. લગભગ કુલ ૧૫૦ આરાધકો, તેમાં ય માળવાળાની સંખ્યા ૯૦ આસપાસ.

બીજી વિશેષતા એ છે કે અહીંના સંઘના દરેક સભ્ય એમ માની રહ્યા છે કે અમારા ઘરના જ ઉપધાન છે. કારણ કે અહીં સૌથી પહેલાં જ ઉપધાન થઈ રહ્યા છે. તેથી ઉલ્લાસ અને ઉમંગ અપૂર્વ હોય એ સહજ છે તેથી જ તો નીવિ ટોળીઓ ટપોટપ નોંધાઈ ગઈ. ૫૦ દિવસ માટે પ્રભુજીની ભવ્ય અંગરચનાઓ માટે તિથિઓ ભાવિકોએ સટોસટ લખાવી દીધી. સવાર-સાંજ નોબત અને શહનાઈના સૂરોથી, વિવિધ કમાનો, બોર્ડો અને ધજાપતાકાઓથી દિગ્‌વિજય પ્લોટ ઉપધાનનગર જાણે એક તીર્થ જેવું દેખાઈ રહ્યું છે.

વળી આમાં પરમતપસ્વી પ્રભાવક પ્રવચનકાર પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની તારકનિશ્રા તેઓની સંવેગ વૈરાગ્યથી નીતરતી વાણીના ગંગાપ્રવાહમાં આરાધકો એવા તરબોળ થઈ જાય છે કે વ્યાખ્યાન સાંભળતાં સાંભળતાં સિનેમા ત્યાગ વગેરેના વિવિધ અભિગ્રહો લેવા ઉદ્યત બની જાય છે.

સો સો ખમાસમણાં ઊભા ઊભા અને પંચાગ પ્રણિપાતપૂર્વક ઉલ્લાસ અને ઉમંગ સાથે દેવાય એ માટે પચ્ચીશ પચ્ચીશ ખમાસમણાના આંતરામાં ચૈત્યવંદનભાષ્ય વગેરેના પદાર્થોની ટૂંકી અને સચોટ સમજણ રસપ્રદ શૈલીથી પૂ. આચાર્યદેવશ્રી દ્વારા અપાતાં નીવિ ઉપવાસના દિવસ પણ ખમાસમણાનો શ્રમ તો દૂર રહ્યો બલ્કે સ્ફૂર્તિ આવી જાય છે.

સાંજના પ્રતિક્રમણ વખતે સ્તવન અને સજ્જાય આવતા જિનભક્તિ, ગુણપ્રશંસા, સ્વાત્મનિંદા, વૈરાગ્ય વગેરે વિવિધ ભાવોથી ભરચક અને અનુરૂપ વિવિધ રાગોમાં જ્યારે પ.પૂ. આચાર્યભગવંત બોલે છે ત્યારે એમ જ લાગે છે કે

દિવ્યલોકમાં આપણે વિચરી રહ્યા હોઈએ એમ આરાધકોને લાગ્યા વિના રહેતું નથી. વળી આવા આચાર્ય ભગવંતની તારક નિશ્રામાં આવી અનુપમ આરાધના કરવાનો અપૂર્વ લહાવો છે, એમ આરાધકોના ઉદ્‌ગારો સહજ સરી પડે છે. આવી ભવ્ય આરાધનામાં દી' ક્યાં ઊગે છે અને આથમે છે અને ૧૦ દિવસ ક્યાં પસાર થઈ ગયા, તેની ખબર પડી નથી.

ઉપવાસના દિવસે બપોરના પૂ. મુનિરાજશ્રી રત્નસુંદર વિજયજી મ. પોતાની જોશીલી વાણીથી આરાધકોને સારી એવી પ્રેરણા કરી રહ્યા છે.

● **શાંતિનગર (રાજનગરમાં)** : જૈનરત્ન વ્યાખ્યાન વાચસ્પતિ કવિકુલકિરીટ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજના પરમ શાસન પ્રભાવક શિષ્યરત્નો વયોવૃદ્ધ પૂ.આચાર્યદેવ શ્રીમદ્‌ વિજયજયંતસૂરીશ્વરજી મ.સા. તથા તીર્થપ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય વિક્રમસૂરીશ્વરજી મ.સા.ના પુનિત પદાર્પણે રાજનગરમાં ''જૈનં જયતિ શાસનં''નો પવિત્ર નાદ ફેલાયો છે. શાંતિનગરના શાંતિધામમાં પૂ. આચાર્ય ભગવંતના સાંનિધ્યે શાસન પ્રભાવનાના તપ-ત્યાગ-શાસન સેવાના-શાસન ખાતર સર્વસ્વ અર્પણ કરવાના કંઈક ભાવિકોના મનોરથ જાગ્યા છે.

દશ-દશ મહાતપસ્વીઓની તપસાધના પ્રત્યક્ષ નિહાળી સૌ મંત્રમુગ્ધ બન્યા હતા. ત્યાં ૫૧ ઉપવાસના પારણા બાદ બીજા દિવસે ૧૦-૩૦ વાગે અત્યંત સમાધિભાવપૂર્વક મહાતપસ્વિની **સાધ્વીજી પૂ. સંઘયશાશ્રીજી મ.**નો કાળધર્મ અને તે ઉપર નગરના અનેક જિનમંદિરોમાં શાસન પ્રભાવક ચમત્કારોની પરંપરા ચાલી.

મહાતપસ્વિનીના સંયમ જીવનની અનુમોદના નિમિત્તે એક ભવ્ય મહોત્સવ ઉજવવાની શાંતિનગર સંઘની ભાવના પૂ. ગુરુદેવ સમક્ષ સંઘના પ્રમુખ શ્રી જયંતિલાલ એમ. ભાઉએ રજૂ કરી. શાસન ભક્ત રાજેન્દ્રભાઈએ પૂ. ગુરુદેવની આજ્ઞાથી વ્યાખ્યાનમાં રજૂઆત કરી. ઉત્સાહી સેવાભાવી કાર્યકર શાંતિલાલ મગનલાલ શાહે મહોત્સવને ભવ્ય બનાવવા વેગ આપ્યો. શ્રી સંઘનો ઉત્સાહ વધતો ગયો અનેક ભાવિકો પૂજનની માંગણી કરવા લાગ્યા. સાથે સાથે વિજયનગર, ઝવેરીપાર્ક નવા વાડજ, આંબાવાડીના સંઘો પણ જોડાયા. મહોત્સવની ભવ્ય વિચારણા થઈ, અને આસો ઓળીમાં એની અતિ ભવ્ય ઉજવણી થઈ.

મહોત્સવની વિશેષતાઓ

(૧) મહોત્સવ દરમ્યાન વિપુલ પ્રમાણમાં જીવદયા તથા અનુકંપાના કાર્યો થયા. (૨) પૂ. સાધ્વીજી શ્રી સંઘયશાશ્રીજી મ.ના જીવનને લગતી આકર્ષક રચનાઓ કરવામાં આવી. (૩) શ્રીપાળકુમાર તથા ધવલશેઠની તેમજ પૂ.સા. સંઘયશાશ્રીજી મ.ના ધ્યાનની આકર્ષક રંગોળી 'યોગેશ આર્ટ' દ્વારા કરાવવામાં આવી હતી. (૪) ૫૧૦૦૦ પુષ્પની પ્રભુજીની ભવ્ય અંગરચના થઈ (૫) ભક્તામર મહાપૂજનમાં અપૂર્વ ભાવોલ્લાસપૂર્વક આભૂષણ પૂજામાં દાગીનાનો વરસાદ થયેલ. (૬) સંગીતકાર દીનાનાથભાઈ તથા અનેક મંડળોએ ભક્તિનો અપૂર્વ રસ જમાવ્યો હતો. (૭) સમૂહ સામાયિકમાં લગભગ ૯૦૦૦ સામાયિક થયેલ (૮) સાધર્મિક ભક્તિનો લાભ અમૃતલાલ જીવાભાઈ દલાલના સુપુત્રો રાજેન્દ્રભાઈ દલાલ તથા ચંદ્રકાંતભાઈ દલાલે લીધેલ. (જેઓ પૂ. ગુરુદેવ પધાર્યા ત્યારથી અપૂર્વ ઉલ્લાસ સાથે સાધર્મિક ભક્તિનો લાભ લઈ રહ્યા છે.) આયંબિલની ઓળી કરાવવાનો લાભ શ્રી નટવરલાલ જીવણલાલ શાહે લીધેલ (૯) આ મહોત્સવમાં સમસ્ત રાજનગરની ધર્મપ્રેમી પ્રજાએ દર્શન તથા પૂજનશ્રવણનો લાભ લીધો છે. તેમજ શહેર તથા સોસાયટીમાં બિરાજમાન અનેક સાધુ-સાધ્વીજી મ. શાંતિનગરમાં પધારેલ (૧૦) પૂ. રાજયશ વિજયજી મ.નું રવિવારે ''સર્વ મંગલ માંગલ્ય'' ઉપર શાસનપ્રેમ-પ્રેરક ''જૈનં જયતિ શાસનં''ના નાદ પૂર્વકનું પ્રવચન થયેલ. આ મહોત્સવને ભવ્ય બનાવવા શ્રી જયંતિલાલ ભાઉ તથા શાંતિલાલભાઈએ અથાગ શ્રમ લીધેલ હતો.

અરિહંત-આરાધના : આસો સુદ ૮ ના રવિવારે શ્રી હસમુખલાલ હીરાલાલ કાપડીયા તરફથી લાભ લેવાયેલ. ભવ્ય મંડપમાં ૧૦૦૮ પાંખડીનું કમળ બનાવવામાં આવેલ. પૂ. વિનયવિજયજી મ. રચિત જિનસહસ્રનામ સ્તોત્ર દ્વારા ૧૦૦૦ નામ વડે પ્રભુની ૧૦૦૮ પૂજા કરવામાં આવેલ. તીર્થ પ્રભાવક પૂ. ગુરુદેવે ભુજંગ-પ્રયાત છંદમાં સૂરીલા સંગીત દ્વારા ભક્તિપ્રધાન વાતાવરણ પેદા કરાવેલ રાજેન્દ્રભાઈ દલાલે વિધિવિધાન કરાવેલ. ભવ્ય આંગી, ભક્તામર સ્તોત્ર દ્વારા નિયમિત પ્રભાતે પ્રાર્થના અને રાત્રે ભાવનામાં ભક્તિરસની લહાણ થઈ.

સમૂહ સામાયિક-આરાધના : આસો સુદ ૯ના સોમવારે શ્રી ભાણજીભાઈ ધરમશી શાપરીયા તથા શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ તરફથી સમૂહ સામાયિક આરાધનાનો લાભ લેવાયેલ. બહાર ૧-૩૦ વાગે ભવ્ય મંડપમાં શ્વેત વસ્ત્રમાં ચરવળા-કટાસણા લઈ શહેર તથા સોસાયટીના ૭૦ મહિલા મંડળના લગભગ ૩૦૦૦ બહેનો હાજર થઈ ગયેલ. સહુએ વિદુષી પૂ. સાધ્વીજી શ્રી જયાશ્રીજી

મ.ની નિશ્રામાં એકી સાથે ત્રણ સામાયિક ઉચ્ચરી મૌનપણે એકમાં "જૈનં જયતિ શાસનં"નો જાપ, બીજામાં "નમો જિણાણં જિઅભયાણં"નો જાપ ને ત્રીજા સામાયિકમાં પૂ. સાધ્વીજી શ્રી સંઘયશાશ્રીજી મ.ના ગુણાનુવાદ સાંભળેલ એથી હજારો હૈયા ગુણોથી ગુંજિત બની ગયા. અને તેઓના જેવું સમાધિ મૃત્યુ ઝંખવા લાગ્યા. દરેક મંડળને ૬૧-૬૧ રૂા. ભેટ કરાઈ તેમજ પૂ. સાધ્વીજી શ્રી સંઘયશાશ્રીજી મ.ના સંસારી માતુશ્રી સમજુબહેને સામાયિક આરાધકોનું પૂજન કરી ચાર ચાર આના પ્રભાવના કરી. સમૂહ સામાયિકનું દૃશ્ય ખરેખર રમણીય અને આકર્ષક હતું. સખત ગરમીમાં મૌનપૂર્વક બેનોને સામાયિક કરતાં જોઈ સૌ આશ્ચર્ય મુગ્ધ બનેલા. સાચે આ યુગમાં આવી સામૂહિક આરાધના ખૂબ ખૂબ પ્રેરક અને પ્રોત્સાહક બને છે.

૫૬ દિગ્કુમારિકા મહોત્સવ : આસો સુદ ૧૦ ૧-૩૦ વાગે શાંતિનગર જૈન સંઘ તરફથી ૫૬ દિગ્કુમારિકા મહોત્સવ આયોજાયો. તીર્થરંજન મંડળે દેવાધિદેવની ભક્તિમાં અપૂર્વ રંગ જમાવ્યો હતો.

શાંતિસ્નાત્ર : આસો સુદ ૧૪ કુંભસ્થાપના-પાટલા પૂજન પૂર્વક સુદ ૧૧ શ્રી પોપટલાલ રવચંદ તરફથી શાંતિસ્નાત્રનો લાભ લેવાયેલ. શ્રી કાંતિલાલ સવચંદની મંડળીએ ઉત્સાહ-પૂર્વક શાંતિસ્નાત્ર ભણાવેલ. આજે લાડુની પ્રભાવના થયેલ.

પાર્શ્વપ્રભુના ૧૦૮ અભિષેક : આસો સુદ ૧૨ શ્રી કાંતિલાલ સવચંદે ૧૦૮ અભિષેકની વિધિ કરાવેલ. પહેલા આ દિવસે અર્હદ્-અભિષેક નક્કી કરેલ પણ ઓંકારમલજી આવી શકે તેમ ન હતું તેથી ફેરફાર કરેલ. પણ પછીથી ઓંકારમલજી ભક્તિભાવે હાજર થયા પરંતુ પાર્શ્વપ્રભુના અભિષેકના ચઢાવા બોલાઈ ગયેલ. તેથી અર્હદ્ અભિષેક થઈ શક્યા નહિ.

પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ પૂજન : આસો સુદ ૧૩ ચુનીલાલ છગનલાલ શાહ તરફથી લાભ લેવાયેલ. યોગેશ આર્ટિસ્ટે અદ્ભુત માંડલું કાઢી નીલવર્ણની પાર્શ્વપ્રભુની પ્રતિમા ખૂબ આકર્ષક આલેખેલ. શ્રી જયંતીલાલ એન. શાહ પાલીતાણાવાળાએ વિધિ કરાવેલ.

ભક્તામર મહાપૂજન પ્રથમ દિન : આસો સુદ પ્રથમ ૧૪ શ્રી નટવરલાલ નરોત્તમ શાહ તરફથી લાભ લેવાયો. બરાબર ૧-૦૦ વાગે પૂજનનો પ્રારંભ થયો. ૫-૦૦ વાગે પૂર્ણાહુતિ થઈ.

ભક્તામર મહાપૂજન દેવાધિદેવનું ઉત્કૃષ્ટ ભક્તિ પ્રધાન પૂજન છે. તીર્થ પ્રભાવક પૂ. ગુરુદેવ ભક્તામરનો શ્લોક પ્રકાશન તથા મંત્રોચ્ચાર કરતા હતા. ત્યારે અપૂર્વ શાંતિ પથરાઈ જતી. વિદ્વાન મુનિરાજ પૂ. રાજયશવિજયજી મ.

પ્રસંગે સમયોચિત્ત વિવેચન કરતા. શાસનપ્રેમી રાજેન્દ્રભાઈ દલાલે વિધિ કરાવવામાં અનેરો ભક્તિરસ જમાવેલ. રાયણવૃક્ષ, ઋષભદેવ પ્રભુની ચરણ પાદુકા, ૧૦૮ થાળી વાટકી, કળશ, ધૂપ, દીપ, સર્વ શ્રેષ્ઠ ફળ, નૈવેદ્ય ઉત્તમ સામગ્રીથી સજાવેલ. સૌ કોઈ શુદ્ધ શબ્દોચ્ચાર ભક્તામર સ્તોત્રનો કરી શકે તે માટે મોટા વિશાળ-શુદ્ધ-સ્વચ્છ અક્ષરોમાં ભક્તામર સ્તોત્ર આલેખવામાં આવેલ. પ્રત્યેક પૂજાએ શ્લોકો જોતાં સૌ બોલતા હતા. ભક્તિનો રંગ જામેલ. શાંતિ તથા ઉપસ્થિતિ સૌનું ધ્યાન ખેંચતી હતી. ૨૩મી પૂજા ઉત્કૃષ્ટ ૧૦૮ દ્રવ્યોની ભક્તિ દ્વારા કરવામાં આવેલ. બીજે દિવસે પૂજન ક્યારે શરૂ થશે તે ભાવનામાં સૌ વિખરાયા. આજે લાડુની પ્રભાવના હતી.

૫૧૦૦૦ પુષ્પની ભવ્ય આંગી : પ્રશમરસ ઝરતી શ્રી સુમતીનાથ પ્રભુની મૂર્તિ દિવ્ય તેજથી શોભી રહી છે. આજે નટવરભાઈ તરફથી ૫૧૦૦૦ પુષ્પની ભવ્ય આંગી રચાયેલ સાંજના પાંચ વાગ્યાથી રાતના ૧૧ વાગ્યા સુધી હજારો ભાવિકો દૂર-સુદૂરથી દર્શનાર્થે ઉમટતા હતા પ્રભુજીના દર્શન પામી હજારો આત્માઓ બોધિબીજની પ્રાપ્તિ કરતા હતા.

ભક્તામર મહાપૂજન-દ્વિતીય દિન : આસો સુ. દ્વિ. ૧૪ આજે પણ પૂજનમાં અનેરો રંગ જામેલ. પૂ. ગુરુદેવની પ્રભાવક નિશ્રા, ભક્તામર સ્તોત્રના સાધક પૂ. ગુરુદેવના શ્રીમુખે ભક્તામર શ્લોકનું ઉચ્ચારણ દીનાનાથભાઈનું સંગીત રાજેન્દ્રભાઈનું ભાવોર્મિપૂર્વક વિધિવિધાન-ભાવિક ભક્તોની ઉપસ્થિતિ પહેલેથી જ વાતાવરણને અનુપમ બનાવી રહેલ. ૨૮ મી પૂજામાં કલ્પવૃક્ષ, ૨૯ મી પૂજામાં સિંહાસન, ૩૦મી પૂજામાં છત્ર, ૩૧ મી પૂજામાં પ્રભુ સમક્ષ નૂતન બનાવેલ ચામર અર્પણ કરવામાં આવેલ. ૩૨ મી પૂજામાં પ્રભુના વિહાર પ્રસંગને નવ સુવર્ણ કમળો, પ્રભુના ચરણ-પાદુકા, ૪૪ મણકાની સાચા મોતીની માળા, ૧૦૮ પૂજાના દ્રવ્યો લઈ શરૂઆત થઈ. પ્રભુ ભક્ત રાજેન્દ્રભાઈએ આભૂષણ પૂજા કરવાં રજૂઆત કરતાં અનેક ભાવિકોએ આભૂષણોનો વરસાદ વરસાવ્યો. વીંટી, ચેઈન, હાર, મંગળસૂત્રો, એરીંગ, પાટલા બંગડીઓ, હીરાની વીંટી અર્પણ કરનાર ભાવિકોની કતાર જામી, આ દૃશ્ય જોઈ અનેક ભાવિકોએ રોમાંચ અનુભવ્યો. આ દૃશ્ય ખરેખર અદ્ભુત હતું. ગુજરાતના પત્રકારોએ આ પ્રસંગના ફોટા તથા વર્ણનો તેમના પત્રોમાં જનતા સમક્ષ રજૂ કર્યા છે. છેલ્લે ૪૪ મી ગાથામાં ભક્તામર સ્તોત્રના અક્ષર પ્રમાણ પંચવર્ણના વિશાળ પુષ્પહાર તથા સોનારૂપાના ફૂલ દ્વારા પ્રભુ ભક્તિ કરવામાં આવી. આ પ્રસંગે જીવદયાની પણ સારા પ્રમાણમાં ટીપ થયેલ. પૂજનબાદ લાડુની પ્રભાવના થયેલ. આજે ઝવેરાતની ભવ્ય આંગી હતી.

ઉપધાન તપ : આજે ભક્તામર મહાપૂજનમાં શિરોહી નિવાસી મંછાલાલજી (ડોંડુઆવાલા) એ પૂ. ગુરુદેવને વિનંતી કરી. ઉપધાન તપ કરાવવાનો લાભ મને આપો. મંછાલાલજી શાંતિનગર સંઘના મેમ્બર છે. શાંતિનગર સંઘે પણ તેમની ભાવનાને સ્વીકારી કા.વ. ૬ અને કા. વ. ૯ ઉપધાન પ્રવેશના મુહૂર્ત નક્કી થયા.

સિદ્ધચક્ર મહાપૂજન : આસો સુદ ૧૫ સોમવારે શાંતિનગર જૈન સંઘ તરફથી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવાયેલ. પૂજનની વિધિ શ્રાદ્ધરત્ન હીરાભાઈ ગિરધરનગર-વાળાએ કરાવેલ. ભાવિકોનો ખૂબ ઉત્સાહ હતો.

આજે સવારથી વાદળઘેરૂ આકાશ હતું. સાંજ પછી વરસાદના ઝાપટા શરૂ થયા. દેવાધિદેવની ભક્તિ-સદ્‌ગુરુઓની પુનીત નિશ્રા આરાધકોના શુભ ભાવો બધા સાથે સાથે મળે છે ત્યારે વિઘ્નો આપોઆપ દૂર ચાલ્યા જાય છે. પ્રત્યેક પ્રસંગો શાસન પ્રભાવક-મંગલકારક બને છે.

આસો વદ ૧ ના નટવરભાઈ તરફથી પારણા થયેલ. આમ આ મહોત્સવ અમદાવાદ ખાતે ખૂબ પ્રભાવક બન્યો. મહોત્સવમાં જિનભક્તિ તથા જિનાજ્ઞા પ્રધાન કાર્યક્રમોએ જનતામાં ઉત્સાહ-આનંદ જગાવ્યો. સમસ્ત શાસનપ્રેમીઓ શાસનપ્રભાવિકા મહાતપસ્વિની પૂ. સાધ્વીજી શ્રી સંઘયશાશ્રીજી મ.ના પુણ્યની ખૂબ ખૂબ અનુમોદના કરી. તેઓના જેવી સમાધિમરણની ઝંખના કરતા હતા.

આ મહોત્સવમાં આજુબાજુના ગામોના અનેક ભાવિકો તેમજ મુંબઈ વગેરેથી પૂ. સાધ્વીજી શ્રી સંઘયશાશ્રીજી મ. ના સંસારી માતા-પિતા, માસા-માસી, મામા-મામી સ્નેહી સ્વજનો કાકા-દાદીમા, નાના-નાની વગેરે ઉપસ્થિત થયેલા. સૌ પ્રભુના શાસનની અનુમોદના કરતા મહાતપસ્વીનીની સ્મૃતિમાં લયલીન બન્યા.

વિશાળ શાસનમાં આવા અનેક પ્રભાવક પૂ. મહાત્માઓ તથા પૂ. સાધ્વીજી મહારાજોનાં દર્શન-વંદન કરી ધન્ય બની શાસનના અભ્યુદયના ભાવથી સૌ મહાત્માઓની ભૂરી ભૂરી અનુમોદના ''જૈનં જયતિ શાસનં''ના સાચા ભાવપૂર્વક કરીએ છીએ.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૪,અંક-૧૦,તા.૨૨-૧૧-૧૯૭૫**

● **ભેટ મળશે :** વિ.સં. ૨૦૩૧ વર્ષમાં જે ભાગ્યશાળીઓએ વર્ધમાન તપના પાયા નાખ્યા હોય અથવા ૨૦૩૨ ની કાર્તિકી પૂર્ણિમા સુધી જેઓ પાયા નાખે એ તપસ્વીઓને પૂ.આ. વિજય રાજતિલક સૂ.મ.ની ૧૦૦ ઉપર બીજી ૯૫

ઓળી તથા આજીવન આયંબિલના આરાધક તપસ્વી શ્રી રતિભાઈની સળંગ ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે પૂ. મુનિરાજશ્રી પ્રભાકર વિ. મહારાજ લિખિત 'તપના તેજ' પુસ્તિકા શ્રી કાન્તિલાલ ડાહ્યાલાલ દસાડીયા, અભિનંદન એન્ડ કંપની, વઢવાણવાળા તરફથી ભેટ અપાશે. તો તપસ્વીઓએ પોતાનું સરનામું નીચેના સરનામે જણાવવા કૃપા કરવી. **-કમલેશ ચીમનલાલ શાહ, પુણ્ય જ્યોતિ, વિઠ્ઠલ પ્રેસ, સુરેન્દ્રનગર.**

વર્ધમાન તપની ૬૦ ઓળી પૂર્ણ કરનારને તેઓના તરફથી પાંચ પુસ્તિકાઓ ભેટ મળશે. (૧) શ્રમણોપાસકનું ઝગમગતું જીવન. (૨) વિજય ચિનગારી. (૩) પ્રેરણાની પરબ (૪) જીવનમાં મૌનનો ચમત્કાર. (૫) મહામંત્રનું રહસ્ય.

● **અમદાવાદ :** સંઘસ્થવિર તપોનિધિ પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મ.સા. તથા તેઓશ્રીના પટ્ટધર પૂ.આ.ભ.શ્રી વિજય મેઘસૂરીશ્વરજી મ.ની સ્વર્ગારોહણ તિથિ ભા.વ.૧૪, આસો સુ. ૧ ને અનુલક્ષીને જૈન વિદ્યાશાળામાં પંચાન્હિકા મહોત્સવ ઉજવાયો. પૂ. પાદ આ.ભ. વિક્રમસૂરીશ્વરજી મ., પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિ. ગણિ વગેરે સોસાયટીથી પધાર્યા હતા. વ્યાખ્યાનમાં તેઓશ્રીના ગીતો સુંદર રીતે ગવાયા બાદ પૂ. આચાર્યદેવોના તથા ગણિવરો તેમજ મુનિરાજોના ગુણાનુવાદના પ્રેરણાદાયી પ્રવચનો થયા હતા. પૂ.આ.ભ. ભદ્રંકરસૂરીશ્વરજી મ.સ્વ. બંને પૂજ્યોના જીવનના અદ્‌ભુત પ્રેરણાદાયી પ્રસંગો વર્ણવ્યા હતા. ભવ્ય અંગ-રચનાઓ થતી. પૂજામાં પણ સારી સંખ્યામાં લોકોએ લાભ લીધો.

● **જૈનનગર અમદાવાદ :** પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મ.ના વિદ્વાન તપસ્વી શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મ. જેમને ભા.સુ. ૧૩ ના પંચમાંગશ્રી ભગવતી સૂત્રના યોગમાં પ્રવેશ કરાયેલ અને ત્યારે શ્રી સંઘ તરફથી ૪૫ આગમની રચના સાથે ૪૫ આગમની પૂજા ભાવના થયેલ તેમજ બાળક બાળિકાઓ માટે દીપક એકાસણા દેસાવગાસિક વ્રત રખાયેલ. દરેકને રૂા. પાા તથા શ્રીફળની પ્રભાવના થયેલ. સામાયિકમાં પૂ. ગણિવરશ્રી મિત્રાનંદ વિ. મહારાજે ધાર્મિક વાર્તાઓ સ્તુતિ-સ્તોત્ર-સ્તવન ધાર્મિક ફોટાઓનું દર્શન વિધિની સમજૂતી વગેરે આપેલ. એ પૂ.મુ. શ્રી ધર્માનંદવિજયજી મ.ને સુખરૂપ જોગ ચાલતાં મહા માસમાં પગથિયાના ઉપાશ્રયવાળા એમની ગણિપદવીનો મહોત્સવ ઉજવવા વિચારી રહ્યા છે.

● **ખેડબ્રહ્મા :** સાધુ વિના પણ અત્રે હિંમતનગરના શ્રી મનહર પી. વખારિયાએ સંઘને મહાપર્વની આરાધના સુંદર કરાવેલ. ચૌદશે ૭૦ પોષધ, સંવત્સરીએ ૬૫ પોષધ, રૂા. ૭૦૧ થી પારણું ઘરે લઈ જવાયેલ, ૪ વરઘોડા

નીકળ્યા. એક ભાઈએ શત્રુંજય સંઘની યાત્રાની ભાવનાથી ઘી ત્યાગ કર્યો. એક બહેને શત્રુંજય ભાવનાથી આભૂષણ ત્યાગ. સંઘમાં અજ્ઞાનતાથી કેટલીક ગેરરીતિઓ ચાલતી તેનો શક્ય ત્યાગ થયો.

● **મુંબઈ :** અત્રે પરમશાસન પ્રભાવક વ્યા. વા. પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે લાલબાગ ઉપાશ્રયમાં કા.સુ. ૨ વડી દીક્ષાઓ ધામધૂમથી થઈ. પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ.ના શિષ્ય પૂ.મુ. શ્રી પદ્મરત્નવિજયજીને મુનિશ્રી પંકજરત્નવિજયજી તરીકે જાહેર કરાયા. એમના સંસારિપણે ધર્મપત્ની અને બે પુત્રીઓ હવે પૂ. સાધ્વીજીઓ શ્રી જયલતાશ્રીજી, શ્રી મદનરેખાશ્રીજી તથા શ્રી લલિતરેખાશ્રીજી મ.ની તથા પૂ. ગણિવર શ્રી મિત્રાનંદ વિ.મ.ના સંસારિપણે માતુશ્રી હવે પૂ. સાધ્વીજીશ્રી સુવર્ણલતાશ્રીજી મ.ની પણ વડીદક્ષાઓ થઈ.

● **ધંધુકા :** અત્રે પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મ.ના દિવાળી-અક્રમ પ્રસંગને પામી ૪૮૦ આયંબિલ, ૧૭૦ ઉપવાસ, ૧૮૦ એકા૦ પિકચર ત્યાગ વગેરે નિયમો થયા. એમની નિશ્રામાં અત્રેથી કા.વ. ૩ શ્રી સિદ્ધગિરિજીનો યાત્રા સંઘ લઈ જવા શ્રી સંઘ જામનગરથી પૂ. આચાર્ય મહારાજની સંમતિ લઈ આવેલ છે.

● **જામનગર :** અત્રે દિગ્વિજય પ્લોટમાં પૂ.આ. શ્રી વિજય ભુવન-ભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ઉપધાન-આરાધકોને ખૂબ ઉલ્લાસથી થતી આરાધનાથી તીર્થમેળા જેવો રંગ જામ્યો છે. બહારથી દર્શનાર્થીઓનો પ્રવાહ ચાલુ રહે છે. આસો ૦)) ભગવાન શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ કલ્યાણકનો ભવ્ય વરઘોડો અત્રે પ્લોટ સંઘ તરફથી નીકળેલ તે શહેરમાં ચાંદી ચોકમાં ફરીને અત્રે પાછો આવેલ. ઉપધાન આરાધકો અને ખાસ કરીને ડઝન જેવા બાળ ઉપધાનકારકોથી સાજનશોભામાં ઓર વૃદ્ધિ રહેલી. ઉપધાનકારકો વ્યાખ્યાનમાં બાર વ્રત અંગેની સ્પષ્ટ સમજ અને પ્રેરક બોધ મળતા ત્યાં જ ક્રમશઃ એના અભિગ્રહો સ્વીકાર કરતા રહે છે. પૂ. મુનિરાજશ્રી શોભનવિજયજીની ૧૦૨ મી આયંબિલ ઓળીની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ નિમિત્તે શ્રી રસીકલાલ બાપુલાલ ઝવેરી તથા શ્રી પુનમચંદ બાબુ ઝવેરી તરફથી શ્રી સંઘપૂજન થયેલ; અને ઉપધાન આરાધકોમાં ૧૪ હજાર ઉપર આયંબિલ તથા ૨૩ હજાર ઉપર એકાસણાં બોલાયેલ. જીરાવલાજીમાં પૂ.આ. શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પોષ વદમાં ઉપધાન કરાવવા માટે અત્રે જીરાવલાજીના ટ્રસ્ટી શ્રી દલીચંદ ધરમાજી આવીને આગ્રહભરી વિનંતી કરી ગયેલ. તેમ પછીથી પણ ઉપરાપર પત્રો લખીને વિનંતી સ્વીકારવા આગ્રહ કરેલ. તેમજ પિંડવાડા જઈને પૂ.આ. શ્રી વિજય

હીરસૂરીશ્વરજી મ.ને પણ આગ્રહભરી વિનંતી કરેલ. તે માન્ય કરીને અત્રેથી પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સપરિવાર અત્રેના ઉપધાનના મહા સુ. ૫ માળારોપણ પછી જીરાવલાજી તરફ મોરબી ફ્રાંગધ્રા શંખેશ્વરજી રસ્તે વિહાર કરવા વકી છે.

● **અમદાવાદ - નવરંગપુરા મધ્યે :** મુમુક્ષુ જતનકુમાર (ઉં. વર્ષ ૧૫) પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ પાસે સતત ૬-૭ મહિના રહીને પંચપ્રતિક્રમણ, પક્ખીસૂત્ર સહિત સંપૂર્ણ સાધુક્રિયાનાં સૂત્રો તથા સાધુજીવનની સુંદર તાલીમ લઈને દીક્ષા લેવાની તીવ્ર ભાવનાવાળા બનેલા જાણી તેઓના માતાપિતાએ લેખિત સંમતિ આપી તેમજ પૂજ્યપાદ તપોનિધિ આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબે દીક્ષા કરવાની આજ્ઞા આપી. નવરંગપુરાના સંઘમાં નૂતનવર્ષના માંગલિક સમયે સંઘના પ્રમુખશ્રી કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળાએ ઊભા થઈને આ દીક્ષા મહોત્સવને નવરંગપુરા સંઘના આંગણે જ ઉજવવા માટે પૂ. મહારાજશ્રીને કરેલી આગ્રહભરી વિનંતી માન્ય કરાઈ. તેથી સારાયે સંઘમાં આનંદનું પ્રચંડ મોજું ફરી વળ્યું. કા.વ. ૫ ની દીક્ષા નક્કી થઈ. વાયણા શરૂ થઈ ગયા. શ્રી સંઘે સુંદર આમંત્રણ પત્રિકા પ્રસારિત કરી પંચાન્હિકા મહોત્સવ ઉજવવાનો નક્કી થઈ ગયો. મહાવીર મંડળ, જાણીતા સંગીતકાર ગજાનન ઠાકુર, હીરાલાલ ઠાકુર, મહિલા મંડળ વગેરેને આમંત્રણ અપાઈ ગયા. કા.વ. ૧ થી દીક્ષા મહોત્સવ શરૂ થયો. કા.વ. ૩ ની સવારે પૂજ્યપાદ ગચ્છાધિપતિ પરમશાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન શાન્તમૂર્તિ પૂ. આચાર્યદેવશ્રી માનદેવસૂરીશ્વરજી મહારાજ ગીરધરનગરથી સપરિવાર બાલ મુમુક્ષુને દીક્ષાપ્રદાન કરવા સામૈયાસહ પધાર્યા. પૂ. ગણિવર્ય શ્રી સુધાંશુવિજયજી મ. તથા જૈનનગરથી પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદવિજયજી મહારાજ પણ સપરિવાર પધારી ગયા. એવામાં ભેંસાવહી ગામથી દીક્ષાર્થીનાં માતાપિતા, ભાઈ, બહેનો, બનેવીઓ, મામા તથા ગામના આગેવાનો મળીને કુલે ૪૪ માણસો દીક્ષા મહોત્સવ પર હાજર થઈ ગયા. સંઘે એમની ત્રણે દિવસ સુંદર ભક્તિ કરી. કા.વ. ૪ ની સવારે ૯ વાગે દીક્ષાર્થીનો વર્ષીદાનનો ભવ્ય વરઘોડો દહેરાસરથી ચઢ્યો. રાજશાહી વેશમાં બાલમુમુક્ષુ જતનકુમાર રાજકુમાર જેવા શોભતા

હતા. અમદાવાદનું જાણીતું જીયાબેન્ડ ફૂલ ડ્રેસમાં ફૂલ સ્ટાફ સાથે સૂરીલા સૂરોથી આકાશને ગજવી રહેલું. ચાંદીના રથમાં સંઘના પ્રમુખ કાન્તિલાલ સી. કોલસાવાળા ભગવાનના સારથી બનીને માથે મુગટ પહેરીને બેસી ગયા. તેમનાં ધર્મપત્ની સુશીલાબેન ભગવાનને લઈને રથમાં બેસી ગયેલા. વીરસૈનિકો હાથમાં ધજા સાથે શોભતા હતા. પૂ. આચાર્યદેવશ્રી માનદેવસૂરીશ્વરજી મહારાજ આદિ ચતુર્વિધ સંઘ વિશાળ સાજન, ઘોડેસવારી, સુંદર શણગારેલી બગીઓ, મોટરો, ઈન્દ્રધજા રથ વગેરે શોભતા હતા. મુમુક્ષુ છૂટે હાથે વર્ષીદાન દેતા હતા. લગભગ વરઘોડો અર્ધા માઈલ લાંબો હશે. સંઘના આગેવાનો કહેતા કે આવો વરઘોડો અમારા સંઘના ઈતિહાસમાં પ્રથમવાર જ નીકળ્યો છે. સૌ દીક્ષાર્થીના પુણ્યની પ્રશંસા કરતા. કા.વ. ૪ ની રાત્રે દીક્ષાર્થી તથા તેઓના માતાપિતાનું સંઘે બહુમાન કર્યું. કા.વ. ૫ ની સવારે રોહિડાવાળા મીઠાલાલજીના ત્યાંથી બેન્ડવાજા સાથે બીજો ભવ્ય વર્ષીદાનનો વરઘોડો નીકળ્યો. એમણે પોતાના ઘરે સકલ સંઘને આમંત્રીને સારાયે સંઘનું પૂજન કર્યું. વરઘોડો ઉપાશ્રયે આવી પહોંચતાં શાસનદેવની જયજયકારના નાદે ગાજી રહ્યો. મુમુક્ષુ જતનકુમારે ભગવાનને વંદના કરી ગુરુપૂજન કર્યું. પછી પૂ. આચાર્યદેવશ્રીએ દીક્ષાની ક્રિયા શરૂ કરાવી. ઓઘો દીક્ષાર્થીના માતાપિતાએ પૂ. આચાર્યદેવશ્રીને વહોરાવ્યો. પૂ. આચાર્યદેવશ્રીએ બાલમુમુક્ષુ જતનકુમારને ઓઘો અર્પણ કર્યો. જતનકુમાર ખૂબ આનંદમાં આવીને નાચ્યા. પછી મુંડન, સ્નાન, વેશપરિવર્તન થયું. ઉપકરણોની ઉછામણીના રૂા. ૩૫૦૦ થયા. સાધુવેશ પહેરીને આવ્યા ત્યારે સંઘે ચિક્કાર મેદનીએ વધાવ્યા. લોચ થયો. પૂ. આચાર્યદેવે સર્વવિરતિ સામાયિક ઉચ્ચરાવ્યું. નવદીક્ષિતનું નામ મુનિશ્રી જિનવલ્લભવિજયજી રાખી પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરાયા. દીક્ષા બાદ કામળીઓ દીક્ષાર્થીના પિતા વગેરેએ વહોરાવી દીક્ષા બાદ લાડુની પ્રભાવના થઈ. કા.વ. ૬ ની સવારે નૂતન દીક્ષિત સાથે પૂ. ધર્મગુપ્તવિજયજી મહારાજને ચંદુલાલ રંગજીભાઈએ પોતાના રત્નમણિ બંગલામાં પગલાં કરાવીને સકલસંઘનું પૂજન કર્યું. વ્યાખ્યાન કરાવી કામળીઓ વહોરાવી. આમ નવરંગપુરાના સંઘે ખૂબજ ઉલ્લાસપૂર્વક ભવ્ય દીક્ષા મહોત્સવ ઉજવીને ખરેખર ચાતુર્માસ પર યશકલગી ચઢાવી છે.

● **જૈનનગર :** પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયભુવનભાનુ-સૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય પ્રશિષ્યો-પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદવિજયજી મ. પૂ. ગણિવર્ય જયઘોષવિજયજી મ. આદિ કા. ૯ નું ચાતુર્માસ અમદાવાદ-જૈનનગરમાં ચિરસ્મરણીય થયું. ભાવિક લોકોને વ્યાખ્યાન શ્રવણનો તેમજ આરાધનાનો રસ રહી ગયો. શા. જયંતીલાલ આત્મારામભાઈએ પોતાના સ્નેહી સંબંધીજનો આમંત્રી

વ્યાખ્યાન સમયે ચાતુર્માસ પરિવર્તનની વિનંતી કરી તેનો સ્વીકાર થયો. વ્યાખ્યાનને અંતે રૂપિયાની તેઓ તરફથી પ્રભાવના થઈ. પૂનમની રાત્રીના ભાવનાના પ્રોગ્રામ માટે ૫૭ ગાથાની આદિજિન વિનંતીની ચોપડીઓ છપાવી. શત્રુંજય પટદર્શન માટે સુંદર-ભવ્ય મંડપ બાંધી પટ બંધાવ્યો. પૂજ્યશ્રીઓ એમના આ કારણે ભવ્ય મંડપમાં વાજતેગાજતે પૂનમે પધારતાં જનમેદની ચિકાર હતી. જ્ઞાનપૂજન ગુરુપૂજન સંઘપૂજન કર્યું. બાદ પૂ. ગણિવર્યશ્રીએ શત્રુંજયના મહિમા પર ખૂબ પ્રેરણાદાયી પ્રવચન કર્યું. તરત જ વાજતેગાજતે સકલ સંઘ પટના દર્શને ગયો. સ્તવનમાં સૌ લયલીન બની ગયા હતા. અંતે પ્રભાવના થઈ.

બપોરે જયંતીભાઈને બંગલે જૈન આરાધક મંડળે ભક્તિ સભર બની ૯૯ પ્રકારી પૂજા ભણાવી સૌના દિલ ડોલાવી નાખ્યા હતા.

રાત્રે પૂ. ઉપાધ્યાય વિનયવિજયજી મ. બનાવેલી ૫૭ ગાથાની આદિજિન વિનતિ સંગીતકાર હીરાભાઈ કે જેમને આ વિનતિ ગાવાની માસ્ટરી મેળવેલી છે. એમણે ચિકાર માનવગણ વચ્ચે એ ગાઈ. કોઈ અલૌકિક ભક્તિરસ જામેલો. સવારે વ્યાખ્યાન વખતે સંઘના પ્રમુખ સી.સી. ગાંધી વકીલે (માજી મેયર) ચાતુર્માસ દરમ્યાન થયેલ ધર્મોપકારની ખૂબ ખૂબ પ્રશંસા-અનુમોદના કરી પૂજ્યશ્રીને ચાર માસ વધુ સ્થિરતા કરવા આગ્રહ કર્યો હતો.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૪,અંક-૧૪,તા.૨૦-૧૨-૧૯૭૫**

● **ધંધુકાથી શત્રુંજય સંઘ યાત્રા :** ધંધુકાથી પ.પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય પૂ.મુનિશ્રી ધર્માનંદવિજયજી મ.ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મહારાજની નિશ્રામાં અત્રે ચોમાસા બાદ કા.વદ ૩ ના શ્રી સિદ્ધગિરિ મહાતીર્થનો છ'રી' પાળતો સંઘ નીકળ્યો. કા.વદ ૧૦ ના સવારે પાલીતાણામાં પ્રવેશ કર્યા બાદ બપોરના વિજય મુહૂર્તે તીર્થમાળની વિધિ થયેલ. સંઘની આદિ મધ્ય ને અંતે ૯-૯ આંબેલ મંગલના તથા અઠ્ઠમો થયા. સંઘ પ્રયાણ વખતે ગામમાં અમી-કેશર છાંટણા થયેલ. સંઘ દરમિયાન કોઈને તાવાદિ રોગ નહિ બલકે મહિનાના ઘર કરી ગયેલ રોગો નાશ થયા હતા. ૧૦૩ યાત્રિકોએ છ'રી' પાળીને પૂર્ણ વિધિપૂર્વક તીર્થ યાત્રા કરી જેમાં ૨૫ કોલેજિયન યુવકો પ્રયાણથી તીર્થમાળ સુધી પ્રભુના ગુણગાનની ધૂન મચાવતા હતા. યાત્રા દરમિયાન ૧૫ સંઘ પૂજન થયા. પાલીતાણા ગુરુકૂળથી તળેટી સુધી વરસીદાન દીક્ષાર્થીઓના હાથે

દેવાયું. ૪ યુવકોએ તથા બે મોટાએ એમ છ ભાગ્યશાળીઓએ છ'રી' પાળતો સંઘ કાઢવો એવો નિયમ ૧ થી ૫ વસ્તુના ત્યાગ સાથે લીધો. ધંધુકામાં ચોમાસા દરમિયાન કાયમ આયંબિલ ચાલુ હતા તથા ૫૦ અઠ્ઠમો થયા હતા તેમાં મુનિશ્રી જિતશેખર વિજયજીના સંસારી સંબંધીઓ તરફથી ૫-૫ રૂા.ની પ્રભાવના થયેલ. આ અઠ્ઠમોનો પ્રભાવ એવો પડ્યો કે ૪ માસ દરમિયાન કોઈનું મરણ નહિ; ઊલટું ૪ જણા તો અંતિમ સ્થિતિએથી પાછા ફર્યા. કારતક પુનમે ૧ ભાઈ તરફથી સંઘ જમણ થયું. ને જુદી જુદી વ્યક્તિ તરફથી ૧૫ રૂા.ની પ્રભાવના થયેલ.

● **જામનગર :** અત્રે પ્લોટ વિભાગમાં પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ધામધૂમથી ચાલી રહેલ ઉપધાન હવે પૂર્ણ થવા આવ્યા છે. ઉપધાન દરમિયાન મારવાડમાં અગવરી-તખતગઢમાં બિરાજમાન એઓશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી તથા એમના શિષ્યરત્ન પૂ.મુ. શ્રી ગુણરત્નવિજયજીથી પ્રતિબોધિત ૩ મુમુક્ષુ યુવકો ભાઈશ્રી અંબાલાલ, શ્રી પ્રેમચંદ તથા શ્રી મોહનલાલ માગશર માસમાં દીક્ષા લેનાર હોઈ અત્રે પૂ. આચાર્યદેવશ્રીના આશીર્વાદ લેવા આવેલ. પ્લોટ સંઘે અભિનંદન કરી ફૂલહાર, ચાંલ્લા ભેટ કરેલ. મુમુક્ષુઓના કુટુંબીઓની તીવ્ર ઇચ્છા પોતપોતાના ગામમાં દીક્ષા અપાવવાની હોઈ પાદરલી તથા તખતગઢમાં મા.સુ. ૪-૧૦ દીક્ષાઓ થવાનું નક્કી થયું છે.

● **ટંકારા :** અત્રે પૂ.આ. શ્રી **વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** જામનગરથી સપરિવાર વિહાર કરતાં કરતાં મૌન ૧૧ ના દિવસે પધાર્યા. એઓશ્રી અલિયાબાડા પધારતાં ફોફલિયા હરસુખભાઈ તરફથી પૂજા તથા સ્વામિવાત્સલ્ય થયું. જામનગરથી સોએક જણ આવેલ પૂજામાં ગામવાળાને ય બહુ ઉલ્લાસ થયો. ત્યાંથી ક્રમશઃ વિહારમાં અલિયાબાડા સંઘની જેમ લતીપુર સંઘે ખૂબ લાભ લીધો ને વ્યાખ્યાનમાં રોજના અમુક ટંકથી વધુ ભોજન નહિ, તથા ઓછામાં ઓછું કલાકે એકવાર નવકાર પ્રથમપદ સ્મરણના નિયમ લીધા. ત્યાંથી ટંકારા પધારતાં શેઠ ડાહ્યાભાઈ પરસોત્તમદાસ તરફથી માગશર સુદ ૧૧-૧૨ બંને દિવસ પૂજા, મૌન ૧૧ ગામને આંબેલ તથા સુદ ૧૨ સ્વામીવાત્સલ્યનો લાભ લેવાયો. મોરબી સંઘે આવી પૂજ્યશ્રીને મોરબી પધારવા અને સારો લાભ આપવા ખૂબ આગ્રહભરી વિનંતી કરી; તેથી વાંકાનેર રસ્તે ટૂંકો વિહાર છતાં વિનંતી માન્ય કરવી પડી. મોરબી હળવદ ધ્રાંગધ્રા રસ્તે શંખેશ્વરજી પોશદશમી કરવા વકી છે.

● **વિહારની વાટે :** પરમારાધ્યપાદ પરમોપકારી જ્ઞાન દિવાકર-પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા** જામનગરથી વિહાર કરી મા.સુ. દ્વિ. ૮ ના દિવસે અલિયાબાડા પધાર્યા. ત્યાં સામૈયા સાથે ગામમાં પ્રવેશ થયો તે પછી પ્રવચન થયું, પૂજા ભણાવાઈ અને બપોરે સંઘજમણ થયું, ત્યાંથી સાંજે વિહાર કરી મા.સુ. ૯ ના દિવસે ધ્રોળ મુકામે પધાર્યા તે દિવસે ગામના આગેવાનો અને યુવકો બે માઈલ સુધી સામે તેડવા માટે આવેલા. ઉપાશ્રયે પહોંચ્યા બાદ પ્રવચન થયું. લોકોએ વ્રતનિયમો ગ્રહણ કર્યા અને પ્રવચનબાદ અડદીયાની પ્રભાવના થઈ. ત્યાંથી સાંજે વિહાર કરી મા.સુ. ૧૦ ના દિવસે લતિપુર પધાર્યા ત્યાં પણ બેન્ડ સાથે સામૈયાસહ નગર પ્રવેશ થયો વાડીમાં પ્રવચન થયું. વ્યાખ્યાન બાદ જામનગર નિવાસી ચુનીલાલ વોરા તરફથી દશકાની પ્રભાવના થઈ ત્યાંથી સાંજે વિહાર કરી પૂજ્ય આચાર્યદેવશ્રી મા.સુ. ૧૧ ના દિવસે ટંકારા મુકામે પધાર્યા ત્યાં ધુમ્મસના કારણે પહોંચવામાં મોડું થયેલું પણ ગામના અગ્રણીઓ બે કલાકથી રાહ જોતા રોડ ઉપર ઊભા રહ્યા હતા. પૂજ્યશ્રી ૧૨।। વાગે પધાર્યા બેન્ડવાજા સાથે ભવ્ય નગર પ્રવેશ થયો. બપોરે મૌન એકાદશીના દેવવંદન થયા. સુશ્રાવક ડાહ્યાલાલ પરસોત્તમ તરફથી મૌનએકાદશી હોવાથી સંઘને સામુદાયિક આંબેલ કરાવ્યા. બપોરે પૂજા ભણાવાઈ. છેલ્લી બે પૂજામાં પૂજ્યશ્રી પધારતાં અનેરો રંગ જામ્યો હતો. કોઈ દિવસ નહીં સાંભળેલ એવા સુંદર રાગો અને પૂજાનાં ભાવો જાણી સહુ આનંદમાં આવી ગયેલા. બપોરે મોરબી સંઘના આગેવાનો પૂજ્યશ્રીને મોરબી પધારવા વિનંતી કરવા માટે આવેલા. બીજે દિવસે મા.સુ. ૧૨ ના રોજ પણ સુશ્રાવક ડાહ્યાલાલ પરસોત્તમ તરફથી પૂજા ભણાવાઈ. બપોરે સંઘ જમણ થયેલું સવારે વ્યાખ્યાનમાં સાટાની પ્રભાવના થઈ. બપોરે ૩ વાગે વિહાર કરતી વેળાએ એમ.પી. વિદ્યાલયના પ્રિન્સિપાલ અને ડ્રોઈંગ ટીચર લલિતભાઈના અતિઆગ્રહથી હાઈસ્કૂલમાં પૂજ્યશ્રીએ **'માનવજીવનની મહત્તા અને માતાપિતાનો ઉપકાર'** એ વિષય પર વ્યાખ્યાન થયું. વ્યાખ્યાન બાદ સ્કૂલના પ્રિન્સિપાલ અને બીજા માસ્તરો સાથે અનેક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ રોજ સવારે માતાપિતાને પગે લાગવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરી.

તે પછી વ્યાખ્યાન સમાપ્ત થતા પૂજ્યશ્રી વિહાર કરીને મા.સુ. ૧૩ ના દિવસે મોરબી પધાર્યા ત્યાં શક્તિ પ્લોટ જૈન દેરાસરે દર્શન કર્યા બાદ પ્લોટ સંઘના

આગ્રહથી વ્યાખ્યાન હોલમાં ૦।। કલાક વ્યાખ્યાન થયું. તેમાં સામાયિક અને આંબેલના નિયમો લેવાયા. વ્યાખ્યાન બાદ પેંડાની પ્રભાવના થઈ, ત્યાંથી વ્યાખ્યાન બાદ નગર પ્રવેશ શરૂ થયો. નગરના રાજમાર્ગો કમાનો વડે શોભી રહ્યા હતા. જરીયાન ડ્રેસમાં સજ્જ થયેલા બેન્ડવાળા પૂજ્યશ્રીની આગળ મંગલતુર વગાડી રહ્યા હતા. બે નવયુવકો પૂજ્યશ્રીની આગળ છૂટે હાથે વરસીદાન ઉછાળી રહ્યા હતા. ૧૧ વાગે સામૈયુ શરૂ થયું હોવા છતાં પણ લોકોના ઉલ્લાસ અને ઉમંગનો કોઈ પાર ન હતો રાજમાર્ગો પર ઠેરઠેર ગહુંલીઓ થઈ રહી હતી. શહેરના ઉપાશ્રયેથી પ્રશાંતમૂર્તિ પૂ.આ. શ્રીમદ્ વિજયમોતીપ્રભસૂરીશ્વરજી મ.ના વિનીત-શિષ્યરત્નો સામૈયામાં સામે આવેલા. ઉપાશ્રયે પહોંચ્યા બાદ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની વિનંતીથી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયમોતિપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબ વ્યાખ્યાનની પાટે પધાર્યા. તેઓશ્રીએ મંગલાચરણ કર્યા બાદ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ ચીકાર જનમેદની વચ્ચે રોમાંચક પ્રવચન આપ્યું. વ્યાખ્યાનમાં ભોજનની ટંક નિયમો લેવાયા. તે પછી પૂજ્યપાદ આચાર્યદેવશ્રી મોતિપ્રભસૂરીશ્વરજી મહારાજાનું ૦।। કલાક પ્રવચન થયું. બરાબર એક વાગે વ્યાખ્યાનાદિ પૂર્ણ થતા દશકાની પ્રભાવના થઈ. વ્યાખ્યાનના અંતે સાંજે વિહાર કરતાં સંઘ આગેવાનોએ ઊભા થઈને અતિઆગ્રહ કરતાં એક દિવસ વધારે રોકાવું પડ્યું. મા.સુ. ૧૪ ના દિવસે સવારે ૯।। વાગે પ્રવચન શરૂ થયું. વ્રતનિયમો લેવાયા બપોરે ૩ વાગે વિહાર વેળાએ અનેક લોકો વળાવવા માટે આવેલા. છેલ્લે માંગલિક સંભળાવી પૂજ્યશ્રીએ હળવદ પ્રતિ પ્રયાણ કર્યું. વ. ૧ હળવદ કરી વ. ૩ ધ્રાંગધ્રા પહોંચવા વકી છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૪,અંક-૧૬,તા.૩-૧-૧૯૭૬**

● **શ્રી રતલામ સંઘ** : પ.પૂ. સિદ્ધાંત મહોદધિ, સુવિશાલ ગચ્છાધિપતિ આ.ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્યરત્ન વિદ્વાન પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભ વિજયજી મ.સા.ની પાવન નિશ્રામાં સંવત ૨૦૩૧ના રતલામ (મ.પ્ર.) ચાતુર્માસમાં શ્રી સંઘમાં થયેલ આરાધનાઓ અનુમોદનાર્થે સંક્ષેપમાં અહીં રજૂ કરીએ છીએ.

સં. ૨૦૩૧ અષાઢ સુ.૧ ના પૂ. પાદ ગુરુદેવનો સંઘની ખૂબ જ સાજસજાવટ અને હજારો નાગરિકોથી આતુર નયને સિંચાયેલ વિશાલ સામૈયાથી અનેરા ઉલ્લાસ

સાથે અગ્રવાલની ધર્મશાળામાં ચાતુર્માસાર્થે શુભ પ્રવેશ કર્યો ! મંગલાચરણ બાદ શ્રીફલની પ્રભાવના, મંગળ પ્રવેશાર્થે ૩૫ ભાગ્યશાળીઓએ ૩-૩ આયંબિલ કરેલ, સામૂહિક ૮૧ આયંબિલ થયેલ. રોજ "માનવ જીવન વિકાસના સોપાનો" વિષય પર ખૂબ જ પ્રેરક રોચક વ્યાખ્યાનો થતાં ઘણી સારી સંખ્યામાં શ્રોતાઓની હાજરી. દરેક રવિવારે સવારના વિશિષ્ટ આરાધના અને બપોરના વિવિધ વિષયો પર જાહેર પ્રવચનો શ્રોતાઓની આંખે આંસુ છલકાવી દેતાં.

ચાતુર્માસિક ચૌદસે ૮ છઠ્ઠ અને ૧૦૦ લગભગ ઉપવાસ થયેલ. હંમેશની અંદાજથી અધિક લાડુનો સ્ટોક રાખેલ પરંતુ લાડુ પણ ખૂટી પડ્યાં ! પેંડા મંગાવવા પડ્યાં... પ્રવચનના અંતે જ લગભગ ૧૧૫૦ શ્રોતાઓની હાજરી. ચોમાસી ચૌદશ પછીના એક-એક રવિવારે નીચે પ્રમાણે વિવિધ તપ સાથે વિશિષ્ટ આરાધના પૂજ્યશ્રીએ કરાવેલ.

૧. **ગુણપૂજા** : જેમાં પૂર્વના મહાપુરુષનાં ગુણોનું સંસ્મરણ-ભાવવાહી શબ્દોમાં-સંગીત સાથે જેમાં ૩૫૦ આયંબિલ અને ૫૦ ઉપવાસ તથા ૧૦૦ એકાસણાં. ૭૦૦ ઉપર ક્રિયામાં હાજરી.

૨. **શરણાગતિ** : જેમાં અરિહંત-સિદ્ધ-સાધુ-તથા કેવળી પન્નત્તં ધર્મનું સાચા ભાવથી શરણ સ્વીકાર. જેમાં ૩૨૫ આયંબિલ ૫૦ એકાસણાં સામૂહિક ક્રિયામાં ૭૦૦ ઉપર હાજરી.

૩. **અષ્ટાપદ તીર્થ વંદના** : જેમાં ૧૫૦ આયંબિલ, ૩૦૦ એકાસણાં, સામૂહિક ક્રિયામાં ૭૦૦ ઉપરની હાજરી.

૪. **મહાવીર વંદના** : ભગવાન મહાવીરના પાંચે કલ્યાણકોનું વિસ્તારથી વિવેચન કરી વંદનાર્પણ. જેમાં ૧૫૦ આયંબિલ, ૩૦૦ એકાસણા, સામૂહિક ક્રિયામાં ૭૦૦ ઉપર હાજરી હતી.

૫. **સાધુવંદના** : જેમાં આદિ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાનની ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના શાસનના સાધુ ભગવંતોની પદ્યબંધ સુંદર રાગોથી નામોચ્ચારણ પૂર્વક વંદના જેમાં ૩૦૦ આયંબિલ, ૫૦ એકાસણા લગભગ ૬૦૦ માણસે ક્રિયા કરી.

૬. **સિદ્ધગિરિ વંદના** : જેમાં ૨૫ આયંબિલ, ૩૦૦ એકાસણાં, લગભગ ૫૦૦ માણસે ક્રિયા કરી.

૭. **પાપનો એકરાર** : નિગોદાદિ એકેન્દ્રિયથી પંચેન્દ્રિયપણામાં અજ્ઞાન, અવિરતિ, કષાયાદિને આધીન થઈ જીવે જે જે પાપો કર્યા તે અરિહંત-સિદ્ધ-સાધુ-દેવ

અને ગુરુ તથા આત્મસાક્ષીએ પાપનો એકરાર કરાવ્યો. જેમાં ૩૦૦ ઉપવાસ, ૨૫ આયંબિલ, ૨૦૦ એકાસણાં થયેલ, લગભગ ૬૦૦ માણસે ક્રિયા કરી.

૮. **બૃહત્ અરિહંત વંદના :** જેમાં ૨૫ આયંબિલ અને ૩૦૦ એકાસણાં. લગભગ ૫૦૦ માણસે ક્રિયા કરી.

૯. **પાર્શ્વનાથ વંદના :** જેમાં પાર્શ્વપ્રભુની ૧૦૮ નામોથી સ્તવના, ૧૨૫ આયંબિલ, ૨૦૦ એકાસણાં, લગભગ ૬૦૦ માણસે ક્રિયા કરી.

૧૦. **ગૌતમ સ્વામીની આરાધના :** ૧૦ છઠ્ઠ, ૪૦૦ એકાસણાં થયેલ. ૪૫૦ ઉપરાંત માણસોએ ક્રિયા કરી.

૧૧. **શ્રી સીમંધર સ્વામીના અઠ્ઠમ :** ૨૨૨ અઠ્ઠમ, ૩૦ ત્રણ ત્રણ આયંબિલવાળા, ૧૦ ત્રણ ત્રણ એકાસણાંવાળાં ૭-૭ વર્ષના બે બાળકો ૮ વર્ષની એક બાલિકાએ પણ અઠ્ઠમ કરેલ. ક્રિયામાં લગભગ ૬૦૦ ની હાજરી.

૧૨. **ચંદનબાલાના અઠ્ઠમ :** ૧૩ અને બે અભિગ્રહના અઠ્ઠમ થયેલ. તપસ્વીઓનો વરઘોડો, ચતુર્વિધસંઘના પદાર્પણ તથા તપસ્વીઓના બાકુલાના પારણા તેમજ બીજા દિવસના પારણા દરેકનો લાભ વિનોદભાઈ મુણોતે લીધેલ. લાડુ-પેંડાની પ્રભાવના લગભગ હજાર માણસે લાભ લીધો, ત્રીસેક પ્રભાવના તપસ્વીઓને થઈ.

૧૩. **શ્રી મહાવીર નિર્વાણ કલ્યાણક આરાધના :** ૩૨ છઠ્ઠ થયેલ. (દિપાલિકા પર્વમાં) સામૂહિક ક્રિયા ૨૦૦ એ કરી. છઠ્ઠવાળાના પારણા તથા બે-બે રૂપિયાની પ્રભાવના. તથા પોસાતીઓને ૭-૭ રૂપિયાની પ્રભાવના કરવામાં આવેલ.

૧૪. **સ્થૂલભદ્ર વંદના :** તપ સાથે જીવન પ્રસંગ વર્ણન બ્રહ્મચર્ય પદની આરાધના સામૂહિક કરાવી. ૧૫૦ એકાસણા અને લગભગ ૨૦૦ એ ક્રિયા કરી.

૧૫. **ધન્ના કાકંદી વંદના :** તપ સાથે જીવન પ્રસંગ વર્ણન તપની અમૂલ્ય પ્રેરણા મળેલ. ૧૨૫ એકાસણા લગભગ ૨૦૦ એ ક્રિયા કરી.

૧૬. **ગણધર દેવવંદન :** સામૂહિક તપ સાથે આરાધના, ૧૫૦ એકાસણાં તથા આયંબિલ. લગભગ ૨૦૦ ક્રિયામાં હાજરી.

પર્યુષણામાં ૨ માસક્ષમણ : ૧. સિદ્ધિતપ. ૨. સોળ ભથ્થા. ૧, ૧૧ ઉપવાસ ૩૯ અઠ્ઠાઈઓ અને ૨૦૦ થી ૨૫૦ છઠ્ઠ અઠ્ઠમ થયેલ. તપસ્વીઓનું હારતોરા પહેરાવી બહુમાન, લગભગ ૩૦ પ્રભાવનાઓ.

(૧) સ્વામીવાત્સલ્ય-જેમાં ૪૦૦૦ સાધર્મિકોનો લાભ મળેલ. ૫ સંઘ પૂજનો-પૂ.સા. અમિતજ્ઞાશ્રીજીના માસક્ષમણના ઉપલક્ષમાં ચૈત્યપરિપાટીસહ શેઠ ઓંકારમલજીને ત્યાં ચતુર્વિધસંઘના પદાર્પણ, અને શ્રીફલની પ્રભાવના. ૫૦૦ કુલ (૨) પૂ.સા. હર્ષનંદિતાશ્રીજીના સિદ્ધિતપના ઉપલક્ષમાં શાંતિલાલ મહેતા જાવરાવાલાને ત્યાં ચૈત્ય-પરિપાટી સહ ચતુર્વિધસંઘના પગલાં ને પેંડાની પ્રભાવના કુલ ૫૦૦ (૩) સુગનબેનના માસક્ષમણ નિમિત્તે સોભાગમલજી સેવારામજી પારેખ તરફથી ચૈત્યપરિપાટી સહ ચતુર્વિધ સંઘપૂજન તિલક કરી રૂપિયાની પ્રભાવના કુલ ૮૫૦ (૪) સૌ માનવકુંવરબેનની અઠ્ઠાઈ નિમિત્તે કેશરીમલજી તરફથી તિલક ને રૂપિયાથી સંઘપૂજન કુલ ૪૭૫. (૫) બાબુભાઈ કાંસવાની ૮ વર્ષની સુપુત્રી ઉષાની અઠ્ઠાઈ નિમિત્તે તેમના તરફથી ચૈત્ય પરિપાટીસહ તેમના ઘરે ચતુર્વિધ સંઘના પદાર્પણને કેળાની પ્રભાવના કુલ ૯૦૦.

૧ **રથયાત્રા**-જાવરાના પ્રખ્યાત બેન્ડ સહ બે બેન્ડ યુક્ત. ૧ શણગારેલા વાહનોમાં દરેકમાં વિવિધ પટો સહિત ઘોડેસવારો તથા શણગારિત વાહનોમાં તપસ્વીઓ સહિત પ્રભુજીનો ભવ્ય વિશાલ રથ યુક્ત શોભિત ભવ્ય રથયાત્રાનો વરઘોડો જેમાં અનુકૂલતા મુજબ હજાર ઉપર ભાવુકો જોડાયેલ.

અષ્ટાન્હિકા મહોત્સવ-શ્રી વિંશતિ સ્થાનક પૂજન અને અર્હદ્ અભિષેક પૂજન યુક્ત અષ્ટાન્હિકા મહોત્સવ સારા ય માલવા અને રતલામમાં પ્રથમ વખત જ આ પૂજનો થયાં. છેલ્લે દિવસે ૨૭૦૦ ભાવુકોની હાજરીમાં પેંડાની પ્રભાવના. ચાલુ પૂજામાં રોજ લાડુ-પેંડા-પતાસાની વિવિધ પ્રભાવના.

ચાતુર્માસ પરિવર્તન-સોભાગમલજી સેવારામજી પારેખને ત્યાં થયા બાદ બેન્ડવાજા સહિત ચતુર્વિધ સંઘ સાથે કરમદી તીર્થની યાત્રા ૪૦૦ યાત્રિકો. બાદ પાછા ફરી ગિરિરાજની ધૂન બોલાવી. ૧ રૂપિયો તથા સફરજનની પ્રભાવના કરવામાં આવેલ. તે સિવાય પૂ. સાધ્વીજી શ્રી રંજનશ્રીજી મ.સા., પૂ.આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ના આજ્ઞાવર્તી હિન્દીમાં પ્રતિક્રમણ સૂત્રોના અર્થ તથા ધર્મકથાનુયોગના પ્રવચનોમાં બેનોને ખૂબ રંગ લાગ્યો. રોજ કુલ્લે ૮૦ થી ૧૦૦ બેનો લાભ લેતાં. પૂ.સાધ્વીજી મ.ની તપસ્યા નિમિત્તે ૨૪ સાંજીઓ તથા મક્ષી મંડળ તરફથી પૂજા-પ્રભાવના થયેલ. જ્ઞાન-દ્રવ્ય-દેવ-દ્રવ્યની ઉપજ પણ રેકર્ડરૂપ થઈ. તે સિવાય જ્ઞાનપંચમીના ૧૫૦ ઉપવાસ. ચોમાસીના ૧૫૦ ઉપર ઉપવાસ. ૬ વર્ધમાન તપના પાયા. ૪૯ નવપદજીની ઓળીના આરાધકો આ પ્રમાણે ચોમાસામાં ચારે મહિના આરાધનાના ભરચક પ્રોગ્રામોથી ચાતુર્માસ ભવ્ય વ્યતીત થયું. શાસનપ્રેમી પુણ્યાત્માઓ અનુમોદના કરી સુકૃતના ભાગી બને એ જ મારા

શુભ હેતુ સહ. લિ.

ગુજરાતી ઉપાશ્રયના વહીવટદાર, શ્રી લાભચંદ શુભકરણ પેઢી, રતલામ.

• • •

• પૂજ્ય ગણિવર્યશ્રી મિત્રાનંદ વિજયજી મ.ની પ્રભાવક નિશ્રામાં 'શ્રી ફુટરબાઈ જૈન આરાધના ભવન'ના ઉદ્‌ઘાટન પ્રસંગે સોનાના દાગીનાનો વરસાદ.

પૂજ્યશ્રીના અથાગ પ્રયત્ને ૨૫ વર્ષે નડીઆદ શ્રીસંઘે મેળવેલી જીવદયાના દેવામાંથી મુક્તિ.

નડિયાદમાં પૂ. ગણિવર્યશ્રીના ઉપદેશથી શ્રીસંઘે તૈયાર કરેલ બેનોનો ભવ્ય ઉપાશ્રય શ્રી ફુટરબાઈ જૈન આરાધના ભવનનું સમહોત્સવ ઉદ્‌ઘાટન. આંધ્ર આદોની નિવાસી સંઘવી ઈન્દ્રચંદજી ધોકાના શુભહસ્તે માગશર સુદ ૬ ના થયું. સંઘવીજીએ આ ઉપાશ્રયના નિર્માણમાં અનુમોદનીય લાભ લીધો છે. સભાના પ્રમુખપદે બે છ'રી પાલિત મહા સંઘયાત્રાઓનું સફળ સંચાલન કરનાર શ્રી રાજેન્દ્ર દલાલ પધાર્યા હતા.

સં. ૨૦૦૬ ની સાલથી નડિયાદ સંઘને માથે રૂા. ૨૫૦૦૦નું જીવદયાનું દેવું હતું. ૨૦૨૩માં પૂ. ગણિવર્યશ્રીના ચોમાસામાં તેઓએ ચોપડા તપાસી આ દેવામાંથી જલદી મુક્ત થવા સૂચન કરેલું. પ.પૂ.આ.ભ. શ્રીમદ્‌ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે બીપીનભાઈની દીક્ષા પ્રસંગે રૂા. ૯૦૦૦/- ટીપ સંઘે આ દેવામાંથી મુક્ત થવા કરેલી. રૂા. ૧૪૦૦૦/- બાકી રહેલા. તે પછી સંઘમાં જુદી જુદી વિચારધારાને જોરદાર ઉપદેશથી પૂજ્યશ્રીએ મીટાવી શાસન માન્ય વિચારધારા પર સૌના મનનું સમાધાન કરાવ્યું. ઉદ્‌ઘાટન પ્રસંગે પૂ. ગણિવરશ્રીએ ઉપદેશમાં શ્રી ઋષભદેવ પ્રભુના જીવે પૂર્વભવમાં કઈ રીતે અંતરાય કર્મ બાંધ્યું ? તે તથા રમણલાલ દલસુખભાઈ ખંભાતવાળાએ શંખેશ્વરતીર્થમાં સાધારણ ખાતાની એકલાએ પૂરી કરેલી ખોટનું દૃષ્ટાંત આપી પ્રેરણા કરી કે 'શક્તિસંપન્ન દરેક શાસનભક્તને મનોરથ થવો જોઈએ કે હું એકલો શ્રીસંઘને આ દેવામાંથી મુક્ત કરું' આ ઉપદેશની અસરથી શ્રી શાંતાબેન નવનીતલાલ સુતરીયાએ ગળામાંથી અછોડો કાઢીને મોકલ્યો. તે પછી ચોમેરથી વીંટીયો આવવા માંડી. જામનગર ઉપધાનતપ કરી આવેલ નવ વર્ષના બાલ તપસ્વી કુમારપાળે ઉમંગમાં આવી પોતાની વીંટી અર્પણ કરી. ટીપનો આંકડો ૧૪૦૦૦ થી વધશે એવો રંગ જોઈ પૂજ્યશ્રીએ પહેલેથી જ ખુલાસો કર્યો હતો કે ટીપની રકમ વધશે તે પુરુષોના ઉપાશ્રયનું રૂપિયા ૭૦૦૦/- નું દેવું છે તેમાં વપરાશે. ટીપનો આંકડો ૧૬૦૦૦/- સુધી પહોંચી ગયો. હજી ટીપ ચાલુ છે. આગલે દિવસે આણંદથી વંદન કરવા આવેલ સુ. ચીમનભાઈને આ ટીપ થવાની

વાત કરતાં તેમણે ઉમંગમાં આવી મારા રૂા. ૫૦૧/- થી ટીપની શરૂઆત કરજો એમ જાહેર કર્યું. પૂ.સા. નેમિચંદ્રાશ્રીજી મ.ની પ્રેરણાથી લગભગ રૂા. ૨૫૦૦ની જીવદયાના દેવાની ટીપ થઈ છે. ૩૦૦ વર્ષ જૂના શ્રી શાંતિનાથ પ્રભુના દેરાસરનો પાયામાંથી જીર્ણોદ્ધાર (નવનિર્માણ) કરવાનો તથા કાયમી આયંબિલ ખાતા ઉપર રૂા. ૩૧૦૦૧ આપનારનું નામ જોડવાનો નિર્ણય પૂજ્યશ્રીના ઉપદેશથી સંઘે કર્યો.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે જીવનભરના આયંબિલના અભિગ્રહ સાથે વર્ધમાનતપ ૧૦૦ ઓળી પૂર્ણ કરનાર શા. રતિલાલ ખોડીદાસ પધાર્યા હતા. ઉદ્‌ઘાટન કરી સંઘવી ઈન્દ્રચંદજીએ ફુટરબાઈ આરાધના ભવનમાં રૂા. ૨૦૦૧, રાજેન્દ્રભાઈ દલાલે રૂા. ૧૦૦૧ તથા બોરસદવાળા અંબાલાલ અમૃતલાલ ભાઈએ રૂા. ૧૦૦૧ જાહેર કર્યા હતા.

આ 'ફુટરબાઈ જૈન આરાધના ભવન' માટે પૂજ્ય ગણિવરશ્રીની ભવ્ય પ્રેરણાથી શ્રીસંઘે નડિયાદમાંથી જ રૂા. એક લાખની માતબર ટીપ થઈ હતી.

• વિહારની વાટે : મા.સુ. ૧૪ ના સાંજે મોરબીથી વિહાર કરી પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્‌ **વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા** મા. સુ. ૧૫ સવારે આદરણા ગામે પધાર્યા. ત્યાં જૈનતરોની રાસમંડળીવાળા પટેલભાઈઓએ દેશી વાદ્યો સાથે ભક્તિની રમઝટ જમાવતાં જમાવતા સામૈયું કરેલું. બપોરે મોરબી પ્લોટ સંઘના આગેવાનો અને બીજા પણ ભાઈઓએ આવી બપોરે શ્રી અષ્ટાપદજીની પૂજા ભણાવાઈ. મોરબીથી આવેલ મહેમાનો અને ગામના લોકો ભક્તિરસમાં એકતાન બની ગયેલા. પૂજા પછી સંઘ જમણ થયું. ત્યાંથી સાંજે વિહારમાં, વ. ૩ સવારે પૂજ્યશ્રી ધ્રાંગધ્રા પધાર્યા. નગરના લોકો દૂર દૂર સુધી સામે આવેલા. ગામના નાકે સામૈયા પહેલેથી જ ભદ્રમૂર્તિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય વિનયચંદ્રસૂરીશ્વરજી મ. તથા પૂ. ગુણ. વિ.મ. સા. આદિ સામે આવેલા. તેઓશ્રીની સાથે બંને આચાર્ય-દેવોનો ભવ્ય નગર પ્રવેશ થયો. ઠેર ઠેર ગહુંલીઓ થઈ. લોકોના ઉલ્લાસ અને ઉમંગનો પાર ન હતો. ઉપાશ્રયે પહોંચ્યા બાદ ચિકાર જનમેદની વચ્ચે વૈરાગ્યવાહી પ્રવચન થયું. લોકોએ ભોજનના ટંકના નિયમો ગ્રહણ કર્યા. સાંજે વિહાર કરવાની ગણતરી હતી. પણ સંઘનો અત્યાગ્રહ થતાં રોકાવું પડ્યું. બપોરે સંઘની મિટિંગ મળેલી. મિટિંગ બાદ નીચે આવી પૂજ્યશ્રીને ચાતુર્માસ માટે અતિ આગ્રહભરી વિનંતી કરેલ. પણ પૂજ્યશ્રીએ હમણાં કાંઈ ન કહી શકાય એમ કહેલ. રાતના ભાઈઓને જ્ઞાનગોષ્ઠી અપાઈ. મેદની મોટી દોઢ કલાક સુધી એકતાનથી સાંભળતી બેઠેલ. બીજી સવારે પ્રવચનમાં ભરચક મેદની મીઠાઈ ત્યાગ વગેરે નિયમો લેવાયા. અત્રેથી વિહાર થઈ માગશર વદ ૧૦ શંખેશ્વરજી થવા વકી છે.

● **અમદાવાદ (ઉસ્માનપુરા) :** પૂજ્ય આચાર્યદેવ ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી શરૂ થયેલ અને વીરચંદ નાગજીભાઈ, ચંદુભાઈ જશવંતભાઈ અને સુરેશભાઈના લાગણીભર્યા પ્રયત્નોથી ચાલતી પાઠશાળાના બાળકોનો તારીખ ૨૬-૧૦-૭૫ ના રોજ ભોયણી શેરીશાનો યાત્રા પ્રવાસ યોજાયેલ બાળકોએ ખૂબ ભક્તિરમઝટ જમાવેલ. તા. ૩-૧૧-૭૫ના રોજ ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયો. દિવાળી વેકેશનમાં સામાયિક સપ્તાહ અને હરિફાઈ યોજાયેલ અનેક બાળકોએ ઉલ્લાસપૂર્વક લાભ લીધો.

ગુજરાતની જનતા સાવધાન ! : 'જનસત્તા' દૈનિક તા. ૨૦-૧૨-૭૫ ના 'લોકવાણી' વિભાગમાં 'જય હિન્દ' દૈનિકના તા. ૨૩-૧૨-૭૫ માં "રાજકોટમાં ગંદકી દૂર કરવા માટે ભૂંડો વસાવવા માટે ભલામણ કરી છે" પરંતુ ભૂંડને ગામમાં વસાવવાથી ગંદકી દૂર થતી નથી પણ ઊલટાની ગંદકી વધે છે તેમજ ભૂંડનો ત્રાસ અસહ્ય થઈ જાય છે. 'સંદેશ' દૈનિક તા. ૨૧-૧૨-૭૫ માં એક ભૂંડે ખોખરા મહેમદાવાદ ચાર રસ્તા પાસેની એક ચાલીમાં ખાટલામાં સૂતેલા બાળકને લઈને દોટ મૂકી હતી" એટલે જે જે ગામોમાં કે શહેરોમાં ભૂંડોના વસવાટ નથી તેમણે ભૂંડોના ત્રાસમાંથી બચાવા માટે પોતાના ગામમાં ભૂંડોનો વસવાટ જ ન થાય તે માટે પહેલેથી જ સાવધાન રહેવું એ જ એમના પોતાના હિત માટે છે. એક વાર વસવાટ થયા પછી ભૂંડોની સંખ્યા અધિકાધિક વધતી જાય છે અને ત્યારે તે ભૂંડો પોતે જ ભયંકર ગંદકી કરનારા બને છે.

ગત વર્ષમાં ઑક્ટોબર માસમાં અમદાવાદ મ્યુ. કોર્પોરેશન મણિનગરમાં ભૂંડોને મારી નાખવાનો કોન્ટ્રાક્ટ આપવાની જાહેરાત આપવા માગે છે તેની હિંસા વિરોધ સંઘને ખબર પડતાં ભૂંડોની હિંસા અટકાવેલી. આ ઉપરથી સ્પષ્ટ રીતે જણાય છે કે સમય જતાં ભૂંડોની સંખ્યા એકદમ વૃદ્ધિ પામે છે. પછી ભૂંડોનો નાશ કરવાનો પ્રશ્ન આવીને ઊભો રહે છે.

"સંદેશ" તા. ૮-૧૨-૭૫માં "નાર" ગામમાં ભૂંડોના ત્રાસ અંગે માહિતી આવેલ. ભૂંડોને મારવામાં અતિ ક્રૂરતા ભરી રીતો અખત્યાર કરવામાં આવે છે. જેમ કે તેમને ચારે પગે લોઢાની સાંકળથી બાંધી અદ્ધર ઊંધા લટકાવવામાં આવે છે. એ રીતે ભૂંડને અદ્ધર બાંધી તેની નીચે અગ્નિ સળગાવવામાં આવે છે...

ગુજરાતમાં પણ ભૂંડોને મારવાનું કતલખાનું થવાનું ચર્ચાય છે. (મહારાષ્ટ્ર જેવા) બીજા પ્રાંતમાં ભૂંડોને મારવાના કતલખાના શરૂ થઈ ગયાં છે. તેમ ગુજરાતમાં પણ ભૂંડોને મારવાનું ખાસ કતલખાનું થાય તો રોજ બહોળા પ્રમાણમાં ભૂંડોની કતલ થશે અને તે માટે બહોળા પ્રમાણમાં ભૂંડોની જરૂર પડે, તે માટે ગુજરાતમાં અત્યારે ભૂંડોનો વસવાટ થઈ રહ્યો છે એમ મનાય છે. એમ થવાથી ભૂંડોની સંખ્યા અનેક સ્થાને વૃદ્ધિ પામે પછી એ ભૂંડો પ્રજાને ત્રાસ રૂપ બને પછી પ્રજા કંટાળે, પછી પ્રજા એ ત્રાસથી બચવા માટે સરકારને વિનંતી કરે અને એ રીતે પછી ભૂંડો તરફથી થતા ત્રાસમાંથી પ્રજાને બચાવવા માટે ભૂંડોના નાશ કરવા માટે કતલખાનાની યોજના નક્કી થાય.

આજની આપણી થોડી ગફલત અનેક ભૂંડોની કતલમાં નિમિત્તભૂત બની જાય એવો ઘણો સંભવ છે. તે માટે તેની હિંસાના પાપથી બચવા માટે પોતાના ગામમાં પ્રથમથી જ ભૂંડોનો વસવાટ ન થવા દેવો એ જ ઈષ્ટ છે. તે માટે આજથી જ પૂરેપૂરા સાવધાન રહીએ તો જ બચાય. નહિતર ભૂંડો મફત મળવાથી એનું માંસમાં બીજા માંસ ભેળવી સસ્તા વેચાય એવી ગણતરી છે. ધંધુકા, ચાણસ્મા વગેરેએ એકાએક ભૂંડ પ્રવેશ જોઈ વિરોધ ઉઠાવ્યો છે. ગુજરાતની જનતા અહિંસા પ્રિય હોવાથી આ અંગે ચાંપતા ઈલાજ લઈ ભૂંડ પ્રવેશ અટકાવે એ જ શુભેચ્છા.

● **શંખેશ્વર :** આ વખતે લગભગ ૧૪૦૦ અક્ષમ તપના આરાધકો પોષ દશમીની આરાધના કરવા પધારેલ. પૂ.આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ., પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં વ્યાખ્યાનોથી આરાધનામાં અનેરુ જોશ આવેલ. એક ભાઈ તરફથી અક્ષમના પારણા કરાવેલ. પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ રાધનપુર તરફ વિહાર કરેલ છે.

● **રાધનપુર :** પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિ શંખેશ્વર પધારતા અત્રેના સંઘના ભાઈઓએ રાધનપુર પધારવા વિનંતી કરતા પૂજ્યશ્રી સમી જઈ રાધનપુર પધાર્યા હતા. ત્રણ દિવસ વ્યાખ્યાનમાં અને જાહેર વ્યાખ્યાનમાં લોકોએ લાભ સારો લીધો. રોકાવવા માટે આગ્રહ બહુ હતો, પણ જીરાવલા ઉપધાન અંગે પહોંચવાનું હોવાથી રોકાણ થઈ શકે એમ ન હતું. તેથી અત્રેથી પૂજ્યશ્રી વિહાર કરી સીનાર મુકામે પધારતા રાતના ઉપધાન કરાવનાર ભાઈશ્રી દલીચંદજી વગેરે વેળાસર જીરાવલા પધારી જવા વિનંતી કરવા આવ્યા હતા. આગળ ચૈત્રી ઓળી અને શિબિર માટે પણ વિનંતી કરી હતી. પો.સુ. ૮-

૯ ડીસા, વદ ૩ જીરાવલા પહોંચવા સંભવ છે. (મુ.પો. જીરાવલા, વાયા રેવદર, જી. સિરોહી રાજસ્થાન) આબુરોડથી રેવદર, રેવદરથી જીરાવલાની બસ મળે છે.

● **દાવણગીરી :** પૂ.આ. વિજય ભદ્રંકરસૂરિજી આદિ ઠા. ૧૦ ની નિશ્રામાં મા.સુ. ૧૦ થી ઉપધાન થતાં ૧૧૨ ભાઈ-બહેનોએ પ્રવેશ કર્યો છે. ૭૯ માળવાલા છે. વ્યાખ્યાનમાં પ્રદ્યુમ્ન ચારિત્ર ચાલે છે. પોષ દશમી નિમિત્ત અઠ્ઠમો ઠીક થયેલ. સ્વ.આ. વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજના કાળ ધર્મ નિમિત્ત દેવવંદન રત્નત્રયી મહોત્સવ ઉજવાયેલ. પોષ વદ ૬ ના છાણીવાળા ભૂપેન્દ્રની દીક્ષા, ચરણ પાદુકાની પ્રતિષ્ઠા ઠાઠથી ઉજવાશે. પો.વ. ૧૪ના માળારોપણ મહોત્સવ ઉજવાશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૪,અંક-૧૯,તા.૨૪-૧-૧૯૭૬

"જૈન" પત્રને શિખામણ

(લે. શાંતિલાલ ખુશાલચંદ શાહ)

"જૈન" પત્રમાં જૂઠી હકીકતો, જમાનાવાદ, શાસ્ત્રનિરપેક્ષતા અને બે તિથિવાળા પર દ્વેષથી પ્રેરાઈને જે અસત્ આક્ષેપો અને તર્કહીન ટિકા ટિપ્પણો પ્રકાશિત થાય છે એ આત્માર્થીને દુઃખ કરે એવું છે. એ નીચેની સત્ય વિગતોથી સમજાશે.

(૧) પાલીતાણા પર થનાર પ્રતિષ્ઠા અંગેની નકરા પદ્ધતિની જૈનપત્ર દલાલી કરે છે એ શાસ્ત્રનિરપેક્ષ બની જમાનાવાદમાં તણાઈને કરે છે. કેમકે શ્રી હરિભદ્રસૂરિ રચિત શ્રી સંબોધપ્રકરણ આદિ શાસ્ત્રો સાફ સાફ લખે છે કે જે દેવદ્રવ્યની ચાલુ આવકનો ભંગ કરે છે એ સંસારમાં ભટકે છે. દેવદ્રવ્યનો નાશ કરનારની જેમ એ ય દોષપાત્ર છે. એની ઉપેક્ષા કરનાર સાધુ પણ દીર્ઘસંસારી બને છે એ પણ શાસ્ત્ર વચન છે. પ્રતિષ્ઠામાં ઉછામણીથી આદેશ આપી દેવદ્રવ્યની આવક કરવાનું ચાલી આવે છે. એના બદલે અલ્પ નકરાથી આદેશ આપવામાં એ આવકને ધક્કો પહોંચે છે. હા, જ્યાં નવું જિન મંદિર ઊભું કરવામાં બીજી રીતે ખર્ચ ઊભો થાય તેમ ન હોય ત્યાં પહેલેથી અમુક નકરાથી રકમ ઊભી કરીને ય મંદિર નિર્માણ થાય છે, પણ તે ખાસી મોટી રકમનો નકરો ઠરાવીને. પરંતુ સિદ્ધગિરિ ઉપર નવી ટૂંક ઊભી કરવામાં એ કાંઈ સવાલ હતો જ નહિ. આ. x ક. પેઢી પાસે ભરચક નાણાં છે. ખરેખર તો એ નાણાંના પ્રમાણમાં આલીશાન પ્રાચીન ટુંક-મંદિરને યાદ કરાવે એવો પ્રતિષ્ઠાના આદેશ આપવા માટે મંદિર ખર્ચ ઊભો કરવાનો સવાલ તો રહેતો જ

નથી, અને જે સિદ્ધગિરિ ઉપર એક ભગવાનને બિરાજમાન કરવામાં સંઘ અનંત પુણ્ય સમજે છે, એ સર્વ તીર્થોમાં વડેરા તીર્થાધિરાજ સિદ્ધગિરિ ઉપર સેંકડો ભગવાન પ્રતિષ્ઠિત કરવા માટે સંઘોમાંથી લાખો રૂપિયાની ઉછામણીની આવક થાય એ સ્પષ્ટ છે. આને રૂંધીને માત્ર અલ્પ નકરાથી ભગવાન આપી દેવાનું કઈ રીતે સામાન્ય અક્કલ (Common Sense) થી પણ મનને બેસે ? કઈ રીતે એ ન્યાયમુક્ત ગણી શકાય ?

'મધ્યમવર્ગના લાભ માટે આ નકરા પદ્ધતિ લેવામાં આવી છે' એવી દલીલ કરાય છે તે અત્યંત વજુદ વિનાની છે, કેમકે એક તો આમાં શ્રીમંતોએ એકેકે ૧૦-૧૦, ૧૫-૧૫ ફોર્મ ભરી ચિઠ્ઠી ખેંચામણીમાં એક અનેક આદેશ મેળવ્યા છે, એનો લાભ મધ્યમવર્ગને ક્યાં મળ્યો ? વળી મધ્યમ પણ જૈન પોતાના તારણહાર દેવાધિદેવના ભક્તિનાં દેવદ્રવ્યની લાખોની આવકને ધક્કો પહોંચાડી જાતે અલ્પ નકશાથી ભગવાનની પ્રતિષ્ઠા કરવાનું ઇચ્છે જ નહિ. જો ઇચ્છે તો તે 'જૈન' યાને જિનનો ભક્ત શાનો ? રાજા કુમારપાળ જેવાએ પોતે સિદ્ધગિરિ સંઘ લઈને આવેલા તે તીર્થમાળ એમ જ પહેરવાને હકદાર હતા, છતાં મારા આદીશ્વરદાદાનો ભંડાર વધો.' એવી પ્રભુભક્તિથી પ્રેરાઈ પોતાની તીર્થમાળાને સંઘ વચ્ચે મૂકી, ને કોઈપણ ભાગ્યશાળી વધુમાં વધુ ઉછામણી બોલીને તીર્થમાળા પહેરો.' એમ કહી ઉછામણી બોલાવરાવી, પોતે પણ એમાં લાખોની રકમ સુધી બોલ્યા, છેવટે મહુધાના જગડ શ્રાવકે સવા ક્રોડની ઉછામણી બોલી આદેશ લીધો. દેવદ્રવ્યની અસાધારણ આવકને રૂંધી નાખી નજીવી રકમથી પ્રતિષ્ઠા કરી નાખવાનું ઘોર પાપ કયો સુજ્ઞ જૈન કરે ?

કહે છે,- 'આજે મોટી આવક કરવા જતાં ઈન્કમટેક્ષ ભરવો પડે છે.' પરંતુ આ વાહિયાત દલીલ છે. કેમકે એ જ વર્ષમાં ધાર્મિક આવક ખરચી નાખવામાં આવે તો એના પર કશો ટેક્ષ નથી લાગુ પડતો ત્યારે આ માત્ર આ પ્રતિષ્ઠાની લાખોની આવક જ નહિ, કિન્તુ વધારામાં પેઢી પાસેના ભંડોળમાંથી પણ ખરચો નાખવા માટે માળવા-મેવાડ અને બીજે પણ અનેકાનેક મંદિરો જીર્ણ બિસ્માર હાલતમાં પડ્યા છે. અરે ! ખુદ ગિરિરાજ પરની ટૂંકોમાં કેટલેય સ્થળે ભંગાર જેવી હાલત છે. આરસથી મઢાવવા યોગ્ય છે.

કહે છે, ગિરિરાજ પર સેંકડો બિંબોની પ્રતિષ્ઠા ઉછામણીથી કરવા જતાં ત્યાં લાખો માણસ ઉછામણી બોલવા ભેગા થાય એવી વ્યવસ્થા કેમ થઈ શકે ? આ સૂચવે છે કે આ પ્રતિષ્ઠાની ઉછામણીનો ભારતના સંઘોમાં કેટલો અનહદ રંગ હોય ? વળી, કા. ૧૫, ચૈ. ૧૫ કે અખાત્રીજ વખતે આ બોલી બોલવાનું રાખ્યું હોય તો કશો વાંધો આવતો નથી. પછી પ્રતિષ્ઠા એના મુહૂર્તે થઈ શકે છે.

બાકી તાજેતરમાં ખુદ આ. x ક. પેઢીના માણસોએ નકરા પદ્ધતિનો વિરોધ કરેલો. વાત એમ બનેલી કે સુરેન્દ્રનગરથી યાત્રાસંઘ પાલીતાણા ગયેલ, એમાં પેઢીના માણસોને કહેવામાં આવ્યું કે આમાં તીર્થમાળાની ઉછામણીની સારી રકમ બોલાય એવું લાગતું નથી તો નકરો ઠરાવો એ ભરી દઈએ. ત્યારે પેઢીના માણસોએ કહ્યું કે ઉછામણી જે થાય તે બોલો. નકરો ઠરાવવામાં તો ચાલુ રિવાજને એકવાર પણ ધક્કો લાગવાથી ભવિષ્યમાં નકરાનો શિરસ્તો પડી જાય ને દેવદ્રવ્યની મોટી આવકને નુકસાન ચાલુ થઈ જાય !

આ બધી વાસ્તવિકતા અને શાસ્ત્રાદેશ સામે 'જૈન' પત્રને જોવું નથી અને મહાન ગિરિરાજ પરની પ્રસ્તુત પ્રતિષ્ઠા અંગે પાપ નકરાપદ્ધતિની દલાલી કરવી છે એ કેટલું કારમું અજ્ઞાન છે ! હજુ પણ ભાઈબંધ 'જૈન' પત્ર સદ્‌બુદ્ધિ કેળવી શાસ્ત્રોની આજ્ઞાભંગનું મહાન પાપ ન કરવાની, અને લાખોની આવકને નોંતરતી ઉછામણી પદ્ધતિ અપનાવવાની હિમાયત કરે તેમજ પેઢી પણ આ સદ્‌બુદ્ધિ કેળવે.

(૨) 'જૈન' પત્ર સરકાર તરફથી ૨૫૦૦મી વીરનિર્વાણ ઉજવણી અંગે બહાર પાડવા ધારેલ મહાવીર ચિત્રકથાના પુસ્તકની દલાલી કરે છે એ પણ તારણહાર મહાવીર પરમાત્માની અને જૈનશાસ્ત્રોમાં વર્ણિક તીર્થંકરદેવના કલ્યાણકો વગેરેની કેટલી બધી અવગણનાને ટેકો આપવા જેવી દલાલી છે ! આ પુસ્તકના ચિત્રોમાં ઈસુ ખ્રિસ્તના જીવનના ચિત્રોનું અનુકરણ જોવા મળે છે. પરંતુ કયા ઈસુ ખ્રિસ્તનો જન્મ દેહ જીવન આદિ ? અને ક્યાં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીની લોકોત્તર જન્મ-ઉજવણી, લોકોત્તર દેહ, લોકોત્તર જીવન સાધના ? પ્રસ્તુત ચિત્ર પુસ્તકમાં લગભગ આમાંને કશાને ન્યાય નથી અપાયો એમાં તીર્થ કરતા-અરિહંતપણું કશું ઉપસી આવતું નથી. પ્રભુની આકૃતિ જાણે અણઘડ માણસોના એક નાગડા બાવા જેવી ચિતરવામાં આવી છે. ક્યાં પ્રભુનું લોકોત્તર રૂપસૌંદર્ય અને ક્યાં આ ચિતરામણ ? દેવોની ઉજવણી ટાળીને કેમ જાણે એવો ભાસ ઊભો કરાયો છે કે ઈતરોમાં હોય તેવા સામાન્યથી મહાવીર પણ એક મહાપુરુષ હતા ! શું આ તીર્થંકર પ્રભુની અવગણના નથી ? સમવસરણની દેશનાભૂમિ ટાળીને પ્રભુને એક ચોતરા પર માત્ર ૫૦-૧૦૦ માણસો આગળ ધર્મોપદેશ કરતા બતાવવા એ શું લોકોત્તર જિનશાસનની અવગણના નથી ? જૈનશાસ્ત્રો મહાવીરપ્રભુને દેવલોકમાંથી દેવાનંદાની કુક્ષીમાં અવતરવાનું બતાવે છે, ત્યારે આ પુસ્તકમાં સીધા ત્રિશલાની કુક્ષીમાં અવતર્યાનું રજૂ કરે છે. વળી આ પુસ્તક પ્રભુના યશોદા સાથેના લગ્નને ઊડાવે છે, ને એમ કરીને દિગંબર માન્યતાને આગળ કરે છે. એવી બીજી ઘણીય ભૂલો આમાં છે. આવા પુસ્તકનો પ્રચાર થઈ જ કેમ શકે ? શું જૈનો પાસે યથાર્થ

વીરચરિત્રોની બુક છપાવવા માટે પૈસા નથી ? 'જૈન' પત્ર આવી કાંઈક ટહેલ નાંખશે ?

(૩) જામનગર પાઠશાળા પ્રકરણમાં જાણે બે તિથિવાળાને વિસાશ્રીમાળી નાતમાં બે ભાગલા પડાવવા હતા એવી જૂઠી હકીકત પર 'જૈન' પત્રે ભાગલા પાડો અને રાજ્ય કરો. એવી બે તિથિવાળાની કુટનીતિ લખી. પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ પર આધારિત આક્ષેપો કર્યા એ વાસ્તવમાં સત્યથી તદ્દન વેગળી વિગતો પર આધારિત છે. હકીકતમાં એવી કોઈ વસ્તુ જ નહોતી. સકલ તપાગચ્છના શ્રમણ ભગવંતો ઉપધાન-પ્રતિષ્ઠા-સંઘ ઉત્સવો વગેરેમાં જેમ ભીંતિયા નહિ પણ જન્મભૂમિ પંચાંગના આધારે જ મુહૂર્તો જોઈ એના પંચાંગ પ્રમાણે દિવસો લખે છે, એમ જામનગર ઉપધાન અંગે લખાયેલ, અને વિના વિરોધે વીસા શ્રીમાળી નાતમાંથી ૪૦-૫૦ નામો પણ નોંધાયેલ. આમાં આરાધનાની તિથિ ફેરવવાનો સવાલ જ નહોતો, પણ માત્ર મુહૂર્તનો સંઘ માન્ય પંચાંગના આધારે દિવસ જ લખાયો હતો. ધ્રાંગધ્રામાં થયેલ ઉપધાન અંગે પણ એક તિથિની માન્યતાવાળા પૂ.આ.શ્રી વિનયચંદ્રસૂરીશ્વરજી મહારાજે પણ કંકોત્રીમાં જન્મભૂમિ પંચાંગના હિસાબે જ પ્રવેશતિથિ આસો સુદ તેરસ છપાયેલી, જ્યારે એમના ભીંતિયા પંચાંગમાં તો બે તેરસ હોવાથી ખરેખર તો પહેલી તેરસ જ લખવી જોઈતી હતી. પણ ન લખવાનું કારણ કે મુહૂર્ત જોવાના હિસાબે જન્મભૂમિ પંચાંગમાં બે તેરસ હતી જ નહિ. તો શું આ લખીને પૂ.આ.શ્રી વિનયચંદ્રસૂરિજી મહારાજે ધ્રાંગધ્રા સંઘમાં ભાગલા પડાવ્યા ? કે શું સંઘે વિરોધ કર્યો ? જામનગરમાં વિરોધ તો પાછળથી બહારના દ્વેષિલા તત્ત્વોની ચડવણીથી થયેલ. આ જોતાં 'જૈન' પત્ર કેવી જૂઠી હકીકત પર ભાગલા પાડો નો અસત્ આક્ષેપ કરે છે !

કહે છે 'સંઘ પ્લોટમાં વિનંતી કરવા ગયો છતાં આચાર્યશ્રીએ માન્યું નહિ.' આમાં ખરેખર તો જામનગરનો આખો સંઘ હતો જ નહિ, કેમકે એમાં જામનગર સંઘમાં જ ગણાતા વીસા ગુજરાતી તથા હાલારી ઓસવાલ નાતવાળા હતા જ નહિ. માત્ર વીસા શ્રીમાળી નાતવાળા વિનંતી કરવા ગયેલ. પરંતુ વિનંતી પાછળ આ ગણતરી હતી કે તમારે પ્લોટમાંથી ફેરવીને પાઠશાળામાં બીજી તિથિએ ઉપધાન કરાવવા હોય તો જ પાઠશાળામાં આવો' ઉપધાન કરાવનાર પૂજ્ય આચાર્યદેવશ્રીના બહારગામના ભક્ત, જે વિસા શ્રીમાળીના કેટલાય જુવાનીયાઓના શાસ્ત્રાદિ સામેના અપશબ્દોથી ત્રાસી ગયેલા, એ આવી શરત કેમ મંજૂર કરે ? છતાં પૂજ્ય આચાર્યદેવશ્રીએ 'જૈન' પત્રને આ સત્ય હકીકત જોવી નથી. ખરેખર તો વીસાશ્રીમાળીના નાતના જ યુવાનોના ખોટા તોફાન પર જામનગરના વતની

મુંબઈવાસી અને સંઘના મોટા આગેવાન પાછળથી વી.શ્રી.નાતવાળાને કહેલું કે 'તમે પાઠશાળામાં વી.શ્રી. નાત પૂરતા ઉપધાન યોજો, હું પોતે આવીશ અને તમારાં ઉપધાન પૂરા પાડી આપીશું.' પરંતુ એમણે તો આગ્રહ રાખ્યો કે આ જ ઉપધાન ત્યાં લઈ આવો અને પધારો. કેમકે એમને પ્લોટ સંઘવાળાનું નાક કાપવું હતું. કારણ, એ પ્લોટવાળાને પહેલા બોલેલા કે 'તમે આચાર્ય મહારાજને આશ્રય આપીને અમારું નાક કાપ્યું છે.' અલબત્ત ત્યારે પ્લોટવાળાએ જવાબ દીધેલો કે અમે તો તમારું નાક રાખ્યું છે. અને ખરેખર પૂજ્યશ્રીની નિશ્રામાં ઉપધાન વ્યવસ્થા સુંદર જાળવીને એ બોલ એમણે ચરિતાર્થ કર્યો.

'જૈન' પત્રની નજરમાં આ આવે ખરું ? પૂ. આચાર્યદેવશ્રી જ્યાં જ્યાં બિરાજ્યા છે ત્યાં ત્યાં શાંતિના સમીર અને હેતપ્રીત સાથે આરાધનાની સરિતાના શ્રોત વહ્યા છે. પાઠશાળામાં પણ એ ચાલુ હતું એમાં હવનમાં હાડકાં નાખવા જેવું પાપ કોણે કર્યું એની તપાસ કોણ કરે ? બાકી પ્લોટ ઉપધાનમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર તપના પદ્મસરોવરમાં બાળકો-બાળિકાઓ અને કુમાર-કુમારીકાઓ સહિત સૌ કેવા સુંદર ઝીલી રહ્યા હતા એની સાથોસાથ નોંધ લેવાનું 'જૈન' પત્રને ક્યાંથી ખપે ?

'જૈન' પત્રને સત્ય હકીકત જોવી નથી. બાકી વો દૂર બેઠા પણ જામનગરના વતની મુંબઈવાસી અને સંઘના મોટા આગેવાન શેઠશ્રી અમૃતલાલ કાળીદાશ દોશીએ વી.શ્રી નાતના યુવાનોનાં ખોટાં તોફાનોની હકીકત જાણી પૂજ્યશ્રી પર લખેલું કે 'આપશ્રીને અમારું સ્થળ છોડીને ચાલ્યા જવું પડ્યું એ અમારા માટે અત્યંત નાલેશીભર્યું છે. પરંતુ આજે યુવાનોના હાથમાં દોર છે...'

મળેલી વિગત મુજબ પાલીતાણા સ્થિત પૂ.આ.શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ પણ વંદનાર્થે ગયેલા જામનગરના શ્રાવકને બોલેલા કે આવા વિદ્વાન તપસ્વી આચાર્યશ્રીની સામે પાઠશાળાવાળાએ જે કર્યું તે ઘણું ખોટું કર્યું છે. 'જૈન' પત્ર આ જાણીને અસત્યવાદાદિ-પાપને ધુએ તો સારું.

હિતભાવે લખવાનું મન થાય કે ખોટી હકીકતો, અસદ્ આક્ષેપો શાસ્ત્રાજ્ઞા-ઉલ્લંઘન ઇત્યાદિ દ્વારા આજના બાળભદ્રક જીવોનો બુદ્ધિભેદ કરવો એ સુવિહિત સાધુ મહારાજોની અવગણના હલકાઈ કરવી એ મહાપાપમાં ન પડાય તો સારું.

● **જીરાવલાજી :** પૂ. આચાર્યદેવશ્રી **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** સપરિવાર ઉગ્ર વિહાર કરી અત્રે ઉપધાન અંગે પો. ૧૫ પધારી ગયા છે. જુનાડીસા-રાજપુર નવાડીસા સંઘે એઓશ્રીનો સારો લાભ લીધો. જુનાડીસામાં સંઘમાં અખંડ અઠ્ઠમની લિન્ક ચાલુ રાખવા ઉપદેશ કરતાં મહિને મહિને ૧-૧ અઠ્ઠમ કરવાનાં

૨૦-૨૨ જણે નામ નોંધાવ્યા. રાજપુર-નવાડીસામાં પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજે વિશેષ યુવાનોમાં નાખેલા ધર્મના ઊંડા પાયાના હિસાબે યુવાનો રોજ પ્રભાતે સુંદર શાસ્ત્રપાઠ કરે છે, ને એમણે પૂ. આચાર્યદેવશ્રી પાસેથી રાતના તાત્ત્વિક પ્રશ્નોનાં હૃદયગમ સમાધાન મેળવ્યા. પૂજ્યશ્રીના ઉપદેશથી ભીલડી-ડીસા વચ્ચેના સેડિયા ગામ, તથા તે પછી આગળ સિહોરી-દૂગરાસણા-કંસારી-વાંસડાલ ગામોમાં ગૃહમંદિર કરવાનું નક્કી થયું. અત્રે જીરાવલાજીમાં પો.વ. ૬થી ઉપધાન-પ્રારંભમાં પ્રવેશ કરવા પત્રો પર પત્રો આવી રહ્યા છે. બીજું મુહૂર્ત પો.વ. ૮નું છે. અત્રેનું સરનામું જૈન મંદિર, મુ.પો. જીરાવલા. જિ. સિરોહી. રાજસ્થાન.

● **જીરાવલા :** અત્રે પૂ. આચાર્યદેવોશ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ તથા વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ૧૭૫ આરાધકોને ઉપધાન તપની આરાધના રંગેચંગે ચાલુ થઈ ગઈ છે. પ્રાચીન પવિત્ર તીર્થધામ, અને શાંત સ્વચ્છ વાતાવરણ, એટલે આરાધનામાં ઉલ્લાસ અનેરો આવે એ સ્વાભાવિક છે. ઉપધાનમાં વીસનગરના પટેલે તો અઠ્ઠાઈથી અને બીજા કેટલાકે અઠ્ઠમથી જ શરૂઆત કરી. ઘણાઓએ બિનજરૂરી ન બોલવાનો નિયમ કર્યો. માળ પ્રસંગ પર ઉજમણું કરવાની વાત થતાં પંદરેક છોડ તો નોંધાઈ ગયા. છોડ તૈયાર થઈ શકશે તો ઉજમણું થશે.

અમદાવાદના કાપડ માર્કેટના વેપારી શ્રી છગનલાલજીને પોતાના વતન કાલિન્દ્રીમાં ભવ્ય ઉદ્યાપન મહોત્સવ કરવાનું હોવાથી તે પર પધારવા પૂ. આચાર્યદેવશ્રીને ખૂબજ આગ્રહભરી વિનંતી છતાં ઉપધાન રોકાણના લીધે પોતે પધારી નહિ શકવાથી પોતાના પ્રશિષ્ય મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મહારાજને મોકલશે.

● **રાતા મહાવીરજી :** અત્રે પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ તથા પૂ.આ. શ્રી વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ઉપધાન તપની સુંદર આરાધના ચાલી રહી છે. અગવરી, તખતગઢ, અને પાદરલીમાં મોટી ધામધૂમ અને મોટી ઉપકરણ ઉછામણીપૂર્વક દીક્ષિત થયેલ મુનિઓમાંથી બે મુનિઓની અત્રે પૂ. પંન્યાસજી મ.ના વરદહસ્તે પો.વ. ૬ ની વડીદીક્ષા થઈ. નામ, મુનિશ્રી સિદ્ધિરત્નવિજયજીને પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજીના શિષ્ય તરીકે તથા મુનિશ્રી પૂ. મુક્તિરત્ન વિજયજીને મુનિરાજશ્રી વીરરત્ન વિજયજી મ.ના શિષ્ય તરીકે જાહેર કરાયા. ત્રીજા મુનિશ્રી પુણ્યરત્નવિજયજીની વડીદીક્ષા જીરાવલામાં આચાર્યદેવશ્રીના વરદ હસ્તે

થતાં એમને પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ના શિષ્ય તરીકે જાહેર કરાયા.

● **ખંભાત :** ધી યંગમેન્સ જૈન વોલંટીયર કોર ખંભાત સંચાલિત બસયાત્રા સંઘે જેસલમેર, જોધપુર, ઉદેપુર, રાણકપુર, દેલવાડા આદિ ૩૨ તીર્થોની યાત્રા કારતક સુદ ૧૦ના રોજથી ૧૪ દિવસમાં કરી, સુખરૂપ અત્રે આવી પહોંચતાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથના દહેરાસરે ભવ્ય અંગરચના થઈ. પાંજરાપોળમાં રૂા. ૧૫૧ના પૂળા નાંખવામાં આવ્યા. માગશર વદ ૧૧ ને રવિવારે એક સમારંભ શ્રી હીંમતલાલ ભીખાભાઈના પ્રમુખસ્થાને રાખવામાં આવ્યો. શ્રી અમૃતલાલ સાડીવાલા, રસીક દંતારા, વગેરે તથા પ્રમુખશ્રીએ સમારંભના પ્રમુખશ્રીનું સન્માન કર્યું. અને શ્રી મહાવીર જૈન સ્નાત્ર મંડળ, ચીમનલાલ, ભરત સાડીવાળા, નવીન શાહ અને યાત્રાળુઓ તરફથી શ્રી માણેકલાલ ચોકસીએ આ યાત્રા પ્રવાસ યોજવા બદલ વોલંટીયર કોરના પ્રમુખશ્રી રસીકલાલ તથા ઉપપ્રમુખ શ્રી કનુભાઈ જંબુભાઈનું સન્માન કર્યું હતું. ત્યારબાદ યાત્રાળુઓને સ્ટીલની થાળીની લહાણી કરવામાં આવી.

● **જીરાવલાજી :** અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજની પવિત્ર નિશ્રામાં લગભગ પોણા બસો જણને ઉપધાન તપની આરાધના સુંદર ચાલી રહી છે. ત્રીસેક પુરુષો છે, અને ૮૦ લગભગ માળ પહેરનારા છે. ૧૦૦ ખમાસમણ સ્પષ્ટ ઉચ્ચારણે અને ઊભા ઊભા દેવાય એટલા માટે ૨૫-૨૫ ખમાસમણાંના વિભાગથી દેવાય છે. એમાં ૨૫-૨૫ ના આંતરે પૂજ્યશ્રી ચૈત્યવંદન ભાષ્યના પદાર્થ સમજાવે છે. આરાધકો મોકો આવતાં મહિનામાં ૨૦ દિવસ જિનપૂજા કરવી, અમુક દિવસ મીઠાઈત્યાગ વગેરે નિયમો લે છે. વૈરાગ્ય ઝરતા પ્રવચન અને તીર્થનું વાતાવરણ પણ બહુ જ સૌમ્ય અને પવિત્ર ભાવના પ્રેરનારું હોઈ આરાધકોની આરાધના ખૂબ જ ઉલ્લાસ ભરી રહે છે. ઉપવાસના દિવસે બપોરે પણ વ્યાખ્યાન ચાલે છે. પૂજ્યશ્રીને ચોમાસા માટે જામનગર પ્લોટ તથા શાંતિભુવનની જોરદાર વિનંતી છે. બીજા પણ અનેક ક્ષેત્રોની વિનંતીઓ આવી રહી છે.

● **સાજા :** (તા. કલોલ) અત્રે જિનમંદિરમાં ગણિવર શ્રી યશોભદ્રવિજયજી મ.ની નિશ્રામાં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. નાના ગામમાં રૂા. ૧૦-૧૨ હજારની ઉપજની આશા, તેના બદલે રૂા. ૫૨ હજારની ઉપજ થઈ. મૂળનાયક શ્રી વાસુપૂજ્ય સ્વામીને બિરાજમાન કરવાના રૂા. ૧૧૧૧૧ દ્વારોદ્‌ઘાટનના રૂા. ૧૧૧૦૧

વરઘોડામાં રથમાં પ્રભુને લઈને બેસવાના રૂા. ૫૫૦૧ વગેરે ઉછરંગથી બોલીઓ થઈ. ગુરુને કામળ વહોરાવવાના રૂા. ૨૨૦૧ થયા. એકંદર ઉલ્લાસ બહુ. પૂજ્યશ્રી ત્યાંથી મેડા-આદર જિનેન્દ્રભક્તિ-ઉત્સવ પર પધારશે.

● **જામનગર :** અત્રે શાંતિભુવનમાં પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજનાં ધર્મ-ઓજસ પ્રગટાવતા અને જિનાજ્ઞા પર શ્રદ્ધા જોમ જગાવતા વ્યાખ્યાનોનો ખૂબ સુંદર લાભ લેવાયો. વ્યાખ્યાઓએ કલુષિત વાતાવરણને નિર્મળ કરવામાં સારું કામ કર્યું. જ્યારે એઓશ્રીએ છેલ્લે છેલ્લે વ્યાખ્યાનમાં વિહારની વાત કરી ત્યારે અનેકની આંખોમાં આંસુ વહી રહ્યા હતા. વિહાર વખતે ઘણા શ્રાવક શ્રાવિકાઓના હૈયાં રડી રહ્યા હતા. ઠેઠ ધુંવાવ અને અલિયાબાડા સુધી લોકો વળાવવા ગયેલા એ અને રોજ ને રોજ વ્યાખ્યાનમાં ભરચક હાજરી વગેરે જોતાં જનતાનો પ્રેમ ખૂબ જ દેખાયો. જનતા એઓશ્રીના અત્રે ચોમાસા માટે ખૂબ જ ધખી રહી છે.

રાજસ્થાનમાં ત્રણ યુવકોની ધામધૂમથી થયેલી દીક્ષાઓ

● **તખતગઢ** નિવાસી ભૂરમલજી ધનાજી ભંડારીના સુપુત્ર પ્રેમચંદે (ઉંમર ૧૯ વર્ષ) મેટ્રીક સુધી વ્યવહારિક અભ્યાસ કરીને બે વર્ષ સુધી ગુરુભગવંતોનો પરિચય કર્યો હતો. પોતાની વૈરાગ્યભાવના તીવ્ર બનતા પોતાના કુટુંબીઓ પાસે દીક્ષા લેવા માટે વિનયપૂર્વક અનુમતિ માગી પોતાના કુટુંબમાં જ નહીં પરંતુ તખતગઢ જેવા ધાર્મિક ક્ષેત્રમાં પણ સુખીસંપન્ન બાલ બ્રહ્મચારી યુવાનની દીક્ષાનો પ્રથમ હોવાથી ઘણા ઉત્સાહથી સિદ્ધચક્ર મહાપૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવપૂર્વક દીક્ષા-મહોત્સવ કરવાનો નિર્ણય કરી પત્રિકાઓ છપાવી ગામોગામ આમંત્રણ મોકલવામાં આવ્યું. મહોત્સવ દરમ્યાન સંગીતકાર વસ્તીલાલ ઠાકુરના કલાસીકલ સ્તવનો અને આધુનિક ગીતો આદિના કારણે પૂજામાં લોકોની ભીડ જામતી. માગશર સુદ ૯ ના દિવસે બપોરે વરસીદાનના વરઘોડામાં ગજરાજ, પ્રભાતબેન્ડ, શ્રી આદિ જિન તખતગઢ સેવા મંડલ બેન્ડની પાછળ શણગારેલી ખુલ્લી કારમાં રાજશાહી પોષાકમાં રાજકુમાર જેવા શોભી રહેલ યુવાન પ્રેમચંદ વરસીદાન આપી રહ્યા હતા. લગભગ ૪ હજાર માનવોએ વરઘોડો નિહાળીને ધન્યતા અનુભવી હતી. રાત્રે વાનોલીમાં હાથી ઉપર બેસાડી પ્રેમચંદને સ્વાગત મંડપમાં લઈ જઈ અભિનંદન

મેળાવડો શરૂ કરવામાં આવ્યો હતો. મંડપમાં હજારો લોકો આવવાથી કેટલાક મંડપની બહાર ઊભા હતા. જયપુર આદિ નગરોથી આવેલ અતિથિઓએ દીક્ષાની અનુમોદના અંગે ભાષણો કર્યા હતા. અભિનંદનપત્ર અર્પણ કરવાના આશ્ચર્યકારક ચઢાવા થયા હતા. માગશર સુદ ૧૦ ના સવારના ૭ વાગે દીક્ષાર્થી મંડપમાં પધારતાં વિશાલ મંડપ ચિક્કાર ભરાઈ જતાં કેટલાકને બહાર ઊભા રહેવાનું થયું હતું. દીક્ષાની ક્રિયા પ.પૂ. પ્રવચન પ્રભાવક આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા સાહેબના સુશિષ્ય મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી ગુણરત્નવિજયજીએ શરૂ કરાવેલ. લગભગ ૬-૭ હજાર માનવીઓએ દીક્ષાની ક્રિયા જોઈને આનંદ અનુભવી રહ્યા હતા. પાતરા આદિ વહોરાવવાનાં ઉછામણી બોલતા ભારતભરમાં ઉછામણીનો નવો રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. તખતગઢના સુવર્ણ ઈતિહાસમાં આ પ્રથમ પ્રસંગ છે એમ ઘણા જણ બોલતા હતા. પ્રેમચંદનું નામ પુણ્યરત્નવિજયજી રાખવામાં આવ્યું.

માગશર સુદ ૧૪ ના દિવસે તખતગઢથી વિહાર કરી બધા મુનિરાજો વિહાર કરી પ.પૂ. આચાર્ય ભગવંતશ્રીની નિશ્રામાં જીરાવલાતીર્થ આવ્યા. અને પોષ વદ ૬ ના દિવસ પ.પૂ.આ. હીરસૂરીશ્વરજી મ.સા. અને પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ની પરમ પવિત્ર નિશ્રામાં વડી દીક્ષા થઈ અને નૂતન મુનિશ્રીના કુટુંબીઓએ કામલી આદિ વહોરાવેલ. મુનિશ્રી પુણ્યરત્નવિજયજીને મુનિશ્રી ગુણરત્નવિજયજીના શિષ્ય જાહેર કરેલ.

● **અગવરી** (રાજસ્થાન)માં બાલ બ્રહ્મચારી મોહનલાલ શેષમલજી (ઉંમર ૩૦ વર્ષ)ની દીક્ષા નિશ્ચિત થતા નમિઉણ પૂજન સહિત અઠ્ઠાઈ મહોત્સવ કરવાનો નિર્ણય થયો. વરસીદાનનો વરઘોડો માગશર સુદ ૩ ના દિવસે શરૂ થતાં તેમાં હાથી, ઘોડા, ચાંદીનો રથ, ઈન્દ્ર ધ્વજા આદિ શોભતા હતા. હરજી, ગુડા લીલોતરા, દયાલપુરા, તખતગઢ આદિ નગરોથી ભાવિકો આવેલ. રાત્રે અભિનંદનનો મેળાવડો હતો. માગશર ૪ના દિવસે પ.પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ. અને પ.પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ની સાંનિધ્યમાં દીક્ષાની ક્રિયા શરૂ થઈ. ઉપકરણોની ઉછામણી ચિરસ્મરણીય રહે તેવી થઈ. મુમુક્ષુ મોહનલાલનું નામ મુનિશ્રી મુક્તિરત્નવિજયજી મ. રાખવામાં આવેલ.

● માગશર સુદ ૫ થી અંબાલાલ સાંકલજી (ઉં. ૨૦ વર્ષ)ના નિમિત્તે સિદ્ધચક્ર મહાપૂજન નમિઉણ મહાપૂજન સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ શરૂ થયો. પૂજાભાવનામાં અજમેરવાલા સંગીતકાર ગોપાલ એન્ડ પાર્ટી વિવિધ ભજનો અને સ્તવનોથી શ્રોતાઓનો ઉલ્લાસ વધારતાં. **પાદરલીમાં** યુવાનની દીક્ષાનો પ્રથમ પ્રસંગ

હોવાથી થુંબા, ચાંદરાઈ કવરાડાથી સેંકડો ભાવિકો આવેલ. માગશર સુદ ૯ ની સાંજે અને માગશર સુદી ૧૦ ની સવારે સાધર્મિક વાત્સલ્ય રાખવામાં આવેલ. પ.પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજે દીક્ષાની ક્રિયા સવારમાં શરૂ કરાવેલ. ઉપકરણની ઉછામણી ઘણી સારી થયેલ. મુમુક્ષુ અંબાલાલનું નામ મુનિશ્રી સિદ્ધિરત્ન-વિજયજી રાખવામાં આવેલ. ત્યાંથી વિહાર કરીને રાતા મહાવીરજી પધાર્યા. ત્યાં પોષ વદ ૬ ના દિવસે પ્રશાન્તમૂર્તિ પંન્યાસજી ભદ્રંકરવિજયજી મહારાજના પવિત્ર કરકમલો દ્વારા બંને નૂતન મુનિઓની વડીદીક્ષા થઈ. મુનિશ્રી સિદ્ધિરત્નવિજયજીને મ.ને મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ.ના શિષ્ય જાહેર કરવામાં આવ્યા અને મુનિશ્રી મુક્તિરત્નવિજયજીને મુનિશ્રી વીરરત્નવિજયજીના શિષ્ય જાહેર કરવામાં આવ્યા.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૪,અંક-૨૩,તા.૨૧-૨-૧૯૭૬**

● **અમદાવાદ :** અત્રે પૂ. મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મહારાજને શ્રી ભગવતીજીના યોગોદ્વહન ગત ચાતુર્માસમાં ચાલુ થયેલ. એમને ગણિપદ પ્રદાનનો ભવ્ય જિનેન્દ્રભક્તિ મહોત્સવ શાન્તિસ્નાત્ર-સિદ્ધચક્રપૂજન સહિત અત્રે પગથિયાના ઉપાશ્રયના શ્રીસંઘે ધામધૂમથી ઉજવ્યો. પાછિયાની પોળનાં વિશાલ ચોગાનમાં સુશોભિત મંડપ ઊભો કરવામાં આવેલ. ભાઈઓ-બેનોના સંગીતમંડળોએ પૂજા-ભાવનામાં ઠાઠ સુંદર જમાવ્યો. પૂ. આચાર્યદેવો શ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજ, શ્રી વિજય માનદેવસૂરીશ્વરજી મ. શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મ. તથા શ્રી વિજયમુક્તિચંદ્રસૂરીશ્વરજી મ. આદિ વિશાલ સાધુ-સાધ્વી તથા ભરચક શ્રાવક શ્રાવિકાની મેદનીની હાજરીમાં મહા સુદ ૧૦ મંગળવારે પૂ. મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મહારાજને ગણિપદપ્રદાન કરવામાં આવ્યું અને એમને મુનિશ્રી ધર્મજિત્વિજયજી ગણી તરીકે જાહેર કરવામાં આવ્યા.

આ પ્રસંગે પૂ.આ.ભ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજે જિનશાસનમાં પચ્ચક્ખાણનો મહિમા સમજાવતાં એથી આત્મામાં કેવું સત્ત્વ પ્રગટ થાય વગેરે પર વિવેચન કર્યું હતું. ત્યારબાદ પૂ. ચંદ્રશેખરવિજયજી મ. પોતાની આગવી જોશીલી વૈરાગ્ય નીતરતી વાણીથી બોલ્યા કે 'મોહનીયના ક્ષય માટે જ સઘળી પ્રવૃત્તિ છે. તીર્થકરદેવો પણ મોહનીયના ક્ષય માટે જ પુરુષાર્થ કરે છે. મોહનીયના ક્ષય માટે જ્ઞાનની જરૂર છે. જ્ઞાનનો અધિકાર પ્રાપ્ત થતાં પદવી અપાય છે તે પદવી પણ સ્વ. પરના મોહના ક્ષય માટે જ હોય છે. **અંધેરીમાં પૂ.આ.ભ. વિજય પ્રેમસૂરીશ્વરજી મ.**

એક વખત ઉદાસ બેઠા હતા. પૂ. ભાનુવિજયજી મહારાજે કારણ પૂછ્યું ત્યારે આ.ભ. કહ્યું કર્મસાહિત્ય લેનાર નથી. ત્યારે પૂ. ભાનુવિજયજી મહારાજે દશેક શિષ્યોને કર્મશાસ્ત્રની ભૂમિકા સમજાવી પૂ.આ.ભ. ને કમ્મપયડી સુધીના અધ્યયન માટે ભેટ કરી. પછી ભાનુ વિ.મ. ન્યાયની ભૂમિકા પણ સમજાવી તેથી પૂ. આચાર્યદેવે કર્મસાહિત્ય ગ્રન્થો લખવા માટે મુનિઓને કટિબદ્ધ બનાવ્યા. પોતાને ખૂબ સંતોષ થયો. આમાં ત્રણ મુનિપુંગવો અગ્રણી બન્યા. એમણે લોકપ્રશંસા નામના-કીર્તિ બધું દફનાવી કર્મસાહિત્યના ઊંડા સાગરમાં ડુબકીઓ લગાવી. પૂજ્યશ્રીને આ એવા રત્નો પ્રાપ્ત થયા કે સાહેબજીની જે ૧૫ વોલ્યુમ્સ કર્મસાહિત્યના સરજાવવાની ઇચ્છા હતી, તેમાંથી ૧૦ પ્રકાશિત પણ થઈ ગયા. તેઓમાં પૂ. જયઘોષ વિ.મ. સિદ્ધાંતમાં અને પૂ. ધર્માનંદ વિ.મ. તર્ક અને ગણિતમાં એક્કા; ને શ્રી વીરશેખર વિ.મ. પાકૃતગાથાઓ રચવામાં નિષ્ણાત. **આમાં બે મુખ્ય મુનિરત્નો પૂ. જયઘોષ વિજયજી મ. તથા પૂ. ધર્માનંદ વિ.મ.** મુનિઓને પદાર્થ સમજાવતા, જેના પરથી એ મુનિઓએ પાકૃત ગાથા પર ટીકાઓના મહાકાય ગ્રન્થો લખતા, તેનું સંશોધન આ બે મુખ્ય મુનિરત્નો જ કરતાં.

પૂ. આચાર્યભગવંતે ધર્માનંદ વિ.મ.ને ભગવતીસૂત્ર પર ૧ લાખ શ્લોકપ્રમાણ ટીકા લખવાનો આદેશ કર્યો હતો. જે તેઓશ્રીએ શિરસાવંદ્ય કરેલ. આવા મહાત્માઓ પદવી માટે સુયોગ્ય છે. કારણ કે જેઓએ બહાર ફરવાની વ્યાખ્યાતા બનવાની ને શિષ્યો બનાવવાની સ્પૃહા ન રાખતાં સુંદર શ્રુતસેવા કરી. સ્પૃહા ન રાખનારને સિદ્ધિ સામેથી આવી મળે છે. તેના પર દૃષ્ટાંત વશિષ્ઠ બ્રહ્મર્ષિ હતા. વિશ્વામિત્ર રાજર્ષિ હતા વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ થવા માટે ઘણી લાલસા... વશિષ્ઠ તેને બ્રહ્મર્ષિ પદવી આપતા નથી અંતે ખૂન માટે તૈયાર ! જ્યાં કુટિરની પાછળ સંતાઈને વિશ્વામિત્ર મારવા આવે છે ત્યાં જ અરુન્ધતી સાથે વશિષ્ઠ પૂર્ણિમાના વખાણ કરતા એમાં અરુન્ધતી કહે કે 'ઉપમા આપો આ ચાંદની કેવી છે ?' ત્યાં જ વશિષ્ઠ વિશ્વામિત્ર રાજર્ષિની તપની ઉપમા આપે છે, અને ત્યાં જ ખંજર ફેંકી વિશ્વામિત્ર વશિષ્ઠના ચરણમાં લેટી જઈ 'હું અધમ-નીચ-ખૂની મારે હવે બ્રહ્મર્ષિપદવી જોઈતી નથી. મારા જેવો નાલાયક બીજો કોણ ?' જ્યાં આ રીતે ના પાડે છે ત્યાં જ વશિષ્ઠે બ્રહ્મર્ષિની પદવી આપી. દૃષ્ટાંત આટલા પૂરતું છે કે સ્પૃહા ન હોય ત્યાં સિદ્ધિ સામેથી આવે. હવે નૂતન ગણિવર્ય પૂજ્યશ્રી ૧ લાખ શ્લોક ભગવતી પર ટીકા લખવાના. મારા જેવાને તો પદાર્થ સમજાતા નથી પરંતુ આવા મહાત્માઓની ચર્ચા-વિચારણા તથા પદાર્થ છણાવટમાંથી આપણે ઘણું ઘણું મેળવવાનું છે માટે એ જ પ્રાર્થના કરીએ કે મહાત્મા એવા ગ્રન્થરત્નો રચી એમનું અગાધજ્ઞાન આપણને આપે.

પદવીક્રિયા પૂર્ણ થયા બાદ ઘણા ભાવિકોએ કામળીઓ, કપડાઓ, ઓઘાની ઊન વગેરે વહોરાવવાનો લાભ લીધો હતો વાજતે ગાજતે બેન્ડ સહિત-સંઘ નૂતન ગણિવર સાથે મહાવીરસ્વામી દર્શનાર્થે ગયો હતો.

● **જીરાવલા :** અત્રે ઉપધાનતપની આરાધના સુંદર ચાલી રહી છે. પૂ. સાધ્વીજી મહારાજો શ્રી વિજ્ઞાનશ્રીજી, શ્રી રોહિતાશ્રીજી, શ્રી રોહિણાશ્રીજીની નિશ્રામાં અત્રે લગભગ ૪૦ સાધ્વીજી મહારાજોના ખાસ લાભાર્થે પૂ.આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ ચતુર્વિધ સંઘને રોજ ચાલુ વ્યાખ્યાનપૂર્વે શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર પર પ્રમાદત્યાગના પ્રવચનો આપતાં. સાધુ-સાધ્વીજી તથા મુમુક્ષુ ભાઈ બેનોમાં વિશેષ જાગૃતિ અને ઉત્સાહ પ્રગટી રહેલ છે. પૂજ્ય આચાર્યદેવશ્રીએ પોષ વદ ૫ અત્રે પ્રવેશદિનથી વર્ધમાન આંબેલ તપની ૧૦૭ મી ઓળી ચાલુ કરેલી, પરંતુ અવાજ બેઠેલો હતો, તેથી ચતુર્વિધ સંઘે પારણું કરાવવા માટે ખૂબ જ તત્પર હતો એમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓમાંથી લગભગ ૫૮૦૦ આયંબિલ કરવાનું નક્કી કરી સંઘે ખૂબ આગ્રહ કરીને પૂજ્યશ્રીએ મહા વદ ૧ ના રોજે પારણું કરી લેવાનું નક્કી કરાવ્યું. એમાં અત્રેના પ્રમુખ ટ્રસ્ટી શ્રી દલીચંદજીએ ૧ વર્ષમાં ૧૮૦ ઉપવાસ નક્કી કર્યા. મુમુક્ષુ બેનો તથા ભાઈઓમાંથી દર વર્ષે ઓછામાં ઓછા ૧૦૦ આયંબિલ લેખે દરેકે ૧૦૨૫, ૧૦૨૫, તથા ચતુર્વિધ સંઘમાંથી દરેકે ૧ વર્ષમાં ૧૨૫-૧૨૫, ૧૦૭-૧૦૭, ૫૧ વગેરે આયંબિલ નોંધાવ્યા. પૂ. સાધ્વીજી મહારાજોએ આમાં ખાસ લાભ લેવા ઉપરાંત કેટલીક સાધ્વીજીઓએ ૧ વર્ષ નવકારશીબંધ, ૩ વીસસ્થાનક ઓળી.

● **મલાડ :** અત્રે હીરસૂરીશ્વરજી નૂતન પોષધશાળામાં પૂ.પં. શ્રી ચરણવિજયજી ગણિવરની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી દેવસુંદરવિજયજી મ.ના સંસારીપણે પિતા શ્રી નાનચંદ દોશી તથા ભાઈશ્રી રાયચંદભાઈ અને સુપુત્રો પ્રતાપભાઈ ને પ્રવીણભાઈ તરફથી ઉપધાન શરૂ થયેલ. એમાં ૯૫ માળવાળાને મહા સુદ ૧૦ ના માલારોપણનો મહોત્સવ સુંદર ઉજવાઈ ગયો. પરમ શાસનપ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી પૂ. મુનિરાજશ્રી ભદ્રશીલ વિજયજી મહારાજ સુંદર વ્યાખ્યાનો આપતા. તપસ્વીઓને આરાધનામાં ઘણો ઉત્સાહ રહ્યો. માળારોપણની બોલી રૂા. ૬૮ હજારની થઈ. કાર્યકર શ્રી શાંતિલાલ મણીલાલે પોતાની મંડળી સાથે સુંદર વ્યવસ્થા જાળવી. હવે ઉપરોક્ત ઉપધાન કરાવનારાઓની ભાવના શ્રી સિદ્ધગિરિમાં સમૂહ નવાણુ યાત્રા કરાવવાની છે, ને એ માટે પૂ. આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને વિનંતી કરી છે.

● **ધંધુકા :** અત્રેના અગ્રગણ્ય ગાંધી પોપટલાલ પાનાચંદવાળા શ્રી કપૂરચંદભાઈની સુપુત્રી કુ. સ્મિતાબહેન (ઉં.વ.૧૯)ની ભાગવતી દીક્ષા અંગે શાંતિસ્નાત્ર સહ અષ્ટાન્હિકા મહોત્સવ જૈન સોસાયટીના વિશાળ પટાંગણમાં ભવ્ય મંડપમાં પૂ.આ. શ્રી વિજય હિમાંશુસૂરિજી તથા પૂ.આ. શ્રી વિજય નરરત્નસૂરિજી તથા પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજય આદિની નિશ્રામાં અનુપમ ઉજવાયો. મહા સુદ ૪ ના વરસીદાનના વરઘોડામાં બેન્ડ, હાથી, પ્રભુજીનો રથ, ચતુર્વિધ સંઘ અને દશેક હજાર માનવમેદની હતી. તે દિવસે ગાંધી તરફથી નવકારશીના જમણમાં ત્રણ હજારની સંખ્યા હતી. ધ્રાંગધ્રાના ધારાસભ્ય નગીનદાસ શાહના પ્રમુખપણા નીચે દીક્ષાર્થીને સન્માન સમારંભ યોજેલ તેમાં અતિથિવિશેષ તરીકે શિક્ષણ પ્રધાન શ્રી નવલભાઈ શાહ વગેરેએ જૈન ધર્મના ત્યાગધર્મને સુંદર અંજલિ આપેલ. સંઘ તરફથી દીક્ષાર્થીને કામળી અપાયેલ. સંઘના પ્રમુખ તરીકેની ૩૦ વર્ષની સેવા અંગે શ્રી પોપટભાઈ ગાંધીને સન્માનપત્ર ચાંદીની ફ્રેમ સાથે અર્પણ કરેલ. ઉપરાંત પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજની સેવાભાવથી તબીબી સારવાર કરવા અંગે ડૉ. શ્રી રતિલાલ પી. ગાંધીને સન્માન પત્ર એનાયત કરેલ. મહાસુદ ૫ ના રોજ શ્રી રાજપૂત બોર્ડીંગમાં વિશાળ મંડપમાં ૫૦૦૦ની માનવમેદની સમક્ષ પૂ.આ. દેવોએ કુ. સ્મિતાબહેનની દીક્ષા વિધિ કરેલ, નૂતન દિક્ષીતનું નામ સાધ્વીજી **શ્રી સંવેગરત્નાશ્રીજી** આપવામાં આવેલું.

● **અમદાવાદ :** ૫.પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન ૪૨ વર્ષના દીર્ઘસંયમી પૂ. મુનિરાજશ્રી જયવિજયજી મહારાજને પોતાના ચારિત્રમાં ભાવોલ્લાસ વધવાથી અને ચડતા પરિણામ રહે એ હેતુથી અત્રે કાળુશીની પોળમાં મહા સુદ ૮ થી સુદ ૧૫ સુધીનો શાંતિસ્નાત્ર સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ૫.પૂ. આચાર્યદેવ પ્રશાંતમૂર્તિ શ્રીમદ્ વિજય ભક્તિસૂરિજી મ.સા.ની નિશ્રામાં ઉજવાઈ ગયો. આ ઉત્સવમાં ખંભાતવાળા શેઠ શ્રી રમણલાલ વજેચંદ વગેરે ભાઈઓનો પણ આર્થિક સહકાર સારો હતો. તેમજ સિદ્ધચક્રપૂજન દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ તરફથી, પંચકલ્યાણક પૂજા નરપતલાલ તરફથી અને કાળુશી પોળ મહિલા મંડળીની અષ્ટાપદ પૂજા પાલીવાળા નાનચંદજી તરફથી ભણાવાયેલ. શહેરમાંથી મુનિ-ભગવંતો તથા સંભાવિત ગૃહસ્થો પણ આવેલ. ક્રિયાવિધિ જ્ઞાનમંદિરવાળા રમણલાલે કરાવેલ. બાકી પૂજાઓ જૈનધર્મ આરાધક

મંડળે ભણાવેલ લલિતભાઈ ધામીવાળા સાબરમતી મંડળે છેલ્લી ભાવના ખૂબ ભાવપૂર્વક કરી હતી.

જીરાવલ-ઉપધાનમાં એક શ્રાવકે અંકે કરેલ નિયમો.

બીમારી, પરવશતા તથા બહારગામ જયણા, (૧) રોજ સવાર સાંજ પ્રતિક્રમણ કરવું. (૨) બાર તિથિ પૌષધ કરવા, જે તિથિ પોસહ ન થાય તો પછી કરી આપવો, કુલ વાર્ષિક (૨૦૦) બસ્સો પૌષધ કરવા (૩) પોસહ સિવાયના દિવસોમાં પૌષધ પાર્યો તે દિવસે પાંચ સામયિક, બીજા દિવસે દસ સામયિક કરવાં. ઓછાવત્તા થાય તો પછી કરી આપવાં. (૪) વર્ષમાં ૩૫૦૦ બાંધી નવકારવાળી ગણવી એટલે દરરોજ ૧૦ માળા બાંધી ગણવી. (૫) નમો અરિહંતાણં પદની ૨૦ માળા ગણવી. (૬) દરરોજ ૧૦૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો, ન થાય તો એકાસણું કરી આપવું. (૭) દરરોજ ૧૦૮ ખમાસમણાં દેવાં. (૮) દરરોજ પેટીમાં (શુભ ખાતાની) દસ પૈસા નાખવા. (૯) જ્યારે જ્યારે ક્રોધ ગુસ્સો આવે ત્યારે પ્રથમ સાત નવકાર ગણવા. (૧૦) ઉઠતાં, બેસતાં, બોલતાં, ખાતાં, પીતાં, પહેલાં ત્રણ નવકાર ગણવા. (૧૧) દરરોજ એક ચૈત્યવંદન કરવું. એકમાસમાં ૩૦ કરવાં. (૧૨) કોઈની કૂથલી કરવી નહીં, તેમજ કૂથલી સાંભળવી નહીં. (૧૩) કોઈનું બૂરું કરવું નહીં. કોઈ આપણું બૂરું કરે તો મનથી વિચારવું પણ નહીં. (૧૪) રોજ ચાર શરણનો સ્વીકાર. દુષ્કૃતની ગર્હા, સુકૃતની અનુમોદના. (૧૫) દરરોજ વડીલને ત્રિકાળ નમસ્કાર કરવા. વડીલ ન હોય તો ફોટાને, તે ન હોય તો માનસિક નમસ્કાર કરવા. (૧૬) યોગ હોય ત્યાં જિનેશ્વર ભગવંતની દરરોજ પૂજા કરવી. શક્તિ હોય ત્યાં સુધી ત્રિકાળ જિનેશ્વર ભગવંતનાં દર્શન પૂજા કરવી. છેવટે ઘેર બેઠા ચૈત્યવંદન કરવું. (૧૭) જિનેશ્વર ભગવાનની પૂજા સિવાય સચિત પાણી વાપરવું નહીં. બહારગામ જયણા. કોઈવાર વાપરવું પડે તો આયંબિલ કરવું. (૧૮) વ્યાખ્યાનનો યોગ હોય ત્યાં સુધી વ્યાખ્યાન શ્રવણ કરવા જવું. ન જવાય તો આયંબિલ કરી આપવું. (૧૯) ગુરુ ભગવંતનો યોગ હોય ત્યાં વંદન કરવા જવું ન જવાય તો આયંબિલ કરી આપવું. (૨૦) યાત્રા કરવા જવા સિવાય દેવ ગુરુ અને ધર્મ તથા પરમાર્થ તથા શાસનના કામ સિવાય તથા વતન ઉંદરાગામ તથા પાટણ સિવાય તથા નજીકના સગા સિવાય. લગ્ન વગેરે આરંભ સમારંભના કામે જવું નહીં. ઉપર લખેલા સિવાય કોઈ ઠેકાણે ખાસ કારણે જવું પડે તો વાહનમાં બેસવું નહીં જવું

પડે તો પગે ચાલીને જવું. (૨૧) જાવજ્જીવ તેલ વિગઇ, કડા વિગઇ દહીં વિગઇ, મૂળથી ત્યાગ. ગોળ વિગઇ, ઘી વિગઇ, દૂધ વિગઇ, નિવિયાતી ત્યાગ. (૨૨) ચારિત્ર ન લેવાય ત્યાં સુધી દરરોજ બે ધાન્ય બે વિગઇ, બે શાક, બે મેવાથી વધારે ન વાપરવા. એકાસણામાં ૮ દ્રવ્ય આયંબિલમાં ૪ દ્રવ્યથી વધારે ન વાપરવાં બાફેલા દાળ, શાક સિવાય વઘારેલા શાક તથા મરચાં વગેરે મસાલાવાળાં ન વાપરવાં. (૨૩) જાવજ્જીવ ઇલેક્ટ્રીક સ્વીચ કોઈ જાતની દબાવવી નહીં. (રેડીયો, પંખો, લાઇટ, બેટરી વગેરે.) (૨૪) **જાવજ્જીવ એકાંતરે એક દિવસ નિવિ, એક દિવસ એકાસણું.** એથી ઓછું પચ્ચક્ખાણ કરવું નહીં. અક્રમ તથા વધુ તપના પારણામાં બેસણાથી ઓછું પચ્ચક્ખાણ ન કરવું. (૨૫) **ઉપવાસના પારણા સિવાય દરરોજ પુરિમઢ્ઢથી ઓછું પચ્ચક્ખાણ ન કરવું.** (૨૬) દરરોજ ગંઠસી પચ્ચક્ખાણ કરવું. (૨૭) જે દિવસે ગુસ્સો આવી જાય તો બીજા દિવસે આયંબિલ કરવું. (૨૮) પાંચ વર્ષ સુધીમાં (૫૦૦) આયંબિલ કરવા. (૨૯) દરરોજ અરિહંત ભગવાનનો બાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. (૩૦) **દરરોજ પંચ પરમેષ્ઠી પદનો ૧૦૮ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.** જે દિવસે ન થાય તો વાળી આપવો અથવા એકાસણું કરવું. (૩૧) જાવજ્જીવ ખાંડ તથા ખાંડની બનેલી વસ્તુ ત્યાગ. (૩૨) જાવજ્જીવ દરરોજ એક ધાન્ય, અગર એક દ્રવ્ય ત્યાગ કરવું. (૩૩) વર્ષમાં ૨૫ દિવસથી વધારે મળવા માટે અગર સંસારના કામે ન જવું. (૩૪) દિવસ રાત્રિ મળી ૮ કલાક મૌન પાળવું. (૩૫) જમતાં બોલવું નહિ. (૩૬) બાર તિથિ, છ અઠ્ઠાઈ, ચોમાસાના ચાર માસ કલ્યાણક તિથિ કાચી કે પાકી લીલોતરી વાપરવી નહીં. (૩૭) જિન-મંદિર દર્શન કરવા જતાં રસ્તામાં સંસારની કોઈ વાતચીત તથા સંસારનું કોઈ કામ કરવું નહીં. (૩૮) દરરોજ એક કલાક શ્રુતનો અભ્યાસ કરવો. અગર સ્વાધ્યાય કરવો. (૩૯) ચોમાસામાં દસ દિવસથી વધારે બહારગામ જવું નહીં ને વાહન વાપરવું નહીં. (૪૦) **ચારિત્ર ન લેવાય ત્યાં સુધી શુભની પેટીમાં રોજ રૂા. ૧૧ શક્તિ પહોંચે ત્યાં સુધી નાખવા.** પોસહમાં હોઈએ તો પછીના દિવસે ગણીને નાખવા તે પૈસા ગુરુ ભગવંતની આજ્ઞા મુજબ કહે તે જગ્યાએ વાપરવા. તથા (૪૧) તપ વગેરેમાં કોઈ પ્રભાવના આવે તે પૈસા પણ આ પેટીમાં નાખવા. (૪૨) સંથારે શયન કરવું. પલંગ-ગાદલાં-રજાઈ વગેરે ન વાપરવા.

● **જીરાવલા :** અત્રે પૂ. આચાર્યદેવોશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા **શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ**ની નિશ્રામાં ઉપધાન આરાધકો તથા પૂ. સાધ્વીજી મહારાજોમાં સારા સારા અભિગ્રહો લેવાયે જાય છે. મુંબઈ-દાદર આરાધનાભવનવાળાની ઘણા વખતથી ચોમાસાની આગ્રહભરી વિનંતી હોઈ મુનિશ્રી

જગચ્ચંદ્રવિજયજી આદિને મોકલવા હા પાડી છે. પૂજ્યશ્રીઓને માલેગામ-અમલનેર (મહારાષ્ટ્ર) પધારવા ખૂબ જ આગ્રહભરી વિનંતી છે. ઘાટકોપર સંઘનો પણ ખૂબ આગ્રહ છે. પૂજ્યશ્રી અત્રે ફા.સુ. ૧૦ માળારોપણ પછી સુદ ૧૧ અમદાવાદ તરફ વિહાર કરવા વકી છે. જામનગર શાંતિભવન પ્લોટ, રાજકોટ, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, ડીસા, રાજપુર, ઝીંઝુવાડા, લીંબડી, પાટડી, રતલામ વગેરે ચોમાસામાં સાધુ આપવા માટે ખાસ વિનંતીઓ આવી રહી છે.

● **હીંડૌન :** (જિ. ભરતપુર)માં ૧૫ હજાર ચમાર લોકો વસે છે. વર્ષોથી તેઓની શ્રદ્ધા ભગવાન શ્રી મહાવીર પ્રભુ માટે છે. વર્ષે ૧ વાર રથયાત્રા યોજે છે. મહાવીરની મૂર્તિની પૂજા દર્શન એમની રીતે કરે છે. તેઓ એક દેરાસર બાંધવા માટે મકાન બનાવે છે. બાકીનું માર્ગદર્શન ઇચ્છે છે. દારૂ, માંસાહાર છોડી દીધા છે. એક મિટિંગ તેમના ક્ષેત્રમાં થઈ હતી ૫ હજાર ચમારો એકઠા થયા હતા. શ્રી કુમારપાળ વિ. શાહે ધર્મની અગત્ય અને ધર્મનું સ્વરૂપ સમજાવેલ. શ્વેતાંબર પરંપરાથી જો તેમને માર્ગદર્શન અપાય તો એ સારા આચારબદ્ધ બને. એમને હાલ આપણા સમાજમાં ભેળવવાનો પ્રશ્ન નથી. તેમનું સ્વતંત્ર એકમ રહેશે. એમનો ધંધો ચામડા ચીરવાનો નથી. આચાર, વ્યવહાર, ધર્મભાવના અને ભક્તિની દૃષ્ટિએ આ પ્રજા મહત્ત્વની છે.

''દિવ્ય-દર્શન'' - ''સમાચાર'' **વર્ષ-૨૪,અંક-૨૭,તા.૨૦-૩-૧૯૭૬**

● **શીમોગા (કર્ણાટક) :** અત્રે પૂ.આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં શા શેષમલજી એન્ડ કું. તરફથી શેષમલજીના માતુશ્રી હંજાબેનની ભાવનાથી ફા.સુ. ૬ ઉપધાન તપ આરાધના શરૂ થયેલ છે.

● **જીરાવલા :** અત્રે ફા.સુ. ૧૦ ઉપધાનતપનો માલારોપણ પ્રસંગ ભવ્ય ઉજવાયો. ચારે બાજુથી ભાવિકો એટલી મોટી સંખ્યામાં ઉપસ્થિત થયેલ કે ધર્મશાળાઓ ચિક્કાર ભરાઈ જવાથી જીરાવલા ગામમાં મુકામો ભાડે લેવા પડેલ. જીરાવલા તીર્થમાં જીર્ણોદ્ધાર માટે મોટી રકમની જરૂર હોવાથી માળ-વરઘોડો-શાન્તિસ્નાત્ર વગેરેની બોલીથી સારો ટેકો મળ્યો. ઉત્તર મહારાષ્ટ્રના માલેગામ-અમલનેર વગેરેના નેતાઓ અત્રે આવીને પૂ. આચાર્યદેવોને મહારાષ્ટ્રમાં પધારવા ખૂબ આગ્રહભરી વિનંતી કરી ગયા. જોધપુર સંઘ તરફથી પણ રીટાયર્ડ મેજિસ્ટ્રેટ, વકીલ વગેરે આગેવાનો ચોમાસા માટે ખૂબ આગ્રહભરી વિનંતી કરી.

● **અમદાવાદ :** અત્રે પૂ. આચાર્યદેવો શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા **શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** આદિ અત્રે સપરિવાર પધારતાં ફા.વ. ૧૩ ગીરધરનગર સંઘે ભવ્ય સ્વાગત કરેલ. પૂજ્યશ્રીને વિહારમાં જ પગથિયાના ઉપાશ્રય તથા દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરે પધારતા ટ્રસ્ટીઓ તરફથી આગ્રહભરી વિનંતી હોઈ એ માન્ય કરી. પૂ. આચાર્યદેવો ફા.વ. ૧૪ અમદાવાદ શહેરમાં પધારતાં વચમાં લુણસાવાડા મોટી પોળના સંઘની ખાસ વિનંતીથી વાજતે ગાજતે ત્યાં પધાર્યા. પોળનો ઉત્સાહ બહુ. મંગળિક વ્યાખ્યાન થતાં રોજ નવકારશી પચ્ચક્ખાણના નિયમ લેવાયા. ત્યાંથી વાજતે ગાજતે મૂળેવા પાર્શ્વનાથ દેરાસરે ઉપરોકત બંને સંઘ તરફથી બેન્ડવાજા સાથે સામૈયું ચડ્યું. પહેલાં જ્ઞાનમંદિરે સામૈયું પહોંચતા ત્યાં અડધો-એક કલાક વ્યાખ્યાન થયું. પછી સામૈયું આગળ વધતા પગથિયાના ઉપાશ્રયે પહોંચ્યું. ઉપાશ્રય ચિકાર ભરાઈ જવા ઉપરાંત ભાવિકોને બહાર ઊભા રહેવું પડ્યું. પૂજ્યશ્રીના વિશાળ પરિવારમાંથી પચાસ ઉપર મુનિઓ ત્યાં ઉપસ્થિત હતા. વ્યાખ્યાન બાદ આખો દિવસ દર્શનાર્થીઓનો ધસારો ચાલુ હતો. ફાગણ વદ ૦)) થી જ્ઞાનમંદિરે પૂજ્યશ્રીની સ્થિરતા થઈ. એમાં પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ને બે ત્રણ મહિનાથી અવાજ ઘોઘરો થયેલો હોઈ ડૉ. સુરેશ ઝવેરી M.D. ને બતાવતા સ્વરનાડી પર મસાનું નિદાન થયું તેનું તત્કાલ ઓપરેશન સારું થયું. એક મહિના સુધી વ્યાખ્યાન બંધ રાખવાની ડૉ.ની સલાહ છે.

બંને પૂ.આચાર્યદેવોને માલેગામ પધારવા અને ધા.શિક્ષણ શિબિરનો લાભ અપાવવા માલેગામના ડૉક્ટરો વકીલો વગેરે શ્રી કાન્તિલાલ વીરચંદ વકીલની આગેવાની નીચે વિનંતી કરવા આવેલા. અમલનેરથી શ્રી નેમિચંદજી કોઠારી વગેરે પણ મહારાષ્ટ્ર ખાનદેશને લાભ આપવા વિનંતી કરવા માટે આવેલા. આખા ખાનદેશ મહારાષ્ટ્રનો ખૂબ જ ઉલ્લાસ ઉત્સાહ હોઈ માલેગામની વિનંતી માન્ય કરાઈ. તદનુસાર ચૈત્ર સુદ ૫ સવારે પગથિયા ઉપાશ્રય સંઘ તરફથી માતર તીર્થના છ'રી પાળતા નીકળેલા યાત્રાસંઘ સાથે પૂ. આચાર્યદેવોએ સપરિવાર વિહાર કર્યો.

પૂ. ગુરુદેવોને જામનગર, જુનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર, પાટડી, ઝીંઝુવાડા, કડી, ધંધુકા, લીંબડી, ડીસા, વિસનગર, પાલનપુર વગેરે અનેકાનેક ક્ષેત્રોના ચોમાસા માટે વિનંતી કરવા સંઘના રેપ્યુટેશનો આવેલા. એમાંથી **જામનગર** પૂ.મુ.શ્રી ધર્મજિત

વિજયજી ગણી આદિ, **રાજકોટ** પૂ.મુ.શ્રી રાજેન્દ્રવિજયજી મ., **પાટડી** પૂ.મુ.શ્રી મનોગુપ્તવિજયજી મ., **રાધનપુર** પૂ.મુ.શ્રી યશોભદ્રવિજયજી ગણી., **દાદર** પૂ.મુ.શ્રી હેમચંદ્રવિજયજી મ., **ડીસા** પૂ.મુ.શ્રી જગચ્ચંદ્રવિજયજી, અમદાવાદ **ઓપેરા સોસાયટી** પૂ.મુ.શ્રી મિત્રાનંદવિજયજી ગણી, **રતલામ** પૂ.મુ.શ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજા આદિ નક્કી કરાયા.

● **ખાપર :** (જિ. ધુળિયા) અત્રે પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા **વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.** આદિ ઠાણા ૨૧ પધારતાં સંઘમાં હરખ છવાઈ ગયો. ચૈત્ર વદ ૮ અત્રેના સંગીત મંડળે ખૂબ ઠાઠથી પૂજા ભણાવી. પૂજ્યશ્રી અમદાવાદથી વિહાર કરતાં વડોદરા અને ડભોઈ પધારતાં સ્વાગત વરઘોડો તથા પ્રવચન તથા રાતના જ્ઞાનગોષ્ઠી આપેલ. બાદ રાજપીપળામાં પણ સંઘ-ઉત્સાહ બહુ અત્રેના પૂર્વના મુકામે પૂજ્યો સાથે વિહારમાં રહેવા માટે અમલનેરથી શ્રી નેમિચંદજી કોઠારી પોતાની ગાડી સાથે આવી ગયેલ. માલેગામથી વકીલ કાન્તિલાલ વીરચંદ પણ આવી ગયેલ અને વિહારમાં પૂજ્યોની સાથે ચાલતા. મુનિઓની નિર્દોષ ગોચરી ચર્યા જૈન જૈનેતરો પર સારો પ્રભાવ પાડતી. ચાંદોદમાં બ્રાહ્મણ આગેવાનો પૂજ્યશ્રીના પોતાને ત્યાં આગમનની ખુશાલીમાં ડભોઈ અને સ્થાનિક ૭૦-૮૦ જણાને જમણ માટે આમંત્રિત કરેલ, ને જીવનને ધન્ય માનેલ. અત્રેથી વૈશાખ સુદ ૨ લગભગ પૂ. આચાર્યદેવો ધુળિયા અને વૈશાખ સુદ ૬ માલેગામ પધારવા વકી છે. ત્યાંના સંઘ તરફથી વૈશાખ સુદ ૧૦ ધાર્મિક શિક્ષણ શિબિર નક્કી થઈ છે.

● **માઉન્ટઆબુ (અચલગઢ)માં શિબિર :** આગામી ગ્રીષ્માવકાસમાં તારીખ ૧૩-૫-૭૬ થી ૧-૬-૭૬ સુધી ૨૦ દિવસ માટે આધ્યાત્મિક જ્ઞાન શિબિર આયોજન માઉંટઆબુ (અચલગઢ) પર કરવામાં આવ્યું છે, શિબિરમાં આત્મા, પરમાત્મા ધ્યાન, કર્મવાદ, જૈન તત્ત્વજ્ઞાન, જૈન આચાર, જૈન ઈતિહાસ, માર્ગાનુસારીજીવન વગેરેનું જ્ઞાન આપવામાં આવશે. આ શિબિરમાં ભારતના દરેક પ્રાંતથી મેટ્રીક અને કૉલેજિયન વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. શિબિરમાં વાચના પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબના વિદ્વાન શિષ્ય પ્રશિષ્યરત્નો પૂ. મુનિવરો શ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ અને શ્રી ગુણરત્ન વિજયજીમહારાજ આપશે.

રહેવાનું તથા જમવાનું નિઃશુલ્ક (ફ્રી) રહેશે, શિબિર સમાપ્ત થયે પદક આદિ પારિતોષિક વિતરણ થશે.

• **શિમોગા** (કર્ણાટક) : સ્વ.પૂ.આ. વિજય તિલકસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂ.આ.શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં અત્રે શરૂ થયેલ ઉપધાનતપનો માળારોપણ મહોત્સવ તથા વર્ષીતપ પારણા મહોત્સવ સુંદર ઉજવાઈ રહ્યો છે. ચૈત્ર વદ ૧૨/૧ થી પૂજા આંગી ભાવના વગેરે શરૂ થયું. વૈશાખ સુદ ૧ નમિઉણ મહાપૂજન, સુદ ૨ વરઘોડો સ્વામીવાત્સલ્ય, સુદ ૩ માલારોપણ, તથા પૂ. મુનિરાજો શ્રી વજ્રસેન વિજયજી મ. તથા શ્રી વિક્રમસેન વિજયજી મ. ના વર્ષીતપ પારણાં, અને શાંતિસ્નાત્ર સંઘમાં ઉત્સાહ અને ધર્મ પ્રભાવના સુંદર ચાલી તથા ઇતર સમાજમાં જૈનધર્મનો સારો ઉદ્યોત પ્રસર્યો.

• **ઈન્દોર** : અત્રે પૂ. મુ. શ્રી ચરણપ્રભવિજયજી મહારાજની નિશ્રામાં તિલકનગરમાં ભગવાન શ્રી મહાવીર પરમાત્માના જન્મ-કલ્યાણક નિમિત્તે સવારે 'શ્રી મહાવીર વંદના,' બપોરે પૂજા, તથા રાત્રિના ભક્તિ થયેલ. ચૈત્રી પૂર્ણિમાના રોજ સિદ્ધાચલજીની આરાધના કરાવેલ. ઉલ્લાસ સારો હતો. લાડુ વગેરેની પ્રભાવનાઓ થયેલ. ગિરિરાજની નાની રચના પણ થયેલ. પીપલી-બજાર ઉપાશ્રયે વૈ. સુ. ૩ના રવિવારે શ્રી આદિનાથ ભગવાનની આરાધના તથા બપોરે સિદ્ધાચલજીની ભાવયાત્રાનો કાર્યક્રમ વગેરે ૧ થી ૪નો રાખેલ. અત્રેના તેમજ શાંતિનગર, તિલકનગર, દેવાસ વગેરેના સંઘ તરફથી પૂ. શ્રીને ચોમાસાની વિનંતી થયેલ છે.

• **વીસનગર** : અત્રે સ્વ. પૂ. આચાર્યદેવેશ શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી ભ.ના પૂ.પં. શ્રી પદ્મવિજયજી ગણિવરના મોતીયાના ઓપરેશન અંગે સેવામાં રહેલ પુ. આ. વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મ.ના ઉપદેશથી અત્રેના બંને પક્ષે વૈ.વ. ૩-૫-૬ના રોજે તથા ભવ્યત્વપરિપાક અર્થે ચતુઃશરણગમન, દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનની આરાધના કરી. રોજ ૨॥-૨॥ કલાક વ્યાખ્યાનમાં એનું અનુષ્ઠાન, આંબેલ તપ તથા પારણાં થયાં સૌને લાગ્યું કે અમે આજે હળુકર્મી બન્યા. એની ખુશાલીમાં વાલમ તીર્થની પગપાળા યાત્રા કરી. પૂ. શ્રીને 'હવે કાંઈ બાકી ?' એમ પૂછતાં

રૂા. બે હજાર ઉપર સદ્વ્યય થયો, વૈ. સુ. ૧૩ વીરજન્મ કલ્યાણકનો વરઘોડો ૨૪ વરસથી બગીમાં ફોટો લઈને કઢાતો તે પૂજયશ્રીના ઉપદેશથી આ વખતે રથ-પાલખીમાં પ્રભુજીને લઈ વરઘોડો નીકળ્યો.

• **ધુળીયા** : પૂજ્યપાદ આચાર્ય ભગવંતો શ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા શ્રીમદ્ **વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** આદિ ઠાણા અત્રેના જગદ્ગુરુ જૈન યુવક મંડળના તથા શ્રીસંઘના ઉત્સાહી ભાઈઓ પૂજ્યશ્રીને પોતાના ગામમાં પધારવાની વિનંતીથી અત્રે પધાર્યા. તે પૂર્વે પૂજ્યશ્રી નંદુરબાર પધાર્યા. ત્યાં સુંદર સામૈયુ, વ્યાખ્યાન પૂજા વગેરે થયા. નંદુરબારથી ૫૦ માણસોનો સંઘ ધુળીયા સુધી વિહારમાં સાથે રહ્યો. પૂજ્યશ્રી વિહાર કરી રનાળા થઈ દોંડાઈયા પધાર્યા. ત્યાં સામૈયુ, વ્યાખ્યાન, પૂજા, સાધર્મિક વાત્સલ્ય વગેરે થયા ત્યાંથી ચીમઠાણા થઈ સોનગીર પધાર્યા. અત્રે પણ વ્યાખ્યાન વગેરે થયા. વિશેષમાં ગામમાં થોડો કુસંપ હતો તે તે પૂજ્યશ્રીના ઉપદેશથી દૂર થયો... દોંડાઈયા વગેરે દરેક સ્થળોએ અત્રેના જગદ્ગુરુ જૈન યુવક મંડળે આવીને પૂજાભક્તિનો અનેરો રંગ જમાવ્યો. સોનગીરથી વિહાર કરી સાંજે દેવભાણા થઈ સવારના ધુળીયા પધાર્યા સવારના ૯ વાગે સામૈયું શરૂ થયું. આખા ગામના મુખ્ય માર્ગોને સુંદર ધજા-પતાકા-કમાનો-સુવાક્યોના બોર્ડો વગેરેથી સુશોભિત કરવામાં આવેલા. વિશેષમાં નંદુરબારથી સંઘની સાથે જ પધારેલા ભગવાનને લઈને રથમાં બેસવાનું તથા સારથિ બનવાનું ઘી પણ સામૈયું ચઢવાના સ્થળે જ બોલાયું ઉછામણી ખૂબ સારી થઈ.... ચાલીસગાંવથી આવેલું બેન્ડ પછી પૂજ્યશ્રી આદિ વિશાળ મુનિગણ શ્રાવક સમુદાય ભગવાનનો સુશોભિત રથ, શ્રાવિકા સમુદાય આદિથી સામૈયુ ખૂબ જ ભવ્ય લાગતું હતું. વચમાં વચમાં જગદ્ગુરુ જૈન યુવક મંડળના ભાઈઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક દાંડિયા લેતા હતા. આમ ગામના મુખ્ય માર્ગેથી ફરીને સામૈયુ લગભગ ૧૧-૧૫ વાગે ઉપાશ્રયે આવ્યું. ત્યારબાદ ૧૨-૩૦ સુધી વ્યાખ્યાન ચાલ્યું. બપોરના પૂજા-પ્રભાવના થયા. બીજે દિવસે અખાત્રીજ હોવાને લીધે બપોરના ભવ્ય અષ્ટાપદની પૂજા ભણાવાઈ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે પૂજાના સુંદર ભાવોને ખૂબ સરળ રીતે રજૂ કર્યા. ધુળીયામાં પહેલી જ વાર ભણાયેલી અષ્ટાપદની પૂજા લોકોને ચિરસ્મરણીય બની ગઈ. વૈ. સુદ ૪ સાંજના પૂજ્યશ્રી અત્રેથી માલેગામ તરફ વિહાર કરી ગયા છે. ત્યાં વૈ.સુ. ૭નો પ્રવેશ છે અને વૈ. સુ. ૧૦ થી આધ્યાત્મિક શિબિર શરૂ થનાર છે.

'નિર્મલ ગહુંલી સંગ્રહ'

• સં. ૨૦૩૦ની સાલમાં પૂ. પાદ પરમ તપોનિધિ પ્રભાવક પ્રવચનકાર આ. ભ. શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.નું આદિ. ઠા. ૨૪ સાથે સાવરકુંડલામાં ચિરસ્મરણીય ચોમાસું થયું. પૂજ્યશ્રીના તત્ત્વરસ ભરપૂર પ્રવચનો થતા. શીઘ્રકવયિત્રી સુશ્રાવિકા નિર્મલાબેન ચંપકલાલે પ્રવચનોનો સાર ત્યાંને ત્યાં જ ગહુંલી બનાવી તેમાં ગુંથી લેતા હતા. કેટલાક ભાગ્યશાળીઓની ઇચ્છા થતાં આ સંગ્રહ 'નિર્મલ ગહુંલી સંગ્રહ' રૂપે પ્રગટ થયો છે. શબ્દોનું લાલિત્ય, પ્રાસનું પ્રભુત્વ, ભાવની ભવ્યતા અને ગેય રાગોવાળી આ ગહુંલીઓ મધુર સ્વરે સાંભળી સૌ સ્તબ્ધ થતા હતા જેમને આ પુસ્તક જોઈએ તેઓએ નીચેના સરનામેથી મંગાવી લેવા વિનંતી છે.

લિ. ધર્મદાસ શાંતિદાસ પેઢી, સાવરકુંડલા, સૌરાષ્ટ્ર.
પ્રાપ્તિસ્થાન- રજનીકાંત દલીચંદ દોશી. સાવરકુંડલા.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૨૪,અંક-૩૬,તા.૨૨-૫-૧૯૭૬

પૂ. સાધુમહારાજ વિનાના ક્ષેત્રોમાં પર્યુષણા આરાધના કરાવનાર ધર્મપ્રચારકોની સગવડ

પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજની પાસે ૩ માસ ધર્મપ્રચારની તાલિમ પામેલ ચુનંદા વીરસૈનિકોને સંઘમાં પર્યુષણની આરાધના કરાવવા તથા પર્યુષણા વ્યાખ્યાનોની વાચનાઓનું વાંચન કરવા પણ તૈયાર કરવામાં આવ્યા છે, તો જ્યાં ચોમાસામાં પૂ. સાધુ મહારાજની સગવડ ન જ થઈ શકી હોય અને ધર્મપ્રચારક વીરસૈનિકોની પર્યુષણ કરાવવા જરૂર હોય એમણે તુરત નીચેના સરનામે સંપર્ક સાધવો માત્ર ૨૫ ક્ષેત્રો જ સાચવી શકાય એમ છે. તેથી માંગણીમાં મોડા પડનારને પહોંચી નહિ વળાય.

અલબત્ત સંપૂર્ણ સ્વખ્નદ્રવ્ય દેવદ્રવ્યમાં જ જતું હોય અને સકલ સંઘની સંમતિથી ધર્મપ્રચારકને આમંત્રવામાં આવતા હોય ત્યાં જ ૨-૩ ધર્મ પ્રચારક વીરસૈનિકોને મોકલવામાં આવશે.

સરનામું : અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષક દળ, જી. પ્ર. સંસ્કૃતિ ભવન.
૨૭૭૭ નિશા પોળ, રિલીફરોડ, અમદાવાદ-૧

માલેગાવ જૈન સંઘમાં ઉમટેલા ધર્મભાવનાનાં પૂર

• પરમપૂજ્ય આચાર્યદેવશ્રી વિજય હીરસૂરીશ્વરજી મહારાજ તથા પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી **વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ** આદિ ઠાણા માલેગામ સંઘની આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરી ભરઉનાળામાં અમદાવાદથી ઉગ્ર વિહાર કરી આ બાજુ પધારી રહ્યા હતા. નડિયાદ, વડોદરા, ડભોઈ, રાજપીપળા, નંદુરબાર, ધુળીયા આદિ સ્થળોએ ધર્મશાસન પ્રભાવના કરતાં કરતાં પૂજ્યશ્રી છેક માલેગામની નજીક વસંતવાડીમાં વૈશાખ સુ. ૭ વહેલી સવારે પધારી ગયા ત્યાંના રહેવાસીઓનો ખૂબ જ ઉલ્લાસ હતો. ગહુંલીઓથી પૂજ્યશ્રીને વધાવાયા. દર્શન વગેરે બાદ ૮-૧૫ મિનિટે નગરપ્રવેશનું ભવ્ય સ્વાગત સામૈયું શરૂ થયું. ભવ્ય બેંડ, માથે બેડાઓ લઈને ચાલતી કુમારિકાઓ, દાંડિયારાસ લેતા યુવાનો 'જૈનં જયતિ શાસનમ્'ના નારાઓ લગાવતા ભાઈઓ સંખ્યાબંધ કલાત્મક ગહુંલીઓ આદિથી સામૈયું ખૂબ ભવ્ય બની ગયું. શહેરના મુખ્ય મુખ્ય માર્ગોએ કરીને સામૈયું જ્યારે દેરાસર પાસે આવ્યું ત્યારે લોકોનો જે ઉત્સાહ હતો તે ખરેખર અવર્ણનીય હતો. બરાબર ૧૦-૪૫ મિનિટે શરૂ થયેલું વ્યાખ્યાન ૧૨-૩૦ વાગે પૂરું થયું. બપોરે પૂજ્યશ્રીના પ્રવેશની ખુશાલી નિમિત્તે પૂજા-પ્રભાવના વગેરે રખાયાં...

પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા વૈ. સુ ૧૨ના યેવલા મુકામે પધારવા હોવાથી પૂજ્ય આચાર્યદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણાએ તેઓશ્રીના દર્શન-વંદનાર્થે સુ. ૮ સાંજે વિહાર કર્યો અને સુદ ૧૦ના જ ૩૭ માઈલ દૂર યેવલા પહોંચી ગયા. સુ. ૧૧ ત્યાંથી ૬ માઈલ દૂર એરણગામ મુકામે જઈ પૂજ્ય આચાર્યદેવશ્રીનાં પાવન દર્શન વંદનાદિનો લાભ લીધો. સહુને ખૂબ જ આનંદ થયો ત્યાંથી પાછા સુ. ૧૨ પૂ. આચાર્યદેવેશ સાથે યેવલા પધાર્યા ત્યાંથી સાંજના વિહાર કરી સુ. ૧૪-૧૫ વચમાં કરીને વદ ૧ માલેગામ પધારી ગયા.

ઉત્તર મહારાષ્ટ્રમાં શાસનપ્રભાવનાની રેલમછેલ

• **નાસિક** : પરમ શાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાને મહારાષ્ટ્રના સંઘોની વર્ષોથી વિનંતી હોવા છતાં સંયોગવશ એઓશ્રી નાસિક-યેવલા આદિ તરફ પધારી શક્યા નહોતા. પણ તે તે સંઘોનો પુણ્યોદય જાગતા પૂના ભવાની પેઠ-બુધવાર પેઠ તથા યરવડામાં અંજનશલાકા પ્રતિષ્ઠા પતાવી પૂજ્યશ્રીએ સપરિવાર સંગમનેર તરફ વિહાર કર્યો.

ઠેર ઠેર સંઘપૂજનો ભવ્ય સ્વાગતો વગેરે સાથે મંચર-જુન્નર આદિમાં લાભ આપી ચૈત્ર સુદ પના ભવ્ય સ્વાગતસહ સંગમનેર પધાર્યા. અત્રે ઓળીની ભવ્ય આરાધના સાથે દશાન્હિકા મહોત્સવ ઉજવાયો. જૈન જૈનેતરોમાં ઉલ્લાસ અદ્‌ભુત હતો. રોજ રોજ સંઘપૂજનો થતા. પૂજ્યશ્રી સિન્નર આદિ થઈ ચૈત્ર વદ ૯ સવારે ભવ્ય સ્વાગતસહ નાસિક નગર બહાર સર્વોદય સોસાયટીમાં પધાર્યા. વિશાળ મંડપમાં પ્રવચન- સંઘપૂજન-પૂજા-સાધમિક વાત્સલ્ય વગેરે થયું. અત્રે તપસ્વી પૂ આ. વિ. ત્રિલોચનસૂરિ મ. સા. સપરિવાર પૂજ્યશ્રીની સેવામાં પધાર્યા.

દિવસોની ભારે મહેનતે આખા નાસિક નગરને શણગારવામાં આવ્યું હતું, સેંકડો કમાનો-તોરણો-બોર્ડો-ધજાઓ વગેરેથી નાસિક સ્વર્ણપુરી બની ગયેલ. જૈનેતરો કહેતા હતા કે 'પ્રાઈમ મિનિસ્ટરના આગમન વખતે આવો શણગાર થતો નથી તો આ છે શું ?' મહોત્સવ માટે પેઠે વિદ્યાલય' નામની હાઈસ્કૂલ રોકી લેવામાં આવેલ. મહોત્સવ-વ્યાખ્યાન પૂજ્યશ્રીનો ઉતારો સાધમિક ભક્તિનું રસોડું બધું ત્યાં જ રહેતું. હાઈસ્કૂલના વિશાળ પટાંગણમાં ૩ થી ૩।। હજાર માણસ બેસી શકે તેવો અતિભવ્ય વિનીતા નગરીના નામથી સુશોભિત ભવ્ય રોશનીથી દીપતો વ્યાખ્યાનનો વિશાળ મંડપ ખડો કરવામાં આવેલ. જે રોજ મેદનીથી ચિકાર ભરાઈ જતો. જુદા જુદા સુંદર ચિત્રો દ્વારા મંડપની શોભા ઓર વધી ગયેલ. અંદરના પટાંગણમાં વેદિકા ઉપર શ્રી ઋષભદેવ ભગવંત આદિ ત્રણ ભગવાનોને પધરાવી ત્યાં જ પૂજા ભાવના થતી અને જમણવાર માટે વિશાળ મંડપ ખડો કરવામાં આવેલ. શ્રી વીર પ્રભુના જીવન પ્રસંગના ચિત્રોથી તે મંડપ અતિ ભવ્ય બની ગયેલ. એક બાજુ વિશાળ શત્રુંજયનું મુખ્ય મંદિર ઊભું કરવામાં આવેલ. બીજી બાજુ શ્રેયાંસકુમારના હાથે શ્રી ઋષભપ્રભુનું શેરડીના રસથી પારણું એ દશ્ય ગોઠવવામાં આવેલ. લોકોના ઉલ્લાસનો કોઈ પાર ન હતો.

સવારે ૮। વાગે પૂ. આ.વિ. મહોદય સૂ.મ. આદિ સાથે પૂજ્યશ્રીની ભવ્ય સ્વાગત યાત્રા શરૂ થઈ. ૪ બેન્ડો, ૧૩ ઘોડા, રીક્ષાઓ મોટરો, બેડાવાળી બહેનો, બે મોટી મોટરમાં ભગવંતના જીવન પ્રસંગોના ચિત્રો, ખટારામાં મહિલા મંડળ ાદાંડિયા સાથે ગીત ગાતા નવયુવકો આદિ કેઈ સામગ્રીઓથી શોભતો વરઘોડો શરૂ થયો. ઠેર ઠેર વિધવિધ પ્રકારના કલાત્મક સોના-મોતી-રજતની ગહુંલીઓથી પૂજ્યશ્રીને વધાવાતાં હતા માનવોના મહેરામણનો પાર નહોતો. લોકો કહેતા જિંદગીમાં અમે અહીં આવું સામૈયું જોયું નથી.

રસ્તાનો ટ્રાફિક સંપૂર્ણ બંધ કરવામાં આવેલ. મચર-જુન્નર, અહમદનગર, પુના, સંગમનેર, સિન્નર, મુંબઈ, વણી આદિથી હજારો માણસો આવી પહોંચેલ.

લોકોને કાબૂમાં લેતા પોલીસોને પણ મહામુસીબત રહેતી. એક નવીનતામાં વિમાન નીચે ઊતરી એમાંથી ઈન્દ્રે બહાર નીકળી વંદન કરી અને પાછા વિમાનમાં બેસી ઉપર ઊડી ગયો. કમળમાંથી પુષ્પવૃષ્ટિ ઈત્યાદિ નવી નવી કલાત્મક સ્વાગતવિધિ લોકોનું અનેક આકર્ષણ બની ગઈ. ઉતારે પહોંચ્યા પછી ૧ કલાકના પ્રવચન બાદ સંઘપૂજન થયું. અનેક ગામોના સંઘોએ પોતાના ગામને પાવન કરવાની પૂજ્યશ્રીને વિનંતી કરી. રવિવારે 'જનતાનું સાચું હિત શેમાં' એ વિષય પર હિંદીમાં પ્રવચન થયું. દસે દિવસ જૈન-જૈનેતર જનતા હજારોની સંખ્યામાં દરેક પ્રસંગમાં લાભ લીધો. રોજ શ્રીયુત સુમતિલાલ ચંદુલાલ, કેશવલાલ મગનલાલ, મણિલાલ ધામચંદ માધવલાલ તારાચંદ આદિ જુદા જુદા પુણ્યવાનો તરફથી સંઘપૂજન થયાં. સુમતિ સોસાયટીમાં મંદિર તથા ઉપાશ્રયની આવશ્યકતા હોઈ સુમતિલાલ ચંદુલાલ તથા કેશવલાલ મગનલાલે પોતાના ખર્ચે મંદિર-ઉપાશ્રય બંધાવવાનો નિર્ણય જાહેર કર્યો.

પૂજા ભાવનામાં રસિકલાલ દંતારાએ, રાજકોટ મંડળ તેમજ અન્ય મંડળોએ ભક્તિની રમઝટ બોલાવી. સુદ ૨ના તપસ્વીઓનો અતિભવ્ય વરઘોડો નીકળ્યો. સુદ ૩ના પારણાનો પ્રસંગ શાન્તિસ્નાત્ર અતિભવ્યતાથી ઉજવાઈ ગયા અને તે દિવસે આખા ગામનું સાધર્મિક વાત્સલ્ય સંઘ તરફથી રાખવામાં આવેલ. સુદ ૨નું સાધર્મિક વાત્સલ્ય ચુનીલાલ ભીકચંદ તરફથી થયું. ચૈત્ર વદ ૧૨ના પૂ.આ. ભ. વિ. મુક્તિચંદ્ર સૂ. મ. સપરિવાર પધાર્યા. સુદ ૪ના સવારે બેન્ડ સાથે વિહાર થયો. વિહારનું દશ્ય ખરેખર અપૂર્વ હતું. લોકોની ભારે ગમગીની હતી. લગભગ ૨૦૦૦ માણસ વળાવવા આવેલ. દશ દિવસ નાસિકના ઈતિહાસમાં અપૂર્વ રેકર્ડરૂપ થયા. ત્યાંથી પીંપળગામ, લાસણગામ વગેરેમાં જૈન જૈનેતરોમાં મહાન શાસનપ્રભાવના કરતાં કરતાં પૂજ્યશ્રી સુદ ૧૧ના એરણગામ પધાર્યા. આ બાજુ પૂ. આ.ભ. વિ. હીરસૂરિ મ. તથા પૂ. આ.ભ. વિ. ભુવનભાનુસૂરી. મ. શિબિર પ્રસંગે માલેગામ પધારેલ. શિબિરની શરૂઆત સુદ ૧૦ના હોવા છતાં પૂ. આ.ભ.વિ. ભુવનભાનુસૂરી મ. પૂજ્યશ્રીને વંદન કરવા સુદ ૮ સાંજે માલેગામથી નીકળી ૪૩ માઈલનો વિહાર કરી સુદ ૧૧ સવારે એરણગામ પૂજ્યશ્રીની સેવામાં પધાર્યા. યેવલા સંઘના અતિ આગ્રહથી સુ. ૧૨ના યેવલામાં પૂજ્યશ્રીનો પ્રવેશ હોઈ તેઓશ્રી પણ પૂજ્યશ્રી સાથે યેવલામાં પૂજ્યશ્રી સાથે યેવલા પધાર્યા યેવલામાં પણ ભવ્ય સામૈયું થયું. વિશેષમાં વિમાનમાંથી કુમારિકાએ નીચે ઊતરી પૂજ્યશ્રીને વધાવ્યા. પ્રવચન બાદ જયંતીલાલ ભોગીલાલ તરફથી સંઘ-પૂજન થયું. બપોરે પૂજા ભણાવાઈ. સાંજે પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ મહારાજે માલેગામ તરફ વિહાર લંબાવ્યો. તે વદ ૧ પહોંચી જતાં એઓશ્રીનાં શિબિર પ્રવચનો શરૂ થઈ ગયા.

● **સુરેન્દ્રનગર :** શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ તપગચ્છ સંઘ તરફથી વાગડવાળા પૂ.સા.મ. શ્રી ચરણશ્રીજી મ ના સમુદાયમાં પૂ. આ. શ્રી ચંદનબાળાશ્રીજી આદિ ૧૨ ઠાણાને વરસીતપ તથા પૂ.સા. શ્રી નિત્યાનંદાશ્રીજીને વર્ધમાન તપની ૯૧મી ઓળી તથા પૂ.સા.મ. શ્રી ચંપકલતાશ્રીજીના શિષ્યા સા.મ.શ્રી મનોભદ્રાશ્રીજીને વરસીતપ તથા બીજા ત્રણ બહેનોને વરસીતપની પૂર્ણાહુતિ નિમિત્તે શ્રી પંચાન્હિકા મહોત્સવ ઠાઠમાઠપૂર્વક ઉજવાયો. ચૈત્ર વદ ૧૧ શનિવાર સવારે પ. પૂ. આ. ભ. શ્રી માનદેવસૂરીશ્વરજી મ. તથા પ. પૂ. આ.ભ. શ્રી માનતુંગસૂરીશ્વરજી મ. તથા પૂ.સા.મ.શ્રી ચરણશ્રીજી મ. તથા પૂ.સા.મ. શ્રી ચંપકલતાશ્રીજી મ. આદિ ૪૫ ઠાણાનું ગજરાજ, પનિહારી, ધજાપતાકા સાથે બાળકો બેન્ડવાજા, કમાનો, ધજા-વાવટાથી દબદબાપૂર્વક સ્વાગતસહ નગર પ્રવેશ સામૈયું થયું. વદ ૧૪થી મહોત્સવ નૂતન ઉપાશ્રયમાં ઉજવાયો. સુદ ૨ ભવ્ય વરઘોડો વૈ. સુદ ૩ સવારે ચૈત્યપરિપાટી પછી પૂ. આ. દેવેશનું તાત્ત્વિક પ્રવચન અને ગુરુપૂજન તથા બે સંઘપૂજન ૨૫૦૦ની માનવમેદની વચ્ચે થયું અને ત્યાં જ વરસીતપવાળાને ઈક્ષુરસથી પારણા પણ શરૂ થયા. બપોરે શાંતિસ્નાત્ર ભણાવેલ. બહારગામથી ભાવિકો સારા પ્રમાણમાં આવેલ તેઓની સાધર્મિક ભક્તિ કરવામાં આવેલ. જીવો છોડાવવામાં આવેલ તેમજ અનુકંપાદાન વગેરે કાર્યો પણ થયેલ.

પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ.ને મહોત્સવ માટે વિનંતી કરી રોકી રાખેલ હતા. તેઓશ્રી અમદાવાદ તરફ પધારશે.

પાદયાત્રા પ્રવાસ અને શિબિર

● પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિજી મ.સા. ના પ્રશિષ્ય પૂ. મુ. શ્રી હેમચંદ્રવિજયજી મ. સા.ની નિશ્રામાં ચૈત્ર વદ ૧૦ને તા. ૨૩-૪-૭૬થી વૈશાખ સુદ ૫ તા. ૪-૫-૭૬ સુધીનો પદયાત્રા પ્રવાસ તથા શિબિરનું આયોજન થયું હતું. વડોદરા કોઠીપોળ જૈન ઉપાશ્રયેથી સવારે ૬-૦૦ વાગે વાજતે ગાજતે પ્રવાસનો આરંભ થયો હતો. આ પ્રવાસમાં વડોદરા છાણી, કરજણ અમદાવાદ, નવાડીસા, ખંભાત, વરલ, વીસનગર, નાપાડ, નાર, વીરમગામ, આમોદ, બોડેલીના ૭૫ યુવાન વિદ્યાર્થીઓ જોડાયા હતા. દરરોજ સવારે ૩-૩૦ વાગે જાગરણ ૩-૪૫ થી ૪-૪૫ પ્રતિક્રમણ અને ૫-૦૦ વાગે પાદયાત્રા શરૂ થતી. પૂ મુનિરાજ સવારે ૮-૩૦ થી ૯-૩૦ **શ્રાવકના કર્તવ્યો** પર વાંચના આપતા હતા. ત્યારબાદ સ્નાત્ર અને બપોરે ૧-૦૦ વાગે ભોજન થતું. બપોરે ૩ થી ૪-૩૦ **સમરાદિત્ય કેવળી ચરિત્ર** પર વાચના આપતા હતા. કરજણ તથા પાલેજમાં શ્રીસંઘ તરફથી સાધર્મિક ભક્તિ

કરાઈ હતી. દહેરાસરમાં ભાવના રાખવામાં આવી હતી. ખંભાતના શ્રી કાંતિભાઈ અને કેશરીભાઈ તથા ડીસાના પ્રકાશ શાહે સુંદર ભક્તિ ગીતો રજૂ કર્યા હતા. પાલેજની પાસે શાહપુરામાં જૈનેતરો સમક્ષ વ્યાખ્યાન થયું હતું. ઝણોરમાં સંઘે સામૈયું તથા સાધર્મિક ભક્તિ કરી હતી ત્યાં બપોરે પૂજા રાખવામાં આવી હતી.

નિકોરામાં દહેરાસર દર્શન નવકારશી થઈ શુકલતીર્થથી સાંજે નીકળી ઝગડીયા પહોચ્યા હતા. દહેરાસરના ચોકમાં વિદ્યાર્થીઓએ અડધો કલાક સુધી આદિનાથની ધૂન લગાવી હતી. ચૈત્ર વદ ૩૦થી વૈશાખ સુદ ૪ સુધી રોજ બે કલાક સવારે અને બે કલાક સાંજે વાંચનાઓ આપવામાં આવી હતી. બપોરે પૂ. મુ. શ્રી હેમરત્ન-વિજયજી મ. સા. પણ એક કલાક વાચના આપતા હતા. દરરોજ સમૂહ સ્નાત્ર અને રાત્રે ભાવનામાં અજબ ભક્તિ રસ રેલાવ્યો હતો. વીસનગરથી જોડાયેલ ભાઈશ્રી કિરીટની આંખમાં ફુલું હતું જે અત્રે આવતા અને દાદાના દર્શન કરતાં દૂર થયું હતું. આ અજબ બનાવ બન્યો ! અંકલેશ્વરના શ્રી અમૃતભાઈએ વિનંતી કરતાં પૂ. મુનિશ્રી અને વિદ્યાર્થીઓ ત્યાં ગયા હતા. ત્યાંથી વૈશાખ સુદ ૫ ના સાંજે સૌ છૂટા પડ્યા હતા. આ દરમિયાન અપાયેલ વાચના પર આધારિત પરીક્ષા લેવામાં આવી હતી. અને સૌને ઈનામો શ્રી પુખરાજ છગનલાલ વાટેરાવાળાના હસ્તે અપાયા હતા. કાર્યક્રમનું સંચાલન વડોદરાના યુવાન શ્રી કિરીટ જે. ધ્રુવે કર્યું હતું. આ કાર્યક્રમમાં આર્થિક સહયોગ બી.એ. શાહ મુંબઈ, કાંતિભાઈ કોલસાવાળા, વનેચંદ જવાનમલ, પુખરાજ છગનલાલ, છગનલાલ જવાનમલ, મણિભાઈ કાળીદાસ આદિ દ્વારા મળ્યો હતો.

● **વાંકાનેર :** અત્રે પૂ. ગણિવર્ય શ્રી ધર્મજિતવિજયજી મહારાજની નિશ્રામાં સ્થાનિક વિદ્યાર્થીઓની સપ્તાહની શિબિર જેવું જ્ઞાનસત્ર ચાલી ગયું. એમાં કાર્યક્રમ રોજ સવારે ૮॥ થી ૯॥ વ્યાખ્યાન પૂ. ધર્મજિતવિજયજી ગણિવર આપતા. બાદ ૯॥ થી ૧૧॥ વાગે ધ્યાન અને યોગ ઉપર પૂ. જયશેખર વિ. મહારાજ પ્રવચન આપતાં. બપોરે ૩॥ થી ૪॥ વાગે તત્ત્વજ્ઞાનને પૂ. વિદ્યાનંદ વિ. મ. સમજાવતા, તેમજ ૪॥ થી ૫॥ જૈન આચાર ઉપર પૂ. ધર્મજિત ગણિવર સમજાવતા. સાત દિવસમાં ચાર પ્રકાર ધ્યાનના, ૧૨ ભાવનાઓ, વિરતિની મહત્તા, જીવના ૫૬૩ ભેદ, નવ તત્ત્વ, ૮ કર્મોનું સંક્ષિપ્ત સ્વરૂપ, ૧૪ રાજલોક, અરિહંતાદિનું સ્વરૂપ

સાત શુદ્ધિ, ૧૦ ત્રિક વગેરે વિષયો સુંદર રીતે સમજાવવામાં આવ્યા... શનિવારે પરીક્ષા લેવાઈ.. રવિવારે ઈનામો મેળાવડો રખાયો... વ. ૧૧ના દિવસે સ્વ. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગારોહણતિથિની સુંદર પ્રકારે ઉજવણી થઈ. પૂજ્ય મુનિવરો અત્રેથી વિહાર કરી રાજકોટ તરફ પધારી ગયા છે. ચાતુર્માસ અર્થે જામનગરમાં જેઠ વદમાં પ્રવેશ કરવા ધારે છે.

● **માલેગામ :** અત્રે લગભગ ૨૨૫ વિદ્યાર્થીઓથી યુક્ત શિબિર ખૂબ ઉલ્લાસપૂર્વક ચાલી રહી છે. પૂજ્યપાદ તપસ્વી આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજ વૈ.વ. ૩ના અત્રે પધાર્યા છે. શિબિર વિદ્યાર્થીઓ ખૂબ જ ઉત્સાહપૂર્વક શાસનના જયનાદને ગજાવતા ગજાવતા દૂર સુધી સામે ગયા હતા.

વ. ૧૦ના અત્રે પૂજ્યપાદ આચાર્યભગવંતોને ચાતુર્માસાર્થે અનેક ગામના સંઘો વિનંતી માટે આવેલા. માલેગામ, અમલનેર, યેવલા નંદુરબાર, પાંચોરા, ચાલીશગાંવ આદિ અનેક સંઘોની વિનંતી થતા પૂ.આ. શ્રીમદ્ વિજય ત્રિલોચન-સૂ. મ.નું ચાતુર્માસ યેવલા નક્કી કરવામાં આવ્યું. બીજા સંઘોની વિનંતી ઊભી છે. માલેગામ અમલનેર પાચોરા સાધુ ચોમાસું રહેવાનું નક્કી થયું છે.

વ. ૧૧ના રોજ સ્વ. સિદ્ધાંતમહોદધિ સુવિશાલ- ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ભવ્ય કાર્યક્રમ રખાયો. સવારના લગભગ ૮ વાગે પૂજ્યશ્રીના ફોટાને શણગારેલી મોટર પર પધરાવી ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો. ત્યારબાદ પૂજ્યપાદ આચાર્યભગવંતો તથા અન્ય મુનિભગવંતોએ પ્રવચનમાં સ્વ. પૂજ્યપાદશ્રીનાં ગુણાનુવાદ કર્યા. બપોરે 'અરિહંત'ની ધૂનનો સામુદાયિક કાર્યક્રમ રાખવામાં આવેલ. દરેક પ્રસંગોમાં શિબિરાર્થીઓએ તથા સકળ સંઘે ખૂબ જ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો.

અત્રે રાજકોટ નિવાસી ૨૭ વર્ષના નવયુવાન દોશી મહેન્દ્રકુમાર મોહનલાલની ભાગવતી દીક્ષા ત્રણ આચાર્ય ભગવંતોના શુભ હસ્તે ચતુર્વિધ સંઘની વિશાળ હાજરીમાં વૈશાખ વદ ૬ના રોજ સવારે ખૂબ જ ઉલ્લાસમય વાતાવરણમાં ઉજવાઈ. નૂતન મુનિનું નામ મુનિશ્રી મતિસુંદરવિજયજી રાખી તેમને મુનિશ્રી ગુણસુંદરવિજયજીના શિષ્ય જાહેર કરવામાં આવ્યા.

વદ ૫ના રોજ બપોરે વરસીદાન તથા રથયાત્રાનો વરઘોડો નીકળેલ જેમાં અત્રે ચાલતી ધાર્મિક શિબિરના તથા સ્થાનિક યુવકોએ દાંડિયારાસની રમઝટ

બોલાવેલ.

રાત્રે દીક્ષાર્થીનો સન્માન સમારંભ અમલનેર નિવાસી મુમુક્ષુ નેમિચંદજી કોઠારીના પ્રમુખપણા નીચે સુંદર યોજાયેલ. અતિથિ વિશેષ તરીકે અમદાવાદના શ્રેષ્ઠી શ્રી મયાભાઈ બીરાજેલ. શિબિર સંચાલક શ્રી કુમારપાળ શાહ તથા માલેગાંવના પ્રતિષ્ઠિત આગેવાનો મુમુક્ષુ શ્રી કાંતિભાઈ વકીલ ડૉ. નવલચંદ શાહ, પન્નાલાલ શાહ આદિએ પ્રસંગોચિત સુંદર વક્તવ્યો કર્યા. આ પ્રસંગે નૂતન દીક્ષિતના સંસારી બનેવી શ્રી રમણીકભાઈ ગોકળદાસ દોશીએ સજોડે ચતુર્થવ્રત અંગીકાર કરતાં અત્રેના સંઘ તરફથી તેમનું જાહેર સન્માન કરવામાં આવ્યું.

વૈ.વદ ૧૦ના દિવસે શિબિર સંચાલક શ્રી કુમારપાળના પિતાશ્રી શ્રી વિમળભાઈ તરફથી સવારે વ્યાખ્યાનમાં દરેક શિબિરાર્થીઓને રૂા. ૫ તથા સંઘના સભ્યોને ૧-૧ રૂપિયાથી સંઘપૂજન કરવામાં આવ્યું તથા શિબિરાર્થીઓની રસ પૂરીની જમણથી સાધર્મિક ભક્તિ કરવામાં આવી. તથા શિબિરાર્થી વદ ૧૧ના દિવસે સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની ૮મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે સવારે વ્યાખ્યાનમાં પૂ. મુ. શ્રી હેમચન્દ્રવિજયજી મહારાજના સંસારી માતુશ્રી તથા એમના પરિવાર બી. એ. શાહની કું. તરફથી સંઘપૂજન કરવામાં આવેલું. પૂ. આચાર્યદેવો અમલનેરમાં જે. સુ. ૯ થી અક્ષાઈ મહોત્સવ અંગે અમલનેર સંઘના આગ્રહથી જેઠ સુદ ૨ અત્રેથી તે તરફ વિહાર કરવા ધારે છે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૨૪,અંક-૩૮,તા.૫-૬-૧૯૭૬

ઇંદોર-પીપલી બજાર ઉપાશ્રયે ધર્મ-પ્રભાવનાની રેલમછેલ

અત્રે પૂ. મુ. શ્રી ચરણપ્રભવિજયજી મ. ની નિશ્રામાં અખાત્રીજે સંઘ તરફથી સામુદાયિક ખીર-પુરીના એકાસણા ૨૫૦ આરાધકોએ કર્યા. વૈ. સુદ ૧૦ના રોજ મહાવીર પરમાત્માના કેવળજ્ઞાન કલ્યાણક દિનને ઉદ્દેશીને સવારે પ્રવચનબાદ બપોરે મહાવીર વંદનાનો ભવ્ય કાર્યક્રમ ૨॥ કલાક ચાલેલ. સુદ ૧૧ના દિવસે ગણધર ભગવંતોની શંકા તથા સમાધાન અને ગણધર દેવવંદન ખૂબ જ ઉલ્લાસભેર થયા. બંને દિવસ આયંબિલ કરનારાને, વર્ષીતપ ૫૦૦ આયંબિલવાળાને તથા નાના બાળકોને ૨-૨ રૂપિયાની પ્રભાવના થયેલ. આ બધા અનુષ્ઠાનો અત્રે પહેલી જ વાર થતા હોવાથી લોકોનો ઉલ્લાસ અનેરો રહ્યો. લોકોના અત્યાગ્રહથી બપોરે ૩ થી ૩॥ પ્રવચન તથા રાત્રિના માત્ર પુરુષો માટે ૮॥ થી ૯॥ ચૈત્યવંદન સૂત્રના

અર્થો સમજાવવાનું ચાલુ થયું. વૈ. વ. ૧૦ના રોજ સીમંધરસ્વામિ જન્મ કલ્યાણક નિમિત્તે ચૈત્યપરિપાટી નીકળી. લાડવાની પ્રભાવના થઈ. એકાશનાની આરાધના પણ થઈ. મુંબઈના એક સદ્‌ગૃહસ્થ તરફથી સંઘપૂજન થયેલ. બપોરે નવપદજીની પૂજા, લાડુની પ્રભાવના વગેરે થયેલ. પૂજ્યશ્રીને અનેક ગામોના સંઘોની વિનંતી હોઈ હાલમાં ઈન્દોરથી વિહાર કરી દેપાલપુર બાજુ પધાર્યા છે.

• • •

કરબટીયા-પીપલધન જૈનદેરાસરમાં જૈન-જૈનેતરના અપૂર્વ ઉલ્લાસપૂર્વક ઉજવાયેલ પ્રતિષ્ઠા શતાબ્દિ મહોત્સવ

• મહેસાણા પ્રાન્તના કરબટીયા-પીપલધન ગામના સંયુક્ત સંઘના શ્રી અભિનંદન સ્વામિના દેરાસરની પ્રતિષ્ઠાનું ૧૦૦મું વર્ષ આવતાં શ્રીસંઘે પ.પૂ.પા. તપોનિધિ આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજીના પ્રશિષ્ય વિદ્વાન મુ. શ્રી જગચ્ચન્દ્રવિજય મ સા ની પ્રેરણાથી ખૂબ ઉલ્લાસપૂર્વક મંદિરનો શતાબ્દી મહોત્સવ ઉજવવાની ભાવના વધેલી તે અનુસાર વૈ. સુ. ૧૦થી વૈ. વદ ૩ સુધીનો શ્રી બૃહદ્‌ અષ્ટોત્તરીસ્નાત્ર શ્રી સિદ્ધચક્ર મહાપૂજન તથા આઠે દિવસના ત્રણે ટંકના સ્વામિ-વાત્સલ્ય સહિત શ્રી જિનભક્તિ અષ્ટાન્હિકા મહોત્સવનું આયોજન થયેલ. અખાત્રીજ બાદ પૂજ્યશ્રી ઠા. ૩ તથા પ. પૂ. સ્વ. આ. શ્રી લબ્ધિસૂરી મ. સા. ના શિષ્ય પ. પૂ. પં. શ્રી પદ્મવિજય મ. સા. ઠા. ૨, પૂ. સાધ્વીજી મ. ઠા. ૧૦ પધારેલ. મુંબઈ, અમદાવાદ વગેરે બહારગામથી ૧૨૦૦ ઉપરાંત શ્રાવક શ્રાવિકા સંઘ તથા ગ્રામવાસી જૈન-જૈનેતર ૧૮ કોમના ભાઈઓના અપૂર્વ ઉલ્લાસ સહિત શ્રી જિનશાસનની પ્રભાવના કરતો મહોત્સવ ઉજવાયો.

શ્રી બૃહદ્‌ અષ્ટોત્તરી સ્નાત્ર અને સિદ્ધચક્ર મહાપૂજનના પ્રભાવક આલંબનને અવલંબી પૂજ્યશ્રીનાં આયોજન મુજબ પટેલ, રાજપૂત વગેરે અનેક અજૈન ભાઈઓ ૭ વ્યસનના ત્યાગપૂર્વક કાયમ માટે જિનદર્શન કરતાં થઈ ગયા. મહોત્સવમાં પૂજ્યશ્રીના પ્રવચનો તથા ગોપાલ એન્ડ પાર્ટીના સુમધુર કંઠે ગવાયેલ શ્રી જિનશાસન પ્રભાવક મહાપુરુષોના કથાગીતો તથા પ્રભુભક્તિ ગીતોએ અજૈન વર્ગમાં ય અનેક આકર્ષણ જમાવ્યું.

તા. ૧૪-૫ના સવારે ૧૦ વાગે નીકળેલ ભવ્ય વરઘોડાના દર્શન એ જીવનનો મહામૂલો લહાવો બની ગયા. ૧૧ જોડી બળદથી વહાતા પ્રભુપ્રતિમાનો રથ, પાલખી, ૧૦૮ બેડાવાળી પનિહારીઓ (મોટે ભાગે જૈનેતર) પ્રભુ ભક્તિમાં લયલીન

બની નાચ-ગાન કરતાં તથા દાંડીયારાસની રમઝટ મચાવતા કોલેજિયન યુવાનો, તથા સ્થાનિક જૈન અજૈન ભજન મંડળીઓએ વરઘોડાને ભવ્ય બનાવ્યો. એમાં અજૈન ભાઈ-બેનોને ય વિશાળ સમુદાય સામેલ હતો. વૈ.વ. બીજને દિવસે ૧૦૧માં વર્ષના સુપ્રભાતે મંગળમય ધ્વજારોપણ બાદ સામુદાયિક ચૈત્યવંદન તથા બપોરે મહાપૂજન થયું. જૈન-અજૈનોએ જીવદયામાં આશ્ચર્યજનક ફાળો નોંધાવ્યો. આશરે ૩૫૦૦ રૂા. જેટલી જીવદયાની ટીપ થઈ. રાત્રે ભાવના બાદ મધ્યરાત્રિએ જૈન-અજૈનની વિશાળ મેદનીયુક્ત વાજતે ગાજતે બંને ગામ ફરતી શાન્તિ મંગળકારી જલધારા દેવામાં આવી. મંગલમય પ્રસંગની મંગળતાને વિસ્તારતી અજૈનોને ઘરદીઠ બે-બે લાડુની પ્રભાવના કરવામાં આવી. શાસનપ્રભાવક આ મહોત્સવને અનુલક્ષી આર્થિક રીતે પછાત એવા ૧૦૧ અજૈન બાળકોને અનુકંપાર્થે સુંદરચડ્ડી બુશશર્ટનું પ્રદાન કરવામાં આવ્યું. અજૈનોએ સાત વ્યસન ત્યાગાદિ નિયમો લીધા.

વૈ. વ. ૩નો છેલ્લો દિવસ તે પૂ. ગુરુદેવોની પ્રેરણાથી તેઓશ્રીની સાનિધ્યમાં પ્રભુજીની નાણ સમક્ષ ૨૧ ભાઈ-બેનોના આજીવન બ્રહ્મચર્યના તથા અન્ય વ્રતોના વિધિપૂર્વકના ઉચ્ચારણથી મહોત્સવ રૂપમંદિરના સુવર્ણકળશરૂપ બની ગયો. ૨૧ વ્રતધારીઓમાં તપસ્વી કૈલાસબેન બાલબ્રહ્મચારી બનતાં એમના વૈરાગી જીવનને જોઈ ઘર ઘરમાં અને ચકલેચૌટે ભાવી દીક્ષા મહોત્સવને ભવ્ય રીતે ઊજવવાના મનોરથોનું વાતાવરણ વર્તી રહ્યું છે. પૂજ્યશ્રીએ તારંગા-વાવ પાલનપુર થઈ ચાર્તુમાસ અર્થે ડીસા તરફ વિહાર કરેલ છે.

• **ઈડર :** પ. પૂ. પં. શ્રી પદ્મવિજય મ.સા.ની નિશ્રામાં સુ.શ્રી. સાકળચંદભાઈએ પ્રતિકુળ પરિસ્થિતિ વચ્ચે પણ અડગપણે અક્રમતપથી વરસીતપ પૂર્ણ કરતાં ઈડર શ્રીસંઘે તેઓનું સુંદર બહુમાન કરેલ.

• **અમદાવાદ :** પ. પૂ. આચાર્યભગવંત શ્રીમદ્‌ વિજય મલયચન્દ્રસૂરીશ્વરજી મહારાજ તથા પ. પૂ. મનોગુપ્તવિજયજી મહારાજને વર્ધમાન તપની ૧૦૦મી ઓળીનું પારણું વૈશાખ વ. ૧૨ના ખૂબ જ ઉલ્લાસપૂર્વક થયું. કુમુદરાય વેલચંદને ત્યાં પૂજ્ય આચાર્યભગવંત આદિ ચતુર્વિધ સંઘના પગલાં થતાં ત્યાં સંઘપૂજન થયું. જ્ઞાનમંદિરમાં ગુરુપૂજન તથા કામળીઓ વગેરે વહોરાવાયા... પૂ. મુ. શ્રી મિત્રાનંદવિજયજી ગણિવરે તપ ઉપર ૧૦ મિનિટ વ્યાખ્યાન વાંચ્યું, અનેક ગામના સંઘોના આગેવાનો તથા સ્થાનિક લોકો ખૂબ સારા પ્રમાણમાં હતા. ૯-૩૦ મિનિટે ટંકશાળમાં અમૃતલાલ ભંડારીને ત્યાં પૂજ્ય આચાર્ય ભગવંત આદિના પગલા થયા. સુશોભિત મંડપમાં પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌ વિજય રવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજનું પ્રવચન થયું. ત્યાં પણ સંઘપૂજન થયું. કામળી વહોરાવાઈ. એકંદરે પારણાનો

પ્રસંગ ખૂબ જ ઉલ્લાસપૂર્વક ઉજવાઇ ગયો.

● **મુંબઈ :** અત્રે લાલબાગમાં સિદ્ધાંત મહોદધિ સ્વ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની ૮મી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે પૂ.મુ. શ્રી નિરંજનવિજયજી મહારાજ તથા પૂ.મુ. શ્રી ભદ્રશીલવિજયજી મહારાજે તેઓશ્રીના સંયમજીવનના સુંદર ગુણાનુવાદ કર્યા. શ્રીપાળનગરમાં પૂ. પં. શ્રી ચરણવિજયજી ગણિવરની નિશ્રામાં ગુણાનુવાદ થયા. સ્વ. પૂજ્યશ્રીના ગુણ ગાતાં ગાતાં પંન્યાસજી મહારાજ ખૂબ જ લાગણીવશ થઈ રડી પડ્યા હતા. એકંદરે ગુણાનુવાદનો કાર્યક્રમ પૂજા આંગી વગેરેથી ખૂબ ભવ્ય બન્યો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૨૪,અંક-૩૯,તા.૧૨-૬-૧૯૭૬

(જે ૨૦ મી ૨૧ મી સદીના શ્રેષ્ઠ સંત નિર્વિકાર તપોનિધિ સિદ્ધાંતમહોદધિ કર્મ સાહિત્ય પ્રકાંડવેત્તા, વાત્સલ્યવારિધિ મહાન ગચ્છાધિપતિ, પ્રાતઃ સ્મરણીય, સૂરિપુંગવ સ્વ. આરાધ્યપાદ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાનું ૮ મું સ્વર્ગારોહણ પુણ્યપર્વ ગત વૈશાખ વદ ૧૧ ભારતભરમાં ગામેગામ ઊજવાઈ ગયું, તે સૂરીશ્વરજીનાં યત્કિંચિત્ ગુણગાન-)

અનાદિ કાલીન વિશ્વમાં શ્રીમદ્ તીર્થંકરદેવો સર્વશ્રેષ્ઠ ઉપાસ્ય આરાધ્ય-રત્ન પાત્ર ભગવંતો છે. ગણધર ભગવંતો, ત્રીજા પરમેષ્ઠિપદે બિરાજમાન, ત્રિપદીના શુદ્ધાતિશુદ્ધ ગ્રાહક, દ્વાદશાંગ રચનાર, વિશ્વોપકારી સર્વશ્રેષ્ઠ મહાત્માઓ છે. વિશ્વકલ્યાણસાધક સર્વહિતકારક શ્રી જૈનેન્દ્ર મહાશાસનની ઉન્નતિ જારી રાખવી, એ વિશિષ્ટ સર્વોત્તમ લક્ષણ છે, પૂ. આચાર્યપુંગવોનું.

શ્રી સુધર્માસ્વામી ગણધર ભગવંતની પાટપરંપરામાં ૨૦ મી સદીના અજબ શાસનપ્રભાવક શાસન-સંરક્ષક થયા. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (પૂ. આત્મારામજી મ.) સાહેબ. સદ્ધર્મરક્ષક પ્રૌઢ પ્રભાવી-નિસ્પૃહ શિરોમણી આ. શ્રી વિજયકમળસૂરીશ્વરજીએ ગજબ રક્ષા કરી શ્રી જૈન શાસનની. યથા સમયે, યથા રીતે તેઓશ્રીના પ્રથમ પટ્ટધર સકળાગમ રહસ્યવેદી પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મ.ના પટ્ટપ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. મહાત્માઓના મહાધનના મહારક્ષક. સંયમ લીધો તીર્થાધિરાજની તલેટીમાં, શાસ્ત્ર

અભ્યાસ અને આગમપાન યૌવનના આંગણે. ગીતાર્થતા-સંવિગ્નતા સદ્ગુરુ સમર્પિતતાના પ્રભાવે, ગણિ-પંન્યાસ-ઉપાધ્યાય-આચાર્ય અનિચ્છાએ. પણ ગુરુ-કૃપા-આજ્ઞાની સુવાસે.

સૂર્ય સહસ્ર કિરણે પ્રકાશ્યો. તેજ-છાયા શિષ્યગણ અને આરાધક સમૂહ પર પૂરી. સ્વ-આરાધના જરાએ ન અધૂરી. તપ એહિજ આતમા. રસનાને જીતી, દેહની મમતા મૂકી. ભાવના જરાએ ના સૂકી કે શુષ્ક. જિનાજ્ઞા ભાવથી ભરી ભરી અને સ્નિગ્ધ, સ્નિગ્ધતા બદન ઉપર વદન ઉપર. આંખમાં સૌ પ્રત્યે તરતુ અમી,- 'હવે ક્યાં સુધી સંસારમાં' રણકાર સાથેની. સૌને ગમી. કેઈકે સંસાર મમતા વમી.

શિષ્યપ્રશિષ્ય ત્રણસોના તારણહાર યોગક્ષેમના કરનાર. સંસાર પિત્તનું વમન કરાવનાર. સાહિત્ય શેખરોના સર્જક. શાસન પ્રત્યનીકના તર્જક, છતાં હૈયામાં ભાવદયાના ધરનાર, કર્મસાહિત્યના આગમસિદ્ધ પ્રખર ઉપાસક, નવ્ય સાહિત્ય-કર્મસિદ્ધાંતનું પ્રગટ કરાવ્યું, પ્રસાર્યું. આમ બનાવ્યા એકાગ્રમના આશ્રિતોને.

પરમપ્રસાદ ધર્યો શાસનના ચરણે, પ્રખરશિષ્ય શાસન સિદ્ધાંત સંરક્ષક, ગણધર દેશનાદાયક, આરાધ્યપાદ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. અને બીજા અનેકોનો આગમ ઉદ્ધર્યા, આતમ ઉદ્ધર્યા, ઉદ્ધર્યા અનેકવિધ ગૃહી ઉપાસકોને. ભાવદયા અને દ્રવ્ય દયાના દરીયા. દેનગી શાસનને અણમોલ. લઈ જાણ્યું, આપી જાણ્યું.

મુખમુદ્રા સદા પ્રસન્ન સ્મિત અધરોષ્ઠ પર. જાણે આતમ પ્રેમની સરવાણી. આંખો કરુણામૃતના કચોલા. બોલ અનમોલ. પુષ્પોને ખીલવતા દંત પંક્તિ દેખાય અને કર્મસત્તા શરમાય, પાપ કરમાય, પુણ્ય ખીલે. દર્શન માત્રથી. આવા હતા કાબેલ અને કુશળ અને અમારા આતમ-પિતા. વાત્સલ્યમૂર્તિ મમતાળુ ભાવ-માતા જ કહોને ?

ક્રિયામાં અપ્રમાદ. ભાષામાં મધુરતા અને સાદાઈ પ્રેરણામાં પૂરી અમી, જરાએ ન રાખે કમી. પ્રેરણાએ કેઈક તર્યા અમ જેવા બાળ, કાળ વિકરાળથી બચ્યા. સાધુના પવિત્ર સ્વાંગે શોભી ઊઠ્યા. સંયમરક્ષાના ભારે નમ્ર બન્યા. ગ્રહણ આસેવન શિક્ષાના શસ્ત્રે રક્ષાયા. કંઈક કમળ જેમ વિકસ્યા-ખીલ્યા, કંઈક ભ્રમર જેમ જિન વાણીનો ગુંજારવ કરવા લાગ્યા. મધુરું સંગીત-સંસાર ભૂંડો, મોક્ષ જ રૂડો-નું, પ્રસર પામવા લાગ્યું, જનતાની જીબાન પર. જયોત પ્રગટી ઘર ઘરમાં.

મહોત્સવ અને મહાપૂજન. સંઘપૂજન અને સાધર્મિક ભક્તિનું ગુંજન અંજનશલાકા-પ્રાણપ્રતિષ્ઠા ગાદીનશીન-જીર્ણોદ્ધાર અને નવ્ય દેવગૃહ નિર્માણ. બાળદીક્ષા, અને યુવાદીક્ષા, પ્રૌઢદીક્ષા, અને વૃદ્ધદીક્ષા. દીક્ષા એ જ શિક્ષા જ્ઞાનસત્રના

દર્શન. પૂ. સાધુમહાત્માઓના મોટા મોટા વૃન્દમાં જાપ અને ધ્યાન. સૂત્રની લહાણ. અર્થની ગંભીર વિચારણા. સઘળું નીરખે મારા આતમ પ્રભુ પ્રેમ. હૈયે ધરે નેહ અને ખેમ. જીવ માત્ર પર સદા રાખે રહેમ.

વૃદ્ધાવસ્થા તો આવે જ ને ? આતમમાં તો યૌવન ખીલતું જ રહે, વૈશાખ જેઠના તાપ, શરીર આજાર, બપોરે બે વાગે સ્થંડીલ શોધન ગામ બહાર, અડવાણે પગે અને ધીમી ચાલે. ધુસર દૃષ્ટિએ, આ હતો પ્રતાપ પ્રેમના શાસન પ્રેમનો, આણાએ ધમ્મોનો સામાચારી પ્રત્યેના પવિત્ર પ્રેમનો, શરીર શોષી, નિર્જરા પોષી, વણમાગ્યા પુણ્યાનુબંધી પુણ્યને પ્રગટવા દઈ. આતમ-કળાનો કસબી દીઠો ન કોઈ આ કાળે, આ યુગે મસ્તક નમે, હૈયું નમે, નમે આતમનો અનોખો ભાવ, ભાવ ભવથી તારે, ભાવ ક્ષયોપશમ પ્રગટાવે-ખીલવે-પુષ્ટ બનાવે.

કાળ કરાળ, ગતિ એની વનથંભી આયુષ્યના દળીઆ પરમપ્રભુ તીર્થંકર દેવોના પણ પૂરા થાય. પ્રેમસૂરીશ્વરજી પરમાનંદી દેહ આતમ જુદા. દેહ છૂટે તો જ મુક્તિ મળે. સૂક્ષ્મ કર્મ દેહ પણ સંપૂર્ણ છૂટવો જોઈએ, તે માટે જ સંયમની મહાધૂરા, દેહને દમવો આતમને ઉદ્ધરવો, ભવોભવ સંયમની જ માંગણી. તે માટે જ અરિહંત અને સિદ્ધનું શરણ. અંતિમ પળે પણ.

તેમાં જ ધરી એકાગ્રતા, અમારા શીરતાજ પ્રેમસૂરીશ્વરે ખંભાતમાં જ્યારે કર્યો ખોંખારો ખખડધજ કાળ કરાળે 'વીર વીર'ના વેણ સૂરીશ્વરજીના વદનકળમાં અને શરૂ થયા કહેણ-નમો અરિહંતાણં, નમો સિદ્ધાણંના, મુખ્ય અંતેવાસી શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજીના શ્રીમુખે ત્રણ ફેરાની અમૃતવાણી, જાણી પળ અજાણી, પ્રકાશ બાહ્ય ગયો, આંતર પ્રકાશ સ્વર્ગના આંગણે ફેલાયો.

વૈશાખ વદ ૧૧, ૨૦૨૪ની, સેવક નત મસ્તકે ઊભો હતો અન્ય પૂજ્યોની સાથે, મસ્તકે બીરાજ્યા હતા પરમતારક ગુરુભગવંત, સંઘચતુર્વિધ શોકાતુર બન્યો અને... અને વિધિ વ્યવહાર સઘળી...

વર્ષ થયા પૂરા આઠ આજે. રાજે ભાવ શિષ્યવૃંદમાં એવો અને એવો જ, ઉજવે પુણ્યપર્વ. તોડે કર્મનો ગર્વ. સ્થળે સ્થળે પાન થાય ગુણોનું, પુષ્ટ બને આતમા.

વંદન કોટિશ : બાળ ભુવનચંદ્રના

ઉજવે મુંબઈ નગરના ઉપનગર મલાડ વેલાણી એસ્ટેટમાં મળી સર્વ સંઘ. આમંત્રી સકળ શ્રી સંઘને પ્રેમના-શાસનના પ્રેમી ઉપાસકોને.

પધારો પ્રેમે, સૂરીશ્વરપ્રેમના ગુણ ગાવા,
આંગણીયે અમારા, ધરો ધગશ અંતરમલ દૂર કરવા.
વર્ષ આઠના વહાણા. થયા પૂરા વિયોગના દુઃખે,
કરો સ્મરણ સૌ સાથે, બનો પુષ્ટ આતમતણા તાને.

● **અમલનેર :** અત્રેના તીર્થસમા શ્રી ગીરુઆ પાર્શ્વનાથ ભગવાનના દેરાસરની પ્રતિષ્ઠાને ૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે જેઠ સુદ ૯થી શરૂ થતા અઠ્ઠાઈ મહોત્સવ શાંતિસ્નાત્ર પર પધારવા શ્રી સંઘની આગ્રહભરી વિનંતીથી પૂ. આચાર્યદેવો શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ. તથા શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. માલેગામથી વિહાર કરી અત્રે પધાર્યા. સુદ ૮ પ્લોટમાં શ્રી નેમિચંદજી મિશ્રીલાલને ત્યાં સુસ્વાગત પધારતાં રસ્તામાં શ્રી પ્રેમચંદજી ઘેવરલાલ તરફથી સંઘપૂજન થયું. બાદ અત્રે શ્રી નેમિચંદજી તરફથી એમના વિશાળ કંપાઉન્ડમાં ઊભા કરેલ મંડપમાં ચિકાર મેદનીમાં પ્રવચન તથા સંઘપૂજન થયું. વરસાદના કારણે સુદ ૯ પણ પૂજ્યશ્રીઓ સપરિવાર અત્રે જ રોકાયા. જળગાંવ ચાલીસ ગામથી મોટી સંખ્યામાં શ્રી સંઘના ડેપ્યુટેશન ચોમાસાની વિનંતી અર્થે આવેલ. ધુળિયા માલેગામ વગેરેથી પણ ભાવિકો વંદનાદિ માટે આવેલા. સુદ ૧૦ સવારે પૂજ્યશ્રી સપરિવાર અમલનેર સંઘના ભારે ઉલ્લાસભર્યા સ્વાગત, ગહુંલીઓ સાથે શહેરમાં પધાર્યા છે. સવારે બપોરે વ્યાખ્યાન તથા બપોરે પૂજાનાં કાર્યક્રમ ખૂબ ઉછરંગ સાથે શરૂ થઈ ગયેલ છે.

● **અમલનેર :** અત્રે શ્રી ગીરુઆજી પાર્શ્વનાથના મંદિરના જીર્ણોદ્ધાર પછી તીર્થસમા બનેલા મંદિરની પ્રતિષ્ઠાને ૨૫ વર્ષ પૂર્ણ થતાં હોઈ તેની ભવ્ય ઉજવણી કરવા માટે ત્રણ ત્રણ પૂજ્ય આચાર્ય ભગવંતોની પુનિત નિશ્રામાં જેઠ સુદ ૯ થી અઠ્ઠાઈ મહોત્સવ શરૂ થયો છે. પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરિજી મ. ની નિશ્રામાં ૧૮ વર્ષ પૂર્વે અત્રે શાસનનો જયજયકાર થયેલો. ત્યારબાદ આ વખતે પૂજ્યપાદ ત્રણ આચાર્ય ભગવંતોની અત્રે પધરામણી થવાથી સંઘનો ઉત્સાહ અમાપ, અને શાસન પ્રભાવક ભવ્ય સમારોહથી ફરીથી શાસનનો જયજયકાર થયો. સવારના બે વ્યાખ્યાન તથા બપોરના એક વ્યાખ્યાન એમ રોજના ત્રણેય વ્યાખ્યાનોમાં લોકોની હાજરી ચિક્કાર રહે છે. ડૉક્ટરો વગેરેની અનુકૂળતાના હિસાબે બપોરે ૧॥-૨ વાગે

વ્યાખ્યાનમાં પણ ચિક્કાર હાજરી રહે છે. બપોરના પૂજા તથા રાત્રિભાવનામાં પણ લોકોની ઠઠ જામેલી રહે છે. જેઠ સુદ ૧૫નો રથયાત્રાનો ખૂબ જ ભવ્ય વરઘોડો નીકળ્યો. ૩-૩ બેન્ડ-ધજા-પતાકાથી શણગારેલું સમસ્ત શહેર, પ્રભુજીનો સુંદર રથ, અનેક જગ્યાએ થયેલી સુશોભિત તથા કલાત્મક ગહુંલીઓ, યુવાનોના દાંડિયારાસ, 'જૈનં જયતિ શાસનમ્'ના નારાઓ આદિથી વરઘોડો ચિરસ્મરણીય બની ગયો. ૨॥ કલાક સુધી ચાલેલો આ વરઘોડો ઉતર્યા બાદ વિશાળ માનવ મેદની વચ્ચે અત્રેના શ્રીસંઘે પૂજ્યશ્રીને ચાતુર્માસિની જોરદાર વિનંતી કરી. એકંદરે હાલમાં અત્રે પર્યુષણા મહાપર્વ જેવું ઉલ્લાસમય વાતાવરણ સર્જાયું છે. અત્રે ચાર પક્ષ છતાં કોણ જાણે આ વખતે બધા ભેગા થઈને પૂજ્યશ્રીને ચોમાસું રાખવા દૃઢમના બન્યા છે, ખરતગચ્છની સાધ્વીઓ પણ પૂજ્યશ્રીના ખાસ વ્યાખ્યાનનાં શ્રવણ અર્થે અત્રે ચોમાસું રોકાયેલ છે. યુવાનોમાં ધર્મપ્રેમનો નવો રંગ ઝળકી ઊઠ્યો છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૪,અંક-૪૧,તા.૨૬-૬-૧૯૭૬**

● **અમલનેર :** અત્રે પૂ. આચાર્યદેવોને ચાતુર્માસની વિનંતી અર્થે અત્રેના તેમજ માલેગામ ધુળિયાના સંઘના વિશાળ ડેપ્યુટેશન જેઠ વદ ૨ રવિવારે એકત્રિત થયેલ અને ખૂબ જ આગ્રહભરી વિનંતી કરેલ; એના પરિણામે આ નક્કી થયું,- પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ.નું માલેગામ, પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ.નું યેવલા, પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.નું અમલનેર, પૂ. મુનિરાજશ્રી ગુણાનંદવિજયજી ગણિવર તથા મુ.શ્રી હેમરત્નવિજયજી મ.નું ધુળિયા. આ ઉપરાંત પૂર્વે ચાતુર્માસો આ મુજબ નક્કી થયેલ. મુ.શ્રી મિત્રાનંદ વિજય ગણિવર, ઓપેરા સોસાયટી (અમદાવાદ) મુ.શ્રી યશોભદ્રવિજયજી ગણિવર રાધનપુર, મુ.શ્રી ધર્મઘોષ વિજયજી મ. તથા મુ.શ્રી જયઘોષ વિજયજી ગણિવર, પગથિયાનો ઉપાશ્રય(અમદાવાદ) મુ.શ્રી ધર્મજિતવિજયજી ગણિવર તથા મુ.શ્રી જયશેખર વિ.મ. જામનગર પ્લોટ શાંતિભુવન) મુ.શ્રી મતિધનવિજયજી મ. તથા મુ.શ્રી રત્નાશુંવિજયજી મ. તથા મુ.શ્રી જગચ્ચંદ્ર વિ.મ. ડીસા, મુ.શ્રી ધર્મગુપ્તવિજયજી મ. રતલામ, મુ.શ્રી મણિપ્રભ વિજયજી મ. તથા જગવલ્લભ વિ.મ. ખંભાત, મુ.શ્રી રાજેન્દ્ર વિજયજી મ. રાજકોટ, મુ.શ્રી ચન્દ્રશેખર વિજયજી મ. નવસારી, મુ.શ્રી હેમચન્દ્રવિજયજી મ. આરાધના ભવન (દાદર-મુંબઈ) મુ.શ્રી યોગીન્દ્રવિજયજી મ. ગીરધરનગર (અમદાવાદ) મુ.શ્રી મનોગુપ્તવિજયજી મ. મંડાર

(રાજસ્થાન) મુ.શ્રી નયરત્નવિજયજી મ. અજમેર (રાજસ્થાન).

● **દેપાલપુર (માળવા) :** અત્રે પૂ.મુ.શ્રી ચરણપ્રભવિજયજી મ. પધારતાં સંઘનો ઉલ્લાસ બહુ. સ્વાગતમાં, નાનુ ગામ છતાં, ૨૫ ઉપર ગહુંલીઓ, પ્રવચન-પૂજા-પ્રભાવના વૈશાખ વદ ૧૪ શ્રી શાંતિનાથ પ્રભુના દીક્ષા-મોક્ષ કલ્યાણકની આયંબિલ એકાસણાથી સમૂહ આરાધનામાં ભારે રંગ આવ્યો. જેઠ સુદ ૨ શ્રી સિદ્ધાચલજીની યાત્રા-આરાધનામાં ૩ કલાક ભાવયાત્રા ચાલી. આજે વિહાર છતાં અતિ આગ્રહથી રોકાતાં સુદ ૩ થી સાગરમલજીએ સંઘપૂજા કરી કેરીની પ્રભાવના થઈ. સુદ ૫ ગૌતમપુરા જતાં પાઠશાળા શરૂ થઈ.

પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મ. માળવામાં ભારે ઉપકાર કરી રહ્યા છે. ઈંદોરમાં મહાવીર ભગવાનના કેવળજ્ઞાન કલ્યાણકની આરાધના કરાવતાં ઉપસર્ગોના વર્ણન વખતે કેટલાકો રડી પડેલ. 'અજ્ઞાન હટાવો'ની આરાધનામાં ૫૦-૬૦ એકાસણા સાથે બપોરે જ્ઞાન-જ્ઞાનીઓને વંદના કરાવતાં ૨ કલાક લાગેલા સંઘપૂજા પણ થયેલ. વૈશાખ વદ ૧૦ શ્રી સીમંધર ભગવાનના જન્મ કલ્યાણકની આરાધના ૧૫૦ લગભગ એકાસણાથી થઈ ચૈત્યપરિપાટીમાં ૨૫૦ જણ હશે. ખમાસમણ, કાયોત્સર્ગ આદિ સુંદર થયું બપોરે 'અરિહંત ભક્તિ' ૨૫ પ્રવચનથી શ્રોતાઓ ભક્તિભાવિત બની ગયા.

● **અમલનેર :** અત્રે નૂતન મુનિશ્રી મતિસુંદરવિજયજી મ.ની જેઠ વદ ૭ વડીદીક્ષા થઈ. એ નિમિત્તે સંઘ તરફથી બે પૂ.આચાર્યદેવો તથા નૂતન મુનિને કામળી વહોરાવવાની સારી બોલી થઈ બપોરે પૂજા રાત્રે ભાવના થઈ. ચોમાસાર્થે પૂ.આ.શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ. માલેગામ તરફ અને શ્રી વિજય ત્રિલોચન-સૂરીશ્વરજી મ. યેવલા તરફ વિહાર કરી ગયા છે.

● **સુરત :** અત્રે પૂ.મુ.શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજનો ધામધૂમથી પ્રવેશ થયો છે. તેઓશ્રીનું ચાતુર્માસ નવસારી ખાતે નક્કી થયું છે. અને ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ ૯ના થશે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૪,અંક-૪૨,તા.૩-૭-૧૯૭૬**

પીંપલધનમાં દેરાસરના શતાબ્દી મહોત્સવની અવિસ્મરણીય ઊજવણી

(ગુજરાત સમાચાર તા. ૮-૬-૭૬ના અંકમાં એના ખબરપત્રી લખે છે,-)

પ. પૂ. પ્રાતઃ સ્મરણીય વિદ્વાન મુનિરાજશ્રી જગતચંદ્ર વિજયજી મહારાજ

સાહેબના સંસારી વતન (તા. ખેરાલુ) પીપલધન ગામે તેઓશ્રી, મુનિગણની શુભનિશ્રામાં તીર્થંકર ભગવાન શ્રી અભિનંદન સ્વામીની પ્રતિષ્ઠાના **પ્રથમ શતાબ્દી મહોત્સવ** પૂજનો મહાપૂજનો સ્વામિવાત્સલ્યો મંગલ પ્રભાતિયાં, પ્રભુભક્તિ, ભાવના આદિ ભાવોલ્લાસપૂર્વક ઉજવાયો.

તા. ૧૪-૫-૭૬ના રોજ નીકળેલ વરઘોડાનાં દર્શન એ જીવનનો એક લહાવો બની ગયાં. ૧૧ જોડી બળદથી વહન થતો પ્રભુપ્રતિમાનો રથ પાલખી તથા ૧૦૧ પનિહારીઓએ વરઘોડાનું અનેરું આકર્ષણ બન્યાં. સ્થાનિક જૈન અજૈન મંડળીઓ તથા કૉલેજિયન યુવક ભજન મંડળીઓએ ભક્તિભાવથી નારા ગાન દાંડીયા રાસની રમઝટ મચાવી. જૈન અજૈનભાઈ બહેનોની મોટી મેદની યુક્ત આ વરઘોડો ચકલે ચૌટે બેન્ડના સુમધુર સરોદો અને જયનાદની ઘોષણા સાથે આખા ગામને પાવન કરતો.

બીજને દિવસે ૧૦૧ મા વર્ષના સુપ્રભાતે મંગલમય ધ્વજારોપણ બાદ ચૈત્યવંદન તથા બપોરે મહાપૂજન વિધિ થયા. મધ્યરાત્રીના સમયે ગાજતે ગાજતે બંને ગામને ફરતી શાંતિ-મંગલકારી જલધારા દેવામાં આવી. લાડુની પ્રભાવના અજૈન ઘર-ઘર દીઠ પ્રેમપૂર્વક કરવામાં આવી. ૧૦૧ અજૈન બાળકોને ચડ્ડી-બુશશર્ટ અપાયાં વૈ. સુ.૩ - ૨૧ ભાઈ-બહેનોના જિંદગીપર્યન્તના બ્રહ્મચર્યના તથા અન્ય વ્રતોના વિધિ થયા.

પૂ. મુ. મ. શ્રીના પ્રેમપૂર્ણ પ્રેરક ઉદ્‌બોધન સાથે ગત ચાર્તુમાસના પ્રભાવે ગામની આબાલ ગોપાલ સમગ્ર જનતામાં દયા, દાન, ન્યાય, નીતિ અહિંસા સત્ય અને ત્યાગ-વૈરાગ્ય જેવી વિશ્વશાંતિપ્રદ આધ્યાત્મિક ગુણો વિકસી રહ્યા છે. જે આવા ધર્મકાર્યોની આવકાર્યતાને અનિવાર્યતાને સુચવી રહ્યા છે.

● **ઈન્દોર :** અત્રે શાન્તિનગર ઉપાશ્રયમાં જેઠ વ. ૫ ના પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મહારાજનો ધામધૂમથી ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં ચાતુર્માસ પ્રવેશ થયો. તે દિવસે શ્રી જૈનશાસનની સામુદાયિક આરાધના ખમાસમણા-કાયોત્સર્ગ-આયંબિલ એકાસન આદિથી થઈ. પ્રવેશના મંગલ પ્રવચનમાં લગભગ ૭૫૦ની હાજરી હતી. વદ ૮ના રોજ બપોરે ૨॥ કલાક અષ્ટાપદ વંદનાની આરાધનામાં ક્રિયા વખતે લગભગ ૧૭૫ જણ તથા ૬૦ આયંબિલ ૯૦ એકાસન થયા. બંને વખત ભાવના થઈ હતી. વદ ૧૧ના રોજ ખરતરગચ્છના ઉપાશ્રયે 'મહાસતી અંજના સુંદરી' વિષય પર જાહેર પ્રવચન થતાં હોલ ભરચક થઈ ગયેલ. ત્યાંના વહીવટદારની ખાસ વિનંતીથી રવિવાર સુધી 'શમ આરાધો, ઔર તમ હટાવો' ઇત્યાદિ જુદા જુદા વિષયો પર પ્રવચન થયા. પ્રવચનનો મુખ્ય સુર, 'જિનશાસન રહિત ચક્રવર્તી બનું એ ના ! પણ જિનશાસનયુક્ત કદાચ દાસ કે દરીદ્ર ય બનું એ હા !' લોકો આત્મલક્ષી આધ્યાત્મિક પ્રવચનોથી ખૂબ જ પ્રભાવિત થાય છે. લોકો જ પ્રચારે છે કે 'અભી તક ઐસે પ્રવચનો કો કભી નહિ સૂના !' લોકોને પૂજ્યશ્રીના ત્યાગ-સંયમની સારી અસર પડી છે. વ્યાખ્યાનની શૈલી એવી છે કે નાના બાળકને પણ સમજાઈ જાય. એકંદરે પૂજ્યશ્રીના પ્રવેશથી અત્રે કોઈ અનેરો ઉલ્લાસ છે.

● **સુરત :** અત્રે વ્યાખ્યાન કેસરી પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ પધારતાં ભવ્ય સ્વાગત થયું. શ્રીસંઘનાં આનંદનો પાર નથી. પ્રવચનમાં નેમુભાઈની વાડીનો વિશાળ પણ હોલ એવો સાંકડો પડે છે કે શ્રોતાઓ ગીચોગીચ બેસવા છતાં સમાતા નથી. લગભગ ૩૦૦ જણને હોલ બહાર દીવાલને અઢેલીને ઊભા રહેવું પડે છે. વહેલી સવારે ૬-૬॥। વાગ્યા સુધીમાં સ્તોત્રપાઠ-સંવેદનમાં ય હોલ લગભગ ભરાઈ જાય છે. આ પરથી સુરતના સમગ્ર લોકોનો નિષ્પક્ષ ઊછળતો ધર્મપ્રેમ જણાઈ આવે છે. શનિ-રવિ વીરસૈનિકોનો ભવ્ય કાર્યક્રમ છે.

● **મુંબઈ :** અત્રે શ્રીપાલનગરમાં પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજ સ્વ. પૂ. પં. શ્રી પદ્મવિજયજી ગણિવરના શિષ્યરત્ન પધારતાં ત્રણ દિવસ સંવેગ-વૈરાગ્ય ઝરતાં જોરદાર પ્રવચનો થયાં વ્યાખ્યાન હોલ ચિકાર ભરાઈ જતો. પ્રવચનની એવી ઘેરી અસર પડી ગઈ કે શ્રોતાઓ દાદર આરાધનાભવન સંઘને આવા સમર્થ પ્રવચનકાર મહાત્મા ચાતુર્માસ માટે મળવા બદલ ધન્ય માનવા લાગ્યા. ત્રીજા દિવસના વ્યાખ્યાનમાં તો શ્રોતાઓની આંખો વારે વારે અશ્રુભીની બની જતી પૂજ્યશ્રી અત્રેથી લાલબાગ ઉપાશ્રયે થઈ દાદર જ્ઞાનમંદિર ઉત્સવ પર પધારશે ત્યાંથી આરાધનાભવન પ્રવેશ કરશે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૪,અંક-૪૩,તા.૧૦-૭-૧૯૭૬**

● **વાપી :** મુંબઈ સમાચાર તા. ૨૯મી ના અંકમાં જણાવ્યા મુજબ અત્રેના અજીતનગરમાં આવેલા શ્રી પાર્શ્વનાથ જૈન દેરાસરમાં તા. ૨૭ જુન શનિવારે રાત્રે અમદાવાદથી આવેલા વિદ્યા બહેન શાહ માળા જપી રહ્યા હતા ત્યારે તેમને ચમત્કારનો સાક્ષાતકાર થયો. (૧) તેમના માથા ઉપર વાસક્ષેપનો છંટકાવ થવા લાગ્યો હતો. અને (૨) તે સાથે પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિના જમણા અંગુઠામાંથી

વાસક્ષેપ ઝરવા માંડ્યો, અને (૩) પછી મંદિરના ગભારા તેમજ દીવાલની છતમાંથી તેમજ પ્રતિમાજી ઉપરથી પુષ્કળ અમીઝરણાં થયાં, અને (૪) મંદિરના બધા ભાગોમાંથી પાણીના રેલા ઉતરતા હતા. આ ચમત્કારની વાત ફેલાતાં હજારો લોકો જૈન દેરાસરે દોડી ગયા હતા અને લગભગ ૫ કલાક સુધી ભાવિકોએ આ ચમત્કાર જોયો હતો.

● **રતલામ :** અત્રે પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ અત્રેના સંઘના અતિ આગ્રહથી સપરિવાર ચાતુર્માસાર્થે પધાર્યા. અષાઢ સુદ ૩ ધામધૂમથી બે બેન્ડવાડા આદિ સ્વાગત સાથે પ્રવેશ થયો. સામૈયામાં લગભગ ૧૫૦૦ માણસ, ૧૫૦ ગહુંલીઓ મંગળ પ્રવચન બાદ લગભગ એક ભાઈ તરફથી ૧૨૦૦ શ્રીફળની પ્રભાવના થઈ. પૂ. શ્રીના અત્રે બે બાળ મુનિમાં એકને ૨૮મી અને બીજાને ૧૬મી વર્ધમાન આંબેલ તપની ઓળી ચાલે છે.

● **પાદરલી :** અત્રે જેઠ વદ ૭ મુંબઈ કુમાર એજન્સીઝવાળા ભાઈશ્રી ત્રિકમચંદજીના સુપુત્રી... બેનની પૂ. મુનિરાજશ્રીલ જિતેન્દ્રવિજયજી મહારાજના વરદ હસ્તે ધામધૂમથી દીક્ષા થઈ અને એમને પૂ. સાધ્વીજી શ્રી પુષ્પચૂલાશ્રીજીના શિષ્યા સા. શ્રી પુષ્પલતાશ્રીજી તરીકે જાહેર કરવામાં આવ્યા. દીક્ષા મહોત્સવ-વરઘોડો-સાધર્મિક વાત્સલ્ય વગેરેમાં શ્રી ત્રિકમચંદજી તથા શ્રી સરદારમલજીની ઉદારતા ખૂબ હતી. આ સાથે સાદડીના મુમુક્ષુ ભાઈશ્રી પુખરાજજીની પણ ખૂબ ઉલ્લાસથી દીક્ષા થતાં એમને પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી પ્રીતિરત્ન વિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા.

● **સાણંદ :** અત્રે ભાલકના વતની ભાઈશ્રી પોપટલાલની જેઠ વદ ૭ દીક્ષા થતાં એમને પૂ. મુનિરાજશ્રી ચિરંજયવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી પરમાનંદવિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા. એ ઘણા વરસથી દીક્ષાની ભાવનાવાળા હતા તે સફળ થઈ.

● **ઈન્દોર :** પૂ. મુનિશ્રી ચરણપ્રભવિજયજી મહારાજ ખરતરગચ્છના ઉપાશ્રયે પધારતાં લોકોએ વ્યાખ્યાન શ્રવણાદિનો સારો લાભ લીધો 'શ્રી સમેતશીખરતીર્થ વંદના'નું આંબેલ એકાસણાં સાથે અનુષ્ઠાન યોજાતાં ૪૦૦ ભાવિકોએ લાભ લીધો ૨॥ કલાક ક્રિયા ચાલી. રવિવારે ત્રિસ્તૃતિક રાજેન્દ્રસૂરિ ઉપાશ્રયમાં વ્યાખ્યાન થાય છે.

● **દાદર :** અત્રે આરાધનાભવનમાં પૂ. મુનિરાજશ્રી હેમચન્દ્રવિજયજી મહારાજ તથા પૂ. મુ. શ્રી નંદીવર્ધનવિજયજી મહારાજ આદિ દાદર સંઘની અતિઆગ્રહભરી વિનંતીથી ચાતુર્માસાર્થે પધારતાં એઓશ્રીનો પ્રવેશ સ્વાગત સમારોહ ભવ્ય રીતે ઉજવાયો હતો. વ્યાખ્યાનમાં લગભગ ૫૫૦ માણસો ઉપસ્થિત હતા.

બીજે દિવસે પણ હોલ ચિક્કાર હતો રવિવારે ડી'સીલ્વા સ્કૂલના હોલમાં જાહેર વ્યાખ્યાન રખાયેલ પ્રવેશ વખતે ભાઈશ્રી તલકચંદ નાનચંદે સંઘ પૂજનનો લાભ લીધેલ.

● **રાજકોટ :** અત્રે હજુર પેલેસ પ્લોટના નૂતન ઉપાશ્રયે શ્રીસંઘના અતિ આગ્રહથી પૂ. વિદ્વાન મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયાદિ મહારાજ સપરિવાર ચાતુર્માસાર્થ પધારતાં ભવ્ય સ્વાગત થયું. કમાનો-ધજાપતાકા, સ્ટેટ બેન્ડ, પાનિહારીબેનો, મોટું સાજન વગેરેથી શોભા સારી આવી. ઠેર ઠેર ગહુંલીઓ થઈ અને ગલીએ ગલીએ વર્ષીદાન ઉછાળાયા રોજ પૂજ્યશ્રીની નાભિમાંથી નીકળતા નાદે વૈરાગ્ય ઝરતી તત્ત્વભરી જિનવાણી વરસી રહી છે. અત્રે પધારવા પૂર્વે પૂ. શ્રી ચોટિલામાં ચાર દિવસ રોકાતાં જોરદાર પ્રવચનોથી સંઘમાં એવી ધર્મપ્રેરણા જાગી કે જરૂર આવતી સાલ પૂ. મુનિરાજોને ચાતુર્માસ લાવવા.

''દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૨૪,અંક-૪૪,તા.૨૪-૭-૧૯૭૬**

● **અમલનેર :** પરમોપકારી પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા** અત્રે ચાતુર્માસ બિરાજમાન છે. અષાઢ સુદ ૩ના અત્રે ખૂબ ઉલ્લાસપૂર્વક વાજતે ગાજતે ચાતુર્માસ પ્રવેશ થયો. પ્રવેશના દિવસે માંગલિક નિમિત્તે સકલસંઘમાં લગભગ ૩૫૦ જેટલા આયંબિલ થયા. નાના બાળ બાળિકાઓએ પણ આંબેલ કરેલ. તેમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી વર્ધમાન તપના પાયા નાંખવાની શરૂઆત થઈ. ૭ થી ૧૦ વર્ષના નાના બાળક-બાળિકાઓ પણ ખૂબ જ ઉલ્લાસપૂર્વક પાયો નાંખી રહ્યા છે. કુલ ૩૫ થી ૪૦ જેટલા પાયા નંખાઈ રહ્યા છે. રોજ સવારના વ્યાખ્યાનમાં વર્ધમાન તપના પાયાવાળાને તથા ચાલુ ઓળીવાળાને ૧-૧ રૂા.ની પ્રભાવના ચાલુ છે. લગભગ ૮૦ જેટલા રૂા. પ્રભાવનામાં જાય છે તે સિવાય છૂટા આયંબિલ પણ ખૂબ સારા પ્રમાણમાં થાય છે. અષાઢ સુદ ૧૩ જેવા દિવસે પણ ૧૦૦-૧૧૦ જેટલા આયંબિલો થયા. વ્યાખ્યાનમાં જૈનેતરો તથા સ્થાનકવાસી પણ સારો લાભ લઈ રહ્યા છે. હોલમાં માણસ સમાતું નથી. રોજ સવાર-બપોર બે વખત વ્યાખ્યાન બેસે છે.

ચાતુર્માસની શરૂઆતમાં જ આટલું બધું ઉલ્લાસમય વાતાવરણ જામી ગયું છે. લોકોને કોઈ અનેરું મળી રહ્યું હોય તેવું જણાય છે. તેથી ઉપધાન કરાવવાની પણ વિચારણા ચાલી રહી છે.

સોનામાં સુગંધ ભળે તેમ પરમતપસ્વી પૂજ્ય મુનિરાજશ્રી જયસોમવિજયજી

મહારાજના નિરંતર ૫૦૦ આયંબિલની પૂર્ણાહુતિ અષાઢ સુદ ૧૫ના થતી હોવાથી તન્નિમિત્તક શ્રી સિદ્ધચક્રપૂજન સહિત પંચાહ્નિકા મહોત્સવ પણ ખૂબ ભવ્ય રીતે ચાલી રહ્યો છે. વ્યાખ્યાન-પૂજા-ભાવનામાં પણ જનમેદની ખૂબ સારો લાભ લઈ રહેલ છે. એકંદરે પૂજ્યશ્રીનાં પગલાથી અત્રે સંઘમાં આરાધનાનાં પૂર ઉમટ્યા છે.

● **નવસારી :** અત્રે અષાઢ સુદ ૯ વ્યાખ્યાન કેસરી પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજી મ. નો ચાતુર્માસાર્થે નગરપ્રવેશ ખૂબ જ દબદબાથી થયો. સુરતથી બસો ભરીને યુવાનો ખૂબ આવેલ લગભગ ૪૦૦-૫૦૦ માણસો આવ્યા હશે. ૮-૧૦ દિવસની પૂ.શ્રીની સુરતની સ્થિરતામાં સુરતની તો હવા જ ફરી ગઈ હોય એવું વાતાવરણ સર્જાય છે. ત્યાંના લગભગ ૮૦ યુવાનો વીરસૈનિક બન્યા, જેમણે નિષ્પક્ષ ધર્મરાગ ઝીલ્યો હોવાથી સુરત વાડીના ઉપાશ્રયે પધારતા પૂ.આ. વિજયકુમુદચંદ્રસૂરિજી મ.ના સામૈયાને એટલું બધું ગજાવી મૂકેલું કે પૂ.આ. મહારાજ અને સંઘ પ્રભાવિત થઈ ગયેલા. નવસારીમાં પૂ. શ્રીનો અનુપમ લાભ લેવા જોરદાર વ્યાખ્યાનો વગેરેનાં આયોજનો શરૂ થઈ ગયા છે.

● **અમદાવાદ :** અત્રે જી.પ્ર. સંસ્કૃતિભવન પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ.ના વિહાર પછી પણ ધર્મપ્રવૃતિથી ગાજતું રહ્યું છે. રોજ સવારે ૬ થી ૭ના સમયમાં ૭૦-૮૦ યુવાનો શ્રી રસિકલાલ પંડિત પાસે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરી રહ્યા છે. બે માસમાં 'જીવવિચાર' પ્રકરણ પૂર્ણ થયું. હવે એની પરીક્ષા લેવાશે. યુવાનો પ્રશ્નોની ઝડી વરસાવે છે એના હૃદયગ્રાહી યુક્તિપૂર્ણ ઉત્તરો પંડિતજી આપતાં ઉત્સાહ ખૂબ વધ્યો છે. ભવનમાં રાતના ૯૦-૧૦૦ જેટલા યુવાનો સ્નાત્ર-પૂજા વગેરેના રાગ શીખી રહ્યા છે. જ્ઞાનમંદિર વિદ્યાશાળાના ચોમાસા પ્રવેશના સામૈયા તથા અષાઢ સુદ ૬ પાંજરાપોળેથી ચડેલા વીરચ્યવનકલ્યાણકના વરઘોડાને વીરસૈનિકોએ ખૂબ પ્રભાવક બનાવેલ. પાંજરાપોળ સંઘે એમને રૂા. ૫૧ પહેરામણી કરીને સૌહાર્દને હાથ લાંબો કરતાં સૌને ખૂબ ખુશાલી થઈ.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૪,અંક-૪૫,તા.૩૧-૭-૧૯૭૬**

● **માંડવી** (કચ્છ) : અત્રે શ્રી સંઘના અતિ આગ્રહથી પૂ. તપસ્વીરત્ન આચાર્યદેવશ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ. ચાતુર્માસ પધારેલા છે. એઓશ્રીએ આ પૂર્વે કચ્છમાં વિચરી ગામેગામ ધર્મની ભારે સુવાસ પ્રસારી. એના એક કારણમાં એઓશ્રી પોતાને એક વાર વર્ધમાન આંબેલ તપની ૧૦૦ ઓળી પૂર્ણ કર્યા પછી

એમાં ય ૪૧મી ઓળીથી ૧૦૦મી ઓળી સુધી ઠામ ચોવિહાર આંબેલ તપ કર્યા પછી, ફરીથી આજ વર્ધમાન તપ શરૂ કરી આજે ૯૭મી ઓળીની પૂર્ણાહુતિ સુધી પહોંચી ગયા છે. સાથેના શિષ્યોમાં પૂ.મુ.શ્રી દિવ્ય-દર્શન વિજયજી મ. ને ૩૮૧ સળંગ આંબેલ, મુ.શ્રી વિનયબળ વિ.મ.ને ૨૯૫ સળંગ આંબેલના તપ પછી એકાંતરે આંબેલથી ૩૫-૩૬-૩૭મી ઓળી થઈ ને પારણા પછી ૩૮મી ચાલુ તે ચોમાસું આંબેલ કરવા ધારે છે. આવા મહાન તપસ્વી મહાત્માથી કચ્છ પાવન થઈ રહ્યું છે.

● **ઈંદોર :** પૂ.મુ.શ્રી ચરણપ્રભવિજયજી મહારાજે ખરતરગચ્છ ઉપાશ્રયે ૪ દિવસ અને ત્રિસ્તુતિક ઉપાશ્રયે ૪ દિવસ પ્રવચનો આપ્યા. પછી શાન્તિનગર ઉપાશ્રયે ૪ દિવસ પ્રવચનો આપ્યા પછી શાન્તિનગર ઉપાશ્રયે ચાતુર્માસ પ્રવેશ ધામધૂમથી કર્યો. પીપલીબજાર ઉપાશ્રયે ૧-૧ દિનની ચાર વાર આરાધના કરાવી ૧૫૦ થી ૨૦૦ એકાસણા થતાં બાદ ૭ દિનની આંબેલ એકાસણાથી આરાધનામાં ૧૦૦ જણ જોડાયા. અષાઢ સુદ ૧૨ કોલ્હાપુરવાળા બાબુભાઈ તરફથી સંઘપૂજન થયું. રવિવારે બપોરે ૨ કલાક અરિહંત વંદના થઈ. બધે લાડુની પ્રભાવનાઓ ચાલુ. અષાઢ સુદ ૧૩ સંઘ તરફથી વર્ષીતપ, એકાંતર ૫૦૦ આંબેલ વગેરેની ભક્તિ સાથે સમૂહ એકાસણાથી આરાધના થઈ. પીપળી બજાર ચોમાસા વ્યાખ્યાનમાં ૧૨૦૦ની ઉપસ્થિતિ, ૨૭ પૌષધ હતા. પૂનમે સમૂહ જાપ ૨૦ લાખ જેટલો થયો. ઉત્કૃષ્ટ જાપવાળાનું રૂા. ૫ શ્રીફળથી બહુમાન થયું. પૂજ્યશ્રીના પધારવાથી ઈંદોરમાં ધર્મસાધનાની રંગરેલ ચાલી છે.

● **ધુળિયા :** અત્રે પૂ.મુ.શ્રી ગુણાનંદવિજયજી મ.ની નિશ્રામાં પૂ.મુ.શ્રી હેમરત્ન વિજયજી મહારાજના વ્યાખ્યાનમાં યુવકો પણ સારો લાભ લઈ રહ્યા છે. હોલ ચિક્કાર ભરાય છે. રાતના પણ ૫૦-૭૫ જણ તત્ત્વજ્ઞાન મેળવી રહ્યા છે. ગત રવિવારે વદ ૭ 'અરિહંત' જાપ સાથે શ્રી જુગરાજજી ઘેવરચંદજી બડેર તરફથી ખીરના એકાસન કરાવાયેલ. અમલનેરથી અત્રે આવેલ ભાઈશ્રી નીતિન અને શ્રી જયેશ સાથે અત્રેના જગદ્‌ગુરુ મંડળે અરિહંતની ધૂન ગીત વગેરેથી ભક્તિરસની રેલમછેલ કરેલી. બપોરે પૂજામાં પણ રમઝટ જામેલી.

● **ચિકમંગલુર :** પૂ.આ.શ્રી ભદ્રંકરસૂરિ મ.ની નિશ્રામાં સીમોગામાં ઉપધાન તપ માલારોપણ વર્ષીતપ પારણા આદિનો ઉત્સવ શાનદાર વૈશાખ સુદ ૩ના ઉજવાયેલ. ત્યાંથી પૂ.શ્રી શિકારીપુર પધારેલ જ્યાં શાંતિસ્નાત્ર ઉત્સવ મનાવાયેલ. પૂ.શ્રીની નિશ્રામાં છેલ્લા ચાર માસમાં આ આઠમું શાંતિસ્નાત્ર ઉજવાયેલ. ત્યાંથી રાણીબેન્નુર પધારતાં પૂ. ગચ્છાધિપતી આ.શ્રી ભુવનતિલકસૂરીશ્વરજી મ.ની જેઠ

સુદ ૨ની ચતુર્થ પુણ્ય તિથિ નવકારશી જમણ, નમિઉણ પૂજન આદિ દ્વારા ભવ્ય રીતે ઉજવાયેલ આ પ્રસંગે દાવણગિરિ ચિત્તલદુર્ગ હાવેરી આદિ ગામોથી સંખ્યા સારી આવેલ શિકારીપુર, ઈડર, ધર્માવરમ, આદિ સ્થળે પણ ઉજવણી થયેલ. પૂ.શ્રી અત્રેથી વિહાર કરી અષાઢ સુદ ૩ના ચાતુર્માસ ચિકમંગલુર પધારેલ છે.

● **દાવણગિરિમાં ગુરુમેળો :** અત્રે ચારવર્ષ પહેલા સ્વર્ગવાસ પામેલ પૂ.આ.શ્રી ભુવનતિલકસૂરીશ્વરજી મ.ની પુણ્યતિથિ પ્રસંગે ગુરુમંદિરમાં મંડળે પૂજા ભણાવી આ પ્રસંગે હજારેક માનવનો મેળો ભરાયેલ. દરેકને લાડુ સેવનું ભાતું અપાયેલ.

● **નવસારી :** પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ.ના પ્રભાવક વ્યાખ્યાનમાં સ્થાનિક જૈન જૈનેતરોની ચિકાર હાજરી ઉપરાંત સુરતથી પણ રોજ સંખ્યાબંધ માણસો આવે છે. સુરતથી જૈનેતરો પણ આવે છે. શનિવાર તારીખ ૧૭-૭-૭૬ વર્ષાનું જોર હોઈ રવિવારે મંડપ નાખવાની આશા નહિ તેથી માણસ માય એમ નહિ છતાં સુરતમાં તો ૬/૭ બસોનું બુકીંગ થઈ ગયેલું. એટલો અદમ્ય ઉત્સાહ કે જે થવાનું હશે તે થશે આપણે તો જવું જ છે. રવિવારે સવારે ૧૦ વાગે નવસારીથી ઉઘાડના સમાચાર આવતાં સુરતમાં બસ બુકીંગ માટે ધસારો થયો. S.T., ખાનગી બસો, સ્કૂલ બસો મેળવાઈ. ૨ બસ વીર સૈનિકોની વ્યવસ્થામાં, ૩ બસ મહેશભાઈ ભણશાલીની વ્યવસ્થામાં, ૩ બસ રતનચંદ નાણાવટી વગેરેની વ્યવસ્થામાં, ૨ બસ વડાચૌટાના ભાઈઓની વ્યવસ્થામાં એમ ૧૦ બસ, ૧ ધંધાદારી કંપનીની બસ, તથા ૪૦-૫૦ ટેક્ષીઓ ભરચક થઈને ઉપડી. કેટલાક ટ્રેનમાં ગયા. જાહેર વ્યાખ્યાનમાં લગભગ ૧૦ હજાર ભાવિકો હશે. સુરતીઓએ પેસતાં જ 'ગુરુજી અમારો અંતર્નાદ, સુરત પધારો એવી માંગ' નાદ ગજાવી મૂકેલ. રવિવારના રામાયણના વ્યાખ્યાનોએ લોકોને ઘેલું લગાડ્યું છે. બધાને મોઢે એક જ વાત કે 'આવું અમને જિંદગીમાં સાંભળવા મળ્યું નથી.'

● **અમલનેર :** અત્રે સવારે પૂ.આચાર્ય **મહારાજ શ્રી વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજીનાં** અને બપોરે પૂ. મુનિરાજશ્રી રત્નસુંદરવિજયજી મહારાજનાં વ્યાખ્યાનથી સંઘમાં ભારે ધર્મરંગ ઊછળી રહ્યો છે. બંને ટાઈમ સભા ચિક્કાર ભરાય છે. વર્ધમાન આયંબિલ તપના પાયા નંખાયે જ જાય છે. પાયાવાળાએ આગળ ઓળી પણ શરૂ કરી દીધી છે. નાના નાના બાળક-બાળિકાના પાયાનાં પારણે ઘરવાળાને જાણે કોઈ મોટું ટાણું આવ્યું તે બેન્ડવાજા સાજન સાથે પૂજ્યશ્રીને ઘરે લઈ જાય છે. પાયા વારાફરતી પૂરા થતા હોઈ નગરમાં લગભગ રોજ વાજાં વાગી રહ્યાં. એક દસ વરસની બાળકી આશા કાંતિલાલ કોઠારીએ અઠ્ઠાઈની તપસ્યા પણ સુખશાંતિથી પૂર્ણ કરી. તપસ્વીઓને રૂા. ૧-૧ પ્રભાવના ચાલુ છે. પૂ. મુનિરાજશ્રી શોભન-

વિજયજી મહારાજે વર્ધમાન આંબેલ તપની ૧૦૩મી ઓળી કરવાના હિસાબથી પ્રારંભે ૧૫ ઉપવાસ કર્યા. અષાઢ વદ ૧૧ પારણે આયંબિલ વખતે એમના સંસારિપણે કુટુંબીજનો તરફથી વ્યાખ્યાનમાં પેંડાની પ્રભાવના, અત્યાર સુધીના બધા પાયાવાળાનું રૂપિયો રૂપિયો ચાંલ્લાથી બહુમાન, તથા પ્રભુજીને ભવ્ય અંગરચના થઈ. સાધ્વીજીશ્રી સ્વયંપ્રભાશ્રીજીના સત્સંગથી કુમારિકાઓમાં વૈરાગ્યભાવના વધતી ચાલી છે. ભાઈઓમાં અઠ્ઠાઈ, સોળ ઉપવાસ, માસખમણની ભાવના જાગવા માંડી છે. રોજ પ્રતિક્રમણમાં ગામથી પણ ભાઈઓ આવે છે.

● **રાજકોટ :** અત્રે પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ વ્યાખ્યાનમાં ઉપદેશમાળા પરિશિષ્ટ પર્વ વાંચે છે. પ્રારંભે જ્ઞાનને સોના રૂપાના ફૂલથી વધામણી, પૂજા, ગુરુપૂજા આદિ થયેલ. અષાઢ વદ ૬ કચ્છ વાગડ દેશોદ્ધારક સ્વ.પૂ.જિન-વિજયજી દાદાના ગુણાનુવાદ, ૧૭૫ આરાધકોની સમૂહનીવિ-પૂજા-આંગી થયેલ. રવિવારે સુખશાંતિ-સમાધિના ઉપાયો પર જાહેર પ્રવચન થયું. વિષય જીવન સ્પર્શી હોઈ જૈન જૈનેતરો સાંભળીને પ્રભાવિત થઈ ગયા.

● **ખંભાત :** અત્રે મહાન તપસ્વી પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ.ની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી જગવલ્લભવિજયજી મ.ના વ્યાખ્યાનોથી સંઘમાં નવી જાગૃતિ આવી. એક જ દિવસે સમૂહગત વીસે સ્થાનકની ઉપવાસથી આરાધના માટે ૪૦૦ જણ જોડાય એનો પ્રસ્તાવ મૂકાયો. શ્રાવકો કહે, 'સાહેબ ! આટલા તો આયંબિલ થવાના પણ વાંધા, તો એટલા ઉપવાસ ?' પરંતુ ૪૭૦ આરાધકો થયા. વીસ સ્થાનકની વિવિધ ક્રિયા ઉમંગ ઉલ્લાસ ભેર કરી. પછી ૧૦૮ અઠ્ઠમની વાત મૂકાઈ, એ પણ અશક્ય જેવી લાગતી તે ૮૦ લગભગ તો નોંધાઈ ગયા છે અને ૧૦૮ ઉપર નોંધાઈ જવા આશા છે. વળી વ્યાખ્યાનમાં એ વાત મુકાઈ કે 'તપસ્વીઓની ભક્તિનો કોઈ લાભ લે છે એટલે નિરાંત.' આવા પરાશ્રિત બીજાની ઓથ પર જીવનારા બનવાની જરૂર નથી, સ્વાશ્રયી બનો. આ પ્રેરણાથી અઠ્ઠમના અત્તરવાયણા માટે રૂપિયા ૧૦૦૦ની ટીપ થઈ. બે જણ તરફથી પારણાં, ને એક જણ તરફથી રૂા. ૧-૧ પ્રભાવના નક્કી થઈ. એમ વીસસ્થાનકના ઉજમણાની પ્રેરણા કરાતાં રૂા. હજારની ટીપ થઈ. હજી ટીપ વધવા આશા છે. એના આરાધકોને શેઠ કુટુંબ તરફથી આગળ પાછળ મીઠાઈ ભાર વહેંચાયેલ. વીસસ્થાનક આરાધનામાં સવારે પ્રતિક્રમણ દેવવંદન પછી ૧॥ કલાક સમૂહ સ્નાત્ર, બાદ ૯ થી ૧ વાગ્યા સુધી વ્યાખ્યાન અને વીસસ્થાનકની ક્રિયાઓ, પછી ૨॥ વાગ્યાથી વ્યાખ્યાન આદિ થયું. એક દિવસ પર્યુષણા જેવો ઉજવાયો. બીરેલ્સકટ યુવાનોને તો એવો ઉલ્લાસ આવ્યો કે આવી ફરીથી બીજી આરાધનાની માગણી કરી. સમૂહ એકાસણ વિના

પણ નવકારના ૯ એકાસણમાં નામ નોંધાવા માંડ્યા. અરિહંતના ૧૦૦૮ નામના ૧૦૦૮ એકાસણા કરાવવાની વિચારણા છે.

● **ખીમેલ :** રાજસ્થાનમાં પૂ.વિદ્વાન મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજનાં સતત વિહારથી શાસનની અનેકવિધ પ્રભાવના થઈ રહી છે. આ વર્ષે એઓશ્રીની છત્રછાયામાં (૧) અગવરીમાં નવયુવાન મોહનલાલ શેષમલજીની દીક્ષાનિમિત્તે ભવ્ય મહોત્સવ. (૨) પાદરલીમાં નવયુવાન અંબાલાલ સાંકલચંદજીની દીક્ષા નિમિત્તે શાસન-પ્રભાવક ભવ્ય મહોત્સવ. (૩) પૂ.આ.ભ. શ્રી જંબુસૂરીશ્વરજી મ.ના સ્વર્ગવાસ નિમિત્તે પાદરલીમાં અગ્યાર દિવસનો સુંદર મહોત્સવ. (૪) ચાંદરાઈમાં અષ્ટાહ્નિકા મહોત્સવ. (૫) શાહ હીરાચંદજી જેરૂપજીનાં સ્વર્ગવાસ નિમિત્તે પાદરલીમાં ભવ્ય મહોત્સવ. (૬) તખતગઢમાં શા. પુખરારજી છોગાલાલજી તરફથી આકર્ષક ઉદ્યાપન સાથે મહોત્સવ. (૭) તખતગઢથી આબુ અચલગઢનો ૧૮ દિવસનો છ'રી' પાળતો પ્રભાવક યાત્રા સંઘ. (૮) દયાલશાહ કિલ્લા પર નવપદજીની ઓળી નિમિત્તે ભવ્યાતિભવ્ય મહોત્સવ. (૯) અચલગઢમાં ૨૦ દિવસની ધાર્મિક શિબિર (૧૦) પાદરલીમાં રતનકુમારી ત્રીકમચંદજીની દીક્ષા નિમિત્તે ૧૨ છોડનાં ભવ્ય ઉદ્યાપન સાથે મહા મહોત્સવ બે મહાપૂજન, આકર્ષક ઈલેક્ટ્રીક ડેકોરેશન, વિરાટ મંડપ, ભવ્ય દ્વાર, પ્રશંસનીય સાધર્મિક ભક્તિ. વિશાલ વરઘોડા, ભવ્ય વાનોલા. (૧૧) શા. તીલોકચંદજી લાલાજી તરફથી પાદરલીમાં ભવ્ય મહોત્સવ આ રીતે રાજસ્થાનમાં શાસનની અનેકવિધ પ્રભાવના કરતાં પૂજ્યશ્રીએ અષાઢ સુદ ૧૧નાં ખીમેલ ચાતુર્માસ પ્રવેશ કર્યો છે. શ્રીસંઘમાં ઉત્સાહ સુંદર છે. અષાઢ વદ ૪થી પચરંગી તપનું આયોજન થયું છે. બાર તિથિપ્રભાવના થાય છે.

"દિવ્ય-દર્શન" - "સમાચાર" **વર્ષ-૨૪,અંક-૪૭,તા.૧૪-૮-૧૯૭૬**

● **અમદાવાદ :** અત્રે ગીરધરનગરમાં પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ.સા. ના શ્રાદ્ધવિધિ-ધન્યચરિત્ર પરનાં વ્યાખ્યાનોથી સંઘમાં ઉલ્લાસ બહુ પ્રસિદ્ધ સિદ્ધચક્રપૂજન વિધિકાર શ્રાદ્ધરત્ન શેઠશ્રી હીરાભાઈ મણિલાલ પણ કહે કે 'સાહેબ ! આ વખતે પૂજનો માટે ય બહાર ન જતાં મારે ચોમાસું વ્યાખ્યાન સાંભળવા છે.' સંઘમાં આયંબિલ ઓળી કરનાર પણ ઓછા હતા, તેના બદલે નવા વર્ધમાન આયંબિલ તપના ૧૦ પાયા અને ૧૫ ઓળી ચાલી. અઠ્ઠમો સારા થયા. પૂજ્યશ્રીના સંસારિપણે પાટવી પુત્ર શ્રી કનકરાજજીના ધર્મપત્ની

અ.સૌ.સાયરબાઈએ મહામંગલકારી માસખમણની તપશ્ચર્યા અષાઢ સુદ ૧૪થી ચાલુ કરી છે. ચાર વર્ષથી માસખમણ ન થાય તો સંથારે સુવાનો તેમને અભિગ્રહ હતો. ૩ ઉપધાન, ૧૨ અઠ્ઠાઈ, ૧૫/૧, ૧૧-૯-૭-૫-૪, વર્ધમાન તપની ૪૪ ઓળી, ૧ સિદ્ધિતપ, ચત્તારિઅઠ્ઠ, નવપદ ઓલી, અઠ્ઠમ ઘણા, ૨ વરસીતપ, વીસસ્થાનક ઓળી ચાલુ છે. તેમના માસખમણની તેમજ અન્ય તપોની અનુમોદના નિમિત્તે અત્રે શ્રી સિદ્ધચક્રપૂજન સહિત અષ્ટાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ એમના કુટુંબીજનો તરફથી શ્રાવણ સુદ ૭થી ચાલુ છે.

● **સરસપુર, વાસણા શેરીમાં :** પૂ. મુનિરાજશ્રી પ્રભાકરવિજયજી મ.ના જોરદાર ઉપદેશથી વિવિધ નિયમો થયા; ૩૦ જણે રોજ બિયાસણા, ૬૦ જણે નવ લાખ નવકારનો, ૧૧૦ જણે કેસરસુખડની ભક્તિમાં આપવાનો; રવિવારે સામુદાયિક ૧૨૫ આયંબિલ, ૩૨૫ એકાસણાથી અનુષ્ઠાન થયાં. રોજ પ્રતિક્રમણમાં ૩૦ ભાઈ ને રાત્રિ પ્રશ્નોત્તરીમાં ૩૦-૪૦ ભાઈ આવે છે.

● **કાળુશીની પોળના :** નૂતન ઉપાશ્રયે પૂ.મુ.શ્રી પદ્માકરવિજયજી મ. આદિ ચોમાસું પધાર્યા છે. સંઘમાં ઉલ્લાસ સારો બેન્ડબાજાથી સામૈયુ પ્રભાવના કરેલ. ચોમાસી પૌષધાદિ થયું. બોલી સારી બોલવા પૂર્વક અષાઢ વદ ૫ યોગશાસ્ત્ર-યશોધરચરિત્રનાં વ્યાખ્યાન શરૂ થયાં. જ્ઞાનપૂજન, ગુરુપૂજન અને શારદાબેન નંદુભાઈ તરફથી સંઘપૂજન થયેલ.

● **રતલામ :** અત્રે પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ સંઘના અતિ આગ્રહથી ચાતુર્માસ પધારતાં સામૈયામાં લગભગ ૧૨૦૦ માણસ હશે. એઓશ્રીનાં અધ્યાત્મપૂર્ણ ઓજસ્વી વ્યાખ્યાનો જનતાને કદી ન સાંભળ્યા જેવા લાગે છે. વ્યાખ્યાનમાં રોજ ૩૦૦-૩૫૦ની અને રવિવારે ૫૦૦-૬૦૦ની હાજરી રહે છે. શંખેશ્વર પાર્શ્વનાથના ૧૫૦ અઠ્ઠમ ખૂબ ઉલ્લાસભર્યા અનુષ્ઠાન સાથે થયા. કાલુરામજી પારેખ તરફથી અંતરવાયણાં ને ઓંકારમલજી પોરવાડ તરફથી પારણાં થયા સંસ્કારધનની ૧૦ બુકો તથા અરિહંત વંદના હિન્દીમાં છપાઈ રહી છે.

● **યેવલા :** અત્રે પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી ત્રીસેક પ્રૌઢોની પાઠશાળા શરૂ થઈ છે. રોજ સવારે સામાયિક લઈ ગોખે છે. એમાં એ બધા મુહપત્તિનો ઉપયોગ બરાબર જાળવે છે. સંઘમાં ઉલ્લાસ બહુ.

● **અમલનેર :** પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં અત્રે સંઘમાં તપસ્યાનો રંગ જામ્યો છે. વર્ધમાન આંબેલ તપ પાયા હજી પણ નખાતા જાય છે, લગભગ ૧૦૦ પાયા નખાયા હશે. જુના પાયાવાળાએ આગળ ઓળી

પણ લગાવી છે. વિશેષમાં શ્રાવણ સુદ ૪થી સીમંધર ભગવાનના અઠ્ઠમમાં ૭૦-૮૦ જણ જોડાયા તથા લગભગ ૨૦ જણે માસખમણના દિવસથી ૧૧-૯ ઉપવાસના પચ્ચક્ખાણ કર્યા છે એમાં સાતેક તો પુરુષો છે.

● **નવસારી :** પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ.ના રવિવારના વ્યાખ્યાનમાં માણસ વધી રહ્યું છે. લગભગ ૮-૯ હજાર સુધી સંખ્યા પહોંચી છે. સુરતની ૧૨ બસો, ટેક્ષીઓ અને ટ્રેનમાં લોકો આવે છે. ટ્રેન જાણે આ અંગેની સ્પેશિયલ ન હોય એટલી ભીડ રહે છે. ૨॥ વાગ્યાથી વ્યાખ્યાન શરૂ થતા પહેલા બે વાગ્યાથી વિશાળ મંડપ ચિકાર ભરાઈ જાય છે. યુવાનો વહેલી સવારે ઊઠીને સંવેદનમાં હાજર થઈ જાય છે. જાણે બુદ્ધિવાદના આધુનિક ખતરનાક યુગમાંથી શ્રદ્ધાવાદના પ્રાચીન કલ્યાણ યુગમાં જવા લાગ્યા છે.

● **દાદર :** અત્રે આરાધના ભવનમાં પૂ.મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજ વ્યાખ્યાનમાં સવારે ૮। થી ૯ સમ્યક્ત્વ સપ્તતિકા અને ૯ થી ૯॥। કુવલયમાળા વાંચે છે. ૩૦૦-૪૦૦ જણ લાભ લે છે. દુકાનના માણસોને પહેલો સમય સારો ફાવે છે. અષાઢ વદ ૭ 'અરિહંત' પદની આરાધના ખીરના એકાસણાથી ૩૦૦-૪૦૦ જણે કરી. ૧-૧ રૂા. પ્રભાવના થઈ. દર રવિવારે બપોરે મોટા વર્તક હોલમાં જાહેર વ્યાખ્યાન થાય છે. બહારથી પણ સારું માણસ આવે છે. ચિક્કાર હાજરી. રોજના વ્યાખ્યાનમાં ઠેઠ વાલકેશ્વર શ્રીપાલનગરથી ય શ્રોતાઓ વહેલા આવી જાય છે. અષાઢ વદ ૧૨થી સીમંધર ભગવાનની અઠ્ઠમથી ભવ્ય આરાધના વર્તક હોલમાં પ્રભુજી પધરાવીને થઈ. લગભગ ૩૦૦ આરાધક હતા. મુંબઈ-માટુંગા-પાર્લા-બોરીવલી-મુલુંડથી પણ આરાધકો આવેલા. કેટલાય શ્રીમંત માણસો, તેમજ નાના બાળક-બાળિકાઓએ પણ અઠ્ઠમ કરેલા, દરેકને રૂા. ૫૭ પ્રભાવના થઈ. કદી એક ઉપવાસ નહિ કરેલાએ અઠ્ઠમ સુખરૂપ કર્યા.

● **મુંબઈ :** અત્રે સેન્ડહર્શટ રોડ ઉપાશ્રયે પૂ. મુનિરાજશ્રી તત્ત્વાનંદવિજયજી મ.ના ઉપદેશથી અત્રેના શ્રી સંઘના ઈતિહાસમાં કદાચ પહેલી જ વાર વર્ધમાન આંબેલ તપના પાયા ૧૦૩ જણે નાખ્યા, ઉલ્લાસ ખૂબ જ રહ્યો, દરેકને રૂા. ૧૬૦ની પ્રભાવના અપાઈ.

● **ચાંદવડ :** અત્રે મહારાષ્ટ્ર કેસરી સ્વ.પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ. શ્રી પ્રતિબોધિત સંઘમાં ભવ્ય જિનમંદિર નિર્માણ થયું. પૂ.ગણિવર્ય શ્રી

રંગવિજયજી મ.ની નિશ્રામાં ફાગણ વદ ૩ ધામધૂમથી પ્રભુપ્રવેશ થયેલ દેવદ્રવ્યની સારી ઉપજ થઈ. બાદ પૂ.આ.શ્રી વિજય ત્રિલોચનસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં ફાગણ વદ ૮થી પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય ઉજવાઈ ગયો. એઓશ્રીના નગર પ્રવેશ ભવ્ય સ્વાગતથી થયેલ. સ્થાનકવાસી ભાઈબહેનો પણ ઉત્સાહપૂર્વક જોડાયેલ. મેદની ભારે. હૃદયસ્પર્શી મંગળ પ્રવચન થયું. પ્રતિષ્ઠા અંગે રસ્તાઓ ધજાતોરણોથી શણગારાયેલ ક્ષત્રિયકુંડ નગર ઊભું કરવામાં આવ્યું હતું. કુંભસ્થાપન-પાટલાપૂજન-નંદાવર્તપૂજન-પૂજાઓ બધું જ ધર્મની જાહોજલાલી રૂપે ઊજવાયેલ શેઠશ્રી શાંતિલાલ ચુનીલાલ મહેતાએ ઉત્તમ ચઢાવાથી મૂળનાયક પ્રભુજીને પ્રતિષ્ઠિત કર્યા આજુબાજુમાં પણ પ્રભુજીને પેવલાવાળા શાહ ભોગીલાલ બાલુશા તથા પિંપળગામ વાળા શ્રી છોટાલાલ નગીનદાસે સારી બોલીથી પ્રતિષ્ઠિત કર્યા. સ્વામીવાત્સલ્ય શેઠ પોપટલાલ સી. મહેતા તરફથી થયેલ. વિધિવિધાન શ્રી નેમિચંદજી કોઠારીએ પોતાની મંડળી સાથે અમલનેરથી આવીને કરાવેલ. પૂ. આચાર્યદેવશ્રીનાં રોજના વૈરાગ્ય ઝરતા પ્રવચનોએ સંઘમાં અનેરો ઉછરંગ જગાવી દીધેલ.

● **પૂ.આ.શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ.ની પંદરમી પુણ્યતિથિની** ઉજવણી ચિકમંગપુર, દિરીપુર, બોરીવલી, ભાંડુપ, પેટલાદ, મિયાગામ, ઈડર, એકલુજ, દાદર, બેંગ્લોર, શાંતિનગર, લબ્ધિનગર વગેરે અનેક સ્થળે સ્વ. પૂજ્યશ્રીના અદ્‌ભુત ગુણોના અનુવાદ સાથે ભવ્ય રીતે ઉજવાઈ.

● **રાજકોટ :** હજુર પેલેસ પ્લોટના જૈન ઉપાશ્રયે ચાતુર્માસ બિરાજીત પૂ.મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ.ની નિશ્રામાં શ્રી અજિતનાથ ભગવાનના સમયમાં ઉત્કૃષ્ટકાલે જંબુદ્વીપમાં ૩૪ જિન, ધાતકી ખંડમાં ૬૮ જિન, અર્ધપુષ્કરવદ્વીપના ૬૮ જિન, મળી ૧૭૦ તીર્થંકર ભગવાન થયા ૯ ક્રોડ કેવળજ્ઞાની સર્વજ્ઞભગવંતો તથા ૯ હજાર ક્રોડ મોક્ષમાર્ગના સાધક સાધુ-સાધ્વીજી ભગવંતો થયા તેમના આલંબને શ્રી સંઘમાં અઠ્ઠમતપ, ૩ આયંબિલ અને ૩ એકાશન સાથે ૧૭૦ જિનના નામનો જાપ સ્નાત્રભક્તિ, દેવવંદન પ્રતિક્રમણ, ધૂન તથા પૂજ્યશ્રીના પ્રેરક પ્રવચન સવારના ૯ થી ૧૦, પછી ધૂન જાપ વગેરે થયું.

● **દાદર :** અત્રે આરાધનાભવનમાં પૂ.મુનિરાજશ્રી હેમચન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી સીમંધર સ્વામી ભગવાનની આરાધના નિમિત્તે થયેલા લગભગ ૨૮૫ અઠ્ઠમોની ઉજવણી અર્થે ભવ્ય વરઘોડો નીકળ્યો. જેમાં બે રથ, એકમાં શ્રી સીમંધર-સ્વામી ભગવાનના પ્રતિમાજી, બીજામા ચોવીશી, બાર ઘોડાની બગીમાં શ્રી સીમંધર-સ્વામીનો ફોટો, બાકીની લગભગ ૧૨ બગીઓ, ૨૨ ઘોડા, ૪ બેન્ડ, ઈન્દ્રધ્વજા વગેરે હતા. લગભગ ૩ માઈલના ઘેરાવામાં વરઘોડો ફર્યો,

તેમાં શ્રી સીમંધર સ્વામી ભગવાનનો રથ હાથે ખેંચાયો. યુવાનો લગભગ ૨ કલાક સુધી ભગવાન આગળ ખૂબ જ ઉલ્લાસપૂર્વક નાચ્યા, કૂદ્યા. ચાલુ દિવસ હોવા છતાં લગભગ ૨૦૦૦ જેટલી માનવમેદની થયેલી.

શેઠની સેવામાંથી ભગવાનની સેવામાં

● **ગંટૂર :** અત્રેથી ૨૦ માઈલ દૂર કૃષ્ણા નદીમાંથી શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સુંદર બિંબ પ્રગટ થયેલ તે નદીના જ કાંઠા પર પધરાવેલ તેની યાત્રા નિમિત્તે અત્રેથી શ્રી મોડમલજીએ મુનિરાજશ્રી કંચનવિજયજીની નિશ્રામાં ૭૫ યાત્રિકોથી યાત્રા સંઘ કાઢ્યો. પોષ વદ ૧૧ ત્યાં પહોંચતાં પ્રભુજીને જુહારી સંઘમાં ભારે ઉલ્લાસ વર્ત્યો. આજ દિવસે જી એમ. હનુમંતરાવજીની મુનિશ્રી પાસે ભાગવતી દીક્ષા થઈ નામ મુનિશ્રી રાજતિલકવિજયજી રખાયુ. આ ભાઈ કરનોલમાં એક જૈન જેમને ત્યાં નોકરીમાં હતા. એમણે ધર્મસંસ્કાર મળવાથી માંસાહાર ત્યાગ કર્યો તેથી ઘરમાં અણબનાવ થયો ધર્મની ખાતર ઘર છોડ્યું. બીજી બાજુ મુનિ મહારાજનો સંપર્ક મળ્યો તેથી વૈરાગ્ય પ્રગટ થયો. બેંગ્લોરમાં પાઠશાળામાં જઈ ધાર્મિક શિક્ષણ લીધું. તેમજ પૂ. અભયવિજયજી મ.નો સત્સંગ સાધી તપસ્યા પણ કરવા લાગ્યા અંતે મુનિશ્રી સાથે વિહાર કરી ગંટૂર આવી સંઘ યાત્રા સાથે શ્રી પાર્શ્વપ્રભુની યાત્રા કરી દીક્ષા લીધી. હવે રોજ એકાસણાં ૫ તિથિ ઉપવાસ કરતાં વિહારમાં નૂતન મુનિ માછીમારોને તેલુગુ ભાષામાં સમજાવી માંસાહાર છોડાવે છે.

'દિવ્ય-દર્શન'ના ૨૫ મા વર્ષના મંગલ પ્રભાતે

''દિવ્ય-દર્શન'' સાપ્તાહિક એકધારા ૨૪ વર્ષ પૂર્ણ કરી **૨૫ મા વર્ષમાં મંગળ પ્રવેશ** કરે છે. ગ્રાહકબંધુઓના સુંદર સહકારનું પ્રતિક છે. તેમાં બુદ્ધિશાળી વાંચક વર્ગ છે, જેના ઉત્સાહ અને ઉમંગથી અમારી મંજીલ આગળ ધપી રહી છે. પૂ. આચાર્ય ભગવંત વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની વૈરાગ્ય નીતરતી વાણી અખૂટ જ્ઞાનથી તરબોળ, તેઓશ્રીના મૃદુ ભાષા, વળી અત્યંત દયાથી પ્રેરાઈ આજના જીવોને સન્માર્ગે વાળવા માટે અંતરની ભાવના, આ ત્રણેના ત્રિવેણી સંગમનો ઝરો, દિવ્ય-દર્શનમાં અપાતા તેઓશ્રીની પ્રવચનમાં વહેતો અનુભવાય છે. સંસારના અનેકવિધ તાપથી બળતા ઝળતા આત્માઓને આંતરિક-રીતિએ પરમ શાંતિ આપે છે. ગ્રાહકબંધુઓને આજદિન સુધી આ અનુભવ અંતર્ગત છે. પૂ. આચાર્ય ભગવંતનું જીવન તપ, સંયમ અને જ્ઞાનરૂપ ત્રણ રત્નોથી ઝળહળતું છે. વિશાળ શિષ્ય સમુદાયવાળા છે. અત્યંત પ્રવૃત્તિમાં રોકાણ છતાં અમારી વિનંતીને માન આપીને જીવોના કલ્યાણ માટે દિવ્ય-દર્શનમાં પ્રગટ કરવા તેઓશ્રી તેમનું પ્રવચન આપવા દે છે. જે બદલ અમો તેઓશ્રીના અત્યંત ઋણી છીએ. ગ્રાહક-બંધુઓએ આજદિન સુધી આપેલા સહકાર બદલ આભાર વ્યક્ત કરીએ છીએ, સાથે ભવિષ્યમાં દિવ્ય-દર્શનના વિશેષ વાંચકો વધારવાના સહકારની અપેક્ષા સાથે વિરમીએ છીએ.

- ચતુરદાસ ચીમનલાલ શાહ - તંત્રી, દિવ્ય-દર્શન.

● **ડીસા :** અત્રે પૂ.મુ.શ્રી જગચ્ચન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં સંઘમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ અક્રમ તપ, ચૌદપૂર્વ તપ, રાત્રિપૌષધ કરનાર વિદ્યાર્થી વગેરેને સંથારા ચરવળા-કટાસણાની પ્રભાવના, ચાતુર્માસ પ્રવેશથી અક્રમ તપશ્રેણિ, ચાલુ; ને દરેકનું રૂા. ૩૧ના ઉપકરણથી બહુમાન. દર રવિવારે બાળક-બાળિકાઓનો સામાયિક કલાસ, વધીને ૪૦૦ ઉપરાંત હાજરી, તેઓને પ્રભાવનાઓ, દીપકવ્રત, પ્રાતઃકાળે સ્તોત્રપાઠ સાથે વિધિવિજ્ઞાનની વાચના, ચોમાસું ઉતરે અત્રેના આગેવાન સુ. શ્રી માંગીલાલજીની ભાગવતી દીક્ષાનો નિર્ણય. પર્યુષણા મહાપર્વ પ્રથમ દિવસે પ.પૂ. પદ્મવિજયગણિવર્યની સ્વર્ગારોહણતિથિ નિમિત્તે પૂજા, ૬૪ પ્રહરી પૌષધ ૮૫, તથા અક્રમથી ૧૬ ઉપવાસની, ૮૦ તપસ્યાઓ તેમજ પૂ.મુનિશ્રી ચંદ્રસુંદર વિ. મ. ને ચાલુ સિદ્ધિતપ, વગેરે ભવ્ય આરાધનાઓ થઈ.

● **અમદાવાદ સરસપુરમાં** પૂ. મુનિશ્રી પ્રભાકરવિજયજી મ. ની નિશ્રામાં સંઘમાં બે દ્રવ્યનાં એકાસણાં ૩૨૫, ખીરનાં ૨૨૫, લુખીનીવી ૧૫૦, આયંબિલ ૩૩૫, તથા અક્રમો થયેલ. પર્યુષણા તો ખૂબ તપસ્યાઓ વ્યાખ્યાન વગેરેથી એવા ઉજવાયા કે ઘરડાઓ કહે છે કે છેલ્લા ૬૦ વર્ષમાં આવું જોયું નથી. ભાદરવા વદ ૧૦ થી વર્ધમાન આયંબિલ તપ પ્રારંભે હાથી, ઘોડા, રથ બગીઓ વગેરેથી દીપતા શાનદાર વરઘોડાની તથા સુ. ૧૨ થી ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવની તૈયારી ચાલી છે.

● **ઓપેરા સોસાયટીમાં** પૂ. ગણિવર્ય શ્રી મિત્રાનંદવિજયજી મ. ની નિશ્રામાં એક જ દિવસે તીર્થંકર પદ હેતુ વીસે સ્થાનકની ઉપવાસથી આરાધનાએ અમદાવાદને હેલે ચડાવ્યું. આરાધકો ૨૦ x ૨૦ = ૪૦૦ લેવાના હતા, પણ ૫૫૧ થઈ ગયા.

અકલ્પનીય આરાધના થઈ. બપોરે પ્રવચનમાં ૨॥ કલાક અદ્‌ભુત રસ રેલાયો. જગાના અભાવે ૭૫ જેટલાને ના પાડવી પડેલી. હવે ૬૦૦ આરાધકોને ભાદરવા વદ દશમ ૨૪ તીર્થંકરદેવોની આરાધનાનું ભવ્યાતિભવ્ય આયોજન નક્કી થયું છે. એકેક પ્રભુની આરાધના ૨૫-૨૫ જણ કરશે. ૨૪ સિંહાસન પર ૨૪ પ્રભુજીના પૂજન, ૨૪ સ્તુતિઓ, તીર્થંકર દેવોનાં જીવનચરિત્ર-વિશેષતાઓ ઉપર પ્રવચન, ધૂન, ત્રિષષ્ઠીય, ૨૪ સ્તુતિઓના ભાવાર્થનું કથન, વગેરે અભૂતપૂર્વ ઉજવણી થશે.

● **અત્રે ગીરધરનગરમાં** પૂ. મુનિશ્રી યોગીન્દ્રવિજયજી મ. ની નિશ્રામાં પર્યુષણામાં સંઘને બધી વાતમાં ઘણો ઉલ્લાસ. દેવદ્રવ્યાદિની ઉપજ ગત સાલ કરતાં ડબલ થઈ. પારણું રૂા. ૩૦૦૦ થી ગયું. તપસ્યાઓ ઘણી થઈ. પ્રભાવનાઓ પણ ઘણી. જાલોરવાલા સોહનલાલજી તથા ભંવરલાલજી તરફથી બંને ટાઈમ પારણા થયા.

● **પાટડી :** અત્રે વર્ષો પછી વર્ધમાન આયંબિલ તપ ૧૦૦ ઓળી પૂર્ણ કરનાર પૂ. મુનિરાજશ્રી મનોગુપ્તવિજયજી મહારાજ શ્રી ચિરંજયવિજયજી મ. આદિનું ચાતુર્માસ થતાં ધર્મરંગ સારો જામ્યો. પાર્શ્વનાથના અઠ્ઠમ, ગૌતમ છઠ્ઠ આંબેલો નીવિઓ વગેરે સુંદર થયું. મહા પર્વમાં માસખમણ, ૧૬-૧૧-૮-૬-૫ વગેરે ઉપવાસો સારા થયા બાળ-બાળિકાઓ ને કદી તપ નહિ કરેલ ભાઈ-બહેનો તપમાં સારાં જોડાયા.

● **ઘાણેરાવ (રાજ.) :** પૂ.પં.શ્રી હર્ષવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણામાં ૩ માસખમણ તથા અઠ્ઠાઈ અને અઠ્ઠાઈ ઉપરની સંખ્યા ૧૦૬ હતી. પારણું બહુ સુંદર બોલી બોલીને ભાઈશ્રી કનકરાજજીએ પોતાના માતાજીને માસખમણ હોવાથી લીધું. મહાન વરઘોડામાં તેમણે અતિ ભવ્ય વરસીદાન કર્યું. આવનાર યાત્રિકો માટે કાયમી જમવાની ઉત્તમ સગવડ ધરાવતી ભોજનશાળા કરી છે. ચોમાસામાં સેંકડો લાભ લે છે. માગશરમાં મોટું ઉપધાન કરાવવાની વિચારણા ચાલે છે.

● **રતલામ :** અત્રે પૂ. મુનિશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણામાં વ્યાખ્યાનમાં રોજ ૧૫૦૦ લગભગ હાજરી, તપશ્ચર્યામાં ૩૧/૧, ૩૦/૧, ૧૧/૧, ૮/૫૦. અઠ્ઠમાદિ સેંકડો, ચોસઠપહોરી પૌષધવાળા ૨૮, વિનોદકુમાર વિમળચંદ તથા મુંબઈવાળા ભભુતમલજીને ત્યાં માસખમણની તપશ્ચર્યા

નિમિત્તે સકલસંઘ વાજતે-ગાજતે ગયો. પેંડાની પ્રભાવના થઈ. વિનોદકુમારને ત્યાં ૭૫૦ માણસોનું સંઘપૂજન થયું. બારસૂત્રના શ્રવણમાં ૧૭૦૦ માણસો હતા. તેમનું સંઘપૂજન વિનોદકુમાર તથા ભભુતમલજી તરફથી થયું. સંવત્સરી પ્રતિક્રમણ ૨૫૦૦ ભાઈ-બહેનોએ કર્યું. માસખમણીઓનું જુદી જુદી વ્યક્તિઓ તરફથી લગભગ ૩૦૦-૩૦૦ રૂપિયાની વસ્તુઓથી બહુમાન થયું. સુ. ૨ ના બપોરે નીકળેલા વરઘોડામાં લગભગ ૨૦૦૦ સાજન, બે ફૂલ બેન્ડ, બે ચાંદીના રથ, તપસ્વીઓ માટે દેવવિમાન જેવી ભવ્ય ગાડી, લગભગ ૦॥ માઈલ જેટલો લાંબો વરઘોડો નીકળ્યો. દેવદ્રવ્યની આવક આ પર્યુષણામાં સૌથી વધુ થઈ.

● **ખંભાત :** પૂ. મુનિશ્રી જગવલ્લભવિજયજી મહારાજની પર્યુષણ પૂર્વે તબિયત નરમ છતાં ય પર્યુષણના વ્યાખ્યાનો સરસ કર્યા. રોજ લગભગ ૧૪૦૦-૧૫૦૦ ની હાજરી રહેતી. વ્યાખ્યાનમાં પહેલેથી જ ટ્રેનીંગ આપી હોવાથી પ્રતિક્રમણ મોટા ભાગના ભાઈઓ ઊભા ઊભા કરતા. પર્યુષણા અદ્‌ભુત ઉજવાયા બે સંઘપૂજન થયા. છેલ્લે દિવસે રમણલાલ વજેચંદે પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજની કૃપાનું ઉદ્‌બોધન કરેલ. પર્યુષણ પૂર્વે 'અરિહંત' પદની એકાસણા આરાધનામાં ૫૫૦ ભાગ્યશાળીઓ જોડાયેલા. મહાપર્વમાં તપશ્ચર્યા આ પ્રમાણે થઈ. ૩૦/૨, ૧૬/૫, સિદ્ધિતપ/૧, ચત્તારિ-અઠ્ઠ/૫, અઠ્ઠાઈ અને અઠ્ઠાઈની ઉપરનાં ૫૧, દરેકને રૂા. ૬૩ની પ્રભાવના. ચોસઠ પહોરી ૬૨ થયા. દરેકને રૂા. ૩૫ની પ્રભાવના થઈ.

● **ઈન્દોર :** પર્યુષણા વ્યાખ્યાનોમાં પ્રાસંગિક વર્તમાન કાલિન પ્રશ્નોની છણાવટ સારી થઈ. 'બહોત સમજને યોગ્ય બાત જાનને કો મીલતી હૈ' એમ લોકો કહેતા. ૨૫૦ તો અઠ્ઠમ થયા. સુપનનું ઘી ૪૧૨૮ મણ થયું. શહેરના મધ્ય ભાગમાં ફરીથી આરાધનાઓ કરાવવાની જાહેરાત થઈ. ૪/૫, સ્થાનકવાસી પારણું લઈ ગયેલ. પ્રભુજીની પધરામણી કરી સુંદર વરઘોડો નીકળ્યો. દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્ય જીવદયામાં સારી આવક થઈ. પર્યુષણા બાદ પણ બે અગીયાર ઉપવાસ તથા ૩ અઠ્ઠાઈ એક ભાઈને માસખમણ ચાલુ છે. એક સ્થાનકવાસી ભાઈ ભગવાનનું પારણું લઈ ગયેલ તેમાં મુનિરાજ પધારે માટે ભગવાનની પાલખી સાથે વરઘોડો નીકળ્યો તેમાં હાથી તથા સાંબેલા હતા. રાત્રે દર્શનાર્થીની ભીડ જામતી ૧૦ હજાર લાડુની પ્રભાવના થઈ. એક બહેનને સિદ્ધિતપ તથા ઘરમાં પાંચ અઠ્ઠાઈ હોવાથી ઉપવાસના તપસ્વીઓના પારણા કરાવ્યા. 'અમુક સંખ્યામાં સાધર્મિક ભક્તિ કરવી' 'શક્તિ અનુસાર શ્રીસંઘપૂજન કરવી.' ના અભિગ્રહો થયા. સંવત્સરીના દિવસે ૧૫૦ પૌષધ થયા.

● **ગીરધરનગર (અમદાવાદ) :** પૂ. મુનિરાજશ્રી યોગેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણની આરાધના સંઘમાં અજબ ઉલ્લાસથી થઈ. ઉપજ પણ ડબલ થઈ તપસ્યા-વ્યાખ્યાન-પ્રતિક્રમણ ચોસઠ પહોરી પૌષધમાં પણ સારી સંખ્યા. સોહનલાલજી કોઠારી તથા ભંવરલાલજી તરફથી બે ટાઈમનું સાધર્મિક વાત્સલ્ય થયું. ગયા વરસે પારણા તથા બારસાની ઉપજ ૧૧ મણ તથા રૂા. ૩૫૦ની થયેલી ને આ વર્ષે રૂા. ૩ હજાર તથા રૂા. ૧૨૫૦ની થઈ. આંબેલખાતાની મિતિઓ ૫૦ ધારતા હતા તે ૧૫૦ લગભગ નોંધાઈ.

● **લુણાવા :** પ.પૂ.શાંતમૂર્તિ પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ તથા પૂ.આ.શ્રી વિજય કલાપૂર્ણસૂરિજી મહારાજની નિશ્રામાં વાગડવાળા સાધ્વી શ્રી ચન્દ્રરેખાશ્રીજીના શિષ્યા સાધ્વીશ્રી ચારુવદનાશ્રીજીએ ૫૦૦ ચાલુ આંબેલમાં ૪૫ ઉપવાસની તપશ્ચર્યા કરી. ૨૭૦ આંબેલ થયાં છે.

● **ધુળિયા :** અત્રે પૂ. ગણિવર્ય શ્રી ગુણાનંદવિજયજી મહારાજ તથા પૂ.મુનિશ્રી હેમરત્નવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણની પણ આરાધના ખૂબ સુંદર થઈ. આ વર્ષે ૩૦ અઠ્ઠાઈ સહુ પ્રથમવાર થઈ તપસ્વીઓને ૫૦ રૂા. ૨૫ રૂા.ની પ્રભાવના તથા બીજી પણ નાની મોટી પ્રભાવના થઈ. જન્મવાચનના દિવસે પારણાની ઉછામણી ૨૧૦૦ મણ થઈ જે અભૂતપૂર્વ હતી. પારણાનાં તથા તપશ્ચર્યાના ૫-૫ વરઘોડા ભવ્ય નીકળ્યા. આવી સુંદર આરાધનાની અનુમોદનાર્થે તેમજ સમુદાયના પાંચ આચાર્ય ભગવંતના સ્વર્ગવાસ નિમિત્તે મહોત્સવ કરવાનું નક્કી થયું છે.

● **રાજકોટ :** પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણામાં સિદ્ધિતપ, ૧૬ ઉપ. ૯-૮-૬ તથા અઠ્ઠમ સારી સંખ્યામાં થયા. ૬૪ પહોરી પૌષધમાં ૪૫ ભાઈઓ ૪૦ બહેનો તથા ૨૦ જેટલા બાળકો જોડાયા. ઘીની ઉછામણી ગત સાલ કરતા ૨ હજાર મણ ઉપર વધ્યું. પારણું ૧૧૧૧ મણમાં લેવાયું. સાધારણ ખાતાનો રૂા. ૨૦ હજારનો ફાળો થયો. ૧૦૧ ઉપર જીવો છોડાવાયા. શ્રી જિનેન્દ્રભક્તિ મંડળે સુંદર રીતે ભાવના કરી જેમાં ૨૦૦૦ ઉપર ભાવિકો લાભ લેતાં. શ્રીસંઘ તરફથી બધી જ રીતે સારી વ્યવસ્થા હતી.

● **ભચાઉ** (કચ્છ) **:** પૂ.મુનિરાજશ્રી કીર્તિસેનવિજયજી મહારાજની નિશ્રામાં સાધ્વીશ્રી વિશ્વદર્શનાશ્રી મ. ને ૨૦ ઉપવાસ બીજા સાધ્વી મ. ને ૯ ઉપ., તેમજ સંઘમાં સામુદાયિક વીસસ્થાનક તપ ગણધરતપ-પચરંગીતપ તેમજ ૧૬ ઉપ/૭, ૧૧ ઉપ/૨, ૯/૫, ૮/૨૦ આદિ સુંદર થયેલ. અ.સૌ. જડાવબહેને લાગટ ૫૦૦ આયંબિલ ઉપર ૯ ઉપ. કરેલ. એ નિમિત્તે શ્રી વીસસ્થાનક મહાપૂજન સહિત

પંચાહ્નિકા મહોત્સવ ભવ્ય ઉજવાયો. રથયાત્રા, વરઘોડો, વરસીદાન, પૂજા વ્યાખ્યાન દેવદ્રવ્યાદિ ઉપજો આદિથી પર્યુષણ અદ્‌ભુત ઉજવાયા.

● **અમલનેર :** અત્રેના શ્રી સંઘની ઉત્તરોત્તર વધતી ધર્મભાવનાએ જાણે સોનેરી તક મળી છે કે મળશે ને નવા નવા વિશિષ્ટ લાભ લેવાનાં આયોજન થયે જ જાય છે. હવે અત્રેનું નૂતન ભવ્ય શિખરબંધી જિનમંદિર કેમ જલદી તૈયારી થાય અને પૂ. શ્રીની હાજરીમાં જ પ્રતિષ્ઠા થાય એની તડામાર તૈયારી ચાલી છે. બીજી બાજુ શ્રીસંઘે મંદિર નિર્માણના ખર્ચમાં સારો ટેકો પૂરે એવી આવક કરાવનાર ઉપધાન તપનું આયોજન ઊભું કર્યું. ત્યાં વળી મુંબઈથી કલકત્તાવાળા શ્રી ચંપકભાઈ ભણસાલી પર્યુષણા કરવા આવેલા, એમને અહીંનો રંગ જોઈ રંગ વધી ગયો તે સંઘને ઓફર મૂકી કે ઉપધાન કરાવવાનો બધો લાભ મને આપો. પરંતુ શ્રીસંઘને પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં ઉપધાન કરાવવાનો વિશિષ્ટ લહાવો લેવાનો દૃઢ નિર્ણય હતો તેથી વચલો માર્ગ નક્કી કરવામાં આવ્યો કે શ્રી ચંપકભાઈએ પણ સંઘની સાથોસાથ લાભ લેવાનો, અને આરાધકો ડબલ લેવાના. ઉપધાન પ્રવેશ આસો સુદ ૧૧ અને સુદ ૧૩ના નક્કી થયેલ છે. મહારાષ્ટ્રના આગેવાન દીક્ષાર્થીઓ શ્રી કાંતિલાલ વકીલ, શ્રી નેમીચંદજી કોઠારી તથા શ્રી ઓંકારમલજી પોતાની દીક્ષાઓ અંગે પૂના ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજને વિશાળ પરિવાર સાથે પધારવા વિનંતી કરવા ગયા હતા. પૂ. આચાર્ય ભગવંતે આસો માસમાં નિર્ણય આપવા કહ્યું છે.

''દિવ્ય-દર્શન'' - "સમાચાર" **વર્ષ-૨૫,અંક-૪,તા.૨૫-૯-૧૯૭૬**

● **ખીમેલ :** અત્રે પૂ.મુ.શ્રી જીતેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના ખૂબ જ સુંદર થઈ. ચાતુર્માસમાં પણ અઠ્ઠમ-પંચરંગી તપ ગૌતમસ્વામીના છઠ્ઠ, ક્ષીરસમુદ્ર આદિ વિવિધ તપશ્ચર્યાઓ સારી થઈ. પર્યુષણામાં તો અનેરો ઉલ્લાસ જામ્યો... ખીમેલ જેવા નાના નગરમાં ૧૦ માસખમણ, ૩૫ /૧૫ ઉપવાસી અને ૭૦ અઠ્ઠાઈ આદિ એ રાજસ્થાનમાં રેકર્ડભૂત તપશ્ચર્યાઓ થઈ. પૂ.મુ.શ્રી સિદ્ધિરત્નવિજયજી મહારાજે માત્ર ૧૯ વર્ષની ઉંમરે માસખમણની ઉગ્ર તપશ્ચર્યા નિર્વિઘ્ને પૂર્ણ કરી. ભાદરવા સુદ ૬ તથા સુદ ૭ના બેંડ, ગજરાજ, ઘોડાઓ, રથ, ઈન્દ્રધ્વજ ગાડીઓ આદિ સાથે ખૂબ જ શાનદાર વરઘોડા નીકળ્યા. હવે આ બધી આરાધનાઓની અનુમોદનાર્થે ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવાનો

સંઘે નિર્ણય કર્યો છે.

● **જામનગર :** અત્રે શાંતિભુવનમાં પૂ.મુ.શ્રી જયશેખરવિજયજી મહારાજની નિશ્રામાં ભાદરવા વદ ૪ના રવિવારે ૫૬ દિક્કુમારીઓ અને ઈન્દ્રોની ઝાકઝમાળતા સાથે એક ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાઈ ગયો. લોકોના ઉછરંગનો પાર નહોતો. અંજનશલાકાના જન્મ કલ્યાણકની ઉજવણી જોઈ લો. શાંતિભુવનના ઉપરના હોલમાં જ મેરુપર્વતની ભવ્ય રચના કરવામાં આવેલી હતી. જાણે દિક્કુમારિકાઓ ઈન્દ્રો તથા દેવ દેવીઓ ભક્તિરસમાં તરબોળ બની ગયેલા. મહોત્સવ એવો વરસી ઊઠ્યો કે આરાધકોનાં હૈયાં કોઈ અનેરા શુભ અધ્યવસાયથી ભીનાં ભીનાં થઈ ગયા. સંગીતકારોએ ભક્તિ સંગીતની રમઝટ મચાવી મૂકેલી. સવારના ૮॥ વાગે શરૂ થયેલો આ સ્નાત્ર મહોત્સવ બપોરના ૧ વાગ્યા સુધી ચાલ્યો. ઉપરનો આખો હોલ ચિક્કાર ભરાઈ ગયેલો. ઉપરાંત દાદર પર પણ માણસો બેઠેલા. સ્નાત્ર મહોત્સવની વચ્ચે વચ્ચે પૂજ્યશ્રી પ્રભુ જન્માભિષેક વખતે દેવતાઓ કેવા ગાંડાઘેલા બની જાય છે ઇત્યાદિની ખૂબ જ સુંદર સમજુતી આપતા હતા. તેથી રંગત ઓર વધતી. આ પહેલાનાં રવિવારે ભવ્ય ચૈત્યપરિપાટીનો પ્રોગ્રામ ગોઠવાયેલો જેમાં. ૫૦૦ / ૬૦૦ જેટલું માણસ હશે. પ્લોટમાં બંધાયને સાધર્મિક ભક્તિરૂપે અલ્પાહાર અપાયેલો. એકંદરે ઘણાય વરસો બાદ શાંતિભુવનમાં થયેલું આ ચોમાસું ખૂબ સુંદર જામી ગયું છે.

● **છાણી :** અત્રે પૂ. મુનિરાજશ્રી નંદીઘોષવિજયજી મ. ના પ્રેરક જોશીલા પ્રવચનોથી પર્યુષણમાં કૉલેજ, S.S.C. ના ભાઈ-બહેનોએ પણ પૂર્વે માત્ર ૧ ઉપવાસની શક્તિ અનુભવેલી છતાં અઠ્ઠાઈ લગાવેલી. એમને ૨-૨ ચાંદીની વાટકી રૂપિયા વગેરેની પ્રભાવના થઈ. જૈનેતર પન્નાબેનની અઠ્ઠાઈનું ૫૧ રૂા.થી બહુમાન થયું. નાના ગામમાં ય ૧૧૦ તો અઠ્ઠમ થયેલ. આ અને કલ્પસૂત્ર વરઘોડો બાદ નવકારશી જમણ, સંઘપૂજનો, પારણાં વગેરેથી લોકો કહેતા છેલ્લા ૫૦ વર્ષમાં આટલી આરાધના જોઈ નથી.

• • •